ચતુર્થકર્મગ્રંથ

# ષડશીતિ

રમ્યરેણુ



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી ગૌતમસ્વામીને નમઃ
શ્રી ભદ્ર-ૐકાર-ચંદ્રયશગુરુભ્યો નમઃ

પૂ. આચાર્ય
શ્રીદેવેન્દ્રસૂરીશ્વર મહારાજા વિરચિત

## ચતુર્થકર્મગ્રન્થ

# ષડશીતિ

(પરિશિષ્ટ, પ્રશ્નોત્તરી, ટીપ્પણ, ચિત્ર વિવેચન સહ)

દિવ્યાશીષ

પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજા
પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ ૐકારસૂરીશ્વરજી મહારાજા
પૂ. મુનિરાજ શ્રી ચંદ્રયશવિજયજી મહારાજા

લેખિકા
રમ્યરેણુ

પ્રકાશક
ફુલચંદજી કલ્યાણચંદજી ઝવેરી ટ્રસ્ટ
અઠવાલાઈન્સ શ્વે. મૂ. જૈન સંઘ
ઉમરા શ્વેતામ્બર મૂ. જૈન સંઘ
સુરત

દ્રવ્યસહાયક

શ્રી અઠવાલાઈન્સ શ્વે. મૂ. જૈન સંઘ

શ્રી ઉમરા શ્વે. મૂ. જૈન સંઘ

સુરત

સંવત ૨૦૬૪

: લેખિકા :

પૂ. સા. શ્રી સુવર્ણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ. ના શિષ્યા
પૂ. સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ.


પ્રાપ્તિસ્થાન

વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી પાર્શ્વ ભક્તિનગર, હાઈવે,
મું. ભિલડી.
ફોન : 02744-233129

દ્વિતીય આવૃત્તિ

પ્રાપ્તિસ્થાન

સેવંતીભાઈ એ. મહેતા
શ્રીૐકારસૂરિ આરાધના ભવન
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-1.
ફોન : 0261-2596531

પ્રાપ્તિસ્થાન

ડૉ. સંજયભાઈ બી. શાહ
10-એ-બી, અંજનશલાકા,
લાલ બંગલા દેરાસર સામે, અઠવા લાઈન્સ,
સુરત. ફોન : 3059444, 2214723

નકલ - ૩૦૦૦

પ્રાપ્તિસ્થાન

સી. મહેન્દ્ર એન્ડ કું.
8-એ, લેંડ્સ એન્ડ એપાર્ટમેન્ટ, ડુંગરશી રોડ,
વાલકેશ્વર, મુંબઈ. Ph. 23637897
1204, પંચરત્ન, ઓપેરા હાઉસ, મુંબઈ-4.
ફોન : 022-23642509

પ્રાપ્તિસ્થાન

મનસુખભાઈ એસ. વોરા
104, સત્નામ, ઈરાની વાડી,
મથુરદાસ ક્રોસ રોડ, કાંદીવલી (વેસ્ટ),
મુંબઈ-67. ફોન : 022-8074766

મૂલ્ય : રૂા. ૧૦૦-૦૦

પ્રાપ્તિસ્થાન

વિજયૐકારસૂરિ ધર્મોદ્યાન,
વાવપથક ધર્મશાળા, તળેટી રોડ,
પાલીતાણા-364270. (સૌ.)
ફોન : 02848-253253


પ્રાપ્તિસ્થાન

ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ,
અમદાવાદ-380001.
ફોન : 079-22134176, મો. 9925020106


(તા. ક. આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી તૈયાર થયું હોવાથી ગૃહસ્થોએ મૂલ્ય આપીને જ માલિકી કરવી.)


મુદ્રક : ભરત ગ્રાફિક્સ, ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો. ૯૯૨૫૦૨૦૧૦૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



रम्यास्य- दिव्यदीपस्य, हेमज्योति. सुहर्षदम् ।
स्यात्सदा भव्यलोकानां, श्रीशङ्खेश्वरपार्श्व ! ते ॥ १ ॥

# સંસ્મરણીય જીવનયાત્રાના સ્વામી
# તપસ્વી પૂ. ચંદ્રયશવિજયજીમહારાજા...

**પિતાશ્રી : ડોસાભાઈ**     **માતુશ્રી : હરકોરબેન...**




૨૫-૫-૧૯૨૭ના દિવસે આ પૃથ્વી પર આપે પગ માંડ્યા... **ઝીંઝુવાડાનગરી** ધન્ય બની.....

સંયમતરફની દૃઢશ્રદ્ધાનું જાણે પ્રાગટ્ય થયું... કૌટુંબિક, જીવન વ્યવહારની ફરજો વચ્ચે પણ નીતિમત્તા, ભક્તિ, ત્યાગ, સંસાર પ્રત્યે ઉદાસીન વલણ, અને પરોપકાર જીવંત રાખ્યાં. **'ચંદુભાઈભગત'** એક ધાર્મિક શ્રદ્ધાસભર નામ બન્યું.

ધર્મપત્ની સાથે સતત વૈરાગ્યમાર્ગની ચર્ચા... પથકના આજુબાજુના ગામોમાં ધર્મક્ષેત્રના વિવિધકાર્યોમાં સતત ઉત્સાહ સાથે ઉપસ્થિતિ... મહાપૂજનો, ભાવનાઓ..., સાંસ્કૃતિક કાર્યક્રમોની સંપૂર્ણ જવાબદારી..

**સંયમની પ્રાપ્તિ માટે પાંચદ્રવ્યથી વધુ ન વાપરવા, તથા દર વર્ષે એક દ્રવ્યનો ત્યાગ કરતાં જવાના કઠોર અભિગ્રહના આરાધક બનતા છેલ્લે બે વર્ષ માત્ર બે દ્રવ્ય પર રહ્યાં પરિણામે સમહોત્સવ વિ.સં.૨૦૩૩ વૈ.સુ.૧૦ના અઠ્ઠમતપ સાથે આપ બન્યા.**

પૂ. ચંદ્રયશવિજય મહારાજ

તપસી મહારાજ, ભક્તિ-વૈયાવચ્ચી મહાત્મા તરીકે આપ સૌના જીભે હતાં અને વાત્સલ્યગુણથી આપ સૌનાં બાપા મહારાજ બન્યાં. આપ શંખેશ્વરદાદાના પરમભક્ત... ગમે તેવા વિકટ સંયોગોમાં પણ પૂનમે ઝીંઝુવાડાથી શંખેશ્વરની પગે ચાલીને પણ આપ દાદાની પૂજા કર્યા પછી જ પચ્ચક્ખાણ પારતાં... દીક્ષા પછી વર્ષો સુધી વિહારમાં આવતાં પાર્શ્વનાથ-દાદાના દરેક તીર્થોમાં આપને અઠ્ઠમ હોય... અને



એ જ પ્રભુની આરાધનાને કાયમી સાથે રાખવા અચાનક જ ભીલડીયાજી તીર્થથી ૪ કિ.મીટર દૂર નેસડાનગરે મહિમાવંત મનમોહનપાર્શ્વનાથ પ્રભુના સાન્નિધ્યમાં... પૂ. અરવિંદસૂરિ મ.સા. અને પૂ. યશોવિજયજીસૂરિ મ. સા., ઉપા. મહાયશ વિ.મ. તથા ગણિ ભાગ્યેશ વિ.મ. મુ.મહાયશ વિ.મ.(સુપુત્રો)ની ઉપસ્થિતિમાં નવકાર મહામંત્રની ધૂન વચ્ચે, જયંતિલાલ કાળીદાસ પરિવાર આયોજીત અઠ્ઠમતપ પ્રસંગે આજુબાજુમાં રહેલાં ૧૧૧૦ અઠ્ઠમતપના તપસ્વીઓ વચ્ચે વિ. સંવત ૨૦૬૦ના પોષીદશમના દિવસે ૧૦ કલાકે છઠ્ઠતપ સાથે આપે વિદાય લીધી...



૧૦નો આંક આપની સાથે રહ્યો...

જન્મ વૈ. સુદ. ૧૦...,
દીક્ષા વૈ. સુદ. ૧૦...,
સ્વર્ગવાસ મા. વદ. ૧૦ (પોષીદશમ)
સમય સવારે ૧૦ વાગે ૧૦ મીનિટે... નેસડાનગર પર આપની સ્મૃતિ કાયમી અંકિત બની નેસડા સંઘ ધન્ય બન્યો, ૫૦૦૦ ગુરૂભક્તો, ગ્રામ્યજનો વચ્ચે આપ આકાશમાં અમર જ્યોતિરૂપે છવાયાં...

દીક્ષા દુર્લભ એ સમયમાં પણ આપે ધર્મપત્ની, બે પુત્રો, ચાર પુત્રી, ભત્રીજી વિગેરે બધાને સાથે લઈને સંયમયાત્રા શરૂ કરી પરિણામે પરિવારના.... ભાગ્યેશવિજય મ.સા., મહાયશવિજયમ.સા. (સુપુત્રો) રમ્યગુણાશ્રીજી મ.સા.(ધર્મપત્ની) હર્ષગુણાશ્રીજી મ.સા., હેમગુણાશ્રીજી મ.સા., દિવ્યગુણાશ્રીજી મ.સા., ભવ્યગુણાશ્રીજી મ.સા. (સુપુત્રીઓ) મહાયશાશ્રીજી મ.સા. (ભત્રીજી) દિક્ષીતરત્નો થયા. પૂજ્યપાદદાદા ગુરૂદેવ ભદ્રસૂરીશ્વરજી મહારાજાનાં પાવન આશિષ-વાસક્ષેપ અને પૂજ્યપાદ ગુરૂદેવ આ૦ભ૦શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજાનાં ચરણે જીવન સમર્પિત કરી, ગુરૂપારતન્ત્ર્યતા, પરમાત્મપ્રત્યે પૂર્ણશ્રદ્ધા, તપશ્ચર્યા અને જાપને આપે આપનાં તરવાનાં પ્રમુખ સાધન બનાવ્યા.




ગૃહસ્થ જીવનમાં માસખમણ, ૧૬ ઉપવાસ, વરસીતપ, ચત્તારિ-અટ્ઠ-દસ-દોય, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૩, ૯ ઉપવાસ, અનેક અટ્ઠાઈઓ છટ્ઠ, અટ્ઠમ આદિ તપશ્ચર્યા કરનાર આપશ્રી મુનિજીવનમાં પણ તપશ્ચર્યાના ક્ષેત્રે આગળ વધતા રહ્યા. વાકડીયા વડગામ નગરે(રાજ.) ૫૧ ઉપવાસ, ભદ્રતપ,, સિદ્ધિતપ, શ્રેણિતપ, સિંહાસન તપ, અટ્ઠાઈઓ, અટ્ઠમો, વીરગણધરતપ, ધર્મચક્ર તપ, ૬૫ વર્ધમાન તપની ઓળી, આયંબિલ સાથે સિદ્ધાચલની ૯૯ યાત્રા, નવપદની ઓળી... એ આપની તપશ્ચર્યા અપ્રમત્તતાનો આદર્શ હતો. ગૃહસ્થજીવનમાં પણ ૩૦મા ઉપવાસે આપ, સૌને ભાવનામાં-પ્રભુભક્તિમાં તન્મય બનાવતાં, ૫૧ ઉપવાસમાં પણ આપ કદી દિવસે ન સૂતાં, તેમ ક્યારેય દિવાલનો ટેકો પણ ન લીધો... જાપ... આપની આંગળી... નવકારવાળી... આપનું હૃદય... પરમાત્માનું નામ... બધું જ જાણે દિવસે કે રાત્રે એકાકાર હતું... વૈયાવચ્ચ આપનો અમર વૈભવ હતો, જીવનના છેલ્લા દિવસ સુધી આપ વડીલોનું અને સઘળા સ્થાપનાચાર્યજીનું પડિલેહણ કરવાનું ચૂક્યા નહિં.

# પ્રકાશકીય

**कम्मुणा उवाहि जायइ** પરમ કૃપાળુ પરમાત્મા શ્રી મહાવીરદેવે શ્રી આચારાંગસૂત્રમાં જીવનશુદ્ધિ ને હૃદયશુદ્ધિ માટે સાવધાની બક્ષતું આ અદ્‌ભૂત સૂત્ર આપ્યું છે કે ભાઈ ! કર્મ એ જ સૌથી મોટી ઉપાધિ છે.. બીજી બધી ઉપાધિ તો એના ફળ સ્વરૂપે છે. પણ એ ઉપાધિને સમસ્ત આત્મપ્રદેશો ઉપરથી ઉખાડીને ફેંકી દેવા પ્રથમ જરૂરી છે કર્મોનું ભાન.... કર્મોનું જ્ઞાન...ને એ મળે છે કર્મગ્રંથના શાસ્ત્રમાંથી....

ષડશીતિ નામના ચોથા કર્મગ્રંથ પર વિશાળ-સરળ-સુબોધ વિવેચના પૂ. સા. શ્રી માતૃહૃદયા **રમ્યગુણાશ્રીજી મ.** ના શિષ્યા કર્મજ્ઞાને વિશારદ, કર્મ પર P.H.D. કરતાંય વધુ નિપુણતા ધરાવતા પૂ. સા. **શ્રી હર્ષગુણાશ્રજી મહારાજે** છ - છ કર્મગ્રંથ પર વિવેચના લખેલી છે. જે આજે જૈન સમાજમાં બધી જ પાઠશાળા વગેરેમાં **'રમ્યરેણુના કર્મગ્રંથ'** એ નામથી પ્રસિદ્ધિ પામેલ છે. કર્મપિપાસુ વર્ગ અને આત્મસાધકોને આત્મભાથું આપતી આ વિવેચનમાળા છે.

જૈન સમાજ પર સાધ્વીજીએ ખૂબ સુંદર ઉપકાર કર્યો છે. સા. શ્રી હર્ષગુણાશ્રીજીની આ જ્ઞાનયાત્રા / પ્રદાનયાત્રા અવિરત વહ્યા કરો.. એ જ પ્રભુને પ્રાર્થના...

પૂજ્યપાદ આ.ભ.**શ્રીઅરવિંદસૂરીશ્વરજી મહારાજા,**
પૂજ્યપાદ આ. ભ. **શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજાનું** ચાતુર્માસ વિ. સં. ૨૦૬૧નું **શ્રી ઉમરા જૈન સંઘ**માં થયેલ. તથા પૂજ્યપાદ આ. ભ. **શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજા,** પૂજ્યપાદ આ. ભ. **શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજા**નું વિ. સં. ૨૦૬૧નું **શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ**માં ચાતુર્માસ થયેલ... આ બન્ને સમુમદાયના મહારાજાઓની પ્રેરણાથી બન્ને સંઘના સંયુક્ત ઉપક્રમે શ્રી સમૂહ સિદ્ધિતપની આરાધનાનું આયોજન થયું. તથા શ્રી નમસ્કાર મહામંત્રનું એક કરોડ આઠ લાખની સંખ્યામાં આલેખનનું અદ્‌ભૂત આયોજન થયું. સુરતમાં પર્યુષણપર્વની આરાધના પછી સમૂહ રથયાત્રાનું સુંદર આયોજન પણ થયું... આ યશસ્વી આરાધનામય ચાતુર્માસની સ્મૃતિરૂપે આ પુસ્તક પ્રકાશનનો લાભ બંન્ને સંઘો દ્વારા લેવામાં આવેલ છે. બન્ને સંઘોની શ્રુતભક્તિની અનુમોદના કરીએ છીએ... બન્ને સંઘોમાં પ્રભુભક્તિ-ગુરુભક્તિ-સાધર્મિકભક્તિ વગેરે સુંદર ચાલી રહેલ છે. બન્ને સંઘોમાં અદ્‌ભૂત શાસનપ્રભાવક ચાતુર્માસો પણ થઈ રહેલ છે.

પ્રાન્તે સા. શ્રી હર્ષગુણાશ્રીજી મ. દ્વારા આલેખાયેલ આ કર્મગ્રંથના પુસ્તકોની શ્રેણિ સહુ વાંચે-ચિંતન કરે ને આત્મશુદ્ધિની શ્રેણિ પર ચઢે એ જ મંગલ કામના....

લિ.

**શ્રી વિજયભદ્રચેરીટેબલ ટ્રસ્ટ**

**ભિલડી**

# સંપાદકીય

પૂજ્યપાદશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજે આપણી સમક્ષ જે કર્મગ્રન્થો મૂક્યાં છે તેમાંથી '**કર્મવિપાક, કર્મસ્તવ** અને **બંધસ્વામિત્વ** નામના ત્રણ કર્મગ્રન્થોના વિવેચનની દ્વિતીય આવૃત્તિ પછી **ષડશીતિ** નામના ચોથા કર્મગ્રન્થના વિવેચનની દ્વિતીય આવૃત્તિ પરમાત્મકૃપા તથા પૂજ્ય ગુરુદેવોની કૃપાથી કર્મજિજ્ઞાસુ સમક્ષ મૂકાઈ રહી છે. આ કર્મગ્રંથમાં અનેક પૂજ્યશ્રી સહાયક બનેલ છે. એ ઉપકારીઓના ઉપકારનું સ્મરણ કેમ વિસરાય ?

**ઉર ઉછળે ઉપકાર સ્મૃતિ !! ઉપકારીઓના ચરણે અગણિતનતિ !!!**

* શતાધિકવર્ષ સાધનામય જીવનના સ્વામી સંઘસ્થવિર યુગમહર્ષિ પૂજ્ય દાદા ગુરુદેવશ્રી **ભદ્રસૂરીશ્વરજી** મહારાજા.....
* સંસારની ગંદી ગટરમાંથી ઉદ્ધરી, સંયમના સહસ્ત્રામ્રવનમાં સ્વાધ્યાયમય જીવનની શીતલતાનો આહ્લાદ આપનારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી **ૐકારસૂરીશ્વરજી** મહારાજા....
* અપ્રમત્તતાનાં ઝૂલે અવિરત ઝૂલતાં પરમનિ:સ્પૃહી પૂજ્ય ગુરુદેવશ્રી **અરવિંદસૂરીશ્વરજી** મહારાજા.....
* પરમવાત્સલ્યસિંધુ.... સ્વાધ્યાયાદિ સંયમયોગોને હિતકારી વાચનામૃત વહાવવા દ્વારા સતત સ્થિરતા બક્ષનારા... સાક્ષિભાવ – દૃષ્ટિભાવનાં ઉદ્‌ગાતા પરમારાધ્યપાદ પૂજનીય ગુરુદેવશ્રી **યશોવિજયસૂરીશ્વરજી** મહારાજ....
* પ્રેસ વગેરેના કાર્યમાં યોગ્ય માર્ગદર્શન આપનાર પરમવાત્સલ્યનિધિ પરમોપકારી સંશોધનપ્રેમી પૂજ્ય **મુનિચંદ્રસૂરીશ્વરજી** મહારાજા...
* અધ્યયનશ્રેણિ દ્વારા અનેક જીવના જીવનોદ્યાનમાં આગમાવબોધનું અમૃતપાન કરાવીને સ્વાધ્યાય શીતલતાની સુંદર હરીયાળી સર્જનારા... સ્વકીય સંશોધન કાર્યને બાજુ પર મૂકીને વિના વિલંબે ચતુર્થકર્મગ્રન્થનું સંપૂર્ણ મેટર સૂક્ષ્મદષ્ટિએ તપાસીને

ક્ષતિ રહિત કરી આપનારા પરમોપકારી પંન્યાસપ્રવરશ્રી **અભયશેખરવિજયજી** મહારાજ સાહેબ...

* જન્મથી જ વૈરાગ્યામૃતનું પાન કરાવીને, પોતે વીરપ્રભુના વારસ બનીને, અમને પણ વિરતિની વાટે વિચરણ કરાવનારા પરમોપકારી પરમતપસ્વી પૂજ્ય પિતાજી મુનિરાજશ્રી **ચંદ્રયશવિજયજી** મહારાજ....

* પુસ્તકના ટાઈપ-સાઈઝથી માંડીને આર્થિક સહયોગ સુધીની તમામજવાબદારી પોતાને શિરે લઈ અહર્નિશ પ્રેરણા દ્વારા અમારા ઉત્સાહ - ઉમંગમાં પ્રાણ પૂરનારા બંધુબેલડી પૂજ્ય મુનિરાજશ્રી **ભાગ્યેશવિજયજી** મ.સા. તથા પૂ. **મહાયશવિજયજી** મ.સા.

* વાત્સલ્યવારિધિ દાદી ગુરુણીજી પૂજ્યશ્રી **મનકશ્રીજી** મ.સા.

* જેઓશ્રીનું આદર્શમય ચારિત્રપાલન જ અમારા સંયમશિક્ષાનું ટાંકણું હતું. જેઓશ્રીનું સ્વાધ્યાય-તપ-ત્યાગ-ભક્તિમય જીવન જ અમારી જીંદગીનું અમીઝરણું હતું એવા ગુરુણીજી પૂ. **સુવર્ણાશ્રીજી** મ.સા.

* માત્ર જન્મદાત્રી જ નહીં.... પણ સંસ્કારદાત્રી અને અધ્યયન માટે સત્પ્રેરણાદાત્રી તથા જીવનમાં અગણિત ઉપકારો જેઓશ્રીના છે. એવા પરમવંદનીય પૂ. ગુરુમાતાશ્રી **રમ્યગુણાશ્રીજી** મહારાજ....

સર્વે પૂજ્યોના પાવન-ચરણમાં ભાવભીની વંદનવીથિ....

* મેટર તપાસી આપનાર પ્રાધ્યાપકશ્રી **ચંદ્રકાન્તભાઈ** તથા આ પુસ્તકને પોતાનું માનીને ઘણી-ઘણી લેખન ક્ષતિને સુધારીને, આર્ટિસ્ટ પાસે ચિત્રાદિ તૈયાર કરાવી, આ પુસ્તકને સર્વાંગીણ સૌન્દર્ય આપનારા **ભરત ગ્રાફિક્સ**ને કેમ ભૂલાય ?

* પ્રાન્તે પુસ્તક લેખનમાં શ્રી વીતરાગ પ્રભુજીની આજ્ઞા વિરુદ્ધ તથા કર્મગ્રન્થના રચયિતા પૂજ્યપાદ શ્રી દેવેન્દ્રસુરીશ્વરજી મહારાજના આશય વિરુદ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે ક્ષમાયાચના.... **મિચ્છામિદુક્કડં.**

* અજ્ઞતા અને છદ્મસ્થતાદિને કારણે રહી ગયેલી ક્ષતિઓને વિદ્વાન પૂજ્યોએ સુધારવી એ વિજ્ઞપ્તિ સાથે વિરમું છું...

**કૃપાકાંક્ષી રમ્યરેણુ**

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંગલાચરણ | ૯ |
| **પ્રથમવિભાગ** | |
| ૧૪ જીવસ્થાનક | ૨૨ |
| જીવસ્થાાનકમાં ગુણઠાણા | ૨૯ |
| જીવસ્થાનકમાં યોગ | ૩૨ |
| જીવસ્થાનકમાં ઉપયોગ | ૪૨ |
| જીવસ્થાનકમાં લેશ્યા | ૪૭ |
| જીવસ્થાનકમાં બંધસ્થાન | ૪૯ |
| જીવસ્થાનકમાં ઉદયસ્થાન | ૫૨ |
| જીવસ્થાનકમાં ઉદીરણાસ્થાન | ૫૫ |
| જીવસ્થાનકમાં સત્તાસ્થાન | ૬૦ |
| જીવસ્થાનકમાં ગુણઠાણાદિનું યંત્ર | ૬૨ |
| **દ્વિતીયવિભાગ** | |
| ૧૪ મૂળમાર્ગણા | ૬૩ |
| ૬૨ ઉત્તરમાર્ગણા | ૬૬ |
| માર્ગણામાં જીવસ્થાનક | ૮૨ |
| માર્ગણામાં જીવસ્થાનકનું યંત્ર | ૯૭ |
| માર્ગણામાં ગુણસ્થાનક | ૧ ૦૦ |
| માર્ગણામાં ગુણસ્થાનકનું યંત્ર | ૧૧૨ |
| માર્ગણામાં યોગ | ૧૧૪ |
| માર્ગણામાં યોગનું યંત્ર | ૧૨૯ |
| માર્ગણામાં ઉપયોગ | ૧૩૧ |
| માર્ગણામાં ઉપયોગનું યંત્ર | ૧૪૪ |
| અન્યમતે યોગમાર્ગણામાં જીવસ્થાનકાદિ-૪ | ૧૪૫ |
| માર્ગણામાં લેશ્યા | ૧૪૯ |
| માર્ગણામાં લેશ્યાનું યંત્ર | ૧૫૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગતિમાર્ગણામાં અલ્પબહુત્વ | ૧૫૫ |
| ગર્ભજ મનુષ્યની સંખ્યા | ૧૫૬ |
| ઘનીકૃતલોકની સમજુતિ | ૧૬૫ |
| વર્ગમૂળ શોધવાની રીત | ૧૬૮ |
| ઇન્દ્રિયમાર્ગણામાં અલ્પબહુત્વ | ૧૭૩ |
| કાયમાર્ગણામાં અલ્પબહુત્વ | ૧૭૫ |
| યોગાદિમાર્ગણામાં અલ્પબહુત્વ | ૧૭૭ |
| **તૃતીયવિભાગ** | |
| ગુણસ્થાનકમાં જીવસ્થાનક | ૧૮૯ |
| ગુણસ્થાનકમાં યોગ | ૧૯૧ |
| ગુણસ્થાનકમાં ઉપયોગ | ૧૯૫ |
| સૈદ્ધાન્તિક-કાર્મગ્રન્થિક મતાંતર | ૧૯૭ |
| ગુણસ્થાનકમાં લેશ્યા | ૨૦૦ |
| ગુણસ્થાનકમાં જીવભેદાદિનું યંત્ર | ૨૦૨ |
| બંધહેતુના ઉત્તરભેદ | ૨૦૩ |
| ગુણસ્થાનકમાં મૂળબંધહેતુ | ૨૦૮ |
| બંધયોગ્ય પ્રકૃતિમાં મૂળબંધહેતુ | ૨૦૯ |
| ગુણસ્થાનકમાં ઉત્તરબંધહેતુ | ૨૧૪ |
| ઉત્તરબંધહેતુના ૨ પ્રકાર | ૨૧૬ |
| ગુણઠાણામાં સામાન્યબંધહેતુ | ૨૧૭ |
| મિથ્યાત્વગુણઠાણે વિશેષ બંધહેતુ | ૨૧૯ |
| ૧૦ બંધહેતુના ભાંગા | ૨૨૨ |
| ૧૧ બંધહેતુના ભાંગા | ૨૩૬ |
| એકકાયની હિંસાના ભાંગા | ૨૩૭ |
| દ્વિકાયસંયોગી હિંસાના ભાંગા | ૨૩૮ |
| ત્રિકાયસંયોગી હિંસાના ભાંગા | ૨૩૮ |
| ચતુષ્કાયસંયોગી હિંસાના ભાંગા | ૨૪૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પંચકાયસંયોગી હિંસાના ભાંગા | ૨૪૧ |
| ષટ્કાયસંયોગી હિંસાના ભાંગા | ૨૪૧ |
| ૧૨ બંધહેતુના ભાંગા | ૨૪૪ |
| ૧૩ બંધહેતુના ભાંગા | ૨૪૫ |
| ૧૪ બંધહેતુના ભાંગા | ૨૪૬ |
| ૧૫ બંધહેતુના ભાંગા | ૨૪૭ |
| ૧૬ બંધહેતુના ભાંગા | ૨૪૮ |
| ૧૭-૧૮ બંધહેતુના ભાંગા | ૨૪૯ |
| મિથ્યાત્વગુણઠાણે કુલ ભાંગા | ૨૫૦ |
| સાસ્વાદને બંધહેતુના ભાંગા | ૨૫૧ |
| મિશ્રે બંધહેતુના ભાંગા | ૨૫૭ |
| સમ્યક્ત્વે બંધહેતુના ભાંગા | ૨૬૨ |
| દેશવિરતિમાં બંધહેતુના ભાંગા | ૨૬૮ |
| પ્રમત્તે બંધહેતુના ભાંગા | ૨૭૫ |
| અપ્રમત્તે બંધહેતુના ભાંગા | ૨૭૬ |
| અપૂર્વકરણે બંધહેતુના ભાંગા | ૨૭૭ |
| ૯થી૧૩ ગુણઠાણે બંધહેતુના ભાંગા | ૨૭૮ |
| ૧થી૧૩ ગુણઠાણે કુલ ભાંગા | ૨૮૦ |
| ગુણઠાણામાં બંધસ્થાન | ૨૮૧ |
| ગુણઠાણામાં ઉદયસ્થાન | ૨૮૨ |
| ગુણઠાણામાં ઉદીરણાસ્થાન | ૨૮૩ |
| ગુણઠાણામાં સત્તાસ્થાન | ૨૮૫ |
| ગુણઠાણામાં અલ્પબહુત્વ | ૨૮૫ |
| એકસંયોગી-૮ ભાંગા | ૨૮૯ |
| દ્વિસંયોગી-૨૮ ભાંગા | ૨૯૦ |
| ત્રિસંયોગી-૫૬ ભાંગા | ૨૯૦ |
| ચતુઃસંયોગી-૭૦ ભાંગા | ૨૯૧ |
| પંચસંયોગી-૫૬ ભાંગા | ૨૯૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ષટ્સંયોગી-૮ ભાંગા | ૨૯૩ |
| સપ્તસંયોગી-૧ ભાંગો | ૨૯૪ |
| અષ્ટસંયોગી-૧ ભાંગો | ૨૯૪ |
| એક-અનેકજીવની અપેક્ષાએ ભાંગા | ૨૯૫ |
| મૂળભાવ | ૩૦૧ |
| મૂળભાવના ઉત્તરભેદ | ૩૦૨ |
| ઉત્તરભેદમાં ચતુર્ભંગી | ૩૦૬ |
| સાંનિપાતિક ભાવના ભાંગા | ૩૦૮ |
| મૂળકર્મમાં ઔદાયિકાદિ ભાવ | ૩૧૪ |
| અજીવદ્રવ્યમાં પરિણામિક ભાવ | ૩૧૪ |
| ગુણઠાણામાં મૂલભાવ | ૩૧૫ |
| ગુણઠાણામાં ઉત્તરભાવ | ૩૧૮ |
| ગુણઠાણામાં ઉત્તરભાવનું યંત્ર | ૩૨૨ |
| સંખ્યાતાદિનું સ્વરૂપ | ૩૨૩ |
| અન્યમતે અસંખ્યાતાદિનું સ્વરૂપ | ૩૪૧ |
| **પરિશિષ્ટ-૧** | |
| ૫૬૩ જીવભેદનું યંત્ર | ૩૪૯ |
| ૫૬૩ જીવભેદમાં ગુણઠાણાદિ-૪ | ૩૫૦ |
| **પરિશિષ્ટ-૨** | |
| ૬૨ માર્ગણામાં ૫૬૩ જીવભેદ | ૩૫૩ |
| ૬૨ માર્ગણામાં બંધહેતુ | ૩૫૭ |
| ૬૨ માર્ગણામાં ૫ ભાવના ઉત્તરભેદ | ૩૬૦ |
| **પરિશિષ્ટ-૩** | |
| ૧૪ જીવભેદમાં બંધહેતુના ભાંગા | ૩૬૩ |
| પ્રશ્નોત્તરી | ૩૭૩ |
| મૂળ ગાથા | ૩૯૪ |

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः
श्री गौतमस्वामिने नमः
श्री भद्र-ॐकार-चंद्रयशगुरुभ्यो नमः
ऐं नमः

# षडशीति

मंगलाचरण :-

**नमिय जिणं जिअमग्गण-गुणठाणुवओगजोगलेसाओ ।**
**बंधप्पबहूभावे संखिज्जाई किमवि वुच्छं ॥१॥**

नत्वा जिनं जीवमार्गणागुणस्थानोपयोगयोगलेश्याः ।
बन्धाल्पबहुत्वभावान् संख्येयादीन् किमपि वक्ष्ये ॥१॥

**ગાથાર્થ:- શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને જીવસ્થાનક, માર્ગણાસ્થાન, ગુણસ્થાનક, ઉપયોગ, યોગ, લેશ્યા, બન્ધ, અલ્પબહુત્વ, ભાવ અને સંખ્યાતાદિને કાંઈક [સંક્ષેપથી] કહીશ.**

**વિવેચન** :-ગ્રન્થકારભગવંત શ્રીદેવેન્દ્રસૂરિમહારાજા "**नमिय जिणं**" પદથી શ્રીજિનેશ્વર ભગવંતને નમસ્કાર કરવા દ્વારા મંગલાચરણ કરી રહ્યાં છે.

નમસ્કાર બે પ્રકારે થઈ શકે છે. (૧) **દ્રવ્યથી**, (૨) **ભાવથી...**

(૧) જિનેશ્વર ભગવંતને હાથ જોડીને મસ્તકાદિ નમાવવું કે પંચાંગ પ્રણિપાત કરવો, તે **દ્રવ્યનમસ્કાર** કહેવાય છે.

(૨) વિશુદ્ધમનથી જિનેશ્વર ભગવંતના ગુણોની સ્તુતિ કરવી, તે **ભાવનમસ્કાર** કહેવાય છે.

દ્રવ્યનમસ્કાર અને ભાવનમસ્કારની **ચતુર્ભંગી** થાય છે.

(૧) કેટલાક જીવો દ્રવ્યથી જ નમસ્કાર કરે છે. ભાવથી નમસ્કાર કરતા નથી દા. ત. **કૃષ્ણમહારાજાનો પુત્ર પાલક** વગેરે.

(૨) કેટલાક જીવો ભાવથી જ નમસ્કાર કરે છે દ્રવ્યથી નમસ્કાર કરતા નથી દા. ત. **અનુત્તરવાસી દેવો** વગેરે.

(૩) કેટલાક જીવો દ્રવ્યથી અને ભાવથી એમ બન્ને પ્રકારે નમસ્કાર કરે છે. દા. ત. **કૃષ્ણમહારાજાનો પુત્ર શાંબકુમાર** વગેરે.

(૪) કેટલાક જીવો દ્રવ્યથી નમસ્કાર કરતા નથી. અને ભાવથી પણ નમસ્કાર કરતા નથી. દા. ત. **મરિચીનો શિષ્ય કપિલ** વગેરે.

આમાંથી ત્રીજા પ્રકારનું દ્રવ્યથી અને ભાવથી નમસ્કાર કરવારૂપ મંગલાચરણ અવશ્ય સંપૂર્ણ ફળને આપે છે. તેથી ગ્રન્થકાર ભગવંત ગ્રન્થની શરૂઆતમાં દ્રવ્યથી અને ભાવથી નમસ્કાર કરવા દ્વારા મંગલાચરણ કરી રહ્યાં છે.

ગ્રન્થકાર ભગવંત "**जिअमग्गणगुणठाणुवओगजोग०**" પદ દ્વારા

(૧) જીવસ્થાનક (૨) માર્ગણાસ્થાન (૩) ગુણસ્થાનક (૪) ઉપયોગ (૫) યોગ (૬) લેશ્યા (૭) બન્ધ (૮) અલ્પબહુત્વ (૯) ભાવ અને (૧૦) સંખ્યાતાદિ વિષયોને બતાવી રહ્યાં છે.

---

**(૧)** એક વખત કૃષ્ણમહારાજાએ પાલક અને શાંબકુમારને કહ્યું કે, તમારા બન્નેમાંથી જે શ્રીનેમિનાથભગવાનને પહેલું વંદન કરશે તેને હું મારો ઘોડો આપીશ. તે વખતે ઘોડો મેળવવાની લાલચથી પાલક સવારે ઉઠીને શ્રીનેમિનાથભગવાન પાસે જઈને મસ્તકાદિ નમાવીને દ્રવ્યથી વંદન કરે છે. અને શાંબકુમાર સવારે ઉઠીને, ત્યાં રહ્યા રહ્યા જ મસ્તકાદિ નમાવીને, વિશુદ્ધમનથી શ્રીનેમિનાથભગવાનની સ્તવના કરવા દ્વારા દ્રવ્યથી અને ભાવથી નમસ્કાર કરે છે.


## (૧) જીવસ્થાનક :-

**જે યથાયોગ્ય પ્રાણને ધારણ કરે છે, તે જીવ કહેવાય...**

પ્રાણ બે પ્રકારે છે. (૧) **દ્રવ્યપ્રાણ**, (૨) **ભાવપ્રાણ.**

દ્રવ્યપ્રાણ **૧૦** પ્રકારે છે.

(૧) આયુષ્ય (૨) કાયબળ [શારીરિકશક્તિ] (૩) સ્પર્શેન્દ્રિય (૪) શ્વાસોચ્છ્વાસ (૫) રસનેન્દ્રિય (૬) વચનબળ (વાચિકશક્તિ) (૭) ઘ્રાણેન્દ્રિય (૮) ચક્ષુરિન્દ્રિય (૯) શ્રોત્રેન્દ્રિય અને (૧૦) મનોબળ (માનસિક શક્તિ)..



ભાવપ્રાણ ૩ પ્રકારે છે.

(૧) **જ્ઞાન** (૨) **દર્શન** અને (૩) **ચારિત્ર.**

એકેન્દ્રિયને પહેલા-૪ પ્રાણ હોય છે.

બેઇન્દ્રિયને પહેલા-૬ પ્રાણ હોય છે.

તેઇન્દ્રિયને પહેલા-૭ પ્રાણ હોય છે.

ચઉરિન્દ્રિયને પહેલા-૮ પ્રાણ હોય છે.

અસંજ્ઞીપંચેન્દ્રિયને પહેલા-૯ પ્રાણ હોય છે.

સંજ્ઞીપંચેન્દ્રિયને-૧૦ પ્રાણ હોય છે.

અને સિદ્ધભગવંતને ભાવપ્રાણ જ હોય છે.

**જેમાં જીવો રહે છે, તે જીવસ્થાનક કહેવાય છે.**

શાસ્ત્રકાર ભગવંતે સર્વે સંસારી જીવોનો સમાવેશ અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪ વિભાગમાં કરી આપ્યો છે. તેથી જીવના પેટાભેદ કુલ-૧૪ છે. તે તે ભેદમાં તે તે જીવો તાદાત્મ્યથી રહે છે. તેથી **"તે પેટાભેદને જ જીવસ્થાનક કહે છે."** એટલે પેટાભેદ-૧૪ હોવાથી જીવસ્થાનક પણ ૧૪ કહ્યાં છે.

**(૨) માર્ગણાસ્થાન :-**

જીવાદિ પદાર્થોની વિચારણાને **માર્ગણા** કહે છે.

**જેમાં જીવાદિપદાર્થોની વિચારણા કરાય છે, તે માર્ગણાસ્થાન કહેવાય છે.**

શાસ્ત્રકારભગવંતે સંસારીજીવોના સર્વ પર્યાયોનું વર્ગીકરણ કરીને, તે સર્વ પર્યાયનો સમાવેશ દેવગતિ વગેરે ૬૨ વિભાગમાં કરી આપ્યો છે. તેમાં જીવાદિપદાર્થોની વિચારણા કરાય છે. તેથી **"તે વિભાગોને જ માર્ગણાસ્થાન કહે છે."** તે વિભાગ કુલ-૬૨ હોવાથી, માર્ગણાસ્થાન પણ ૬૨ કહ્યાં છે.

**(૩) ગુણસ્થાન :-**

દરેક જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણવાળો જ હોય છે પણ જ્યારે કર્મમલ વધુ હોય છે ત્યારે જ્ઞાનાદિગુણો અલ્પાંશે ખુલા હોય છે અને જ્યારે કર્મમલ ઓછો હોય છે. ત્યારે જ્ઞાનાદિગુણો અધિકાંશે ખુલા હોય છે. એટલે [૨] **જ્ઞાનાદિગુણોનું ઓછા-વધતા અંશે પ્રગટ થવું, તે ગુણસ્થાનક કહેવાય છે.** અથવા **જ્ઞાનાદિગુણોની ન્યૂનાધિક્તાને જણાવનારી જીવની જુદા જુદા પ્રકારની અવસ્થાને ગુણસ્થાનક કહે છે.** જ્ઞાનાદિ ગુણના વિકાસને જણાવનારી જીવની જુદી જુદી અવસ્થાઓ અસંખ્ય પ્રકારે છે પણ તે સર્વેનો મિથ્યાદર્શનાદિ કાર્યની અપેક્ષાએ ૧૪ વિભાગમાં સમાવેશ કરીને ગુણસ્થાનક **૧૪** કહ્યાં છે.

**(૪) ઉપયોગ :-**

વસ્તુમાં રહેલા સામાન્યધર્મ કે વિશેષધર્મને જણાવનારી આત્મિક શક્તિના વ્યાપારને ઉપયોગ કહે છે.

ઉપયોગ ૨ પ્રકારે છે. (૧) **જ્ઞાનોપયોગ** (૨) **દર્શનોપયોગ.**

(૧) **વસ્તુમાં રહેલા વિશેષધર્મને જણાવનારી આત્મિકશક્તિને જ્ઞાન કહે છે.** અને **વસ્તુમાં રહેલા વિશેષધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને જ્ઞાનોપયોગ કહે છે.** અથવા

---

(૨) આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે. પણ મોહનીયના ક્ષયોપશમ વિના માત્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ગુણસ્થાનકે ચઢાણ શરૂ થતું નથી. અભવ્યને જ્ઞાનાવરણીયનો તીવ્ર ક્ષયોપશમ હોવાથી સાડાનવ પૂર્વનો અભ્યાસ કરી શકે છે પણ દર્શનમોહનીયનો ક્ષયોપશમ ન હોવાના કારણે ગુણસ્થાનકે ચઢાણ શરૂ કરી શકતો નથી અને માતુષ-મારુષમુનિમાં જ્ઞાનગુણ અલ્પાંશે જ ખુલ્લો હોવા છતાં મોહનીયનો ક્ષયોપશમ હોવાના કારણે ગુણસ્થાનકે ચઢાણ શરૂ થવાથી કેવલજ્ઞાનને પ્રાપ્ત કરી શક્યા. એટલે ગુણસ્થાનકની કલ્પના મુખ્યતયા જ્ઞાનગુણ પર આધારિત નથી પણ મોહનીયના ક્ષયોપશમ પર આધારિત છે.

જ્ઞાનાવરણીયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી જીવને જે ક્ષાયિક કે ક્ષાયોપશમિક જ્ઞાનલબ્ધિ પ્રગટ થાય છે. તે લબ્ધિવાળો જીવ વસ્તુમાં રહેલા વિશેષધર્મને જાણવા રૂપ જે પ્રવૃત્તિ કરી રહ્યો છે તે પ્રવૃત્તિરૂપ જ્ઞાનને **જ્ઞાનોપયોગ** કહે છે. તે-૮ પ્રકારે છે. (1) **મતિજ્ઞાનોપયોગ** (2) **શ્રુતજ્ઞાનોપયોગ** (3) **અવધિજ્ઞાનોપયોગ** (4) **મનઃપર્યવ-જ્ઞાનોપયોગ** (5) **કેવલજ્ઞાનોપયોગ** (6) **મતિ-અજ્ઞાનોપયોગ** (7) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (8) **વિભંગજ્ઞાનોપયોગ.**

(૨) **વસ્તુમાં રહેલા સામાન્યધર્મને** જણાવનારી **આત્મિક-શક્તિને દર્શન કહે છે.** અને **વસ્તુમાં રહેલા સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને દર્શનોપયોગ કહે છે.** અથવા દર્શનાવરણીયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી જીવને જે ક્ષાયિક કે ક્ષાયોપશમિક દર્શનલબ્ધિ પ્રગટ થાય છે. તે લબ્ધિવાળો જીવ વસ્તુમાં રહેલા સામાન્યધર્મને જાણવા રૂપ જે પ્રવૃત્તિ કરી રહ્યો છે. તે પ્રવૃત્તિરૂપ દર્શનને **દર્શનોપયોગ** કહે છે. તે-૪ પ્રકારે છે. (1) **ચક્ષુદર્શનોપયોગ** (2) **અચક્ષુદર્શનોપયોગ** (3) **અવધિદર્શનોપયોગ** (4) **કેવળ-દર્શનોપયોગ.....** ઉપયોગ કુલ- ૮+૪=૧૨ પ્રકારે છે.

**(૫) યોગ :-**

**વીર્યાંતરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી જીવને જે ક્ષાયિક કે ક્ષાયોપશમિકભાવનું લબ્ધિવીર્ય પ્રાપ્ત થાય છે. તેમાંથી જેટલા અંશે મન-વચન-કાયા દ્વારા વીર્યનો વ્યાપાર થઈ રહ્યો છે તે પ્રવૃત્તિરૂપ વીર્યને યોગ કહે છે.**

કોઈ પણ જીવ લબ્ધિવીર્યનો વ્યાપાર [આત્મિકશક્તિનો ઉપયોગ] મન-વચન અને કાયા દ્વારા જ કરી શકે છે. તેથી વીર્યના

વ્યાપારનું સહકારી કારણ મન-વચન અને કાયા છે. એટલે (૧) મનની સહાયતાથી જે વીર્યવ્યાપાર થઇ રહ્યો છે, તે મનોયોગ કહેવાય છે. (૨) વચનની સહાયતાથી જે વીર્યવ્યાપાર થઇ રહ્યો છે, તે વચનયોગ કહેવાય છે અને (૩) કાયાની સહાયતાથી જે વીર્યવ્યાપાર થઇ રહ્યો છે, તે કાયયોગ કહેવાય છે. એટલે યોગ-૩ પ્રકારે છે. (૧) **મનોયોગ,** (૨) **વચનયોગ,** (૩) **કાયયોગ...**

**(૬) લેશ્યા :-**

જેનાથી આત્મા કર્મની સાથે લેપાય છે, તે **લેશ્યા** કહેવાય છે. તે ૨ પ્રકારે છે, (૧) **દ્રવ્યલેશ્યા** (૨) **ભાવલેશ્યા.**

યોગવર્ગણામાં રહેલા કાળા વગેરે રંગના પુદ્ગલોને **દ્રવ્યલેશ્યા** કહે છે અને તેનાથી ઉત્પન્ન થતાં આત્મિકપરિણામને **ભાવલેશ્યા** કહે છે. તે-૬ પ્રકારે છે. (૧) **કૃષ્ણલેશ્યા** (૨) **નીલલેશ્યા** (૩) **કાપોતલેશ્યા** (૪) **તેજોલેશ્યા** (૫) **પદ્મલેશ્યા** (૬) **શુક્લલેશ્યા.**

**(૭) બન્ધ :-**

જીવદ્વારા ગ્રહણ કરાતા કાર્મણસ્કંધોનું આત્માની સાથે ક્ષીરનીર કે લોહાગ્નિની જેમ એકમેક થવું, તે **બન્ધ** કહેવાય છે.

અહીં ઉપલક્ષણથી **ઉદય, ઉદીરણા અને સત્તાનું** પણ ગ્રહણ કરવું.

**ઉદય :-**

કર્મપુદ્ગલોનો વિપાકથી અનુભવ કરવો, તે **ઉદય** કહેવાય છે.

**ઉદીરણા :-**

લાંબા સમયે ભોગવી શકાય એવા કર્મદલિકોને પ્રયત્નથી ઉદયાવલિકામાં નાંખીને વહેલા ભોગવવા, તે **ઉદીરણા** કહેવાય છે.

**સત્તા :-**

કર્મોનું આત્માની સાથે રહેવું, તે **સત્તા** કહેવાય છે.

**જે કર્મે બંધથી કે સંક્રમથી પોતાનું જે સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે તેની નિર્જરા કે સંક્રમ ન થતાં, તે જ સ્વરૂપે તે કર્મોનું આત્માની સાથે રહેવું, તે સત્તા કહેવાય છે.**

દા. ત. જે સમયે જીવ મિથ્યાત્વાદિ હેતુથી કાર્મણસ્કંધોને ગ્રહણ કરીને, કર્મરૂપે પરિણમાવે છે, તે સમયે જે કર્મપુદ્ગલો શાતાવેદનીયકર્મ તરીકે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. તે શાતાવેદનીય કર્મપુદ્ગલોની નિર્જરા કે સંક્રમ [શાતાનું અશાતામાં રૂપાંતર] ન થતાં, તે શાતાવેદનીય કર્મપુદ્ગલોનું શાતાવેદનીયકર્મરૂપે જ આત્માની સાથે રહેવું, તે બંધથી શાતાની સત્તા પ્રાપ્ત થઇ કહેવાય.

એ જ રીતે, જે અશાતાના કર્મપુદ્ગલે સંક્રમથી શાતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું હોય, તે શાતાના કર્મપુદ્ગલોની નિર્જરા કે સંક્રમ [શાતાનું અશાતામાં રૂપાંતર] ન થતાં, તે શાતાવેદનીય કર્મપુદ્ગલોનું શાતાવેદનીય કર્મરૂપે જ આત્માની સાથે રહેવું, તે સંક્રમથી શાતાની સત્તા પ્રાપ્ત થઇ કહેવાય....

અહીં **"ભીમો ભીમસેન"** ન્યાયે બન્ધથી બન્ધહેતુનું ગ્રહણ કરવું....

**બન્ધહેતુ :-**

સંસારીજીવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના કારણે કર્મને બાંધી રહ્યો છે. તેથી કર્મબંધના હેતુ (૧) **મિથ્યાત્વ** (૨) **અવિરતિ** (૩) **કષાય** અને (૪) **યોગ** છે. તેના અવાંતરભેદ **૫૭** છે.

**(૮) અલ્પબહુત્વ :-**

કોણ કોનાથી ઓછા છે અથવા કોણ કોનાથી વધારે છે. તેનો વિચાર કરવો, તે **અલ્પબહુત્વ** કહેવાય છે.

**(૯) ભાવ :-**

**જીવ અને અજીવનું સ્વાભાવિક કે વૈભાવિકરૂપે પરિણમવું, તે ભાવ કહેવાય છે.**

**(૧૦) સંખ્યાતાદિ :-**

જે ગણી શકાય છે અથવા શાસ્ત્રમાં કહેલા ચાર પ્યાલાવડે માપી શકાય છે, તે **સંખ્યાતું** કહેવાય. आदि શબ્દથી **અસંખ્યાતું** અને **અનંતું** ગ્રહણ કરવું. એટલે શાસ્ત્રમાં (૧) સંખ્યાતું, (૨) અસંખ્યાતું અને (૩) અનંતું.....એ-૩ પ્રકારે સંખ્યા કહી છે.

અહીં **પ્રશ્ન** થાય કે, જીવસ્થાનાદિ-૧૦ વિષયોમાંથી ગુણસ્થાનક, માર્ગણાસ્થાન, યોગ, લેશ્યા, બંધ વગેરે વિષયો ગ્રન્થકાર ભગવંતે કર્મસ્તવાદિમાં કહ્યા છે. તો પુનઃ એ જ વિષયો પ્રસ્તુત ગ્રન્થમાં શા માટે કહી રહ્યા છે ? એના **પ્રત્યુત્તર**માં ગ્રન્થકાર ભગવંત કહી રહ્યા છે કે, इय सुहुमत्थवियारो= આ ગ્રન્થમાં સૂક્ષ્મદૃષ્ટિથી જીવસ્થાનક, માર્ગણાસ્થાન, ગુણસ્થાનક વગેરે વિષયોની વિચારણા કરવાની છે.

જેમકે, અપર્યાપ્ત **સૂક્ષ્મએકેન્દ્રિયાદિ ૧૪ જીવસ્થાનકોમાંથી...**

(૧) કયા જીવસ્થાનકમાં રહેલા જીવો કેટલા ગુણઠાણા સુધી જઇ શકે ?

(૨) કયા જીવસ્થાનકમાં રહેલા જીવને કેટલા યોગ હોય ? ઇત્યાદિ..

એ જ રીતે, **દેવગતિ વગેરે ૬૨ માર્ગણામાંથી....**

(૧) કઇ માર્ગણામાં કેટલા જીવભેદ હોય ?

(૨) કઇ માર્ગણામાં રહેલા જીવો કેટલા ગુણઠાણા સુધી જઇ શકે? ઇત્યાદિ....

એ જ રીતે, **મિથ્યાત્વાદિ-૧૪ ગુણઠાણામાંથી....**

(૧) કયા ગુણઠાણે કેટલા જીવભેદ હોય ?

(૨) કયા ગુણઠાણામાં રહેલા જીવને કેટલા યોગ હોય ? ઇત્યાદિ...

એ રીતે, આ ગ્રન્થ **ત્રણ** વિભાગમાં વહેંચાયેલો છે. તેમાં કયા વિભાગમાં કેટલા વિષયો કહેવાના છે? તે ગ્રન્થકારભગવંતે મૂળગ્રન્થમાં નથી કહ્યું પણ જીવવિજયજી મહારાજે સ્વકૃત ટબામાં ત્રણ ગાથા દ્વારા કયા વિભાગમાં કેટલા વિષયો કહેવાના છે. તે જણાવ્યું છે....

પ્રથમ વિભાગમાં કેટલા વિષયો કહેવાના છે ? તે જણાવે છે.

**नमिय जिणं वत्तव्वा, चउदस जिअठाणएसु गुणठाणा ।**
**जोगुवओगो लेसा, बंधुदओदीरणा सत्ता ॥१॥**

नत्वा जिनं वक्तव्याः चतुर्दश-जीवस्थानकेषु गुणस्थानानि ।
योगोपयोग-लेश्याः बन्धोदयोदीरणासत्ताः ॥१॥

**ગાથાર્થઃ- જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને, જીવસ્થાનકમાં (૧) ગુણસ્થાનક (૨) યોગ (૩) ઉપયોગ (૪) લેશ્યા (૫) બંધ (૬) ઉદય (૭) ઉદીરણા અને (૮) સત્તા કહેવાની છે.**

**વિવેચન** :- પ્રથમ વિભાગમાં "**नमिय जिणं**" પદથી શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરીને "**चउदसजिअठाणएसु०**" પદથી જીવસ્થાનકમાં ગુણઠાણાદિ-૮ વિષય કહી રહ્યાં છે.

જેમ કે, ૧૪ જીવસ્થાનકમાંથી..........

(૧) કયા જીવસ્થાનકમાં રહેલો જીવ કેટલા **ગુણઠાણા** સુધી જઇ શકે?

(૨) કયા જીવસ્થાનકમાં રહેલા જીવને કેટલા **યોગ** હોય ?

(૩) કયા જીવસ્થાનકમાં રહેલા જીવને કેટલા **ઉપયોગ** હોય ?

(૪) કયા જીવસ્થાનકમાં રહેલા જીવને કેટલી **લેશ્યા** હોય ?
(૫) કયા જીવસ્થાનકમાં રહેલો જીવ કેટલા **કર્મને બાંધી** શકે ?
(૬) કયા જીવસ્થાનકમાં રહેલા જીવને કેટલા કર્મનો **ઉદય** હોય ?
(૭) કયા જીવસ્થાનકમાં રહેલા જીવને કેટલા કર્મની **ઉદીરણા** હોય?
(૮) કયા જીવસ્થાનકમાં રહેલા જીવને કેટલા કર્મની **સત્તા** હોય ?

એ પ્રમાણે, **૧૪** જીવસ્થાનકોમાં ગુણઠાણાદિ-૮ વિષયો કહેવાના છે.

બીજા વિભાગમાં કેટલા વિષયો કહેવાના છે? તે જણાવે છે.

**तहमूल चउदमग्गण - ठाणेसु बासट्ठि उत्तरेसुं च ।**
**जिअगुणजोगुवओगा, लेसप्पबहुं च छट्ठाणा ॥२॥**

तथा मूलचतुर्दशमार्गणास्थानेषु द्वाषष्ट्युत्तरेषु च ।
जीवगुणयोगोपयोगाः लेश्याल्पबहुत्वं च षट्स्थानानि ॥२॥

**ગાથાર્થઃ- તથા મૂળ ચૌદ અને ઉત્તર ૬૨ માર્ગણામાં (૧) જીવસ્થાનક (૨) ગુણસ્થાનક (૩) યોગ (૪) ઉપયોગ (૫) લેશ્યા અને (૬) અલ્પબહુત્વ કહેવાનું છે.**

**વિવેચન :-** બીજા વિભાગમાં દેવગતિ વગેરે **૬૨** માર્ગણામાંથી,
(૧) કઈ માર્ગણામાં કેટલા **જીવભેદ** હોય ?
(૨) કઈ માર્ગણામાં રહેલો જીવ કેટલા **ગુણઠાણા** સુધી જઈ શકે ?
(૩) કઈ માર્ગણામાં રહેલા જીવને કેટલા **યોગ** હોય ?
(૪) કઈ માર્ગણામાં રહેલા જીવને કેટલા **ઉપયોગ** હોય ?
(૫) કઈ માર્ગણામાં રહેલા જીવને કેટલી **લેશ્યા** હોય ?

(૬) ચૌદ મૂળ માર્ગણામાંથી જે માર્ગણામાં જેટલા પેટાભેદ હોય, તે માર્ગણામાં તેટલા પેટાભેદમાંથી **કયા પેટાભેદ કરતાં કયા પેટાભેદમાં જીવો ઓછા હોય છે.** અથવા **કયા પેટાભેદ કરતાં કયા પેટાભેદમાં જીવો વધારે હોય છે**, તે વિચારવું.

એ રીતે, ૬૨ માર્ગણામાં જીવસ્થાનાદિ-૬ વિષયો કહેવાના છે.

ત્રીજાવિભાગમાં કેટલા વિષયો કહેવાના છે ? તે જણાવે છે.

**चउदसगुणेसु जिअ जोगुवओगलेसा य बंधहेऊ य ।**
**बंधाई चउ अप्पा, बहुं च तो भाव संखाई ॥३॥**

चतुर्दशगुणेषु जीवयोगोपयोगलेश्याश्च बन्धहेतुश्च ।
बन्धादयश्चत्वारोऽल्पबहुत्वं च ततो भावसङ्ख्यादयः ॥३॥

**ગાથાર્થ :- ૧૪ ગુણસ્થાનકમાં (૧) જીવસ્થાન (૨) યોગ (૩) ઉપયોગ (૪) લેશ્યા (૫) બંધહેતુ (૬) બંધ (૭) ઉદય (૮) ઉદીરણા (૯) સત્તા અને (૧૦) અલ્પબહુત્વ કહીશું. ત્યારપછી (૧૧) ભાવ અને (૧૨) સંખ્યાતાદિ કહીશું.**

**વિવેચન :-** ત્રીજા વિભાગમાં મિથ્યાત્વાદિ-**૧૪ ગુણસ્થાનકોમાંથી,**

(૧) કયા ગુણઠાણે કેટલા **જીવભેદ** હોય ?

(૨) કયા ગુણઠાણે રહેલા જીવોને કેટલા **યોગ** હોય ?

(૩) કયા ગુણઠાણે રહેલા જીવોને કેટલા **ઉપયોગ** હોય ?

(૪) કયા ગુણઠાણે રહેલા જીવોને કેટલી **લેશ્યા** હોય ?

(૫) કયા ગુણઠાણે કેટલા **બંધહેતુ** હોય ?

(૬) કયા ગુણઠાણે કેટલા **બંધસ્થાનો** હોય ?

(૭) કયા ગુણઠાણે કેટલા **ઉદયસ્થાનો** હોય ?

(૮) કયા ગુણઠાણે કેટલા **ઉદીરણાસ્થાનો** હોય ?

(૯) કયા ગુણઠાણે કેટલા **સત્તાસ્થાનો** હોય ?

(૧૦) કયા ગુણઠાણા કરતાં કયા ગુણઠાણે જીવો **ઓછા** હોય? અથવા ક્યા ગુણઠાણા કરતાં કયા ગુણઠાણે જીવો **વધારે** હોય?

(૧૧) કયા ગુણઠાણે રહેલા જીવને કેટલા **ભાવ** હોય ? ત્યારપછી

(૧૨) **સંખ્યાતાદિનું** સ્વરૂપ કહેવાનું છે.

એ રીતે, ત્રીજા વિભાગમાં ગુણઠાણામાં જીવસ્થાનાદિ-૧૧ વિષયો કહેવાના છે અને ત્યારપછી સંખ્યાતાદિનું સ્વરૂપ કહેવાનું છે.

ત્રણ વિભાગમાં કુલ- **૮+૬+૧૨=૨૬** વિષયો કહેવાના છે.

ગ્રન્થકાર ભગવંત "**किमवि**" પદથી પ્રયોજન બતાવી રહ્યાં છે. કારણકે અવસર્પિણીકાળના પાંચમા આરામાં જીવો અલ્પાયુ અને મંદબુદ્ધિવાળા હોય છે. તેથી જીવસ્થાનાદિ વિષયોને જો વિસ્તારથી કહેવામાં આવે, તો સહેલાઈથી બોધ થઈ શકતો નથી પણ જો किमवि = કાંઈક = સંક્ષેપથી કહેવામાં આવે, તો સહેલાઈથી બોધ થઈ શકે છે. એટલે (૧) જિજ્ઞાસુઓને સંક્ષેપથી જીવસ્થાનાદિ વિષયોનો બોધ કરાવવો. (૨) જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ તીવ્ર થવો વગેરે ગ્રન્થકાર ભગવંતનું **અનંતર પ્રયોજન** (શીઘ્રફળ) છે અને (૧) જીવસ્થાનાદિ વિષયનો બોધ થવો. (૨) અપૂર્વ કર્મનિર્જરા થવી વગેરે જિજ્ઞાસુઓનું **અનંતરપ્રયોજન** છે. તથા તે બન્નેનું **પરંપરપ્રયોજન** (અંતિમફળ) **મોક્ષ** છે.

ગ્રન્થકાર ભગવંતે સ્વમતિથી ગ્રન્થની રચના કરી નથી પણ જિનપ્રણીત દ્વાદશાંગી વગેરે શ્રુતજ્ઞાનના આધારે આ ગ્રન્થની રચના કરી છે. એટલે ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલ અર્થ (વિષય)ની સાથે, આ ગ્રન્થનો **ગુરુપર્વક્રમલક્ષણસંબંધ** છે.

જે વ્યક્તિ જીવસ્થાનાદિ વિષયોને જાણવાની ઈચ્છાવાળો હોય અને તેનામાં સમજવાની યોગ્યતા હોય, તે આ ગ્રન્થ ભણવાનો **અધિકારી** છે.

એ રીતે, ગ્રન્થની શરૂઆતમાં **"અનુબંધચતુષ્ટય"** કહ્યું.

# પ્રથમવિભાગ

જીવસ્થાનક :-

**इह सुहुमबायरेगिंदिबितिचउअसन्निसन्निपंचिंदी ।**

**अपजत्ता पज्जत्ता, कमेण चउदस जियट्ठाणा ॥२॥**

इह सूक्ष्मबादरैकेन्द्रियद्वित्रिचतुरसंज्ञिसंज्ञिपञ्चेन्द्रियाः ।

अपर्याप्ताः पर्याप्ताः, क्रमेण चतुर्दश जीवस्थानानि ॥२॥

**ગાથાર્થ :- આ લોકમાં સૂક્ષ્મએકેન્દ્રિય, બાદરએકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિય એ સર્વે અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારે હોવાથી ક્રમશઃ ચૌદ જીવસ્થાનકો છે.**

**વિવેચન** :- સંસારી જીવો અનંતા છે. તે સર્વેનો શાસ્ત્રકાર ભગવંતે જાતિની અપેક્ષાએ વર્ગીકરણ કરીને, કુલ-૧૪ વિભાગમાં સમાવેશ કરી દીધો છે. તેથી જીવસ્થાનક કુલ-૧૪ પ્રકારે છે.

(૧) સંસારી જીવોમાંથી જે જીવને સૂક્ષ્મનામકર્મનો ઉદય હોય છે, તે સૂક્ષ્મએકેન્દ્રિય કહેવાય. દા. ત. **સૂક્ષ્મપૃથ્વી, સૂક્ષ્મજલ** વગેરે.

(૨) જે જીવને બાદરનામકર્મનો ઉદય હોય છે અને એક જ **સ્પર્શેન્દ્રિય** હોય છે, તે **બાદરએકેન્દ્રિય** કહેવાય છે. દા. ત. **માટી, પથ્થર, બરફ** વગેરે.

(૩) જે જીવને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય એ બે જ ઇન્દ્રિયો હોય છે, તે **બેઇન્દ્રિય** કહેવાય. દા.ત. **શંખ, કોડા, છીપ** વગેરે.

(૪) જે જીવને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણ જ ઇન્દ્રિયો હોય છે, તે **તેઇન્દ્રિય** કહેવાય છે. દા. ત. **જૂ, લીખ, માંકડ** વગેરે.

(૫) જે જીવને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય એ ચાર જ ઇન્દ્રિયો હોય છે, તે **ચઉરિન્દ્રિય** કહેવાય છે. દા.ત. **વીંછી, ભમરા, માખી, મચ્છર** વગેરે.

(૬) જે જીવને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચે ઇન્દ્રિયો હોય પણ મન ન હોય, તે **અસંજ્ઞીપંચેન્દ્રિય** કહેવાય. દા.ત. સંમૂર્ચ્છિમ **સર્પ, માછલી, ઘોડો** વગેરે.

(૭) જે જીવને પાંચે ઇન્દ્રિયો હોય અને મન પણ હોય, તે **સંજ્ઞીપંચેન્દ્રિય** કહેવાય. દા.ત. **દેવ, નારકી, મનુષ્ય, હાથી, ઘોડા** વગેરે.

આ સર્વે જીવો અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારે હોય છે.

**(૧) જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કર્યા વિના જ મરણ પામે છે, તે અપર્યાપ્ત કહેવાય છે.**

**(૨) જે જીવ પોતાના ભવને યોગ્ય સર્વે પર્યાપ્તિ અવશ્ય પૂરી કરવાનો હોય કે પૂરી કરી હોય, તે પર્યાપ્ત કહેવાય છે.**

**પર્યાપ્તિ=શક્તિ** [પુદ્‌ગલના સમૂહથી આત્મામાં પ્રગટેલી શક્તિ]

**જે પુદ્‌ગલના સમુહથી ઉત્પન્ન થયેલી હોય અને આહારગ્રહણાદિ ક્રિયાનું કારણ બનતી હોય, તે શક્તિને પર્યાપ્તિ કહે છે.**

જેમ પેટમાં અન્ન-પાણી જવાથી શારીરિક શક્તિ ઉત્પન્ન થાય છે. તેથી જીવ આહાર-નિહાર-વિહારાદિ આવશ્યક કાર્યો સારી રીતે કરી શકે છે. તેમ ઉત્પત્તિસ્થાને આવેલો જીવ પ્રથમ સમયથી જ સ્વશરીરને યોગ્ય પુદ્‌ગલોનો આહાર કરે છે. તે પુદ્‌ગલના સમૂહથી જે શક્તિ ઉત્પન્ન થાય છે, તે શક્તિથી જીવ આહાર લેવો, શરીર બનાવવું, ઇન્દ્રિય બનાવવી વગેરે આવશ્યક કાર્યો કરી શકે છે. એટલે જે **શક્તિ પુદ્‌ગલના સમૂહથી ઉત્પન્ન થયેલી છે. તે જ શક્તિ**

આહારગ્રહણાદિ કાર્યોનું કારણ પણ બની છે. તે શક્તિને શાસ્ત્રમાં પર્યાપ્તિ કહી છે. તે ૬ પ્રકારે છે.

(૧) જે શક્તિથી જીવ બાહ્ય આહારને ગ્રહણ કરીને, ખલ અને રસરૂપે પરિણમાવે છે, તે શક્તિનું નામ આહારપર્યાપ્તિ છે.

(૨) જે શક્તિથી જીવ રસરૂપે પરિણમેલા આહારને રસ, લોહી, માંસ, ચરબી, હાડકા, મજ્જા [હાડકાની અંદર રહેલો ચીકણો પદાર્થ] અને વીર્ય એ સપ્તધાતુમય બનાવે છે, તે શક્તિનું નામ શરીરપર્યાપ્તિ છે.

ઔદારિકશરીરમાં જ સાતે ધાતુ હોય છે. વૈક્રિયશરીર કે આહારકશરીરમાં સાતે ધાતુ હોતી નથી અને એકેન્દ્રિયના ઔદારિકશરીરમાં સાતે ધાતુ હોતી નથી. એટલે- જે શક્તિથી જીવ રસરૂપે પરિણમેલા આહારને પોતાના ભવને યોગ્ય શરીરરૂપે પરિણમાવે છે, તે શક્તિનું નામ શરીરપર્યાપ્તિ કહેવાય છે.

(૩) જે શક્તિથી જીવ શરીરરૂપે પરિણમાવેલા પુદ્ગલોમાંથી ઈન્દ્રિયને યોગ્ય તેજસ્વી પુદ્ગલો ગ્રહણ કરીને, ચામડી, જીભ, નાક, આંખ અને કાન એ પાંચે ઈન્દ્રિય બનાવે છે, તે શક્તિનું નામ ઈન્દ્રિયપર્યાપ્તિ છે.

(૪) જીવ જે શક્તિથી શ્વાસોચ્છ્વાસને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવીને, તેનું જ અવલંબન લઈને, છોડી મૂકે છે, તે શક્તિનું નામ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ છે.

(૫) જીવ જે શક્તિથી ભાષાને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, ભાષારૂપે પરિણમાવીને, તેનું જ અવલંબન લઈને, ભાષારૂપે છોડી મૂકે છે, તે શક્તિનું નામ ભાષાપર્યાપ્તિ છે.

(૬) જીવ જે શક્તિથી મનોયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, મનરૂપે પરિણમાવીને, તેનું જ અવલંબન લઈને, પરિણત મનોદ્રવ્યને

છોડી મૂકે છે, તે શક્તિનું નામ મનઃપર્યાપ્તિ છે.

આ-૬ પર્યાપ્તિમાંથી એકેન્દ્રિયને પહેલી-૪[3], વિકલેન્દ્રિય અને અસંજ્ઞીને પહેલી **પાંચ** અને સંજ્ઞીને-૬ પર્યાપ્તિ હોય છે. એટલે ઉત્પત્તિના પ્રથમસમયે એકેન્દ્રિય-૪, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી-૫ અને સંજ્ઞી ૬ પર્યાપ્તિને એકી સાથે શરૂ કરે છે. અને અનુક્રમે પૂર્ણ કરે છે. તેમાં ઔદારિકશરીરધારી જીવો પ્રથમ સમયે આહારપર્યાપ્તિ પૂર્ણ કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ પૂરી કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તે ભાષાપર્યાપ્તિ પૂરી કરે છે. ત્યારપછી અંતર્મુહૂર્તે મનઃપર્યાપ્તિ પૂરી કરે છે.

કોઇપણ જીવ વૈક્રિયશરીર [મૂલવૈક્રિયશરીર કે ઉત્તરવૈક્રિયશરીર] અને આહારકશરીર બનાવતી વખતે એકીસાથે સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ શરૂ કરે છે. તેમાંથી આહારપર્યાપ્તિ પ્રથમસમયે પૂર્ણ થાય છે. ત્યારપછી અંતર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય છે. ત્યારપછી એક-એક સમયે ઇન્દ્રિયાદિપર્યાપ્તિ પૂર્ણ થાય છે.

પર્યાપ્તિની સમાપ્તિથી દ્રવ્યપ્રાણની પ્રાપ્તિ થાય છે. એટલે જ્યારે **શરીરપર્યાપ્તિ** પૂર્ણ થાય છે ત્યારે **કાયબળ** પ્રાપ્ત થાય છે. જ્યારે **ઇન્દ્રિયપર્યાપ્તિ** પૂર્ણ થાય છે ત્યારે **સ્પર્શેન્દ્રિયાદિપ્રાણ** પ્રાપ્ત થાય છે. જ્યારે **શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ** પૂર્ણ થાય છે ત્યારે **શ્વાસોચ્છ્વાસ પ્રાણ** પ્રાપ્ત થાય છે. જ્યારે **ભાષાપર્યાપ્તિ** પૂર્ણ થાય છે ત્યારે **વચનબળ** પ્રાપ્ત થાય છે. અને જ્યારે **મનઃપર્યાપ્તિ** પૂર્ણ થાય છે. ત્યારે **મનોબળ** પ્રાપ્ત થાય છે. તેથી કાયબળાદિ દ્રવ્યપ્રાણનું કારણ **પર્યાપ્તિ** છે. એટલે પર્યાપ્તિ વિના દ્રવ્યપ્રાણ હોતા નથી. અને દ્રવ્યપ્રાણ વિના જીવન

---

(૩) आहारशरीरिंदिय पज्जत्ती आणपाणभासमणे ।
चउपंचपंच छप्पिय इगविगलासन्नीसन्नीणं ॥६॥ નવતત્ત્વ.

જીવી શકાતું નથી. તેથી જ્યાં સુધી દ્રવ્યપ્રાણ હોય છે. ત્યાં સુધી **"તે જીવે"** એમ કહેવાય છે. અને દ્રવ્યપ્રાણ ચાલ્યા જાય પછી **"તે મરી ગયો છે"** એમ કહેવાય છે. તેથી જો "જીવવું" હોય તો દ્રવ્યપ્રાણ જોઈએ. એટલે દરેક સંસારીજીવો પોતપોતાના ભવને યોગ્ય પર્યાપ્તિ અનુસારે દ્રવ્યપ્રાણને ધારણ કરે છે.

જેમકે, **એકેન્દ્રિયજીવો** ભવના પ્રથમસમયે **આયુષ્યપ્રાણ**ને, શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **કાયબળ**ને, ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **સ્પર્શેન્દ્રિયપ્રાણ**ને અને શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **શ્વાસોચ્છ્વાસપ્રાણ**ને ધારણ કરે છે.

એ જ રીતે, **બેઈન્દ્રિયજીવો** ભવના પ્રથમસમયે **આયુષ્યપ્રાણ**ને, શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **કાયબળને**, ઈંદ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **સ્પર્શેન્દ્રિયપ્રાણને** અને **રસનેન્દ્રિયપ્રાણ**ને, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **શ્વાસોચ્છ્વાસપ્રાણ**ને અને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **વચનબળ**ને ધારણ કરે છે.

એ જ રીતે, **સંજ્ઞીજીવો** ભવના પ્રથમસમયે **આયુષ્યપ્રાણ**ને, શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **કાયબળ**ને, ઈંદ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **સ્પર્શેન્દ્રિયાદિ પાંચપ્રાણ**ને, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **શ્વાસોચ્છ્વાસપ્રાણ**ને, ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **વચનબળ**ને અને મનઃપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **મનોબળ**ને ધારણ કરે છે.


એ રીતે, **જે યથાયોગ્ય દ્રવ્યપ્રાણને ધારણ કરે છે, તે જીવ કહેવાય છે.**

દરેક સંસારી જીવો પહેલી ત્રણ પર્યાપ્તિ અવશ્ય પૂર્ણ કરે છે. કારણકે પહેલી ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા પછી જ જીવ પરભવનું આયુષ્ય બાંધી શકે છે અને પરભવનું આયુષ્ય બાંધ્યા પછી જ જીવ મરણ પામી શકે છે. એટલે સર્વે સંસારી જીવને પહેલી ત્રણ પર્યાપ્તિ

અવશ્ય પૂરી કરવી પડે છે. પછી જે **જીવ ચોથી વગેરે પર્યાપ્તિ અધૂરી મૂકીને મરણ પામે છે, તે અપર્યાપ્ત કહેવાય છે** અને જે **જીવ પોતાના ભવને યોગ્ય સર્વ પર્યાપ્તિ પૂરી કરે છે, તે પર્યાપ્ત કહેવાય છે** એટલે સૂક્ષ્મએકેન્દ્રિયાદિ ૭ ભેદ અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બે-બે પ્રકારે હોવાથી કુલ **૭×૨=૧૪** જીવભેદ થાય છે.

(૧) અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય. (૨) પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય.
(૩) અપર્યાપ્ત બાદરએકેન્દ્રિય (૪) પર્યાપ્ત બાદરએકેન્દ્રિય.
(૫) અપર્યાપ્તબેઈન્દ્રિય. (૬) પર્યાપ્ત બેઈન્દ્રિય.
(૭) અપર્યાપ્ત તેઈન્દ્રિય. (૮) પર્યાપ્ત તેઈન્દ્રિય.
(૯) અપર્યાપ્ત ચઉરિન્દ્રિય. (૧૦) પર્યાપ્ત ચઉરિન્દ્રિય.
(૧૧) અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય. (૧૨) પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય.
(૧૩) અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય. (૧૪) પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય.

એ રીતે, શાસ્ત્રકાર ભગવંતે અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ ૧૪ વિભાગમાં સર્વે સંસારીજીવનો સમાવેશ કરી આપ્યો હોવાથી જીવસ્થાનક ૧૪ કહ્યાં છે.



## -: પર્યાપ્તિની સમાપ્તિથી દ્રવ્યપ્રાણની પ્રાપ્તિ :-

| | એકેન્દ્રિય | બેઇન્દ્રિય | તેઇન્દ્રિય | ચઉરિન્દ્રિય | અસંજ્ઞીપંચે૦ | સંજ્ઞીપંચે૦ |
|---|---|---|---|---|---|---|
| ભવના પ્રથમ સમયે→ | ↓ આયુષ્યપ્રાણ | ↓ આયુષ્યપ્રાણ | ↓ આયુષ્યપ્રાણ | ↓ આયુષ્યપ્રાણ | ↓ આયુષ્યપ્રાણ | ↓ આયુષ્યપ્રાણ |
| શરીરપર્યાપ્તિ પૂર્ણ થયે→ | કાયબળ | કાયબળ | કાયબળ | કાયબળ | કાયબળ | કાયબળ |
| ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયે→ | સ્પર્શ૦પ્રાણ | સ્પર્શ૦+રસ૦=૨ પ્રાણ | સ્પર્શ૦+રસ૦+ઘ્રાણ૦ =૩ પ્રાણ | સ્પર્શ+રસ૦+ઘ્રાણ૦ +ચક્ષુ૦=૪ પ્રાણ | સ્પર્શેન્દ્રિયાદિ- ૫ પ્રાણ | સ્પર્શેન્દ્રિયાદિ- ૫ પ્રાણ |
| શ્વાસો૦પર્યાપ્તિ પૂર્ણ થયે→ | શ્વાસો૦પ્રાણ | શ્વાસો૦પ્રાણ | શ્વાસો૦પ્રાણ | શ્વાસો૦પ્રાણ | શ્વાસો૦પ્રાણ | શ્વાસો૦પ્રાણ |
| ભાષા૦પર્યાપ્તિ પૂર્ણ થયે→ | – | વચનબળ | વચનબળ | વચનબળ | વચનબળ | વચનબળ |
| મનઃપર્યાપ્તિ પૂર્ણ થયે→ | – | – | – | – | – | મનોબળ |
| કુલ→ | ૪ પ્રાણ ૪ પર્યાપ્તિ | ૬ પ્રાણ ૫ પર્યાપ્તિ | ૭ પ્રાણ ૫ પર્યાપ્તિ | ૮ પ્રાણ ૫ પર્યાપ્તિ | ૯ પ્રાણ ૫ પર્યાપ્તિ | ૧૦ પ્રાણ ૬ પર્યાપ્તિ |

(૧)

## -: જીવસ્થાનકમાં ગુણઠાણા :-

જીવસ્થાનકમાં ગુણઠાણા :-

**बायरअसन्निविगले, अपज्जि पढमबिअसन्निअपज्जत्ते ।**
**अजयजुअ सन्निपज्जे, सव्वगुणा मिच्छ सेसेसु ॥३॥**

बादरासंज्ञिविकलेऽपर्याप्ते प्रथमद्विकं संज्यपर्याप्ते ।
अयतयुतं संज्ञिपर्याप्ते, सर्वगुणामिथ्यात्वं शेषेषु ॥३॥

**ગાથાર્થ :- અપર્યાપ્ત બાદરએકેન્દ્રિય, અપર્યાપ્ત અસંજ્ઞી-પંચેન્દ્રિય અને અપર્યાપ્ત વિકલેન્દ્રિયને પહેલું અને બીજું ગુણઠાણુ હોય છે. અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયને પહેલું, બીજું અને ચોથું ગુણઠાણુ હોય છે. પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયને સર્વે ગુણઠાણા હોય છે અને બાકીના સર્વે જીવોને પહેલું એક જ ગુણઠાણુ હોય છે.**

**વિવેચન :-** જે સંજ્ઞીપંચેન્દ્રિયજીવ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી સાસ્વાદનગુણઠાણે આવીને, આયુષ્ય પૂર્ણ થઇ જવાથી મરણ પામે છે, તે જીવ સાસ્વાદનગુણઠાણુ લઇને પરભવમાં બાદરએકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીમાં ઉત્પન્ન થઇ શકે છે. ત્યાં તેને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી [કાંઇક ન્યૂન છ આવલિકા સુધી] સાસ્વાદનગુણઠાણુ રહે છે ત્યારપછી તે જીવ અવશ્ય મિથ્યાત્વગુણઠાણે ચાલ્યો જાય છે. એટલે (૧) **અપર્યાપ્ત બાદરએકેન્દ્રિય** (૨) **અપર્યાપ્ત બેઇન્દ્રિય** (૩) **અપર્યાપ્ત તેઇન્દ્રિય** (૪) **અપર્યાપ્ત ચઉરિન્દ્રિય** (૫) **અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય** અને (૬) **અપર્યાપ્ત-સંજ્ઞીપંચેન્દ્રિય** જીવસ્થાનકમાં **પહેલું** અને **બીજુ** ગુણઠાણુ હોય છે અને જે જીવ પૂર્વભવમાંથી સમ્યક્ત્વ લઇને આવે છે. તે જીવ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય કે અસંજ્ઞીમાં ઉત્પન્ન થતો નથી પણ સંજ્ઞીપંચેન્દ્રિયમાં ઉત્પન્ન

થાય છે. તેથી **અપર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિયમાં ચોથુગુણઠાણુ** પણ હોય છે. એટલે અપર્યાપ્તાવસ્થામાં બાદર એકેન્દ્રિયાદિને પહેલુ-બીજું અને સંજ્ઞીને પહેલું, બીજું અને ચોથું ગુણઠાણુ હોય છે પણ મિશ્ર કે દેશવિરતિ વગેરે ગુણઠાણા હોતા નથી કારણકે કોઇ પણ જીવ ત્રીજે ગુણઠાણે મરતો નથી તેથી ત્રીજુ ગુણઠાણુ લઇને પરભવમાં જવાનું હોતું નથી. તેથી કોઇપણ જીવને અપર્યાપ્તાવસ્થામાં ત્રીજું ગુણઠાણુ હોતું નથી તેમજ સંજ્ઞીપંચેન્દ્રિયને દેશથી કે સર્વથી હિંસાદિ-પાપપ્રવૃત્તિ નહીં કરવાનું પચ્ચક્ખાણ મરણ સમય સુધી જ હોય છે. એટલે દેશવિરતિ કે સર્વવિરતિ વગેરે ગુણઠાણા મરણ સમય સુધી જ હોય છે. ત્યારપછી તે ગુણઠાણા ચાલ્યા જાય છે. તેથી પરભવમાં જતી વખતે વિગ્રહગતિમાં જીવને નિયમા અવિરતિ હોય છે અને પરભવમાં ઉત્પન્ન થયા પછી પણ સંજ્ઞીને ૮ વર્ષ સુધી દેશવિરતિ કે સર્વવિરતિ વગેરે ગુણઠાણા પ્રાપ્ત થતા નથી. એટલે કોઇપણ જીવને અપર્યાપ્તાવસ્થામાં દેશવિરતિ વગેરે ગુણઠાણા હોતા નથી.

**શંકા :- અપર્યાપ્તનામકર્મનો ઉદય મિથ્યાત્વ ગુણઠાણે જ હોય છે. તેથી સર્વે અપર્યાપ્તાજીવોને પહેલું એક જ ગુણઠાણુ હોય છે સાસ્વાદનાદિ ગુણઠાણા હોતા નથી. એટલે અપર્યાપ્તા બાદર-એકેન્દ્રિયાદિને બીજુ અને અપર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિયને ચોથુગુણઠાણુ કેવી રીતે હોય ?**

**સમાધાન :-** અપર્યાપ્તજીવો ૨ પ્રકારે છે.

(૧) **લબ્ધિ-અપર્યાપ્ત** (૨) **કરણ-અપર્યાપ્ત**


(૧) જે જીવ અપર્યાપ્તનામકર્મના ઉદયવાળો હોય છે, તે લબ્ધિ-અપર્યાપ્ત કહેવાય છે અને (૨) કોઇ પણ જીવ જ્યાં સુધી સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી કરણ-અપર્યાપ્ત કહેવાય છે.

એ જ રીતે, પર્યાપ્તાજીવો ૨ પ્રકારે છે.

**(૧) લબ્ધિપર્યાપ્ત** અને (૨) **કરણપર્યાપ્ત.**

(૧) જે જીવ પર્યાપ્તનામકર્મના ઉદયવાળા હોય છે, તે લબ્ધિ-પર્યાપ્તા કહેવાય છે અને (૨) જે જીવે સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ કરી છે, તે કરણપર્યાપ્તો કહેવાય છે.

(૧) જે જીવ લબ્ધિ-અપર્યાપ્તો હોય છે, તે અવશ્ય કરણ-અપર્યાપ્તો જ હોય છે.




**(૨) જે જીવ લબ્ધિ-પર્યાપ્તો હોય છે, તે જ્યાં સુધી સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી કરણ-અપર્યાપ્તો કહેવાય છે અને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી કરણ-પર્યાપ્તો કહેવાય છે.** એટલે અપર્યાપ્તનામકર્મના ઉદયવાળા લબ્ધિ-અપર્યાપ્તજીવોને પહેલું એક જ ગુણઠાણુ હોય છે અને જે પર્યાપ્તનામકર્મના ઉદયવાળા લબ્ધિપર્યાપ્તા જીવો પૂર્વભવમાંથી સાસ્વાદનગુણઠાણુ લઈને બાદર-એકેન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય છે, તે જીવને અપર્યાપ્તાવસ્થામાં કાંઈક ન્યૂન છ આવલિકાકાળ સુધી બીજુ ગુણઠાણું હોય છે. પછી મિથ્યાત્વગુણઠાણુ આવી જાય છે. એટલે પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણ-અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયાદિ-૬ જીવસ્થાનકમાં બીજુ ગુણઠાણુ પણ હોય છે. તેમજ જે પર્યાપ્તનામકર્મના ઉદયવાળો લબ્ધિપર્યાપ્તો જીવ પૂર્વભવમાંથી સમ્યક્ત્વગુણઠાણુ લઈને આવે છે, તે સંજ્ઞીમાં જ ઉત્પન્ન થાય છે અને તે જીવ જ્યાં સુધી સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી કરણ-અપર્યાપ્ત કહેવાય છે. તેથી

પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણ-અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયને ચોથુ ગુણઠાણુ પણ હોય છે.

સંજ્ઞીમાં દેવ, નારક, મનુષ્ય અને તિર્યંચનો સમાવેશ થાય છે. તેમાંથી મનુષ્ય અતિસંકિલષ્ટથી સર્વોત્કૃષ્ટ વિશુદ્ધ પરિણામ સુધીના સર્વે પરિણામને પ્રાપ્ત કરી શકતા હોવાથી ૧ થી ૧૪ ગુણઠાણા સુધી જઈ શકે છે. તેથી **પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયને ૧ થી ૧૪ ગુણઠાણા** હોય છે.

અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય જીવસ્થાનકમાં સંકિલષ્ટ પરિણામવાળો જીવ ઉત્પન્ન થઈ શકે છે પણ કાંઈક વિશુદ્ધ પરિણામવાળો સાસ્વાદનસમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થઈ શકતો નથી. તેથી **અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયને** એક જ **મિથ્યાત્વગુણઠાણુ** હોય છે. સાસ્વાદનાદિ-ગુણઠાણા હોતા નથી.

(૧) **પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય** (૨) **પર્યાપ્ત બાદરએકેન્દ્રિય** (૩) **પર્યાપ્ત બેઈન્દ્રિય** (૪) **પર્યાપ્ત તેઈન્દ્રિય** (૫) **પર્યાપ્ત ચઉરિન્દ્રિય** અને (૬) **પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયજીવો સંકિલષ્ટ** અધ્યવસાયવાળા હોવાથી એક જ મિથ્યાત્વગુણઠાણુ હોય છે, તે જીવો ભવસ્વભાવે જ ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતા ન હોવાથી તેઓને સાસ્વાદનાદિ-ગુણઠાણા હોતા નથી.

## (૨)
## -: જીવસ્થાનકમાં યોગ :-

જીવસ્થાનકમાં યોગ :-

**अपजत्तछक्कि कम्मुरलमीसजोगा अपज्जसन्निसु ।**<br>
**ते सविउव्व मिसएसु, तणुपज्जेसु उरलमन्ने ॥४॥**<br>
**सव्वे सन्निपजत्ते, उरलं सुहुमे सभासु तं चउसु ।**<br>
**बायरि सविउव्विदुगं, पजसन्निसु बार उवओगा ॥५॥**

अपर्याप्तषट्के कार्मणौदारिकमिश्रयोगावपर्याप्तसंज्ञिषु ।
तौ सवैक्रियमिश्रावेषु तनुपर्याप्तेष्वौदारिकमन्ये ॥४॥
सर्वेसंज्ञिनि पर्याप्त औदारिकं सूक्ष्मे सभाषं तच्चतुर्षु ।
बादरे सवैक्रियद्विकं पर्याप्तसंज्ञिषु द्वादशोपयोगाः ॥५॥

**ગાથાર્થ :- અપર્યાપ્તા છ જીવસ્થાનકમાં કાર્મણ અને ઔદારિકમિશ્ર એ બે જ યોગ હોય છે. અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયમાં કાર્મણ, ઔદારિકમિશ્ર અને વૈક્રિયમિશ્ર એ ત્રણયોગ હોય છે. કેટલાક આચાર્ય મ૦સા૦ના મતે સર્વે અપર્યાપ્તા જીવોને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ હોય છે.**

**પર્યાપ્તસંજ્ઞીમાં સર્વે યોગ હોય છે. પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયમાં ઔદારિકકાયયોગ જ હોય છે. પર્યાપ્તવિકલેન્દ્રિય અને પર્યાપ્તઅસંજ્ઞી -પંચેન્દ્રિયમાં ઔદારિકકાયયોગ અને અસત્ય-અમૃષાવચનયોગ હોય છે. પર્યાપ્તબાદરએકેન્દ્રિયમાં ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ અને વૈક્રિયમિશ્રયોગ હોય છે. પર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિયમાં બાર ઉપયોગ હોય છે.**

**વિવેચન** :- યોગ-૩ પ્રકારે છે.

(૧) **મનોયોગ** (૨) **વચનયોગ** (૩) **કાયયોગ.**

**(૧) શુભાશુભ વિચારને મનોયોગ કહે છે.** તે ૪ પ્રકારે છે.

(૧) સર્વજ્ઞભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે, તે વસ્તુ તે જ સ્વરૂપે વિચારવી, તે **સત્યમનોયોગ** કહેવાય છે.

દા.ત. દ્રવ્યાર્થિકનયથી જીવ નિત્ય છે અને પર્યાયાર્થિકનયથી જીવ અનિત્ય છે. એમ વિચારવું, તે સત્યમનોયોગ કહેવાય છે.

(૨) સર્વજ્ઞભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે, તે વસ્તુ તે સ્વરૂપે ન વિચારતાં, વિપરીત સ્વરૂપે વિચારવી, તે **અસત્યમનોયોગ** કહેવાય છે.

દા. ત. જીવ એક જ છે. નિત્ય જ છે. એમ વિચારવું, તે અસત્ય-મનોયોગ કહેવાય છે.

(૩) જે વિચાર કાંઈક અંશે સત્ય હોય અને કાંઈક અંશે અસત્ય હોય, તે **સત્યાસત્ય [મિશ્ર] મનોયોગ** કહેવાય છે.

દા.ત. આ આંબાનો બગીચો છે. એમ વિચારવું, તે સત્યાસત્ય મનોયોગ કહેવાય છે. કારણકે તેમાં કેટલાક આંબાનાં વૃક્ષો છે અને કેટલાક રાયણનાં વૃક્ષો પણ છે. તેથી તે વિચારને સત્યાસત્યમનોયોગ કહે છે.

(૪) જે વિચાર સત્ય ન હોય અને અસત્ય પણ ન હોય, તે **અસત્ય-અમૃષામનોયોગ** કહેવાય છે.

દા.ત. હે દેવદત્ત ! તું ઘડો લાવ. ઈત્યાદિ વ્યવહારિક ચિંતન કરવું, તે અસત્ય-અમૃષા મનોયોગ કહેવાય છે.

(૨) **વાણીને વચનયોગ કહે છે.** તે ૪ પ્રકારે છે.

(૧) સર્વજ્ઞભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે, તે વસ્તુ તે જ સ્વરૂપે કહેવી, તે **સત્યવચનયોગ** કહેવાય છે.

દા.ત. દ્રવ્યાર્થિકનયથી જીવ નિત્ય છે અને પર્યાયાર્થિકનયથી જીવ અનિત્ય છે એમ કહેવું, તે સત્યવચનયોગ કહેવાય છે.

(૨) સર્વજ્ઞભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે. તે વસ્તુ તે સ્વરૂપે ન કહેતાં, વિપરીત સ્વરૂપે કહેવી, તે **અસત્યવચનયોગ** કહેવાય છે.

દા.ત. જીવ નિત્ય જ છે. એક જ છે. એમ કહેવું, તે અસત્ય-વચનયોગ કહેવાય છે.

(૩) જે વચન કાંઈક અંશે સત્ય હોય અને કાંઈક અંશે અસત્ય પણ હોય, તે **સત્યાસત્ય [મિશ્ર] વચનયોગ** કહેવાય છે.

દા. ત. આ આંબાનો બગીચો છે એમ કહેવું, તે સત્યાસત્ય વચનયોગ કહેવાય. કારણકે તેમાં કેટલાક આંબાનાં વૃક્ષો છે અને કેટલાક રાયણનાં વૃક્ષો પણ છે. તેથી તે સત્યાસત્યવચનયોગ કહેવાય.

(૪) જે વચન સત્ય ન હોય અને અસત્ય પણ ન હોય, તે **અસત્ય-અમૃષાવચનયોગ** કહેવાય છે.

દા.ત. હે દેવદત્ત ! તું ઘટ લાવ. ઈત્યાદિ જે વ્યવહારિક ભાષા છે. તે અસત્ય-અમૃષાવચનયોગ કહેવાય છે.

(૩) **શારીરિક પ્રવૃત્તિને કાયયોગ કહે છે** તે-૭ પ્રકારે છે.

(૧) દરેક જીવને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના[૪] પ્રથમસમયે ઔદારિક કે વૈક્રિય શરીર હોતું નથી પણ કાર્મણશરીર હોય છે. તેથી તે વખતે જીવ કાર્મણશરીરથી પ્રવૃત્તિ કરતો હોવાથી એક જ **કાર્મણકાયયોગ** હોય છે.

(૨) ઉત્પત્તિના પ્રથમસમયે તિર્યંચ-મનુષ્યો કાર્મણકાયયોગથી જે શુક્ર-શોણિતાદિ ઔદારિકપુદ્ગલોનો આહાર કરે છે, તે પુદ્ગલો તે

---

(૪) कार्मण काययोगोऽपान्तरालगतावुत्पत्तिप्रथमसमये च ।

[ચોથા કર્મગ્રન્થમાં ગાથા નં. ૪ની સ્વોપજ્ઞ ટીકા]

कार्मणमन्तरालगतौ, औदारिकं पर्याप्तावस्थायाम्, तन्मिश्रं त्वपर्याप्तानाम् ।

ચૂર્ણિકારભગવંતનાં મતે વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય છે. ઉત્પત્તિના પ્રથમસમયે મિશ્રયોગ હોય છે. [ચોથા કર્મગ્રન્થમાં ગાથા નં. ૨૭ની ચૂર્ણિ].

જ સમયે ઔદારિકશરીર રૂપે પરિણમે છે. એ પરિણત ઔદારિકપુદ્ગલો અને કાર્મણશરીર બન્ને ભેગા મળીને, બીજા સમયથી માંડીને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી આહારગ્રહણાદિ ક્રિયા કરે છે. કારણકે જ્યાં સુધી ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસાદિ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકશરીર અપૂર્ણ હોવાથી, તે સંપૂર્ણ સ્વક્રિયા કરવાને માટે સમર્થ નથી. તેથી તે વખતે કાર્મણ શરીરની પણ સહાયતા લેવી પડે છે. એટલે જ્યાં સુધી ઔદારિકશરીરની સંપૂર્ણ રચના ન થાય ત્યાં સુધી ઔદારિક અને કાર્મણ બન્ને શરીર ભેગા મળીને, આહારગ્રહણાદિ ક્રિયા કરતા હોવાથી તિર્યંચ-મનુષ્યોને ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **ઔદારિકમિશ્રયોગ** હોય છે ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં ઔદારિક કાયયોગ હોય છે.

(૩) ઔદારિકશરીરથી થતી પ્રવૃત્તિને **ઔદારિકકાયયોગ** કહે છે.

(૪) ઉત્પત્તિના પ્રથમસમયે દેવ-નારકો કાર્મણકાયયોગથી વૈક્રિય-પુદ્ગલોનો આહાર કરે છે તે પુદ્ગલો તે જ સમયે વૈક્રિયશરીરરૂપે પરિણમે છે એ પરિણત વૈક્રિયપુદ્ગલો અને કાર્મણશરીર બન્ને ભેગા મળીને, બીજાસમયથી માંડીને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી આહારગ્રહણાદિ ક્રિયાં કરે છે. કારણકે જ્યાં સુધી ઇન્દ્રિયાદિ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈક્રિયશરીર અપૂર્ણ હોવાથી, તે સંપૂર્ણ સ્વક્રિયા કરવાને માટે સમર્થ નથી. તેથી તેને કામર્ણશરીરની સહાયતા લેવી પડે છે એટલે દેવ-નારકોને ઉત્પત્તિના બીજાસમયથી માંડીને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **વૈક્રિયમિશ્રયોગ** હોય છે ત્યારપછી વૈક્રિયકાયયોગ હોય છે.

વૈક્રિયલબ્ધિવાળા બાદરવાયુકાય, અને સંજ્ઞીતિર્યંચ-મનુષ્યોને

પર્યાપ્તાવસ્થામાં [5]ઉત્તરવૈક્રિયશરીર બનાવતી વખતે અને વિસર્જન કરતી વખતે વૈક્રિયમિશ્રયોગ હોય છે તથા વૈક્રિયશરીર સંબંધી સર્વપર્યાપ્તિ પૂર્ણ થયા પછી વૈક્રિયકાયયોગ હોય છે.

(૫) વૈક્રિયશરીરથી થતી પ્રવૃત્તિને **વૈક્રિયકાયયોગ** કહે છે.

(૬) આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર મહાત્માને આહારકશરીર બનાવતી વખતે અને વિસર્જન કરતી વખતે **આહારકમિશ્રયોગ** હોય છે અને આહારકશરીર સંબંધી સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી આહારકકાયયોગ હોય છે.

(૭) આહારકશરીરથી થતી પ્રવૃત્તિને **આહારકકાયયોગ** કહે છે.

એ રીતે, યોગ - ૪ + ૪ + ૭ = **૧૫** પ્રકારે છે.

(૧) **અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય** (૨) **અપર્યાપ્ત બાદરએકેન્દ્રિય** (૩) **અપર્યાપ્ત બેઈન્દ્રિય** (૪) **અપર્યાપ્ત તેઈન્દ્રિય** (૫) **અપર્યાપ્ત ચઉરિન્દ્રિય** અને (૬) **અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય**ને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે. ત્યારપછી **ઔદારિકમિશ્રયોગ** હોય છે. બાકીના **૧૩** યોગ હોતા નથી. કારણકે ઔદારિકકાયયોગ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. અપર્યાપ્તાવસ્થામાં ન હોય. તેમજ વૈક્રિયલબ્ધિવાળા બાદર વાયુકાય પર્યાપ્તાવસ્થામાં જ વૈક્રિયશરીર બનાવી શકે છે. તેથી બાદર એકેન્દ્રિયને વૈક્રિયમિશ્ર અને વૈક્રિયકાયયોગ અપર્યાપ્તાવસ્થામાં ન હોય અને એકેન્દ્રિયાદિતિર્યંચોને આહારકલબ્ધિ ન હોવાથી આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આહારકમિશ્ર અને આહારકકાયયોગ હોતા નથી. તેમજ એકેન્દ્રિયને

(૫) સિદ્ધાંતના મતે ઉત્તરવૈક્રિયશરીર અને આહારકશરીર બનાવતી વખતે ઔદારિકમિશ્રયોગ હોય છે.

ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિ ન હોવાથી વચનબળ અને મનોબળ પ્રાપ્ત થતું નથી. તેથી વચનયોગ અને મનોયોગ હોતો નથી. તેમજ અપર્યાપ્તા વિકલેન્દ્રિય અને અપર્યાપ્તા અસંજ્ઞીને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થતી નથી અને મનઃપર્યાપ્તિ હોતી નથી. એટલે વચનબળ અને મનોબળ ન હોવાથી વચનયોગ અને મનોયોગ હોતો નથી.

[૬]**અપર્યાપ્તસંજ્ઞી**માં તિર્યંચ-મનુષ્ય અને દેવ-નારકનો સમાવેશ થાય છે, તે સર્વે જીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે અને ઉત્પત્તિના બીજા સમયથી માંડીને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તિર્યંચ-મનુષ્યને **ઔદારિકમિશ્રયોગ** અને દેવ-નારકને **વૈક્રિયમિશ્રયોગ** હોય છે બાકીના **૧૨** યોગ ન હોય. કારણકે તિર્યંચ-મનુષ્યને ઔદારિકકાયયોગ અને દેવ-નારકને વૈક્રિયકાયયોગ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. અપર્યાપ્તાવસ્થામાં હોતો નથી. તેમજ આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ આહારકશરીર બનાવી શકે છે અને સર્વવિરતિ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. અપર્યાપ્તાવસ્થામાં ન હોય. તેથી આ૦મિશ્ર અને આ૦કા૦ ન હોય. તેમજ ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી અપર્યાપ્તાવસ્થામાં વચનબળ પ્રાપ્ત થાય છે પણ વચનયોગ હોતો નથી. કારણકે ગ્રન્થકાર ભગવંતનું એવું માનવું છે કે, ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી રસનેન્દ્રિય[જીભ] તૈયાર થઈ જાય છે પણ જ્યાં સુધી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે જીભ સ્વકાર્ય (બોલવાનું કાર્ય)

---

(૬) અહીં **"અપર્યાપ્તા"** શબ્દથી પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણઅપર્યાપ્તસંજ્ઞી લેવા. કારણકે લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞીમાં તિર્યંચ-મનુષ્યનો જ સમાવેશ થાય છે. તેથી તેમાં કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્ર એ બે જ યોગ ઘટી શકે છે અને કરણ-અપર્યાપ્તસંજ્ઞીમાં તિર્યંચ-મનુષ્ય અને દેવ-નારકનો સમાવેશ થતો હોવાથી કાર્મણ, ઔદારિકમિશ્ર અને વૈક્રિયમિશ્ર એ ત્રણે યોગ ઘટી શકે છે.

કરી શકતી નથી. તેથી ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી અપર્યાપ્તાવસ્થામાં બોલવાની શક્તિ ઉત્પન્ન થવા છતાં પણ બોલવા રૂપ કાર્ય થઇ શકતું નથી. એટલે વચનયોગ હોતો નથી અને મનઃપર્યાપ્તિ પૂર્ણ ન થવાથી મનોયોગ હોતો નથી.

**શીલાંકાદિ આચાર્યમહારાજ સાહેબનું** એવું માનવું છે કે, **શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ હોય છે.** કારણકે **દરેક જીવ પરભવનું આયુષ્ય બાંધીને, તે આયુષ્યનો અબાધાકાલ પૂર્ણ થયા પછી જ મરે છે અને કોઇ પણ જીવ પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ પરભવનું આયુષ્ય બાંધી શકે છે.** એ નિયમાનુસારે લબ્ધિઅપર્યાપ્તાજીવોને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકમિશ્રયોગમાં આયુષ્ય બાંધવું પડે છે. તેથી સિદ્ધાંતની સાથે વિરોધ આવે છે. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે, [૭]**ઔદારિકાદિ ત્રણ શરીરવાળા જીવો કાયયોગમાં રહેલા હોય છે. ત્યારે આયુષ્યનો બંધ થાય છે. કાર્મણકાયયોગ કે ઔદારિકમિશ્રયોગમાં હોય છે. ત્યારે આયુષ્યનો બંધ થતો નથી.** આવું શાસ્ત્રવચન હોવાથી જો શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકમિશ્રયોગ માનવામાં આવે, તો લબ્ધિ-અપર્યાપ્તજીવોને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકમિશ્રયોગમાં આયુષ્ય બાંધવું પડે, તેથી સિદ્ધાંતની સાથે વિરોધ આવે છે. એટલે તે જીવો શાસ્ત્રવચનાનુસારે ઔદારિકમિશ્રયોગમાં આયુષ્યનો બંધ કરી શકતા નથી. તેથી જો શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ માનવામાં આવે, તો આયુષ્યનો બંધ થઇ શકે. એટલે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી શરીર સંપૂર્ણ તૈયાર થઇ ગયું છે. એ યુક્તિથી

(૭) "जेणोरालियाईणं तिण्हं सरीराणं काययोगे वट्टमाणो आउयबंधगो न कम्मए ओरालियाइमिस्से वा" इति राद्धान्तवचनप्रामाण्यात् ॥

ઔદારિકકાયયોગ માનવો જોઈએ.

**શંકા :- શાસ્ત્રમાં કહ્યાં મુજબ જો લબ્ધિ-અપર્યાપ્તજીવો ઔદારિક કાયયોગમાં જ આયુષ્ય બાંધી શકે છે અને ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ આયુષ્ય બંધાય છે, તો ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ ઔદારિકકાયયોગ માનવામાં શું વાંધો છે ? શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગને માનવાની શી જરૂર છે ?**

**સમાધાન :-** ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ માનવો જોઈએ. તે વાત સાચી છે પણ જ્યારે શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય છે ત્યારે કાયબળ પેદા થવાથી જીવ શારીરિક ક્રિયા કરી શકે છે, તે શરીરજન્ય ક્રિયાને કાયયોગ કહે છે. એટલે ઔદારિકાદિ શરીરની ઉત્પત્તિ થવાથી ઔદારિકાદિકાયયોગની ઉત્પત્તિ થાય છે. અને ઔદારિકાદિ શરીરનો નાશ થવાથી ઔદારિકાદિકાયયોગનો નાશ થાય છે એટલે શરીરને આશ્રયીને કાયયોગ છે. તેથી શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકકાયયોગ માનવામાં આવ્યો છે.

**શીલાંકાદિ** આચાર્યમહારાજાના મતે અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૬ જીવસ્થાનકમાં (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્રયોગ અને (૩) ઔદારિકકાયયોગ હોય છે અને **અપર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિય**માં (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્ર (૩) ઔદારિકકાયયોગ (૪) વૈક્રિયમિશ્રયોગ અને (૫) વૈક્રિયકાયયોગ હોય છે. અથવા (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્રયોગ (૩) ઔદારિકકાયયોગ અને (૪) વૈક્રિયમિશ્રયોગ[૮] હોય છે.

**ગ્રન્થકાર ભગવંત**નું એવું માનવું છે કે, **ઉત્પત્તિના બીજા**

---

(૮) नन्वनयोक्तया युक्त्या संज्ञिनोऽपर्याप्तस्य देवनारकेषूत्पद्यमानस्य तनुपर्याप्त्या पर्याप्तस्य वैक्रियमपि शरीरमुत्पद्यते एव किमिह तन्नोक्तमिति ? उच्यते-उपलक्षणत्वादेतदपि द्रष्टव्यम्

**સમયથી માંડીને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રયોગ હોય છે.** કારણકે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પણ જ્યાં સુધી ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસાદિ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી શરીર અપૂર્ણ હોવાથી પોતે સંપૂર્ણ સ્વક્રિયા કરી શક્તું નથી તેથી કાર્મણશરીરની સહાયતા લેવી પડે છે. એટલે સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી કા૦શ૦ અને ઔ૦શ૦ ભેગા મળીને આહાર ગ્રહણાદિ ક્રિયા કરે છે. તેથી ઉત્પત્તિના બીજાસમયથી માંડીને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રયોગ માનવો જોઇએ.

**પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયને સર્વે યોગ હોય છે.** કારણકે સયોગી-કેવલી ભગવંતને કેવલીસમુદ્ઘાત કરતી વખતે ત્રીજા, ચોથા અને પાંચમા સમયે **કાર્મણકાયયોગ** હોય છે. તથા બીજા, છઠ્ઠા અને સાતમા સમયે **ઔદારિકમિશ્રયોગ** હોય છે. પર્યાપ્તા તિર્યંચ-મનુષ્યને **ઔદારિક-કાયયોગ** હોય છે. દેવ-નારકને **વૈક્રિયકાયયોગ** હોય છે. તથા તિર્યંચ-મનુષ્યને ઉત્તરવૈક્રિયશરીર બનાવતી વખતે અને વિસર્જન કરતી વખતે **વૈક્રિયમિશ્રયોગ** હોય છે. અને વૈક્રિયશરીર સંબંધી સર્વપર્યાપ્તિ પૂર્ણ થયા પછી વૈક્રિયકાયયોગ હોય છે. તેમજ આહારકશરીર બનાવતી વખતે અને વિસર્જન કરતી વખતે **આહારકમિશ્રયોગ** હોય છે અને સર્વપર્યાપ્તિ પૂર્ણ થયા પછી **આહારકકાયયોગ** હોય છે. તેમજ ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિ એ પર્યાપ્તો હોવાથી સત્યાદિ-૪

---

"**देवादावपर्याप्ते वैक्रियद्विकं वैक्रियवैक्रियमिश्र**" मित्युक्तेरित्यदोषः । यद्वेहापर्याप्ता लब्ध्यपर्याप्तका एवान्तर्मुहूर्त्तायुषो द्रष्टव्या सो च तिर्यङ्मनुष्या एव घटन्ते तेषामेवान्तर्मुहूर्त्ता-युष्कत्वसम्भवात्, न देवनारकास्तेषां जघन्यतोऽपि दशवर्षसहस्रायुष्कत्वात्, लब्ध्यपर्याप्तका अपि च जघन्यतोऽपीन्द्रियपर्याप्तौ परिसमाप्तायामेव म्रियन्ते नार्वागित्युक्तमागमाभिप्रायेण, ततस्तेषां लब्ध्यपर्याप्तकानां शरीरपर्याप्त्या पर्याप्तकानामौदारिकमेव शरीरमुत्पद्यते न वैक्रिय-मित्यदोषः ॥ [ચોથા કર્મગ્રન્થની ટીકા]

**વચનયોગ** અને સત્યાદિ-૪ **મનોયોગ** હોય છે.

**પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયને** એક જ **ઔદારિકકાયયોગ** હોય છે. બાકીના-**૧૪** યોગ ન હોય. કારણકે કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રયોગ અપર્યાપ્તવસ્થામાં જ હોય છે. પર્યાપ્તાવસ્થામાં ન હોય. તથા વૈક્રિયલબ્ધિ અને આહારકલબ્ધિ હોતી નથી. એટલે વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ ન હોય. તેમજ ભાષાપર્યાપ્તિ અને મનઃપર્યાપ્તિ ન હોવાથી વચનયોગ અને મનોયોગ ન હોય.

(૧) **પર્યાપ્તબેઈન્દ્રિય** (૨) **પર્યાપ્તતેઈન્દ્રિય** (૩) **પર્યાપ્ત-ચઉરિન્દ્રિય** (૪) **પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયને ઔદારિકકાયયોગ** અને **અસત્ય-અમૃષાવચનયોગ** હોય છે. બાકીના **૧૩** યોગ ન હોય. કારણકે કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે. પર્યાપ્તાવસ્થામાં ન હોય. તેમજ વૈક્રિયલબ્ધિ કે આહારકલબ્ધિ ન હોવાથી વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ ન હોય તથા દીર્ઘકાલિકીસંજ્ઞા ન હોવાથી સત્યાદિવચનયોગ હોતો નથી અને મનઃપર્યાપ્તિ ન હોવાથી મનોયોગ હોતો નથી.

વૈક્રિયલબ્ધિવાળો પર્યાપ્તબાદર વાયુકાય જ્યારે ઉત્તર વૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈક્રિયમિશ્ર** અને વૈક્રિયકાયયોગ હોય છે. તેથી પર્યાપ્તબાદરએકેન્દ્રિયને (૧) **ઔદારિકકાયયોગ** (૨) **વૈક્રિયમિશ્રકાયયોગ** અને (૩) **વૈક્રિયકાયયોગ હોય** છે. બાકીના **૧૨** યોગ ન હોય.

(૩)

## -: જીવસ્થાનકમાં ઉપયોગ :-

વસ્તુમાં રહેલા સામાન્યધર્મ કે વિશેષધર્મને જણાવનારી આત્મિક શક્તિના વ્યાપારને **ઉપયોગ** કહે છે. તે **૧૨** પ્રકારે છે.

(૧) મન અને ઇંદ્રિયની સહાયતાથી વસ્તુમાં રહેલા વિશેષધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **મતિજ્ઞાનોપયોગ** કહે છે.

(૨) શાસ્ત્રાદિના શ્રવણથી કે વાંચનથી શબ્દની સાથે અર્થની વિચારણાવાળો બોધ કરાવનારી આત્મિક શક્તિના વ્યાપારને **શ્રુતજ્ઞાનોપયોગ** કહે છે.

(૩) મન અને ઇન્દ્રિયની સહાયતા વિના માત્ર રૂપી દ્રવ્યના વિશેષ ધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **અવધિજ્ઞાનોપયોગ** કહે છે.

(૪) મન અને ઇન્દ્રિયની સહાયતા વિના અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના મનના વિચારોને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **મનઃપર્યવજ્ઞાનોપયોગ** કહે છે.

(૫) એકી સાથે સર્વદ્રવ્યના સર્વપર્યાયોમાં રહેલા વિશેષધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **કેવલજ્ઞાનોપયોગ** કહે છે.

(૬) મન અને ઇંદ્રિયથી વસ્તુમાં રહેલા વિશેષધર્મને જણાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિકશક્તિના વ્યાપારને **મતિ-અજ્ઞાનોપયોગ** કહે છે.

(૭) શાસ્ત્રાદિના શ્રવણથી કે વાંચનથી શબ્દની સાથે અર્થની વિચારણાવાળો બોધ કરાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિકશક્તિના વ્યાપારને **શ્રુત-અજ્ઞાનોપયોગ** કહે છે.

(૮) મન અને ઇંદ્રિયની અપેક્ષા વિના માત્ર રૂપી દ્રવ્યના વિશેષધર્મને જણાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિક શક્તિના વ્યાપારને અવધિ-અજ્ઞાનોપયોગ=(**વિભંગજ્ઞાનોપયોગ**) કહે છે.

(૯) ચક્ષુની સહાયતાથી વસ્તુમાં રહેલા સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **ચક્ષુદર્શનોપયોગ** કહે છે.

(૧૦) ચક્ષુ સિવાયની બાકીની કોઇપણ ઇન્દ્રિયની સહાયતાથી વસ્તુમાં રહેલા સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **અચક્ષુદર્શનોપયોગ** કહે છે.

(૧૧) મન અને ઇન્દ્રિયની સહાયતા વિના માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **અવધિ-દર્શનોપયોગ** કહે છે.

(૧૨) એકી સાથે સર્વદ્રવ્યના સર્વપર્યાયોમાં રહેલા સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિના વ્યાપારને **કેવલદર્શનોપયોગ** કહે છે.

એ સર્વે ઉપયોગ **પર્યાપ્તસંજ્ઞીને** હોય છે. કારણકે સમ્યક્ત્વ વિનાના મનુષ્યાદિને (૧) **મતિ-અજ્ઞાનોપયોગ**, (૨) **શ્રુતઅજ્ઞાનોપયોગ**, (૩) **વિભંગજ્ઞાનોપયોગ** હોય છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યાદિને (૪) **મતિજ્ઞાનોપયોગ**, (૫) **શ્રુતજ્ઞાનોપયોગ**, (૬) **અવધિજ્ઞાનોપયોગ**, (૭)**અવધિદર્શનોપયોગ** હોય છે. સર્વવિરતિધર મનુષ્યને (૮) **મનઃ-પર્યવજ્ઞાનોપયોગ** હોય છે. અને કેવલજ્ઞાનીને (૯) **કેવલજ્ઞાનોપયોગ** અને (૧૦) **કેવલદર્શનોપયોગ** હોય છે. છદ્મસ્થ મનુષ્યાદિને (૧૧) **ચક્ષુદર્શનોપયોગ** અને (૧૨) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે.

જીવસ્થાનકમાં ઉપયોગ :-

**पजचउरिंदि असन्निसु, दुदंसदुअनाणदससुचक्खुविणा ।**
**सन्निअपज्जेमणनाण चक्खुकेवलदुगविहुणा ॥६॥**

पर्याप्तचतुरिन्द्रियासंज्ञिनोः द्विदर्शद्व्यज्ञानं दशसु चक्षुर्विना ।
संज्ञिन्यपर्याप्ते मनोज्ञानचक्षुःकेवलद्विकविहीनाः ॥६॥

ગાથાર્થ :- પર્યાપ્તચઉરિન્દ્રિય અને પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયમાં બે દર્શનોપયોગ અને બે અજ્ઞાનોપયોગ હોય છે. તેમાંથી ચક્ષુદર્શનોપયોગ વિનાના ત્રણ ઉપયોગ દશજીવસ્થાનકમાં હોય છે અને અપ૦સંજ્ઞીમાં મનઃપર્યવજ્ઞાનોપયોગ, ચક્ષુદર્શનોપયોગ, કેવલજ્ઞાનોપયોગ, અને કેવલદર્શનોપયોગ વિનાના ૮ ઉપયોગ હોય છે.

વિવેચન :- (૧) **પર્યાપ્તચઉરિન્દ્રિય** અને (૨) **પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય**ને (૧) **ચક્ષુદર્શનોપયોગ** (૨) **અચક્ષુદર્શનોપયોગ** (૩) **મતિ-અજ્ઞાનોપયોગ** અને (૪) **શ્રુત-અજ્ઞાનોપયોગ** હોય છે. બાકીના-૮ ઉપયોગ ન હોય. તેમજ (૧) **અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય** (૨) **અપર્યાપ્તબાદરએકેન્દ્રિય** (૩) **અપર્યાપ્તબેઇન્દ્રિય** (૪) **અપર્યાપ્ત તેઇન્દ્રિય** (૫) **અપર્યાપ્તચઉરિન્દ્રિય** (૬) **અપર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય**(૭) **પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૮) **પર્યાપ્તબાદરએકેન્દ્રિય**, (૯) **પર્યાપ્તબેઇન્દ્રિય** અને (૧૦) **પર્યાપ્તતેઇન્દ્રિય**ને (૧) **મતિઅજ્ઞાનોપયોગ**, (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** અને (૩) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે. બાકીના-૯ ઉપયોગ ન હોય. કારણકે અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયથી માંડીને પર્યાપ્તઅસંજ્ઞી સુધીના **૧૨** જીવસ્થાનકમાં સમ્યક્ત્વ ન હોવાથી મતિજ્ઞાનોપયોગ, શ્રુતજ્ઞાનોપયોગ, અવધિજ્ઞાનોપયોગ અને અવધિદર્શનોપયોગ હોતા નથી. સર્વવિરતિ ન હોવાથી મનઃપર્યવજ્ઞાનોપયોગ હોતો નથી. કેવલજ્ઞાન ન હોવાથી કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ હોતા નથી. અને વિભંગજ્ઞાન ન હોવાથી વિભંગજ્ઞાનોપયોગ ન હોય. તેમજ અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયથી પર્યાપ્તતેઇન્દ્રિય સુધીના જીવોને ચક્ષુ ન હોવાથી ચક્ષુદર્શનોપયોગ હોતો નથી.

**કર્મગ્રન્થકારોમાં** પણ કેટલાક **કર્મગ્રન્થકારભગવંતનું એવું માનવું છે** કે, **જ્યાં સુધી સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન ત્યાં સુધી ઇન્દ્રિય સ્વકાર્ય કરવામાં સમર્થ બનતી નથી. તેથી ઇન્દ્રિયનો ઉપયોગ**

**ન હોય.** એટલે લબ્ધિ-પર્યાપ્ત ચઉરિન્દ્રિયાદિને ઇંદ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી બાકીની સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી અપર્યાપ્તાવસ્થામાં ચક્ષુ હોવા છતાં ચક્ષુદર્શનોપયોગ હોતો નથી. એટલે પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણ-અપર્યાપ્ત ચઉરિન્દ્રિયાદિને **ત્રણ** જ ઉપયોગ હોય છે.

**પંચસંગ્રહકાર ભગવંતનું** એવું માનવું છે કે, ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયાપછી **ચઉરિન્દ્રિયાદિને ચક્ષુરિન્દ્રિય તૈયાર થઇ જાય છે, તે વખતે જ તે ઇન્દ્રિય સ્વકાર્ય કરવામાં સમર્થ હોવાથી અપર્યાપ્તાવસ્થામાં જ તે ઇન્દ્રિયનો ઉપયોગ હોય છે.** એટલે લબ્ધિ-પર્યાપ્તચઉરિન્દ્રિયાદિ જીવોને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી અપર્યાપ્તા-વસ્થામાં ચક્ષુદર્શનોપયોગ હોય છે. એટલે પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણ-અપર્યાપ્તચઉરિન્દ્રિયાદિ જીવોને **ચાર** ઉપયોગ હોય છે.

**કર્મગ્રન્થકાર ભગવંતના મતે લબ્ધિ-અપર્યાપ્તચઉરિન્દ્રિયાદિને ચક્ષુદર્શનોપયોગ હોતો નથી** પણ [10]**સિદ્ધાંતકાર ભગવંતે** લબ્ધિ-અપર્યાપ્ત ચઉરિન્દ્રિયાદિમાં ચક્ષુદર્શન માનેલું છે. તેથી લબ્ધિ-અપર્યાપ્ત ચઉરિન્દ્રિયાદિજીવોને પણ ચક્ષુદર્શનોપયોગ હોય છે.

**કરણ-અપર્યાપ્તસંજ્ઞીમાં** અપ૦દેવ-અપ૦નારક અને અપ૦ મનુષ્ય- અપ૦સંજ્ઞીતિર્યંચનો સમાવેશ થાય છે. તેમાંથી સમ્યક્ત્વ વિનાના દેવ-નારકને વિગ્રહગતિમાં વિભંગજ્ઞાન, મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન હોય છે અને સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકને અને તીર્થંકરને વિગ્રહગતિમાં મતિજ્ઞાન,

---

(૯) પૂજ્ય શ્રી ચંદ્રમહત્તરાચાર્યમહારાજે કહ્યું છે કે, करणापर्याप्तकेष्विन्द्रियपर्याप्तौ सत्यां तेषां चक्षुर्दर्शनं भवति । (પંચસંગ્રહના પહેલા દ્વારમાં ગાથા નં. ૮ની સ્વોપજ્ઞટીકા)

(१०) सैद्धान्तिकास्तु लब्ध्यपर्याप्तकेष्वपि तेषु चक्षुर्दर्शनं मन्यन्त इति । (ચોથાકર્મગ્રંથમાં ગાથા નં. ६ નંદનમુનિકૃત ટીકા).

શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન હોય છે. તેમજ તે સર્વેને વિગ્રહગતિમાં અચક્ષુદર્શન હોય છે એટલે કરણ-અપર્યાપ્તસંજ્ઞીને (૧) **મતિજ્ઞાનોપયોગ** (૨) **શ્રુતજ્ઞાનોપયોગ** (૩) **અવધિજ્ઞાનોપયોગ** (૪) **મતિ-અજ્ઞાનોપયોગ** (૫) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૬) **વિભંગજ્ઞાનોપયોગ** (૭) **અચક્ષુદર્શનોપયોગ** અને (૮) **અવધિદર્શનોપયોગ** હોય છે બાકીના-૪ ઉપયોગ ન હોય. કારણકે અપર્યાપ્તાવસ્થામાં સંયમ ન હોવાથી મનઃપર્યવજ્ઞાનોપયોગ હોતો નથી. કેવલજ્ઞાન ન હોવાથી કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ હોતા નથી અને ગ્રન્થકાર ભગવંતની માન્યતા મુજબ ચક્ષુદર્શનોપયોગ પણ હોતો નથી.

કેટલાક **કર્મગ્રન્થકાર ભગવંતના મતે** કરણ-અપર્યાપ્તસંજ્ઞીને ૮+ **ચક્ષુદર્શનોપયોગ = ૯ ઉપયોગ** હોય છે.

## (૪)

## -: જીવસ્થાનકમાં લેશ્યા :-

જીવસ્થાનકમાં લેશ્યા અને બંધાદિ :-

**सन्निदुगि छलेस अपज्जबायरे पढमचउति सेसेसु ।**
**सत्तट्ठ बन्धुदीरण संतुदया अट्ठ तेरससु ॥७॥**

**सत्तट्ठ छेगबंधा संतुदया सत्तट्ठ चत्तारि ।**
**सत्तट्ठ छ पंच दुगं उदीरणा सन्निपज्जत्ते ॥८॥**

संज्ञिद्विके षड्लेश्या अपर्याप्तबादरे प्रथमाश्चतस्रस्तिस्रः शेषेषु ।
सप्ताष्टबन्धोदीरणे, सदुदयावष्टानाम् त्रयोदशसु ॥७॥

सप्ताष्ट षडेकबन्धा सदुदयौ सप्ताष्टचत्वारि ।
सप्ताष्टषट् पञ्चद्विकमुदीरणा संज्ञि-पर्याप्ते ॥८॥

**ગાથાર્થ :-સંજ્ઞિદ્વિકમાં છ લેશ્યા હોય છે. અપર્યાપ્તા-બાદરએકેન્દ્રિયમાં પહેલી ચાર લેશ્યા હોય છે અને બાકીના જીવસ્થાનકમાં પહેલી ત્રણ લેશ્યા હોય છે તેર જીવસ્થાનકમાં સાત કે આઠકર્મનો બંધ અને સાત કે આઠ કર્મની ઉદીરણા હોય છે તથા આઠકર્મની સત્તા અને આઠકર્મનો ઉદય હોય છે.**

**પર્યાપ્તસંજ્ઞીમાં સાત, આઠ, છ અને એક કર્મનો બંધ હોય છે. સાત, આઠ અને ચારકર્મની સત્તા હોય છે સાત-આઠ-ચાર કર્મનો ઉદય હોય છે અને સાત, આઠ, છ, પાંચ અને બે કર્મની ઉદીરણા હોય છે.**

**વિવેચન :-**[11]**કરણ-અપર્યાપ્તસંજ્ઞી** અને **પર્યાપ્તસંજ્ઞી જીવો** તીવ્રતમ, તીવ્રતર અને તીવ્ર અશુભ પરિણામવાળા હોવાથી કૃષ્ણાદિ-૩ અશુભ લેશ્યા હોય છે અને તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ શુભપરિણામવાળા હોવાથી તેજો વગેરે ૩ શુભ લેશ્યા પણ હોય છે.

ભવનપતિથી માંડીને ઈશાન દેવલોક સુધીના દેવો તેજોલેશ્યામાં પૃથ્વી, જલ કે પ્રત્યેકવનસ્પતિરૂપ એકેન્દ્રિય તિર્યંચનું આયુષ્ય બાંધી શકે છે અને **જે લેશ્યામાં આયુષ્ય બાંધ્યુ હોય, તે જ લેશ્યામાં મરણ પામીને, તે લેશ્યા લઈને જીવ પરભવમાં જાય** એવો નિયમ છે. તેથી જે દેવે તેજોલેશ્યામાં પૃથ્વી, જલ કે પ્રત્યેક વનસ્પતિરૂપ એકેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યુ હોય, તે દેવ તેજોલેશ્યામાં મરણ પામીને, તેજોલેશ્યા લઈને બાદરપર્યાપ્તા પૃથ્વી વગેરે એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને અપર્યાપ્તાવસ્થામાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા જ તેજો લેશ્યા ચાલી જાય છે અને ભવસ્વભાવે જ કૃષ્ણાદિ અશુભ લેશ્યા આવી જાય છે. એટલે **કરણ-અપર્યાપ્ત બાદરએકેન્દ્રિય** જીવસ્થાનકમાં

(૧૧) સર્વે લબ્ધિ-અપર્યાપ્તજીવોને અશુભલેશ્યા જ હોય છે.

કૃષ્ણાદિ-૪ લેશ્યા હોય છે.

(૧) **અપ૦સૂ૦એકે૦** (૨) **અપ૦બેઇ૦** (૩) **અપર્યાપ્ત-તેઇન્દ્રિય** (૪) **અપર્યાપ્તચઉરિન્દ્રિય** (૫) **અપર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય** (૬) **પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૭) **પર્યાપ્ત બાદરએકેન્દ્રિય** (૮) **પર્યાપ્ત-બેઇન્દ્રિય** (૯) **પર્યાપ્તતેઇન્દ્રિય** (૧૦) **પર્યાપ્તચઉરિન્દ્રિય** અને (૧૧) **પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયજીવો** ભવસ્વભાવે જ અશુભ પરિણામવાળા હોવાથી **કૃષ્ણાદિ-૩ અશુભલેશ્યા** જ હોય છે. શુભલેશ્યા હોતી નથી.

(૫)

## -: જીવસ્થાનકમાં બંધસ્થાન :-

એકીસાથે બંધાતા કર્મના સમૂહને **બંધસ્થાન** કહે છે.

**સાત-આઠકર્મનું બંધસ્થાન :-**

સંસારીજીવો અનાદિકાળથી માંડીને નવમા ગુણઠાણા સુધી જ્યારે આયુષ્ય ન બંધાતું હોય ત્યારે આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મોને બાંધે છે અને આયુષ્યકર્મ એકભવમાં એક જ વાર અંતર્મુહૂર્તકાળ સુધી જ બંધાય છે. તેથી જ્યારે આયુષ્યકર્મ બંધાતું હોય ત્યારે એકીસાથે આઠકર્મો બંધાય છે. તે વખતે ૮ કર્મનું બંધસ્થાન હોય છે અને તે સિવાયના કાળમાં સતત જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મો એકી સાથે બંધાય છે. તે વખતે **૭ કર્મોનું બંધસ્થાન હોય છે.**

**આઠકર્મના બંધસ્થાનનો કાળ જઘન્યથી** અને **ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત** છે. કારણકે આયુષ્યકર્મ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી જ બંધાય છે અને જ્યારે આયુષ્ય બંધાય છે ત્યારે જ આઠકર્મો બંધાય છે. તેથી આઠકર્મના બંધસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત છે.

**સાતકર્મના બંધસ્થાનનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તન્યૂન પૂર્વક્રોડવર્ષનો ત્રીજો ભાગ અધિક છમાસ**

**ન્યૂન ૩૩ સાગરોપમ છે.** કારણકે જે તિર્યંચ-મનુષ્ય ચાલુભવનું માત્ર અંતર્મુહૂર્ત જ આયુષ્ય બાકી રહે છે ત્યારે પરભવનું લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્યનું અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાંધે છે, તે તિર્યંચ-મનુષ્ય ચાલુ ભવનું જેટલું આયુષ્ય બાકી રહ્યું હોય ત્યાં સુધી અને પરભવમાં લબ્ધિ-અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્યમાં ઉત્પન્ન થયા પછી પોતાના અંતર્મુહૂર્તપ્રમાણ આયુષ્યના બે ભાગ પૂર્ણ થાય ત્યાં સુધી સતત આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મોને બાંધે છે. એટલે જઘન્યથી સાતકર્મના બંધસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત છે અને જે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય કે તિર્યંચ પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે છે ત્યારે અનુત્તરદેવ કે સાતમીનરકનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધવાની શરૂઆત કરે છે અને અંતર્મુહૂર્ત પછી આયુષ્ય કર્મનો બંધ પૂર્ણ થાય છે, તે મનુષ્ય કે તિર્યંચ અંતર્મુહૂર્તન્યૂન પૂર્વક્રોડવર્ષના ત્રીજાભાગ સુધી અને અનુત્તરદેવ કે સાતમીનરકમાં ઉત્પન્ન થયા પછી પણ પોતાના આયુષ્યના છમાસ બાકી રહે ત્યાં સુધી સતત આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મને બાંધે છે. એટલે ઉત્કૃષ્ટથી સાતકર્મના બંધસ્થાનનો કાળ અંતર્મુહૂર્તન્યૂન પૂર્વક્રોડવર્ષનો ત્રીજો ભાગ અધિક છમાસન્યૂન તેત્રીસ સાગરોપમ છે.

**છકર્મનું બંધસ્થાન :-**

દશમા ગુણઠાણે એકીસાથે આયુષ્ય અને મોહનીય વિના જ્ઞાનાવરણીયાદિ-૬ કર્મો બંધાય છે. તે વખતે છકર્મોનું બંધસ્થાન હોય છે. એટલે **છકર્મો જઘન્યથી એકસમય** અને **ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી બંધાય છે.** કારણકે કોઈક મનુષ્ય ઉપશમશ્રેણીમાં દશમા ગુણઠાણે એકસમય રહીને, જો આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામે છે, તો તે જીવ બીજા જ સમયે દેવ થાય છે ત્યાં તે દેવભવના પ્રથમસમયે જ આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મને બાંધે છે. એટલે જઘન્યથી

છકર્મના બંધસ્થાનનો કાળ એકસમય છે. તથા દશમા ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત છે અને ત્યાં જ એકી સાથે ૬ કર્મો બંધાય છે. બીજે ક્યાંય છ કર્મો બંધાતા નથી. તેથી ઉત્કૃષ્ટથી છકર્મના બંધસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત છે.

**એકકર્મનું બંધસ્થાન :-**

**૧૧ થી ૧૩** ગુણઠાણા સુધી એક જ વેદનીય કર્મ બંધાય છે. એટલે એક **કર્મના બંધનો કાળ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ છે.** કારણકે જે મનુષ્ય ઉપશમશ્રેણીમાં **૧૧**મા ગુણઠાણે એકસમય રહીને, આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામીને, બીજા સમયે દેવ થાય છે ત્યાં તે જીવ દેવભવના પ્રથમ સમયે જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મોને બાંધે છે એટલે તે જીવ એકકર્મનો બંધ એક જ સમય કરી શકે છે. એટલે જઘન્યથી એક કર્મના બંધનો કાળ એકસમય છે અને ઉત્કૃષ્ટથી એકકર્મના બંધનો કાળ દેશોનપૂર્વક્રોડવર્ષ છે. કારણકે જે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય સાધિક ૮ વર્ષની ઉંમરે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે સાધિક ૮ વર્ષ ન્યૂનપૂર્વક્રોડવર્ષ=દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી એક જ વેદનીયકર્મને બાંધે છે. તેથી ઉત્કૃષ્ટથી એકકર્મના બંધનો કાળ દેશોનપૂર્વક્રોડવર્ષ છે.

**-: બંધસ્થાનનો કાળ :-**

| બંધસ્થાન ↓ | જઘન્યકાળ ↓ | ઉત્કૃષ્ટકાળ ↓ |
|---|---|---|
| ૮→ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૭→ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્તન્યૂન પૂર્વક્રોડવર્ષનો ત્રીજો ભાગ અધિક છ માસ ન્યૂન ૩૩ સાગરોપમ |
| ૬→ | એકસમય | અંતર્મુહૂર્ત |
| ૧→ | એકસમય | દેશોનપૂર્વક્રોડવર્ષ |

[12]**અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનકમાં સાત કે આઠકર્મનું બંધસ્થાન હોય છે.** તે જીવો જ્યારે આયુષ્યકર્મ બાંધતા હોય છે. ત્યારે આઠકર્મોનો બંધ હોય છે અને તે સિવાયના કાળમાં સાતકર્મોનો બંધ હોય છે પણ છ કે એક કર્મનો બંધ હોતો નથી. કારણકે અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનકમાંથી પર્યાપ્ત-અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિય, પર્યાપ્તબાદરએકેન્દ્રિય, પર્યાપ્તબેઈન્દ્રિય, પર્યાપ્તતેઈન્દ્રિય, પર્યાપ્તચઉરિન્દ્રિય, પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય જીવસ્થાનકમાં ૧લું જ ગુણઠાણુ હોય છે, બાકીના જીવસ્થાનકમાં ૧લું-૨જું અને અપ૦સંજ્ઞીને ૧/૨/૪ગુણસ્થાનક હોય છે પણ ૫મું વગેરે ગુણઠાણા હોતા નથી. તેથી છ કે એક કર્મનું બંધસ્થાન હોતું નથી.

પર્યાપ્તસંજ્ઞીજીવોને ત્રીજા વિના ૧ થી ૭ ગુણઠાણા સુધી જ્યારે આયુષ્યકર્મ બંધાતું હોય છે ત્યારે **આઠે** કર્મ બંધાય છે અને તે સિવાયના કાળમાં સાત કર્મ બંધાય છે. અને ત્રીજા, આઠમા અને નવમાગુણઠાણે આયુ વિના ૭ કર્મો જ બંધાય છે. દશમા ગુણઠાણે ૬ કર્મો બંધાય છે. અને ૧૧ થી ૧૩ ગુણઠાણા સુધી એક જ કર્મ બંધાય છે. એટલે **પર્યાપ્ત સંજ્ઞીને આઠ, સાત, છ અને એક... કુલ-૪ બંધસ્થાન હોય છે.**

(૬)

## -: જીવસ્થાનકમાં ઉદયસ્થાન :-

એકીસાથે ઉદયમાં રહેલા કર્મના સમુહને **ઉદયસ્થાન** કહે છે.

સર્વે સંસારીજીવને અનાદિકાળથી દશમા ગુણઠાણા સુધી આઠે કર્મનો ઉદય હોય છે. ૧૧મા અને ૧૨મા ગુણઠાણે મોહનીય વિના

(૧૨) પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણ-અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૭ જીવસ્થાનકમાં આઠકર્મનો બંધ હોતો નથી. કારણકે તે જીવો લબ્ધિ-પર્યાપ્તા હોવાથી પર્યાપ્તાવસ્થામાં જ આયુષ્યકર્મને બાંધે છે. અપર્યાપ્તાવસ્થામાં આયુષ્ય બંધાતું નથી. એટલે પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણ-અપર્યાપ્તાને આઠકર્મનું બંધસ્થાન હોતું નથી.

સાતકર્મનો ઉદય હોય છે. તથા **૧૩**મા અને **૧૪**મા ગુણઠાણે ચાર અઘાતીકર્મનો જ ઉદય હોય છે. એટલે **આઠ, સાત** અને **ચાર...** કુલ-૩ ઉદયસ્થાન હોય છે.

**આઠકર્મના ઉદયસ્થાનનો કાળ** અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે. ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાંત** છે અને ઉપશાંત-મોહગુણઠાણેથી પડેલા જીવની અપેક્ષાએ **સાદિ-સાંત** છે. કારણકે ઉપશમ-શ્રેણીમાં **૧૧**મા ગુણઠાણે મોહનીય વિના-૭ કર્મોનો ઉદય હોય છે. ત્યારપછી જીવ કાલક્ષયથી પડતા **૧૦**મે ગુણઠાણે કે ભવક્ષયથી પડતા ૪થે ગુણઠાણે આવે છે. ત્યારે આઠકર્મોનો ઉદય શરૂ થઈ જાય છે. તે વખતે આઠકર્મના ઉદયની સાદિ થાય છે અને તે જ જીવ ફરીવાર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્‌ગલપરાવર્ત કાળ ગયા પછી શ્રેણી માંડે છે ત્યારે ઉપશાંતમોહાદિગુણઠાણે આઠકર્મના ઉદયનો અંત આવે છે તે વખતે આઠકર્મોનો ઉદય સાંત થાય છે. એટલે આઠકર્મોનો ઉદય સાદિ-સાંત છે. તેનો કાળ **જઘન્યથી અંતર્મુહૂર્ત** અને **ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્‌ગલપરાવર્ત** છે.

***સાતકર્મના ઉદયસ્થાનનો કાળ જઘન્યથી એકસમય અને*** **ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.** કારણકે જે જીવ ઉપશમશ્રેણીમાં **૧૧**મા ગુણઠાણે એક સમય રહીને, આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામે છે. તે જીવ બીજા જ સમયે વૈમાનિક દેવ થાય છે. ત્યાં તે જ સમયે આઠેકર્મનો ઉદય શરૂ થઈ જાય છે. એટલે તે જીવને સાતકર્મનો ઉદય એક જ સમય હોય છે. એટલે જઘન્યથી સાતકર્મના ઉદયનો કાળ એકસમય છે તથા **૧૧**મા અને **૧૨**મા ગુણઠાણે જ સાત કર્મનો ઉદય હોય છે અને તે બન્ને ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત છે. એટલે ઉત્કૃષ્ટથી સાતકર્મના ઉદયનો કાળ અંતર્મુહૂર્ત છે.

**ચાર કર્મના ઉદયસ્થાનનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ છે.** કારણકે જે મનુષ્ય પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત જ બાકી રહે છે ત્યારે ઘાતીકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે મનુષ્યને સયોગીકેવલી અને અયોગીકેવલી અવસ્થામાં અંતર્મુહૂર્ત જ ચાર કર્મોનો ઉદય હોય છે. એટલે જઘન્યથી ચાર કર્મોના ઉદયનો કાળ અંતર્મુહૂર્ત છે અને જે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય સાધિક આઠ વર્ષની ઉંમરે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તેને દેશોન પૂર્વક્રોડવર્ષ સુધી ચારકર્મનો ઉદય હોય છે. તેથી ઉત્કૃષ્ટથી ચાર કર્મના ઉદયનો કાળ દેશોનપૂર્વક્રોડવર્ષ છે.

**-: ઉદયસ્થાનનો કાળ :-**

| ઉદયસ્થાન ↓ | જઘન્યકાળ ↓ | ઉત્કૃષ્ટકાળ ↓ |
|---|---|---|
| ૮ →<br><br><br>સાદિ-સાંત→ | <br><br><br>અંતર્મુ૦ | અભવ્યને આશ્રયી અનાદિ-અનંત<br>ભવ્યને આશ્રયી અનાદિ-સાંત<br>શ્રેણીથી પડેલાને સાદિ-સાંત.<br>દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત. |
| ૭ → | ૧ સમય | અંતર્મુહૂર્ત. |
| ૪ → | અંતર્મુહૂર્ત | દેશોનપૂર્વક્રોડવર્ષ |

**અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનકમાં આઠકર્મનું ઉદયસ્થાન હોય છે.** સાત કે ચારકર્મનું ઉદયસ્થાન હોતું નથી. કારણકે તે જીવો ઉપશાંતમોહાદિ ગુણઠાણાને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી સાત કે ચારકર્મનું ઉદયસ્થાન ન હોય.

**પર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિયજીવોને ૧૦મા ગુણઠાણા સુધી આઠકર્મનો ઉદય હોય છે. ૧૧મા અને ૧૨મા ગુણઠાણે મોહનીય વિના**

**સાતકર્મનો ઉદય હોય છે. તથા ૧૩મા અને ૧૪મા ગુણઠાણે ચાર અઘાતીકર્મોનો જ ઉદય હોય છે.** તેથી પર્યાપ્તસંજ્ઞીને **આઠ, સાત** અને **ચાર...કુલ-૩** ઉદયસ્થાન હોય છે.

(૭)

## -: જીવસ્થાનકમાં ઉદીરણાસ્થાન :-

એકી સાથે જેટલા કર્મની ઉદીરણા થાય છે. તેટલા કર્મના સમૂહને **ઉદીરણાસ્થાન** કહે છે.

**સાત-આઠકર્મોનું ઉદીરણાસ્થાન :-**

સંસારીજીવને **અનાદિકાળથી માંડીને ૬ઠ્ઠા** ગુણઠાણા **સુધી આઠે** કર્મની ઉદીરણા હોય છે પણ ત્રીજા વિના **૧થી ૬** ગુણઠાણા સુધી **જ્યારે ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકા માત્ર સ્થિતિસત્તા બાકી રહે છે ત્યારે ઉદયાવલિકા ઉપર કર્મદલિક હોતું નથી. એટલે આયુષ્યકર્મની ઉદીરણા બંધ પડી જાય છે.** તે વખતે આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મોની ઉદીરણા હોય છે. ત્રીજા ગુણઠાણે રહેલા જીવો પોતાના આયુષ્યનું છેલ્લું એક અંતર્મુહૂર્ત બાકી રહે છે ત્યારે તથાસ્વભાવે જ પહેલા ગુણઠાણે કે ચોથાગુણઠાણે આવી જાય છે. તેથી આયુષ્યકર્મની છેલ્લી એક આવલિકા બાકી રહે છે ત્યારે મિશ્રગુણઠાણું હોતું નથી. તેથી ત્યાં આયુષ્યકર્મની ઉદીરણા બંધ થવાનો સંભવ જ નથી. તેથી મિશ્રગુણઠાણે આઠે કર્મની ઉદીરણા હોય છે. એટલે **ત્રીજા વિના ૧થી૬ ગુણઠાણા સુધી સાત અથવા આઠ કર્મની ઉદીરણા હોય છે.**

**સાતકર્મની ઉદીરણાનો કાળ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી એક આવલિકા છે.** કારણકે પ્રમત્તસંયમીને પોતાના આયુષ્યની

એક આવલિકા બાકી રહે છે ત્યારે આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની ઉદીરણા થાય છે. પછી સમયન્યૂન આવલિકા બાકી રહે છે. ત્યારે તે પ્રમત્તમુનિ જો અપ્રમત્તે ચાલ્યા જાય છે, તો ત્યાં આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા થાય છે. એટલે તે જીવને સાતકર્મની ઉદીરણા એક સમય થાય છે. તેથી જઘન્યથી સાતકર્મની ઉદીરણાનો કાળ એક સમય છે અને ૧ થી ૬ ગુણઠાણાવાળા જીવને પોતાના આયુષ્યની છેલ્લી એક આવલિકા બાકી રહે છે ત્યારે આયુષ્ય વિના ૭ કર્મની ઉદીરણા હોય છે. એટલે ઉત્કૃષ્ટથી સાતકર્મની ઉદીરણાનો કાળ એક આવલિકા છે.

**આઠ કર્મની ઉદીરણાનો કાળ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી એક આવલિકાન્યૂન ૩૩ સાગરોપમ છે.** કારણકે અપ્રમત્તમુનિને આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા હોય છે પણ જો તે પોતાના આયુષ્યની સમયાધિક આવલિકા બાકી રહે છે. ત્યારે પ્રમત્તે આવી જાય, તો ત્યાં એક જ સમય આઠે કર્મની ઉદીરણા થાય છે પછી આયુષ્યની એક આવલિકા બાકી રહેવાથી આયુ વિના ૭ કર્મની ઉદીરણા થાય છે. એટલે જઘન્યથી આઠ કર્મની ઉદીરણાનો કાળ એક સમય છે. અને ૩૩ સાગરોપમના આયુષ્યવાળા દેવ-નારકોને પોતાના ભવના પ્રથમ સમયથી માંડીને પોતાના આયુંષ્યની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધી આઠે કર્મની ઉદીરણા હોય છે. એટલે ઉત્કૃષ્ટથી આઠકર્મની ઉદીરણાનો કાળ એક આવલિકાન્યૂન ૩૩ સાગરોપમ છે.

**પાંચ-છકર્મોનું ઉદીરણાસ્થાન :-**

**અપ્રમત્તદશામાં આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા થાય છે. તેમાં ઉપશમકની** અપેક્ષાએ ૭મા ગુણઠાણાથી થી ૧૦મા ગુણઠાણા સુધી છ કર્મની ઉદીરણા થાય છે અને ૧૧મા ગુણઠાણે

**મોહનીય વિના પાંચકર્મની** ઉદીરણા થાય છે. તથા **ક્ષપકની** અપેક્ષાએ ૭મા થી **૧૦**મા ગુણઠાણાની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધી છ કર્મની ઉદીરણા થાય છે અને **૧૦**મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી માંડીને **૧૨**મા ગુણઠાણાની છેલ્લી આવલિકા બાકી રહે ત્યાં સુધી **મોહનીય વિના** પાંચકર્મની ઉદીરણા થાય છે.

**પાંચકર્મની ઉદીરણાનો કાળ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.** કારણકે જે જીવ ઉપશમશ્રેણીમાં **૧૧**મા ગુણઠાણે એક સમય રહીને બીજા સમયે આયુષ્ય પૂર્ણ થવાથી દેવમાં ઉત્પન્ન થાય છે ત્યાં તેને દેવભવના પ્રથમસમયે જ આઠે કર્મની ઉદીરણા શરૂ થઇ જાય છે. તેથી તે જીવને પાંચ કર્મની ઉદીરણા એક જ સમય થાય છે. એટલે જઘન્યથી પાંચ કર્મની ઉદીરણાનો કાળ એક સમય છે. તથા ઉપશમકને **૧૧મા** ગુણઠાણાના અંતર્મુહૂર્તમાં અને ક્ષપકને **૧૦મા** ગુણઠાણાની છેલ્લી એક આવલિકાથી **૧૨મા** ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યાં સુધીના અંતર્મુહૂર્તમાં પાંચ કર્મની ઉદીરણા હોય છે. તેથી ઉત્કૃષ્ટથી પાંચકર્મની ઉદીરણાનો કાળ અંતર્મુહૂર્ત છે.

**છ કર્મની ઉદીરણાનો કાળ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે,** કારણકે કોઇક જીવ ઉપશમશ્રેણીથી પડતાં **૧૦**મા ગુણઠાણે એકસમય રહીને, આયુષ્ય પૂર્ણ થવાથી, બીજા સમયે દેવમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને દેવભવના પ્રથમ સમયથી જ આઠેકર્મની ઉદીરણા શરૂ થઇ જાય છે. તેથી તે જીવને **૬** કર્મની ઉદીરણા એક જ સમય થાય છે. એટલે જઘન્યથી છ કર્મની ઉદીરણાનો કાળ એકસમય છે. અને ઉપશમશ્રેણીમાં **૭મા** ગુણઠાણાથી **૧૦**મા ગુણઠાણા સુધી **૬** કર્મની ઉદીરણા થાય છે. તે ત્રણે ગુણઠાણાનો કાળ અંતર્મુહૂર્ત છે. તેથી ઉત્કૃષ્ટથી **૬** કર્મની ઉદીરણાનો કાળ અંતર્મુહૂર્ત છે.

બે કર્મોનું ઉદીરણાસ્થાન :-

**૧૨મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી માંડીને ૧૩મા ગુણઠાણા સુધી નામ-ગોત્ર એ બે જ કર્મની ઉદીરણા થાય છે.** ૧૪મા ગુણઠાણે યોગ ન હોવાથી ઉદીરણા થતી નથી.

**બે કર્મની ઉદીરણાનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ છે.** કારણકે જે મનુષ્ય પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત જ બાકી રહે છે ત્યારે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાન પામે છે. તે મનુષ્યને ૧૨મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી માંડીને સયોગીકેવલી અવસ્થામાં અંતર્મુહૂર્ત સુધી જ બે કર્મની ઉદીરણા થાય છે. તેથી જઘન્યથી બે કર્મની ઉદીરણાનો કાળ અંતર્મુહૂર્ત છે. અને જે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય સાધિક ૮ વર્ષની ઉંમરે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તેને સાધિક ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડવર્ષ સુધી નામ-ગોત્ર એ બે જ કર્મની ઉદીરણા થાય છે. તેથી બે કર્મની ઉદીરણાનો કાળ ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ છે.

-: ઉદીરણાસ્થાનનો કાળ :-

| ઉદીરણાસ્થાન ↓ | જઘન્યકાળ ↓ | ઉત્કૃષ્ટકાળ ↓ |
|---|---|---|
| ૮ → | ૧ સમય | એક આવલિકાન્યૂન ૩૩ સાગરોપમ |
| ૭ → | ૧ સમય | એક આવલિકા. |
| ૬ → | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૫ → | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૨ → | અંતર્મુહૂર્ત | દેશોનપૂર્વક્રોડવર્ષ. |

[૧૩]**અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનકમાં સાત કે આઠકર્મનું ઉદીરણાસ્થાન હોય છે.** જ્યારે ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકા માત્ર સ્થિતિસત્તા બાકી રહે છે ત્યારે આયુષ્યકર્મની ઉદીરણા બંધ પડી જાય છે. તે વખતે આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની ઉદીરણા થાય છે. અને તે સિવાયના કાળમાં આઠ કર્મની ઉદીરણા થાય છે પણ **છ, પાંચ** કે **બે** કર્મની ઉદીરણા થતી નથી. કારણકે તે જીવો અપ્રમત્તાદિગુણઠાણાને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી છ વગેરે કર્મની ઉદીરણા થતી નથી.

**પર્યાપ્તસંજ્ઞીને છઠ્ઠાગુણઠાણા સુધી આઠ કર્મની ઉદીરણા થાય છે. પણ જ્યારે ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકા માત્ર સ્થિતિ બાકી રહે છે ત્યારે આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની ઉદીરણા થાય છે. ક્ષપકને ૭મા થી ૧૦મા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યાં સુધી આયુષ્ય અને વેદનીય વિના જ્ઞાનાવરણીયાદિ-૬ કર્મની ઉદીરણા થાય છે. ૧૦મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી માંડીને ૧૨મા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યાં સુધી આયુષ્ય, વેદનીય અને મોહનીય વિના પાંચ કર્મની ઉદીરણા થાય છે અને ૧૨મા ગુણઠાણાની છેલ્લી આવલિકાથી માંડીને ૧૩મા ગુણઠાણા સુધી નામ-ગોત્રકર્મની જ ઉદીરણા થાય છે.** એટલે પર્યાપ્તસંજ્ઞીને **આઠ, સાત, છ, પાંચ** અને **બે** કર્મનું ઉદીરણાસ્થાન હોય છે.

---

૧૩. પર્યાપ્તનામકર્મના ઉદયવાળા કરણ-અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયાદિજીવો લબ્ધિ-પર્યાપ્તા હોવાથી, સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં પરભવનું આયુષ્ય બાંધીને તે આયુષ્યનો અબાધાકાલ પૂર્ણ થયા પછી મૃત્યુ પામી શકે છે. તેથી તેઓને અપર્યાપ્તાવસ્થામાં આયુષ્યકર્મની ઉદીરણા બંધ પડતી નથી. તેથી તેઓને આઠકર્મની જ ઉદીરણા હોય છે. સાતકર્મની ઉદીરણા હોતી નથી.

(૮)

## -: જીવસ્થાનકમાં સત્તાસ્થાન :-

એકીસાથે સત્તામાં રહેલા કર્મના સમૂહને **સત્તાસ્થાન** કહે છે.

સર્વે સંસારીજીવને અનાદિકાળથી માંડીને **૧૧**મા ગુણઠાણા સુધી આઠ કર્મની સત્તા હોય છે. **૧૨**મા ગુણઠાણે મોહનીય વિના સાત કર્મની સત્તા હોય છે. તથા **૧૩**મા અને **૧૪**મા ગુણઠાણે ચાર અઘાતીકર્મની જ સત્તા હોય છે. એટલે **આઠ, સાત** અને **ચાર**...કુલ-૩ સત્તાસ્થાન હોય છે.

**આઠ કર્મની સત્તાસ્થાનનો કાળ અભવ્યની અપેક્ષાએ અનાદિ-અનંત છે. અને ભવ્યની અપેક્ષાએ અનાદિ-સાંત છે.** કારણકે અભવ્યને અનાદિકાળથી આઠે કર્મની સત્તા હોય છે અને ક્યારેય ક્ષીણમોહાદિ ગુણઠાણાને પ્રાપ્ત કરવાનો નથી. તેથી એક પણ કર્મની સત્તાનો નાશ થવાનો નથી. એટલે આઠે કર્મની સત્તા અનંતકાળ રહેવાની છે. એટલે અભવ્યને આઠ કર્મની સત્તા અનાદિ-અનંત છે. અને ભવ્યને અનાદિકાળથી આઠ કર્મની સત્તા છે પરંતુ કાલાન્તરે ક્ષીણમોહ ગુણઠાણુ પ્રાપ્ત થવાનું હોવાથી મોહનીયકર્મની સત્તાનો નાશ થવાનો છે. તેથી આઠ કર્મના સત્તાસ્થાનનો અંત આવવાનો છે. તેથી ભવ્યને આઠકર્મની સત્તા અનાદિ-સાંત છે.

**સાત કર્મની સત્તાસ્થાનનો કાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.** કારણકે સાતકર્મની સત્તા **૧૨**મા ગુણઠાણે જ હોય છે અને તે ગુણઠાણાનો કાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ છે. એટલે સાતકર્મની સત્તાસ્થાનનો કાળ પણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

**ચાર કર્મની સત્તાસ્થાનનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ છે.** કારણકે જે મનુષ્ય પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત જ બાકી રહે છે. ત્યારે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાનને

પ્રાપ્ત કરે છે. તે મનુષ્યને સયોગીકેવલી અને અયોગીકેવલી અવસ્થામાં અંતર્મુહૂર્ત સુધી જ ચાર અઘાતીકર્મોની સત્તા હોય છે. તેથી જઘન્યથી ચાર કર્મોની સત્તાનો કાળ અંતર્મુહૂર્ત છે અને જે પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય સાધિક ૮ વર્ષની ઉંમરે ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તેને દેશોનપૂર્વક્રોડવર્ષ [કાંઇક ન્યૂન પૂર્વક્રોડવર્ષ] સુધી ૪ અઘાતી કર્મોની જ સત્તા હોય છે. તેથી ઉત્કૃષ્ટથી ચાર કર્મની સત્તાનો કાળ દેશોનપૂર્વક્રોડવર્ષ છે.

**-: સત્તાસ્થાનનો કાળ :-**

| સત્તાસ્થાન ↓ | જઘન્યકાળ ↓ | ઉત્કૃષ્ટકાળ ↓ |
|---|---|---|
| ૮ | — | અભવ્યની અપેક્ષાએ અનાદિ-અનંત<br>ભવ્યની અપેક્ષાએ અનાદિ-સાંત |
| ૭ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૪ | અંતર્મુહૂર્ત | દેશોન પૂર્વક્રોડવર્ષ |

**અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનક**માં આઠ કર્મની સત્તા હોય છે. સાત કે ચારકર્મની સત્તા હોતી નથી. કારણકે તે જીવો ક્ષીણમોહાદિગુણઠાણાને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી સાત કે ચારકર્મની સત્તા ન હોય.

**પર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિયને ૧૧મા ગુણઠાણા સુધી આઠ કર્મની સત્તા હોય છે. ૧૨મા ગુણઠાણે મોહનીય વિના સાત કર્મની જ સત્તા હોય છે. તથા ૧૩મા અને ૧૪મા ગુણઠાણે ચાર અઘાતીકર્મની જ સત્તા હોય છે.** એટલે પર્યાપ્તસંજ્ઞીને આઠ, સાત અને ચારકર્મનું સત્તાસ્થાન હોય છે.

## -: ૧૪ જીવસ્થાનકમાં ગુણઠાણાદિ-૮ :-

| ક્રમ ↓ | જીવસ્થાનકનું નામ ↓ | ગુણઠાણા ↓ | યોગ ↓ | ઉપયોગ ↓ | લેશ્યા ↓ | બંધ ↓ | ઉદય ↓ | ઉદીરણા ↓ | સત્તા ↓ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અપ૦સૂક્ષ્મ૦એકેન્દ્રિય | ૧લું | કા૦કા૦, ઔ૦મિ૦ | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનો૦ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૨ | અપ૦બા૦એકેન્દ્રિય | ૧લું, ૨જું | કા૦કા૦, ઔ૦મિ૦ | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનો૦ | ૪ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૩થી ૬ | અ૦વિકલે૦,અ૦અસંજ્ઞી | ૧લું, ૨જું | કા૦કા૦, ઔ૦મિ૦ | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનો૦ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૭ | અપર્યાપ્ત સંજ્ઞી | ૧,૨,૪ | કા૦કા૦,મિશ્રદ્વિક | ૩ અજ્ઞાન, ૩જ્ઞાન, ૨ દર્શન | ૬ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૮ | પર્યાપ્ત સૂ૦ એકેન્દ્રિય | ૧લું | ઔ૦કા૦ | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનો૦ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૯ | પર્યાપ્ત બા૦ એકેન્દ્રિય | ૧લું. | ઔ૦કા૦,વૈ૦દ્વિક | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનો૦ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૦ | પર્યાપ્ત બેઇન્દ્રિય | ૧લું. | ઔ૦કા૦,૪થો વચન૦ | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનો૦ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૧ | પર્યાપ્ત તેઇન્દ્રિય | ૧લું. | ઔ૦કા૦,૪થો વચન૦ | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનો૦ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૨ | પર્યાપ્ત ચઉરિન્દ્રિય | ૧લું. | ઔ૦કા૦,૪થોવચન૦ | ૨ અજ્ઞાન, ૨ દર્શન | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૩ | પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય | ૧લું. | ઔ૦કા૦,૪થોવચન૦ | ૨ અજ્ઞાન, ૨ દર્શન | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૪ | પર્યાપ્ત સંજ્ઞી | ૧ થી ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૮,૭, ૬,૧ | ૮,૭, ૪ | ૮,૭, ૬,૫,૨ | ૮,૭,૪ |

# દ્વિતીયવિભાગ

માર્ગણાસ્થાન :-

**गइ इंदिए य काये, जोए वेए कसायनाणेसु ।**
**संजमदंसणलेसा, भवसम्मे सन्निआहारे ॥९॥**

गतीन्द्रिये च काये, योगे वेदे कषायज्ञानयोः ।
संयमदर्शनलेश्या भव्यसम्यक्त्वे संज्ञ्याहारे ॥९॥

**ગાથાર્થ :- ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહારી.....કુલ-૧૪ મૂલમાર્ગણા છે.**

**વિવેચન :-** (૧) સુખદુઃખના ઉપભોગને યોગ્ય જે અવસ્થાની પ્રાપ્તિ થાય છે, તે **ગતિ** કહેવાય. તેનું કારણ ગતિનામકર્મ છે.

(૨) જેનાથી ઠંડી-ગરમી, મીઠાસ-કડવાસ, સુગંધ-દુર્ગંધ વગેરે વિષયો અનુભવી શકાય છે, તે **ઈન્દ્રિય** કહેવાય. તેનું કારણ અંગોપાંગનામકર્મ અને ઈંદ્રિયપર્યાપ્તિનામકર્મ છે.

(૩) જીવ ઔદારિકાદિપુદ્ગલસ્કંધોથી જે શરીર બનાવે છે, તે **કાયા** કહેવાય. તેનું કારણ ઔદારિકાદિ શરીરનામકર્મ છે. એટલે શરીરનામકર્મના ઉદયથી જીવ સુખ-દુઃખને ભોગવવા માટે જે સાધન બનાવે છે, તે **કાયા** કહેવાય છે.

(૪) **યોગ** (જુઓ પેજનં૦૧૪)

(૫) જે અનુભવાય છે, તે **વેદ** કહેવાય. તે -૨ પ્રકારે છે.

(1) નામકર્મના ઉદયથી શરીરનો જે આકાર પ્રાપ્ત થાય છે,

તે **દ્રવ્યવેદ** કહેવાય છે.

(2) વેદમોહનીયકર્મના ઉદયથી સંસારના ભોગસુખની જે અભિલાષા ઉત્પન્ન થાય છે, તે **ભાવવેદ** કહેવાય છે.

(૬) **કષ = સંસાર, આય = લાભ** [વૃદ્ધિ]

(1) જીવને કષાયમોહનીયકર્મના ઉદયથી સંસારની [જન્મ-મરણની] વૃદ્ધિ થાય એવો જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે **કષાય** કહેવાય છે.

(2) અનેક પ્રકારનાં સુખ-દુઃખના ફળને યોગ્ય કર્મક્ષેત્રનું જે કર્ષણ (ખેડાણ) કરે છે, તે કષાય કહેવાય છે.

(3) જીવના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે છે, તે કષાય કહેવાય છે.

(૭) કોઈપણ વસ્તુ સામાન્યધર્મ અને વિશેષધર્મવાળી હોય છે. તેમાંથી વિશેષધર્મનો બોધ કરાવનારી આત્મિકશક્તિને **જ્ઞાન** કહે છે.

(૮) મન-વચન અને કાયાથી કોઈ પણ પાપ કરવું નહીં, કરાવવું નહીં અને અનુમોદવુ નહીં. એ ૩×૩=૯ પ્રકારે જિંદગી સુધીનું સામાયિકવ્રત સહિત પંચમહાવ્રતનું પચ્ચક્ખાણ કરવું, તે **સંયમ** કહેવાય છે.

(૯) કોઈપણ વસ્તુ સામાન્યધર્મ અને વિશેષધર્મવાળી હોય છે. તેમાંથી સામાન્યધર્મનો બોધ કરાવનારી આત્મિકશક્તિને **દર્શન** કહે છે.

(૧૦) જેનાથી આત્મા કર્મની સાથે લેપાય છે, તે **લેશ્યા** કહેવાય. તે ૨ પ્રકારે છે. (1) **દ્રવ્યલેશ્યા** અને (2) **ભાવલેશ્યા.**

યોગવર્ગણામાં રહેલા કાળા વગેરે રંગના પુદ્ગલોને **દ્રવ્યલેશ્યા** કહે છે અને તેનાથી ઉત્પન્ન થતાં આત્મિક પરિણામને **ભાવલેશ્યા** કહે છે.

(૧૧) જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા છે, તે **ભવ્ય** કહેવાય છે.

(૧૨) દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **સમ્યક્ત્વ** કહેવાય છે.

(૧૩) જે જીવ [૧૪]સંજ્ઞાવાળો હોય, તે **સંજ્ઞી** કહેવાય છે.

સંજ્ઞા-૩ પ્રકારે છે.

(1) હેતુવાદોપદેશિકી (2) દીર્ઘકાલિકી (3) દૃષ્ટિવાદોપદેશિકી.

(1) માત્ર વર્તમાનકાળનો જ વિચાર કરવાની શક્તિને **હેતુવાદોપદેશિકી સંજ્ઞા** કહે છે.

(2) ત્રણે કાળનો વિચાર કરવાની શક્તિને **દીર્ઘકાલિકીસંજ્ઞા** કહે છે.

(3) સમ્યગ્દૃષ્ટિની વિચારક શક્તિને **દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા** કહે છે.

આમાંથી હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળા જીવને સંજ્ઞી કહેવાય નહીં. કારણકે જેમ કોઇ વ્યક્તિ સામાન્ય રૂપવાળો હોય, તો રૂપવાન કહેવાય નહીં. અને એકાદ-બે સોનામહોરવાળો હોય તો ધનવાન કહેવાય નહીં. તેમ જે માત્ર વર્તમાનકાળનો જ વિચાર કરવાની મંદ શક્તિરૂપ હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળો હોય, તે સંજ્ઞી કહેવાય નહીં પણ જે સુંદર રૂપવાળો અને ઘણા ધનવાળો હોય, તે રૂપવાન અને ધનવાન કહેવાય છે. તેમ જે સારી સંજ્ઞાવાળો હોય, તે સંજ્ઞી કહેવાય

---

(૧૪) શાસ્ત્રમાં **આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક** અને **ઓઘ** એમ કુલ-૧૦ સંજ્ઞા કહી છે. એ સંજ્ઞા સર્વે સંસારી જીવોમાં ન્યૂનાધિક હોય છે. તેથી તે સંજ્ઞા સાધારણ છે. એટલે અહીં આહારાદિ સંજ્ઞાવાળા જીવોની સંજ્ઞી તરીકે વિવક્ષા કરી નથી.

છે. એટલે હેતુવાદોપદેશિકી સંજ્ઞાની અપેક્ષાએ દીર્ઘકાલિકીસંજ્ઞા પ્રબળ હોવાથી દીર્ઘકાલિકી સંજ્ઞાવાળો જીવ સંજ્ઞી કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિને પણ દીર્ઘકાલિકીસંજ્ઞા હોય છે એટલે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળો જીવ પણ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળો હોવાથી સંજ્ઞી જ કહેવાય છે.

(૧૪) આહાર-૩ પ્રકારે છે.

**(1) ઓજાહાર (2) લોમાહાર (3) કવલાહાર.**

(1) ઉત્પત્તિના પ્રથમસમયથી માંડીને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જીવ શુક્ર શોણિત વગેરે ઔદારિકાદિ પુદ્ગલોનો આહાર કરે છે, તે **ઓજાહાર** કહેવાય છે.

(2) શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જીવ ચામડીથી [સ્પર્શેન્દ્રિયથી] ઔદારિકપુદ્ગલોનો આહાર કરે છે, તે **લોમાહાર** કહેવાય છે.

(3) જીવ મુખથી અન્નાદિનો આહાર કરે છે, તે **કવલાહાર** કહેવાય છે.


આમાંથી કોઈપણ એક પ્રકારનાં આહારને જે જીવ કરે છે, તે **આહારક** કહેવાય છે અને જે જીવ ત્રણમાંથી એકે ય પ્રકારનાં આહારને કરતો નથી તે **અનાહારક** કહેવાય છે.

ગત્યાદિમાર્ગણાનાં ભેદ :-

**सुरनरतिरिनिरयगई, इगबियतियचउपणिंदि छक्काया ।**
**भूजलजलणानिलवणतसा य मणवयणतणुजोगा ॥१०॥**

सुरनरतिर्यङ्निरयगतिरेकद्विकत्रिकचतुष्पञ्चेन्द्रियाः षट्कायाः ।
भूजलज्वलनानिलवनत्रसाश्च मनोवचनतनुयोगाः ॥१०॥

# ગતિમાર્ગણા












# ઇન્દ્રિયમાર્ગણા



એકેન્દ્રિયમાર્ગણા
ચઉરિન્દ્રિયમાર્ગણા
પંચેન્દ્રિયમાર્ગણા
બેઇન્દ્રિયમાર્ગણા
તેઇન્દ્રિયમાર્ગણા

**ગાથાર્થ :-** દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ-૪ ગતિ છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય એ-૫ ઈન્દ્રિય છે. પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ-૬ કાય છે. મનોયોગ, વચનયોગ અને કાયયોગ એ-૩ યોગ છે.

**વિવેચન :-** ગતિમાર્ગણા-૪ પ્રકારે છે.

(૧) દેવગતિનામકર્મના ઉદયથી જીવને જે પર્યાય (અવસ્થા)ની પ્રાપ્તિ થાય છે, તે **દેવગતિ** કહેવાય છે

(૨) મનુષ્યગતિનામકર્મના ઉદયથી જીવને જે પર્યાય (અવસ્થા)ની પ્રાપ્તિ થાય છે, તે **મનુષ્યગતિ** કહેવાય છે.

(૩) તિર્યંચગતિનામકર્મના ઉદયથી જીવને જે પર્યાયની પ્રાપ્તિ થાય છે, તે **તિર્યંચગતિ** કહેવાય છે.

(૪) નરકગતિનામકર્મના ઉદયથી જીવને જે પર્યાયની પ્રાપ્તિ થાય છે, તે **નરકગતિ** કહેવાય છે.

**ઈન્દ્રિયમાર્ગણા :-**

ઈન્દ્રિયમાર્ગણા-૫ પ્રકારે છે.

★ જેનાથી ઠંડી-ગરમી વગેરે સ્પર્શને અનુભવી શકાય છે, તે **સ્પર્શેન્દ્રિય** કહેવાય છે અને જે જીવ એક જ સ્પર્શેન્દ્રિયવાળો હોય છે, તે **એકેન્દ્રિય** કહેવાય છે.

★ જેનાથી ખાટો-મીઠો વગેરે રસને અનુભવી શકાય છે, તે **રસનેન્દ્રિય** કહેવાય છે અને જે જીવ બે જ ઈન્દ્રિયવાળો (સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિયવાળો) હોય છે, તે **બેઈન્દ્રિય** કહેવાય છે.

★ જેનાથી સુગંધ-દુર્ગંધને અનુભવી શકાય છે, તે **ઘ્રાણેન્દ્રિય** કહેવાય છે અને જે જીવ ત્રણ જ ઇન્દ્રિયવાળો (સ્પર્શેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિયવાળો) હોય છે, તે તેઈન્દ્રિય કહેવાય છે.

★ જેનાથી લાલ-લીલો વગેરે વર્ણને દેખી શકાય છે, તે **ચક્ષુરિન્દ્રિય** કહેવાય છે અને જે જીવ ચાર જ ઈન્દ્રિયવાળો (સ્પર્શેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિયવાળો) હોય છે, તે ચઉરિન્દ્રિય કહેવાય.

★ જેનાથી શબ્દો સાંભળી શકાય છે, તે **શ્રોત્રેન્દ્રિય** કહેવાય છે અને જે જીવો પાંચે ઇન્દ્રિયવાળા હોય છે, તે **પંચેન્દ્રિય** કહેવાય છે.

**કાયમાર્ગણા :-**

કાયમાર્ગણા-૬ પ્રકારે છે.

(૧) પૃથ્વી એ જ જે જીવનું શરીર છે, તે **પૃથ્વીકાય** કહેવાય.

(૨) પાણી એ જ જે જીવનું શરીર છે, તે **જલકાય** કહેવાય.

(૩) અગ્નિ એ જ જે જીવનું શરીર છે, તે **અગ્નિકાય** કહેવાય.

(૪) વાયુ એ જ જે જીવનું શરીર છે, તે **વાયુકાય** કહેવાય.

(૫) વનસ્પતિ એ જ જે જીવનું શરીર છે, તે **વનસ્પતિકાય** કહેવાય.


(૬) જે જીવો ઠંડી કે ગરમીથી ત્રાસ પામીને, પોતાની જાતને બચાવવા માટે તડકે કે છાયે જઈ શકે છે, તે **ત્રસકાય** કહેવાય.

**યોગમાર્ગણા :-** [જુઓ પેજ નં. ૩૩]

વેદાદિમાર્ગણાનાં ભેદ :-

**वेयनरित्थिनपुंसा, कसायकोहमयमायलोभ त्ति ।**
**मइसुयऽवहिमणकेवल, विभंगमइसुअनाण सागारा ॥११॥**

# કાયમાર્ગણા



પૃથ્વીકાયમાર્ગણા
વનસ્પતિકાયમાર્ગણા
અપ્કાયમાર્ગણા
ત્રસકાયમાર્ગણા
વાયુકાયમાર્ગણા
તેઉકાયમાર્ગણા

# યોગમાર્ગણા









वेदा नरस्त्रिनपुंसकाः, कषायाः क्रोधमदमायालोभा इति ।
मतिश्रुतावधिमनःकेवलविभङ्गमतिश्रुताज्ञानानि साकाराणि ॥११॥

**ગાથાર્થ :- પુરુષ, સ્ત્રી અને નપુંસક એ-૩ વેદ છે. ક્રોધ, માન, માયા અને લોભ એ-૪ કષાય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગજ્ઞાન એ-૮ સાકારોપયોગ [જ્ઞાન] છે.**

**વિવેચનઃ-** નામકર્મના ઉદયથી શરીરનો જે આકાર થાય છે, તે દ્રવ્યવેદ કહેવાય છે. તેમાં (૧) જે વ્યક્તિમાં દાઢી, મુંછાદિ હોય છે, તે **પુરુષવેદી** કહેવાય છે. (૨) જે વ્યક્તિમાં દાઢી મુંછાદિ ન હોય પણ સ્તનાદિ હોય છે, તે **સ્ત્રીવેદી** કહેવાય છે અને (૨) જે વ્યક્તિમાં દાઢી મુંછાદિ પુરુષનાં ચિહ્ન હોય અને સ્તનાદિ સ્ત્રીનાં પણ ચિહ્ન હોય છે, તે **નપુંસકવેદી** કહેવાય છે.

મોહનીયકર્મના ઉદયથી સંસારના ભોગસુખની જે અભિલાષા ઉત્પન્ન થાય છે, તે ભાવવેદ કહેવાય છે. તેમાં (૧) સ્ત્રીને પુરુષની સાથે સંસારના ભોગસુખની જે અભિલાષા થાય છે, તે **સ્ત્રીવેદ** કહેવાય છે. (૨) પુરુષને સ્ત્રીની સાથે સંસારના ભોગ સુખની જે અભિલાષા થાય છે, તે **પુરુષવેદ** કહેવાય છે. અને (૩) જે વ્યક્તિને સ્ત્રી અને પુરુષ બન્નેની સાથે સંસારના ભોગસુખની જે અભિલાષા થાય છે, તે **નપુંસકવેદ** કહેવાય છે.

**કષાયમાર્ગણા :-**

કષાયમાર્ગણા-૪ પ્રકારે છે.

(૧) જીવને ઈષ્ટ વસ્તુનો વિયોગ અને અનિષ્ટ વસ્તુનો સંયોગ થવાથી જે ગુસ્સો-દ્વેષ થઇ જાય છે, તે **ક્રોધ** કહેવાય છે.

(૨) જીવને અનુકૂળ પદાર્થ મળી જવાના કારણે જે અહંકાર આવી જાય છે, તે **માન** કહેવાય છે.

(૩) જીવ ઈષ્ટ વસ્તુને મેળવવા માટે જે કપટ કરે છે, તે **માયા** કહેવાય છે.

(૪) જીવને ઈષ્ટ વસ્તુ પ્રત્યે જે મમત્વ પ્રગટે છે, તે **લોભ** કહેવાય છે.

**જ્ઞાનમાર્ગણા :-**

જ્ઞાનમાર્ગણા-૮ પ્રકારે છે.

(૧) મન અને ઈન્દ્રિયથી યોગ્યદેશમાં રહેલી વસ્તુનો બોધ કરાવનારી આત્મિકશક્તિને **મતિજ્ઞાન** કહે છે.

(૨) શાસ્ત્રાદિના શ્રવણથી કે વાંચનથી શબ્દની સાથે અર્થની વિચારણાવાળો બોધ કરાવનારી આત્મિકશક્તિને **શ્રુતજ્ઞાન** કહે છે.

દા. ત. શ્રોત્રેન્દ્રિય દ્વારા ઘટ શબ્દ સાંભળ્યા પછી ઘટશબ્દ એ ઘટ પદાર્થનો વાચક છે અને જલધારણાદિ અર્થક્રિયા કરવામાં સમર્થ કંબુગ્રીવાદિમાન્ આકૃતિવાળી જે વસ્તુ છે, તે ઘટશબ્દથી વાચ્ય છે. એટલે ઘટશબ્દનો ઘટપદાર્થની સાથે વાચ્યવાચકભાવ સંબંધ છે. એટલે ઘટશબ્દથી ઘટપદાર્થનો જ બોધ થાય છે. અન્યવસ્તુનો બોધ થતો નથી. એ રીતે, શબ્દની સાથે અર્થની વિચારણાવાળુ મન અને ઈન્દ્રિયથી જે જ્ઞાન થાય છે, તે શ્રુતજ્ઞાન કહેવાય છે.

(૩) મન અને ઈન્દ્રિયની અપેક્ષા વિના માત્ર રૂપી દ્રવ્યોને જણાવનારી આત્મિકશક્તિને **અવધિજ્ઞાન** કહે છે.

(૪) મન અને ઈન્દ્રિયની અપેક્ષા વિના અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના મનના વિચારને જણાવનારી આત્મિકશક્તિને **મનઃપર્યવજ્ઞાન** કહે છે.

સંજ્ઞીપંચેન્દ્રિય જીવ કોઈ પણ વસ્તુનો વિચાર કરતી વખતે કાયયોગથી પોતે જે આકાશપ્રદેશમાં રહેલો છે, તે જ આકાશપ્રદેશમાંથી મનોયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને ચિંતનીય વસ્તુને અનુસારે પરિણમાવે છે, તે પરિણત મનોદ્રવ્યને જોઈને મનઃપર્યવજ્ઞાની મહાત્મા વિચારે છે કે, આ વ્યક્તિ આ વસ્તુ સંબંધી અમુક પ્રકારનો વિચાર કરી રહ્યો છે. દા. ત. કુંભાર ઘટ બનાવવાનો વિચાર કરી રહ્યો છે. તે વખતે કુંભારે ગ્રહણ કરેલુ મનોદ્રવ્ય ઘટાકારે પરિણમે છે. તે પરિણત મનોદ્રવ્યને જોઈને મનઃપર્યવજ્ઞાની વિચારે છે કે, આ કુંભાર આવા પ્રકારનો ઘટ બનાવવાનો વિચાર કરી રહ્યો છે.

જેમ બંધ મકાનમાં બેઠેલો માણસ T. V. દ્વારા પરદેશમાં રમાતી મેચાદિનાં દૃશ્યોને જોઈ શકે છે. તેમ મનઃપર્યવજ્ઞાની મહાત્મા પોતાના સ્થાને બેઠા બેઠા મનઃપર્યવજ્ઞાન દ્વારા અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવોના વિચારને અનુસારે પરિણત મનોદ્રવ્યને સ્પષ્ટ જોઈ શકે છે. પણ ચિંતનીય ઘટાદિ વસ્તુને જોઈ શકતા નથી. તે ઘટાદિ વસ્તુ તો અનુમાનથી જણાય છે.

(૫) સંપૂર્ણ લોકાલોકમાં રહેલા સર્વ દ્રવ્યના સર્વ પર્યાયોને એકી સાથે જણાવનારી આત્મિકશક્તિને **કેવળજ્ઞાન** કહે છે.

**અજ્ઞાન = કુત્સિતજ્ઞાન.**

(૬) મન અને ઈન્દ્રિયથી વસ્તુના વિશેષધર્મને જણાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિક શક્તિને **મતિ-અજ્ઞાન** કહે છે.

(૭) શાસ્ત્રાદિના શ્રવણથી કે વાંચનથી, શબ્દની સાથે અર્થની વિચારણાવાળો બોધ કરાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિક શક્તિને **શ્રુત-અજ્ઞાન** કહે છે.

(૮) મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના માત્ર રૂપી દ્રવ્યના વિશેષધર્મને જણાવનારી સમ્યક્ત્વ રહિત જીવની આત્મિક શક્તિને **વિભંગજ્ઞાન** કહે છે.

સંયમ અને દર્શનમાર્ગણાનાં ભેદ :-

**सामाइय छेय परिहार, सुहुम अहखाय देस जय अजया ।**
**चक्खु अचुक्खु ओही, केवलदंसण अणागारा ॥१२॥**

सामायिकच्छेदपरिहारसूक्ष्मयथाख्यातदेशयतायतानि ।
चक्षुरचक्षुरवधिकेवलदर्शनान्यनाकाराणि ॥१२॥

**ગાથાર્થ** :- (૧) **સામાયિક**, (૨) **છેદોપસ્થાપનીય**, (૩) **પરિહારવિશુદ્ધિ**, (૪) **સૂક્ષ્મસંપરાય**, (૫) **યથાખ્યાત**, (૬) **દેશવિરતિ** અને (૭) **અવિરતિ** એ **સંયમમાર્ગણા** છે. (૧) **ચક્ષુદર્શન**, (૨) **અચક્ષુદર્શન**, (૩) **અવધિદર્શન** અને (૪) **કેવળદર્શન** એ **અનાકારોપયોગ [દર્શનોપયોગ] છે.**

**વિવેચન** :- સંયમમાર્ગણા-૭ પ્રકારે છે.

**સમ + આય = સમાય.**

[સમાયને इकण् પ્રત્યય લાગીને સામાયિક શબ્દ બન્યો છે.]


(૧) **સમ = સમતા** [રાગદ્વેષનો અભાવ], **આય = પ્રાપ્તિ.**

જેનાથી સમતાની [રાગદ્વેષના અભાવની] પ્રાપ્તિ થાય છે, તે સામાયિક કહેવાય છે.

(૨) **સમ = સમ્યગ્જ્ઞાનાદિ**, **આય** = લાભ.

જેનાથી સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રનો લાભ થાય છે, તે સામાયિક કહેવાય છે.


# જ્ઞાનમાર્ગણા


કેવળજ્ઞાન
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક
અનિવૃત્તિગુણસ્થાનક
અપૂર્વકરણગુણસ્થાનક
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


મનઃપર્યવજ્ઞાન
અયોગીકેવલીગુણસ્થાનક
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક


મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન
અયોગીકેવલીગુણસ્થાનક
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક
અનિવૃત્તિગુણસ્થાનક
અપૂર્વકરણગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક

# સંયમમાર્ગણા


ઔપશમિકયથાખ્યાતચારિત્ર
ક્ષાયિકયથાખ્યાતચારિત્ર
પરિહારવિશુદ્ધિચારિત્ર
સૂક્ષ્મસંપરાયચારિત્ર
છેદોપસ્થાપનીયચારિત્ર
સામાયિકચારિત્ર
અયોગીકેવલીગુણસ્થાનક
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક
અનિવૃત્તિ ગુણસ્થાનક
અપૂર્વકરણ ગુણસ્થાનક
અપ્રમત્ત ગુણસ્થાનક
પ્રમત્ત ગુણસ્થાનક
દેશવિરતિ ગુણસ્થાનક
સમ્યક્ત્વ ગુણસ્થાનક
મિશ્ર ગુણસ્થાનક
સાસ્વાદન ગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક

**(૧) સામાયિક નામના ચારિત્રને સામાયિકચારિત્ર કહે છે.**

સામાયિકચારિત્ર-૨ પ્રકારે છે.

(1) ઈત્વરકાલિક, (2) યાવત્કથિત.

**(1) જે ચારિત્ર અલ્પકાળ જ રહે છે, તે ઈત્વરકાલિક કહેવાય છે.**

ભરત અને ઐરાવતક્ષેત્રમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં રહેલા દીક્ષાર્થીઓને દીક્ષા આપતી વખતે પાંચમહાવ્રત ઉચ્ચરાવવામાં આવતા નથી પણ જ્યારે યોગોદ્વહનાદિ પૂર્ણ થઈ જાય છે ત્યારે પાંચ મહાવ્રતો ઉચ્ચરાવવામાં આવે છે. તેને વડીદીક્ષા કહે છે. એટલે દીક્ષાદિનથી માંડીને વડીદીક્ષા સુધી અલ્પકાળ જ રહેનારા ચારિત્રને **ઈત્વરકાલિકચારિત્ર** કહે છે.

**(2) જે ચારિત્ર દીક્ષાદિનથી માંડીને મરણ સુધી રહે છે, તે યાવત્કથિક કહેવાય છે.**

ભરત અને ઐરાવતમાં પહેલા અને છેલ્લા સિવાયના વચ્ચેના ૨૨ તીર્થંકરના સાધુઓ તથા મહાવિદેહક્ષેત્રમાં રહેલા સાધુઓને દીક્ષા આપતી વખતે જ ચાર મહાવ્રતો સહિત જિંદગી સુધીનું સામાયિકવ્રત ઉચ્ચરાવવામાં આવે છે, તે દીક્ષાદિનથી માંડીને મરણ સુધી રહેનારા ચારિત્રને **યાવત્કથિકચારિત્ર** કહે છે.

**(૨) જેમાં પૂર્વનાં દીક્ષાપર્યાયનો છેદ કરીને, ફરીવાર દીક્ષા આપતી વખતે મહાવ્રતોનું સ્થાપન કરવામાં આવે છે, તે છેદોપસ્થાપનીયચારિત્ર કહેવાય છે. તે-૨ પ્રકારે છે.**

(1) **સાતિચારછેદોપસ્થાનીય**, (2) **નિરતિચાર છેદોપસ્થાનીય.**

(1) **મૂળગુણનો [મહાવ્રતનો] ઘાત કરનારા સાધુને ફરીવાર મહાવ્રતો ઉચ્ચરાવવામાં આવે છે, તે સાતિચાર છેદોપસ્થાપનીયચારિત્ર કહેવાય છે.**

(2) ભરત અને ઐરાવતમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં રહેલા દીક્ષાર્થીઓને દીક્ષા આપતી વખતે પાંચમહાવ્રતો વિના માત્ર જિંદગી સુધીનું સામાયિકવ્રત ઉચ્ચરાવવામાં આવે છે પણ જ્યારે યોગોદ્વહનાદિ પૂર્ણ થઇ જાય છે ત્યારે **પૂર્વના દીક્ષાપર્યાયનો છેદ કરીને, ફરીવાર વડીદીક્ષા આપતી વખતે પાંચમહાવ્રતોનું સ્થાપન કરવામાં આવે છે, તે નિરતિચારછેદોપસ્થાપનીયચારિત્ર કહેવાય છે.** તેમજ ભરત અને ઐરાવતમાં છેલ્લા તીર્થંકરના શાસનમાં જે સાધુ ભગવંતો એક તીર્થંકરના શાસનમાંથી બીજા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરતી વખતે ચાર મહાવ્રતોને છોડીને પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરે છે, તે નિરતિચાર છેદોપસ્થાપનીયચારિત્ર કહેવાય છે. દા.ત. પાર્શ્વનાથભગવાનના શાસનમાં રહેલા કેશિ-ગાંગેય વગેરે સાધુભગવંતો જ્યારે મહાવીરસ્વામીના શાસનમાં પ્રવેશ કરે છે ત્યારે ચારમહાવ્રતોને છોડીને પાંચ મહાવ્રતોને સ્વીકારે છે, તે નિરતિચાર છેદોપસ્થાપનીયચારિત્ર કહેવાય છે.

(૩) **જે ચારિત્ર પરિહારતપથી વિશુદ્ધ થઇ રહ્યું છે, તે પરિહારવિશુદ્ધિચારિત્ર કહેવાય છે.** આ ચારિત્રનું પાલન કરનારા નવ સાધુભગવંતો હોય છે. તેમાંથી ચાર સાધુભગવંત પરિહારતપ કરે છે અને ચાર સાધુ પરિહારતપ કરનારાની સેવા કરે છે. તેમજ એક સાધુભગવંત વાચનાચાર્ય થાય છે. તે બાકીના આઠ સાધુભગવંતોને વાચના આપે છે. જો કે આ ચારિત્રનું પાલન કરનારા બધા જ સાધુ ભગવંતો કાંઇક ન્યૂન દશપૂર્વધર હોય છે. તો પણ તેઓનો એવો આચાર હોવાથી એકને વાચનાચાર્ય બનાવે છે.

**પરિહારતપની વિધિ :-** ઉનાળામાં જઘન્યથી **એક**, મધ્યમથી **બે** અને ઉત્કૃષ્ટથી **ત્રણ** ઉપવાસ કરે છે. **શિયાળામાં** જઘન્યથી **બે**, મધ્યમથી **ત્રણ** અને ઉત્કૃષ્ટથી **ચાર** ઉપવાસ કરે છે. **ચોમાસામાં** જઘન્યથી **ત્રણ**, મધ્યમથી **ચાર** અને ઉત્કૃષ્ટથી **પાંચ** ઉપવાસ કરે છે અને પારણે આયંબીલ જ કરે છે. આ તપ છ મહિના સુધી ચાલે છે. ત્યારપછી જે સાધુમહારાજ તપસ્વીની સેવા કરતા હતા તે હવે છ મહિના સુધી તપ કરે છે અને જે સાધુમહારાજ તપશ્ચર્યા કરતા હતા. તે હવે સેવા કરે છે. ત્યારપછી વાચનાચાર્ય છ મહિના સુધી તપ કરે છે. તે વખતે બાકીના આઠ સાધુમહારાજમાંથી એક વાચનાચાર્ય થાય છે અને સાત સાધુભગવંત તપસ્વીની સેવા કરે છે. આ તપ ૧૮ મહિને પૂરો થાય છે.

(૪) સૂક્ષ્મસંપરાયગુણઠાણે જીવ સંજ્વલનલોભમોહનીય કર્મમાંથી બનેલી સૂક્ષ્મકિટ્ટીને ભોગવી રહ્યો છે. તે વખતે **સૂક્ષ્મકષાયોદયવાળા જીવનું જે ચારિત્ર છે, તે સૂક્ષ્મસંપરાયચારિત્ર કહેવાય છે.**

(૫) **જિનેશ્વરભગવંતે જેવા પ્રકારનું ચારિત્ર કહ્યું છે તેવા પ્રકારના ચારિત્રને યથાખ્યાતચારિત્ર** કહે છે. તે-૨ પ્રકારે છે.

(૧) છાદ્મસ્થિક યથાખ્યાતચારિત્ર, (૨) કૈવલિક યથાખ્યાતચારિત્ર.

(૧) **છદ્મસ્થાવસ્થામાં મોહનીયકર્મનો સંપૂર્ણક્ષય કે ઉપશમ થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે છાદ્મસ્થિકયથાખ્યાતચારિત્ર કહેવાય છે.** તે - ૨ પ્રકારે છે.

(1) ઔપશમિક યથાખ્યાત (2) ક્ષાયિક યથાખ્યાત.

(1) મોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે ઔપશમિક યથાખ્યાતચારિત્ર કહેવાય છે. તે **૧૧**મા ગુણઠાણે જ હોય છે.

(2) મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે ક્ષાયિક યથાખ્યાતચારિત્ર કહેવાય છે. તે ૧૨મા ગુણઠાણે જ હોય છે.

(૨) **ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી જે ચારિત્ર પ્રાપ્ત થાય છે. તે કૈવલિકયથાખ્યાતચારિત્ર કહેવાય છે.** તે-૨ પ્રકારે છે.

(1) સયોગીકેવલીયથાખ્યાતચારિત્ર,

(2) અયોગીકેવલીયથાખ્યાતચારિત્ર.

(1) સયોગીકેવલી ભગવંતને જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે સયોગીકેવલીયથાખ્યાતચારિત્ર કહેવાય છે. તે ૧૩મા ગુણઠાણે જ હોય છે.

(૨) અયોગીકેવલી ભગવંતને જે ચારિત્ર પ્રાપ્ત થાય છે, તે અયોગીકેવલીયથાખ્યાતચારિત્ર કહેવાય છે. તે ૧૪મા ગુણઠાણે જ હોય છે.

(૬) **અલ્પાંશે કે અધિકાંશે હિંસાદિ-પાપપ્રવૃત્તિમાંથી અટકવું, તે દેશવિરતિ કહેવાય છે.**

(૭) **અલ્પાંશે પણ હિંસાદિ-પાપપ્રવૃત્તિમાંથી અટકવું નહીં, તે અવિરતિ કહેવાય છે.**

**દર્શનમાર્ગણા :-**

દર્શનમાર્ગણા-૪ પ્રકારે છે.

(૧) ચક્ષુની સહાયતાથી વસ્તુના સામાન્યધર્મને જણાવનારી આત્મિક શક્તિને **ચક્ષુદર્શન** કહે છે.

(૨) ચક્ષુ સિવાયની બાકીની ઈન્દ્રિયોની સહાયતાથી વસ્તુના સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિને **અચક્ષુદર્શન** કહે છે.

(૩) મન અને ઇન્દ્રિયની સહાયતા વિના માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મને જણાવનારી આત્મિકશક્તિને **અવધિદર્શન** કહે છે.

(૪) સંપૂર્ણ લોકાલોકમાં રહેલા સર્વદ્રવ્યના સર્વપર્યાયોને એકી સાથે જણાવનારી આત્મિકશક્તિને **કેવલદર્શન** કહે છે.

લેશ્યાદિમાર્ગણાનાં ભેદો :-

**किण्हा नीला काऊ, तेऊ पम्हा य सुक्क भव्वियरा ।**
**वेयग खइगुवसम मिच्छ मीस सासण सन्नियरे ॥१३॥**

कृष्णा नीला कापोत, तेजः पद्मा च शुक्ला भव्येतरौ ।
वेदकक्षायिकोपशममिथ्यामिश्रसासादनानि संज्ञीतरौ ॥१३॥

**ગાથાર્થ :- કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એ-૬ લેશ્યા છે. ભવ્ય અને અભવ્ય એ બે ભવ્યમાર્ગણા છે. વેદક[ક્ષાયોપશમિક] ક્ષાયિક, ઔપશમિક, મિથ્યાત્વ, મિશ્ર અને સાસ્વાદન એ-૬ સમ્યક્ત્વમાર્ગણા છે. તથા સંજ્ઞી અને અસંજ્ઞી એ-૨ સંજ્ઞીમાર્ગણા છે.**

**વિવેચન :-** લેશ્યામાર્ગણા-૬ પ્રકારે છે.

૭ મુસાફરો એક જાંબુના વૃક્ષની નીચે આવ્યા. તેમને સર્વેને જાંબુ ખાવાની ઇચ્છા થઇ. તેથી **એક મુસાફરે** કહ્યું કે, આપણે જાંબુના **વૃક્ષને તોડીને** નીચે પાડી દઇએ. પછી મનગમતા જાંબુ ખાઇએ. **બીજા મુસાફરે** કહ્યું કે, આખા જાંબુના વૃક્ષને તોડી નાંખવાની શી જરૂર છે? વૃક્ષની **એક શાખાને તોડવાથી** આપણને જાંબુ મળી જશે. **ત્રીજા મુસાફરે** કહ્યું કે, શાખાને પણ તોડવાની શી જરૂર છે ? **પ્રતિશાખાને તોડવાથી** પણ જાંબુ મળી જશે. **ચોથા મુસાફરે** કહ્યું કે, શાખા કે પ્રતિશાખાને તોડવાની શી જરૂર છે? તે ડાળીમાંથી **જાંબુવાળા ગુચ્છાને**

**તોડવાથી** જ આપણને જાંબુ મળી જશે. **પાંચમા મુસાફરે** કહ્યું કે, મને તો એ વાત પણ યોગ્ય લાગતી નથી. કારણકે આપણે જાંબુ જ ખાવા છે. તો **ગુચ્છામાંથી માત્ર જાંબુ જ લઈ લેવા** જોઇએ. **છઠ્ઠા મુસાફરે** કહ્યું કે, ગુચ્છામાંથી પણ જાંબુ લેવાની શી જરૂર છે? આપણે જાંબુ જ ખાવા છે. તો અહીં જે **નીચે પડેલા જાંબુ** છે તેને જ વીણી લેવા જોઇએ.

અહીં **પહેલા મુસાફરને** કાજળ જેવા **કાળા**, લીંબડાના રસ જેવા **કડવા**, મરેલી ગાય જેવા **દુર્ગંધી** અને કરવત જેવા **કર્કશ** પુદ્ગલોથી જે **હિંસક, અત્યંતક્રૂર, નિર્દય** અને **અતિક્રોધી** પરિણામ ઉત્પન્ન થાય છે, તે **કૃષ્ણલેશ્યા** કહેવાય છે. **બીજા મુસાફરને** પોપટ જેવા **લીલા**, મરચા જેવા **તીખા**, મરેલા કૂતરા જેવા **દુર્ગંધી** અને બળદની જીભથી વધુ **કર્કશ** પુદ્ગલોથી જે **માયાવી, રસલોલુપી, ઈર્ષ્યાળુ** અને **દ્વેષી** પરિણામ ઉત્પન્ન થાય છે, તે **નીલલેશ્યા** કહેવાય છે. **ત્રીજા મુસાફર**ને કબૂતર જેવા **ભૂરા**, આમળાના રસ જેવા **ખાટા**, મરેલા સર્પ જેવા **દુર્ગંધી** અને સાગવૃક્ષના પત્રથી વધુ **કર્કશ** પુદ્ગલોથી જે **અહંકારી, વક્ર** અને બીજાને દુઃખ થાય એવી **કઠોરભાષાને** ઉત્પન્ન કરનારો પરિણામ ઉત્પન્ન થાય છે, તે **કાપોતલેશ્યા** કહેવાય છે.

**ચોથા મુસાફરને** ઉગતા સૂર્ય જેવા **લાલ**, કેરીના રસ જેવા **મીઠા**, પુષ્પ જેવા **સુગંધી** અને માખણ જેવા **કોમળ** પુદ્ગલોથી જે **નમ્ર, સરળ, પાપભીરુ, ધર્મપ્રેમી** અને **વિનીત** પરિણામ ઉત્પન્ન થાય છે, તે **તેજોલેશ્યા** કહેવાય છે. **પાંચમા મુસાફરને** સુવર્ણ જેવા **પીળા**, દ્રાક્ષ જેવા **મીઠા**, પુષ્પથી પણ વધુ **સુગંધી** અને માખણથી પણ વધુ **કોમળ** પુદ્ગલોથી જે **દયાળુ, મંદકષાયને ઉત્પન્ન કરનારો** અને **જિતેન્દ્રિય** પરિણામ ઉત્પન્ન થાય છે, તે **પદ્મલેશ્યા** કહેવાય છે અને

છઠ્ઠા **મુસાફરને** ગાયના દૂધ જેવો **સફેદ,** શેરડીના રસ જેવો મીઠો, અત્યંત **સુગંધી** અને અત્યંત **કોમળ** પુદ્ગલોથી જે રાગ-દ્વેષ રહિત, વીતરાગતાને પ્રાપ્ત કરાવનારો, **ધર્મધ્યાન** અને **શુક્લધ્યાનમાં મનને સ્થિર રાખનારો, કષાયોને ઉપશાંત** કે **ક્ષય કરનારો** પરિણામ ઉત્પન્ન થાય છે. તે **શુક્લલેશ્યા** કહેવાય છે.

**જેમ સફેદવસ્ત્રને લાલરંગમાં નાંખવાથી તે પોતાના મૂળ સફેદરંગનો ત્યાગ કરીને સર્વથા લાલરંગવાળુ બની જાય છે. તેમ તિર્યંચ-મનુષ્યોમાં શુભાશુભ પરિણામ અનુસારે એકલેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સર્વથા અન્યલેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રૂપે પરિણમે છે.**

જેમકે, શુભ પરિણામની ધારાથી કૃષ્ણલેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સર્વથા નીલલેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રૂપે પરિણમે છે. એટલે કૃષ્ણલેશ્યા પોતાના મૂળ સ્વરૂપને છોડીને સર્વથા નીલલેશ્યા રૂપે બની જાય છે. એ જ રીતે, નીલલેશ્યા પોતાના મૂળસ્વરૂપને છોડીને સર્વથા કાપોતલેશ્યા રૂપે બની જાય છે. એ જ રીતે, કાપોતાદિલેશ્યા પોતાના મૂળ સ્વરૂપને છોડીને અન્ય લેશ્યા રૂપે પરિણમે છે. તેથી તિર્યંચ-મનુષ્યની લેશ્યા અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે બદલાઇ જાય છે.

જેમ સ્ફટિકરત્નમાં લાલરંગનો દોરો નાંખવાથી તે લાલરંગને ધારણ કરે છે. પણ લાલરંગનો દોરો કાઢી નાંખતા ફરી તે મૂળ સફેદરંગમાં આવી જાય છે. એટલે **સ્ફટિકરત્ન લાલદોરાના સંપર્કથી કાંઇક અંશે લાલરંગને ધારણ કરે છે પણ તે પોતાનો મૂળ સફેદ રંગ છોડીને સર્વથા લાલરંગવાળુ બની જતું નથી. તેમ દેવ-નારકની**

**દ્રવ્યલેશ્યા શુભાશુભ ભાવ અનુસારે અનેક વર્ણાદિને ધારણ કરવા છતાં પોતાનું મૂળસ્વરૂપ છોડીને, સર્વથા ભાવલેશ્યાનુસારે પરિણમતી નથી. પણ કાંઈક અંશે જ ભાવલેશ્યા રૂપે પરિણમે છે. તેથી પોતાનું મૂળસ્વરૂપ ક્યારેય સંપૂર્ણતયા અન્યલેશ્યારૂપે બદલાઈ જતું નથી એટલે દેવ-નારકને પોતાના ભવ સુધી દ્રવ્યથી એક જ લેશ્યા હોય છે અને ભાવથી છ માંથી કોઈપણ લેશ્યા હોય છે.**

દા.ત. મહાવીરસ્વામીને ઉપસર્ગ કરી રહેલા સંગમદેવને દ્રવ્યથી તેજોલેશ્યા હોય છે અને ભાવથી કૃષ્ણલેશ્યા હોય છે. તથા નારકોને સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે દ્રવ્યથી અશુભલેશ્યા હોય છે અને ભાવથી શુભલેશ્યા હોય છે.

દેવ-નારકો જે લેશ્યામાં જન્મે છે. તે લેશ્યા તેઓને પૂર્વના ભવમાં લેવા જાય છે અને પરભવમાં મૂકવા પણ જાય છે. તેથી **દેવ-નારકને પૂર્વના ભવનું એક અંતર્મુહૂર્ત અને પરભવનું એક અંતર્મુહૂર્ત સહિત જન્મથી મરણ સુધી એક જ દ્રવ્યલેશ્યા હોય છે.**

**યુગલિક તિર્યંચ-મનુષ્ય** અને **ભવનપતિ-વ્યંતરને** પહેલી-૪, **જ્યોતિષી** અને **પહેલા-બીજા દેવલોક**માં તેજો, **ત્રીજા-ચોથા-પાંચમા દેવલોક**માં પદ્મ અને **છઠ્ઠાથી અનુત્તરદેવ**માં શુક્લલેશ્યા હોય છે. **પહેલી-બીજી નરકમાં કાપોત, ત્રીજીનરક**માં કાપોત-નીલ, **ચોથી નરક**માં નીલ, **પાંચમી નરકમાં** નીલ-કૃષ્ણ, **છઠ્ઠી નરકમાં** કૃષ્ણ અને **સાતમી નરક**માં તીવ્રકૃષ્ણલેશ્યા હોય છે. **એકેન્દ્રિય**ને પહેલી-૪, **વિકલેન્દ્રિય અને અસંજ્ઞી**- પંચેન્દ્રિયને ત્રણ અશુભ લેશ્યા હોય છે અને **સંજ્ઞીતિર્યંચ-મનુષ્યને** છ લેશ્યા હોય છે.

**ભવ્યમાર્ગણા :-**

ભવ્યમાર્ગણા - ૨ પ્રકારે છે.

# લેશ્યામાર્ગણા



(૪) તેજો લેશ્યા
ગુચ્છાનો છેદ
નાનીડાળીનો છેદ
નીલલેશ્યા (૨)
મોટી ડાળીનો છેદ
(૩) કાપોતલેશ્યા
(૧) કૃષ્ણલેશ્યા
જંબૂ વૃક્ષ
(૫) પદ્મલેશ્યા
(૬) શુક્લલેશ્યા
જાંબુને ચૂંટવા
જાંબુ માટે મૂળમાંથી છેદ
નીચે પડેલા જાંબૂ-ભક્ષણ

# સમ્યક્ત્વમાર્ગણા



ક્ષયોપશમસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
ક્ષાયિકસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
ઉપશમસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
મિશ્રસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
સાસ્વાદનસમ્યક્ત્વ
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
મિથ્યાત્વ

(૧) જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા છે, તે **ભવ્ય** કહેવાય છે.
(૨) જે જીવમાં મોક્ષ પામવાની યોગ્યતા જ નથી, તે **અભવ્ય** કહેવાય છે.

**સમ્યક્ત્વમાર્ગણા :-**

સમ્યક્ત્વમાર્ગણા - **૬** પ્રકારે છે.

(૧) દર્શનમોહનીયકર્મના સંપૂર્ણ ક્ષયથી જે અત્યંત વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **ક્ષાયિકસમ્યક્ત્વ** કહેવાય છે.

(૨) દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **ક્ષયોપશમસમ્યક્ત્વ** કહેવાય છે.

(૩) દર્શનમોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થવાથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે **ઉપશમસમ્યક્ત્વ** કહેવાય છે.

(૪) મિશ્રમોહનીયકર્મના ઉદયથી જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે **મિશ્રસમ્યક્ત્વ** કહેવાય છે.

(૫) ઉપશમસમ્યક્ત્વનું વમન કરતી વખતે જે સમ્યક્ત્વનો સ્હેજ સ્વાદ અનુભવાય છે, તે **સાસ્વાદનસમ્યક્ત્વ** કહેવાય છે.

(૬) મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી જે કુદેવમાં સુદેવ, કુગુરુમાં સુગુરુ અને કુધર્મમાં સુધર્મની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તે **મિથ્યાત્વ** કહેવાય છે.

**સંજ્ઞીમાર્ગણા :-**

સંજ્ઞીમાર્ગણા - **૨** પ્રકારે છે.

(૧) દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જીવને **સંજ્ઞી** કહેવાય છે.
(૨) દીર્ઘકાલિકી સંજ્ઞા વિનાના જીવને **અસંજ્ઞી** કહેવાય છે.

**आहारेयर भेया, सुरनरयविभंगमइसुओहिदुगे ।**
**सम्मत्ततिगे पम्हासुक्कासन्नीसु सन्निदुगं ॥१४॥**

आहारेतरौ भेदास्सुरनरकविभङ्गमतिश्रुतावधिद्विके ।
सम्यक्त्वत्रिके पद्माशुक्लासंज्ञिषु संज्ञिद्विकम् ॥१४॥

**ગાથાર્થ :- આહારીમાર્ગણા બે પ્રકારે છે.**

**(૧) આહારક અને (૨) અનાહારક.**

**દેવગતિ, નરકગતિ, વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, ત્રણસમ્યક્ત્વ, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા અને સંજ્ઞી એ-૧૩ માર્ગણામાં અપર્યાપ્તસંજ્ઞી અને પર્યાપ્તસંજ્ઞી એ બે જીવસ્થાનક હોય છે.**

**વિવેચન** :- આહારીમાર્ગણા-૨ પ્રકારે છે.

(૧) જે જીવ ઓજાહારાદિ ત્રણમાંથી કોઇ પણ એક પ્રકારનો આહાર કરે છે, તે **આહારી** કહેવાય છે.


(૨) જે જીવ ઓજાહારાદિ-ત્રણમાંથી એકે ય પ્રકારના આહારને કરતો નથી, તે **અણાહારી** કહેવાય છે.

(૧)

## -: માર્ગણામાં જીવસ્થાનક :-

દેવગતિમાં અને નરકગતિમાં લબ્ધિ-પર્યાપ્તો સંજ્ઞી જીવ જ ઉત્પન્ન થાય છે. તે જ્યાં સુધી સર્વપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી કરણ-અપર્યાપ્ત કહેવાય છે અને સર્વપર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી પર્યાપ્ત કહેવાય છે. એટલે (૧) **દેવગતિમાર્ગણામાં** અને (૨)


સંજ્ઞીમાર્ગણા
અસંજ્ઞીમાર્ગણા
સંજ્ઞીમાર્ગણા



આહારીમાર્ગણા
આહારીમાર્ગણા
અણાહારીમાર્ગણા
ઓજાહાર
જીવ
કવલાહાર
લોમાહાર
વિગ્રહગતિમાં
જીવ
અણાહારી
જીવ
અયોગીકેવલીભગવંત
અણાહારી
અયોગીકેવલીગુણસ્થાનક
સયોગીકેવલીગુણસ્થાનક
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક
અનિવૃત્તિ ગુણસ્થાનક
અપૂર્વકરણ ગુણસ્થાનક
અપ્રમત્ત ગુણસ્થાનક
પ્રમત્ત ગુણસ્થાનક
દેશવિરતિ ગુણસ્થાનક
સમ્યક્ત્વ ગુણસ્થાનક
મિશ્ર ગુણસ્થાનક
સાસ્વાદન ગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક
કેવલીસમુદ્‌ઘાતમાં
ત્રીજા-ચોથા-પાંચમાં સમયે
જીવ અણાહારી
ક્ષીણમોહગુણસ્થાનક
ઉપશાંતમોહગુણસ્થાનક
સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક
અનિવૃત્તિગુણસ્થાનક
અપૂર્વકરણગુણસ્થાનક
અપ્રમત્તગુણસ્થાનક
પ્રમત્તગુણસ્થાનક
દેશવિરતિગુણસ્થાનક
સમ્યક્ત્વગુણસ્થાનક
મિશ્રગુણસ્થાનક
સાસ્વાદનગુણસ્થાનક
મિથ્યાત્વગુણસ્થાનક

**નરકગતિમાર્ગણામાં** (૧) **કરણ-અપર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિય** અને (૨) **પર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિય** એ બે જ જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનકો ન હોય. કારણકે દેવગતિમાર્ગણામાં અને નરકગતિમાર્ગણામાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થતા નથી. તેથી દેવગતિ માર્ગણામાં અને નરકગતિમાર્ગણામાં (૧) અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય, (૨) પર્યાપ્તસૂક્ષ્મ-એકેન્દ્રિય, (૩) અપર્યાપ્તબાદરએકેન્દ્રિય, (૪) પર્યાપ્તબાદરએકેન્દ્રિય, (૫) અપર્યાપ્તબેઇન્દ્રિય, (૬) પર્યાપ્તબેઇન્દ્રિય, (૭) અપર્યાપ્તતેઇન્દ્રિય, (૮) પર્યાપ્તતેઇન્દ્રિય, (૯) અપર્યાપ્તચઉરિન્દ્રિય, (૧૦) પર્યાપ્ત-ચઉરિન્દ્રિય, (૧૧) અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય, (૧૨) પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્ત સંજ્ઞી જીવસ્થાનક ન હોય.

**વિભંગજ્ઞાન લબ્ધિ-પર્યાપ્તા સંજ્ઞીજીવને જ ઉત્પન્ન થઇ શકે છે.** તેમાં પણ કર્મગ્રન્થકાર ભગવંતના મતે સંજ્ઞીતિર્યંચ-મનુષ્યને વિભંગજ્ઞાન પર્યાપ્તાવસ્થામાં જ હોય છે અને દેવ-નરકને વિભંગજ્ઞાન પર્યાપ્તાવસ્થામાં અને અપર્યાપ્તાવસ્થામાં પણ હોય છે. તેથી **વિભંગજ્ઞાનમાર્ગણામાં (૧) કરણ-અપર્યાપ્તસંજ્ઞી અને (૨) પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનકો ન હોય. કારણકે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞી જીવોને વિભંગજ્ઞાન ઉત્પન્ન થતું નથી. તેથી વિભંગજ્ઞાનમાર્ગણામાં અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨ અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક ન હોય.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન સમ્યગ્દષ્ટિ જીવને જ હોય છે. દેવ-નારકીમાંથી નીકળેલા તીર્થંકર ત્રણ જ્ઞાન

સહિત મનુષ્યમાં જન્મે છે અને સમ્યગ્દષ્ટિ દેવ-નારકને પણ અપર્યાપ્તાવસ્થામાં જ અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે. તેથી (૧) **મતિજ્ઞાન,** (૨) **શ્રુતજ્ઞાન,** (૩) **અવધિજ્ઞાન** અને (૪) **અવધિદર્શનમાર્ગણામાં કરણ-અપર્યાપ્તસંજ્ઞી અને પર્યાપ્તસંજ્ઞી એ બે જીવસ્થાનક હોય છે.** બાકીના જીવસ્થાનકો ન હોય. કારણકે એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞીને સમ્યક્ત્વ ન હોવાથી, મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શન હોતું નથી. તેથી મતિજ્ઞાનાદિ-૪ માર્ગણામાં અપર્યાપ્ત-સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨ અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક ન હોય.

લબ્ધિ-પર્યાપ્તસંજ્ઞી જીવને ક્ષાયિકસમ્યક્ત્વ પર્યાપ્તાવસ્થામાં હોય છે અને અપર્યાપ્તાવસ્થામાં પણ હોય છે. એટલે **ક્ષાયિકસમ્યક્ત્વ-માર્ગણામાં** (૧) **કરણ-અપર્યાપ્તસંજ્ઞી** અને (૨) **પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક** હોય છે. બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞીપંચેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞીજીવને સમ્યક્ત્વ હોતું નથી. એટલે ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં અપર્યાપ્ત-સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨ અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક ન હોય.

લબ્ધિ-પર્યાપ્ત સંજ્ઞીજીવને ક્ષયોપશમસમ્યક્ત્વ પર્યાપ્તાવસ્થામાં જ ઉત્પન્ન થાય છે. અપર્યાપ્તાવસ્થામાં ઉત્પન્ન થતું નથી પણ **કર્મગ્રન્થકાર ભગવંતના મતે ક્ષાયોપશમિકસમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્ય ક્ષયોપશમ-સમ્યક્ત્વને લઈને વૈમાનિકદેવમાં ઉત્પન્ન થાય છે અને ક્ષાયોપશમિક-સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકો ક્ષયોપશમસમ્યક્ત્વ લઈને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તથા સિદ્ધાંતકાર ભગવંતના મતે ક્ષાયોપશમિકસમ્યગ્દૃષ્ટિ જીવ ચારેગતિમાંથી કોઈપણ ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે.** તેથી સંજ્ઞીજીવને અપર્યાપ્તાવસ્થામાં પણ ક્ષયોપશમસમ્યક્ત્વ હોય છે. તેથી **ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં** (૧) **કરણ-અપર્યાપ્તસંજ્ઞી** અને (૨)

**પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનકો** હોય છે. બાકીના જીવોને સમ્યક્ત્વ હોતું નથી. એટલે ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨ અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક ન હોય.

ઉપશમસમ્યક્ત્વ-૨ પ્રકારે છે. (૧) **ગ્રન્થિભેદજન્ય ઉપશમ સમ્યક્ત્વ** અને (૨) **શ્રેણીગતઉપશમસમ્યક્ત્વ**... તેમાંથી ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યક્ત્વી મરણ પામતો નથી. તેથી તે સમ્યક્ત્વ લઈને પરભવમાં જવાનું હોતું નથી. એટલે અપર્યાપ્તાવસ્થામાં ગ્રન્થિભેદજન્ય ઉપશમ-સમ્યક્ત્વ હોતું નથી. પણ શ્રેણીગત ઉપશમસમ્યક્ત્વ હોય છે. કારણકે [૧૫]**સપ્તતિકાની ચૂર્ણીમાં** કહ્યું છે કે **"જે મનુષ્ય ઉપશમશ્રેણીમાં આયુષ્ય પૂર્ણ થઈ જવાથી મરણ પામે છે. તે ઉપશમસમ્યક્ત્વ લઈને અનુત્તરદેવમાં ઉત્પન્ન થાય છે."** ત્યાં તેને અપર્યાપ્તાવસ્થામાં ઉપશમસમ્યક્ત્વ હોય છે. તેથી **ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં કરણ-અપર્યાપ્તસંજ્ઞી અને પર્યાપ્તસંજ્ઞી એ બે જીવસ્થાનક હોય છે.** બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય અને લબ્ધિ-અપર્યાપ્તસંજ્ઞીને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી.. તેથી ઉપશમસમ્યક્ત્વ-માર્ગણામાં અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨ અને લબ્ધિઅપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક ન હોય.

૩ થી **૫** દેવલોકના દેવોને પદ્મલેશ્યા અને છઠ્ઠા દેવલોકથી અનુત્તર સુધીના દેવોને શુક્લલેશ્યા હોય છે અને **"जल्लेसे मरइ तल्लेसे उववज्जई"** એ શાસ્ત્રવચનાનુસારે ૩ થી **૫** દેવલોકના દેવો પદ્મલેશ્યામાં મરણ પામીને, પદ્મલેશ્યા સહિત અને છઠ્ઠા દેવલોકથી અનુત્તર સુધીના દેવો શુક્લલેશ્યામાં મરણ પામીને, શુક્લલેશ્યા સહિત લબ્ધિ-પર્યાપ્તસંજ્ઞીમાં જ ઉત્પન્ન થાય છે. તેથી પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા

---

**૧૫.** भवत्येवापर्याप्तावस्थायामप्यौपशमिकं सम्यक्त्वं ।

માર્ગણામાં **કરણ-અપર્યાપ્તસંજ્ઞી અને પર્યાપ્તસંજ્ઞી એ બે જ જીવ-સ્થાનક હોય છે.** બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે ત્રીજા દેવલોકથી અનુત્તરસુધીના દેવો એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય કે લબ્ધિઅપર્યાપ્ત-સંજ્ઞીમાં ઉત્પન્ન થતા નથી. તેથી એકેન્દ્રિયાદિમાં પરભવમાંથી લાવેલી પદ્મ કે શુક્લલેશ્યા હોતી નથી અને તે ભવમાં ભવસ્વભાવે જ શુભપરિણામ ન આવવાથી શુભલેશ્યા આવતી નથી. તેથી પદ્મલેશ્યા-માર્ગણામાં અને શુક્લલેશ્યામાર્ગણામાં અપર્યાપ્તસૂક્ષ્મ-એકેન્દ્રિયાદિ-**૧૨** અને લબ્ધિઅપર્યાપ્તસંજ્ઞીજીવસ્થાનક ન હોય.

**સંજ્ઞીમાર્ગણામાં (૧) અપર્યાપ્તસંજ્ઞી અને (૨) પર્યાપ્તસંજ્ઞી એ બે જ જીવસ્થાનક હોય છે.** બાકીના અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-**૧૨** જીવસ્થાનક હોતા નથી. કારણકે તે સર્વે અસંજ્ઞી છે. તેથી સંજ્ઞીમાર્ગણામાં ન હોય.

મનુષ્યગતિ અને તેજોલેશ્યાદિમાર્ગણામાં જીવસ્થાનક :-

**तमसन्नि अपज्जजुयं नरे सबायर अपज्ज तेऊए ।**

**थावर इगिंदि पढमा चउ बार असन्नि दु दु विगले ॥१५॥**

तदसंज्ञ्यपर्याप्तयुतं, नरे सबायरापर्याप्तं तेजसि ।

स्थावर एकेन्द्रिये प्रथमानि चत्वारि द्वादशासंज्ञिनि द्वे द्वे विकले ॥१५॥

**ગાથાર્થ :- મનુષ્યગતિમાં અપર્યાપ્તસંજ્ઞી, પર્યાપ્તસંજ્ઞી અને અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય એ ત્રણ જીવસ્થાનક હોય છે. તેજોલેશ્યામાં અપર્યાપ્તસંજ્ઞી, પર્યાપ્તસંજ્ઞી અને અપર્યાપ્તબાદરએકેન્દ્રિય એ ત્રણ જીવસ્થાનક હોય છે. સ્થાવર અને એકેન્દ્રિયમાર્ગણામાં પહેલા ચાર જીવસ્થાનક હોય છે. અસંજ્ઞીમાર્ગણામાં પહેલા બાર જીવસ્થાનક હોય છે અને વિકલેન્દ્રિયમાંથી એક-એકમાં બે બે જીવસ્થાનક હોય છે.**

**વિવેચન** :- મનુષ્ય-૨ પ્રકારે છે. (૧) **ગર્ભજમનુષ્ય**, અને

(૨) **સંમૂર્ચ્છિમ-મનુષ્ય.....** તેમાંથી ગર્ભજમનુષ્ય સર્વે સંજ્ઞી જ હોય છે. પણ તે અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બે પ્રકારે હોય છે અને સંમૂર્ચ્છિમમનુષ્યો સર્વે અસંજ્ઞી જ હોય છે. તે મનુષ્યની વિષ્ટા, મૂત્ર, કફ, પરૂ, લોહી, ઉલટી, પિત્ત, વીર્ય, નાકનો મેલ, મૃતદેહાદિ અશુચિમાં ઉત્પન્ન થાય છે અને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પહેલા જ મરણ પામી જાય છે. તેથી તે સર્વે લબ્ધિ-અપર્યાપ્તા જ હોય છે. એટલે **મનુષ્યગતિમાર્ગણામાં** (૧) **લબ્ધિ-અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય**, (૨) **અપર્યાપ્તસંજ્ઞી** અને (૩) **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનકો ન હોય. કારણકે અપર્યાપ્ત-સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૦ અને પર્યાપ્તઅસંજ્ઞી પંચેન્દ્રિયજીવો તિર્યંચ જ હોય. તેથી મનુષ્યગતિમાર્ગણામાં ૧૧ જીવસ્થાનક ન હોય.

[૧૬]ભવનપતિથી ઈશાન સુધીના દેવોને તેજોલેશ્યા હોય છે. તે દેવો તેજોલેશ્યા લઈને લબ્ધિ-પર્યાપ્તા બાદર પૃથ્વી, જલ અને પ્રત્યેકવનસ્પતિમાં ઉત્પન્ન થઈ શકે છે. ત્યાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ તેજોલેશ્યા ચાલી જાય છે અને અશુભલેશ્યા આવી જાય છે. એટલે બાદરએકેન્દ્રિયને અપર્યાપ્તાવસ્થામાં જ તેજોલેશ્યા હોય છે. તેથી **તેજોલેશ્યામાર્ગણામાં (૧) કરણ-અપર્યાપ્તબાદરએકેન્દ્રિય (૨) કરણ-અપર્યાપ્તસંજ્ઞી અને (૩) પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનકો ન હોય. કારણકે અપર્યાપ્તબાદરએકેન્દ્રિય સિવાયના સૂક્ષ્મએકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવોને અશુભલેશ્યા જ હોય છે. તેથી તેજોલેશ્યામાર્ગણામાં પર્યાપ્ત-અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય અને પર્યાપ્તબાદરએકેન્દ્રિયાદિ જીવસ્થાનકો ન હોય.

---

૧૬. किण्हा नीला काऊ तेऊलेसा य भवणवंतरिया ।
जोइससोहम्मीसाण तेऊलेसा मुणेयव्वा ॥१९३॥ બૃહત્સંગ્રહણી

**સ્થાવરકાય** = પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય વનસ્પતિકાય અને **એકેન્દ્રિયમાર્ગણામાં** (૧) **અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૨) **પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૩) **અપર્યાપ્તબાદરએકેન્દ્રિય** (૪) **પર્યાપ્તબાદરએકેન્દ્રિય** જીવસ્થાનક હોય છે. બાકીના અપર્યાપ્ત-બેઈન્દ્રિયાદિ-૧૦ જીવસ્થાનકો ન હોય. કારણકે તે જીવો ત્રસ છે. તેથી સ્થાવરકાય અને એકેન્દ્રિયમાર્ગણામાં ન હોય.

**અસંજ્ઞીમાર્ગણામાં** પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના-**૧૨ જીવસ્થાનક** હોય છે. છેલ્લા બે જીવસ્થાનકો ન હોય. કારણકે તે સંજ્ઞી છે. તેથી તે અસંજ્ઞીમાર્ગણામાં ન હોય.

વિકલેન્દ્રિયમાંથી **બેઈન્દ્રિયમાર્ગણામાં** (૧) **અપર્યાપ્તબેઈન્દ્રિય** અને (૨) **પર્યાપ્તબેઈન્દ્રિય** જીવસ્થાનક હોય છે. તે સિવાયના ૧૨ જીવસ્થાનક ન હોય. કારણકે તે બેઈન્દ્રિય નથી. **તેઈન્દ્રિયમાર્ગણામાં** (૧) **અપર્યાપ્તતેઈન્દ્રિય** અને (૨) **પર્યાપ્તતેઈન્દ્રિયજીવો** હોય છે. બાકીના ૧૨ જીવસ્થાનક ન હોય. કારણકે તે તેઈન્દ્રિય નથી. અને **ચઉરિન્દ્રિયમાર્ગણામાં** (૧) **અપર્યાપ્ત ચઉરિન્દ્રિય** અને (૨) **પર્યાપ્ત-ચઉરિન્દ્રિયજીવો** હોય છે. બાકીના-૧૨ જીવસ્થાનક ન હોય. કારણકે તે ચઉરિન્દ્રિય નથી.

ત્રસકાયાદિમાર્ગણામાં જીવસ્થાનક :-

**दसचरमतसे अजयाहारगतिरितणुकसायदुअनाणे ।**
**पढमतिलेसाभवियर अचखुनपुमिच्छि सव्वे वि ॥१६॥**

दश चरमाणि त्रसेऽयताहारकतिर्यक्तनुकषायद्व्यज्ञाने ।
प्रथमत्रिलेश्याभव्येतराऽचक्षुर्नपुंमिथ्यात्वे सर्वाण्यपि ॥१६॥

**ગાથાર્થ :- ત્રસકાયમાં છેલ્લા દશજીવસ્થાનક હોય છે.** (૧)

**અવિરતિ** (૨) **આહારક** (૩) **તિર્યંચગતિ** (૪) **કાયયોગ** (૫) **ચારકષાય** (૯) **મતિઅજ્ઞાન** (૧૦) **શ્રુતઅજ્ઞાન** (૧૧) **કૃષ્ણાદિ-૩ લેશ્યા** (૧૪) **ભવ્ય** (૧૫) **અભવ્ય** (૧૬) **અચક્ષુદર્શન** (૧૭) **નપુંસકવેદ** અને (૧૮) **મિથ્યાત્વ માર્ગણામાં ચૌદજીવસ્થાનકો હોય છે.**

**વિવેચન :-** ત્રસકાયમાર્ગણામાં **અપર્યાપ્તબેઈન્દ્રિયાદિ ૧૦ જીવસ્થાનક** હોય છે. બાકીના અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૪ જીવસ્થાનક ન હોય. કારણકે તે જીવો ત્રસ નથી.

અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયથી અપર્યાપ્તસંજ્ઞી સુધીના જીવોને અવિરતિ જ હોય છે. દેશવિરતિ કે સર્વવિરતિ હોતી નથી. અને પર્યાપ્તસંજ્ઞીમાંથી પણ કેટલાકને અવિરતિ હોય છે. તેથી **અવિરતિ માર્ગણામાં - ૧૪ જીવસ્થાનક** હોય છે.

અયોગી કેવલીભગવંત અને કેવલીસમુદ્ઘાતમાં ૩/૪/૫ સમયે રહેલા સયોગી કેવલી ભગવંત સિવાયના દરેક સંસારીજીવો ઉત્પત્તિના પ્રથમસમયથી માંડીને મૃત્યુ સુધી સ્વશરીરને યોગ્ય પુદ્ગલોનો આહાર કરે છે. તેથી તે સર્વે જીવો આહારી છે. એટલે **આહારીમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક** હોય છે.

એકેન્દ્રિયથી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવો તિર્યંચ હોય છે અને સંજ્ઞીજીવોમાંથી પણ કેટલાક તિર્યંચ હોય છે. તેથી **તિર્યંચગતિમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક** હોય છે.

એકેન્દ્રિયથી સંજ્ઞી સુધીના જીવોને કાર્મણાદિ શરીર અવશ્ય હોય છે. તેથી સર્વે જીવોને કાયયોગ અવશ્ય હોય છે. એટલે **કાયયોગમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક** હોય છે.

એકેન્દ્રિયથી સંજ્ઞી સુધીના જીવને કષાયમોહનીયનો ઉદય હોવાથી ક્રોધાદિ કષાયો અવશ્ય હોય છે. તેથી (૧) **ક્રોધ** (૨) **માન** (૩) **માયા** અને (૪) **લોભમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક હોય છે.**

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને સમ્યક્ત્વ ન હોવાથી મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન હોય છે અને સંજ્ઞી જીવોમાંથી પણ સમ્યક્ત્વ વિનાના જીવોને મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન જ હોય છે. એટલે **મતિ-અજ્ઞાન** અને **શ્રુત-અજ્ઞાનમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક હોય છે.**

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને કૃષ્ણાદિ-૩ અશુભલેશ્યા જ હોય છે અને સંજ્ઞીજીવોને પણ અશુભલેશ્યા હોય છે. તેથી (૧) **કૃષ્ણલેશ્યા** (૨) **નીલલેશ્યા** અને (૩) **કાપોતલેશ્યામાર્ગણામાં ૧૪ જીવસ્થાનક** હોય છે.

અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-**૧૪** જીવસ્થાનકમાંથી એક-એક જીવસ્થાનકમાં કેટલાક જીવો ભવ્ય હોય છે અને કેટલાક જીવો અભવ્ય હોય છે. તેથી **ભવ્ય** અને **અભવ્યમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક** હોય છે.

એકેન્દ્રિયથી છદ્મસ્થસંજ્ઞી સુધીના જીવોને અચક્ષુદર્શન અવશ્ય હોય છે. તેથી **અચક્ષુદર્શનમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક** હોય છે.

એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના જીવોને નપુંસકવેદ જ હોય છે. અને પર્યાપ્ત-[૧૭] અપર્યાપ્ત અસંજ્ઞીજીવોને ભાવવેદની અપેક્ષાએ નપુંસકવેદ જ હોય છે. પણ દ્રવ્યવેદની અપેક્ષાએ ત્રણે વેદ હોય છે. એટલે

---

**૧૭.** સર્વે લબ્ધિ-અપર્યાપ્તાજીવોને નપુંસકવેદ જ હોય છે.

કેટલાક અસંજ્ઞી પંચેન્દ્રિયને અને કેટલાક સંજ્ઞીજીવોને પણ નપુંસકવેદ હોય છે. તેથી **નપુંસકવેદમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક હોય છે.**

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો મિથ્યાદષ્ટિ જ હોય છે અને સંજ્ઞી જીવોમાંથી પણ કેટલાક મિથ્યાદષ્ટિ હોય છે. તેથી **મિથ્યાત્વ**માર્ગણામાં **૧૪ જીવસ્થાનક** હોય છે.

કેવલજ્ઞાનાદિમાર્ગણામાં જીવસ્થાનક :-

**पजसन्नी केवलदुगे, संजममणनाणदेसमणमीसे ।**
**पण चरिम पज्जवयणे, तिय छ व पज्जिअर चखुंमि ॥१७॥**

पर्याप्तसंज्ञी केवलद्विकसंयतमनोज्ञानदेशमनोमिश्रे ।
पञ्चचरमपर्याप्तानि वचने त्रीणि षड् वा पर्याप्तेतराणि चक्षुषि ॥१७॥

ગાથાર્થ :- **કેવલદ્વિક, સામાયિકાદિ-૫ સંયમ, મનઃપર્યવજ્ઞાન, દેશવિરતિ, મનોયોગ અને મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં એક જ પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક હોય છે. વચનયોગમાર્ગણામાં છેલ્લા પાંચ પર્યાપ્ત જીવસ્થાનક હોય છે. ચક્ષુદર્શનમાર્ગણામાં છેલ્લા ત્રણ પર્યાપ્તા હોય છે. અથવા છેલ્લા ત્રણ અપર્યાપ્તા અને ત્રણ પર્યાપ્તા એમ કુલ-૬ જીવસ્થાનક હોય છે.**

**વિવેચન** :- કેવલજ્ઞાન, કેવલદર્શન, સામાયિકાદિ-**૫** ચારિત્ર અને મનઃપર્યવજ્ઞાન સર્વવિરતિધર મહાત્માને જ હોય છે અને સર્વવિરતિ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. તેમજ સંજ્ઞી તિર્યંચ-મનુષ્યોને દેશવિરતિ પણ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. તેથી (૧) **કેવળજ્ઞાન** (૨) **કેવલદર્શન** (૩) **સામાયિકચારિત્ર** (૪) **છેદોપસ્થાપનીયચારિત્ર** (૫) **પરિહારવિશુદ્ધિચારિત્ર** (૬) **સૂક્ષ્મસંપરાયચારિત્ર** (૭) **યથાખ્યાતચારિત્ર** (૮) **મનઃપર્યવજ્ઞાન** અને (૯) **દેશવિરતિમાર્ગણામાં એક જ**

**પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક હોય છે.** બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને ભવસ્વભાવે જ વિરતિના પરિણામ પેદા થતા નથી. તેથી દેશવિરતિ કે સર્વવિરતિ હોતી નથી અને સંજ્ઞીજીવોને પણ સાધિક ૮ વર્ષની ઉંમરે વિરતિના પરિણામ પેદા થઈ શકે છે. તે પહેલા વિરતિના પરિણામ ન હોય. એટલે સંજ્ઞીજીવોને પણ અપર્યાપ્તાવસ્થામાં દેશવિરતિ કે સર્વવિરતિ હોતી નથી અને સર્વવિરતિ વિના કેવલજ્ઞાનાદિ હોતા નથી તેથી કેવલજ્ઞાનાદિ ૯ માર્ગણામાં અપર્યાપ્તસૂક્ષ્મએકન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનક ન હોય.

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને મનઃપર્યાપ્તિ ન હોવાથી મનોયોગ હોતો નથી અને સંજ્ઞીજીવને પણ મનઃપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં જ મનોયોગ હોય છે. તેથી **મનોયોગ માર્ગણામાં** અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનકો ન હોય. માત્ર **એક જ પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક હોય છે.**

મિશ્રગુણઠાણે જ મિશ્રસમ્યક્ત્વ હોય છે. એકેન્દ્રિયથી અસંજ્ઞી સુધીના જીવોને મિશ્રગુણઠાણુ હોતું નથી. તેથી તે જીવોને મિશ્રસમ્યક્ત્વ ન હોય. અને સંજ્ઞીજીવોને પણ મિશ્રગુણઠાણુ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. અપર્યાપ્તાવસ્થામાં હોતું નથી. તેથી કરણ-અપર્યાપ્તસંજ્ઞીને પણ મિશ્રસમ્યક્ત્વ હોતું નથી. એટલે **મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં** અપર્યાપ્ત-સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનક ન હોય. માત્ર **એક જ પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક હોય છે.**

**વચનયોગમાર્ગણામાં** (૧) **પર્યાપ્તબેઈન્દ્રિય** (૨) **પર્યાપ્ત-તેઈન્દ્રિય** (૩) **પર્યાપ્તચઉરિન્દ્રિય** (૪) **પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય** અને

(૫) **પર્યાપ્તસંજ્ઞીપંચેન્દ્રિય** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનકો ન હોય. કારણકે એકેન્દ્રિયને ભાષાપર્યાપ્તિ હોતી નથી. તેથી વચનયોગ ન હોય. અપર્યાપ્તવિકલેન્દ્રિય અને અપર્યાપ્તઅસંજ્ઞીજીવોને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થતી નથી. એટલે વચનયોગ ન હોય. અને કરણ-અપર્યાપ્તસંજ્ઞીજીવોને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવાથી વચનબળ [બોલવાની શક્તિ] પ્રાપ્ત થાય છે. પણ ગ્રન્થકાર ભગવંતની માન્યતા મુજબ જ્યાં સુધી સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જિહ્વેન્દ્રિય સ્વકાર્ય કરવામાં સમર્થ બનતી નથી. તેથી ભાષાપર્યાપ્તિ પૂર્ણ થવા છતાં પણ જીવ બોલવાની ક્રિયા કરી શકતો નથી. એટલે સંજ્ઞીને અપર્યાપ્તાવસ્થામાં વચનયોગ હોતો નથી. તેથી **વચનયોગ માર્ગણામાં** (૧) અપર્યાપ્તસૂક્ષ્મ-એકેન્દ્રિય (૨) અપર્યાપ્તબાદરએકેન્દ્રિય (૩) અપર્યાપ્તબેઇન્દ્રિય (૪) અપર્યાપ્તતેઇન્દ્રિય (૫) અપર્યાપ્તચઉરિન્દ્રિય (૬) અપર્યાપ્તઅસંજ્ઞી (૭) અપર્યાપ્તસંજ્ઞી (૮) પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય અને (૯) પર્યાપ્તબાદરએકેન્દ્રિય જીવસ્થાનક ન હોય.

ચક્ષુદર્શન આંખવાળા જીવને જ હોય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયજીવોને આંખ ન હોવાથી ચક્ષુદર્શન હોતું નથી અને ચઉરિન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિયજીવોને આંખો હોવાથી ચક્ષુદર્શન હોય છે પણ **કર્મગ્રંન્થકારાદિ આચાર્ય મહારાજનું એવું માનવું છે કે, ચક્ષુદર્શન પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિને જ હોય છે. અપર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિને હોતું નથી.** કારણકે જે શક્તિથી જીવ ધાતુરૂપે પરિણમેલા આહારને ઇન્દ્રિયરૂપે પરિણમાવે છે. તે શક્તિનું નામ ઇન્દ્રિયપર્યાપ્તિ છે. આ વ્યાખ્યાનુસારે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા

---

૧૮. पज्जचउरिंदिअसन्निसुदुदंस दुअनाण... ॥६॥ [ચોથો કર્મગ્રન્થ]

ગ્રન્થકારભગવંતાદિનાં મતે પર્યાપ્તાચઉરિન્દ્રિયાદિ-ત્રણમાં જ ચક્ષુદર્શન હોય છે.

પછી ઇન્દ્રિયની રચના થઇ જાય છે. પણ જ્યાં સુધી સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી અપર્યાપ્તાવસ્થામાં તે ઇન્દ્રિય સ્વકાર્ય [સ્વવિષયનો બોધ] કરી શકતી નથી. એટલે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી આંખો તૈયાર થઇ જવા છતાં પણ જ્યાં સુધી બાકીની પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી અપર્યાપ્તાવસ્થામાં તે આંખો જોવાનું કાર્ય કરી શકતી નથી. તેથી ચઉરિન્દ્રિયાદિને અપર્યાપ્તાવસ્થામાં આંખો હોવા છતાં ચક્ષુદર્શન હોતું નથી. એટલે ચક્ષુદર્શનમાર્ગણામાં અપર્યાપ્તસૂક્ષ્મ એકેન્દ્રિયાદિ-૧૧ જીવસ્થાનક ન હોય. માત્ર (૧) **પર્યાપ્તચઉરિન્દ્રિય** (૨) **પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય** અને (૩) **પર્યાપ્તસંજ્ઞી એ ત્રણ જ જીવસ્થાનક હોય છે.**

[૧૯]**પંચસંગ્રહકારાદિ આચાર્ય મહારાજનું એવુ માનવું છે કે,** ચક્ષુદર્શન અપર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિને પણ હોય છે. કારણકે જે શક્તિથી જીવ ધાતુરૂપે પરિણમેલા આહારને ઇન્દ્રિયરૂપે પરિણમાવીને, સ્વવિષયને જાણવામાં સમર્થ બને છે, તે ઇન્દ્રિયપર્યાપ્તિ કહેવાય છે. આ વ્યાખ્યાનુસારે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઇન્દ્રિયો તૈયાર થઇ જાય છે. તે વખતે બાકીની પર્યાપ્તિ પૂર્ણ ન થઇ હોવા છતાં પણ તે ઇન્દ્રિય સ્વકાર્ય [સ્વવિષયનો બોધ] કરી શકે છે. એટલે લબ્ધિ-પર્યાપ્ત ચઉરિન્દ્રિયાદિજીવોને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પછી આંખો તૈયાર થઇ જાય છે. તે વખતે બાકીની પર્યાપ્તિ પૂર્ણ ન થઇ હોવા છતાં પણ અપર્યાપ્તાવસ્થામાં જ આંખો જોવાનું કાર્ય કરી શકે છે. એટલે અપર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિને પણ ચક્ષુદર્શન હોય છે. તેથી **ચક્ષુદર્શનમાર્ગણામાં**

---

૧૯. करणापर्याप्तकेष्विन्द्रियपर्याप्तौ सत्यां तेषां चक्षुर्दर्शनं भवति ।

પૂજ્યશ્રી ચંદ્રમહત્તરાચાર્ય મહારાજાદિનાં મતે અપર્યાપ્તચઉરિન્દ્રિયાદિ-૩ અને પર્યાપ્તા ચઉરિન્દ્રિયાદિ-૩ એમ કુલ છ જીવસ્થાનકમાં ચક્ષુદર્શન હોય છે.

[પંચસંગ્રહભાગ-૧માં ગાથા નં.૮ની સ્વોપજ્ઞટીકા]

(૧) **કરણ-અપર્યાપ્તચઉરિન્દ્રિય** (૨) **કરણ-અપર્યાપ્તઅસંજ્ઞી** (૩) **કરણ-અપર્યાપ્તસંજ્ઞી** (૪) **પર્યાપ્તચઉરિન્દ્રિય** (૫) **પર્યાપ્તઅસંજ્ઞી** અને (૬) **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે.

સ્ત્રીવેદાદિમાર્ગણામાં જીવસ્થાનક :-

**थीनरपणिंदि चरमा चउ अणहारे दुसंनि छ अपज्जा ।**
**ते सुहुमअपज्ज विणा सासणि इत्तो गुणे वुच्छं ॥१८॥**

स्त्रीनरपञ्चेन्द्रिये चरमाणि, चत्वार्यनाहारके द्वौ संज्ञिनौ षड् पर्याप्ताः ।
ते सूक्ष्मापर्याप्तं विना, सास्वादन इतो गुणान् वक्ष्ये ॥१८॥

**ગાથાર્થ :- સ્ત્રીવેદ, પુરુષવેદ, અને પંચેન્દ્રિયમાર્ગણામાં છેલ્લા ચાર જીવસ્થાનક હોય છે. અણાહારીમાર્ગણામાં અપર્યાપ્તસંજ્ઞી, પર્યાપ્તસંજ્ઞી અને છ અપર્યાપ્તા એમ કુલ-૮ જીવસ્થાનક હોય છે. તેમાંથી અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય વિનાના-૭ જીવસ્થાનક સાસ્વાદન-સમ્યક્ત્વમાં હોય છે. હવે માર્ગણાસ્થાનમાં ગુણઠાણાને કહીશું.**

**વિવેચન** :- અસંજ્ઞી પંચેન્દ્રિયને [૨૦]**સિદ્ધાંતકાર ભગવંતે** ભાવવેદની અપેક્ષાએ નપુંસકવેદી કહ્યાં છે અને [૨૧]**કર્મગ્રન્થકાર ભગવંતે** દ્રવ્યવેદની અપેક્ષાએ સ્ત્રીવેદી અને પુરુષવેદી પણ કહ્યાં છે. તેથી **સ્ત્રીવેદમાર્ગણામાં** અને **પુરુષવેદમાર્ગણામાં** (૧) **કરણ-અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય** (૨) **પર્યાપ્તઅસંજ્ઞી પંચેન્દ્રિય** (૩) **કરણ-અપર્યાપ્ત-સંજ્ઞી** અને (૪) **પર્યાપ્તસંજ્ઞીજીવસ્થાનક** હોય છે. બાકીના જીવસ્થાનક

---

२०. तेणं भंते असनिपंचेदियतिरिक्खजोणिया किं इत्थिवेयगा पुरिसवेयगा नपुंसकवेयगा ? गोयमा ! नो इत्थिवेयगा नो पुरिसवेयगा, नपुंसकवेयगा । ભગવતીસૂત્ર.

२१. यद्यपि चासंज्ञिपर्याप्तापर्याप्तौ नपुंसकौ तथापि स्त्रीपुंसलिङ्गाकार मात्रमङ्गीकृत्य स्त्रीपुंसावुक्ताविति । [પંચસંગ્રહ દ્વાર-૧માં ગાથા નં.૨૪ની સ્વોપજ્ઞટીકા]

ન હોય. કારણકે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયજીવોને નપુંસકવેદ જ હોય છે. સ્ત્રીવેદ કે પુરુષવેદ હોતો નથી. તેથી સ્ત્રીવેદ અને પુરુષવેદમાર્ગણામાં અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૦ જીવસ્થાનક ન હોય.

**પંચેન્દ્રિયમાર્ગણામાં** (૧) **અપર્યાપ્ત અસંજ્ઞી** (૨) **પર્યાપ્તઅસંજ્ઞી** (૩) **અપર્યાપ્તસંજ્ઞી** અને (૪) **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયજીવો પંચેન્દ્રિય નથી. તેથી પંચેન્દ્રિયમાર્ગણામાં અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૦ જીવસ્થાનક ન હોય.

વિગ્રહગતિમાં દરેકજીવો અણાહારી હોય છે. તથા સયોગીકેવલી ભગવંતો કેવલીસમુદ્ઘાતમાં ત્રીજા-ચોથા-પાંચમા સમયે અણાહારી હોય છે અને અયોગીકેવલી ભગવંતો પણ અણાહારી હોય છે. તેથી **અણાહારીમાર્ગણામાં** (૧) **અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૨) **અપર્યાપ્ત બાદરએકેન્દ્રિય** (૩) **અપર્યાપ્ત બેઇન્દ્રિય** (૪) **અપર્યાપ્ત તેઇન્દ્રિય** (૫) **અપ૦ચઉરિન્દ્રિય** (૬) **અપ૦અસંજ્ઞી પંચેન્દ્રિય** (૭) **અપ૦સંજ્ઞી** અને (૮) **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે કોઇપણ જીવ ઉત્પત્તિસ્થાને આવ્યા પછી પ્રથમસમયથી માંડીને મરણ સમય સુધી સતત સ્વશરીરને યોગ્ય પુદ્ગલોનો આહાર કરે છે. તેથી પર્યાપ્તાવસ્થામાં એકેન્દ્રિયથી અસંજ્ઞી સુધીના જીવો આહારી જ હોય છે. અણાહારી ન હોય. એટલે અણાહારીમાર્ગણામાં (૧) પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય (૨) પર્યાપ્તબાદર એકેન્દ્રિય (૩) પર્યાપ્તબેઇન્દ્રિય (૪) પર્યાપ્તતેઈન્દ્રિય (૫) પર્યાપ્તચઉરિન્દ્રિય (૬) પર્યાપ્તઅસંજ્ઞી પંચેન્દ્રિય જીવસ્થાનક ન હોય.

જે જીવ ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદનગુણઠાણે આવ્યા

પછી આયુષ્ય પૂર્ણ થઇ જવાથી મરણ પામે છે, તે સાસ્વાદનગુણઠાણુ લઇને બાદરએકેન્દ્રિય વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞીમાં ઉત્પન્ન થઇ શકે છે. ત્યાં તેને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ સાસ્વાદનગુણઠાણુ જતું રહે છે. એટલે બાદર એકેન્દ્રિયાદિને અપર્યાપ્તાવસ્થામાં જ સાસ્વાદનગુણઠાણુ હોઇ શકે છે અને સંજ્ઞીજીવને પર્યાપ્તાવસ્થામાં પણ સાસ્વાદનગુણઠાણુ પ્રાપ્ત થઇ શકે છે. તેથી **સાસ્વાદનસમ્યક્ત્વમાર્ગણામાં** (૧) **કરણ-અપર્યાપ્ત બાદરએકેન્દ્રિય** (૨) **કરણ-અપર્યાપ્ત બેઇન્દ્રિય** (૩) **કરણ-અપર્યાપ્ત તેઇન્દ્રિય** (૪) **કરણ-અપર્યાપ્ત ચઉરિન્દ્રિય** (૫) **કરણ-અપર્યાપ્ત અસંજ્ઞી પંચે૦** (૬) **કરણ-અપર્યાપ્ત સંજ્ઞી** અને (૭) **પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનકો હોય છે.** બાકીના જીવસ્થાનકો ન હોય. કારણકે સૂક્ષ્મએકેન્દ્રિયાદિજીવોને ભવ સ્વભાવે જ વિશુદ્ધ પરિણામ પ્રાપ્ત થતો ન હોવાથી સાસ્વાદનાદિગુણઠાણા ન હોય. તેથી સાસ્વાદનસમ્યક્ત્વ-માર્ગણામાં. (૧) અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય (૨) પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય (૩) પર્યાપ્તબાદરએકેન્દ્રિય (૪) પર્યાપ્તબેઇન્દ્રિય (૫) પર્યાપ્તતેઇન્દ્રિય (૬) પર્યાપ્તચઉરિન્દ્રિય (૭) પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય જીવસ્થાનક ન હોય.

હવે માર્ગણાસ્થાનમાં ગુણઠાણા કહીશું......

## -: માર્ગણામાં જીવસ્થાનક :-

| માર્ગણાનું નામ | કેટલા જીવભેદ હોય ? |
|---|---|
| દેવગતિ | (૧) કરણ-અપર્યાપ્તસંજ્ઞી (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| મનુષ્યગતિ | (૧) અપર્યાપ્તઅસંજ્ઞી, (૨)અપર્યાપ્તસંજ્ઞી, (૩) પર્યાપ્તસંજ્ઞી. |
| તિર્યંચગતિ | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪ |
| નરકગતિ | (૧) કરણ-અપર્યાપ્તસંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| એકેન્દ્રિય | (૧) અપ૦સૂ૦એકે૦ (૨) પર્યા૦સૂ૦એ૦ (૩) અ૦બા૦એકે૦ (૪) પર્યા૦બા૦એ૦ |

| માર્ગણાનું નામ | કેટલા જીવભેદ હોય ? |
|---|---|
| બેઈન્દ્રિય | (૧) અપર્યાપ્તબેઈન્દ્રિય, (૨) પર્યાપ્તબેઈન્દ્રિય. |
| તેઈન્દ્રિય | (૧) અપર્યાપ્તતેઈન્દ્રિય (૨) પર્યાપ્તતેઈન્દ્રિય. |
| ચઉરિન્દ્રિય | (૧) અપર્યાપ્ત ચઉરિન્દ્રિય, (૨) પર્યાપ્તચઉરિન્દ્રિય. |
| પંચેન્દ્રિય | (૧) અપર્યાપ્ત અસંજ્ઞી, (૨) પર્યાપ્ત અસંજ્ઞી, (૩) અપર્યાપ્ત સંજ્ઞી, (૪) પર્યાપ્ત સંજ્ઞી. |
| સ્થાવરકાય-૫ | (૧) અ૦સૂક્ષ્મએકે૦ (૨) પર્યાપ્તસૂક્ષ્મ એકે૦ (૩) અપ૦ બા૦ એકે૦ (૪) પર્યાપ્ત બા૦ એકે૦ |
| ત્રસકાય | અપર્યાપ્તબેઈન્દ્રિયાદિ-૧૦ |
| મનયોગ | પર્યાપ્તસંજ્ઞી. |
| વચનયોગ | (૧) પર્યા૦ બેઈન્દ્રિય (૨) પર્યાપ્ત તેઈન્દ્રિય (૩) પર્યા૦ ચઉરિન્દ્રિય (૪) પર્યા૦ અસંજ્ઞીપંચેન્દ્રિય (૫) પર્યા૦સંજ્ઞી. |
| કાયયોગ | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| પુરુષવેદ | (૧) અપ૦ અસંજ્ઞી (૨) પર્યા૦ અસંજ્ઞી (૩) અપ૦ સંજ્ઞી (૪) પર્યા૦ સંજ્ઞી. |
| સ્ત્રીવેદ | (૧) અપ૦ અસંજ્ઞી (૨) પર્યા૦ અસંજ્ઞી (૩) અપ૦ સંજ્ઞી (૪) પર્યા૦ સંજ્ઞી. |
| નપુંસકવેદ | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| ક્રોધાદિ-૪ | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| મત્યાદિ-૩જ્ઞાન | (૧) કરણ-અપર્યાપ્ત સંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| મનઃપર્યવજ્ઞાન | પર્યાપ્તસંજ્ઞી. |
| કેવલજ્ઞાન | પર્યાપ્તસંજ્ઞી. |
| મતિઅ૦,શ્રુત-અ૦ | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| વિભંગજ્ઞાન | કરણ-અપર્યાપ્તસંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| સામાયિકાદિ-૬ | પર્યાપ્તસંજ્ઞી. |
| અવિરતિ | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |

| માર્ગણાનું નામ | કેટલા જીવભેદ હોય ? |
|---|---|
| ચક્ષુદર્શન | (૧) પર્યાપ્તચઉ૦ (૨) પર્યાપ્તઅસંજ્ઞી, (૩) પર્યાપ્તસંજ્ઞી |
| મતાંતરે | પર્યા૦ ચઉરિન્દ્રિયાદિ-૩ અને કરણ-અપ૦ચઉરિન્દ્રિયાદિ-૩ |
| અચક્ષુદર્શન | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| અવધિદર્શન | (૧) કરણ-અપર્યાપ્તસંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| કેવલદર્શન | પર્યાપ્તસંજ્ઞી. |
| કૃષ્ણાદિ-૩ | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| તેજોલેશ્યા | (૧)કરણ-અપર્યાપ્ત બાદરએકે૦(૨)કરણઅપર્યાપ્તસંજ્ઞી (૩) પર્યાપ્તસંજ્ઞી. |
| પદ્મ-શુક્લ | (૧) કરણ-અપર્યાપ્તસંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| ભવ્ય, અભવ્ય | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| ક્ષાયોપશમિક | (૧) કરણ-અપ૦સંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| ક્ષાયિક | (૧) કરણ-અપ૦સંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| ઉપશમસમ્યક્ત્વ | (૧) કરણ અપ૦સંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| મિશ્રસમ્યક્ત્વ | પર્યાપ્તસંજ્ઞી. |
| સાસ્વાદન સમ્યક્ત્વ | (૧) અ૦ બા૦ એકે૦ (૨) અ૦ બેઇ૦ (૩) અ૦ તેઇ૦ (૪) અ૦ ચઉ૦ (૫) અ૦અસંજ્ઞી (૬) અ૦સંજ્ઞી (૭) પર્યા૦સંજ્ઞી. |
| મિથ્યાત્વ | અપર્યાપ્તસૂક્ષ્મંએકેન્દ્રિયાદિ-૧૪. |
| સંજ્ઞી | (૧) અપર્યાપ્તસંજ્ઞી, (૨) પર્યાપ્તસંજ્ઞી. |
| અસંજ્ઞી | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨. |
| આહારી | અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૪. |
| અણાહારી | (૧) અપ૦ સૂ૦ એકે૦ (૨) અપ૦ બા૦ એકે૦ (૩) અપ૦ બેઇન્દ્રિય (૪) અપ૦તેઇ૦ (૫) અપ૦ચઉ૦ (૬) અપર્યાપ્તઅસંજ્ઞી (૭) અપર્યાપ્તસંજ્ઞી (૮) પર્યાપ્તસંજ્ઞી. |

## (૨)
## -: માર્ગણામાં ગુણસ્થાનક :-

તિર્યંચગત્યાદિમાર્ગણામાં ગુણઠાણા :-

**पणतिरिचउसुरनिरए, नरसंनिपणिंदिभव्वतसिसव्वे ।**
**इगविगल भूदगवणे, दु दु एगं गइतसअभव्वे ॥१९॥**

पञ्चतिरश्चि चत्वारि सुरनरके, नरसंज्ञिपञ्चेन्द्रियभव्यत्रसे सर्वाणि ।
एकविकलभूदकवने द्वे द्वे एकं गतित्रसाभव्ये ॥१९॥

**ગાથાર્થ :- તિર્યંચગતિમાં પાંચગુણઠાણા હોય છે. દેવ-નરકગતિમાં ચારગુણઠાણા હોય છે. મનુષ્યગતિ, સંજ્ઞી, પંચેન્દ્રિય, ભવ્ય અને ત્રસકાયમાં સર્વે ગુણઠાણા હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, જલકાય, અને વનસ્પતિકાયમાં બે બે ગુણઠાણા હોય છે અને ગતિત્રસ તથા અભવ્યમાં એક જ ગુણઠાણુ હોય છે.**

**વિવેચન :-** સંજ્ઞીતિર્યંચો દેશવિરતિને પ્રાપ્ત કરી શકે છે પણ સર્વવિરતિને ભવસ્વભાવે પ્રાપ્ત કરી શકતા નથી. તેથી **તિર્યંચગતિ-માર્ગણામાં ૧થી૫ ગુણઠાણા** જ હોય છે. છટ્ઠું વગેરે ગુણઠાણા ન હોય.

દેવ-નારકો સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકે છે. પણ દેશવિરતિ કે સર્વવિરતિને ભવસ્વભાવે પ્રાપ્ત કરી શકતા નથી. એટલે **દેવગતિમાર્ગણામાં અને નરકગતિમાર્ગણામાં ૧ થી ૪ ગુણઠાણા** જ હોય છે પાંચમું વગેરે ગુણઠાણા ન હોય.

ગર્ભજ મનુષ્યો અતિસંક્લિષ્ટથી માંડીને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ સુધીના સર્વે શુભાશુભભાવોને પ્રાપ્ત કરી શકે છે. તેથી **મનુષ્યગતિમાર્ગણામાં ૧થી ૧૪ ગુણઠાણા** હોય છે.

સંજ્ઞીપંચેન્દ્રિયજીવોમાં દેવ, નારક, સંજ્ઞીતિર્યંચ અને મનુષ્યોનો સમાવેશ થાય છે. તેમાંથી મનુષ્યો સર્વે શુભાશુભ પરિણામને પ્રાપ્ત કરી શકે છે. તેથી **સંજ્ઞીમાર્ગણામાં ૧થી ૧૪ ગુણઠાણા** હોય છે.

પંચેન્દ્રિયજીવોમાં અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિયજીવોનો સમાવેશ થાય છે. તેમાંથી અસંજ્ઞીપંચેન્દ્રિયમાં અસંજ્ઞીતિર્યંચપંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમમનુષ્યોનો જ સમાવેશ થાય છે. પણ સંજ્ઞીપંચેન્દ્રિયમાં દેવ-નારક અને ગર્ભજ તિર્યંચ-મનુષ્યોનો સમાવેશ થાય છે. તેમાંથી ગર્ભજ મનુષ્યો મિથ્યાત્વથી માંડીને અયોગીકેવલી સુધીના સર્વે ભાવોને પ્રાપ્ત કરી શકે છે તેથી **પંચેન્દ્રિયમાર્ગણામાં ૧થી ૧૪ ગુણઠાણા** હોય છે.

ભવ્ય અને ત્રસજીવોમાં પણ દેવ-નારક અને તિર્યંચ-મનુષ્યનો સમાવેશ થાય છે. તેમાંથી મનુષ્યો સર્વે શુભાશુભ પરિણામને પ્રાપ્ત કરી શકે છે. તેથી **ભવ્ય અને ત્રસમાર્ગણામાં ૧થી૧૪ ગુણઠાણા** હોય છે.

જે સંજ્ઞીજીવે એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયતિર્યંચનું આયુષ્ય બાંધ્યુ હોય, તે કાલાન્તરે ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદનગુણઠાણે આવ્યા પછી જો આયુષ્ય પૂર્ણ થવાથી મરણ પામે, તો તે જીવ સાસ્વાદનગુણઠાણુ લઈને લબ્ધિ-પર્યાપ્તા પૃથ્વી-જલ કે પ્રત્યેક વનસ્પતિરૂપ એકેન્દ્રિય કે વિકલેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને કાંઈક ન્યૂન છ આવલિકા કાળ સુધી સાસ્વાદનગુણઠાણુ રહે છે. પછી મિથ્યાત્વગુણઠાણુ આવી જાય છે. તેથી (૧) **પૃથ્વીકાય** (૨) **જલકાય** (૩) **વનસ્પતિકાય** (૪) **એકેન્દ્રિય** (૫) **બેઈન્દ્રિય** (૬) **તેઈન્દ્રિય** અને (૭) **ચઉરિન્દ્રિય-માર્ગણામાં પહેલું** અને **બીજુ** એ બે જ ગુણઠાણા હોય છે. બાકીના

ગુણઠાણા ન હોય. કારણકે તે જીવોને ભવસ્વભાવે જ વિશુદ્ધ પરિણામ આવતો નથી. તેથી સમ્યક્ત્વાદિગુણઠાણાને પ્રાપ્ત કરી શકતા નથી.

**તેઉકાય અને વાઉકાયમાર્ગણામાં એક જ મિથ્યાત્વગુણઠાણુ** હોય છે. સાસ્વાદનાદિગુણઠાણા ન હોય. કારણકે કોઈપણ જીવ સાસ્વાદનભાવ લઈને તેઉકાય અને વાઉકાયમાં ઉત્પન્ન થઈ શકતો નથી. તેમજ તે જીવો ભવસ્વભાવે જ ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી સાસ્વાદનાદિગુણઠાણા ન હોય.

**અભવ્યમાર્ગણામાં એક જ મિથ્યાત્વગુણઠાણુ** હોય છે. સાસ્વાદનાદિગુણઠાણા ન હોય. કારણકે તે જીવોને તથાસ્વભાવે જ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી. અને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થયા વિના સાસ્વાદનાદિગુણઠાણે આવી શકાતું નથી.

વેદાદિમાર્ગણામાં ગુણસ્થાનક :-

**वेयतिकसाय नव दस, लोभे चउ अजय दु ति अनाणतिगे ।**
**बारस अचक्खु चक्खुसु, पढमा अहखाइ चरम चउ ॥२०॥**

वेदत्रिकषाये नव दश लोभे चत्वार्ययते द्वे त्रीण्यज्ञानत्रिके ।
द्वादशाचक्षुश्चक्षुषोः प्रथमानि यथाख्याते चरमाणि चत्वारि ॥२०॥

**ગાથાર્થ :- ત્રણવેદ અને ત્રણકષાયમાં પહેલા નવ ગુણઠાણા હોય છે. લોભમાં દસગુણઠાણા હોય છે. અવિરતિમાં ચારગુણઠાણા હોય છે. ત્રણ અજ્ઞાનમાં પહેલા બે અથવા ત્રણ ગુણઠાણા હોય છે. અચક્ષુદર્શન અને ચક્ષુદર્શનમાં પહેલા બાર ગુણઠાણા હોય છે અને યથાખ્યાતચારિત્રમાં છેલ્લા ચાર ગુણઠાણા હોય છે.**

**વિવેચન :-** જ્યાં સુધી વેદનો ઉદય હોય છે. ત્યાં સુધી જ

વેદમાર્ગણા હોય છે અને જ્યાં સુધી કષાયનો ઉદય હોય છે. ત્યાં સુધી જ કષાયમાર્ગણા હોય છે. એ નિયમાનુસારે વેદત્રિક અને સંજ્વલન ક્રોધાદિ-૩ નો ઉદય નવમા ગુણઠાણા સુધી હોવાથી **વેદત્રિક અને સં૦ક્રોધાદિ-૩ માર્ગણામાં ૧ થી ૯ ગુણઠાણા જ હોય છે. ૧૦મું** વગેરે ગુણઠાણા ન હોય.

સંજ્વલનલોભનો ઉદય **૧૦**મા ગુણઠાણા સુધી જ હોય છે. તેથી **સં૦લોભમાર્ગણામાં ૧થી૧૦ ગુણઠાણા** જ હોય છે. **૧૧**મું વગેરે ગુણઠાણા ન હોય.

**અવિરતિમાર્ગણામાં ૧થી ૪ ગુણઠાણા હોય છે.** પાંચમું વગેરે ગુણઠાણા ન હોય. કારણકે દેશવિરતિધરને પાંચમું અને સર્વવિરતિધરને પ્રમત્તાદિ ગુણઠાણા હોય છે. એટલે **૫** થી **૧૪** ગુણઠાણા સુધી અવશ્ય વિરતિ હોય છે. તેથી અવિરતિમાર્ગણામાં **૫** થી **૧૪** ગુણઠાણા ન હોય.

**અજ્ઞાનત્રિકમાર્ગણામાં બે અથવા ત્રણ ગુણઠાણા** હોય છે. તેમાં **કેટલાક કર્મગ્રન્થકારભગવંતનું એવું માનવું છે કે, જો** મિશ્રદૃષ્ટિજીવ મિથ્યાત્વની સન્મુખ થયેલો હોય, તો સમ્યક્ત્વના અંશ ઓછા હોવાથી જ્ઞાનના અંશ ઓછા હોય છે અને મિથ્યાત્વના અંશ વધુ હોવાથી અજ્ઞાનના અંશ વધુ હોય છે. અને જો સમ્યક્ત્વની સન્મુખ થયેલો હોય, તો સમ્યક્ત્વના અંશ વધુ હોવાથી જ્ઞાનના અંશ વધુ હોય છે અને મિથ્યાત્વના અંશ ઓછા હોવાથી અજ્ઞાનના અંશ ઓછા હોય છે. તો પણ આ બન્ને અવસ્થામાં મિશ્રદૃષ્ટિને ન્યૂનાધિક પ્રમાણમાં જ્ઞાનના અંશ અવશ્ય હોય છે. તેથી ત્રીજા ગુણઠાણે અજ્ઞાનને બદલે જ્ઞાન માનવું જોઈએ. એટલે **અજ્ઞાનત્રિકમાર્ગણામાં બે જ ગુણઠાણા હોય છે.** મિશ્રાદિગુણઠાણા ન હોય.

ગ્રન્થકારાદિ કેટલાક કર્મગ્રન્થકાર ભગવંતનું એવું માનવું છે કે, મિશ્રદષ્ટિને સમ્યક્ત્વ ન હોવાથી શુદ્ધજ્ઞાન હોતું નથી અને મિથ્યાત્વ ન હોવાથી  શુદ્ધ અજ્ઞાન હોતું નથી. પણ શુદ્ધાશુદ્ધ=મિશ્રજ્ઞાન હોય છે. એ મિશ્રજ્ઞાનને અજ્ઞાન માનવું જોઇએ. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે, **સમ્યક્ત્વ વિનાના જીવનું જે જ્ઞાન છે, તે અજ્ઞાન જ છે.** તેથી **૧થી૩** ગુણઠાણે અજ્ઞાન માનવું જોઇએ. વળી, જો તમે એમ કહેશો કે, ત્રીજાગુણઠાણે સમ્યક્ત્વના અંશ હોવાથી અજ્ઞાનને બદલે જ્ઞાન માનવું પડશે, તો તમારે બીજા ગુણઠાણે પણ સમ્યક્ત્વના અંશ હોવાથી અજ્ઞાનને બદલે જ્ઞાન માનવું જોઇએ. પરંતુ કોઇ પણ કર્મગ્રન્થકાર બીજાગુણઠાણે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનને માનતો નથી. એટલે જેમ સાસ્વાદનગુણઠાણે સમ્યક્ત્વના અંશો હોવા છતાં અજ્ઞાનને બદલે જ્ઞાન મનાતું નથી. તેમ મિશ્રગુણઠાણે પણ સમ્યક્ત્વના અંશો હોવા છતાં અજ્ઞાનને બદલે જ્ઞાન મનાય નહીં એટલે **અજ્ઞાનત્રિકમાર્ગણામાં ત્રણ ગુણઠાણા** હોય છે. બાકીના સમ્યક્ત્વાદિગુણઠાણા ન હોય. કારણકે સમ્યક્ત્વાદિ ગુણઠાણે સમ્યગ્જ્ઞાન જ હોય છે. અજ્ઞાન હોતું નથી. તેથી અજ્ઞાનત્રિકમાર્ગણામાં **૪** થી **૧૪** ગુણઠાણા ન હોય.

દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન પ્રાપ્ત થાય છે. તે ક્ષયોપશમભાવ **૧૨**મા ગુણઠાણા સુધી જ હોય છે. તેથી **ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનમાર્ગણામાં ૧ થી૧૨ ગુણઠાણા જ હોય છે. ૧૩**મું-**૧૪**મું ગુણઠાણુ હોતું નથી. કારણ કે **૧૩**મા ગુણઠાણે ક્ષાયિકભાવનું કેવલદર્શન પ્રાપ્ત થવાથી ક્ષાયોપશમિકભાવનું ચક્ષુ-અચક્ષુદર્શન હોતું નથી. તેથી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનમાર્ગણામાં **૧૩**મું અને **૧૪**મું ગુણઠાણુ ન હોય.

મોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ કે ક્ષય થવાથી યથાખ્યાતચારિત્ર

પ્રાપ્ત થાય છે. એટલે ૧૧મા ગુણઠાણે મોહનીયકર્મનો ઉપશમ અને ૧૨મા વગેરે ગુણઠાણે મોહનીયકર્મનો ક્ષય થયેલો હોવાથી ૧૧ થી ૧૪ ગુણઠાણા સુધી યથાખ્યાતચારિત્ર હોય છે. એટલે **યથાખ્યાતચારિત્રમાર્ગણામાં ૧૧ થી ૧૪ ગુણઠાણા** જ હોય છે. ૧થી૧૦ ગુણઠાણા ન હોય. કારણકે ત્યાં મોહનીયકર્મનો ઉદય હોવાથી યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થતું નથી. તેથી યથાખ્યાતચારિત્ર માર્ગણામાં ૧ થી ૧૦ ગુણઠાણા ન હોય.

મનઃપર્યવજ્ઞાનાદિમાર્ગણામાં ગુણઠાણા :-

**मणनाणि सग जयाई, समइयछेय चउ दुन्नि परिहारे ।**
**केवलदुगि दो चरमाऽजयाइ नव मइसुओहिदुगे ॥२१॥**

मनोज्ञाने सप्त यतादीनि, सामायिकच्छेदे चत्वारि द्वे परिहारे ।
केवलद्विके द्वे चरमेऽयतादीनि नव मतिश्रुतावधिद्विके ॥२१॥

**ગાથાર્થ :- મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તાદિ સાત ગુણઠાણા હોય છે. સામાયિક અને છેદોપસ્થાપનીયચારિત્રમાં પ્રમત્તાદિ ચાર ગુણઠાણા હોય છે. પરિહારવિશુદ્ધિચારિત્રમાં પ્રમત્તાદિ-બે ગુણઠાણા હોય છે. કેવલદ્વિકમાં છેલ્લા બે ગુણઠાણા હોય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકમાં અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે નવ ગુણઠાણા હોય છે.**

**વિવેચન** :- મનઃપર્યવજ્ઞાન સર્વવિરતિધરને જ હોય છે અને તે ક્ષાયોપશમિક હોવાથી **૧૨**મા ગુણઠાણા સુધી જ હોય છે. તેથી **મનઃ પર્યવજ્ઞાનમાર્ગણામાં ૬ થી ૧૨ ગુણઠાણા જ હોય છે.** બાકીના ગુણઠાણા ન હોય. કારણકે **૧** થી **૫** ગુણઠાણે સર્વવિરતિ ન હોવાથી મનઃપર્યવજ્ઞાન હોતું નથી. અને **૧૩**મા ગુણઠાણે ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન પ્રગટ થવાથી ક્ષાયોપશમિકભાવનું મનઃપર્યવજ્ઞાન નાશ પામી જાય છે.

એટલે મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં **૧ થી ૫** અને **૧૩મું-૧૪મું** ગુણઠાણુ હોતું નથી,

સામાયિકચારિત્ર અને છેદોપસ્થાપનીયચારિત્ર સર્વવિરતિધરને જ હોય છે અને **૧૦મા** ગુણઠાણે સૂક્ષ્મસંપરાયચારિત્ર પ્રાપ્ત થવાથી સામાયિકાદિ ચારિત્ર ન હોય. તેથી **સામાયિકચારિત્ર** અને **છેદોપસ્થાપનીયચારિત્રમાર્ગણામાં ૬ થી ૯ ગુણઠાણા જ હોય છે.** બાકીના ગુણઠાણા ન હોય. કારણકે **૧ થી ૫** ગુણઠાણા સુધી સર્વવિરતિ ન હોવાથી સામાયિકાદિચારિત્ર ન હોય અને **૧૦ થી ૧૪** ગુણઠાણા સુધી સૂક્ષ્મસંપરાયાદિચારિત્ર હોવાથી સામાયિકાદિચારિત્ર ન હોય.

**પરિહારવિશુદ્ધિચારિત્રમાર્ગણામાં ૬ઠ્ઠું અને ૭મું એ બે જ ગુણઠાણા હોય છે.** બાકીના ગુણઠાણા ન હોય. કારણકે **૧થી૫** ગુણઠાણે સર્વવિરતિ ન હોવાથી પરિહારવિશુદ્ધિચારિત્ર હોતું નથી અને તે ચારિત્રવાળો શ્રેણી માંડી શકતો ન હોવાથી ૮થી૧૪ ગુણઠાણા ન હોય.

ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **૧૩મા** ગુણઠાણે કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થાય છે. તેથી **કેવલજ્ઞાનમાર્ગણામાં** અને **કેવલદર્શનમાર્ગણામાં ૧૩મું અને ૧૪મું ગુણઠાણુ** જ હોય છે. **૧થી૧૨** ગુણઠાણા ન હોય. કારણકે ત્યાં ઘાતિકર્મનો ઉદય હોવાથી કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થતું નથી.

ચોથા ગુણઠાણે સમ્યક્ત્વ પ્રાપ્ત થવાના કારણે મતિજ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે અને તે ક્ષાયોપશમિક હોવાથી **૧૨મા** ગુણઠાણા સુધી જ હોય છે. એટલે (૧) **મતિજ્ઞાન** (૨) **શ્રુતજ્ઞાન** (૩) **અવધિજ્ઞાન** અને (૪) **અવધિદર્શનમાર્ગણામાં ૪ થી ૧૨ ગુણઠાણા હોય છે.** બાકીના ગુણઠાણા ન હોય. કારણકે **૧** થી ૩ ગુણઠાણા સુધી સમ્યક્ત્વ

ન હોવાથી મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શન ન હોય અને ૧૩મા ગુણઠાણે ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થવાથી ક્ષાયોપશમિકભાવના મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શન નાશ પામી જાય છે. તેથી મતિજ્ઞાનાદિ-૪ માર્ગણામાં ૧ થી ૩ અને ૧૩મું-૧૪મું ગુણઠાણુ હોતું નથી.

ઉપશમસમ્યક્ત્વાદિમાર્ગણામાં ગુણઠાણા :-

**अड उवसमि चउवेयगि खइए इक्कार मिच्छतिगि देसे ।**
**सुहुमे य सठाणं तेर, जोग आहार सुक्काए ॥२२॥**

अष्टोपशमे चत्वारि वेदके, क्षायिक एकादश मिथ्यात्रिके देशे ।
सूक्ष्मे च स्वस्थानं त्रयोदश योगे आहारे शुक्लायाम् ॥२२॥

**ગાથાર્થ :- ઉપશમસમ્યક્ત્વમાં આઠ, વેદક (ક્ષયોપશમ) સમ્યક્ત્વમાં ચાર, ક્ષાયિકસમ્યક્ત્વમાં અગિયાર, મિથ્યાત્વત્રિક, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાં પોતપોતાનું ગુણઠાણુ હોય છે. યોગ, આહારક અને શુક્લલેશ્યામાર્ગણામાં પહેલા તેર ગુણઠાણા હોય છે.**

**વિવેચન** :- અનાદિમિથ્યાદષ્ટિજીવને ગ્રન્થિભેદ થવાથી જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તે **ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વ** કહેવાય છે. તે ૪ થી ૭ ગુણઠાણા સુધી હોય છે અને ઉપશમશ્રેણીની શરૂઆત કરનારો જીવ દર્શનત્રિકને સંપૂર્ણ ઉપશમાવીને જે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તે **શ્રેણીગતઉપશમસમ્યક્ત્વ** કહેવાય છે. તે ઉપશમશ્રેણીમાં ચઢતી વખતે ૬ થી ૧૧ ગુણઠાણા સુધી હોય છે. તેથી **ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં ૪ થી ૧૧ ગુણઠાણા** હોય છે. બાકીના ગુણઠાણા ન હોય. કારણકે ૧ થી ૩ ગુણઠાણામાં સમ્યક્ત્વ પ્રાપ્ત થતું

નથી. તેથી ૧ થી ૩ ગુણઠાણા ન હોય અને ઉપશમસમ્યક્ત્વી જીવ ઉપશમશ્રેણીને જ માંડી શકે છે. તેથી **૧૧**મા ગુણઠાણા સુધી જઇ શકે છે. ત્યાંથી આગળ જઇ શકતો નથી. તેથી છેલ્લા ત્રણ ગુણઠાણા ન હોય.

સમ્યક્ત્વમોહનીયના ઉદય વિના ક્ષયોપશમસમ્યક્ત્વ હોતું નથી અને સ૦મો૦નો ઉદય ૪થી૭ ગુણઠાણે જ હોય છે. એટલે ક્ષયોપશમસમ્યક્ત્વ ૪. થી ૭ ગુણઠાણા સુધી જ હોય છે. તેથી **ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં ૪થી૭ ગુણઠાણા** જ હોય છે. બાકીના ગુણઠાણા ન હોય. કારણકે ૧ થી ૩ ગુણઠાણે સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી. અને જ્યાં સુધી સ૦મો૦નો ઉદય હોય છે. ત્યાં સુધી જીવ શ્રેણી માંડી શકતો નથી. તેથી ક્ષયોપશમસમ્યક્ત્વમાર્ગણામાં ૧ થી ૩ અને ૮ થી ૧૪ ગુણઠાણા ન હોય.

ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિજીવ ૪ થી ૭ ગુણઠાણામાં ક્ષાયિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરીને ક્ષપકશ્રેણી માંડી શકે છે. તેથી **ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં ૪ થી ૧૪ ગુણઠાણા** હોય છે.

**મિથ્યાત્વમાર્ગણામાં એક જ મિથ્યાત્વગુણઠાણુ** હોય છે. કારણકે સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ વગેરે જીવોને મિથ્યાત્વ હોતું નથી. તેથી મિથ્યાત્વમાર્ગણામાં સાસ્વાદનાદિ ગુણઠાણા ન હોય.

**સાસ્વાદનસમ્યક્ત્વમાર્ગણામાં એક જ સાસ્વાદનગુણઠાણુ** હોય છે અને **મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં એક જ મિશ્રદૃષ્ટિગુણઠાણુ** હોય છે.

**દેશવિરતિમાર્ગણામાં એક જ દેશવિરતિગુણઠાણુ** હોય છે. કારણકે ૧થી૪ ગુણઠાણા સુધી વિરતિ હોતી નથી. અને ૬થી૧૪ ગુણઠાણા સુધી સર્વવિરતિ જ હોય છે. એટલે દેશવિરતિમાર્ગણામાં એક જ દેશવિરતિગુણઠાણુ હોય છે.

સૂક્ષ્મકષાયનો ઉદય **૧૦**મા ગુણઠાણે જ હોય છે અને સૂક્ષ્મકષાયોદયવાળા જીવને જ સૂક્ષ્મસંપરાયચારિત્ર હોય છે. તેથી **સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં ૧૦મું ગુણઠાણુ જ હોય છે.** બાકીના ગુણઠાણા ન હોય. કારણકે **૧**થી**૯** ગુણઠાણા સુધી બાદરકષાયનો ઉદય હોય છે અને **૧૧** થી **૧૪** ગુણઠાણા સુધી કષાયનો ઉદય હોતો નથી. તેથી સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં **૧** થી **૯** અને **૧૧** થી **૧૪** ગુણઠાણા ન હોય.

મિથ્યાદષ્ટિથી માંડીને સયોગીકેવલી સુધીના જીવોને મનોયોગ, વચનયોગ અને કાયયોગ હોય છે. તેથી (૧) **મનોયોગ** (૨) **વચનયોગ** અને (૩) **કાયયોગમાર્ગણામાં ૧થી૧૩ ગુણઠાણા** હોય છે. **૧૪**મા ગુણઠાણે જીવ અયોગી હોય છે. તેથી યોગમાર્ગણામાં **૧૪**મું ગુણઠાણુ હોતું નથી.

મિથ્યાદષ્ટિથી માંડીને સયોગીકેવલી સુધીના સર્વે જીવો શરીરનામકર્મના ઉદયથી સ્વશરીરને યોગ્ય પુદ્ગલોનો આહાર કરે છે. તેથી **આહારીમાર્ગણામાં ૧થી૧૩ ગુણઠાણા** હોય છે. **૧૪**મું ગુણઠાણુ હોતું નથી. કારણકે અયોગીકેવલીભગવંતો અણાહારી હોય છે.

મિથ્યાદષ્ટિથી સયોગીકેવલી સુધીના જીવોને શુક્લલેશ્યા હોય છે. એટલે **શુક્લલેશ્યામાર્ગણામાં ૧થી૧૩ ગુણઠાણા** હોય છે. **૧૪**મું ગુણઠાણુ હોતું નથી. કારણકે અયોગી કેવલીભગવંતો અલેશી હોય છે.

અસંજ્ઞી વગેરે માર્ગણામાં ગુણસ્થાનક :-

**असन्निसु पढमदुगं पढमतिलेसासु छच्च दुसु सत्त ।**
**पढमंतिमदुगअजया, अणहारे मग्गणासु गुणा ॥२३॥**

असंज्ञिषु प्रथमद्विकं प्रथमत्रिलेश्यासु षट् च द्वयोः सप्त ।
प्रथमान्तिमद्विकायतान्यनाहारे मार्गणासु गुणाः ॥२३॥

**ગાથાર્થ :- અસંજ્ઞીમાં પહેલા બે ગુણઠાણા હોય છે. પહેલી ત્રણલેશ્યામાં છ ગુણસ્થાનક હોય છે. તેજો-પદ્મલેશ્યામાં સાતગુણઠાણા હોય છે અને અણાહારીમાર્ગણામાં પહેલા બે, છેલ્લા બે અને અવિરત-સમ્યગ્દૃષ્ટિગુણઠાણુ હોય છે.**

**વિવેચન** :- જે સંજ્ઞી જીવે અસંજ્ઞીતિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય, તે કાલાન્તરે ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદનગુણઠાણે આવ્યા પછી જો મરણ પામે, તો તે અસંજ્ઞીતિર્યંચમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ સાસ્વાદનગુણઠાણુ જતું રહેવાથી મિથ્યાત્વે આવી જાય છે. તેથી **અસંજ્ઞીમાર્ગણામાં પહેલું અને બીજું એ બે જ ગુણઠાણા હોય છે.** બાકીના ગુણઠાણા ન હોય. કારણકે અસંજ્ઞીતિર્યંચો ભવસ્વભાવે જ ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી મિશ્રાદિ ગુણઠાણા ન હોય.

ગ્રન્થકાર ભગવંતે બંધસ્વામિત્વમાં ગાથાનં૦ **૨૪માં અશુભ-લેશ્યામાં ૧થી૪ ગુણઠાણા** કહ્યાં છે અને અહીં **અશુભલેશ્યામાં ૧થી૬ ગુણઠાણા** કહ્યાં છે. તેનું કારણ વિવક્ષાભેદ જ છે. કારણકે અશુભલેશ્યામાં પહેલા ચાર જ ગુણસ્થાનક પ્રાપ્ત થઇ શકે છે. દેશવિરતિ વગેરે ગુણઠાણા પ્રાપ્ત થઇ શકતા નથી. એટલે ગુણસ્થાનકના પ્રાપ્તિકાળની (પ્રતિપદ્યમાનની) અપેક્ષાએ અશુભલેશ્યામાં **૧થી૪** ગુણઠાણા કહ્યાં છે અને અશુભલેશ્યાવાળા જીવને દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત થઇ શકતી નથી. પણ દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત થયા પછી કાલાન્તરે વિશુદ્ધપરિણામ મંદ થવાથી અશુભલેશ્યા આવી જાય છે. તેથી પૂર્વે પ્રાપ્ત થયેલા (પૂર્વપ્રતિપન્ન) દેશવિરિતિ કે સર્વવિરતિ ગુણઠાણાની

અપેક્ષાએ અશુભલેશ્યામાં **૧થી૬** ગુણઠાણા કહ્યાં છે. એટલે **કૃષ્ણાદિ-૩ લેશ્યામાર્ગણામાં ૧થી૬ ગુણઠાણા હોય છે.** બાકીના અપ્રમત્તસંયતાદિ ગુણઠાણે આર્તધ્યાન કે રૌદ્રધ્યાન ન હોવાથી અશુભ લેશ્યા હોતી નથી. એટલે અશુભલેશ્યામાર્ગણામાં **૭થી૧૪** ગુણઠાણા ન હોય.

મિથ્યાદૃષ્ટિથી માંડીને અપ્રમત્તસંયમીજીવોને તેજો-પદ્મલેશ્યા હોય છે. તેથી **તેજોલેશ્યા** અને **પદ્મલેશ્યામાર્ગણામાં ૧થી૭ ગુણઠાણા હોય છે.** ત્યાર પછી શ્રેણીમાં અત્યંત વિશુદ્ધ પરિણામ હોવાથી શુક્લલેશ્યા જ હોય છે. તેજો-પદ્મલેશ્યા હોતી નથી. એટલે તેજો-પદ્મલેશ્યામાર્ગણામાં **૮થી૧૪** ગુણઠાણા ન હોય.

સંસારીજીવો વિગ્રહગતિમાં નિયમા અણાહારી હોય છે. તે વખતે પહેલું, બીજું અને ચોથુગુણઠાણુ હોય છે. તેમજ સયોગીકેવલી ભગવંતો કેવલીસમુદ્ઘાતમાં ૩/૪/૫ સમયે અણાહારી હોય છે અને અયોગીકેવલી ભગવંતો પણ અણાહારી જ હોય છે. તેથી **અણાહારીમાર્ગણામાં ૧લું, ૨જું, ૪થું, ૧૩મું** અને **૧૪મું ગુણઠાણુ** જ હોય છે. બાકીના ગુણઠાણા ન હોય. કારણકે ત્રીજાગુણઠાણે કોઈ પણ જીવ મરતો નથી. તેથી ત્રીજુ ગુણઠાણુ લઈને પરભવમાં જવાનું હોતું નથી. એટલે વિગ્રહગતિમાં ત્રીજુ ગુણઠાણુ ન હોય અને **૫થી૧૧** ગુણઠાણે જીવ મરણ પામી શકે છે પણ તે દરેક જીવોને વિગ્રહગતિમાં નિયમા અવિરતિ હોવાથી **૫થી૧૧** ગુણઠાણા ન હોય. તેમજ **૧૨** મા ગુણઠાણે કોઈ પણ જીવ મરતો નથી. તેથી **૧૨** મું ગુણઠાણુ લઈને પરભવમાં જવાનું હોતું નથી એટલે વિગ્રહગતિમાં બારમુંગુણઠાણુ હોતું નથી. તેથી અણાહારી માર્ગણામાં ત્રીજુ અને **૫થી૧૨** ગુણઠાણા ન હોય.

# -: માર્ગણામાં ગુણસ્થાનક :-

| માર્ગણાનું નામ | મિથ્યાત્વ | સાસ્વાદન | મિશ્ર | સમ્યક્ત્વ | દેશવિરતિ | પ્રમત્ત | અપ્રમત્ત | અપૂર્વકરણ | અનિવૃત્તિકરણ | સૂક્ષ્મસંપરાય | ઉપશાંતમોહ | ક્ષીણમોહ | સયોગીકેવલી | અયોગીકેવલી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવગતિ | ૧ | ૨ | ૩ | ૪ | | | | | | | | | | | ૪ |
| મનુષ્યગતિ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૪ |
| તિર્યંચગતિ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | | | | | | | | | ૫ |
| નરકગતિ | ૧ | ૨ | ૩ | ૪ | | | | | | | | | | | ૪ |
| એકેન્દ્રિય | ૧ | ૨ | | | | | | | | | | | | | ૨ |
| વિકલેન્દ્રિય | ૧ | ૨ | | | | | | | | | | | | | ૨ |
| પંચેન્દ્રિય | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૪ |
| પૃથ્વીકાય | ૧ | ૨ | | | | | | | | | | | | | ૨ |
| જલકાય | ૧ | ૨ | | | | | | | | | | | | | ૨ |
| અગ્નિકાય | ૧ | | | | | | | | | | | | | | ૧ |
| વાયુકાય | ૧ | | | | | | | | | | | | | | ૧ |
| વનસ્પતિકાય | ૧ | ૨ | | | | | | | | | | | | | ૨ |
| ત્રસકાય | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૪ |
| ૩ યોગ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | | ૧૩ |
| ૩ વેદ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | | | | | | ૯ |
| ક્રોધાદિ-૩ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | | | | | | ૯ |
| લોભ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | | | | | ૧૦ |
| મત્યાદિ-૩ જ્ઞાન | | | | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | | | ૯ |
| મનઃપર્યવજ્ઞાન | | | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | | | ૭ |
| કેવલજ્ઞાન | | | | | | | | | | | | | ૧૩ | ૧૪ | ૨ |
| અજ્ઞાનત્રિક | ૧ | ૨કે | ૩ | | | | | | | | | | | | ૨કે૩ |

| માર્ગણાનું નામ | મિથ્યાત્વ | સાસ્વાદન | મિશ્ર | સમ્યક્ત્વ | દેશવિરતિ | પ્રમત્ત | અપ્રમત્ત | અપૂર્વકરણ | અનિવૃત્તિકરણ | સૂક્ષ્મસંપરાય | ઉપશાંતમોહ | ક્ષીણમોહ | સયોગીકેવલી | અયોગીકેવલી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સમા૦, છેદો૦ | | | | | | ૬ | ૭ | ૮ | ૯ | | | | | | ૪ |
| પરિહારવિશુદ્ધિ | | | | | | ૬ | ૭ | | | | | | | | ૨ |
| સૂક્ષ્મસંપરાય | | | | | | | | | | ૧૦ | | | | | ૧ |
| યથાખ્યાત | | | | | | | | | | | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૪ |
| દેશવિરતિ | | | | | ૫ | | | | | | | | | | ૧ |
| અવિરતિ | ૧ | ૨ | ૩ | ૪ | | | | | | | | | | | ૪ |
| ચક્ષુ-અચક્ષુદર્શન | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | | | ૧૨ |
| અવધિદર્શન | | | | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | | | ૯ |
| કેવલદર્શન | | | | | | | | | | | | | ૧૩ | ૧૪ | ૨ |
| કૃષ્ણાદિ-૩ લેશ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | | | | | | | | | ૬ |
| તેજો-પદ્મલેશ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | | | | | | | ૭ |
| શુક્લલેશ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | | ૧૩ |
| ભવ્ય | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૪ |
| અભવ્ય | ૧ | | | | | | | | | | | | | | ૧ |
| ક્ષાયોપશમિક | | | | ૪ | ૫ | ૬ | ૭ | | | | | | | | ૪ |
| ક્ષાયિક | | | | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૧ |
| ઉપશમસમ્યક્ત્વ | | | | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | | | | ૮ |
| મિશ્રસમ્યક્ત્વ | | | ૩ | | | | | | | | | | | | ૧ |
| સાસ્વાદન સમ્ય૦ | | ૨ | | | | | | | | | | | | | ૧ |
| મિથ્યાત્વ | ૧ | | | | | | | | | | | | | | ૧ |
| સંજ્ઞી | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૪ |
| અસંજ્ઞી | ૧ | ૨ | | | | | | | | | | | | | ૨ |
| આહારી | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | | ૧૩ |
| અણાહારી | ૧ | ૨ | | ૪ | | | | | | | | | ૧૩ | ૧૪ | ૫ |

## (૩)
## -: માર્ગણામાં યોગ :-

અણાહારીમાર્ગણામાં યોગ -

**सच्चेयरमीसअसच्च मोसमणवइ विउव्विआहारा ।**
**उरलंमीसा कम्मण, इय जोगा कम्मअणहारे ॥२४॥**

सत्येतरमिश्रासत्यामृषमनोवचोवैकुर्विकाहारकाणि ।
औदारिकं मिश्राणि कार्मणमिति योगाः कार्मणमनाहारे ॥२४॥

**ગાથાર્થ:-મનોયોગ-૪ પ્રકારે છે. (૧) સત્યમનોયોગ (૨) અસત્યમનોયોગ (૩) સત્યાસત્યમનોયોગ અને (૪) અસત્ય-અમૃષામનોયોગ**

**એ જ રીતે, વચનયોગ ચાર પ્રકારે છે અને કાયયોગ- ૭ પ્રકારે છે. (૧) વૈક્રિય, (૨) આહારક, (૩) ઔદારિક, (૪) વૈક્રિયમિશ્ર, (૫) આહારકમિશ્ર, (૬) ઔદારિકમિશ્ર અને (૭) કાર્મણકાયયોગ.**

**અણાહારીમાર્ગણામાં કાર્મણકાયયોગ હોય છે.**

**વિવેચન :-** અણાહારીમાર્ગણામાં એક જ કાર્મણકાયયોગ હોય છે. ઔ૦મિશ્રાદિયોગ ન હોય. કારણકે વિગ્રહગતિમાં રહેલા અણાહારીજીવોને ઔદારિકાદિશરીરનામકર્મનો ઉદય ન હોવાથી ઔદારિકાદિ પુદ્ગલોનો આહાર કરતા નથી. તેથી કાર્મણની સાથે ઔદારિકાદિ પુદ્ગલોનું મિશ્રણ હોતું નથી. એટલે ઔ૦મિશ્ર અને વૈ૦મિશ્રયોગ હોતો નથી. તેમજ ઔદારિકાદિશરીર ન હોવાથી ઔદારિકાદિશરીરજન્ય પ્રવૃત્તિ પણ ક્યાંથી હોય ? એટલે ઔ૦કાયયોગ

અને વૈ૦કા૦ પણ હોતો નથી અને સર્વવિરતિ વિના આ૦મિશ્ર અને આ૦કા૦ હોતો નથી. તેમજ કાયયોગ વિના વચનયોગ હોતો નથી. અને વચનયોગ વિના મનોયોગ હોતો નથી. જો કે સયોગીકેવલી ભગવંતો કેવલી સમુદ્ઘાતમાં ૩/૪/૫ સમયે અણાહારી હોય છે. પણ તે વખતે કેવલીભગવંતને મનોદ્રવ્યનું ગ્રહણ કરવાનું કાંઇ પ્રયોજન ન હોવાથી મનોદ્રવ્યોનું ગ્રહણ કરતા નથી. તેથી મનોયોગ હોતો નથી અને તે વખતે દેશના આપતા નથી. તેથી વચનયોગ હોતો નથી અને તે વખતે ઔદારિકશરીરનામકર્મનો ઉદય ન હોવાથી ઔદારિકદ્વિકયોગ હોતો નથી. તેમજ કોઈપણ લબ્ધિનો ઉપયોગ પ્રમાદદશામાં જ થાય છે અને કેવલીભગવંતો અપ્રમત્ત જ હોય છે. તેથી વૈ૦શરીર અને આ૦શરીર બનાવવાનું હોતું નથી એટલે વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ હોતો નથી.

ગ્રંથકાર ભગવંતે ગાથાનં૦ ૪ ની સ્વોપજ્ઞટીકામાં કહ્યું છે કે, વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણકાયયોગ હોય છે. એ શાસ્ત્રાનુસારે **જે જીવો કાર્મણકાયયોગી હોય છે, તે અણાહારી જ હોય છે.** એવો નિયમ નથી. કારણકે ઉત્પત્તિના પ્રથમસમયે જીવ કાર્મણકાયયોગી હોય છે. પણ અણાહારી હોતો નથી. અને વિગ્રહગતિમાં જીવો કાર્મણકાયયોગી હોય છે અને અણાહારી પણ હોય છે. એટલે કેટલાક કાર્મણકાયયોગી આહારી હોય છે અને કેટલાક કાર્મણ કાયયોગી અણાહારી હોય છે. તેમજ **જે જીવો અણાહારી હોય છે. તે કાર્મણકાયયોગી જ હોય છે.** એવો પણ નિયમ નથી. કારણકે અયોગી કેવલીભગવંતો અણાહારી હોય છે. પણ તેઓને કાર્મણકાયયોગ હોતો નથી. અને વિગ્રહગતિમાં જીવો અણાહારી હોય છે. તેઓને કાર્મણ-કાયયોગ હોય છે. એટલે કેટલાક અણાહારી જીવોને કાર્મણ કાયયોગ નથી હોતો અને કેટલાક અણાહારીજીવોને કાર્મણકાયયોગ હોય છે.

મનુષ્યગતિ વગેરે માર્ગણામાં યોગ :-

**नरगइपणिंदितसतणु अचक्खुनरनपुकसायसम्मदुगे ।**
**सन्निछलेसाहारग भवमइसुअओहिदुगि सव्वे ॥२५॥**

नरगतिपञ्चेन्द्रियत्रसतन्वचक्षुर्नरनपुंसककषायसम्यक्त्वद्विके ।
संज्ञिषड्लेश्याहारकभव्यमतिश्रुतावधिद्विके सर्वे ॥२५॥

**ગાથાર્થ :- મનુષ્યગતિ, પંચેન્દ્રિય, ત્રસકાય, કાયયોગ, અચક્ષુદર્શન, પુરુષવેદ, નપુંસકવેદ, ચારકષાય, ક્ષાયિકસમ્યક્ત્વ, ક્ષયોપશમસમ્યક્ત્વ, સંજ્ઞી, છલેશ્યા, આહારક, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકમાર્ગણામાં સર્વે યોગ હોય છે.**

**વિવેચન :-** મનુષ્યને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે અને ઉત્પત્તિના બીજા સમયથી માંડીને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **ઔદારિકમિશ્રયોગ** હોય છે. ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં **ઔદારિકકાયયોગ, વચનયોગચતુષ્ક** અને **મનોયોગચતુષ્ક** હોય છે. તથા વૈક્રિયલબ્ધિવાળા મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈક્રિયમિશ્ર** અને **વૈક્રિયકાયયોગ** હોય છે અને આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ્યારે આહારકશરીર બનાવે છે. ત્યારે **આહારકમિશ્ર** અને **આહારકકાયયોગ** હોય છે એટલે **મનુષ્યગતિમાર્ગણામાં ૧૫ યોગ** હોય છે.

પંચેન્દ્રિયમાર્ગણામાં દેવ-નારક અને પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યો હોય છે. એ સર્વે જીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે અને ઉત્પત્તિના બીજાસમયથી માંડીને જ્યાં સુધી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તિર્યંચ-મનુષ્યને **ઔદારિકમિશ્રયોગ** અને દેવ-નારકને **વૈક્રિયમિશ્રયોગ** હોય છે. ત્યાર

પછી પર્યાપ્તાવસ્થામાં તિર્યંચ-મનુષ્યને **ઔદારિકકાયયોગ** અને દેવ-નારકને **વૈક્રિયકાયયોગ** હોય છે. તથા તેઓને **વચનયોગચતુષ્ક** અને **મનોયોગચતુષ્ક** હોય છે અને વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ-મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે વૈક્રિયમિશ્ર અને વૈક્રિયકાયયોગ હોય છે. તથા આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર મહાત્મા જ્યારે આહારકશરીર બનાવે છે. ત્યારે **આહારકમિશ્ર** અને **આહારકકાયયોગ** હોય છે. એટલે **પંચેન્દ્રિયમાર્ગણામાં-૧૫ યોગ** હોય છે.

એ જ પ્રમાણે (૧) **ત્રસકાય,** (૨) **કાયયોગ** (૩) **અચક્ષુદર્શન** (૪) **પુરુષવેદ** (૫) **નપુંસકવેદ** (૬) **ક્રોધકષાય** (૭) **માનકષાય** (૮) **માયાકષાય** (૯) **લોભકષાય** (૧૦) **ક્ષાયિકસમ્યક્ત્વ** (૧૧) **ક્ષાયોપશમિકસમ્યક્ત્વ** (૧૨) **સંજ્ઞી** (૧૩) **કૃષ્ણલેશ્યા** (૧૪) **નીલલેશ્યા** (૧૫) **કાપોતલેશ્યા** (૧૬) **તેજોલેશ્યા** (૧૭) **પદ્મલેશ્યા** (૧૮) **શુક્લલેશ્યા** (૧૯) **આહારી** (૨૦) **ભવ્ય** (૨૧) **મતિજ્ઞાન** (૨૨) **શ્રુતજ્ઞાન** (૨૩) **અવધિજ્ઞાન** અને (૨૪) **અવધિદર્શનમાર્ગણામાં ૧૫** યોગ હોય છે.

તિર્યંચગતિ વગેરે માર્ગણામાં યોગ :-

**तिरिइत्थिअजयसासणअनाण उवसम अभव्वमिच्छेसु ।**
**तेराहारदुगूणा ते उरलदुगूण सुरनरए ॥२६॥**

तिर्यक्स्त्र्ययत सासादनाज्ञानोपशमाभव्यमिथ्यात्वेषु ।
त्रयोदशाहारकद्विकोनास्त औदारिकद्विकोनाः सुरे नरके. ॥२६॥

**ગાથાર્થ :- તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિ, સાસ્વાદન, ત્રણ અજ્ઞાન, ઉપશમસમ્યક્ત્વ, અભવ્ય અને મિથ્યાત્વમાર્ગણામાં આહારકદ્વિક વિના ૧૩ યોગ હોય છે. તેમાંથી ઔદારિકદ્વિકયોગ વિના ૧૧ યોગ દેવગતિ અને નરકગતિમાર્ગણામાં હોય છે.**

**વિવેચન :-** તિર્યંચોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે. ઉત્પત્તિના બીજા સમયથી માંડીને સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **ઔદારિકમિશ્રયોગ** હોય છે. ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં **ઔદારિકકાયયોગ, વચનયોગચતુષ્ક** અને **મનોયોગચતુષ્ક** હોય છે. વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈક્રિયમિશ્રયોગ** અને **વૈક્રિયકાયયોગ** હોય છે. એટલે **તિર્યંચગતિમાર્ગણામાં કુલ-૧૩ યોગ હોય છે.** આહારકમિશ્ર અને આહારકકાયયોગ ન હોય. કારણકે તિર્યંચોને સર્વવિરતિ ન હોવાથી પૂર્વનો અભ્યાસ હોતો નથી. એટલે આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આહારકમિશ્ર અને આહારકકાયયોગ હોતો નથી.

સ્ત્રીવેદમાર્ગણામાં તિર્યંચી-માનુષી અને દેવીનો સમાવેશ થાય છે. તે સર્વેને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે અને સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તિર્યંચી-માનુષીને **ઔદારિકમિશ્રયોગ** અને દેવીને **વૈક્રિયમિશ્રયોગ** હોય છે. ત્યાર પછી પર્યાપ્તાવસ્થામાં તિર્યંચી-માનુષીને **ઔ૦કા૦** અને દેવીને **વૈ૦કા૦** હોય છે અને તે સર્વેને **વચનયોગચતુષ્ક** તથા **મનોયોગચતુષ્ક** હોય છે. એટલે **સ્ત્રીવેદમાર્ગણામાં કુલ-૧૩ યોગ હોય છે.** આહારકમિશ્ર અને આહારકકાયયોગ ન હોય. કારણકે સાધ્વીજી મહારાજને **૧૪** પૂર્વના અભ્યાસનો અને આહારકલબ્ધિનો નિષેધ હોવાથી આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આહારકમિશ્ર અને આહારકકાયયોગ હોતો નથી.

એ જ પ્રમાણે, (૧) **અવિરતિ** (૨) **સાસ્વાદનસમ્યક્ત્વ** (૩) **મતિ-અજ્ઞાન** (૪) **શ્રુત-અજ્ઞાન** (૫) **અભવ્ય** અને (૬)

**મિથ્યાત્વમાર્ગણામાં કુલ- ૧૩ યોગ** હોય છે. આહારકમિશ્ર અને આ૦કા૦ હોતો નથી.

જે મિથ્યાદષ્ટિ સંજ્ઞી જીવ દેવ-નરકમાં ઉત્પન્ન થાય છે. તેને ભવના પ્રથમસમયથી વિભંગજ્ઞાન હોય છે. એટલે વિભંગજ્ઞાની દેવ-નારકોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે અને સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **વૈક્રિયમિશ્રયોગ** હોય છે. ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં **વૈ૦કા૦** હોય છે તેમજ **પ્રજ્ઞાપનાસૂત્રની**[22] **ટીકામાં કહ્યું છે કે, "મહાકાયમાં ઉત્પન્ન થતાં તિર્યંચ-મનુષ્યોને વિભંગજ્ઞાન સંભવે છે."** તેથી વિભંગજ્ઞાની તિર્યંચ-મનુષ્યોને અપર્યાપ્તાવસ્થામાં **ઔ૦મિશ્રયોગ** હોય છે અને પર્યાપ્તાવસ્થામાં **ઔ૦ કા૦, મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. અને વૈક્રિયલબ્ધિવાળા વિભંગજ્ઞાની તિર્યંચ-મનુષ્યો જ્યારે ઉત્તરવૈ૦શરીર બનાવે છે. ત્યારે [23]વૈ૦મિશ્ર અને વૈ૦કા૦ હોય છે. એટલે **વિભંગજ્ઞાનમાર્ગણામાં કુલ-૧૩ યોગ હોય છે.** આહારકદ્વિક યોગ ન હોય. કારણકે વિભંગજ્ઞાનીને સર્વવિરતિ ન હોવાથી આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આ૦કા૦ અને આ૦મિશ્રયોગ હોતો નથી.

સપ્તતિકાની ચૂર્ણીમાં કહ્યું છે કે, ઉપશમશ્રેણીમાં રહેલો ઉપશમ-

---

(૨૨) प्रज्ञापनावृत्तावल्पकायेषूत्पद्यमानस्य तिर्यक्पञ्चेन्द्रियस्य विभङ्गज्ञान-स्यासम्भवस्य महाकायेषूत्पद्यमानस्य च तत्संभवस्य प्रतिपादनादत्र पञ्चसङ्ग्रहे च यथायोगं तद्योजनान्न कोऽपि विरोधः मनुष्यस्याप्येवमेव हि विभङ्गज्ञान सम्भवासम्भवौ बोध्या वित्येवमाचक्षते तत्त्वं पुनः केवलालोकशालिनो भगवन्तः प्रवदन्ति।

(ચોથાકર્મગ્રન્થમાં ગાથા નં. ૨૬ની નંદનમુનિકૃત ટીકા)

(૨૩) **સિદ્ધાંતકાર ભગવંતના મતે** વૈક્રિયલબ્ધિવાળા વિભંગીજ્ઞાની તિર્યંચ-મનુષ્યને ઉત્તરવૈક્રિયશરીર બનાવતી વખતે **ઔદારિકમિશ્રયોગ** હોય છે.

સમ્યગ્દષ્ટિ જીવ આયુષ્ય પૂર્ણ થવાથી મરણ પામીને અનુત્તરદેવમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે **કાર્મણકાયયોગ** હોય છે. ત્યારપછી અપર્યાપ્તાવસ્થામાં **વૈક્રિયમિશ્રયોગ** હોય છે અને ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યગ્દૃષ્ટિ દેવ-નારકને **વૈક્રિયકાયયોગ** હોય છે તેમજ વૈક્રિયલબ્ધિવાળા ગ્રન્થિભેદજન્યઉપશમસમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્ય જ્યારે ઉત્તરવૈ૦શ૦ બનાવે છે ત્યારે [૨૪]વૈ૦મિશ્ર અને વૈ૦કા૦ હોય છે અને પર્યાપ્તા ઉપશમસમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્યને ઔ૦કા૦ હોય છે. તેમજ "[૨૫]**સ્થાનાંગસૂત્ર**"ની ટીકામાં કહ્યું છે કે, **અનંતાનુબંધીનો ઉદય થવાથી જીવ ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદનભાવને પામે છે. તે સાસ્વાદનભાવ ઔપશમિક જ છે. એટલે સાસ્વાદનભાવ જ ઉપશમસમ્યક્ત્વરૂપે જણાય છે. તેથી સાસ્વાદનસમ્યક્ત્વમાં ઔદારિકમિશ્રયોગ હોવાથી ઉપશમસમ્યક્ત્વમાં પણ ઔદારિકમિશ્રયોગ હોય છે.** એમ માનીને ઉપશમસમ્યક્ત્વમાં **ઔ૦મિશ્રયોગ** કહ્યો છે અને તે સર્વેને મનોયોગ-૪ અને વચનયોગ-૪ હોય છે એટલે **ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં કુલ-૧૩ યોગ હોય છે.** આહારકદ્વિક યોગ ન હોય. કારણકે ગ્રન્થિભેદજન્ય ઉપશમસમ્યગ્-દૃષ્ટિને ચૌદપૂર્વનો અભ્યાસ હોતો નથી અને શ્રેણિગત ઉપશમસમ્યગ્દૃષ્ટિ

---

(૨૪) **સિદ્ધાંતકાર ભગવંતનાં મતે** વૈક્રિયલબ્ધિવાળા ઉપશમસમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યોને ઉત્તરવૈક્રિયશરીર બનાવતી વખતે **ઔદારિકમિશ્રયોગ** હોય છે.

(૨૫) ''यच्चानन्तानुबन्ध्युदये औपशमिकसम्यक्त्वात् प्रतिपततः सास्वादनमुच्यते तदौपशमिकमेवे'' ति स्थानाङ्गवृत्तिवचनात् सास्वादनस्यौपशमिकसम्यक्त्वरूपत्वं ज्ञायते, तथा च सास्वादने औदारिकमिश्रस्य सद्भावादौपशमिकसम्यक्त्वेऽपि तत्सद्भावः सञ्ज्ञाघटीत्येवेति घटनयापि कथञ्चिदौपशमिकसम्यक्त्व औदारिकमिश्रस्य घटना स्यादित्यपरे तत्त्वं पुनः केवलालोकशालिनो भगवन्तः प्रवदन्ति । (ચોથાકર્મગ્રંથની ગાથા નં.૨૬ની નંદનમુનિકૃત ટીકા)

અપ્રમત્ત હોય છે. એટલે આહારકશરીર બનાવી શકતા નથી. તેથી ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં આ૦કા૦ અને આ૦મિશ્રયોગ હોતો નથી.

દેવ-નારકોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણ-કાયયોગ** હોય છે. સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **વૈક્રિયમિશ્રયોગ** હોય છે. ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં **વૈ૦કા૦** અને **મનોયોગ-૪** તથા **વચનયોગ-૪** હોય છે. એટલે **દેવગતિમાર્ગણામાં** અને **નરકગતિમાર્ગણામાં ૧૧ યોગ હોય છે.** ઔ૦દ્વિકયોગ અને આ૦દ્વિકયોગ ન હોય કારણકે દેવ-નારકોને ઔદારિક શરીર હોતું નથી. એટલે ઔ૦મિશ્ર અને ઔ૦કા૦ ન હોય. અને દેવ-નારકોને ભવસ્વભાવે જ સર્વવિરતિ ન હોવાથી ચૌદપૂર્વનો અભ્યાસ હોતો નથી. તેથી આહારકશરીર બનાવી શકતા નથી. એટલે આહારકકાયયોગ અને આહારકમિશ્રયોગ ન હોય.

પૃથ્વીકાયાદિમાર્ગણામાં યોગ :-

**कम्मुरलदुगं थावरि, ते सविउव्विदुग पंच इगि पवणे ।**
**छ असन्नि चरमवइजुय, ते विउवदुगूण चउ विगले ॥२७॥**

कार्मणौदारिकद्विकं स्थावरे, ते सवैक्रियद्विकाः पञ्चैकस्मिन् पवने ।
षड् संज्ञिनि चरमवचोयुतास्ते वैक्रियद्विकोनाश्चत्वारो विकले ॥२७॥

**ગાથાર્થ :- સ્થાવરકાયમાર્ગણામાં કાર્મણ અને ઔદારિક-દ્વિકયોગ હોય છે. તે ત્રણમાં વૈક્રિયદ્વિકયોગ ઉમેરતાં કુલ-પાંચ યોગ એકેન્દ્રિય અને વાયુકાયમાર્ગણામાં હોય છે. તેમાં ચરમવચનયોગ ઉમેરતાં કુલ-છ યોગ અસંજ્ઞીમાર્ગણામાં હોય છે. તેમાંથી વૈક્રિયદ્વિકયોગ કાઢી નાંખતા બાકીના-૪ યોગ વિકલેન્દ્રિયમાર્ગણામાં હોય છે.**

**વિવેચન :-** સ્થાવરકાય = પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય અને વનસ્પતિકાયને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે. સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **ઔ૦મિશ્રયોગ** હોય છે. ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં **ઔદારિકકાયયોગ** હોય છે. એટલે (૧) **પૃથ્વીકાય** (૨) **જલકાય** (૩) **અગ્નિકાય** અને (૪) **વનસ્પતિકાયમાર્ગણામાં ૩ યોગ હોય છે.** બાકીના યોગ ન હોય. કારણકે તે જીવો વૈક્રિયલબ્ધિવાળા ન હોવાથી વૈક્રિયશરીર બનાવી શકતા નથી. એટલે વૈક્રિયમિશ્ર અને વૈ૦કા૦ ન હોય. આહારક-લબ્ધિવાળા ન હોવાથી આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આ૦મિશ્ર અને આ૦કા૦ ન હોય અને ભાષાપર્યાપ્તિ તથા મનઃપર્યાપ્તિ ન હોવાથી વચનયોગ અને મનોયોગ હોતો નથી.

વાયુકાય અને એકેન્દ્રિયજીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે. સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **ઔદારિકમિશ્રયોગ** હોય છે. ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં **ઔ૦કા૦** હોય છે અને વૈક્રિયલબ્ધિવાળો વાયુકાય જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈક્રિયમિશ્રયોગ** અને **વૈક્રિયકાયયોગ** હોય છે. એટલે **વાયુકાય** અને **એકેન્દ્રિયમાર્ગણામાં ૫ યોગ હોય છે.** બાકીના-૧૦ યોગ ન હોવાનું કારણ પૂર્વે કહ્યાં મુજબ સમજી લેવું.

અસંજ્ઞીમાર્ગણામાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયનો સમાવેશ થાય છે. તે સર્વેને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે. સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય. ત્યાં સુધી **ઔદારિકમિશ્રયોગ હોય છે.** ત્યારપછી પર્યાપ્તાવસ્થામાં **ઔ૦કા૦** હોય છે અને વૈક્રિયલબ્ધિવાળા વાયુકાયઅસંજ્ઞીજીવો જ્યારે ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે. ત્યારે **વૈ૦મિશ્ર** અને **વૈ૦કા૦** હોય છે. તેમજ

બેઈન્દ્રિયાદિ અસંજ્ઞીને **અસત્ય-અમૃષા વચનયોગ** હોય છે. એટલે **અસંજ્ઞીમાર્ગણામાં ૭ યોગ હોય છે.** બાકીના ૯ યોગ ન હોય. કારણકે સર્વવિરતિ વિના આહારકશરીર બનાવી શકાતુ નથી. તેથી આ૦મિશ્ર અને આ૦કા૦ ન હોય. દીર્ઘકાલિકી સંજ્ઞા ન હોવાથી સત્યાદિવચનયોગ હોતા નથી અને મનઃપર્યાપ્તિ ન હોવાથી મનોયોગ હોતો નથી.

વિકલેન્દ્રિય જીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે **કાર્મણકાયયોગ** હોય છે. સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી **ઔ૦મિશ્રયોગ** હોય છે. ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં **અસત્ય-અમૃષાવચનયોગ** અને **ઔ૦કા૦** હોય છે. એટલે (૧) **બેઈન્દ્રિય** (૨) **તેઈન્દ્રિય** અને (૪) **ચઉરિન્દ્રિયમાર્ગણામાં ૪ યોગ હોય છે.** બાકીના ૧૧ યોગ ન હોવાનું કારણ પૂર્વે કહ્યાં મુજબ સમજી લેવું.

મનોયોગાદિ માર્ગણામાં યોગ :-

**कम्मुरलमीसविणु मणवइ समइय छेय चक्खु मणनाणे ।**
**उरलदुगकम्म पढमंतिममणवइ केवलदुगंमि ॥२८॥**

कर्मौदारिक मिश्रं विना मनोवचस्सामायिकच्छेद चक्षुर्मनो ज्ञाने ।
औदारिकद्विक कर्म प्रथमान्तिम मनोवचः केवलद्विके ॥२८॥

**ગાથાર્થ :- મનોયોગ, વચનયોગ, સામાયિકચારિત્ર, છેદો-પસ્થાપનીયચારિત્ર, ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં કાર્મણકાયયોગ અને ઔ૦મિશ્રયોગ વિના તેર યોગ હોય છે અને કેવલદ્વિકમાર્ગણામાં ઔદારિકદ્વિકયોગ, કાર્મણકાયયોગ, પહેલો-છેલ્લો મનોયોગ અને પહેલો- છેલ્લો વચનયોગ હોય છે.**

**વિવેચન :-** મનોયોગ અને વચનયોગ તિર્યંચ-મનુષ્ય અને દેવ-નારકને પર્યાપ્તાવસ્થામાં હોય છે. એટલે મનોયોગી અને વચનયોગી સંજ્ઞી તિર્યંચ-મનુષ્યને **ઔદારિકકા૦** અને દેવ-નારકને **વૈક્રિયકા૦** હોય છે અને તે સર્વેને **મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા સંજ્ઞી તિર્યંચ-મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈક્રિયમિશ્રયોગ** અને વૈક્રિયકાયયોગ હોય છે અને આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ્યારે આહારકશરીર બનાવે છે. ત્યારે **આહા૦ મિશ્રયોગ** અને **આહારક કાયયોગ** હોય છે. એટલે **મનોયોગ અને વચનયોગમાર્ગણામાં કુલ-૧૩ યોગ હોય છે.** કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રયોગ ન હોય. કારણકે છદ્મસ્થોને તે બન્ને યોગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે. તે વખતે મનોયોગ અને વચનયોગ હોતો નથી અને કેવલી ભગવંતને કેવલીસમુદ્ઘાતમાં ૨/૬/૭ સમયે ઔ૦મિશ્રયોગ અને ૩/૪/૫ સમયે કાર્મણકાયયોગ હોય છે પણ તે વખતે કેવલી ભગવંતોને મનોદ્રવ્યનું ગ્રહણ કરવાનું કાંઇ [૨૬]પ્રયોજન ન હોવાથી મનોદ્રવ્યનું ગ્રહણ કરતા નથી. તેથી મનોયોગ હોતો નથી. અને તે વખતે કેવલીભગવંતો દેશના આપતા નથી. તેથી વચનયોગ હોતો નથી.

એ જ પ્રમાણે, **સામાયિકચારિત્ર, છેદોપસ્થાપનીયચારિત્ર** અને **મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં કુલ- ૧૩ યોગ હોય છે.** કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રયોગ ન હોય.

**ગ્રન્થકાર ભગવંતનું એવું માનવું છે કે, ચક્ષુદર્શન પર્યાપ્તાવસ્થામાં જ હોય છે.** એટલે ચક્ષુદર્શનવાળા તિર્યંચ-મનુષ્યને

---

(૨૬) मनोवचसी तदा सर्वथा न व्यापारयति प्रयोजनाभावात् (ધર્મસાર ટીકા)

**ઔ૦કા૦** અને દેવ-નારકને **વૈ૦કા૦** હોય છે અને તે સર્વેને **મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા સંજ્ઞીતિર્યંચ-મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈક્રિયમિશ્રયોગ** અને વૈ૦કા૦ હોય છે અને આહારક લબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ્યારે આહારકશરીર બનાવે છે ત્યારે **આહારકમિશ્રયોગ** અને **આહારક કાયયોગ** હોય છે. એટલે **ચક્ષુદર્શનમાર્ગણામાં કુલ- ૧૩ યોગ હોય છે.** કાર્મણકાયયોગ અને ઔ૦મિશ્રયોગ હોતો નથી. કારણકે તે બન્ને યોગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે. તે વખતે ચક્ષુદર્શન હોતું નથી. તેથી ચક્ષુદર્શનમાર્ગણામાં કાર્મણકાયયોગ અને ઔ૦મિશ્રયોગ હોતો નથી.

સયોગીકેવલી ભગવંતોને **ઔ૦કા૦** હોય છે. તેમજ અનુત્તરદેવ કે અન્યક્ષેત્રમાં રહેલા મનઃપર્યવજ્ઞાનીને પ્રશ્નનો ઉત્તર આપતી વખતે **સત્યમનોયોગ** અને **અસત્ય-અમૃષામનોયોગ** હોય છે અને દેશના આપતી વખતે **સત્યવચનયોગ** અને **અસત્ય-અમૃષાવચનયોગ** હોય છે. તેમજ કેવલીસમુદ્ઘાતમાં ૨/૬/૭ સમયે **ઔ૦મિશ્ર** અને ૩/૪/૫ સમયે **કાર્મણકાયયોગ** હોય છે. એટલે **કેવલજ્ઞાનમાર્ગણામાં** અને **કેવલદર્શનમાર્ગણામાં (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્રયોગ (૩) ઔદારિકકાયયોગ (૪) સત્યવચનયોગ (૫) અસત્ય-અમૃષા વચનયોગ (૬) સત્યમનોયોગ (૭) અસત્ય-અમૃષમનોયોગ હોય છે.** બાકીના યોગ ન હોય. કારણકે કોઈપણ લબ્ધિનો ઉપયોગ પ્રમાદ દશામાં જ થઈ શકે છે અને કેવલીભગવંતો અપ્રમત્ત જ હોય છે. તેથી તેઓને વૈક્રિયશરીર કે આહારકશરીર બનાવવાનું હોતું નથી. તેથી વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ ન હોય. તેમજ કેવલીભગવંતને રાગદ્વેષનો નાશ થયેલો હોવાથી અસત્ય-વચનયોગ, સત્યાસત્યવચનયોગ, અસત્યમનોયોગ અને સત્યાસત્યમનોયોગ હોતો નથી.

**मणवइ उरला परिहारि सुहुमि नव ते उ मीसि सविउव्वा ।**
**देसे सविउव्विदुगा सकम्मुरलमीस अहखाए ॥२९॥**

मनोवच औदारिकाणि परिहारे सूक्ष्म नव ते तु मिश्रे सवैक्रियाः ।
देशे सवैक्रियद्विकाः सकार्मणौदारिकमिश्राः यथाख्याते ॥२९॥

**ગાથાર્થ :-પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાં મનોયોગ-૪, વચનયોગ-૪ અને ઔ૦કા૦... કુલ-૯ યોગ હોય છે. તેમાં વૈક્રિયકાયયોગ ઉમેરતાં કુલ-૧૦ યોગ મિશ્રસમ્યક્ત્વમાં હોય છે તે ૯ યોગમાં વૈક્રિયદ્વિકયોગ ઉમેરતાં કુલ-૧૧ યોગ દેશવિરતિમાં હોય છે અને તે ૯ યોગમાં કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રયોગ ઉમેરતાં કુલ-૧૧ યોગ યથાખ્યાતચારિત્રમાં હોય છે.**

**વિવેચન :-** પરિહારવિશુદ્ધિચારિત્ર સર્વવિરતિધરને જ હોય છે અને સર્વવિરતિ પર્યાપ્તાવસ્થામાં જ હોય છે એટલે **પરિહારવિશુદ્ધિચારિત્રમાર્ગણામાં ઔ૦કા૦, મનોયોગ-૪** અને **વચનયોગ-૪...** કુલ-**૯ યોગ** હોય છે. બાકીના **૬** યોગ ન હોય. કારણકે કાર્મણકાયયોગ અને ઔદારિક મિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે. તે વખતે પરિહારવિશુદ્ધિચારિત્ર હોતુ નથી અને તે ચારિત્રવાળાને જિનકલ્પીની[૨૭] જેમ વૈ૦શ૦ બનાવવાની અનુજ્ઞા મળતી નથી. કારણકે તેઓ અત્યંત વિશુદ્ધ એવી અપ્રમત્તદશામાં સંયમનું પાલન કરી રહ્યાં છે અને વૈ૦શ૦નો પ્રારંભ પ્રમાદ અવસ્થામાં જ થઈ શકે છે. તેથી

---

(૨૭) नापि तस्य वैक्रियद्विकसम्भवः, तस्यामवस्थायां तत्करणाननुज्ञानज्जिन-कल्पिकस्येव, तस्याप्यत्यन्तविशुद्धाप्रमादमूलसंयमघोरानुष्ठानपरायणत्वात्, वैक्रियारंभे च लब्ध्युपजीवने-नौत्सुक्यभावात् प्रमादसम्भवात्, (ચોથા કર્મગ્રંથની ટીકા)

પરિહારવિશુદ્ધિચારિત્રવાળો વૈ૦શ૦ બનાવી શકતો નથી. એટલે વૈક્રિયમિશ્રયોગ અને વૈક્રિયકાયયોગ ન હોય અને તેઓ કાંઈક ન્યૂન દશપૂર્વ જ ભણેલા હોય છે. એટલે ચૌદપૂર્વધર ન હોવાથી આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આહારકમિશ્ર અને આહારકકાયયોગ હોતો નથી.

સૂક્ષ્મકષાયોદયવાળા અપ્રમત્તસંયમીને જ સૂક્ષ્મસંપરાયચારિત્ર હોય છે. તેથી **સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં ઔ૦કા૦, મનોયોગ-૪** અને **વચનયોગ-૪... કુલ-૯ યોગ** હોય છે. બાકીના યોગ ન હોય. કારણકે કાર્મણકાયયોગ અને ઔ૦મિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે. તે વખતે સૂક્ષ્મસંપરાયચારિત્ર હોતું નથી. અને સૂક્ષ્મસંપરાયચારિત્રવાળા અત્યંતવિશુદ્ધિને લીધે તરંગવિનાના સમુદ્રની જેમ સ્થિર હોવાથી વૈક્રિયશરીર કે આહારકશરીર બનાવતા નથી. તેથી વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ હોતો નથી.

મિશ્રસમ્યક્ત્વ સંજ્ઞીતિર્યંચ-મનુષ્ય અને દેવ - નારકને પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. એટલે તિર્યંચ-મનુષ્યને **ઔદારિકકાયયોગ** અને દેવ-નારકોને **વૈક્રિયકાયયોગ** હોય છે અને તે સર્વેને **મનયોગચતુષ્ક** અને **વચનયોગચતુષ્ક** હોય છે. એટલે મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં કુલ-૧૦ યોગ હોય છે. બાકીના યોગ ન હોય. કારણકે કોઈપણ જીવ ત્રીજા ગુણઠાણે મરતો નથી. તેથી મિશ્રસમ્યક્ત્વ લઈને પરભવમાં જવાનું હોતું નથી. તેથી કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રયોગ અને વૈક્રિયમિશ્રયોગ હોતો નથી. તેમજ **વૈક્રિયલબ્ધિવાળા મિશ્રસમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્યોને ઉત્તરવૈક્રિયશરીરના પ્રારંભનો સંભવ ન હોવાથી કે અન્ય કોઈપણ કારણથી પૂર્વાચાર્યે મિશ્રસમ્યક્ત્વમાં વૈક્રિયમિશ્રયોગ કહ્યો નથી.** તેથી પર્યાપ્તાવસ્થામાં પણ વૈક્રિયમિશ્રયોગ હોતો નથી

અને મિશ્રસમ્યક્ત્વીને સર્વવિરતિ ન હોવાથી પૂર્વનો અભ્યાસ હોતો નથી. એટલે આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આહારકમિશ્ર અને આહારકકાયયોગ હોતો નથી.

સંજ્ઞીતિર્યંચ-મનુષ્યોને પર્યાપ્તાવસ્થામાં જ દેશવિરતિ હોય છે. એટલે દેશવિરતિધરને **ઔદારિકકાયયોગ, મનોયોગચતુષ્ક** અને **વચનયોગચતુષ્ક** હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા દેશવિરતિ તિર્યંચ-મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈક્રિયમિશ્ર** અને **વૈક્રિયકાયયોગ** હોય છે. એટલે **દેશવિરતિમાર્ગણામાં કુલ-૧૧ યોગ હોય છે.** બાકીના ૪ યોગ ન હોય. કારણકે કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે. તે વખતે દેશવિરતિ હોતી નથી. તેથી કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રયોગ હોતો નથી. અને સર્વવિરતિ ન હોવાથી પૂર્વનો અભ્યાસ હોતો નથી. તેથી આહારકશરીર બનાવી શકાતુ નથી. એટલે આહારકમિશ્રયોગ અને આહારકકાયયોગ હોતો નથી.

યથાખ્યાતચારિત્ર **૧૧** થી **૧૪** ગુણઠાણા સુધી પર્યાપ્તાવસ્થામાં જ હોય છે. એટલે **ઔદારિકકાયયોગ, મનોયોગચતુષ્ક** અને **વચનયોગચતુષ્ક** હોય છે. તેમજ કેવલીભગવંતને કેવલીસમુદ્ઘાતમાં **૨/૬/૭** સમયે **ઔદારિકમિશ્ર** અને **૩/૪/૫** સમયે **કાર્મણકાયયોગ** હોય છે. એટલે **યથાખ્યાતચારિત્રમાર્ગણામાં કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રયોગ, ઔદારિકકાયયોગ, મનોયોગ-૪ અને વચનયોગ-૪... કુલ-૧૧ યોગ હોય છે.** બાકીના-૪ યોગ ન હોય. કારણકે યથાખ્યાતચારિત્રવાળો અપ્રમત્ત હોવાથી વૈક્રિયશરીર કે આહરકશરીર બનાવી શકતો નથી. તેથી વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ ન હોય.

## -: માર્ગણામાં યોગ :-

| માર્ગણાનું નામ | કયા યોગ હોય ? | કુલ |
|---|---|---|
| દેવગતિ | કાર્મણકાયયોગ, વૈ૦મિશ્ર, વૈ૦કા૦, મનોયોગ-૪, વચનયોગ-૪ | ૧૧ |
| મનુષ્યગતિ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| તિર્યંચગતિ | કા૦કા૦, ઔ૦મિ૦, ઔ૦કા૦, વૈ૦મિ૦, વૈ૦કા૦, મનો૦૪, વચન૦૪ | ૧૩ |
| નરકગતિ | કા૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦, મનોયોગ-૪, વચનયોગ-૪ | ૧૧ |
| એકેન્દ્રિય | કા૦કા૦, ઔ૦મિ૦, ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦ | ૫ |
| વિકલેન્દ્રિય | કા૦કા૦, ઔ૦મિશ્ર, ઔ૦કા૦, અસત્ય-અમૃષાવચનયોગ | ૪ |
| પંચેન્દ્રિય | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| સ્થાવરકાય-૪ | કા૦કા૦, ઔ૦મિશ્ર, ઔ૦કા૦ | ૩ |
| વાયુકાય | કા૦કા૦, ઔ૦મિશ્ર, ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦ | ૫ |
| ત્રસકાય | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| મનોયોગ | ઔ૦કા૦,વૈ૦મિ૦,વૈ૦કા૦, આ૦મિ૦, આ૦કા૦, મનો૦૪, વચ૦૪ | ૧૩ |
| વચનયોગ | ઔ૦કા૦,વૈ૦મિ૦,વૈ૦કા૦,આ૦મિ૦,આ૦કા૦,મનો૦-૪,વચન૦ ૪ | ૧૩ |
| કાયયોગ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| પુરુષવેદ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| સ્ત્રીવેદ | કા૦કા,ઔ૦મિ૦,ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦, મનો૦૪, વચન૦૪ | ૧૩ |
| નપુંસકવેદ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| ક્રોધાદિ-૪ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| મત્યાદિ-૩જ્ઞાન | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| મનઃપર્યવજ્ઞાન | ઔ૦કા૦,વૈ૦મિશ્ર, વૈ૦કા૦,આ૦મિશ્ર, આ૦કા૦, મનો૦૪, વચન૦૪ | ૧૩ |
| કેવળજ્ઞાન | ઔ૦કા૦, ઔ૦મિ૦, કા૦કા૦, મનોયોગ-૨, વચનયોગ-૨. | ૭ |

| માર્ગણાનું નામ | કયા યોગ હોય ? | કુલ |
|---|---|---|
| અજ્ઞાનત્રિક | કા૦કા૦,ઔ૦મિ૦, ઔ૦કા૦,વૈ૦મિશ્ર,વૈ૦કા૦,મનો૦૪ વચન૦૪ | ૧૩ |
| સામા૦, છેદોપ૦ | ઔ૦કા૦, વૈ૦મિશ્ર,વૈ૦કા૦,આ૦મિશ્ર,આ૦કા૦,મનો૦૪,વચન૦૪ | ૧૩ |
| પરિહાર૦,સૂ૦ | ઔ૦કા૦, મનોયોગ-૪, વચનયોગ-૪ | ૯ |
| યથાખ્યાત | ઔ૦કા૦, મનોયોગ-૪, વચનયોગ-૪, ઔ૦મિશ્ર, કા૦કા૦ | ૧૧ |
| દેશવિરતિ | ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦, મનોયોગ-૪, વચનયોગ-૪ | ૧૧ |
| અવિરતિ | કા૦કા૦,ઔ૦મિ૦,ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦, મનો૦૪, વચન૦૪ | ૧૩ |
| ચક્ષુદર્શન | ઔ૦કા૦,વૈ૦મિ૦,વૈ૦કા૦,આ૦મિ૦,આ૦કા૦,મનો૦૪, વચન૦૪ | ૧૩ |
| અચક્ષુ,અવધિ૦ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| કેવળદર્શન | ઔ૦કા૦, ઔ૦મિશ્ર, કા૦કા૦, મનોયોગ-૨, વચનયોગ-૨ | ૭ |
| છલેશ્યા | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| ભવ્ય | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| અભવ્ય | કા૦કા૦,ઔ૦મિ૦,ઔ૦કા૦,વૈ૦મિશ્ર,વૈ૦કા૦,મનો૦૪, વચન૦૪ | ૧૩ |
| ક્ષાયિક,ક્ષયોપશ૦ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| ઉપશમસમ્યક્ત્વ | કા૦કા૦,ઔ૦મિ૦,ઔ૦કા૦,વૈ૦મિ૦,વૈ૦કા૦,મનો૦૪,વચન૦૪ | ૧૩ |
| મિશ્રસમ્યક્ત્વ | ઔ૦કા૦, વૈ૦કા૦, મનોયોગ-૪, વચનયોગ-૪ | ૧૦ |
| સાસ્વાદનસમ્ય૦ | કા૦કા૦,ઔ૦મિ૦, ઔ૦કા૦,વૈ૦મિ૦,વૈ૦કા૦,મનો૦૪,વચન૦૪ | ૧૩ |
| મિથ્યાત્વ | કા૦કા૦, ઔ૦મિ૦,ઔ૦કા૦,વૈ૦મિશ્ર,વૈ૦કા૦,મન૦૪,વચન૦૪ | ૧૩ |
| સંજ્ઞી | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| અસંજ્ઞી | કા૦કા૦,ઔ૦મિ૦, ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦, અસત્ય-અમૃષાવચન | ૬ |
| આહારી | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૫ |
| અણાહારી | કાર્મણકાયયોગ | ૧ |

# (૪)

## -: માર્ગણામાં ઉપયોગ :-

દેવગત્યાદિમાર્ગણામાં ઉપયોગ :-

**ति अनाणनाण पण चउ दंसणबार जियलक्खणुवओगा ।**
**विणु मणनाणदुकेवल, नवसुरतिरिनिरयअजएसु ॥३०॥**

त्रीण्यज्ञानानि ज्ञानानि पञ्च चत्वारि, दर्शनानि द्वादश जीवलक्षणमुपयोगाः।
विना मनोज्ञानद्विकेवलं नव सुरतिर्यङ्निरयायतेषु ॥३०॥

**ગાથાર્થ :- ઉપયોગ એ જીવનું લક્ષણ છે. તે ત્રણ-અજ્ઞાન, પાંચ જ્ઞાન અને ચાર દર્શન એમ કુલ-૧૨ પ્રકારે છે. તેમાંથી મનઃપર્યવજ્ઞાન અને કેવલદ્વિક વિના ૯ ઉપયોગ દેવગતિ, તિર્યંચગતિ, નરકગતિ અને અવિરતિમાર્ગણામાં હોય છે.**

**વિવેચન :-** વસ્તુમાં રહેલા અસાધારણધર્મને લક્ષણ કહે છે પણ તે ધર્મ તે વસ્તુ સિવાય બીજી કોઇ પણ વસ્તુમાં ન હોય અને તે વસ્તુમાં સર્વત્ર હોય તો જ લક્ષણ કહેવાય છે. દા.ત. સાકરમાં જે અમુક ચોક્કસ પ્રકારની મીઠાસ છે. તે સાકરનો અસાધારણ ધર્મ છે. એ મીઠાસ સાકર સિવાયની લીંબડાદિ કોઇ પણ વસ્તુમાં નથી. અને સાકરના એક એક કણમાં હોય છે. તેથી એ મીઠાસ એ સાકરનું લક્ષણ છે. એ જ રીતે જીવનો અસાધારણ ધર્મ **ઉપયોગ** છે. તે જીવ સિવાયની અજીવ વસ્તુમાં હોતો નથી. અને સર્વે જીવમાં હોય છે. **તેથી ઉપયોગ એ જીવનું લક્ષણ છે.**

જે દેવો સમ્યક્ત્વ વિનાના હોય છે. તેને મતિ-અજ્ઞાન શ્રુત-અજ્ઞાન અને વિભંગજ્ઞાન હોય છે. તથા જે દેવો સમ્યક્ત્વી હોય છે.

તેને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અને અવધિદર્શન હોય છે અને તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેથી **દેવગતિમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **મતિજ્ઞાનોપયોગ** (૫) **શ્રુતજ્ઞાનોપયોગ** (૬) **અવધિજ્ઞાનોપયોગ** (૭) **અવધિદર્શનોપયોગ** (૮) **ચક્ષુદર્શનોપયોગ** અને (૯) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે. બાકીના ત્રણ ઉપયોગ ન હોય. કારણકે મનઃપર્યવજ્ઞાન અપ્રમત્તસંયમીને પ્રાપ્ત થાય છે અને અપ્રમત્તસંયમી સંપૂર્ણ ઘાતીકર્મનો ક્ષય કરે છે. ત્યારે કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થાય છે. એટલે સર્વવિરતિધર જીવને જ મનઃપર્યવજ્ઞાનાદિ-૩ હોય છે. દેવને સર્વવિરતિ ન હોવાથી મનઃપર્યજ્ઞાનાદિ ન હોય. તેથી દેવગતિમાર્ગણામાં (૧) મનઃપર્યવજ્ઞાનોપયોગ (૨) કેવલજ્ઞાનોપયોગ અને (૩) કેવલદર્શનોપયોગ ન હોય.

એ જ પ્રમાણે (૧) **તિર્યંચગતિ** (૨) **નરકગતિ** અને (૩) **અવિરતિમાર્ગણામાં** પણ મતિ-અજ્ઞાનાદિ **નવ** ઉપયોગ હોય છે.

ત્રસકાયાદિમાર્ગણામાં ઉપયોગ :-

**तसजोयवेय सुक्का हारनरपणिंदिसन्निभवि सव्वे ।**
**नयणेयर पणलेसा कसाय दस केवलदुगूणा ॥३१॥**

त्रसयोगवेदशुक्लाहारकनर पञ्चेन्द्रिय संज्ञिभव्ये सर्वे ।
नयनेतर पञ्चलेश्या कषाये दश केवलद्विकोनाः ॥३१॥

**ગાથાર્થ :- ત્રસકાય, ત્રણયોગ, ત્રણવેદ, શુક્લલેશ્યા, આહારી, મનુષ્યગતિ, પંચેન્દ્રિય, સંજ્ઞી અને ભવ્યમાર્ગણામાં સર્વે ઉપયોગ હોય છે. ચક્ષુદર્શન-અચક્ષુદર્શન, પાંચલેશ્યા અને કષાયમાર્ગણામાં કેવલદ્વિક વિના દસ ઉપયોગ હોય છે.**

**વિવેચન** :- બેઇન્દ્રિયાદિ ત્રસ જીવોને મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, અચક્ષુદર્શન અને સંજ્ઞીને વિભંગજ્ઞાન પણ હોય છે. ચઉરિન્દ્રિયાદિને ચક્ષુદર્શન હોય છે. સમ્યગ્દષ્ટિત્રસજીવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન હોય છે. સર્વવિરતિધરને મનઃપર્યવજ્ઞાન હોય છે અને કેવલીભગવંતને કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય છે. તેથી **ત્રસકાયમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **મતિજ્ઞાનોપયોગ** (૫) **શ્રુતજ્ઞાનોપયોગ** (૬) **અવધિજ્ઞાનોપયોગ** (૭) **અવધિદર્શનોપયોગ** (૮) **મનઃપર્યવજ્ઞાનોપયોગ** (૯) **ચક્ષુદર્શનોપયોગ** (૧૦) **અચક્ષુદર્શનોપયોગ** (૧૧) **કેવલજ્ઞાનોપયોગ** અને (૧૨) **કેવલદર્શનોપયોગ** હોય છે.

સમ્યક્ત્વ વિનાના મનોયોગીને ત્રણ અજ્ઞાન હોય છે. સમ્યગ્-દૃષ્ટિમનોયોગીને ત્રણ જ્ઞાન અને અવધિદર્શન હોય છે. સર્વવિરતિધરને મનઃપર્યવજ્ઞાન હોય છે અને તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેમજ સયોગી કેવલીભગવંતને કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય છે. તેથી મનોયોગમાર્ગણામાં (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **મતિજ્ઞાનોપયોગ** (૫) **શ્રુતજ્ઞાનોપયોગ** (૬) **અવધિજ્ઞાનોપયોગ** (૭) **અવધિદર્શનોપયોગ** (૮) **મનઃપર્યવજ્ઞાનોપયોગ** (૯) **ચક્ષુદર્શનોપયોગ** (૧૦) **અચક્ષુદર્શનોપયોગ** (૧૧) **કેવલજ્ઞાનોપયોગ** અને (૧૨) **કેવલદર્શનોપયોગ** હોય છે.

એ જ રીતે, **વચનયોગમાર્ગણામાં** અને **કાયયોગમાર્ગણામાં ૧૨** ઉપયોગ હોય છે.

સમ્યક્ત્વ વિનાના પુરુષોને ત્રણ અજ્ઞાન હોય છે. સમ્યગ્દૃષ્ટિ પુરુષોને ત્રણ જ્ઞાન અને અવધિદર્શન હોય છે. સર્વવિરતિધર

સાધુભગવંતોને મનઃપર્યવજ્ઞાન હોય છે. તેમજ તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે અને કેવલજ્ઞાની સાધુભગવંતને[28] કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય છે. તેથી **પુરુષવેદમાર્ગણામાં મતિઅજ્ઞાનાદિ-૧૨ ઉપયોગ** હોય છે.

સમ્યક્ત્વ વિનાની દેવી, માનુષી અને પંચેન્દ્રિયતિર્યંચીને ત્રણ અજ્ઞાન હોય છે. સમ્યગ્દૃષ્ટિ દેવી-માનુષી અને સંજ્ઞીતિર્યંચીને મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શન હોય છે. સર્વવિરતિધર સાધ્વીજી મહારાજને મનઃપર્યવજ્ઞાન હોય છે. તેમજ તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે અને કેવલજ્ઞાની સાધ્વીભગવંતને કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય છે. તેથી **સ્ત્રીવેદમાર્ગણામાં મતિ-અજ્ઞાનાદિ-૧૨** ઉપયોગ હોય છે.

એ જ પ્રમાણે, (૧) **નપુંસકવેદ** (૨) **શુક્લલેશ્યા** (૩) **આહારી** (૪) **મનુષ્યગતિ** (૫) **પંચેન્દ્રિય** (૬) **સંજ્ઞી** અને (૭) **ભવ્ય**માર્ગણામાં **૧૨** ઉપયોગ હોય છે.

ચક્ષુદર્શનમાર્ગણામાં આંખોવાળા મિથ્યાદૃષ્ટિથી માંડીને ક્ષીણમોહી સુધીના જીવોનો સમાવેશ થાય છે. તેમાંથી સમ્યક્ત્વ વિનાના ચક્ષુદર્શનીજીવોને ત્રણઅજ્ઞાન હોય છે. સમ્યગ્દૃષ્ટિચક્ષુદર્શનીને ત્રણજ્ઞાન અને અવધિદર્શન હોય છે. સર્વવિરતિવાળાને મનઃપર્યવજ્ઞાન હોય છે અને તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેથી **ચક્ષુદર્શનમાર્ગણામાં મતિ-અજ્ઞાનાદિ ૧૦ ઉપયોગ** હોય છે. છેલ્લા બે ઉપયોગ ન હોય. કારણકે જ્યારે ઘાતીકર્મનો ક્ષય થવાથી ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન અને

---

(૨૮) અહીં દ્રવ્યવેદની અપેક્ષાએ વેદમાર્ગણામાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ કહ્યાં છે. ભાવવેદની અપેક્ષાએ વેદમાર્ગણામાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ વિના ૧૦ ઉપયોગ હોય છે..

કેવલદર્શન પ્રગટ થાય છે. ત્યારે ક્ષાયોપશમિકભાવનું ચક્ષુદર્શન હોતું નથી. તેથી ચક્ષુદર્શનમાર્ગણામાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ ન હોય.

એ જ પ્રમાણે, **અચક્ષુદર્શનમાર્ગણામાં ૧૦ ઉપયોગ** હોય છે.

કૃષ્ણલેશ્યામાર્ગણામાં કૃષ્ણલેશ્યાવાળા મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણલેશ્યાવાળા સાસ્વાદની, કૃષ્ણલેશ્યાવાળા મિશ્રદૃષ્ટિ, કૃષ્ણલેશ્યાવાળા સમ્યગ્દૃષ્ટિ, કૃષ્ણલેશ્યાવાળા દેશવિરતિ અને કૃષ્ણલેશ્યાવાળા પ્રમત્તસંયમી જીવોનો સમાવેશ થાય છે. તેમાંથી સમ્યક્ત્વ વિનાના કૃષ્ણલેશ્યાવાળા જીવોને ત્રણ અજ્ઞાન હોય છે. કૃષ્ણલેશ્યાવાળા સમ્યગ્દૃષ્ટિજીવોને ત્રણજ્ઞાન અને અવધિદર્શન હોય છે. કૃષ્ણલેશ્યાવાળા પ્રમત્તસંયમીને મનઃપર્યવજ્ઞાન હોય છે અને તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેથી **કૃષ્ણલેશ્યામાર્ગણામાં મતિ-અજ્ઞાનાદિ ૧૦ ઉપયોગ** હોય છે. છેલ્લા બે ઉપયોગ ન હોય. કારણકે શુક્લલેશ્યાવાળા મનુષ્યને જ કેવળજ્ઞાન પ્રગટ થઈ શકે છે. કૃષ્ણલેશ્યાવાળા મનુષ્યને કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. તેથી કૃષ્ણલેશ્યામાર્ગણામાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ હોતો નથી.

એ જ પ્રમાણે (૨) **નીલલેશ્યા** અને (૩) **કાપોતલેશ્યા**માર્ગણામાં **૧૦** ઉપયોગ હોય છે. છેલ્લા **બે** ઉપયોગ ન હોય.

તેજોલેશ્યામાર્ગણામાં તેજોલેશ્યાવાળા મિથ્યાદૃષ્ટિ, તેજોલેશ્યાવાળા સાસ્વાદની, તેજોલેશ્યાવાળા મિશ્રદૃષ્ટિ, તેજોલેશ્યાવાળા સમ્યગ્દૃષ્ટિ, તેજોલેશ્યાવાળા દેશવિરતિ, તેજોલેશ્યાવાળા પ્રમત્તસંયમી અને તેજોલેશ્યાવાળા અપ્રમત્તસંયમી જીવોનો સમાવેશ થાય છે. તેમાંથી સમ્યક્ત્વ વિનાના તેજોલેશ્યાવાળા જીવને ત્રણ અજ્ઞાન હોય છે અને

તેજોલેશ્યાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોને ત્રણજ્ઞાન અને અવધિદર્શન હોય છે. તથા તેજોલેશ્યાવાળા પ્રમત્ત-અપ્રમત્તસંયમીને મનઃપર્યવજ્ઞાન હોય છે અને તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેથી **તેજોલેશ્યામાર્ગણામાં મતિઅજ્ઞાનાદિ ૧૦ ઉપયોગ** હોય છે. છેલ્લા બે ઉપયોગ ન હોય. કારણકે તેજોલેશ્યાવાળા જીવને કેવલજ્ઞાન પ્રગટ થતું નથી. તેથી તેજોલેશ્યામાર્ગણામાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ ન હોય.

એ જ પ્રમાણે, **પદ્મલેશ્યામાર્ગણામાં ૧૦** જ ઉપયોગ હોય છે.

ક્રોધકષાયમાર્ગણામાં ક્રોધીમિથ્યાદૃષ્ટિજીવોથી માંડીને ક્રોધી અનિવૃત્તિબાદરસંપરાયવાળા જીવોનો સમાવેશ થાય છે. તેમાંથી સમ્યક્ત્વ વિનાના ક્રોધી જીવોને ત્રણ અજ્ઞાન અને ક્રોધવાળા સમ્યગ્દૃષ્ટિજીવોને ત્રણજ્ઞાન તથા અવધિદર્શન હોય છે અને ક્રોધવાળા પ્રમત્તાદિ સંયમીને મનઃપર્યવજ્ઞાન હોય છે અને તે સર્વેને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેથી **ક્રોધમાર્ગણામાં મતિ-અજ્ઞાનાદિ ૧૦ ઉપયોગ** હોય છે. છેલ્લા બે ઉપયોગ ન હોય. કારણકે ક્રોધકષાયવાળા જીવોને કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. તેથી ક્રોધમાર્ગણામાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ ન હોય.

એ જ પ્રમાણે, (૨) **માન** (૩) **માયા** અને (૪) **લોભકષાય-માર્ગણામાં ૧૦ જ ઉપયોગ** હોય છે. છેલ્લા બે ઉપયોગ ન હોય.

ચઉરિન્દ્રિયાદિમાર્ગણામાં ઉપયોગ :-

**चउरिंदिअसन्नि दुअन्नाण दुदंस इगबिति थावरि अचक्खु ।**
**तिअन्नाण दंसणदुगं, अन्नाणतिगि अभवि मिच्छदुगे ॥३२॥**

चतुरिन्द्रियासंज्ञिनि द्वयज्ञानद्विदर्शनमेकद्वित्रिस्थावरेऽचक्षुः ।
त्र्यज्ञानं दर्शनद्विकमज्ञानत्रिकाभव्ये मिथ्यात्वद्विके ॥३२॥

**ગાથાર્થ :-ચઉરિન્દ્રિય અને અસંજ્ઞીમાર્ગણામાં બે અજ્ઞાન અને બે દર્શન... કુલ-૪ ઉપયોગ હોય છે. તેમાંથી ચક્ષુદર્શનોપયોગ વિના ત્રણ ઉપયોગ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને સ્થાવરકાયમાં હોય છે. તથા અજ્ઞાનત્રિક, અભવ્ય અને મિથ્યાત્વદ્વિકમાર્ગણામાં ત્રણ અજ્ઞાન અને બે દર્શન... કુલ પાંચ ઉપયોગ હોય છે.**

**વિવેચન** :- ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી જીવો મિથ્યાત્વી કે સાસ્વાદની હોવાથી મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન જ હોય છે. તેમજ તે સર્વેને ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન હોય છે. તેથી (૧) **ચઉરિન્દ્રિયમાર્ગણામાં** અને (૨) **અસંજ્ઞીમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **ચક્ષુદર્શનોપયોગ** અને (૪) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે. બાકીના ૮ ઉપયોગ ન હોય. કારણકે વિભંગજ્ઞાન લબ્ધિ-પર્યાપ્તા સંજ્ઞીજીવોને જ ઉત્પન્ન થઈ શકે છે. ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી જીવોને ઉત્પન્ન થતું નથી. તેથી (૧) વિભંગજ્ઞાનોપયોગ ન હોય અને સમ્યક્ત્વ ન હોવાથી ત્રણજ્ઞાન અને અવધિદર્શન હોતું નથી. એટલે (૨) મતિજ્ઞાનોપયોગ, (૩) શ્રુતજ્ઞાનોપયોગ, (૪) અવધિજ્ઞાનોપયોગ અને (૫) અવધિદર્શનોપયોગ ન હોય તથા સર્વવિરતિ ન હોવાથી મનઃપર્યવજ્ઞાન હોતું નથી અને કેવળજ્ઞાન ન હોવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન હોતું નથી. તેથી (૬) મનઃપર્યવજ્ઞાનોપયોગ (૭) કેવળજ્ઞાનોપયોગ અને (૮) કેવલદર્શનોપયોગ હોતો નથી.

એકેન્દ્રિય (પૃથ્વી, જલ, વનસ્પતિ) બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય જીવો મિથ્યાત્વી કે સાસ્વાદની હોય છે અને તેઉ-વાઉજીવો મિથ્યાત્વી જ હોય છે. તેથી તે સર્વેને મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન જ હોય છે. એટલે (૧) **એકેન્દ્રિય** (૨) **બેઈન્દ્રિય** (૩) **તેઈન્દ્રિય** (૪)

**પૃથ્વીકાય** (૫) **જલકાય** (૬) **અગ્નિકાય** (૭) **વાયુકાય** અને (૮) **વનસ્પતિકાયમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** અને (૩) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે. બાકીના **નવ** ઉપયોગ ન હોય. કારણકે તેઓને આંખો ન હોવાથી ચક્ષુદર્શન હોતું નથી. એટલે ચક્ષુદર્શનોપયોગ ન હોય. અને બાકીના ૮ ઉપયોગ ન હોવાનું કારણ ઉપર કહ્યાં મુજબ સમજવું.

અજ્ઞાનત્રિક બે કે ત્રણ ગુણઠાણા સુધી જ હોય છે. એટલે ચારે ગતિના મિથ્યાદષ્ટિ કે સાસ્વાદની જીવોને મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન હોય છે અને મિથ્યાદષ્ટિ કે સાસ્વાદની સંજ્ઞીને વિભંગજ્ઞાન પણ હોય છે. તેમજ તે સર્વેને અચક્ષુદર્શન અને ચઉરિન્દ્રિયાદિને ચક્ષુદર્શન પણ હોય છે. તેથી (૧) **મતિ-અજ્ઞાન** (૨) **શ્રુત-અજ્ઞાન** અને **વિભંગજ્ઞાનમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **અચક્ષુદર્શનોપયોગ** અને (૫) **ચક્ષુદર્શનોપયોગ** હોય છે. બાકીના ૭ ઉપયોગ ન હોવાનું કારણ પૂર્વે કહ્યાં મુજબ સમજવું.

એ જ પ્રમાણે, **અભવ્યમાર્ગણામાં** અને **મિથ્યાત્વમાર્ગણામાં** **પાંચ** જ ઉપયોગ હોય છે. મતિજ્ઞાનોપયોગાદિ-૭ ન હોય.

**કર્મગ્રન્થકારભગવંતના મતે** સાસ્વાદનસમ્યગ્દષ્ટિને ત્રણ અજ્ઞાન અને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેથી **સાસ્વાદન-સમ્યક્ત્વમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ**, (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **ચક્ષુદર્શનોપયોગ** અને (૫) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે. સમ્યક્ત્વાદિ ન હોવાથી મતિજ્ઞાનોપયોગાદિ-૭ ન હોય.

**केवलदुगे नियदुगं, नव तिअनाण विणु खइयअहखाये ।**
**दंसणनाणतिगं देसि मीसि अन्नाणमीसं तं ॥३३॥**

केवलद्विके निजद्विकं नव त्र्यज्ञान विना क्षायिकयथाख्याते ।
दर्शनज्ञानत्रिकं देशे मिश्रेऽज्ञानमिश्रं तत् ॥३३॥

**ગાથાર્થ :- કેવલદ્વિકમાર્ગણામાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલ-દર્શનોપયોગ હોય છે. ક્ષાયિકસમ્યક્ત્વ અને યથાખ્યાતચારિત્ર-માર્ગણામાં ત્રણઅજ્ઞાન વિના નવ ઉપયોગ હોય છે. દેશવિરતિ-માર્ગણામાં ત્રણજ્ઞાન અને ત્રણદર્શન... કુલ છ ઉપયોગ હોય છે. એ જ છ ઉપયોગ મિશ્રસમ્યક્ત્વમાં હોય છે પણ ત્યાં જ્ઞાન એ અજ્ઞાનથી મિશ્રિત હોય છે.**

**વિવેચન :-** કેવલજ્ઞાનમાર્ગણામાં અને **કેવલદર્શનમાર્ગણામાં** (૧) **કેવલજ્ઞાનોપયોગ** અને (૨) **કેવલદર્શનોપયોગ** જ હોય છે. બાકીના ઉપયોગ ન હોય. કારણકે કોઈ પણ જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી ક્ષાયોપશમિકભાવનાં મત્યાદિ-જ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે મત્યાદિ-અજ્ઞાનનો નાશ થાય છે અને ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થાય છે. ત્યારે ક્ષાયોપશમિકભાવના મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શનનો નાશ થાય છે. તેથી મતિ-અજ્ઞાનાદિ-૧૦ ઉપયોગ ન હોય.

છદ્મસ્થક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વીને ઘાતીકર્મનો ક્ષય કર્યા પછી કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય છે. તેથી **ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં**

(૧) **મતિજ્ઞાનોપયોગ** (૨) **શ્રુતજ્ઞાનોપયોગ** (૩) **અવધિજ્ઞાનોપયોગ** (૪) **ચક્ષુદર્શનોપયોગ** (૫) **અચક્ષુદર્શનોપયોગ** (૬) **અવધિદર્શનોપયોગ** (૭) **મનઃપર્યવજ્ઞાનોપયોગ** (૮) **કેવલજ્ઞાનોપયોગ** અને (૯) **કેવલદર્શનોપયોગ** જ હોય છે. બાકીના ઉપયોગ ન હોય. કારણકે દર્શનમોહનીયકર્મ નાશ પામેલું હોવાથી દર્શનમોહનીયકર્મનો ઉદય હોતો નથી. એટલે અજ્ઞાનત્રિક ન હોવાથી ત્રણ અજ્ઞાનોપયોગ ન હોય.

છદ્મસ્થોને મોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થવાથી કે સંપૂર્ણ નાશ થવાથી યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત થાય છે. તે વખતે મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન હોય છે અને તે ચારિત્રવાળા જીવો જ્યારે ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય કરે છે. ત્યારે કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થાય છે. તેથી **યથાખ્યાતચારિત્રમાર્ગણામાં** (૧) **મતિજ્ઞાનોપયોગ** (૨) **શ્રુતજ્ઞાનોપયોગ** (૩) **અવધિજ્ઞાનોપયોગ** (૪) **મનઃપર્યવજ્ઞાનોપયોગ** (૫) **ચક્ષુદર્શનોપયોગ** (૬) **અચક્ષુદર્શનોપયોગ** (૭) **અવધિદર્શનોપયોગ** (૮) **કેવલજ્ઞાનોપયોગ** અને (૯) **કેવલદર્શનોપયોગ** જ હોય છે. બાકીના ત્રણ અજ્ઞાનોપયોગ ન હોય કારણકે દર્શનમોહનીયકર્મનો ઉપશમ કે ક્ષય થયેલો હોવાથી દર્શનમોહનીયકર્મનો ઉદય હોતો નથી. તેથી ત્રણ અજ્ઞાનોપયોગ ન હોય.

દેશવિરતિધર તિર્યંચ-મનુષ્યોને ત્રણજ્ઞાન અને ચક્ષુરાદિ ત્રણ દર્શન હોય છે. તેથી **દેશવિરતિમાર્ગણામાં** (૧) **મતિજ્ઞાનોપયોગ** (૨) **શ્રુતજ્ઞાનોપયોગ** (૩) **અવધિજ્ઞાનોપયોગ** (૪) **ચક્ષુદર્શનોપયોગ** (૫) **અચક્ષુદર્શનોપયોગ** અને (૬) **અવધિદર્શનોપયોગ** હોય છે. બાકીના છ ઉપયોગ ન હોય. કારણકે સમ્યક્ત્વ હોવાથી (૧) મતિ-અજ્ઞાનોપયોગ (૨) શ્રુત-અજ્ઞાનોપયોગ (૩) વિભંગજ્ઞાનોપયોગ ન હોય. અને સર્વવિરતિ ન હોવાથી (૪) મનઃપર્યવજ્ઞાનોપયોગ ન હોય તથા

કેવળજ્ઞાન ન હોવાથી (૫) કેવલજ્ઞાનોપયોગ અને (૬) કેવલદર્શનોપયોગ ન હોય.

**ગ્રન્થકાર ભગવંતનું** એવું માનવું છે કે, મિશ્રદષ્ટિ જીવોને સમ્યક્ત્વ ન હોવાથી શુદ્ધજ્ઞાન હોતું નથી અને મિથ્યાત્વ ન હોવાથી શુદ્ધ-અજ્ઞાન હોતું નથી પણ શુદ્ધાશુદ્ધજ્ઞાન=મિશ્રજ્ઞાન હોય છે. તે મિશ્રજ્ઞાનને અજ્ઞાન જ માનવું જોઈએ. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે, **"સમ્યક્ત્વ વિનાના જીવોનું જે જ્ઞાન છે. તે અજ્ઞાન જ છે."** તેથી મિશ્રદષ્ટિજીવોને ત્રણ-અજ્ઞાન હોય છે. તેમજ ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે અને [૨૯]**સિદ્ધાંતકાર ભગવંતના મતે** અવધિદર્શન પણ હોય છે. તેથી **મિશ્રસમ્યક્ત્વમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **ચક્ષુદર્શનોપયોગ** (૫) **અચક્ષુદર્શનોપયોગ** અને (૬) **અવધિદર્શનોપયોગ** હોય છે. બાકીના છ ઉપયોગ ન હોય. કારણકે સમ્યક્ત્વ ન હોવાથી ત્રણ જ્ઞાનોપયોગ ન હોય અને સર્વવિરતિ ન હોવાથી મનઃપર્યવજ્ઞાનોપયોગ ન હોય તથા કેવળજ્ઞાન ન હોવાથી કેવળજ્ઞાનોપયોગ અને કેવળદર્શનોપયોગ ન હોય.

અનાહારકાદિમાર્ગણામાં ઉપયોગ :-

**मणनाण चक्खुवज्जा अणहारे तिन्नि दंस चउनाणा ।**
**चउनाणसंजमोवसमवेयगे ओहिदंसे य ॥३४॥**

मनोज्ञानचक्षुर्वर्जा अनाहारे त्रीणिदर्शनानि चत्वारि ज्ञानानि ।
चतुर्ज्ञानसंयमोपशमवेदकेऽवधिदर्शने च ॥३४॥

**ગાથાર્થ :- અણાહારીમાર્ગણામાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના દસ ઉપયોગ હોય છે. ચાર જ્ઞાન, ચારસંયમ, ઉપશમસમ્યક્ત્વ,**

**ક્ષાયોપશમિકસમ્યક્ત્વ અને અવધિદર્શનમાર્ગણામાં ચારજ્ઞાન અને ત્રણદર્શન એમ કુલ સાત ઉપયોગ હોય છે.**

**વિવેચન :-** વિગ્રહગતિમાં દરેક જીવો અણાહારી હોય છે. તેમાંથી સમ્યક્ત્વ વિનાના જીવોને ત્રણ અજ્ઞાન હોય છે અને સમ્યગ્દૃષ્ટિજીવોને ત્રણજ્ઞાન તથા અવધિદર્શન હોય છે અને તે સર્વેને અચક્ષુદર્શન હોય છે. સયોગીકેવલીભગવંતો કેવલીસમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા, પાંચમા સમયે અણાહારી હોય છે અને અયોગી કેવલી ભગવંતો પણ અણાહારી હોય છે તેઓને કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય છે. તેથી **અણાહારીમાર્ગણામાં (૧) મતિ-અજ્ઞાનોપયોગ (૨) શ્રુત-અજ્ઞાનોપયોગ (૩) વિભંગજ્ઞાનોપયોગ (૪) મતિજ્ઞાનોપયોગ (૫) શ્રુતજ્ઞાનોપયોગ (૬) અવધિજ્ઞાનોપયોગ (૭) અવધિદર્શનોપયોગ (૮) અચક્ષુદર્શનોપયોગ (૯) કેવલજ્ઞાનોપયોગ અને ૧૦ કેવલદર્શનોપયોગ** હોય છે. બાકીના બે ઉપયોગ ન હોય. કારણકે વિગ્રહગતિમાં જીવોને સર્વવિરતિ ન હોવાથી મન:પર્યવજ્ઞાનોપયોગ હોતો નથી. અને આંખો ન હોવાથી ચક્ષુદર્શનોપયોગ હોતો નથી. તેમજ કેવલી ભગવંતને પણ ક્ષાયોપશમિકભાવનું મન:પર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન ન હોવાથી મન:પર્યવજ્ઞાનોપયોગ અને ચક્ષુદર્શનોપયોગ હોતો નથી.

મતિજ્ઞાન સમ્યગ્દૃષ્ટિ અને સર્વવિરતિધરને છદ્મસ્થાવસ્થામાં જ હોય છે. તેથી મતિજ્ઞાનીને મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન જ હોય છે. એટલે **મતિજ્ઞાનમાર્ગણામાં** (૧) **મતિજ્ઞાનોપયોગ** (૨) **શ્રુતજ્ઞાનોપયોગ** (૩) **અવધિજ્ઞાનોપયોગ** (૪) **મન:પર્યવજ્ઞાનોપયોગ**

---

(૨૯) इह चावधिदर्शनमागमाभिप्रायेणोच्यतेऽन्यथा एतेष्वेव मार्गणास्थानेषु गुणस्थानकमार्गणायां ''अजयाइ नव मइसु ओहिदुगे'' इत्युक्तमिति

(ચોથા કર્મગ્રન્થમાં ગાથા નં. ૩૩ની નંદનમુનિકૃત ટીકા)

(૫) **ચક્ષુદર્શનોપયોગ** (૬) **અચક્ષુદર્શનોપયોગ** અને (૭) **અવધિ-દર્શનોપયોગ** હોય છે. બાકીના પાંચ ઉપયોગ ન હોય. કારણકે જ્યાં સુધી ક્ષાયોપશમિક મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન હોય ત્યાં સુધી ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થતું નથી. એટલે કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ હોતો નથી અને સમ્યક્ત્વ હોવાથી ત્રણ અજ્ઞાનોપયોગ ન હોય.

એ જ પ્રમાણે (૧) **શ્રુતજ્ઞાન** (૨) **અવધિજ્ઞાન** (૩) **ઉપશમ-સમ્યક્ત્વ** અને (૪) **ક્ષયોપશમસમ્યક્ત્વ માર્ગણામાં સાત ઉપયોગ** હોય છે.

મનઃપર્યવજ્ઞાન અને સામાયિકાદિ ત્રણ ચારિત્ર પ્રમત્તાદિસંયમીને છદ્મસ્થાવસ્થામાં જ હોય છે અને સૂક્ષ્મસંપરાયચારિત્ર સૂક્ષ્મકષાયોદયવાળા જીવને દશમાગુણઠાણે જ હોય છે. તેથી તેઓને મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન હોય છે. એટલે (૧) **મનઃપર્યવજ્ઞાન** (૨) **સામાયિકચારિત્ર** (૩) **છેદોપસ્થાપનીયચારિત્ર** (૪) **પરિહારવિશુદ્ધિ-ચારિત્ર** અને(૫) **સૂક્ષ્મસંપરાયચારિત્રમાર્ગણામાં** ઉપર કહ્યાં મુજબ **સાત** જ ઉપયોગ હોય છે. બાકીના પાંચ ઉપયોગ ન હોવાનું કારણ ઉપર કહ્યાં મુજબ સમજવું.

**કર્મગ્રન્થકારભગવંતના મતે** અવધિદર્શન સમ્યગ્દષ્ટિ જીવોને અને સર્વવિરતિધરને છદ્મસ્થાવસ્થામાં હોવાથી અવધિદર્શનીને મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન જ હોય છે. તેથી **અવધિદર્શન-માર્ગણામાં** (૧) **મતિજ્ઞાનોપયોગ** (૨) **શ્રુતજ્ઞાનોપયોગ** (૩) **અવધિજ્ઞાનોપયોગ** (૪) **મનઃપર્યવજ્ઞાનોપયોગ** (૫) **ચક્ષુદર્શનોપયોગ** (૬) **અચક્ષુદર્શનોપયોગ** અને (૭) **અવધિદર્શનોપયોગ** હોય છે. બાકીના **પાંચ** ઉપયોગ ન હોવાનું કારણ પૂર્વે કહ્યાં મુજબ સમજવું.

## -: માર્ગણામાં ઉપયોગ :-

| માર્ગણાનું નામ | કયા ઉપયોગ હોય ? | કુલ |
|---|---|---|
| દેવગતિ | ૩અજ્ઞાનોપયોગ, ૩જ્ઞાનોપયોગ, ૩ દર્શનોપયોગ | ૯ |
| મનુષ્યગતિ | ૧૨ ઉપયોગ | ૧૨ |
| તિર્યંચગતિ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનોપયોગ, ૩ દર્શનોપયોગ | ૯ |
| નરકગતિ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનોપયોગ, ૩ દર્શનોપયોગ | ૯ |
| એકેન્દ્રિય | મતિ-અજ્ઞાનોપયોગ, શ્રુત-અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| બેઇન્દ્રિય/તેઇન્દ્રિય | મતિ-અજ્ઞાનોપયોગ, શ્રુતઅજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| ચઉરિન્દ્રિય | મતિ-અજ્ઞાનોપયોગ,શ્રુતઅજ્ઞાનોપયોગ,ચક્ષુ-અચક્ષુદર્શનોપયોગ | ૪ |
| પંચેન્દ્રિય | ૧૨ ઉપયોગ | ૧૨ |
| સ્થાવર-૫ | મતિ-અજ્ઞાનોપયોગ, શ્રુત-અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| ત્રસકાય | ૧૨ ઉપયોગ | ૧૨ |
| ત્રણયોગ | ૧૨ ઉપયોગ | ૧૨ |
| ત્રણવેદ | ૧૨ ઉપયોગ | ૧૨ |
| ક્રોધાદિ-૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૪ જ્ઞાનોપયોગ, ૩ દર્શનોપયોગ | ૧૦ |
| ૪ જ્ઞાન | મત્યાદિ-૪ જ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ | ૭ |
| કેવળજ્ઞાન | કેવળજ્ઞાનોપયોગ, કેવલદર્શનોપયોગ | ૨ |
| અજ્ઞાનત્રિક | ૩ અજ્ઞાનોપયોગ, ચક્ષુ-અચક્ષુદર્શનોપયોગ | ૫ |
| સામાયિકાદિ-૪ | મત્યાદિ-૪ જ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ | ૭ |
| યથાખ્યાત | મત્યાદિ-૫ જ્ઞાનોપયોગ, ૪ દર્શનોપયોગ | ૯ |
| દેશવિરતિ | મત્યાદિ-૩ જ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ | ૬ |
| અવિરતિ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનોપયોગ, ૩ દર્શનોપયોગ | ૯ |
| ચક્ષુ-અચક્ષુદર્શન | ૩ અજ્ઞાનોપયોગ, ૪ જ્ઞાનોપયોગ, ૩ દર્શનોપયોગ | ૧૦ |

| માર્ગણાનું નામ | કયા ઉપયોગ હોય ? | કુલ |
|---|---|---|
| અવધિદર્શન | મત્યાદિ-૪ જ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ | ૭ |
| કેવલદર્શન | કેવળજ્ઞાનોપયોગ, કેવલદર્શનોપયોગ | ૨ |
| ૫ લેશ્યા | ૩ અજ્ઞાનોપયોગ, ૪ જ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ | ૧૦ |
| શુક્લલેશ્યા | ૧૨ ઉપયોગ | ૧૨ |
| ભવ્ય | ૧૨ ઉપયોગ | ૧૨ |
| અભવ્ય | ૩ અજ્ઞાનોપયોગ, ચક્ષુ-અચક્ષુ દર્શનોપયોગ | ૫ |
| ક્ષાયિકસમ્યક્ત્વ | મત્યાદિ-૫ જ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૪ દર્શનોપયોગ | ૯ |
| ક્ષયોપશમ-ઉપશમ | મત્યાદિ-૪ જ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ | ૭ |
| મિશ્રદૃષ્ટિ | ૩ અજ્ઞાનોપયોગ, ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ | ૬ |
| સાસ્વાદન-મિથ્યાત્વ | ૩ અજ્ઞાનોપયોગ, ચક્ષુ-અચક્ષુ દર્શનોપયોગ | ૫ |
| સંજ્ઞી | ૧૨ ઉપયોગ | ૧૨ |
| અસંજ્ઞી | મતિ-શ્રુત અજ્ઞાનોપયોગ, ચક્ષુ-અચક્ષુદર્શનોપયોગ | ૪ |
| આહારી | ૧૨ ઉપયોગ | ૧૨ |
| અણાહારી | ૩ અજ્ઞાનો૦, મત્યાદિ-૫ જ્ઞાનોપયોગ, અચક્ષુ-અવધિદર્શનોપયોગ | ૧૦ |

અન્યમતે યોગમાર્ગણામાં જીવસ્થાનકાદિ :-

**दो तेर तेर बारस, मणे कमा अट्ठ दु चउ चउ वयणे ।**
**चउ दु पण तिन्नि काए, जिअगुणजोगोवओगन्ने ॥३५॥**

द्वे त्रयोदश त्रयोदश द्वादश, मनसि क्रमादष्ट द्वे चत्वारश्चत्वारो वचने ।
चत्वारि द्वे पञ्च त्रयः काये, जीवगुणयोगोपयोगा अन्ये ॥३५॥

**ગાથાર્થ :- અન્ય આચાર્યભગવંતો મનોયોગમાર્ગણામાં બે**

**જીવસ્થાનક, તેર ગુણસ્થાનક, તેર યોગ અને બાર ઉપયોગ માને છે. વચનયોગમાર્ગણામાં આઠ જીવસ્થાનક, બે ગુણસ્થાનક, ચારયોગ અને ચાર ઉપયોગ માને છે અને કાયયોગમાર્ગણામાં ચાર જીવસ્થાનક, બે ગુણસ્થાનક, પાંચ યોગ અને ત્રણ ઉપયોગ માને છે.**

**વિવેચન** :- ગ્રન્થકારભગવંત કહે છે કે, મનોયોગની સાથે વચનયોગ અને કાયયોગ અવશ્ય હોય છે. કોઇ પણ જીવને વચનયોગ અને કાયયોગ વિના એકલો મનોયોગ હોતો નથી અને મનોયોગ પર્યાપ્તસંજ્ઞીને જ હોય છે. તેથી **મનોયોગમાર્ગણામાં** એક જ **પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક** હોય છે. **૧૩ ગુણસ્થાનક** હોય છે. **૧૩ યોગ** હોય છે. અને **૧૨ ઉપયોગ** હોય છે પણ **અન્ય આચાર્યભગવંત** કહે છે કે, મનોયોગ કોઇ પણ યોગની સાથે નથી હોતો. એકલો જ હોય છે. કારણકે મનોયોગની સાથે વચનયોગ અને કાયયોગ હોય છે પણ ત્યાં મનોયોગને મુખ્ય અને વચનયોગ તથા કાયયોગને ગૌણ માનીને મનોયોગની જ વિવક્ષા કરાય છે. એટલે સંજ્ઞીજીવને એકલો મનોયોગ કહ્યો છે. તેથી **મનોયોગમાર્ગણામાં** (૧) **અપર્યાપ્તસંજ્ઞી** અને (૨) **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. **૧૩ ગુણસ્થાનક** હોય છે. **૧૩ યોગ** હોય છે અને **૧૨ ઉપયોગ** હોય છે.

**શંકા :- મનઃપર્યાપ્તિ પૂર્ણ થયા પછી મનોયોગ હોય છે. તે વખતે જીવ પર્યાપ્તો જ હોય છે. અપર્યાપ્તો નથી હોતો. એટલે મનોયોગમાર્ગણામાં અપર્યાપ્તસંજ્ઞીજીવસ્થાનક કેવી રીતે ઘટે ?**

**સમાધાન** :- સંજ્ઞીજીવને મનઃપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં જ મનોયોગ હોય છે. પણ અહીં મનઃપર્યાપ્તિનો

[30] પ્રારંભકાલ અને સમાપ્તિકાલ એક માનીને કરણ-અપર્યાપ્તસંજ્ઞીજીવને મનોયોગ માનવામાં આવ્યો છે. તેથી મનોયોગમાર્ગણામાં અપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક ઘટી શકે છે.

**ગ્રન્થકાર ભગવંત** કહે છે કે, વચનયોગ મનોયોગની સાથે હોય છે અને મનોયોગ વિના પણ હોય છે. એટલે વચનયોગ મનોયોગવાળા સંજ્ઞી અને મનોયોગ વિનાના અસંજ્ઞી અને વિકલેન્દ્રિયને હોય છે. તેથી **વચનયોગમાર્ગણામાં પર્યાપ્ત બેઈન્દ્રિયાદિ-૫ જીવસ્થાનક, ૧૩ ગુણસ્થાનક, ૧૩ યોગ** અને **૧૨ ઉપયોગ** હોય છે. પણ **અન્ય આચાર્યભગવંત** કહે છે કે, વચનયોગ કોઈ પણ યોગની સાથે નથી હોતો એકલો જ હોય છે. કારણકે વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયને વચનયોગની સાથે મનોયોગ હોતો નથી અને કાયયોગ હોવા છતાં પણ ત્યાં વચનયોગને મુખ્ય અને કાયયોગને ગૌણ માનીને કાયયોગની વિવક્ષા કરાતી નથી. એટલે મનોયોગ વિનાના અસંજ્ઞી અને વિકલેન્દ્રિયને એકલો વચનયોગ કહ્યો છે. તેથી **વચનયોગમાર્ગણામાં** (૧) **અપર્યાપ્તબેઈન્દ્રિય** (૨) **પર્યાપ્તબેઈન્દ્રિય** (૩) **અપર્યાપ્તતેઈન્દ્રિય** (૪) **પર્યાપ્તતેઈન્દ્રિય** (૫) **અપર્યાપ્તચઉરિન્દ્રિય** (૬) **પર્યાપ્તચઉરિન્દ્રિય** (૭) **અપ૦ અસંજ્ઞીપંચેન્દ્રિય** (૮) **પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય જીવસ્થાનક** હોય છે. એકલો વચનયોગ વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયને જ હોય છે અને તેને પહેલુ અને બીજુ એ બે જ ગુણઠાણા હોય છે. તેથી **વચનયોગમાર્ગણામાં બે જ ગુણઠાણા હોય છે.** તેમજ વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયને વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય છે. સ્વયોગ્ય

---

(૩૦) उत्तरसूत्रं तु करणापर्याप्तकानां पर्याप्तकवद्दर्शनात् ।
क्रियाकालनिष्ठाकालयोश्च कथञ्चिदभेदात् ॥
(પંચસંગ્રહના ૧ દ્વારમાં ગાથા નં૦ ૨૩ની સ્વોપજ્ઞટીકા)

સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔ૦મિશ્રયોગ હોય છે અને પર્યાપ્તાવસ્થામાં ઔ૦કા૦ અને અસત્ય-અમૃષાવચનયોગ હોય છે. તેથી **વચનયોગમાર્ગણામાં ૪ યોગ** હોય છે અને વિકલેન્દ્રિય તથા અસંજ્ઞીપંચેન્દ્રિયને મતિઅજ્ઞાનોપયોગ, શ્રુત-અજ્ઞાનોપયોગ અને ચક્ષુ-અચક્ષુદર્શનોપયોગો હોય છે. તેથી વચનયોગમાર્ગણામાં (૧) મતિ-અજ્ઞાનોપયોગ (૨) શ્રુત-અજ્ઞાનોપયોગ (૩) ચક્ષુદર્શનોપયોગ અને (૪) અચક્ષુદર્શનોપયોગ જ હોય છે.

**શંકા :- ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી વચનયોગ હોય છે. તે વખતે વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયજીવો પર્યાપ્તા જ હોય છે. અપર્યાપ્તા નથી હોતા. તેથી વચનયોગમાર્ગણામાં અપર્યાપ્તા બેઇન્દ્રિયાદિ જીવસ્થાનક કેવી રીતે ઘટી શકે ?**

**સમાધાન** :- વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિયજીવને ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી પર્યાપ્તાવસ્થામાં જ વચનયોગ હોય છે પણ અહીં ભાષાપર્યાપ્તિનો પ્રારંભકાલ અને સમાપ્તિકાલ એક માનીને કરણ-અપર્યાપ્તા બેઇન્દ્રિયાદિને વચનયોગ માનવામાં આવ્યો છે. તેથી વચનયોગમાર્ગણામાં અપર્યાપ્તા બેઇન્દ્રિયાદિ જીવસ્થાનક ઘટી શકે છે.

**ગ્રન્થકાર ભગવંત** કહે છે કે, મનોયોગ અને વચનયોગની સાથે કાયયોગ હોય છે. તેમજ મનોયોગ અને વચનયોગ વિના પણ એકલો કાયયોગ હોય છે. એટલે સામાન્યથી કાયયોગ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય- અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીજીવોને હોય છે. તેથી **કાયયોગમાર્ગણામાં ૧૪ જીવસ્થાનક, ૧૩ ગુણઠાણા, ૧૫ યોગ** અને **૧૨ ઉપયોગ** હોય છે પણ **અન્ય આચાર્યભગવંતો** કહે છે કે, કાયયોગ કોઇપણ યોગની સાથે નથી હોતો. એકલો જ હોય છે.

કારણકે એકેન્દ્રિયજીવોને મનોયોગ અને વચનયોગ વિના એકલો કાયયોગ જ હોય છે. તેથી **કાયયોગમાર્ગણામાં** (૧) **અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૨) **પર્યાપ્ત-સૂક્ષ્મએકેન્દ્રિય** (૩) **અપર્યાપ્તબાદરએકેન્દ્રિય** (૪) **પર્યાપ્તબાદરએકેન્દ્રિય જીવસ્થાનક** હોય છે અને એકલો કાયયોગ એકેન્દ્રિયજીવોને જ હોય છે અને તેને પહેલું અને બીજું જ ગુણઠાણું હોય છે. તેથી **કાયયોગમાર્ગણામાં** બે જ **ગુણઠાણા** કહ્યાં છે. તેમજ એકેન્દ્રિયને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે કાર્મણકાયયોગ છે. સ્વયોગ્ય સર્વપર્યાપ્તિ પૂર્ણ ન થાય સુધી ઔ૦મિશ્રયોગ હોય છે અને પર્યાપ્તાવસ્થામાં ઔ૦કા૦ હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા વાયુકાય જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે વૈ૦મિશ્ર અને વૈ૦કા૦ હોય છે. તેથી **કાયયોગમાર્ગણામાં** (૧) **કાર્મણકાયયોગ** (૨) **ઔદારિક-મિશ્રયોગ** (૩) **ઔદારિકકાયયોગ** (૪) **વૈક્રિયમિશ્રયોગ** અને (૫) **વૈક્રિયકાયયોગ** જ હોય છે. તેમજ એકેન્દ્રિયને મતિ-અજ્ઞાનોપયોગ શ્રુત-અજ્ઞાનોપયોગ અને અચક્ષુદર્શનોપયોગ હોય છે. તેથી **કાયયોગમાર્ગણામાં** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** અને (૩) **અચક્ષુદર્શનોપયોગ** જ હોય છે.

## (૫)

## -: માર્ગણામાં લેશ્યા :-

છ લેશ્યાદિમાર્ગણામાં લેશ્યા :-

**छसु लेसासु सठाणं, एगिंदिअसन्निभूदगवणेसु ।**
**पढमा चउरो तिन्नि उ, नारयविगलग्गिपवणेसु ॥३६॥**

षट्सु लेश्यासु स्वस्थानमेकेन्द्रियासंज्ञिभूदकवनेषु ।
प्रथमाश्चतस्रस्तिस्रस्तु, नारकविकलाग्निपवनेषु ॥३६॥

## -: યોગમાર્ગણામાં જીવસ્થાનાદિ :-

| યોગ | | જીવસ્થાનક | ગુણસ્થાનક | યોગ | ઉપયોગ |
|---|---|---|---|---|---|
| મનોયોગ | ગ્રન્થકારનાં મતે → | પર્યાપ્તસંજ્ઞી. | ૧થી૧૩ | કા૦કા૦, ઔ૦મિશ્ર વિના-૧૩ | ૧૨ ઉપયોગ |
| | અન્યમતે → | (૧) પર્યાપ્તસંજ્ઞી<br>(૨) અપર્યાપ્તસંજ્ઞી | ૧થી૧૩ | કા૦કા૦, ઔ૦મિ૦ વિના-૧૩ | ૧૨ ઉપયોગ |
| વચનયોગ | ગ્રન્થકારનાં મતે → | પર્યાપ્ત બેઈન્દ્રિયાદિ-૫ | ૧થી૧૩ | કા૦કા૦,ઔ૦મિશ્ર, વિના-૧૩ | ૧૨ ઉપયોગ |
| | અન્યમતે → | અપર્યાપ્ત બેઈન્દ્રયાદિ-૪<br>પર્યાપ્ત બેઈન્દ્રિયાદિ-૪ | પહેલુ, બીજું | કા૦કા૦, ઔ૦મિ૦ ઔ૦કા૦, અસત્ય-અમૃષા વચનયોગ | મતિ-શ્રુત અજ્ઞાનો૦ ચક્ષુ-અચક્ષુ દર્શનો૦ |
| કાયયોગ | ગ્રન્થકારનાં મતે→ | અપ૦સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ-૧૪ | ૧થી૧૩ | કાર્મણ-કાયયોગાદિ-૧૫ | ૧૨ ઉપયોગ |
| | અન્યમતે → | (૧) અપ૦સૂ૦એ૦<br>(૨) પ૦સૂ૦એ૦<br>(૩) અ૦બા૦એ૦<br>(૪) પ૦બા૦એ૦ | પહેલુ, બીજું | કા૦કા૦, ઔ૦મિ૦ ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦ | મતિ-અજ્ઞાનોપયોગ શ્રુત-અજ્ઞાનોપયોગ અચક્ષુ-દર્શનોપયોગ |

ગાથાર્થ :- છ લેશ્યામાર્ગણામાં પોતપોતાની લેશ્યા હોય છે. એકેન્દ્રિય, અસંજ્ઞી, પૃથ્વીકાય, જલકાય, અને વનસ્પતિકાયમાં પહેલી ચારલેશ્યા હોય છે. નરકગતિ, વિકલેન્દ્રિય, અગ્નિકાય, અને વાયુકાયમાં પહેલી ત્રણ લેશ્યા હોય છે.

**વિવેચન :-** છ એ લેશ્યા પરસ્પર વિરુદ્ધ છે. તેથી એક જીવને એકી સાથે એક જ લેશ્યા હોય છે. બે, ત્રણ, ચાર, પાંચ કે છ લેશ્યા હોતી નથી. એટલે કૃષ્ણલેશ્યામાર્ગણામાં કૃષ્ણલેશ્યાવાળા જ જીવો હોય છે. નીલલેશ્યામાર્ગણામાં નીલલેશ્યાવાળા જ જીવો હોય છે. કાપોતલેશ્યા-માર્ગણામાં કાપોતલેશ્યાવાળા જ જીવો હોય છે. તેજોલેશ્યામાર્ગણામાં તેજોલેશ્યાવાળા જ જીવો હોય છે. પદ્મલેશ્યામાર્ગણામાં પદ્મલેશ્યાવાળા જ જીવો હોય છે અને શુક્લલેશ્યામાર્ગણામાં શુક્લલેશ્યાવાળા જ જીવો હોય છે. તેથી (૧) કૃષ્ણલેશ્યામાર્ગણામાં કૃષ્ણલેશ્યા જ હોય છે. (૨) નીલલેશ્યામાર્ગણામાં નીલલેશ્યા જ હોય છે. (૩) કાપોતલેશ્યામાર્ગણામાં કાપોતલેશ્યા જ હોય છે. (૪) તેજોલેશ્યામાર્ગણામાં તેજોલેશ્યા જ હોય છે. (૫) પદ્મલેશ્યામાર્ગણામાં પદ્મલેશ્યા જ હોય છે. અને (૬) શુક્લલેશ્યામાર્ગણામાં શુક્લલેશ્યા જ હોય છે.

પૃથ્વી, જલ અને પ્રત્યેકવનસ્પતિરૂપ એકેન્દ્રિયને અને અસંજ્ઞીને ભવસ્વભાવે જ અશુભપરિણામ હોવાથી અશુભલેશ્યા હોય છે. પરંતુ ભવનપતિથી ઈશાનદેવલોકના દેવોને તેજોલેશ્યા હોય છે. તે દેવો તેજોલેશ્યામાં પૃથ્વી, જલ કે પ્રત્યેકવનસ્પતિરૂપ એકેન્દ્રિયતિર્યંચનું આયુષ્ય બાંધી શકે છે અને જે લેશ્યામાં આયુષ્ય બાંધ્યુ હોય, તે જ લેશ્યામાં મરણ પામે છે અને **જે લેશ્યામાં મરણ પામે તે જ લેશ્યા લઈને પરભવમાં ઉત્પન્ન થાય** એવો નિયમ હોવાથી જે દેવે તેજોલેશ્યામાં પૃથ્વી, જલ કે પ્રત્યેકવનસ્પતિરૂપ એકેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યુ હોય, તે દેવ તેજોલેશ્યામાં મરણ પામીને, તેજોલેશ્યા લઇને પૃથ્વી, જલ કે પ્રત્યેક વનસ્પતિરૂપ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા જ તેજોલેશ્યા ચાલી જાય છે અને અશુભલેશ્યા

આવી જાય છે. તેથી (૧) **એકેન્દ્રિય** (૨) **પૃથ્વીકાય** (૩) **જલકાય** (૪) **પ્રત્યેક વનસ્પતિકાય** અને (૫) **અસંજ્ઞી**માર્ગણામાં પહેલી-૪ લેશ્યા હોય છે.

(૧) **નરકગતિ** (૨) **બેઇન્દ્રિય** (૩) **તેઇન્દ્રિય** (૪) **ચઉરિન્દ્રિય** (૫) **તેઉકાય** અને (૬) **વાયુકાય**માર્ગણામાં કૃષ્ણાદિ-૩ અશુભલેશ્યા જ હોય છે.

ગતિમાર્ગણામાં અલ્પબહુત્વ :-

**अहखायसुहुमकेवलदुगि सुक्का छावि सेसठाणेसु ।**
**नरनिरयदेवतिरिया, थोवा दु असंखणंतगुणा ॥३७॥**

यथाख्यातसूक्ष्मकेवलद्विके शुक्ला षडपि शेषस्थानेषु ।
नरनारकदेवतिर्यञ्चः स्तोकद्व्यसङ्ख्यानन्तगुणाः ॥३७॥

**ગાથાર્થ :- (૧) યથાખ્યાત (૨) સૂક્ષ્મસંપરાયચારિત્ર (૩) કેવલજ્ઞાન અને (૪) કેવલદર્શનમાર્ગણામાં શુક્લલેશ્યા હોય છે. બાકીની માર્ગણામાં છ એ લેશ્યા હોય છે.**

**મનુષ્ય સૌથી ઓછા હોય છે. તેના કરતાં નારકો અસંખ્યાતગુણા હોય છે. તેના કરતાં દેવો અસંખ્યાતગુણા હોય છે. તેના કરતાં તિર્યંચો અનંતગુણા હોય છે.**

**વિવેચન** :-શ્રેણિગતજીવોને તથા કેવલીભગવંતોને અત્યંત વિશુદ્ધપરિણામ હોવાથી શુક્લલેશ્યા જ હોય છે. એટલે (૧) **યથાખ્યાતચારિત્ર** (૨) **સૂક્ષ્મસંપરાયચારિત્ર** (૩) **કેવલજ્ઞાન** અને (૪) **કેવલદર્શનમાર્ગણામાં** શુક્લલેશ્યા જ હોય છે.

**દેવગતિ** વગેરે ૪૧ માર્ગણામાં રહેલા જીવો શુભાશુભ-પરિણામવાળા હોવાથી દેવગત્યાદિ ૪૧ માર્ગણામાં છ એ લેશ્યા હોય છે.

## -: માર્ગણામાં લેશ્યા :-

| માર્ગણાનું નામ | કઈ લેશ્યા હોય ? | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| સામાન્યથી દેવગતિ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| ભવનપતિ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | | | ૪ |
| પરમાધામી | કૃષ્ણ | | | | | | ૧ |
| વ્યંતર, વાણ૦, તર્યંગ્૦ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | | | ૪ |
| જ્યોતિષી | | | | તેજો | | | ૧ |
| પહેલોકિલ્બિષીક | | | | તેજો | | | ૧ |
| ૧-૨ દેવલોક | | | | તેજો | | | ૧ |
| બીજો કિલ્બિષીક | | | | | પદ્મ | | ૧ |
| ૩-૪-૫ દેવલોક | | | | | પદ્મ | | ૧ |
| ત્રીજો કિલ્બિષીક | | | | | | શુક્લ | ૧ |
| ૬ઠ્ઠાથી અનુત્તર | | | | | | શુક્લ | ૧ |
| સામાન્યથી મનુષ્યગતિ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| સંમૂર્ચ્છિમ મનુષ્યો | કૃષ્ણ | નીલ | કાપોત | | | | ૩ |
| ગર્ભજ મનુષ્યો | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| સામાન્યથી તિર્યંચગતિ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| અસંજ્ઞીતિર્યંચપંચે૦ | કૃષ્ણ | નીલ | કાપોત | | | | ૩ |
| સંજ્ઞી તિર્યંચ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| સામાન્યથી નરકગતિ | કૃષ્ણ | નીલ | કાપોત | | | | ૩ |
| ૧-૨-૩ નરક | | | કાપોત | | | | ૧ |
| ૩-૪-૫ નરક | | નીલ | | | | | ૧ |
| ૫-૬-૭ નરક | કૃષ્ણ | | | | | | ૧ |
| એકેન્દ્રિય | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | | | ૪ |

| માર્ગણાનું નામ | કઈ લેશ્યા હોય? | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| વિકલેન્દ્રિય | કૃષ્ણ | નીલ | કાપોત | | | | ૩ |
| પંચેન્દ્રિય | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| પૃથ્વી, જલ, વનસ્પતિ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | | | ૪ |
| તેઉકાય-વાયુકાય | કૃષ્ણ | નીલ | કાપોત | | | | ૩ |
| ત્રસકાય | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| ૩ યોગ-૩ વેદ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| ક્રોધાદિ-૪ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| મત્યાદિ-૪ જ્ઞાન | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| કેવલજ્ઞાન | | | | | | શુક્લ | ૧ |
| અજ્ઞાનત્રિક | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| સામાયિકાદિ-૩ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| સૂક્ષ્મસં૦, યથાખ્યાત | | | | | | શુક્લ | ૧ |
| દેશવિરતિ, અવિરતિ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| ચક્ષુરાદિ-૩ દર્શન | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| કેવલદર્શન | | | | | | શુક્લ | ૧ |
| કૃષ્ણલેશ્યા | કૃષ્ણ | | | | | | ૧ |
| નીલલેશ્યા | | નીલ | | | | | ૧ |
| કાપોતલેશ્યા | | | કાપોત | | | | ૧ |
| તેજોલેશ્યા | | | | તેજો | | | ૧ |
| પદ્મલેશ્યા | | | | | પદ્મ | | ૧ |
| શુક્લલેશ્યા | | | | | | શુક્લ | ૧ |
| ભવ્ય-અભવ્ય | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| ક્ષાયિક, ક્ષાયો૦ ઉપશમ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| મિશ્ર,સાસ્વાદન,મિથ્યા૦ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| સંજ્ઞી | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| અસંજ્ઞી | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | | | ૪ |
| આહારી | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |
| અણાહારી | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ | ૬ |

## (૬)

## -: માર્ગણામાં અલ્પબહુત્વ :-

**ગતિમાર્ગણામાં અલ્પબહુત્વ :-**

દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકોમાંથી **સૌથી થોડા મનુષ્યો છે.** કારણકે મનુષ્ય-૨ પ્રકારે છે. (૧) સંમૂચ્છિંમમનુષ્ય (૨) ગર્ભજ મનુષ્ય. તેમાંથી ગર્ભજ મનુષ્ય-૨ પ્રકારે છે. (૧) અપર્યાપ્તગર્ભજ મનુષ્ય અને (૨) પર્યાપ્તગર્ભજ મનુષ્ય... તેમાંથી પર્યાપ્તગર્ભજ મનુષ્યો હંમેશા હોય છે અને સંમૂચ્છિંમમનુષ્ય કે અપર્યાપ્તગર્ભજ મનુષ્યો ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતા. કારણકે સંમૂચ્છિંમમનુષ્ય અને લબ્ધિ-અપર્યાપ્તગર્ભજ મનુષ્યનું આયુષ્ય અંતર્મુહૂર્ત છે અને **સંમૂચ્છિંમમનુષ્યોનો ઉપપાત વિરહકાળ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્ત છે.** એટલે ક્યારેક સંમૂચ્છિંમમનુષ્યો અમુક ચૌક્કસ સમયે ઉત્પન્ન થયા પછી તુરત જ બીજાસમયે, ત્રીજાસમયે................કે વધુમાં વધુ ૨૪ મુર્હૂત સુધી નવા સંમૂચ્છિંમમનુષ્યો ઉત્પન્ન થતા નથી. અને જે અમુક ચોક્કસ સમયે સંમૂચ્છિંમમનુષ્યો ઉત્પન્ન થયા છે. તે અતંર્મુહૂર્તમાં નાશ પામી જાય છે. તેથી વધુમાં વધુ કાંઇક અધિક ૨૩ મુહૂર્ત સુધી સંમૂચ્છિંમમનુષ્યો ન હોય. અને **અપર્યાપ્તગર્ભજ મનુષ્યોનો ઉપપાત વિરહકાળ જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી ૧૨ મુર્હૂત છે.** એટલે ક્યારેક અપર્યાપ્તાગર્ભજ મનુષ્ય અમુક ચોક્કસ સમયે ઉત્પન્ન થયા પછી તુરત જ બીજાસમયે, ત્રીજાસમયે................કે વધુમાં વધુ **૧૨** મુહૂર્ત સુધી નવા અપર્યાપ્તગર્ભજ મનુષ્યો ઉત્પન્ન થતા નથી. અને જે અમુક ચોક્કસ સમયે અપર્યાપ્તગર્ભજ મનુષ્યો ઉત્પન્ન થયેલા છે. તે અંતર્મુહૂર્તમાં નાશ પામી જાય છે. તેથી વધુમાં વધુ કાંઇક અધિક **૧૧** મુહૂર્ત સુધી અપર્યાપ્તગર્ભજ મનુષ્યો ન હોય. એટલે જ્યારે સંમૂચ્છિંમમનુષ્યો કે અપર્યાપ્તગર્ભજ મનુષ્યો ન હોય ત્યારે માત્ર પર્યાપ્તગર્ભજ મનુષ્યો જ હોય છે. તે પણ વધુમાં વધુ ૨૯ આંકડા પ્રમાણ સંખ્યા જેટલા જ હોય છે.

## ૨૯ આંકડા પ્રમાણ સંખ્યા જાણવાની રીત :-

**(૧) છઠ્ઠાવર્ગની સાથે પાંચમાવર્ગની સંખ્યાનો ગુણાકાર કરવાથી મનુષ્યોની ૨૯ આંકડા જેટલી સંખ્યા આવે છે.**

કોઈપણ સંખ્યાને તે જ સંખ્યા સાથે ગુણવાથી જે સંખ્યા આવે છે. તે **વર્ગ** કહેવાય છે.

દા. ત. (૧) ૨×૨=**૪** થાય. તે **પ્રથમવર્ગ** કહેવાય.

(૨) ૪×૪=**૧૬** થાય. તે **બીજો વર્ગ** કહેવાય.

(૩) ૧૬×૧૬=**૨૫૬** થાય. તે **ત્રીજો વર્ગ** કહેવાય.

(૪) ૨૫૬×૨૫૬=**૬૫૫૩૬** થાય. તે **ચોથો** વર્ગ કહેવાય.

(૫) ૬૫૫૩૬ × ૬૫૫૩૬ =**૪,૨૯,૪૯,૬૭,૨૯૬** થાય. તે **પાંચમોવર્ગ** કહેવાય.

```
      ૬૫૫૩૬
     ×૬૫૫૩૬
 ----------
     ૩૯૩૨૧૬
    ૧૯૬૬૦૮×
   ૩૨૭૬૮૦××
  ૩૨૭૬૮૦×××
 ૩૯૩૨૧૬××××
 ----------
 ૪૨૯૪૯૬૭૨૯૬
```

(૬) ૪૨૯૪૯૬૭૨૯૬ × ૪૨૯૪૯૬૭૨૯૬

= **૧,૮૪, ૪૬, ૭૪, ૪૦, ૭૩, ૭૦, ૯૫, ૫૧, ૬૧૬** થાય છે. તે **છઠ્ઠો વર્ગ** કહેવાય.

૪ ૨ ૯ ૪ ૯ ૬ ૭ ૨ ૯ ૬

× ૪ ૨ ૯ ૪ ૯ ૬ ૭ ૨ ૯ ૬

૨ ૫ ૭ ૬ ૯ ૮ ૦ ૩ ૭ ૭ ૬

૩ ૮ ૬ ૫ ૪ ૭ ૦ ૫ ૬ ૬ ૪ ×

૮ ૫ ૮ ૯ ૯ ૩ ૪ ૫ ૯ ૨ × ×

૩ ૦ ૦ ૬ ૪ ૭ ૭ ૧ ૦ ૭ ૨ × × ×

૨ ૫ ૭ ૬ ૯ ૮ ૦ ૩ ૭ ૭ ૬ × × × ×

૩ ૮ ૬ ૫ ૪ ૭ ૦ ૫ ૬ ૬ ૪ × × × × ×

૧ ૭ ૧ ૭ ૯ ૮ ૬ ૯ ૧ ૮ ૪ × × × × × ×

૩ ૮ ૬ ૫ ૪ ૭ ૦ ૫ ૬ ૬ ૪ × × × × × × ×

૮ ૫ ૮ ૯ ૯ ૩ ૪ ૫ ૯ ૨ × × × × × × × ×

૧ ૭ ૧ ૭ ૯ ૮ ૬ ૯ ૧ ૮ ૪ × × × × × × × × ×

**૧ ૮ ૪ ૪ ૬ ૭ ૪ ૪ ૦ ૭ ૩ ૭ ૦ ૯ ૫ ૫ ૧ ૬ ૧ ૬**

**છઠ્ઠા વર્ગની સાથે પાંચમાવર્ગની સંખ્યાનો ગુણાકાર :-**

૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬

×૪૨૯૪૯૬૭૨૯૬

૧૧૦૬૮૦૪૬૪૪૪૨૨૫૭૩૦૯૬૯૬

૧૬૬૦૨૦૬૯૬૬૬૩૩૮૫૯૬૪૫૪૪×

૩૬૮૯૩૪૮૮૧૪૭૪૧૯૧૦૩૨૩૨××

૧૨૯૧૨૭૨૦૮૫૧૫૯૬૬૮૬૧૩૧૨×××

૧૧૦૬૮૦૪૬૪૪૪૨૨૫૭૩૦૯૬૯૬××××

૧૬૬૦૨૦૬૯૬૬૬૩૩૮૫૯૬૪૫૪૪×××××

૭૩૭૮૬૯૭૬૨૯૪૮૩૮૨૦૬૪૬૪××××××

૧૬૬૦૨૦૬૯૬૬૬૩૩૮૫૯૬૪૫૪૪×××××××

૩૬૮૯૩૪૮૮૧૪૭૪૧૯૧૦૩૨૩૨××××××××

૭૩૭૮૬૯૭૬૨૯૪૮૩૮૨૦૬૪૬૪×××××××××

**૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬**

આ પ્રમાણે, ૨૯ આંકડા જેટલા મનુષ્યો છે.

(૨) એકડાને છવ્વીસવાર ઠાણ બમણો કરવાથી ૨૯ આંકડા આવે....

| ક્રમ | બમણી સંખ્યા |
|---|---|
| ↓ | ૧ |
| | +૧ |
| (૧)............ | ૨ |
| | +૨ |
| (૨)............ | ૪ |
| | +૪ |
| (૩)............ | ૮ |
| | +૮ |
| (૪)............ | ૧૬ |
| | +૧૬ |
| (૫)............ | ૩૨ |
| | +૩૨ |
| (૬)............ | ૬૪ |
| | +૬૪ |
| (૭).......... | ૧૨૮ |
| | +૧૨૮ |
| (૮).......... | ૨૫૬ |
| | +૨૫૬ |
| (૯).......... | ૫૧૨ |
| | +૫૧૨ |
| (૧૦)..... | ૧૦૨૪ |
| | +૧૦૨૪ |
| (૧૧)..... | ૨૦૪૮ |
| | +૨૦૪૮ |
| (૧૨).... | ૪૦૯૬ |
| | +૪૦૯૬ |
| (૧૩).... | ૮૧૯૨ |
| | +૮૧૯૨ |
| (૧૪).... | ૧૬૩૮૪ |

| ક્રમ | બમણી સંખ્યા |
|---|---|
| ↓ | ૧૬૩૮૪ |
| | ૧૬૩૮૪ |
| (૧૫) | ૩૨૭૬૮ |
| | ૩૨૭૬૮ |
| (૧૬) | ૬૫૫૩૬ |
| | ૬૫૫૩૬ |
| (૧૭) | ૧૩૧૦૭૨ |
| | ૧૩૧૦૭૨ |
| (૧૮) | ૨૬૨૧૪૪ |
| | ૨૬૨૧૪૪ |
| (૧૯) | ૫૨૪૨૮૮ |
| | ૫૨૪૨૮૮ |
| (૨૦) | ૧૦૪૮૫૭૬ |
| | ૧૦૪૮૫૭૬ |
| (૨૧) | ૨૦૯૭૧૫૨ |
| | ૨૦૯૭૧૫૨ |
| (૨૨) | ૪૧૯૪૩૦૪ |
| | ૪૧૯૪૩૦૪ |
| (૨૩) | ૮૩૮૮૬૦૮ |
| | ૮૩૮૮૬૦૮ |
| (૨૪) | ૧૬૭૭૭૨૧૬ |
| | ૧૬૭૭૭૨૧૬ |
| (૨૫) | ૩૩૫૫૪૪૩૨ |
| | ૩૩૫૫૪૪૩૨ |
| (૨૬) | ૬૭૧૦૮૮૬૪ |
| | ૬૭૧૦૮૮૬૪ |
| (૨૭) | ૧૩૪૨૧૭૭૨૮ |
| | ૧૩૪૨૧૭૭૮ |
| (૨૮) | ૨૬૮૪૩૫૪૫૬ |

૨૬૮૪૩૫૪૫૬
૨૬૮૪૩૫૪૫૬

(૨૯) ૫૩૬૮૭૦૯૧૨
૫૩૬૮૭૦૯૧૨

(૩૦) ૧૦૭૩૭૪૧૮૨૪
૧૦૭૩૭૪૧૮૨૪

(૩૧) ૨૧૪૭૪૮૩૬૪૮
૨૧૪૭૪૮૩૬૪૮

(૩૨) ૪૨૯૪૯૬૭૨૯૬
૪૨૯૪૯૬૭૨૯૬

(૩૩) ૮૫૮૯૯૩૪૫૯૨
૮૫૮૯૯૩૪૫૯૨

(૩૪) ૧૭૧૭૯૮૬૯૧૮૪
૧૭૧૭૯૮૬૯૧૮૪

(૩૫) ૩૪૩૫૯૭૩૮૩૬૮
૩૪૩૫૯૭૩૮૩૬૮

(૩૬) ૬૮૭૧૯૪૭૬૭૩૬
૬૮૭૧૯૪૭૬૭૩૬

(૩૭) ૧૩૭૪૩૮૯૫૩૪૭૨
૧૩૭૪૩૮૯૫૩૪૭૨

(૩૮) ૨૭૪૮૭૭૯૦૬૯૪૪
૨૭૪૮૭૭૯૦૬૯૪૪

(૩૯) ૫૪૯૭૫૫૮૧૩૮૮૮
૫૪૯૭૫૫૮૧૩૮૮૮

(૪૦) ૧૦૯૯૫૧૧૬૨૭૭૭૬
૧૦૯૯૫૧૧૬૨૭૭૭૬

(૪૧) ૨૧૯૯૦૨૩૨૫૫૫૫૨
૨૧૯૯૦૨૩૨૫૫૫૫૨

(૪૨) ૪૩૯૮૦૪૬૫૧૧૧૦૪

૪૩૯૮૦૪૬૫૧૧૧૦૪
૪૩૯૮૦૪૬૫૧૧૧૦૪

(૪૩) ૮૭૯૬૦૯૩૦૨૨૨૦૮
૮૭૯૬૦૯૩૦૨૨૨૦૮

(૪૪) ૧૭૫૯૨૧૮૬૦૪૪૪૧૬
૧૭૫૯૨૧૮૬૦૪૪૪૧૬

(૪૫) ૩૫૧૮૪૩૭૨૦૮૮૮૩૨
૩૫૧૮૪૩૭૨૦૮૮૮૩૨

(૪૬) ૭૦૩૬૮૭૪૪૧૭૭૬૬૪
૭૦૩૬૮૭૪૪૧૭૭૬૬૪

(૪૭) ૧૪૦૭૩૭૪૮૮૩૫૫૩૨૮
૧૪૦૭૩૭૪૮૮૩૫૫૩૨૮

(૪૮) ૨૮૧૪૭૪૯૭૬૭૧૦૬૫૬
૨૮૧૪૭૪૯૭૬૭૧૦૬૫૬

(૪૯) ૫૬૨૯૪૯૯૫૩૪૨૧૩૧૨
૫૬૨૯૪૯૯૫૩૪૨૧૩૧૨

(૫૦) ૧૧૨૫૮૯૯૯૦૬૮૪૨૬૨૪
૧૧૨૫૮૯૯૯૦૬૮૪૨૬૨૪

(૫૧) ૨૨૫૧૭૯૯૮૧૩૬૮૫૨૪૮
૨૨૫૧૭૯૯૮૧૩૬૮૫૨૪૮

(૫૨) ૪૫૦૩૫૯૯૬૨૭૩૭૦૪૯૬
૪૫૦૩૫૯૯૬૨૭૩૭૦૪૯૬

(૫૩) ૯૦૦૭૧૯૯૨૫૪૭૪૦૯૯૨
૯૦૦૭૧૯૯૨૫૪૭૪૦૯૯૨

(૫૪) ૧૮૦૧૪૩૯૮૫૦૯૪૮૧૯૮૪
૧૮૦૧૪૩૯૮૫૦૯૪૮૧૯૮૪

(૫૫) ૩૬૦૨૮૭૯૭૦૧૮૯૬૩૯૬૮
૩૬૦૨૮૭૯૭૦૧૮૯૬૩૯૬૮

(૫૬) ૭૨૦૫૭૫૯૪૦૩૭૯૨૭૯૩૬

**૭૨૦૫૭૫૯૪૦૩૭૯૨૭૯૩૬**

૭૨૦૫૭૫૯૪૦૩૭૯૨૭૯૩૬

(૫૭) **૧૪૪૧૧૫૧૮૮૦૭૫૮૫૫૮૭૨**

૧૪૪૧૧૫૧૮૮૦૭૫૮૫૫૮૭૨

(૫૮) **૨૮૮૨૩૦૩૭૬૧૫૧૭૧૧૭૪૪**

૨૮૮૨૩૦૩૭૬૧૫૧૭૧૧૭૪૪

(૫૯) **૫૭૬૪૬૦૭૫૨૩૦૩૪૨૩૪૮૮**

૫૭૬૪૬૦૭૫૨૩૦૩૪૨૩૪૮૮

(૬૦) **૧૧૫૨૯૨૧૫૦૪૬૦૬૮૪૬૯૭૬**

૧૧૫૨૯૨૧૫૦૪૬૦૬૮૪૬૯૭૬

(૬૧) **૨૩૦૫૮૪૩૦૦૯૨૧૩૬૯૩૯૫૨**

૨૩૦૫૮૪૩૦૦૯૨૧૩૬૯૩૯૫૨

(૬૨) **૪૬૧૧૬૮૬૦૧૮૪૨૭૩૮૭૯૦૪**

૪૬૧૧૬૮૬૦૧૮૪૨૭૩૮૭૯૦૪

(૬૩) **૯૨૨૩૩૭૨૦૩૬૮૫૪૭૭૫૮૦૮**

૯૨૨૩૩૭૨૦૩૬૮૫૪૭૭૫૮૦૮

(૬૪) **૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬**

૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬

(૬૫) **૩૬૮૯૩૪૮૮૧૪૭૪૧૯૧૦૩૨૩૨**

૩૬૮૯૩૪૮૮૧૪૭૪૧૯૧૦૩૨૩૨

(૬૬) **૭૩૭૮૬૯૭૬૨૯૪૮૩૮૨૦૬૪૬૪**

૭૩૭૮૬૯૭૬૨૯૪૮૩૮૨૦૬૪૬૪

(૬૭) **૧૪૭૫૭૩૯૫૨૫૮૯૬૭૬૪૧૨૯૨૮**

૧૪૭૫૭૩૯૫૨૫૮૯૬૭૬૪૧૨૯૨૮

(૬૮) **૨૯૫૧૪૭૯૦૫૧૭૯૩૫૨૮૨૫૮૫૬**

૨૯૫૧૪૭૯૦૫૧૭૯૩૫૨૮૨૫૮૫૬

(૬૯) **૫૯૦૨૯૫૮૧૦૩૫૮૭૦૫૬૫૧૭૧૨**

૫૯૦૨૯૫૮૧૦૩૫૮૭૦૫૬૫૧૭૧૨

(૭૦) **૧૧૮૦૫૯૧૬૨૦૭૧૭૪૧૧૩૦૩૪૨૪**

૧૧૮૦૫૯૧૬૨૦૭૧૭૪૧૧૩૦૩૪૨૪

(૭૧) **૨૩૬૧૧૮૩૨૪૧૪૩૪૮૨૨૬૦૬૮૪૮**

૨૩૬૧૧૮૩૨૪૧૪૩૪૮૨૨૬૦૬૮૪૮

૨૩૬૧૧૮૩૨૪૧૪૩૪૮૨૨૬૦૬૮૪૮

(૭૨) **૪૭૨૨૩૬૬૪૮૨૮૬૯૬૪૫૨૧૩૬૯૬**

૪૭૨૨૩૬૬૪૮૨૮૬૯૬૪૫૨૧૩૬૯૬

(૭૩) **૯૪૪૪૭૩૨૯૬૫૭૩૯૨૯૦૪૨૭૩૯૨**

૯૪૪૪૭૩૨૯૬૫૭૩૯૨૯૦૪૨૭૩૯૨

(૭૪) **૧૮૮૮૯૪૬૫૯૩૧૪૭૮૫૮૦૮૫૪૭૮૪**

૧૮૮૮૯૪૬૫૯૩૧૪૭૮૫૮૦૮૫૪૭૮૪

(૭૫) **૩૭૭૭૮૯૩૧૮૬૨૯૫૭૧૬૧૭૦૯૫૬૮**

૩૭૭૭૮૯૩૧૮૬૨૯૫૭૧૬૧૭૦૯૫૬૮

(૭૬) **૭૫૫૫૭૮૬૩૭૨૫૯૧૪૩૨૩૪૧૯૧૩૬**

૭૫૫૫૭૮૬૩૭૨૫૯૧૪૩૨૩૪૧૯૧૩૬

(૭૭) **૧૫૧૧૧૫૭૨૭૪૫૧૮૨૮૬૪૬૮૩૮૨૭૨**

૧૫૧૧૧૫૭૨૭૪૫૧૮૨૮૬૪૬૮૩૮૨૭૨

(૭૮) **૩૦૨૨૩૧૪૫૪૯૦૩૬૫૭૨૯૩૬૭૬૫૪૪**

૩૦૨૨૩૧૪૫૪૯૦૩૬૫૭૨૯૩૬૭૬૫૪૪

(૭૯) **૬૦૪૪૬૨૯૦૯૮૦૭૩૧૪૫૮૭૩૫૩૦૮૮**

૬૦૪૪૬૨૯૦૯૮૦૭૩૧૪૫૮૭૩૫૩૦૮૮

(૮૦) **૧૨૦૮૯૨૫૮૧૯૬૧૪૬૨૯૧૭૪૭૦૬૧૭૬**

૧૨૦૮૯૨૫૮૧૯૬૧૪૬૨૯૧૭૪૭૦૬૧૭૬

(૮૧) **૨૪૧૭૮૫૧૬૩૯૨૨૯૨૫૮૩૪૯૪૧૨૩૫૨**

૨૪૧૭૮૫૧૬૩૯૨૨૯૨૫૮૩૪૯૪૧૨૩૫૨

(૮૨) **૪૮૩૫૭૦૩૨૭૮૪૫૮૫૧૬૬૯૮૮૨૪૭૦૪**

૪૮૩૫૭૦૩૨૭૮૪૫૮૫૧૬૬૯૮૮૨૪૭૦૪

(૮૩) **૯૬૭૧૪૦૬૫૫૬૯૧૭૦૩૩૩૯૭૬૪૯૪૦૮**

૯૬૭૧૪૦૬૫૫૬૯૧૭૦૩૩૩૯૭૬૪૯૪૦૮

(૮૪) **૧૯૩૪૨૮૧૩૧૧૩૮૩૪૦૬૬૭૯૫૨૯૮૮૧૬**

૧૯૩૪૨૮૧૩૧૧૩૮૩૪૦૬૬૭૯૫૨૯૮૮૧૬

(૮૫) **૩૮૬૮૫૬૨૬૨૨૭૬૬૮૧૩૩૫૯૦૫૯૭૬૩૨**

૩૮૬૮૫૬૨૬૨૨૭૬૬૮૧૩૩૫૯૦૫૯૭૬૩૨

(૮૬) **૭૭૩૭૧૨૫૨૪૫૫૩૩૬૨૬૭૧૮૧૧૯૫૨૬૪**

**૭૭૩૭૧૨૫૨૪૫૫૩૩૬૨૬૭૧૮૧૧૯૫૨૬૪**

૭૭૩૭૧૨૫૨૪૫૫૩૩૬૨૬૭૧૮૧૧૯૫૨૬૪

(૮૭) **૧૫૪૭૪૨૫૦૪૯૧૦૬૭૨૫૩૪૩૬૨૩૯૦૫૨૮**

૧૫૪૭૪૨૫૦૪૯૧૦૬૭૨૫૩૪૩૬૨૩૯૦૫૨૮

(૮૮) **૩૦૯૪૮૫૦૦૯૮૨૧૩૪૫૦૬૮૭૨૪૭૮૧૦૫૬**

૩૦૯૪૮૫૦૦૯૮૨૧૩૪૫૦૬૮૭૨૪૭૮૧૦૫૬

(૮૯) **૬૧૮૯૭૦૦૧૯૬૪૨૬૯૦૧૩૭૪૪૯૫૬૨૧૧૨**

૬૧૮૯૭૦૦૧૯૬૪૨૬૯૦૧૩૭૪૪૯૫૬૨૧૧૨

(૯૦) **૧૨૩૭૯૪૦૦૩૯૨૮૫૩૮૦૨૭૪૮૯૯૧૨૪૨૨૪**

૧૨૩૭૯૪૦૦૩૯૨૮૫૩૮૦૨૭૪૮૯૯૧૨૪૨૨૪

(૯૧) **૨૪૭૫૮૮૦૦૭૮૫૭૦૭૬૦૫૪૯૭૯૮૨૪૮૪૪૮**

૨૪૭૫૮૮૦૦૭૮૫૭૦૭૬૦૫૪૯૭૯૮૨૪૮૪૪૮

(૯૨) **૪૯૫૧૭૬૦૧૫૭૧૪૧૫૨૧૦૯૯૫૯૬૪૯૬૮૯૬**

૪૯૫૧૭૬૦૧૫૭૧૪૧૫૨૧૦૯૯૫૯૬૪૯૬૮૯૬

(૯૩) **૯૯૦૩૫૨૦૩૧૪૨૮૩૦૪૨૧૯૯૧૯૨૯૯૩૭૯૨**

૯૯૦૩૫૨૦૩૧૪૨૮૩૦૪૨૧૯૯૧૯૨૯૯૩૭૯૨

(૯૪) **૧૯૮૦૭૦૪૦૬૨૮૫૬૬૦૮૪૩૯૮૩૮૫૯૮૭૫૮૪**

૧૯૮૦૭૦૪૦૬૨૮૫૬૬૦૮૪૩૯૮૩૮૫૯૮૭૫૮૪

(૯૫) **૩૯૬૧૪૦૮૧૨૫૭૧૩૨૧૬૮૭૯૬૭૭૧૯૭૫૧૬૮**

૩૯૬૧૪૦૮૧૨૫૭૧૩૨૧૬૮૭૯૬૭૭૧૯૭૫૧૬૮

(૯૬) **૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬**

આ પ્રમાણે, **૨૯** આંકડા જેટલા મનુષ્યો છે.

(૩) **૨૯ આંકડાને છન્નુવાર છેદ દેવાથી=છન્નુવાર અર્ધા અર્ધા કરવાથી એકડો આવી જાય....**

દા. ત. **૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬** ને પ્રથમવાર છેદ દેવાથી (અર્ધા કરવાથી) **૩૯૬૧૪૦૮૧૨૫૭૧-૩૨૧૬૮૭૯૬૭૭૧૯૭૫૧૬૮** થાય છે. તેને બીજીવાર છેદ દેવાથી (અર્ધા કરવાથી) **૧૯૮૦૭૦૪૦૬૨૮૫૬૬૦૮૪૩૯૮૩૮૫૯-૮૭૫૮૪** થાય છે.

આ રીતે, **૯૬** વાર અર્ધા અર્ધા કરવાથી એકડો આવી જાય...

## -: ૨૯ આંકડા બોલવાની રીત :-

| | ૨૯ | ૨૮ | ૨૭ | ૨૬ | ૨૫ | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | એકમ |
| ૨ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | દશક |
| ૩ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | સો |
| ૪ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | હજાર |
| ૫ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | દશ હજાર |
| ૬ | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | લાખ |
| ૭ | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશ લાખ |
| ૮ | | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | એકક્રોડ=એકકોડી |
| ૯ | | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશક્રોડ |
| ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | સો ક્રોડ |
| ૧૧ | | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | હજાર ક્રોડ |
| ૧૨ | | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશ હજાર ક્રોડ |
| ૧૩ | | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | એકલાખ ક્રોડ |
| ૧૪ | | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશલાખ ક્રોડ |
| ૧૫ | | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | એક કોડા કોડી |
| ૧૬ | | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશ કોડા કોડી |
| ૧૭ | | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | સો કોડા કોડી |
| ૧૮ | | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | હજાર કોડા કોડી |
| ૧૯ | | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશહજાર કોડા કોડી |
| ૨૦ | | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | એક લાખ કોડા કોડી |
| ૨૧ | | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશલાખ કોડા કોડી |
| ૨૨ | | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | એક ક્રોડ-કોડા કોડી |
| ૨૩ | | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશ ક્રોડ-કોડા કોડી |
| ૨૪ | | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | સો ક્રોડ-કોડા કોડી |
| ૨૫ | | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | હજાર ક્રોડ-કોડા કોડી |
| ૨૬ | | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશ હજાર ક્રોડ-કોડા કોડી |
| ૨૭ | | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | એકલાખ ક્રોડ-કોડા કોડી |
| ૨૮ | | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | દશ લાખ ક્રોડ-કોડા કોડી |
| ૨૯ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | એક કોડા કોડી-કોડા કોડી |
| | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| | ૭ | ૯ | ૨ | ૨ | ૮ | ૧ | ૬ | ૨ | ૫ | ૧ | ૪ | ૨ | ૬ | ૪ | ૩ | ૩ | ૭ | ૫ | ૯ | ૩ | ૫ | ૪ | ૩ | ૯ | ૫ | ૦ | ૩ | ૩ | ૬ | ગર્ભજ મનુષ્યની સંખ્યા |

કોઠામાં બતાવ્યા મુજબ ૨૯ આંકડાને નીચેથી બોલવાની શરૂઆત કરવી.

૧ કોડાકોડી-કોડાકોડી,
૧૧ લાખ કોડ-કોડાકોડી,
૧૧ હજાર કોડ-કોડાકોડી,
૧૦૦ કોડ-કોડાકોડી,
૧૧ કોડ- કોડાકોડી,
૧૧ લાખ કોડાકોડી,
૧૧ હજાર કોડાકોડી,
૧૦૦ કોડાકોડી,
૧૧ કોડાકોડી,
૧૧ લાખ કોડ,
૧૧ હજાર કોડ,
૧૦૦ કોડ,
૧૧ કોડ,
૧૧ લાખ,
૧૧ હજાર,
૧૧૧ (એકસો અગીયાર) કહેવાય છે.

એ જ પ્રમાણે મનુષ્યના ૨૯ આંકડાને નીચેથી બોલવાની શરૂઆત કરવી.

૭ કોડાકોડી-કોડાકોડી,
૯૨ લાખ કોડ-કોડાકોડી,
૨૮ હજાર કોડ-કોડાકોડી,
૧૬૨ કોડ-કોડાકોડી,
૫૧ લાખ કોડાકોડી,
૪૨ હજાર કોડાકોડી,
૬૪૩ કોડાકોડી,
૩૭ લાખ કોડ,
૫૯ હજાર કોડ,
૩૫૪ કોડ,
૩૯ લાખ,
૫૦ હજાર,
૩૩૬ (ત્રણસો છત્રીસ) કહેવાય છે.

પર્યાપ્ત ગર્ભજમનુષ્યો વધુમાં વધુ ૨૯ આંકડા જેટલા જ હોય છે. પણ જ્યારે સંમૂર્ચ્છિમમનુષ્યો ઉત્પન્ન થાય છે. ત્યારે એકીસાથે અસંખ્યાતા જ ઉત્પન્ન થાય છે. તે વખતે મનુષ્યો અસંખ્યાતા હોય છે. એટલે **જ્યારે એકલા પર્યાપ્તગર્ભજમનુષ્યો જ હોય છે. ત્યારે જઘન્યથી સંખ્યાતા મનુષ્ય હોય છે અને જ્યારે ગર્ભજ મનુષ્ય અને સંમૂર્ચ્છિમમનુષ્યો બન્ને હોય છે. ત્યારે ઉત્કૃષ્ટથી અસંખ્યાતા મનુષ્ય હોય છે.** શાસ્ત્રમાં ઉત્કૃષ્ટથી મનુષ્યની સંખ્યા (૧) કાળથી અને (૨) ક્ષેત્રથી બતાવવામાં આવી છે.

કાળથી અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણીના જેટલા સમય થાય, તેટલા મનુષ્યો હોય છે અને ક્ષેત્રથી[31] **ઘનીકૃતલોકની એક આંગળા જેટલી સૂચિ શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેનું પહેલું, બીજું અને ત્રીજું એમ ત્રણ વર્ગમૂળ કરીને, પહેલા વર્ગમૂળની સાથે ત્રીજા વર્ગમૂળની સંખ્યાનો ગુણાકાર કરવાથી જેટલી સંખ્યા આવે, તેટલી સંખ્યાથી આખી શ્રેણીમાં રહેલા આકાશપ્રદેશની સંખ્યાનો ભાગાકાર કરવાથી જે જવાબ આવે, તેમાંથી એક આકાશપ્રદેશ ઓછો કરવાથી જેટલા આકાશપ્રદેશ રહે, તેટલા મનુષ્યો હોય છે.**

**ઘનીકૃતલોકની સમજુતિ :-**

**લોક ૧૪** રાજ ઉંચો છે. નીચે સાત રાજ પહોળો છે. ત્યાંથી ઉપર તરફ ઘટતા ઘટતા તિર્ચ્છાલોક પાસે એક રાજ પહોળો છે. ત્યાંથી વધતા વધતા બ્રહ્મદેવલોકના મધ્યભાગે **૫** રાજ પહોળો છે. ત્યાંથી

(૩૧) सुहुमो य होइ कालो तत्तो सुहुमयरं हवइ खित्तं ।
अंगुल सेढी मित्ते ओसप्पिणी उ असंखेज्जा ॥૩૭॥ (આવશ્યક નિર્યુક્ત)
કાળથી ક્ષેત્ર અત્યંત સૂક્ષ્મ માનવામાં આવ્યુ છે. કારણકે અંગુલમાત્રશ્રેણીમાં આ૦પ્ર૦ની સંખ્યા અસંખ્યાતઅવસર્પિણીના સમય જેટલી છે.


ઘટતા ઘટતા લોકના અંતે ૧ રાજ પહોળો છે. લોકના નીચેના ભાગને **અધોલોક** કહે છે. તે ૭ રાજ ઉંચો છે. તેની ઉપરના ભાગને **ઉર્ધ્વલોક** કહે છે. તે પણ ૭ રાજ ઉંચો છે. લોકની મધ્યમા ૧ રાજ પહોળી અને **૧૪ રાજ ઉંચી ત્રસનાડી** છે.

**ચિત્રનં.૧ માં** બતાવ્યા મુજબ **અધોલોક**માં ત્રસનાડીની ડાબી સાઈડમાં B વિભાગ છે. તે નીચેથી **૩ રાજ પહોળો** છે. તેની ઉપર ૭ રાજ જઈએ ત્યારે તિર્ચ્છાલોકની નીચે રજ્જુના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે અને **૭ રાજ ઉંચો** છે. તેને ત્યાંથી ઉપાડીને, ઉપરનો ભાગ નીચે અને નીચેનો ભાગ ઉપર કરીને (ઉંધો કરીને) **ચિત્ર નં.૨ માં** નીચેનાં ભાગમાં બતાવ્યા મુજબ અધોલોકમાં ત્રસનાડીની જમણી સાઈડમાં **A વિભાગની સાથે B વિભાગને ગોઠવી દેવાથી ચિત્ર નં.૩ માં બતાવ્યા મુજબ અધોલોક ૭ રાજ લાંબો,** (ઉંચો), **૪ રાજ પહોળો અને ૪ રાજ જાડો થાય છે.**


**ચિત્ર નં.૧**માં બતાવ્યા મુજબ ઉર્ધ્વલોકમાં ત્રસનાડીની ડાબીસાઈડમાં બ્રહ્મદેવલોકની મધ્યથી નીચે C વિભાગ છે અને ઉપર D વિભાગ છે. તેમાં C વિભાગ ઉપરથી બે રાજ પહોળો છે. નીચેથી અંગુલના હજારમાં ભાગ પ્રમાણ છે અને ૩ા રાજ ઉંચો છે. તથા D વિભાગ નીચેથી બે રાજ પહોળો છે. ઉપરથી અંગુલના હજારમાં ભાગ પ્રમાણ છે અને ૩ા રાજ ઉંચો છે. તે બન્ને વિભાગને ઉપાડીને, ઉપરનો ભાગ નીચે અને નીચેનો ભાગ ઉપર કરીને, ચિત્રનં.૨માં બતાવ્યા **મુજબ ઉર્ધ્વલોકમાં ત્રસનાડીની જમણી સાઈડમાં F વિભાગની સાથે C વિભાગ અને E વિભાગની સાથે D વિભાગ ગોઠવી દેવાથી ચિત્ર નં.૪ માં બતાવ્યા મુજબ ઉર્ધ્વલોક ૭ રાજ લાંબો** (ઉંચો) ૩ **રાજ પહોળો** અને ૩ રાજ જાડો થાય છે. ત્યારપછી અધોલોકની સાથે

ચિત્રનં૦૧

# ૧૪ રાજલોક




# ૧૪ રાજલોક



૩ રાજ પહોળો
૨ રાજ
૩॥ રાજ
E
૭ રાજ ઉંચો
૨ રાજ
F
૧ રાજ પહોડી ત્રસ નાડી
૩॥ રાજ
C
૩॥ રાજ
૨ રાજ
૧૪ રાજ ઉંચો
૩ રાજ પહોળો
B
૭ રાજ ઉંચો
A
૩ રાજ પહોળો
૪ રાજ પહોળો


ચિત્રનં૦૩

# અધોલોક





ચિત્રનં૦૪

# ઉર્ધ્વલોક



ચિત્રનં૦૫

# ઘનીકૃતલોક




આકાશપ્રદેશની શ્રેણી

ઉર્ધ્વલોકને જોડી દેવાથી **ચિત્ર નં.૫માં** બતાવ્યા મુજબ લોક **૭ રાજ લાંબો, ૭ રાજ પહોળો** અને **૭ રાજ જાડો થાય છે,** તે **ઘનીકૃતલોક** કહેવાય છે.

જેમ ૧ ફૂટ લાંબા, ૧ ફૂટ પહોળા, અને ૧ ફૂટ જાડા **ઘનપુસ્તક**માં ૧ ફૂટ લાંબા, ૧ ફૂટ પહોળા અને એક સે૦મી૦ના સંખ્યાતમાં ભાગ પ્રમાણ જાડા **પૃષ્ઠ** હોય છે અને તે પૃષ્ઠમાં અક્ષરની **શ્રેણીઓ** હોય છે. તેમ ૭ રાજ લાંબા ૭ રાજ પહોળા અને ૭ રાજ જાડા ઘનલોકમાં **૭ રાજ લાંબા ૭ રાજ પહોળા અને ૧ આ૦ પ્ર૦ જાડા પ્રતરો હોય છે** તેમાં આડી અને ઉભી **એક આકાશપ્રદેશ જેટલી જાડી અને ૭ રાજ લાંબી આકાશપ્રદેશની શ્રેણીઓ હોય છે.** તે શ્રેણીને **સૂચિશ્રેણી** કહે છે.

**એક સૂચિશ્રેણીમાં જેટલા આ૦પ્ર૦ હોય તેટલા આકાશ-પ્રદેશના વર્ગને પ્રતર કહે છે અને એક સૂચિશ્રેણીમાં જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા આકાશપ્રદેશના ઘન[૩૨]ને ઘનલોક કહે છે.**

**અસત્કલ્પનાથી,** એક સૂચિશ્રેણીમાં ૩૨૦૦૦૦૦ આ૦પ્ર૦ છે. એમ માનવામાં આવે તો, ૩૨૦૦૦૦૦ × ૩૨૦૦૦૦૦ = ૧૦૨૪૦૦૦૦૦૦૦૦૦ આ૦પ્ર૦ના સમુહને **"પ્રતર"** કહે છે અને ૩૨૦૦૦૦૦ × ૩૨૦૦૦૦૦ × ૩૨૦૦૦૦૦ = ૩૨૭૬૮૦૦,૦૦,૦૦,૦૦૦૦૦૦૦૦૦ આ૦પ્ર૦ના સમુહને **"ઘનલોક"** કહે છે.

---

(૩૨) કોઇ પણ સંખ્યાને ત્રણવાર સ્થાપીને પરસ્પર ગુણવાથી જે સંખ્યા આવે છે. તે ઘન કહેવાય. દા.ત. ૨×૨×૨=૮ થાય છે. એટલે ૨નો ઘન ૮ કહેવાય. ૪×૪×૪=૬૪ થાય છે. એટલે ૪નો ઘન ૬૪ કહેવાય.

**ઘનીકૃતલોકમાં** ૭ રાજ પહોળા, ૭ રાજ લાંબા અને એક આકાશપ્રદેશ જેટલા જાડા **અસંખ્ય પ્રતર** છે. **એક પ્રતરમાં** એક આકાશપ્રદેશ જેટલી જાડી અને ૭ રાજલાંબી **અસંખ્ય શ્રેણી** છે. **એક શ્રેણીમાં અસંખ્ય આકાશપ્રદેશ** છે અને **એકઆંગળા** જેટલી શ્રેણીમાં પણ અસંખ્ય આકાશપ્રદેશ છે. તે આકાશપ્રદેશના **વર્ગમૂળમાં** પણ **અસંખ્ય આકાશપ્રદેશ** છે તો પણ....

**અસત્કલ્પનાથી,** એકશ્રેણીમાં૩૨,00,000 આ૦પ્ર૦ છે.

એક અંગુલશ્રેણીમાં **૨૫૬** આ૦પ્ર૦ છે.

એમ માની લેવામાં આવે તો, **૨૫૬**નું વર્ગમૂળ **૧૬** થાય છે.

**વર્ગમૂળ શોધવાની રીત :-**

જે સંખ્યાનું વર્ગમૂળ શોધવાનું હોય, તે સંખ્યા કઇ બે સરખી સંખ્યાનો ગુણાકાર કરવાથી આવે છે ? તે શોધી કાઢીને તેમાંની કોઇ પણ એક સંખ્યાને **વર્ગમૂળ** કહેવું. અને તે બન્ને સરખી સંખ્યાનો ગુણાકાર કરવાથી જે રકમ આવે છે. તે રકમ તે વર્ગમૂળનો **"વર્ગ"** કહેવાય. દા.ત. **૨૫૬**નું વર્ગમૂળ શોધવુ હોય, તો, **૧૬ ×૧૬ =૨૫૬** થાય છે. એટલે બન્ને **૧૬**ની સંખ્યામાંથી કોઇપણ એક **૧૬**ને **૨૫૬**નું વર્ગમૂળ કહેવાય અને **૧૬** વર્ગમૂળનો વર્ગ **૨૫૬** થાય છે.

એ જ રીતે, **૧૬**નું વર્ગમૂળ શોધવું હોય, તો **૪ × ૪= ૧૬** થાય છે. એટલે બન્ને ૪ની સંખ્યામાંથી કોઇપણ એક **"૪"**ને **૧૬**નું વર્ગમૂળ કહેવાય. અને **૪**નું વર્ગમૂળ શોધવું હોય, તો **૨×૨ =૪** થાય છે. એટલે બન્ને બગડામાંથી કોઇપણ એક **"૨"**ને **૪**નું વર્ગમૂળ કહેવાય છે. એટલે **૨૫૬નું પ્રથમ** વર્ગમૂળ **૧૬ છે. બીજુ વર્ગમૂળ ૪ છે અને ત્રીજુ વર્ગમૂળ ૨ છે.**

હવે પહેલા વર્ગમૂળ **૧૬**ની સાથે ત્રીજા વર્ગમૂળ **૨**નો ગુણાકાર કરવાથી **૩૨** આવે છે. તે **૩૨** સંખ્યાથી સંપૂર્ણ શ્રેણીમાં રહેલા **૩૨૦૦૦૦૦** (૩૨ લાખ) આ૦પ્ર૦નો ભાગાકાર કરવાથી **૧૦૦૦૦૦** (૧ લાખ) આ૦કા૦ આવે છે. તેમાંથી એક આ૦પ્રદેશ બાદ કરતાં ૯૯,૯૯૯ આ૦પ્ર૦ રહે છે. એટલે અસત્‌કલ્પનાથી "૯૯,૯૯૯" મનુષ્યો હોય છે. પણ વાસ્તવિક રીતે ઉત્કૃષ્ટથી એક શ્રેણીના અસંખ્યાતમાં ભાગમાં રહેલા આ૦પ્ર૦ જેટલા મનુષ્યો હોય છે.

**(૨) મનુષ્યો કરતાં નારકો અસંખ્યાતગુણા** છે. તેમાં પણ કાળથી અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણીના સમયો જેટલા નારકો છે અને **ક્ષેત્રથી ઘનીકૃતલોકનાં એક આંગળ જેટલા પ્રતરમાં જેટલી આકાશ પ્રદેશની શ્રેણીઓ હોય, તે શ્રેણીની સંખ્યાના પહેલાવર્ગમૂળની સાથે બીજાવર્ગમૂળની સંખ્યાનો ગુણાકાર કરવાથી જેટલી શ્રેણીની સંખ્યા આવે, તેટલી શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેટલા નારકો હોય છે.**

**અસત્‌કલ્પનાથી,** એકશ્રેણીમાં **૩૨૦૦૦૦૦** આ૦પ્ર૦ છે.

એક અંગુલ જેટલા પ્રતરમાં **૨૫૬** શ્રેણી છે.

એમ માનવામાં આવે, તો.... **૨૫૬** શ્રેણીની સંખ્યાનું પ્રથમ વર્ગમૂળ **૧૬** થાય છે અને બીજુ વર્ગમૂળ **૪** થાય છે. એટલે પહેલા વર્ગમૂળ **૧૬**ની સાથે બીજા વર્ગમૂળ **૪**નો ગુણાકાર કરવાથી શ્રેણીની સંખ્યા **૬૪** થાય છે. તેમાંની એક એક શ્રેણીમાં **૩૨૦૦૦૦૦** આ૦પ્ર૦ છે. એટલે **૬૪** શ્રેણીમાં કુલ (**૩૨૦૦૦૦૦ × ૬૪ =**) **૨૦૪૮૦૦૦૦૦** આ૦પ્ર૦ હોય છે. એટલે અસત્‌કલ્પનાથી "**૨૦૪૮૦૦૦૦૦**" નારકો હોય છે. પણ વાસ્તવિક રીતે અસંખ્યશ્રેણીમાં રહેલા આ૦પ્ર૦ જેટલા નારકો હોય છે.

મનુષ્યો એક જ શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં રહેલા આ૦પ્ર૦ જેટલા છે અને નારકો અસંખ્યશ્રેણીમાં રહેલા આ૦પ્ર૦ જેટલા છે. એટલે મનુષ્યોથી નારકો અસંખ્યાતગુણા છે.

**(૩) નારકોથી દેવો અસંખ્યાતગુણા છે.** તેમાં ભવનપતિ અસંખ્યાતા છે. વ્યંતરદેવો અસંખ્યાતા છે. જ્યોતષીદેવો અસંખ્યાતા છે અને વૈમાનિકદેવો પણ અસંખ્યાતા છે. તે સર્વે મળીને નારકોથી દેવો અસંખ્યાતગુણા થાય છે.

**ભવનપતિદેવો**માંથી અસુરકુમારદેવોની સંખ્યા **ક્ષેત્રથી અંગુલમાત્ર ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેના પ્રથમવર્ગમૂળના અસંખ્યાતમાં ભાગમાં જેટલા આકાશપ્રદેશ આવે, તેટલી શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેટલા અસુરકુમારદેવો છે.**

**અસત્કલ્પનાથી,** એક શ્રેણીમાં **૩૨૦૦૦૦૦** આ૦પ્ર૦ છે.
અંગુલપ્રમાણ શ્રેણીમાં **૨૫૬** આ૦પ્ર૦ છે.
તેના પ્રથમવર્ગમૂળના અસંખ્યાતમા ભાગમાં **૨** આ૦પ્ર૦ છે.

એમ માની લેવામાં આવે, તો...અંગુલમાત્રક્ષેત્રમાં રહેલા **૨૫૬** આ૦પ્ર૦નું પ્રથમવર્ગમૂળ **૧૬** થાય છે. તે પ્રથમ વર્ગમૂળ **૧૬**ના અસંખ્યાતમાં ભાગમાં **૨** આ૦પ્ર૦ છે. તેથી **૨** શ્રેણીમાં કુલ **૨ × ૩૨૦૦૦૦૦ = ૬૪૦૦૦૦૦** આ૦પ્ર૦ હોય છે. એટલે અસત્કલ્પનાથી અસુરકુમારદેવો **૬૪૦૦૦૦૦** થાય છે. પણ વાસ્તવિક રીતે એક-એક શ્રેણીમાં અસંખ્યાતા આ૦પ્ર૦ હોય છે. તેથી અસુરકુમારદેવો અસંખ્યાતા જ હોય છે.

એ જ પ્રમાણે (૨) નાગકુમાર (૩) વિદ્યુત્કુમાર (૪) સુવર્ણકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮)

દિક્કુમાર (૯) પવનકુમાર અને (૧૦) મેઘકુમારદેવોની સંખ્યા સમજવી.

**વ્યંતરદેવોની** સંખ્યા ક્ષેત્રથી **સંખ્યાતાયોજન પ્રમાણ શ્રેણીમાં જેટલા આ૦પ્ર૦ હોય છે. તેનાથી ઘનીકૃતલોકના માંડાના આકારે એક પ્રતરના આકાશપ્રદેશને ભાગવામાં આવે, તો જવાબમાં જેટલા આ૦પ્ર૦ આવે તેટલા વ્યંતરદેવો હોય છે.**

**અસત્કલ્પનાથી** સંપૂર્ણ એક શ્રેણીમાં ૩૨,૦૦,૦૦૦ આ૦પ્ર૦ છે.

સંખ્યાતાયોજન પ્રમાણ શ્રેણીમાં **૧૦૦૦૦૦** આ૦પ્ર૦ છે.

એમ માનવામાં આવે તો....... એક પ્રતરમાં કુલ ૩૨૦૦૦૦૦ × ૩૨૦૦૦૦૦=૧૦૨૪૦૦૦૦૦,૦૦૦૦૦ આ૦પ્ર૦ હોય છે. એટલે સંખ્યાતાયોજન પ્રમાણ શ્રેણીમાં રહેલા ૧૦૦૦૦૦ આકાશપ્રદેશથી પ્રતરમાં રહેલા ૧૦૨૪૦૦૦૦૦,૦૦૦૦૦ આકાશપ્રદેશને ભાગવાથી ૧૦૨૪૦૦૦૦૦ આ૦પ્ર૦ આવે છે. એટલે અસત્કલ્પનાથી વ્યંતરદેવો "**૧૦૨૪૦૦૦૦૦**" (૧૦ ક્રોડ, ૨૪ લાખ) હોય છે. પણ વાસ્તવિક રીતે અસંખ્યાતા જ હોય છે.

**જ્યોતિષીદેવોની** સંખ્યા **ક્ષેત્રથી ૨૫૬ અંગુલપ્રમાણ શ્રેણીમાં જેટલા આ૦પ્ર૦ હોય, તેટલા આ૦પ્ર૦ની સંખ્યાથી એક પ્રતરમાં રહેલા આ૦પ્ર૦ને ભાગવાથી જેટલા આ૦પ્ર૦ આવે છે, તેટલા જ્યોતિષીદેવો હોય છે.**

**અસત્કલ્પનાથી,** એક શ્રેણીમાં **૩૨૦૦૦૦૦** આ૦પ્ર૦ છે.

**૨૫૬** અંગુલપ્રમાણશ્રેણીમાં **૬૫૫૩૬** આ૦પ્ર૦ છે.

એમ માનવામાં આવે, તો... **૨૫૬** અંગુલમાત્ર શ્રેણીમાં રહેલા **૬૫૫૩૬** આ૦પ્ર૦થી એક પ્રતરમાં રહેલા **૧૦૨૪૦૦૦૦૦,૦૦૦૦૦** આ૦પ્ર૦ને ભાગવાથી **૧૫,૬૨,૫૦,૦૦૦** આ૦પ્ર૦ આવે છે. એટલે

અસત્કલ્પનાથી જ્યોતિષીદેવો "૧૫, ૬૨,૫૦,૦૦૦" હોય છે. પણ વાસ્તવિકરીતે અસંખ્યાતા જ હોય છે.

**વૈમાનિકદેવો**ની સંખ્યા **ક્ષેત્રથી એક અંગુલમાત્રક્ષેત્રમાં જેટલા આ૦પ્ર૦ હોય, તેના ત્રીજા વર્ગમૂળનો ઘન કરવાથી** જેટલી સંખ્યા આવે, તેટલી સંખ્યા પ્રમાણ શ્રેણીમાં જેટલા આ૦પ્ર૦ હોય, તેટલા વૈમાનિકદેવો હોય છે.

**અસત્કલ્પનાથી,** એકશ્રેણીમાં ૩૨,૦૦,૦૦૦ આ૦પ્ર૦ છે.
અંગુલમાત્રક્ષેત્રમાં......**૨૫૬** આ૦પ્ર૦ છે.

એમ માનવામાં આવે, તો.... અંગુલમાત્ર ક્ષેત્રમાં રહેલા **૨૫૬** આ૦પ્ર૦નું પ્રથમવર્ગમૂળ **૧૬**, બીજુવર્ગમૂળ **૪** અને ત્રીજુવર્ગમૂળ **૨** થાય છે. તે ત્રીજાવર્ગમૂળનો ઘન ૨×૨×૨=૮ થાય છે. તેથી ૮ શ્રેણીમાં કુલ ૮×૩૨૦૦૦૦૦ = ૨,૫૬,૦૦,૦૦૦ આ૦પ્ર૦ હોય છે. એટલે અસત્કલ્પનાથી વૈમાનિકદેવોની સંખ્યા "૨,૫૬,૦૦૦૦૦" થાય છે. પણ વાસ્તવિકરીતે વૈમાનિકદેવો અસંખ્યાતા જ હોય છે.

**અસત્કલ્પનાથી,** વૈમાનિકદેવો....... ૨૫૬૦૦૦૦૦ છે.
ભવનપતિદેવો....... ૬૪૦૦૦૦૦૦ છે.
વ્યંતર દેવો..... ૧૦૨૪૦૦૦૦૦ છે.
જ્યોતિષી દેવો..... ૧૫૬૨૫૦૦૦૦ છે.
૪ નિકાયના કુલ દેવો..... ૩૪૮૨૫૦૦૦૦ છે.
વાસ્તવિક રીતે નારકોથી દેવો અસંખ્યાતગુણા છે.

**(૪) દેવોથી તિર્યંચો અનંતગુણા હોય છે.** કારણકે નિગોદીયા જીવો અનંતલોકના આકાશપ્રદેશ જેટલા છે અને તે સર્વે તિર્યંચ છે. તેથી દેવોથી તિર્યંચો અનંતગુણા કહ્યાં છે.

ગતિમાર્ગણામાં.......

સૌથી **થોડા** મનુષ્યો છે.

તેનાથી **અસંખ્યાતગુણા** નારકો છે.

તેનાથી **અસંખ્યાતગુણા** દેવો છે.

તેનાથી **અનંતગુણા** તિર્યંચો છે.

ઇન્દ્રિય અને કાયમાર્ગણામાં અલ્પબહુત્વ :-

**पण चउतिदुएगिंदि, थोवातिन्नि अहिया अणंतगुणा ।**
**तस थोव असंखग्गी, भूजलनिल अहिय वण णंता ॥३८॥**

पञ्चचतुस्त्रिद्वयेकेन्द्रियाः स्तोकास्त्रयोऽधिका अनंतगुणाः ।
त्रसाः स्तोका असङ्ख्या, अग्नयो भूजलानिला अधिका वना अनंताः ॥३८॥

**ગાથાર્થ :-ઈન્દ્રિયમાર્ગણામાં સૌથી થોડા પંચેન્દ્રિય છે. તેનાથી વિશેષાધિક ચઉરિન્દ્રિય છે. તેનાથી વિશેષાધિક તેઇન્દ્રિય છે. તેનાથી વિશેષાધિક બેઇન્દ્રિય છે. તેનાથી અનંતગુણા એકેન્દ્રિય છે.**

**કાયમાર્ગણામાં સૌથી થોડા ત્રસકાયજીવો છે. તેનાથી અસંખ્યાતગુણા તેઉકાયજીવો છે. તેનાથી વિશેષાધિક પૃથ્વીકાયજીવો છે. તેનાથી વિશેષાધિક જલકાયજીવો છે. તેનાથી વિશેષાધિક વાયુકાયજીવો છે. તેનાથી અનંતગુણા વનસ્પતિકાયજીવો છે.**

વિવેચન :- અનુયોગદ્વારમાં કહ્યું છે કે, **અસંખ્યાતકોડાકોડી યોજન પ્રમાણ શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેટલા આ૦પ્ર૦ પ્રમાણ શ્રેણીમાં જેટલા આકાશપ્રદેશ હોય, તેટલા બેઇન્દ્રિયાદિજીવો હોય છે.**

**અસત્કલ્પનાથી.......**

સંપૂર્ણ એકશ્રેણીમાં **૩૨,૦૦,૦૦૦** આ૦પ્ર૦ છે.

અસંખ્યાતકોડાકોડી યોજન પ્રમાણ શ્રેણીમાં **૩,૨૦,૦૦૦** આ૦પ્ર૦ છે. એમ માનવામાં આવે, તો.....અસંખ્યાતકોડાકોડીયોજન પ્રમાણ શ્રેણીમાં ૩,૨૦,૦૦૦ આ૦પ્ર૦ હોવાથી ૩,૨૦,૦૦૦ શ્રેણી લેવી. તે એક-એક શ્રેણીમાં ૩૨૦૦૦૦૦ આકાશપ્રદેશ હોવાથી ૩,૨૦,૦૦૦ શ્રેણીમાં કુલ ૩૨૦૦૦૦૦ × ૩,૨૦,૦૦૦ = ૧૦૨૪૦૦૦૦,૦૦૦૦૦ આ૦પ્ર૦ હોય છે. એટલે અસત્કલ્પનાથી બેઇન્દ્રિયાદિજીવો **૧૦૨૪૦૦૦૦,૦૦૦૦૦** હોય છે. પણ વાસ્તવિક રીતે અસંખ્યાતા જ હોય છે.

**શંકા :- અનુયોગદ્વારમાં બેઇન્દ્રિયાદિજીવોની સંખ્યા એકસરખી કહેવામાં આવી છે. તેથી અલ્પબહુત્વ કેવી રીતે ઘટી શકે ?**

**સમાધાન :-** અનુયોગદ્વારમાં જે અસંખ્યાતકોડાકોડીયોજન પ્રમાણ શ્રેણી લેવાની કહી છે. તે બધી જગ્યાએ એકસરખી લેવાની નથી. પણ ક્રમશઃ નાની નાની લેવાની છે. કારણકે અસંખ્યાતી સંખ્યા પણ અસંખ્યપ્રકારે છે. તેથી બેઇન્દ્રિયજીવોની સંખ્યા માટે જે અસંખ્યાતકોડાકોડી યોજન પ્રમાણ શ્રેણી લેવાની કહી છે. તેનાથી સ્હેજ નાની અસંખ્યાતકોડાકોડી યોજન પ્રમાણ શ્રેણી તેઇન્દ્રિયજીવોની સંખ્યા માટે લેવી. તેનાથી સ્હેજ નાની અસંખ્યાતકોડાકોડી યોજન પ્રમાણ શ્રેણી ચઉરિન્દ્રિયજીવોની સંખ્યા માટે લેવી. અને તેનાથી સ્હેજ નાની અસંખ્યાતકોડાકોડી યોજન પ્રમાણ શ્રેણી પંચેન્દ્રિયજીવોની સંખ્યા માટે લેવી. એટલે બેઇન્દ્રિયાદિ જીવોનું અલ્પબહુત્વ ઘટી શકે છે.

**અસત્કલ્પનાથી** બેઇન્દ્રિયજીવોની સંખ્યા જાણવા માટે જે અસંખ્યાત કોડાકોડી યોજન પ્રમાણ શ્રેણી કહી છે તેમાં **૩,૨૦,૦૦૦**

આ૦પ્ર૦ છે. તેઇન્દ્રિયજીવોની સંખ્યા જાણવા માટે જે અસંખ્યાતકોડાકોડીયોજન પ્રમાણ શ્રેણી લેવાની છે. તેમાં **૩,૧૯,૦૦૦** આ૦પ્ર૦ છે. ચઉરિન્દ્રિયજીવોની સંખ્યા જાણવા માટે જે અસંખ્યાતકોડાકોડીયોજન પ્રમાણ શ્રેણી લેવાની છે. તેમાં **૩,૧૮,૦૦૦** આ૦પ્ર૦ છે અને પંચેન્દ્રિયજીવોની સંખ્યા જાણવા માટે જે અસંખ્યાતકોડાકોડીયોજન પ્રમાણ શ્રેણી લેવાની છે. તેમાં **૩૧૭૦૦૦** આ૦પ્ર૦ છે. એમ માનવામાં આવે, તો.............પૂર્વે કહ્યાં મુજબ.....

બેઇન્દ્રિય **૩૨૦૦૦૦ × ૩૨૦૦૦૦૦ =૧૦૨૪૦૦૦૦,૦૦૦૦૦** હોય છે.

તેઇન્દ્રિય **૩૧૯૦૦૦ × ૩૨૦૦૦૦૦ = ૧૦૨૦૮૦૦૦,૦૦૦૦૦** હોય છે.

ચઉરિન્દ્રિય **૩૧૮૦૦૦ × ૩૨૦૦૦૦૦ =૧૦૧૭૬૦૦૦,૦૦૦૦૦** હોય છે.

પંચેન્દ્રિય **૩૧૭૦૦૦ × ૩૨૦૦૦૦૦ = ૧૦૧૪૪૦૦૦,૦૦૦૦૦** હોય છે.

એટલે ઇન્દ્રિયમાર્ગણાના અલ્પબહુત્વમાં **સૌથી થોડા** પંચેન્દ્રિયજીવો છે.

તેનાથી **વિશેષાધિક** ચઉરિન્દ્રિયજીવો છે.

તેનાથી **વિશેષાધિક** તેઇન્દ્રિયજીવો છે.

તેનાથી **વિશેષાધિક** બેઇન્દ્રિય જીવો છે.

તેનાથી **અનંતગુણા** એકેન્દ્રિયજીવો છે.

કારણકે નિગોદીયાજીવો અનંતાનંત છે અને તે સર્વે એકેન્દ્રિય છે.

**કાયમાર્ગણાના અલ્પબહુત્વમાં સૌથી થોડા ત્રસજીવો છે.** તેનાથી અસંખ્યાતગુણા તેઉકાયાદિ-૪ છે. કારણકે ત્રસજીવો એક ઘનલોકના આકાશપ્રદેશ જેટલા પણ નથી. અને તેઉકાયાદિ-૪ અસંખ્યલોકના આ૦પ્ર૦ જેટલા છે.

**અસત્કલ્પનાથી,** એકશ્રેણીમાં ૩૨૦૦૦૦૦ આ૦પ્ર૦ છે. એમ માનવામાં આવે, તો....

એક ઘનલોકમાં ૩૨૦૦૦૦૦×૩૨૦૦૦૦૦× ૩૨૦૦૦૦૦
= ૩૨૭૬૮૦૦૦૦૦,૦૦૦૦૦,૦૦૦૦૦ આ૦પ્ર૦ હોય છે.

અને બેઇન્દ્રિય ૧ ૦ ૨ ૪ ૦ ૦ ૦ ૦,૦ ૦ ૦ ૦ ૦ હોય.

તેઇન્દ્રિય ૧ ૦ ૨ ૦ ૮ ૦ ૦ ૦,૦ ૦ ૦ ૦ ૦ હોય.

ચઉરિન્દ્રિય ૧ ૦ ૧ ૭ ૬ ૦ ૦ ૦,૦ ૦ ૦ ૦ ૦ હોય.

પંચેન્દ્રિય ૧ ૦ ૧ ૪ ૪ ૦ ૦ ૦,૦ ૦ ૦ ૦ ૦ હોય.

એટલે **ત્રસજીવો કુલ ૪ ૦ ૭ ૬ ૮ ૦ ૦ ૦,૦ ૦ ૦ ૦ ૦** હોય છે.

એટલે એક ઘનલોકના આકાશપ્રદેશ જેટલા પણ ત્રસજીવો નથી અને તેઉકાયાદિ-૪ અસંખ્યલોકના આકાશપ્રદેશ જેટલા છે. તેથી સૌથી થોડા ત્રસકાય છે. તેનાથી અસંખ્યાતગુણા તેઉકાયાદિ-૪ છે.

**શંકા :- અનુયોગદ્વારમાં તેઉકાયાદિ-૪ની સંખ્યા સમાન કહેવામાં આવી છે. તેથી તેઓનું અલ્પબહુત્વ કેવી રીતે ઘટી શકે?**

**સમાધાન :-** અનુયોગદ્વારમાં સામાન્યથી તેઉકાયાદિની સંખ્યા સમાન કહી છે. પણ વિશેષથી અસંખ્યાતી સંખ્યા પણ અસંખ્ય પ્રકારે છે. તેથી તેઉકાય કરતાં પૃથ્વીકાયની અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ સંખ્યા સ્હેજ મોટી હોય છે તેના કરતાં જલકાયની અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ સંખ્યા સ્હેજ મોટી હોય છે. તેના કરતાં વાયુકાયની અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ સંખ્યા સ્હેજ મોટી હોય છે. તેથી તેઉકાય કરતા પૃથ્વીકાય વિશેષાધિક હોય છે. તેના કરતા જલકાય વિશેષાધિક હોય છે. તેના કરતાં વાયુકાય વિશેષાધિક હોય છે. એટલે કાયમાર્ગણાના અલ્પબહુત્વમાં સૌથી **થોડા** ત્રસકાયજીવો છે.

તેનાથી **અસંખ્યગુણા** અગ્નિકાયજીવો છે.
તેનાથી **વિશેષાધિક** પૃથ્વીકાયજીવો છે.
તેનાથી **વિશેષાધિક** જલકાયજીવો છે.

તેનાથી **વિશેષાધિક** વાયુકાયજીવો છે.

તેનાથી **અનંતગુણા** વનસ્પતિકાયજીવો છે.

કારણકે સાધારણવનસ્પતિકાયજીવો અનંતલોકના આકાશપ્રદેશ જેટલા છે.

યોગ અને વેદમાર્ગણામાં અલ્પબહુત્વ :-

**मणवयणकायजोगी, थोवा असंखगुण अणंतगुणा ।**
**पुरिसा थोवा इत्थी, संखगुणाणंतगुण कीवा ॥३९॥**

मनोवचनकाययोगाः, स्तोका असङ्ख्यगुणा अनंतगुणाः ।
पुरुषाः स्तोकाः स्त्रियः, सङ्ख्यगुणा अनंतगुणाः क्लीबाः ॥३९॥

**ગાથાર્થ :- યોગમાર્ગણામાં સૌથી થોડા મનોયોગી છે. તેનાથી અસંખ્યગુણા વચનયોગી છે. તેનાથી અનંતગુણા કાયયોગી છે. વેદમાર્ગણામાં સૌથી થોડા પુરુષ છે. તેનાથી સંખ્યાતગુણી સ્ત્રીઓ છે. તેનાથી અનંતગુણા નપુંસક છે.**

**વિવેચન :-** યોગમાર્ગણામાં **સોથી થોડા** મનોયોગી છે. કારણકે મનોયોગ સંજ્ઞીજીવોને જ હોય છે. બીજા કોઈપણ જીવને હોતો નથી.

★ મનોયોગીથી વચનયોગી **અસંખ્યાતગુણા** છે. કારણકે વચનયોગ સંજ્ઞી-અસંજ્ઞી અને વિકલેન્દ્રિયજીવોને પણ હોય છે.

★ વચનયોગીથી કાયયોગી **અનંતગુણા** છે. કારણકે નિગોદીયા-જીવો અનંતલોકના આકાશપ્રદેશ જેટલા છે. તે સર્વેને કાયયોગ હોય છે.

વેદમાર્ગણામાં **સૌથી થોડા** પુરુષો છે. કારણકે પુરુષથી ત્રણગુણી વધારે સ્ત્રી છે. માટે સ્ત્રીઓ કરતાં પુરુષો થોડા છે.

★ પુરુષોથી સ્ત્રીઓ **સંખ્યાતગુણી** છે. કારણકે તિર્યંચોથી તિર્યંચી ત્રણગુણી અને ત્રણ વધારે છે. મનુષ્ય કરતાં માનુષી સત્તાવીશગુણી અને સત્તાવીશ વધારે છે. તથા દેવો કરતાં દેવી બત્રીશગુણી અને બત્રીશ વધારે છે. તેથી પુરુષથી સંખ્યાતગુણી સ્ત્રી છે.

★ સ્ત્રીઓથી નપુંસક **અનંતગુણા** છે. કારણકે કેટલાક મનુષ્ય અને કેટલાક તિર્યંચપંચેન્દ્રિય નપુંસક છે અને બધા જ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને નારકો નપુંસક જ હોય છે. તેમાંથી એકેન્દ્રિયજીવો અનંતલોકના આ૦પ્ર૦ જેટલા હોવાથી સ્ત્રીઓ કરતાં નપુંસક અનંતગુણા છે.

કષાયાદિમાર્ગણામાં અલ્પબહુત્વ :-

**माणी कोही माई, लोभी अहियमणनाणिणो थोवा ।**
**ओहि असंखा मइसुय, अहियसम असंख विब्भंगा ॥४०॥**
**केवलिणो णंतगुणा, मइसुयअन्नाणि णंतगुण तुल्ला ।**
**सुहुमा थोवा परिहार संख अहखाय संखगुणा ॥४१॥**
**छेय समईय संखा, देस असंखगुण णंतगुण अजया ।**
**थोव असंख दुणंता, ओहिनयणकेवलअचक्खू ॥४२॥**

मानिनः क्रोधिनो मायिनो, लोभिनोऽधिका मनोज्ञानिनः स्तोकाः ।
अवधयोऽसङ्ख्या मतिश्रुतो, अधिकास्समा असङ्ख्या विभङ्गाः ॥ ४० ॥
केवलिनोऽनंतगुणाः मतिश्रुताऽज्ञानिनोऽनंतगुणास्तुल्याः ।
सूक्ष्माः स्तोकाः परिहाराः सङ्ख्या यथाख्याताः संख्यगुणाः ॥४१॥
छेद सामायिकाः सङ्ख्याः, देशा असङ्ख्यगुणा अनंतगुणा अयताः ।
स्तोकाऽसङ्ख्यद्व्यनन्तान्यवधिनयनकेवलाचक्षूंषि ॥४२॥

ગાથાર્થ :-કષાયમાર્ગણામાં સૌથી થોડા માની છે. તેનાથી

વિશેષાધિક ક્રોધી છે. તેનાથી વિશેષાધિક માયાવી છે. તેનાથી વિશેષાધિક લોભી છે.

જ્ઞાનમાર્ગણામાં સૌથી થોડા મનઃપર્યવજ્ઞાની છે. તેનાથી અસંખ્યગુણા અવધિજ્ઞાની છે. તેનાથી વિશેષાધિક મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની છે. તે બન્ને પરસ્પર તુલ્ય છે. તેનાથી અસંખ્યગુણા વિભંગજ્ઞાની છે. તેનાથી અનંતગુણા કેવલીજ્ઞાની છે. તેનાથી અનંતગુણા મતિ-અજ્ઞાની અને શ્રુત-અજ્ઞાની છે. તે બન્ને પરસ્પર તુલ્ય છે.

ચારિત્રમાર્ગણામાં સૌથી થોડા સૂક્ષ્મસંપરાયચારિત્રવાળા જીવો છે. તેનાથી સંખ્યાતગુણા પરિહારવિશુદ્ધિચારિત્રવાળા જીવો છે. તેનાથી સંખ્યાતગુણા છેદોપસ્થાપનીયચારિત્રવાળા જીવો છે. તેનાથી સંખ્યાતગુણા સામાયિકચારિત્રવાળા જીવો છે. તેનાથી અસંખ્યાતગુણા દેશવિરતિ છે. તેનાથી અનંતગુણા અવિરતિ છે.

દર્શનમાર્ગણામાં સૌથી થોડા અવધિદર્શની છે. તેનાથી અસંખ્યાતગુણા ચક્ષુદર્શની છે. તેનાથી અનંતગુણા કેવલદર્શની છે. તેનાથી અનંતગુણા અચક્ષુદર્શની છે.

**વિવેચન** :- એક જીવને એકીસાથે ચારે કષાયનો ઉદય હોતો નથી. કારણકે કષાયો પરસ્પર વિરુદ્ધ છે. તેથી એક જીવને એકીસાથે ચારકષાયમાંથી કોઈપણ એક જ કષાયનો ઉદય હોય છે અને કષાયનો ઉદય અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે બદલાયા કરે છે. તેમાં માનકષાયના ઉદયનું અંતર્મુહૂર્ત કરતા ક્રોધકષાયના ઉદયનું અંતર્મુહૂર્ત કાંઈક મોટું છે. તેના કરતાં માયાકષાયના ઉદયનું અંતર્મુહૂર્ત કાંઈક મોટું છે. તેના કરતાં લોભકષાયના ઉદયનું અંતર્મુહૂર્ત કાંઈક મોટું છે. એટલે ક્રોધાદિથી માન

થોડો સમય રહે છે. તેનાથી ક્રોધ વધુ સમય રહે છે. તેનાથી માયા વધુ સમય રહે છે. તેનાથી લોભ વધુ સમય રહે છે. તેથી

**સૌથી થોડા** માનકષાયવાળા જીવો છે.

તેનાથી **વિશેષાધિક** ક્રોધકષાયવાળા જીવો છે.

તેનાથી **વિશેષાધિક** માયાકષાયવાળા જીવો છે.

તેનાથી **વિશેષાધિક** લોભકષાયવાળા જીવો છે.

જ્ઞાનમાર્ગણામાં **સૌથી થોડા** મનઃપર્યવજ્ઞાની છે. કારણકે અનેકલબ્ધિવાળા અપ્રમત્તસંયમીને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

★ મનઃપર્યવજ્ઞાનીથી અવધિજ્ઞાની **અસંખ્યાતગુણા** છે. કારણકે સર્વે સમ્યગ્દષ્ટિ દેવ-નારકને અવધિજ્ઞાન હોય છે અને અયુગલિક સમ્યગ્દષ્ટિ-તિર્યંચ-મનુષ્યમાંથી પણ કેટલાકને અવધિજ્ઞાન હોય છે અને તે સર્વે અસંખ્યાતા હોવાથી મનઃપર્યવજ્ઞાનીથી અસંખ્યાતગુણા અવધિજ્ઞાની છે.

★ અવધિજ્ઞાનીથી મતિ-શ્રુતજ્ઞાની જીવો **વિશેષાધિક** છે. કારણકે દરેક સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અવશ્ય હોય છે. પણ અવધિજ્ઞાન કેટલાકને હોય છે અને કેટલાકને હોતું નથી. એટલે અવધિજ્ઞાનીજીવોમાં અવધિજ્ઞાન વિનાના મતિ-શ્રુતજ્ઞાની તિર્યંચ મનુષ્ય ઉમેરાય છે. તેથી અવધિજ્ઞાનીથી વિશેષાધિક મતિ-શ્રુતજ્ઞાની છે અને તે બન્ને જ્ઞાન નિયમા સહચારી છે. કારણકે જેને મતિજ્ઞાન હોય છે. તેને શ્રુતજ્ઞાન અવશ્ય હોય છે અને જેને શ્રુતજ્ઞાન હોય છે. તેને મતિજ્ઞાન અવશ્ય હોય છે. તેથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની જીવો પરસ્પર સરખા છે.

★ મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાની **અસંખ્યાતગુણા** છે. કારણકે મિથ્યાદષ્ટિ દેવ-નારકને વિભંગજ્ઞાન અવશ્ય હોય છે અને

સમ્યગ્દૃષ્ટિદેવ-નારકથી મિથ્યાદૃષ્ટિ દેવ-નારકો અસંખ્યાતગુણા છે. તેથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે.

★ વિભંગજ્ઞાનીથી કેવલજ્ઞાની **અનંતગુણા** છે. કારણકે સિદ્ધભગવંતોને કેવલજ્ઞાન હોય છે અને સિદ્ધભગવંતો **"મધ્યમયુક્ત-અનંત"** નામના પાંચમા અનંતા જેટલા છે. એટલે વિભંગજ્ઞાનીથી કેવલીજ્ઞાની **અનંતગુણા** છે.

★ કેવલજ્ઞાનીથી મતિ-અજ્ઞાની અને શ્રુત-અજ્ઞાનીજીવો **અનંતગુણા** છે. કારણકે નિગોદીયા જીવો **"મધ્યમ અનંતાનંત"** નામના આઠમા અનંતા જેટલા છે અને તે સર્વેને મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન જ હોય છે. તેથી કેવલજ્ઞાનીથી મતિ-અજ્ઞાની અને શ્રુત-અજ્ઞાની જીવો અનંતગુણા છે અને તે બન્ને અજ્ઞાન સહચારી હોવાથી મતિ-અજ્ઞાની અને શ્રુત-અજ્ઞાની જીવો પરસ્પર તુલ્ય છે.

સંયમમાર્ગણાના **અલ્પબહુત્વમાં સૌથી થોડા** સૂક્ષ્મસંપરાયચારિત્ર-વાળા જીવો છે. કારણકે તે વધુમાં વધુ **શતપૃથક્ત્વ** (૨૦૦ થી ૯૦૦) હોય છે.

★ સૂક્ષ્મસંપરાયચારિત્રવાળાથી પરિહારવિશુદ્ધિચારિત્રવાળા જીવો **સંખ્યાતગુણા** છે. કારણકે તે વધુમાં વધુ **સહસ્રપૃથક્ત્વ** (૨૦૦૦ થી ૯૦૦૦) હોય છે.

★ પરિહારવિશુદ્ધિચારિત્રવાળાથી યથાખ્યાતચારિત્રવાળા જીવો **સંખ્યાતગુણા** છે. કારણકે તે વધુમાં વધુ **ક્રોડપૃથક્ત્વ** (૨૦,૦૦,૦૦૦થી ૯,૦૦,૦૦,૦૦૦ હોય છે.

★ યથાખ્યાતચારિત્રવાળાથી છેદોપસ્થાપનીય ચારિત્રવાળાજીવો **સંખ્યાતગુણા** હોય છે. કારણકે તે વધુમાં વધુ **શતક્રોડપૃથક્ત્વ**

(બસો ક્રોડથી નવસો ક્રોડ) હોય છે.

★ છેદોપસ્થાપનીયચારિત્રવાળાથી સામાયિકચારિત્રવાળા જીવો **સંખ્યાતગુણા** હોય છે. કારણકે તે વધુમાં વધુ **સહસ્રક્રોડપૃથક્ત્વ** (બે હજાર ક્રોડથી નવ હજારક્રોડ) હોય છે.

★ સામાયિકચારિત્રવાળાથી દેશવિરતિવાળા જીવો **અસંખ્યાતગુણા** હોય છે. કારણકે અસંખ્યાત તિર્યંચોને દેશવિરતિ હોય છે.

★ દેશવિરતિવાળાજીવોથી અવિરતિવાળાજીવો **અનંતગુણા** હોય છે. કારણકે એકેન્દ્રિયજીવોને અવિરતિ જ હોય છે અને તે અનંતલોકના આ૦પ્ર૦ જેટલા છે. એટલે દેશવિરતિથી અવિરતિવાળા જીવો અનંતગુણા હોય છે.

દર્શનમાર્ગણાના અલ્પબહુત્વમાં **સૌથી થોડા** અવધિદર્શનવાળા જીવો છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યમાંથી કેટલાક તિર્યંચ-મનુષ્યને અવધિદર્શન હોય છે અને બધા જ સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકોને અવધિદર્શન હોય છે.

★ અવધિદર્શનીથી ચક્ષુદર્શની **અસંખ્યાતગુણા** છે. કારણકે પર્યાપ્તા ચઉરિન્દ્રિય, પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય અને પર્યાપ્તસંજ્ઞી-પંચેન્દ્રિયજીવોને ચક્ષુદર્શન હોય છે. એટલે અવધિદર્શનવાળાથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા છે.

★ ચક્ષુદર્શનીથી કેવલદર્શની **અનંતગુણા** છે. કારણકે સિદ્ધ-ભગવંતોને કેવલદર્શન હોય છે અને તે **મધ્યમયુક્તઅનંત** નામના પાંચમા અનંતા જેટલા છે. એટલે ચક્ષુદર્શનીથી કેવલદર્શની અનંતગુણા છે.

★ કેવલદર્શનીથી અચક્ષુદર્શની **અનંતગુણા** છે. કારણકે સાધારણ વનસ્પતિકાય મધ્યમ અનંતાનંત નામના આઠમા અનંતા જેટલા છે

અને તે સર્વે અચક્ષુદર્શની છે. તેથી કેવલદર્શનીથી અચક્ષુદર્શની અનંતગુણા છે.

લેશ્યામાર્ગણામાં અલ્પબહુત્વ :-

**पच्छाणुपुव्विलेसा, थोवा दो संख णंत दो अहिया ।**
**अभवियर थोवणंता, सासण थोवोवसम संखा ॥४३॥**
**मीसासंखा वेयग, असंखगुण खइयमिच्छ दु अणंता ।**
**सन्नियर थोव णंता, णहार थोवेयर असंखा ॥४४॥**

पश्चानुपूर्व्या लेश्याः, स्तोका द्वे सङ्ख्ये अनंता द्वे अधिके ।
अभव्येतराः स्तोकानन्ताः, सासादनाः स्तोका उपशमाः सङ्ख्याः ॥४३॥
मिश्राः सङ्ख्या वेदका, असङ्ख्यगुणाः क्षायिकमिथ्या द्वावनन्तौ ।
संज्ञीतरे स्तोकानंता, अनाहारकाः स्तोका इतरेऽसङ्ख्याः ॥४४॥

**ગાથાર્થ :-પશ્ચાનુપૂર્વી = પાછળના ક્રમથી લેશ્યાનું અલ્પબહુત્વ કહેવું. એટલે સૌથી થોડા શુક્લલેશ્યાવાળા જીવો છે. તેનાથી સંખ્યાત-ગુણા પદ્મલેશ્યાવાળાજીવો છે. તેનાથી સંખ્યાતગુણા તેજોલેશ્યાવાળા-જીવો છે. તેનાથી અનંતગુણા કાપોતલેશ્યાવાળાજીવો છે. તેનાથી વિશેષાધિક નીલલેશ્યાવાળાજીવો છે. તેનાથી વિશેષાધિક કૃષ્ણલેશ્યા-વાળાજીવો છે. ભવ્યમાર્ગણામાં સૌથી થોડા અભવ્ય છે. તેનાથી અનંતગુણા ભવ્ય છે.**

**સમ્યક્ત્વમાર્ગણામાં સૌથી થોડા સાસ્વાદની છે. તેનાથી સંખ્યાતગુણા ઉપશમસમ્યક્ત્વી છે. તેનાથી સંખ્યાતગુણા મિશ્રસમ્યક્ત્વી છે. તેનાથી અસંખ્યાતગુણા ક્ષાયોપશમિક સમ્યક્ત્વી છે. તેનાથી અનંતગુણા ક્ષાયિકસમ્યક્ત્વી છે. તેનાથી અનંતગુણા મિથ્યાત્વી છે.**

**સંજ્ઞીમાર્ગણામાં સૌથી થોડા સંજ્ઞી છે. તેનાથી અનંતગુણા અસંજ્ઞી છે. આહારીમાર્ગણામાં સૌથી થોડા અણાહારીજીવો છે. તેનાથી અસંખ્યાતગુણા આહારીજીવો છે.**

**વિવેચન :-** લેશ્યામાર્ગણામાં **સોથી થોડા** શુક્લલેશ્યાવાળાજીવો છે. કારણકે લાંતકદેવલોકથી અનુત્તરદેવલોક સુધીના બધા દેવોને શુક્લલેશ્યા હોય છે અને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા કેટલાક ગર્ભજ તિર્યંચ-મનુષ્યને પણ શુક્લલેશ્યા હોય છે. તે સર્વે મળીને પદ્મલેશ્યાવાળાથી શુક્લલેશ્યાવાળા જીવો થોડા છે.

★ શુક્લલેશ્યાવાળાજીવોથી પદ્મલેશ્યાવાળા જીવો **સંખ્યાતગુણા** છે. કારણકે સનત્કુમારથી બ્રહ્મદેવલોક સુધીના સર્વ દેવોને પદ્મલેશ્યા જ હોય છે અને સંખ્યાતવર્ષના આયુષ્યવાળા કેટલાક ગર્ભજ તિર્યંચ-મનુષ્યને પણ પદ્મલેશ્યા હોય છે. તે બધા મળીને શુક્લલેશ્યાવાળાથી પદ્મલેશ્યાવાળા જીવો સંખ્યાતગુણા છે.

★ પદ્મલેશ્યાવાળાથી તેજોલેશ્યાવાળા જીવો **સંખ્યાતગુણા** છે. કારણકે જ્યોતિષીથી બીજા દેવલોક સુધીના બધા દેવોને તેજોલેશ્યા જ હોય છે. કેટલાક ભવનપતિ-વ્યંતરદેવને પણ તેજોલેશ્યા હોય છે. કેટલાક ગર્ભજ તિર્યંચ-મનુષ્યને પણ તેજોલેશ્યા હોય છે અને કેટલાક બાદરપૃથ્વી, બાદરજલ અને પ્રત્યેકવનસ્પતિને પણ તેજોલેશ્યા હોય છે. તે સર્વે મળીને પદ્મલેશ્યાવાળાથી તેજોલેશ્યાવાળા જીવો સંખ્યાતગુણા હોય છે.

**શંકા :- શુક્લલેશ્યાવાળાદેવોથી પદ્મલેશ્યાવાળાદેવો અસંખ્યાતગુણા છે. તેથી શુક્લલેશ્યાવાળાજીવોથી પદ્મલેશ્યાવાળાજીવો અસંખ્યાતગુણા ન કહેતા સંખ્યાતગુણા કેમ કહ્યાં છે[૩૩]? અને પદ્મલેશ્યાવાળા દેવોથી તેજોલેશ્યાવાળા દેવો અસંખ્યાતગુણા છે. તેથી**

---

(૩૩) अथ लान्तकादिदेवेभ्यः सनत्कुमारादिकल्पत्रयवासिनो देवा असङ्ख्यातगुणाः ततः शुक्ललेश्येभ्यः पद्मलेश्याः असंख्येयगुणाः प्राप्नुवन्ति कथं सङ्ख्येयगुणा उक्ताः? उच्यते, इह जघन्यपदेऽप्यऽसंख्यातानां सनत्कुमारादिकल्पत्रयवासिदेवेभ्योऽसंख्येयगुणानां पञ्चेन्द्रियतिरश्चां शुक्ललेश्या, ततः पद्मलेश्याचिन्तायां सनतकुमारादिदेवप्रक्षेपेऽप्यसंख्येय गुणत्वं न भवति किन्तु यदेव तिर्यग्पञ्चेन्द्रियापेक्षयैवसंख्येयगुणत्वं तदेवास्तीति-संख्येयगुणाः शुक्ललेश्येभ्य पद्मलैश्याः.......................... । (પ્રજ્ઞાપના ટીકા.૨)

**પદ્મલેશ્યાવાળાજીવોથી તેજોલેશ્યાવાળાજીવો અસંખ્યાતગુણા ન કહેતા સંખ્યાતગુણા જ કેમ કહ્યાં છે ?**

**સમાધાન** :- લેશ્યામાર્ગણામાં જો માત્ર દેવોની અપેક્ષાએ અલ્પબહુત્વનો વિચાર કરવામાં આવે, તો શુક્લલેશ્યાવાળા જીવોથી પદ્મલેશ્યાવાળા જીવો અસંખ્યાતગુણા છે અને પદ્મલેશ્યાવાળા જીવોથી તેજોલેશ્યાવાળા જીવો અસંખ્યાતગુણા છે. એમ કહી શકાય. પરંતુ અહીં લેશ્યામાર્ગણામાં માત્ર દેવોની અપેક્ષાએ અલ્પબહુત્વનો વિચાર કરવામાં આવ્યો નથી પણ સર્વજીવોની અપેક્ષાએ અલ્પબહુત્વનો વિચાર કરવામાં આવ્યો છે. તેથી શુક્લલેશ્યાવાળા દેવોથી પદ્મલેશ્યાવાળાદેવો અસંખ્યાતગુણા હોવા છતાં પણ પદ્મલેશ્યાવાળા દેવોથી શુક્લલેશ્યાવાળા તિર્યંચો અસંખ્યાતગુણા છે. તેમજ કેટલાક ગર્ભજ મનુષ્યોને પણ શુક્લલેશ્યા હોય છે. એટલે શુક્લલેશ્યાવાળા દેવ અને તિર્યંચ-મનુષ્ય મળીને સામાન્યથી શુક્લલેશ્યાવાળા જીવોથી પદ્મલેશ્યાવાળા જીવો સંખ્યાતગુણા હોય છે.

એ જ રીતે, પદ્મલેશ્યાવાળાદેવોથી તેજોલેશ્યાવાળા દેવો અસંખ્યાતગુણા હોવા છતાં પણ તેજોલેશ્યાવાળા દેવોથી પદ્મલેશ્યાવાળા તિર્યંચો અસંખ્યાતગુણા છે. તેમજ કેટલાક ગર્ભજ મનુષ્યોને પણ પદ્મલેશ્યા હોય છે. એટલે પદ્મલેશ્યાવાળા દેવ અને તિર્યંચ-મનુષ્ય મળીને સામાન્યથી પદ્મલેશ્યાવાળાજીવોથી તેજોલેશ્યાવાળાજીવો સંખ્યાતગુણા હોય છે.

★ તેજોલેશ્યાવાળા જીવોથી કાપોતલેશ્યાવાળાજીવો **અનંતગુણા** છે. કારણકે નિગોદીયાજીવોને કાપોતલેશ્યા હોય છે અને તે અનંતલોકના આકાશપ્રદેશ જેટલા છે. તેથી તેજોલેશ્યાવાળાથી કાપોતલેશ્યાવાળા અનંતગુણા છે.

★ કાપોતલેશ્યાવાળા જીવોથી નીલલેશ્યાવાળા જીવો **વિશેષાધિક** છે કારણકે કિલષ્ટથી કિલષ્ટતર પરિણામવાળાજીવો અધિક હોય છે.

★ નીલલેશ્યાવાળાજીવોથી કૃષ્ણલેશ્યાવાળા જીવો **વિશેષાધિક** છે. કારણકે કિલષ્ટતરથી કિલષ્ટતમ પરિણામવાળાજીવો અધિક હોય છે.

ભવ્યમાર્ગણામાં **સૌથી થોડા** અભવ્યજીવો છે. કારણકે તે **"જઘન્ય-યુક્તઅનંત"** નામના ચોથા અનંતા જેટલા છે. તેનાથી ભવ્યજીવો **અનંતગુણા** છે. કારણકે તે **"મધ્યમઅનંતાનંત"** નામના આઠમા અનંતા જેટલા છે.

સમ્યક્ત્વમાર્ગણામાં **સૌથી થોડા** સાસ્વાદનસમ્યક્ત્વી છે. કારણકે ઉપશમસમ્યગ્દષ્ટિજીવોમાંથી કોઈક જ ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદન સમ્યક્ત્વને પામે છે પણ સર્વે ઉપશમસમ્યગ્દષ્ટિજીવો સાસ્વાદનસમ્યક્ત્વને પામતા નથી અને ઉપશમસમ્યક્ત્વ કરતાં સાસ્વાદનસમ્યક્ત્વ થોડો કાળ રહે છે. તેથી સૌથી થોડા સાસ્વાદનસમ્યક્ત્વી છે.

★ સાસ્વાદનસમ્યક્ત્વીથી ઉપશમસમ્યક્ત્વી **સંખ્યાતગુણા** છે. કારણકે બધા જ ઉપશમસમ્યક્ત્વી સાસ્વાદને આવતા નથી. કેટલાક ઉપશમસમ્યક્ત્વી જ સાસ્વાદને આવે છે અને સાસ્વાદનસમ્યક્ત્વથી ઉપશમસમ્યક્ત્વ વધુ કાળ રહે છે.

★ ઉપશમસમ્યક્ત્વીથી મિશ્રસમ્યક્ત્વી **સંખ્યાતગુણા** છે.

★ મિશ્રસમ્યક્ત્વીથી ક્ષયોપશમસમ્યક્ત્વી **અસંખ્યાતગુણા** છે. કારણકે મિશ્રસમ્યક્ત્વ વધુમાં વધુ અંતર્મુહૂર્ત જ રહે છે અને ક્ષયોપશમસમ્યક્ત્વ વધુમાં વધુ કાંઈક અધિક છાસઠસાગરોપમ રહે છે. એટલે મિશ્રસમ્યક્ત્વ કરતાં ક્ષયોપશમસમ્યક્ત્વ વધુ કાળ રહે છે. તેથી મિશ્રસમ્યક્ત્વીથી ક્ષયોપશમસમ્યક્ત્વી અસંખ્યાતગુણા છે.

★ ક્ષયોપશમસમ્યક્ત્વીથી ક્ષાયિકસમ્યક્ત્વી **અનંતગુણા** છે. કારણકે ક્ષાયિકસમ્યક્ત્વ સિદ્ધભગવંતોને પણ હોય છે અને સિદ્ધભગવંતો **"મધ્યમ-યુક્તઅનંત"** નામના પાંચમા અનંતા જેટલા છે. તેથી ક્ષયોપશમસમ્યક્ત્વથી ક્ષાયિકસમ્યક્ત્વી અનંતગુણા છે.

★ ક્ષાયિકસમ્યક્ત્વીથી મિથ્યાત્વી જીવો **અનંતગુણા** છે. કારણકે નિગોદીયાજીવો **મધ્યમઅનંતાનંત** નામના આઠમા અનંતા જેટલા છે અને તે સર્વે મિથ્યાત્વી છે. તેથી ક્ષાયિકસમ્યક્ત્વીથી મિથ્યાત્વી અનંતગુણા છે.

સમ્યક્ત્વમાર્ગણામાં.......સૌથી **થોડા** સાસ્વાદનસમ્યક્ત્વી છે.

તેનાથી **સંખ્યાતગુણા** ઉપશમસમ્યક્ત્વી છે.

તેનાથી **સંખ્યાતગુણા** મિશ્રસમ્યક્ત્વી છે.

તેનાથી **અસંખ્યાતગુણા** ક્ષયોપશમસમ્યક્ત્વી છે.

તેનાથી **અનંતગુણા** ક્ષાયિકસમ્યક્ત્વી છે.

તેનાથી **અનંતગુણા** મિથ્યાત્વી છે.

સંજ્ઞીમાર્ગણામાં **સૌથી થોડા** સંજ્ઞી જીવો છે. તેનાથી અસંજ્ઞીજીવો **અનંતગુણા** છે. કારણકે દેવ-નારક અને ગર્ભજ તિર્યંચ-મનુષ્ય જ સંજ્ઞી છે. બાકીના અસંજ્ઞીપંચેન્દ્રિય-વિકલેન્દ્રિય અને એકેન્દ્રિયઅસંજ્ઞી છે. તેમાં એકેન્દ્રિય અનંતલોકના આકાશપ્રદેશ જેટલા છે. એટલે સંજ્ઞીથી અસંજ્ઞીજીવો અનંતગુણા છે.

આહારીમાર્ગણામાં **સૌથી થોડા** અણાહારી છે. તેનાથી આહારીજીવો **અસંખ્યાતગુણા** છે. કારણકે વિગ્રહગતિમાં રહેલા જીવો, સયોગીકેવલીભગવંતો કેવલીસમુદ્ઘાતમાં ૩/૪/૫ સમયે, અયોગી કેવલી ભગવંતો અને સિદ્ધભગવંતો અણાહારી હોય છે. બાકીના સર્વે જીવો

આહારી હોય છે. એટલે અણાહારીથી અસંખ્યાતગુણા આહારી છે.

**શંકા :- સિદ્ધભગવંતોથી અનંતગુણા સંસારી જીવો છે અને તે સર્વે પ્રાયઃ આહારી છે. એટલે અણાહારીજીવોથી અનંતગુણા આહારીજીવો ન કહેતા અસંખ્યાતગુણા કેમ કહ્યાં છે ?**

**સમાધાન :-** સિદ્ધભગવંતો એક નિગોદના ગોળામાં રહેલા અનંતા જીવોના અનંતમાભાગ જેટલા જ છે. તેના કરતા સંસારી જીવો અનંતગુણા છે પણ તે સર્વે સંસારી જીવો આહારી ન હોય. કારણકે પ્રતિસમયે એક-એક નિગોદના અસંખ્યાતમાભાગ જેટલા જીવો વિગ્રહગતિમાં હોય છે. એટલે એક નિગોદમાં રહેલા અનંત જીવોના અસંખ્યાતાભાગો કરવા. તેમાંથી એક અસંખ્યાતમાભાગ જેટલા જીવો વિગ્રહગતિમાં હોય છે. તે અણાહારી હોય છે અને બાકીના ઘણા અસંખ્યાતાભાગો જેટલા જીવો આહારી હોય છે.

**અસત્કલ્પનાથી........... અનંત =૧૦૦૦૦૦** (૧લાખ)

**એક અસંખ્યાતમો ભાગ =૧૦૦** માનવામાં આવે, તો...

-૧,૦૦,૦૦૦ નો ૧૦૦થી ભાગાકાર કરતા ૧૦૦૦ આવે. એટલે ૧,૦૦,૦૦૦ (૧લાખ)ના ૧૦૦૦ (એકહજાર) અસંખ્યાતાભાગો થાય. તેમાંથી એક અસંખ્યાતમો ભાગ =૧૦૦ જીવો વિગ્રહગતિમાં હોવાથી અણાહારી હોય છે અને બાકીના ઘણા અસંખ્યાતાભાગો = ૯૯૯ ભાગ થાય છે. તેમાંના એક-એક ભાગમાં ૧૦૦-૧૦૦ જીવો હોવાથી ૯૯૯ અસંખ્યાતાભાગોમાં ૯૯,૯૦૦ જીવો હોય છે. તે સર્વે આહારી છે. એટલે આહારીજીવો કરતાં અણાહારી જીવો અસંખ્યાતમા ભાગ જેટલા છે અને અણાહારી જીવો કરતાં આહારી જીવો અસંખ્યાતગુણા હોય છે. પણ અનંતગુણા ન હોય.

**• દ્વિતીય વિભાગ સમાપ્ત •**

# તૃતીયવિભાગ

(૧)

## -: ગુણસ્થાનકમાં જીવસ્થાનક :-

ગુણસ્થાનકમાં જીવસ્થાનક :-

**सव्वजियठाणमिच्छे, सगसासणि पण अपज्जसन्निदुगं ।**
**सम्मे सन्नी दुविहो, सेसेसुं सन्निपज्जत्तो ॥४५॥**

सर्वाणि जीवस्थानानि मिथ्यात्वे, सप्त सास्वादने पञ्चापर्याप्ताः संज्ञिद्विकम् ।
सम्यक्त्वे संज्ञी द्विविधः, शेसेषु संज्ञिपर्याप्तः ॥४५॥

**ગાથાર્થ :-મિથ્યાત્વગુણસ્થાનકમાં સર્વે જીવસ્થાનક હોય છે. સાસ્વાદનગુણસ્થાનકમાં અપર્યાપ્તબાદરએકેન્દ્રિયાદિ પાંચ અને સંજ્ઞી-દ્વિક મળીને કુલ સાત જીવસ્થાનક હોય છે. સમ્યક્ત્વગુણસ્થાનકમાં અપર્યાપ્તસંજ્ઞી અને પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક હોય છે અને બાકીના ગુણસ્થાનકમાં એક જ પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક હોય છે.**

**વિવેચન :-** એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વેને પહેલું ગુણસ્થાનક હોય છે. એટલે મિથ્યાત્વગુણસ્થાનકમાં (૧) **અપર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૨) **પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય** (૩) **અપર્યાપ્તબાદરએકેન્દ્રિય** (૪) **પર્યાપ્ત-બાદરએકેન્દ્રિય** (૫) **અપર્યાપ્તબેઈન્દ્રિય** (૬) **પર્યાપ્તબેઈન્દ્રિય** (૭) **અપર્યાપ્તતેઈન્દ્રિય** (૮) **પર્યાપ્તતેઈન્દ્રિય** (૯) **અપર્યાપ્તચઉરિન્દ્રિય** (૧૦) **પર્યાપ્તચઉરિન્દ્રિય** (૧૧) **અપર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય** (૧૨) **પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય** (૧૩) **અપર્યાપ્તસંજ્ઞી** અને (૧૪) **પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક** હોય છે.

બાદરએકેન્દ્રિયાદિને અપર્યાપ્તાવસ્થામાં જ સાસ્વાદનગુણઠાણુ હોય છે અને સંજ્ઞીને પર્યાપ્તાવસ્થામાં પણ સાસ્વાદનગુણઠાણુ હોય છે. એટલે **સાસ્વાદનગુણઠાણે** (૧) **કરણ-અપર્યાપ્તબાદરએકેન્દ્રિય** (૨) **કરણ-અપર્યાપ્તબેઇન્દ્રિય** (૩) **કરણ-અપર્યાપ્તતેઇન્દ્રિય** (૪) **કરણ-અપર્યાપ્ત-ચઉરિન્દ્રિય** (૫) **કરણ-અપર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય** (૬) **કરણ-અપર્યાપ્તસંજ્ઞી** અને (૭) **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે કાંઇક વિશુદ્ધ પરિણામવાળો જીવ સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકતો નથી. તેથી સાસ્વાદનગુણઠાણે અપર્યાપ્ત-સૂક્ષ્મ એકેન્દ્રિય જીવસ્થાનક ન હોય અને પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિયાદિજીવોને ભવસ્વભાવે જ વિશુદ્ધ પરિણામ આવતો નથી. તેથી પર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૬ જીવસ્થાનક ન હોય.

**સમ્યક્ત્વગુણઠાણે** (૧) **કરણ-અપર્યાપ્તસંજ્ઞી** અને (૨) **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનક ન હોય. કારણ કે કોઇપણ સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વ લઇને સંજ્ઞીપંચેન્દ્રિયમાં જ ઉત્પન્ન થઇ શકે છે. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય કે અસંજ્ઞીપંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકતો નથી. અને તે જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી તેથી અપ૦સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨ જીવસ્થાનક ન હોય.

**મિશ્રગુણઠાણે** એક જ **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનક ન હોય. કારણકે એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને ભવસ્વભાવે મિશ્રપરિણામ આવતો નથી. તેથી ત્રીજા ગુણઠાણે અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૨ જીવસ્થાનક ન હોય. અને સંજ્ઞીને અપર્યાપ્તાવસ્થામાં મિશ્રગુણઠાણુ હોતુ નથી. તેથી ત્રીજાગુણઠાણે અપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક ન હોય.

**દેશવિરતિગુણઠાણે, પ્રમત્તગુણઠાણે, અપ્રમત્તગુણઠાણે, અપૂર્વકરણગુણઠાણે, અનિવૃત્તિગુણઠાણે, સૂક્ષ્મસંપરાયગુણઠાણે,**

**ઉપશાંતમોહગુણઠાણે, ક્ષીણમોહગુણઠાણે, સયોગીકેવલીગુણઠાણે** અને **અયોગીગુણઠાણે** એક જ **પર્યાપ્તસંજ્ઞી** જીવસ્થાનક હોય છે. બાકીના જીવસ્થાનક ન હોય કારણ કે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી-પંચેન્દ્રિયજીવો અવિરત જ હોય છે અને સંજ્ઞીને ૮ વર્ષની ઉંમર થયા પછી જ વિરતિના પરિણામ આવે છે. તેથી **૫ થી ૧૪** ગુણઠાણામાં અપ૦સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ-**૧૩** જીવસ્થાનક ન હોય.

(૨)

## -: ગુણસ્થાનકમાં યોગ :-

ગુણસ્થાનકમાં યોગ :-

**मिच्छदुग अजइ जोगाहारदुगूणा अपुव्वपणगे उ ।**
**मणवइउरलं सविउव्व मीसि सविउव्वदुग देसे ॥४६॥**

**साहारदुग पमत्ते, ते विउवाहारमीस विणु इयरे ।**
**कम्मुरलदुगंताइममणवयण सजोगि न अजोगी ॥४७॥**

*मिथ्यात्वद्विकायते योगा, आहारकद्विकोना अपूर्वपञ्चके तु ।*
मनोवच औदारिकं सवैक्रियं मिश्रे सवैक्रियद्विकं देशे ॥४६॥
साहारकद्विकं प्रमत्ते, ते वैक्रियाहारकमिश्रं विनेतरस्मिन् ।
कार्मणौदौरिकद्विकान्तादिममनोवचनं सयोगिनि नायोगिनि ॥४७॥

ગાથાર્થ :- **મિથ્યાત્વદ્વિક અને અવિરતસમ્યગ્દષ્ટિગુણસ્થાનકમાં આહારકદ્વિક વિના ૧૩ યોગ હોય છે. અપૂર્વકરણાદિ-૫ ગુણઠાણામાં મનોયોગ-૪, વચનયોગ-૪ અને ઔદારિકકાયયોગ હોય છે. તેમાં વૈક્રિયકાયયોગ ઉમેરતા કુલ-૧૦ યોગ મિશ્રગુણઠાણે હોય છે અને તે ૯ યોગમાં વૈક્રિયદ્વિકયોગ ઉમેરતાં કુલ-૧૧ યોગ દેશવિરતિગુણઠાણે**

**હોય છે. તે ૧૧ યોગમાં આહારકદ્વિકયોગ ઉમેરતાં કુલ-૧૩ યોગ પ્રમત્તગુણઠાણે હોય છે. તેમાંથી વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર કાઢી નાંખતા કુલ-૧૧ યોગ અપ્રમત્તગુણઠાણે હોય છે. સયોગીગુણઠાણે કાર્મણકાયયોગ, ઔદારિકદ્વિકયોગ, સત્યમનોયોગ, અસત્ય-અમૃષામનોયોગ, સત્યવચનયોગ અને અસત્ય-અમૃષાવચનયોગ યોગ હોય છે અને અયોગીગુણસ્થાનકમાં એક પણ યોગ હોતો નથી.**

**વિવેચન :-** મિથ્યાદૃષ્ટિ જીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે **કાર્મણકાયયોગ** હોય છે. ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યને **ઔ૦મિશ્રયોગ** અને મિથ્યાદૃષ્ટિ દેવ-નારકને **વૈ૦મિશ્રયોગ** હોય છે. ત્યાર પછી પર્યાપ્તાવસ્થામાં મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યને **ઔ૦કા૦** અને મિથ્યાદૃષ્ટિ દેવ-નારકને **વૈ૦કા૦** હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે વૈક્રિયદ્વિકયોગ હોય છે અને તે સર્વેને **મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. એટલે **મિથ્યાત્વગુણઠાણે** કુલ-**૧૩** યોગ હોય છે. આહારક-દ્વિકયોગ ન હોય. કારણકે આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ આહારકશરીર બનાવી શકે છે. મિથ્યાદૃષ્ટિ જીવો આહારક શરીર બનાવી શકતા નથી. તેથી મિથ્યાત્વગુણઠાણે આહારકદ્વિકયોગ ન હોય.

એ જ પ્રમાણે **સાસ્વાદનગુણઠાણે** અને **અવિરતસમ્યગ્દૃષ્ટિ-ગુણઠાણે** આહારકદ્વિકયોગ વિના કુલ-**૧૩** યોગ હોય છે.

શ્રેણીમાં રહેલા મનુષ્યોને **ઔ૦કા૦, મનોયોગચતુષ્ક** અને **વચનયોગચતુષ્ક** હોવાથી શ્રેણીગત **અપૂર્વકરણાદિ-પાંચ** (૮થી૧૨) ગુણઠાણામાં-૯ યોગ હોય છે. બાકીના **૬** યોગ ન હોય. કારણકે કાર્મણકાયયોગ અને ઔ૦મિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે, તે

વખતે અપૂર્વકરણાદિગુણઠાણા ન હોય અને શ્રેણીગત મનુષ્યો અપ્રમત્ત હોવાથી વૈક્રિયશરીર કે આહારકશરીર બનાવી શકતા નથી. તેથી વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ ન હોય.

મિશ્રદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યને **ઔ૦કા૦** અને મિશ્રદૃષ્ટિ દેવ-નારકને **વૈ૦કા૦** હોય છે અને તે સર્વેને **મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. એટલે **મિશ્ર**ગુણઠાણે- **૧૦** યોગ હોય છે. બાકીના યોગ ન હોય. કારણકે કાર્મણકાયયોગ, ઔ૦મિશ્રયોગ અને વૈ૦મિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે. તે વખતે મિશ્રગુણઠાણુ હોતું નથી. તેમજ વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ-મનુષ્યને ઉત્તરવૈક્રિયશરીરના પ્રારંભનો સંભવ ન હોવાથી કે અન્ય કોઇ પણ કારણથી પૂર્વાચાર્યે મિશ્રગુણઠાણે વૈ૦મિશ્રયોગ કહ્યો નથી. એટલે મિશ્રદૃષ્ટિજીવને પર્યાપ્તાવસ્થામાં પણ વૈ૦મિશ્રયોગ હોતો નથી અને આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ આહારકશરીર બનાવી શકે છે. મિશ્રદૃષ્ટિ આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આ૦મિશ્ર અને આ૦કા૦ હોતો નથી.

સંજ્ઞી તિર્યંચ-મનુષ્યોને પર્યાપ્તાવસ્થામાં જ દેશવિરતિ હોય છે. તે વખતે **ઔ૦કા૦, મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા દેશવિરતિધર તિર્યંચ-મનુષ્યો જ્યારે ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે. ત્યારે **વૈ૦મિશ્રયોગ** અને **વૈ૦કા૦** હોય છે. એટલે **દેશવિરતિ**ગુણઠાણે કુલ- **૧૧** યોગ હોય છે. બાકીના-૪ યોગ ન હોય. કારણ કે કા૦કા૦ અને ઔ૦મિશ્ર અપર્યાપ્તાવસ્થામાં હોય છે તે વખતે દેશવિરતિ હોતી નથી અને આહારકલબ્ધિવાળા ૧૪ પૂર્વધર પ્રમત્તસંયમી જ આહારકશરીર બનાવી શકે છે અન્ય જીવો આહારકશરીર બનાવી શકતા નથી. તેથી આ૦દ્વિકયોગ ન હોય.

મનુષ્યને પર્યાપ્તાવસ્થામાં જ સર્વવિરતિ હોય છે. તે વખતે

**ઔoકાo, મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા પ્રમત્તસંયમી જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે છે. ત્યારે **વૈoમિશ્ર** અને **વૈoકાo** હોય છે અને આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ્યારે આહારકશરીર બનાવે છે. ત્યારે **આoમિશ્ર** અને **આoકાo** હોય છે. એટલે **પ્રમત્તગુણઠાણે** કુલ- ૧૩ યોગ હોય છે. કાર્મણકાયયોગ ઔoમિશ્રયોગ ન હોય. કારણકે તે બન્ને યોગ છદ્મસ્થને અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે તે વખતે સર્વવિરતિ હોતી નથી. તેથી પ્રમત્તગુણઠાણે કાoકાo અને ઔoમિશ્ર યોગ ન હોય.

મનુષ્યને પર્યાપ્તાવસ્થામાં જ અપ્રમત્તગુણઠાણુ હોય છે. તે વખતે **ઔoકાo, મનોયોગ-૪** અને **વચનયોગ-૪** હોય છે. તેમજ વૈક્રિયલબ્ધિવાળા કે આહારકલબ્ધિવાળા પ્રમત્તસંયમી વૈoશo કે આoશo બનાવીને અપ્રમત્તગુણઠાણે આવી શકે છે. તેથી ત્યાં **વૈoકાo** અને **આoકાo** હોય છે. એટલે **અપ્રમત્તગુણઠાણે** કુલ-૧૧ યોગ હોય છે. બાકીના-૪ યોગ ન હોય. કારણકે વૈક્રિયલબ્ધિવાળા કે આહારકલબ્ધિવાળા જીવો અપ્રમત્તાવસ્થામાં નવુ વૈક્રિયશરીર કે આહારકશરીર બનાવી શકતા નથી. તેથી વૈoમિશ્ર અને આoમિશ્રયોગ ન હોય. તેમજ કાર્મણ-કાયયોગ અને ઔoમિશ્રયોગ છદ્મસ્થને અપર્યાપ્તાવસ્થામાં જ હોય છે. તે વખતે અપ્રમત્તગુણઠાણુ હોતુ નથી. તેથી તે બન્ને યોગ ન હોય.

સયોગીકેવલીભગવંતને પર્યાપ્તાવસ્થામાં જ સયોગીગુણઠાણુ હોય છે. તે વખતે **ઔoકાo** હોય છે. તેમજ અનુત્તરદેવ કે અન્યક્ષેત્રમાં રહેલા મનઃપર્યવજ્ઞાનીને પ્રશ્નનો ઉત્તર આપતી વખતે **સત્યમનોયોગ** અને **અસત્ય-અમૃષામનોયોગ** હોય છે અને દેશના આપતી વખતે **સત્યવચનયોગ** અને **અસત્યઅમૃષાવચનયોગ** હોય છે. તેમજ કેવલીસમુદ્ઘાતમાં ૨/૬/૭ સમયે **ઔoમિo** અને ૩/૪/૫ સમયે **કાર્મણકાયયોગ** હોય છે. એટલે **સયોગીગુણઠાણે** કુલ-૭ યોગ હોય છે. બાકીના યોગ ન હોય. કારણકે કોઈપણ લબ્ધિનો ઉપયોગ પ્રમાદ-

અવસ્થામાં જ થઇ શકે છે અને કેવલીભગવંતો અપ્રમત્ત જ હોય છે. તેથી તેઓને વૈ૦શ૦ અને આ૦શ૦ બનાવવાનું હોતું નથી. એટલે વૈક્રિયદ્વિકયોગ અને આહારકદ્વિકયોગ હોતો નથી. અને કેવલીભગવંતને રાગદ્વેષનો નાશ થયેલો હોવાથી અસત્યવચનયોગ, મિશ્રવચનયોગ, અસત્યમનોયોગ અને મિશ્રમનોયોગ ન હોય.

કેવલીભગવંતો સયોગીગુણઠાણાના અંતે કાયયોગનો નિરોધ કરીને અયોગીઅવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી **અયોગીગુણઠાણે** એકે ય **યોગ હોતો નથી.**

(૩)

## -: ગુણસ્થાનકમાં ઉપયોગ :-

ગુણસ્થાનકમાં ઉપયોગ :-

**तिअनाणदुदंसाइमदुगे अजइ देसि नाणदंसतिगं ।**
**ते मिसि मीसा समणा, जयाइ केवलदु अंतदुगे ॥४८॥**

त्र्यज्ञानद्विदर्शमादिमद्विकेऽयते देशे ज्ञानदर्शनत्रिकम् ।
ते मिश्रे मिश्राः समनसो, यतादिषु केवलद्विकमन्तद्विके ॥४८॥

**ગાથાર્થ :-પહેલા બે ગુણસ્થાનકમાં ત્રણ અજ્ઞાનોપયોગ અને બે દર્શનોપયોગ હોય છે. અવિરતસમ્યગ્દષ્ટિ અને દેશવિરતિ-ગુણસ્થાનકમાં ત્રણ જ્ઞાનોપયોગ અને ત્રણ દર્શનોપયોગ હોય છે. તે છ ઉપયોગ મિશ્રગુણસ્થાનકમાં હોય છે પણ ત્યાં જ્ઞાન એ અજ્ઞાનથી મિશ્રિત હોય છે. તેમાં મનઃપર્યવજ્ઞાનોપયોગ ઉમેરતા કુલ સાત ઉપયોગ પ્રમત્તસંયતથી ક્ષીણમોહસુધીના સાતગુણસ્થાનકમાં હોય છે અને છેલ્લા બે ગુણસ્થાનકમાં કેવલજ્ઞાનોપયોગ અને કેવલદર્શનોપયોગ હોય છે.**

**વિવેચન :-** મિથ્યાદષ્ટિજીવોને ત્રણ અજ્ઞાન અને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેથી **મિથ્યાત્વગુણઠાણે** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **ચક્ષુદર્શનોપયોગ** અને (૫) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે. બાકીના સાત ઉપયોગ ન હોય. કારણકે સમ્યક્ત્વ ન હોવાથી મત્યાદિ-૩ જ્ઞાનોપયોગ અને અવધિદર્શનોપયોગ ન હોય. તેમજ સર્વવિરતિ અને કેવળજ્ઞાન ન હોવાથી મનઃપર્યવજ્ઞાનાદિ-૩ ઉપયોગ ન હોય.

એ જ પ્રમાણે, **સાસ્વાદનગુણઠાણે પાંચ** જ ઉપયોગ હોય છે.

અવિરત સમ્યગ્દષ્ટિજીવોને મત્યાદિ-૩ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન હોય છે. તેથી **સમ્યકૃત્વગુણઠાણે** (૧) **મતિજ્ઞાનોપયોગ** (૨) **શ્રુતજ્ઞાનોપયોગ** (૩) **અવધિજ્ઞાનોપયોગ** (૪) **અવધિદર્શનોપયોગ** (૫) **ચક્ષુદર્શનોપયોગ** અને (૬) **અચક્ષુદર્શનોપયોગ** હોય છે. બાકીના ઉપયોગ ન હોય. કારણકે સમ્યકૃત્વ હોવાથી ત્રણ અજ્ઞાનોપયોગ ન હોય. તેમજ સર્વવિરતિ અને કેવળજ્ઞાન ન હોવાથી મનઃપર્યવજ્ઞાનાદિ-૩ ઉપયોગ ન હોય.

એ જ પ્રમાણે, **દેશવિરતિગુણઠાણે છ** ઉપયોગ હોય છે.

મિશ્રદષ્ટિજીવોને સમ્યકૃત્વ ન હોવાથી શુદ્ધજ્ઞાન હોતું નથી અને મિથ્યાત્વ ન હોવાથી શુદ્ધ-અજ્ઞાન પણ હોતું નથી. એટલે જ્ઞાન એ અજ્ઞાનથી મિશ્રિત હોય છે. તે મિશ્રજ્ઞાનને પણ અજ્ઞાન જ માનેલું હોવાથી મિશ્રદષ્ટિજીવને ત્રણઅજ્ઞાન અને ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેમજ સિદ્ધાંતકાર ભગવંતના મતે અવધિદર્શન પણ હોય છે. તેથી **મિશ્રગુણઠાણે** (૧) **મતિ-અજ્ઞાનોપયોગ** (૨) **શ્રુત-અજ્ઞાનોપયોગ** (૩) **વિભંગજ્ઞાનોપયોગ** (૪) **ચક્ષુદર્શનોપયોગ** (૫) **અચક્ષુદર્શનોપયોગ** અને (૬) **અવધિદર્શનોપયોગ** હોય છે. બાકીના છ ઉપયોગ ન હોય.

પ્રમત્તસંયમીને મત્યાદિ-૪ જ્ઞાન અને ચક્ષુરાદિ-૩ દર્શન હોય છે. તેથી **પ્રમત્તગુણઠાણે (૧) મતિજ્ઞાનોપયોગ (૨) શ્રુતજ્ઞાનોપયોગ (૩) અવધિજ્ઞાનોપયોગ (૪) મનઃપર્યવજ્ઞાનોપયોગ (૫) ચક્ષુ-દર્શનોપયોગ (૬) અચક્ષુદર્શનોપયોગ (૭) અવધિદર્શનોપયોગ** હોય છે. બાકીના પાંચ ઉપયોગ ન હોય. કારણકે મિથ્યાત્વ ન હોવાથી ત્રણ અજ્ઞાનોપયોગ હોતા નથી. અને સંપૂર્ણ ઘાતીકર્મનો ક્ષય થયેલો ન હોવાથી કેવલજ્ઞાનોપયોગ અને કેલવદર્શનોપયોગ હોતા નથી.

એ જ પ્રમાણે, (૭) **અપ્રમત્તગુણઠાણે** (૮) **અપૂર્વકરણગુણઠાણે** (૯) **અનિવૃત્તિગુણઠાણે** (૧૦) **સૂક્ષ્મસંપરાયગુણઠાણે** (૧૧) **ઉપશાંતમોહગુણઠાણે** અને (૧૨) **ક્ષીણમોહગુણઠાણે સાત** ઉપયોગ હોય છે.

**સયોગીગુણઠાણે** ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થવાથી **કેવલજ્ઞાનોપયોગ** અને **કેવલદર્શનોપયોગ** જ હોય છે.

સૈદ્ધાન્તિક અને કાર્મગ્રન્થિક મતાંતર :-

**सासणभावे नाणं, विउव्वगाहारगे उरलमिस्सं ।**
**नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयं पि ।।४९।।**

सासादनभावे ज्ञानं, वैकुर्विकाहारक औदारिकमिश्रम् ।
नैकेन्द्रियेषु सासादनं, नेहाधिकृतं श्रुतमतमपि ।।४९।।

ગાથાર્થ :- **(૧) સાસ્વાદનગુણઠાણે સમ્યગ્જ્ઞાન હોય છે. (૨) વૈક્રિયશરીર કે આહારકશરીર બનાવતી વખતે ઔ૦મિશ્રયોગ હોય છે અને (૩) એકેન્દ્રિયજીવોને સાસ્વાદનગુણઠાણુ હોતું નથી. આ ત્રણ બાબત સિદ્ધાંતમાં કહી છે. પણ અહીં (કર્મગ્રન્થમાં) કહી નથી.**

**વિવેચન :-** **સિદ્ધાંતકાર ભગવંતો** કહે છે કે, (૧) સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ જીવો મિથ્યાત્વની સન્મુખ થયેલા છે પણ મિથ્યાત્વી નથી. તેથી મલિનતા નથી પણ સમ્યક્ત્વનો અંશ હોવાથી કાંઈક વિશુદ્ધિ છે. તેથી[૩૪] **બેઈન્દ્રિયાદિને સાસ્વાદનગુણઠાણે મતિજ્ઞાન** અને **શ્રુતજ્ઞાન** હોય છે અને **કર્મગ્રન્થકારભગવંતો** કહે છે કે, સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિજીવો મિથ્યાત્વની સન્મુખ હોવાથી મલિન પરિણામાવાળા હોય છે. તેથી તે જીવોનું જ્ઞાન પણ મલીન છે. એટલે તે જ્ઞાનને અજ્ઞાન માનવું જોઈએ. એટલે **સાસ્વાદનગુણઠાણે મતિ-અજ્ઞાન** અને **શ્રુત-અજ્ઞાન** હોય છે.

(૨) **સિદ્ધાંતકારભગવંતો** કહે છે કે, **ઉત્તરવૈ૦શ૦ અને આ૦શ૦ બનાવતી વખતે ઔ૦મિશ્રયોગ હોય છે અને તે બન્ને શરીરનો ત્યાગ કરતી વખતે અનુક્રમે વૈ૦મિશ્ર અને આ૦મિશ્રયોગ હોય છે.** કારણકે વૈક્રિયલબ્ધિવાળો તિર્યંચ-મનુષ્ય જ્યારે ઉત્તરવૈ૦શ૦ બનાવે છે. ત્યારે ઔદારિકશરીરથી વૈક્રિયશરીરને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે અને આહારકલબ્ધિવાળા ચૌદપૂર્વધર પ્રમત્તસંયમી જ્યારે આહારકશરીર બનાવે છે. ત્યારે ઔદારિકશરીરથી આહારકશરીરને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે. એટલે તે બન્ને શરીર બનાવતી વખતે ઔદારિકશરીરનો વ્યાપાર (ઔદારિકકાયયોગ) મુખ્ય હોય છે. તેથી તે વખતે ઔદારિકમિશ્રયોગ હોય છે અને તે બન્ને શરીરનો ત્યાગ કરતી વખતે અનુક્રમે વૈ૦શરીરનો વ્યાપાર (વૈક્રિયકાયયોગ) અને આહારકશરીરનો વ્યાપાર (આહારક-કાયયોગ) મુખ્ય હોય છે. તેથી તે વખતે ક્રમશઃ વૈ૦મિશ્રયોગ અને આહારકમિશ્રયોગ હોય છે અને

---

(૩૪) बेइंदियस्स दो नाणा कहं लब्भंति ? भण्णइ सासायणं पडुच्च तस्सापज्जत्त-यस्स दो नाणा लब्भंति। (પ્રજ્ઞાપનાટીકા) બેઈન્દ્રિયને બે જ્ઞાન કેવી રીતે હોય ? સાસ્વાદનસમ્યક્ત્વની અપેક્ષાએ કરણ અપર્યાપ્ત-અવસ્થામાં બે જ્ઞાન હોય છે.

**કર્મગ્રન્થકારભગવંતો** કહે છે કે, **ઉત્તરવૈક્રિયશરીર અને આહારકશરીર બનાવતી વખતે અને તે બન્ને શરીરનો ત્યાગ કરતી વખતે અનુક્રમે વૈ૦મિશ્ર અને આહા૦મિશ્રયોગ હોય છે.** કારણકે તે બન્ને શરીર બનાવતી વખતે ઔદારિકશરીરનો વ્યાપાર મુખ્ય હોવા છતાં પણ તે શરીર જન્મસિદ્ધ હોવાથી ગૌણ છે અને ઉત્તરવૈક્રિયશરીર તથા આહારકશરીર લબ્ધિજન્ય હોવાથી મુખ્ય છે. તેથી તે બન્ને શરીર બનાવતી વખતે અને તે બન્ને શરીરનો ત્યાગ કરતી વખતે ક્રમશઃ વૈ૦મિશ્રયોગ અને આહારકમિશ્રયોગ હોય છે.

(૩) **સિદ્ધાંતકાર ભગવંતો** કહે છે કે, **એકેન્દ્રિયજીવોને સાસ્વાદનગુણઠાણુ હોતું નથી**[૩૫] અને **કર્મગ્રન્થકારભગવંતો** કહે છે કે, **એકેન્દ્રિયજીવોને સાસ્વાદનગુણઠાણુ હોય છે.**

(૪) **સિદ્ધાંતકારભગવંતો** કહે છે કે, જેમ અવધિજ્ઞાનીને મન અને ઇન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્માદ્વારા માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મનો બોધ થાય છે. તેમ વિભંગજ્ઞાનીને પણ મન અને ઇન્દ્રિયની સહાયતા વિના સાક્ષાત્ આત્મા દ્વારા માત્રરૂપી દ્રવ્યના સામાન્યધર્મનો બોધ થાય છે. તેથી તે બન્ને વ્યક્તિનું દર્શન એક સરખું છે. એટલે જેમ અવધિજ્ઞાનીને અવધિદર્શન હોય છે. તેમ વિભંગજ્ઞાનીને પણ **અવધિદર્શન** હોય છે. તેથી **અવધિદર્શન ૧ થી ૧૨ ગુણઠાણા સુધી હોય છે** અને **કર્મગ્રન્થકારભગવંતો** કહે છે કે,

---

(૩૫) एगिंदिया णं भंते ! किं नाणी अन्नाणी ? गोयमा ।
नो नाणी नियमा अन्नाणी ? (ભગવતી શ૦ ૮ ઉ૦ ૨)

હે ભગવાન ! એકેન્દ્રિયજીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! જ્ઞાની નથી નિયમા અજ્ઞાની છે. આનાથી નક્કી થાય છે કે સિદ્ધાંતમાં એકેન્દ્રિયને સાસ્વાદનગુણઠાણુ કહ્યું નથી. જો એકેન્દ્રિયને સાસ્વાદનગુણઠાણુ કહ્યું હોત તો, બેઇન્દ્રિયની જેમ એકેન્દ્રિયને પણ જ્ઞાની કહ્યાં હોત...

સમ્યગ્દષ્ટિને મન અને ઈન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્માદ્વારા માત્રરૂપી દ્રવ્યના સામાન્યધર્મનો જે બોધ થાય છે. તે સમ્યગ્બોધ છે. તેથી તે અવધિદર્શન કહેવાય છે પણ સમ્યક્ત્વ વિનાના જીવોને મન અને ઈન્દ્રિયની અપેક્ષા વિના સાક્ષાત્ આત્માદ્વારા માત્ર રૂપી દ્રવ્યના સામાન્યધર્મનો જે બોધ થાય છે. તે સમ્યગ્બોધ હોતો નથી. તેથી તે અવધિદર્શન ન કહેવાય. એટલે વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોતું નથી. તેથી **અવધિદર્શન ૪ થી૧૨ ગુણઠાણા સુધી હોય છે.**

**(૫) સિદ્ધાંતકારભગવંતો** કહે છે કે, અનાદિમિથ્યાદૃષ્ટિજીવને ગ્રન્થિભેદ થયા પછી સૌ પ્રથમ **ક્ષયોપશમસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે અને **કર્મગ્રન્થકાર ભગવંતો** કહે છે કે, અનાદિમિથ્યાદૃષ્ટિજીવને ગ્રન્થિભેદ થયા પછી સૌ પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

## (૪)
## ગુણસ્થાનકમાં લેશ્યા

ગુણસ્થાનકમાં લેશ્યા :-

**छसु सव्वा तेउतिगं, इगि छसु सुक्का अजोगि अल्लेसा ।**
**बंधस्स मिच्छअविरइकसाय जोग त्ति चउ हेऊ ॥५०॥**

षट्सु सर्वास्तेजस्त्रिकमेकस्मिन् षट्सु शुक्लाऽयोगिनोऽलेश्याः ।
बन्धस्य मिथ्यात्वाविरतिकषाययोगा इति चत्वारो हेतवः ॥५०॥

**ગાથાર્થ :-પહેલા છ ગુણસ્થાનકમાં સર્વે લેશ્યા હોય છે. એક (અપ્રમત્ત) ગુણસ્થાનકમાં તેજોત્રિક લેશ્યા હોય છે. છ (૮ થી ૧૩) ગુણસ્થાનકમાં શકુલલેશ્યા જ હોય છે. અયોગી અલેશી છે. કર્મબંધના હેતુ (૧) મિથ્યાત્વ (૨) અવરિતિ (૩) કષાય અને (૪) યોગ છે.**

**વિવેચન :- મિથ્યાત્વગુણસ્થાનકથી પ્રમત્તગુણસ્થાનક** સુધી છ લેશ્યા હોય છે પણ નીચેના ગુણસ્થાનકેથી ઉપરના ગુણસ્થાનક તરફ જતાં જેમ જેમ વિશુદ્ધિ વધતી જાય છે. તેમ તેમ અશુભલેશ્યા વધુને વધુ મંદ થતી જાય છે અને શુભલેશ્યા વધુને વધુ તીવ્ર થતી જાય છે અને પ્રમત્ત ગુણસ્થાનકેથી નીચે ઉતરતા જેમ જેમ સંક્લિષ્ટતા વધતી જાય છે. તેમ તેમ અશુભલેશ્યા વધુને વધુ તીવ્ર થતી જાય છે અને શુભલેશ્યા વધુને વધુ મંદ થતી જાય છે. એટલે શુભાશુભપરિણામની તરતમતાને કારણે એક-એક લેશ્યાના અસંખ્યલોકના આકાશપ્રદેશ જેટલા અધ્યવસાયસ્થાનો છે. તેથી મિથ્યાત્વગુણસ્થાનકે અશુભલેશ્યા તીવ્રતમ અને શુભલેશ્યા મંદતમ હોય છે તથા પ્રમત્તગુણસ્થાનકે અશુભલેશ્યા મંદતમ અને શુભલેશ્યા તીવ્રતમ હોય છે.

**અપ્રમત્તગુણઠાણે** (૧) તેજો, (૨) પદ્મ, અને (૩) શુક્લલેશ્યા જ હોય છે. અશુભલેશ્યા ન હોય. કારણકે ત્યાં આર્તધ્યાન કે રૌદ્રધ્યાન ન હોવાથી અશુભપરિણામ હોતો નથી. તેથી અશુભલેશ્યા ન હોય.

**અપૂર્વકરણગુણસ્થાનકથી સયોગીગુણસ્થાનક** સુધી એક જ **શુક્લલેશ્યા** હોય છે અને **અયોગીગુણઠાણે એકે ય લેશ્યા હોતી નથી.**

**કર્મબંધના હેતુ :-**

**(૧) મિથ્યાત્વ = વિપરીતશ્રદ્ધા**

સર્વજ્ઞભગવંતે જે વસ્તુ જે સ્વરૂપે કહી છે. તે વસ્તુ તે સ્વરૂપે ન માનવી પણ તેનાથી વિપરીત સ્વરૂપે માનવી, તે **મિથ્યાત્વ** કહેવાય છે. દા.ત. કુદેવને સુદેવ માનવા, કુસાધુને સુસાધુ માનવા. અને અધર્મને ધર્મ માનવો, તે મિથ્યાત્વ કહેવાય છે.

# ગુણસ્થાનકમાં જીવસ્થાનાદિ

| ગુણસ્થાનકનું નામ | કેટલા જીવ ભેદ હોય ? | કેટલા યોગ હોય ? | કેટલા ઉપયોગ હોય ? | કેટલી લેશ્યા હોય? |
|---|---|---|---|---|
| મિથ્યાત્વ | અપ૦સૂ૦એકેન્દ્રિયાદિ-૧૪ | આહા૦દ્વિક વિના ૧૩ | ૩ અજ્ઞાનો૦, ૨ દર્શનોપ૦ | કૃષ્ણાદિ-૬ |
| સાસ્વાદન | અપ૦બા૦એકેન્દ્રિયાદિ-૬+પર્યા૦સંજ્ઞી | આહારકદ્વિક વિના ૧૩ | ૩ અજ્ઞાનો૦, ૨ દર્શનોપ૦ | કૃષ્ણાદિ-૬ |
| મિશ્ર | પર્યાપ્તસંજ્ઞી | ઔ૦કા૦,વૈ૦કા૦,મનો૦૪, વ૦૪ | ૩ અજ્ઞાનો૦ ૩ દર્શનોપ૦ | કૃષ્ણાદિ-૬ |
| સમ્યક્ત્વ | (૧)અપ૦સંજ્ઞી(૨)પર્યાપ્તસંજ્ઞી | આહા૦દ્વિક વિના ૧૩ | ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપ૦ | કૃષ્ણાદિ-૬ |
| દેશવિરતિ | પર્યાપ્તસંજ્ઞી | ઔ૦કા૦, વૈ૦દ્વિક, મનો૦૪, વ૦૪ | ૩ જ્ઞાનો૦ ૩ દર્શનોપ૦ | કૃષ્ણાદિ-૬ |
| પ્રમત્ત | પર્યાપ્તસંજ્ઞી | કા૦કા૦, ઔ૦મિ૦ વિના-૧૩ | ૪ જ્ઞાનોપ૦, ૩ દર્શનોપ૦ | કૃષ્ણાદિ-૬ |
| અપ્રમત્ત | પર્યાપ્તસંજ્ઞી | કા૦કા૦, ૩ મિશ્ર વિના-૧૧, | ૪ જ્ઞાનોપ૦, ૩ દર્શનોપ૦ | ૩ શુભલેશ્યા |
| અપૂર્વકરણ | પર્યાપ્તસંજ્ઞી | ઔ૦કા૦, મનો૦૪, વચન૦૪=૯ | ૪જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| અનિવૃત્તિ | પર્યાપ્તસંજ્ઞી | ઔ૦કા૦, મનો૦૪, વચન૦૪=૯ | ૪જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| સૂક્ષ્મસંપરાય | પર્યાપ્તસંજ્ઞી | ઔ૦કા૦, મનો૦૪, વચન૦૪=૯ | ૪જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| ઉપશાંતમોહ | પર્યાપ્તસંજ્ઞી | ઔ૦કા૦, મનો૦૪, વચન૦૪=૯ | ૪જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| ક્ષીણમોહ | પર્યાપ્તસંજ્ઞી | ઔ૦કા૦, મનો૦૪, વચન૦૪=૯ | ૪જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| સયોગીકેવલી | પર્યાપ્તસંજ્ઞી | કા૦કા૦, ઔ૦દ્વિક, મનો૦૨,વ૦૨ | કેવલજ્ઞાનો૦ કેવલદર્શનો૦ | શુક્લ |
| અયોગીકેવલી | પર્યાપ્તસંજ્ઞી | એક ય યોગ ન હોય. | કેવલજ્ઞાનો૦, કેવલદર્શનો૦ | અલેશી |

**(૨) અવિરતિ = પાપકાર્યોથી ન અટકવું.**

હિંસાદિ પાપ પ્રવૃત્તિથી પ્રતિજ્ઞાપૂર્વક અટકવું, તે **વિરતિ** કહેવાય.

હિંસાદિ પાપ પ્રવૃત્તિથી પ્રતિજ્ઞાપૂર્વક ન અટકવું, તે **અવિરતિ** કહેવાય.

**(૩) કષાય = સંસારની વૃદ્ધિ કરનારો આત્મિક પરિણામ...**

**(૪) યોગ** ( જુઓ પેજ નં. ૩૩)

બન્ધહેતુના ઉત્તરભેદ :-

**अभिगहियमणभिगहियाभिनिवेसियसंसइयमणाभोगं ।**
**पण मिच्छ बार अविरइ, मणकरणानियमुछजिय वहो ॥५१॥**

आभिग्रहिकमनाभिग्रहिकाभिनिवेशिकसांशयिकमनाभोगम् ।
पञ्चमिथ्यात्वानि द्वादशाविरतयो मनः करणानियमः षड्जीववधः ॥५१॥

**ગાથાર્થ :- આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક એ પાંચ પ્રકારે મિથ્યાત્વ છે તેમજ મન અને પાંચે ઈન્દ્રિયની અવિરતિ અને છકાય જીવની હિંસા એ બાર પ્રકારે અવિરતિ છે.**

**વિવેચન :- અભિગ્રહ=કદાગ્રહ=પક્કડ.**

(૧) ધર્મશાસ્ત્રની પરીક્ષા[૩૬] કર્યા વિના **વંશ પરંપરાથી મને જે ધર્મ મળેલો છે. તે જ ધર્મ સાચો છે. બાકીના બધા ધર્મો ખોટા**

(૩૬) જેમ સોનાની પરીક્ષા કષ (કસોટી), છેદ અને તાપથી થાય છે. તેમ ધર્મશાસ્ત્રની પરીક્ષા કષ, છેદ અને તાપથી થાય છે. એટલે સોનાની જેમ જે ધર્મશાસ્ત્ર કષાદિ-ત્રણે પરીક્ષામાં શુદ્ધ હોય છે. તે ધર્મશાસ્ત્ર જ સાચુ ગણાય છે પણ જે ધર્મશાસ્ત્ર કષાદિ-ત્રણ પરીક્ષામાંથી કોઈ પણ એકાદ પરીક્ષામાં પણ અશુદ્ધ હોય છે. તે ધર્મશાસ્ત્ર સાચુ

છે. અથવા **"હું જે ધર્મ કરૂં છું. તે જ ધર્મ સાચો છે."** બાકીના બધા ધર્મો ખોટા છે. એવો કદાગ્રહ રાખવો, તે **આભિગ્રહિકમિથ્યાત્વ** કહેવાય. દા.ત. મને જે વંશ પરંપરાથી બૌદ્ધધર્મ મળેલો છે. તે જ ધર્મ સાચો છે. બાકીના બધા જ ધર્મો ખોટા છે. એવી જે પકડ રાખવી. તે આભિગ્રહિકમિથ્યાત્વ કહેવાય.

**અનાભિગ્રહિક = કદાગ્રહથી રહિત.**

(૨) બધા જ ધર્મ સાચા છે. અથવા બધા જ ધર્મ સમાન[૩૭] છે. એવું માનવું. તે **અનાભિગ્રહિકમિથ્યાત્વ** કહેવાય.

***અભિનિવેશ = કદાગ્રહ = પક્કડ.***

---

ગણાતું નથી. (૧) જેમાં અહિંસાદિધર્મનું વિધાન અને હિંસાદિ-પાપનો નિષેધ કરેલો છે. તે ધર્મશાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. (૨) જેમાં વિધિ અને નિષેધને અનુસરતા આચારો કહેલા છે. તે છેદ શુદ્ધ કહેવાય અને (૩) જેમાં સ્યાદ્વાદદૃષ્ટિથી આત્માદિ પદાર્થો કથંચિત્ નિત્યાનિત્યાદિ જણાવ્યા છે. તે શાસ્ત્ર તાપ પરીક્ષામાં શુદ્ધ કહેવાય.

દા.ત. (૧) જૈનદર્શનમાં અહિંસાદિ ધર્મનું વિધાન અને હિંસાદિ-પાપનો નિષેધ કરેલો છે. તેથી તે શાસ્ત્ર કષપરીક્ષામાં શુદ્ધ છે. (૨) જૈનદર્શનમાં વિધિ અને નિષેધને અનુસરતા આચારો કહેલા છે. તેથી તે શાસ્ત્ર છેદપરીક્ષામાં શુદ્ધ છે અને (૩) જૈનદર્શનમાં સ્યાદ્વાદદૃષ્ટિથી આત્માદિ પદાર્થો કથંચિત્ નિત્યાનિત્યાદિ જણાવ્યા છે. તેથી તે શાસ્ત્ર તાપપરીક્ષામાં શુદ્ધ છે. એટલે જૈનદર્શન કષાદિ-ત્રણે પરીક્ષામાં શુદ્ધ છે. તેથી જૈનદર્શન સાચુ ગણાય છે અને મીમાંસાદર્શનમાં હિંસાદિ-પાપ પ્રવૃત્તિનો નિષેધ કરેલો હોવા છતાં ધર્માનુષ્ઠાનો હિંસાદિ-પાપકારક જણાવ્યા છે. તેથી મીમાંસાદર્શન છેદપરીક્ષામાં અશુદ્ધ છે. તેમજ બૌદ્ધદર્શનમાં આત્માદિને એકાન્તે અનિત્ય અને સાંખ્યદર્શનમાં આત્માને એકાન્તે નિત્ય જણાવેલા છે. તેથી તે દર્શનો તાપપરીક્ષામાં અશુદ્ધ ગણાય છે. એટલે મીમાંસાદિ દર્શનો સાચા નથી.

(૩૭) સામાન્યથી મંદબુદ્ધિવાળાજીવો ધર્મશાસ્ત્રની પરીક્ષા કરવામાં અસમર્થ છે. તેથી તે લોકો "બધા ધર્મો સરખા છે." એવુ કહે છે. એટલે અનાભિગ્રહિકમિથ્યાત્વનું મુખ્ય કારણ સાચી સમજણનો અભાવ છે.

(૩) જે જીવે જૈનદર્શનનો બુદ્ધિથી સ્વીકાર કર્યો હોવાથી સમ્યક્ત્વ પામ્યો હોય, પણ પછી તે સર્વજ્ઞ કથિત કોઇ એકાદ-બે વાતો પોતાની બુદ્ધિમાં ન બેસે અથવા વિપરીત બેસે તો એ વિપરીત માન્યતાને પોતાની બુદ્ધિના કારણે કુતર્કોથી પકડી રાખે. તે **આભિનિવેશિકમિથ્યાત્વ** કહેવાય..

**સંશય = શંકા**

(૪) સર્વજ્ઞભગવંતે કહેલા વચનો સાચા છે કે ખોટા ? એવી શંકા કરવી તે સાંશયિકમિથ્યાત્વ કહેવાય. દા.ત. સ્વર્ગ, નરક, મોક્ષાદિ છે કે નહી ? એવી શંકા થવી તે **સાંશયિકમિથ્યાત્વ** કહેવાય.

**અનાભોગ = અજ્ઞાનતા.**

(૫) અજ્ઞાનતાના કારણે દેવ, ગુરુ કે ધર્મ પ્રત્યે અશ્રદ્ધા હોવી, તે અનાભોગ મિથ્યાત્વ કહેવાય છે.

અશ્રદ્ધા = શ્રદ્ધાનો અભાવ. (ધર્મપ્રત્યે રુચિ ન હોવી.)

**અશ્રદ્ધા = વિપરીત શ્રદ્ધા.**

એકેન્દ્રિયાદિજીવોને મન ન હોવાથી વિચાર કરવાની શકિત હોતી નથી. માટે કયો ધર્મ સાચો છે ? ક્યો ધર્મ ખોટો છે ? એવો નિર્ણય કેવી રીતે કરી શકે ? તેથી તેને કોઇ પણ ધર્મ પ્રત્યે શ્રદ્ધા (રુચિ) હોતી નથી. એટલે અસંજ્ઞીજીવને શ્રદ્ધાના અભાવરૂપ **અનાભોગ મિથ્યાત્વ** હોય છે.

**અવિરતિ = પાપકાર્યોથી ન અટકવું.**

ઇન્દ્રિયના ઇષ્ટ વિષયોમાં રાગ અને અનિષ્ટવિષયોમાં દ્વેષ થવા છતાં ઇષ્ટવસ્તુને મેળવવા અને અનિષ્ટવસ્તુને છોડવારૂપ પ્રવૃત્તિથી અટકવું નહીં, તે **ઇન્દ્રિયની અવિરતિ** કહેવાય છે. તેમજ ઇષ્ટ વિષયોની પ્રાપ્તિ અને અનિષ્ટ વિષયોમાંથી મુક્તિ મેળવવા માટે અનેક પ્રકારના

આરંભ-સમારંભ કરવાથી જે સ્થાવર અને ત્રસજીવોની હિંસા થાય છે, તે **પ્રાણની અવરિતિ** કહેવાય છે. એટલે અવિરતિ ૨ પ્રકારે છે. (૧) ઈન્દ્રિયની અવિરતિ અને (૨) પ્રાણની અવિરતિ.

(૧) **ઈન્દ્રિયની અવિરતિ** :-

(1) ઉનાળામાં ઠંડા પવનથી આનંદ અને ગરમ પવનથી દ્વેષ થવા છતાં તે પ્રવૃત્તિથી અટકવું નહીં, તે **સ્પર્શેન્દ્રિયની અવિરતિ** કહેવાય છે.

(2) શેરડીનો રસ પીવાથી આનંદ અને લીંબડાનો રસ પીવાથી દ્વેષ થવા છતાં તે પ્રવૃત્તિથી અટકવું નહીં, તે **રસનેન્દ્રિયની અવિરતિ** કહેવાય છે.

(3) સુંગધ આવવાથી આનંદ અને દુર્ગંધ આવવાથી દ્વેષ થવા છતાં તે પ્રવૃત્તિથી અટકવું નહીં, તે **ઘ્રાણેન્દ્રિયની અવિરતિ** કહેવાય.

(4) રૂપાળો માણસ જોવાથી આનંદ અને કાળો માણસ જોવાથી દ્વેષ થવા છતાં તે પ્રવૃત્તિથી અટકવું નહીં, તે **ચક્ષુરિન્દ્રિયની અવિરતિ** કહેવાય છે.

(5) પ્રિયવ્યક્તિના શબ્દો સાંભળવાથી આનંદ અને અપ્રિય વ્યક્તિના શબ્દો સાંભળવાથી દ્વેષ થવા છતાં તે પ્રવૃત્તિથી અટકવું નહીં, તે **શ્રોત્રેન્દ્રિયની અવિરતિ** કહેવાય છે.

(6) ઈષ્ટ-અનિષ્ટ વિષયનું ચિંતન કરવાથી રાગ-દ્વેષ થવા છતાં મનને ઈષ્ટ-અનિષ્ટવસ્તુનું ચિંતન કરતુ અટકાવવું નહીં, તે **મનની અવિરતિ** કહેવાય છે.

(૨) **પ્રાણની અવિરતિ :-**

(1) મુખમાં સચિત્ત મીઠું નાંખવું, સચિત્ત માટી ઉપર પગ મૂકવો, દાળમાં મીઠુ નાંખવું વગેરે પૃથ્વીકાયની હિંસાથી અટકવું નહીં, તે **પૃથ્વીકાયની અવિરતિ** કહેવાય છે.

(2) સચિત્ત પાણી પીવું, બરફના ટુકડા કરવા. સચિત્ત પાણીથી સ્નાન કરવું વગેરે જલકાયની હિંસાથી અટકવું નહીં, તે **જલકાયની અવિરતિ** કહેવાય છે.

(3) ચૂલો સળગાવવો, લાઈટ કરવી વગેરે અગ્નિકાયની હિંસાથી અટકવું નહીં, તે **અગ્નિકાયની અવિરતિ** કહેવાય છે.

(4) પવન નાંખવો, ફૂંક મારવી વગેરે વાયુકાયની હિંસાથી અટકવું નહીં, તે **વાયુકાયની અવિરતિ** કહેવાય છે.

(5) કાકડી કાપવી, લીલા ઘાસ પર પગ મૂકવો, ફુલો ચૂંટવા વગેરે વનસ્પતિકાયની હિંસાથી અટકવું નહીં, તે **વનસ્પતિકાયની અવિરતિ** કહેવાય છે.

(6) જીવાકૂલભૂમિ ઉપર પગ મૂકવો, ચૂલો પૂંજ્યા વગર સળગાવવો વગેરે ત્રસકાયની હિંસાથી અટકવું નહીં, તે **ત્રસકાયની અવિરતિ** કહેવાય છે.

એ રીતે, અવિરતિ કુલ-૧૨ પ્રકારે છે.

ગુણસ્થાનકમાં મૂળબન્ધ હેતુ :-

**नव सोल कसाया पनर जोग इय उत्तरा उ सगवन्ना ।**
**इग चउपणतिगुणेसु चउतिदुइगपच्चओ बंधो ॥५२॥**

नव षोडश कषायाः पञ्चदश योगा इत्युत्तरास्तु सप्तपञ्चाशत् ।
एक चतुष्पञ्चत्रिगुणेषु, चतुस्त्रिद्वयेकप्रत्ययो बन्धः ॥५२॥

**ગાથાર્થ :- નવ અને સોળ એમ ૨૫ પ્રકારે કષાય છે. યોગ-૧૫ પ્રકારે છે. એટલે બંધહેતુના ઉત્તરભેદ કુલ-૫૭ થાય છે.**

**મિથ્યાત્વગુણસ્થાનકમાં કર્મનો બંધ મિથ્યાત્વાદિ-૪ હેતુથી થાય છે. સાસ્વાદનાદિ-૪ ગુણસ્થાનકમાં કર્મનો બંધ અવિરતિ વગેરે ૩ હેતુથી થાય છે. પ્રમત્તાદિ-૫ ગુણસ્થાનકમાં કર્મનો બંધ કષાયાદિ-૨ હેતુથી થાય છે અને ઉપશાંતમોહાદિ-૩ ગુણસ્થાનકમાં કર્મનો બંધ એક જ યોગહેતુથી થાય છે.**

**વિવેચન :-** કર્મવિપાકમાં કહ્યાં મુજબ હાસ્ય-રતિ, શોક-અરતિ, ભય-જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ નવ નોકષાય છે અને અનંતાનુબંધી-૪, અપ્રત્યાખ્યાનાવરણ-૪, પ્રત્યાખ્યાનાવરણ-૪ અને સંજ્વલન-૪ એ **૧૬** કષાય છે. એટલે કષાય **૯+૧૬=૨૫** પ્રકારે છે અને ગાથાનં૦૪ માં કહ્યાં મુજબ યોગ-**૧૫** પ્રકારે છે. એટલે કુલ મિથ્યાત્વ-૫+અવિરતિ-૧૨+કષાય-**૨૫**+યોગ-**૧૫=૫૭** બંધહેતુ થાય છે.

## (૫)
## -: ગુણસ્થાનકમાં બંધહેતુ :-

### ગુણસ્થાનકમાં મૂળબંધહેતુ :-

**મિથ્યાત્વગુણઠાણે** કર્મબંધના કારણો (૧) **મિથ્યાત્વ** (૨) **અવિરતિ** (૩) **કષાય** અને (૪) **યોગ** છે.

**સાસ્વાદનાદિ-૪** ગુણઠાણે કર્મબંધના કારણો (૧) **અવિરતિ** (૨) **કષાય** અને (૩) **યોગ** છે. તેમાં સાસ્વાદનગુણઠાણે અનંતાનુબંધીનો અને મિશ્રાદિ ગુણઠાણે અપ્ર૦કષાયનો ઉદય હોવાથી વિરતિ હોતી જ નથી. તેથી અવિરતિના કારણે કર્મ બંધાય છે, અને દેશવિરતિગુણઠાણે ત્રસકાયની વિરતિ હોય છે પણ તે અલ્પાંશે હોવાથી વિરતિની વિવક્ષા કરાતી નથી. એટલે અહીં **વિરતિ** શબ્દથી સર્વવિરતિની વિવક્ષા કરાઇ છે. તેથી દેશવિરતિગુણઠાણે પણ અવિરતિના કારણે કર્મ બંધાય છે. તેમજ કષાયોદયના કારણે અને યોગના કારણે પણ કર્મ બંધાય છે. તેથી સાસ્વાદનાદિ-૪ ગુણઠાણે કર્મબંધના હેતુ-૩ છે

**પ્રમત્તાદિ-૫ ગુણઠાણે** કર્મબંધના કારણો **કષાય** અને **યોગ** છે અવિરતિ અને મિથ્યાત્વ નથી. કારણકે ત્યાં અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય ન હોવાથી અવિરતિ બંધહેતુ ન હોય અને મિથ્યાત્વનો ઉદય ન હોવાથી મિથ્યાત્વ બંધહેતુ ન હોય.

**ઉપશાંતમોહાદિ-૩ ગુણઠાણે** કર્મબંધનું કારણ એક જ **યોગ** છે. કષાયાદિ-૩ નથી. કારણકે ત્યાં મોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ કે ક્ષય થયેલો હોવાથી કષાયનો ઉદય હોતો નથી. તેથી કષાય બંધહેતુ ન હોય અને ઉપર કહ્યાં મુજબ અવિરતિ બંધહેતુ અને મિથ્યાત્વબંધહેતુ પણ હોતો નથી.

અયોગીગુણઠાણે યોગ ન હોવાથી એકે ય બંધહેતુ હોતો નથી.

કઈ પ્રકૃતિ કયા બંધહેતુથી બંધાય છે ?

**चउमिच्छमिच्छअविरइपच्चइया सायसोलपणतीसा ।**
**जोग विणु तिपच्चइयाऽऽहारगजिणवज्जसेसाओ ॥५३॥**

चतुर्मिथ्यामिथ्याऽविरतिप्रत्ययिकाः सातषोडपञ्चत्रिंशतः ।
योगान् विना त्रिप्रत्ययिका आहारकजिनवर्जशेषाः ॥५३॥

ગાથાર્થ :-**શાતાવેદનીયનો બંધ મિથ્યાત્વાદિ-૪ હેતુથી થાય છે. નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વહેતુથી થાય છે. તિર્યંચત્રિકાદિ-૩૫ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વાદિ-૨ હેતુથી થાય છે અને આહારકદ્વિક તથા જિનનામ વિના બાકીની સર્વે (૬૫) પ્રકૃતિનો બંધ યોગ વિના મિથ્યાત્વાદિ-૩ હેતુથી થાય છે.**

**વિવેચન** :- બંધયોગ્ય **જ્ઞાના૦૫ + દર્શના૦ ૯ + વેદનીય-૨ + મોહનીય- ૨૬ + આયુષ્ય-૪ + નામ- ૬૭ + ગોત્ર-૨ + અંતરાય-૫ = ૧૨૦ પ્રકૃતિ છે.** તેમાંથી શાતાવેદનીયકર્મ **૧થી૧૩** ગુણઠાણા સુધી બંધાય છે. તેથી મિથ્યાત્વગુણઠાણે શાતાવેદનીયના બંધનું

કારણ મિથ્યાત્વ છે. સાસ્વાદનાદિ-૪ ગુણઠાણે શાતાવેદનીયના બંધનું કારણ અવિરતિ છે. પ્રમત્તાદિ-૫ ગુણઠાણે શાતાવેદનીયના બંધનું કારણ કષાયોદય છે અને ઉપશાંતમોહાદિ-૩ ગુણઠાણે શાતાવેદનીયના બંધનું કારણ યોગ છે. એટલે શાતાવેદનીયકર્મના બંધહેતુ મિથ્યાત્વાદિ-૪ છે.

સામાન્યથી મિથ્યાત્વગુણઠાણે શાતાવેદનીયકર્મના બંધના કારણો મિથ્યાત્વાદિ-૪ છે. તો પણ ત્યાં મિથ્યાત્વહેતુ મુખ્ય છે. અવિરતિ વગેરે-૩ હેતુ ગૌણ છે. તેથી મિથ્યાત્વમાં અવિરતિ વગેરે-૩ હેતુનો સમાવેશ થઈ જવાથી તે હેતુની જુદી વિવક્ષા કરવામાં આવી નથી. એટલે મિથ્યાત્વગુણઠાણે શાતાના બંધનું કારણ એકજ મિથ્યાત્વ કહ્યું છે.

સામાન્યથી સાસ્વાદનાદિ-૪ ગુણઠાણે શાતાવેદનીયકર્મના બંધના કારણો અવિરતિ વગેરે ૩ છે. તો પણ ત્યાં અવિરતિહેતુ મુખ્ય છે. કષાયાદિ-૨ હેતુ ગૌણ છે. તેથી અવિરતિમાં કષાયાદિ-૨ હેતુનો સમાવેશ થઈ જવાથી તે હેતુની જુદી વિવક્ષા કરવામાં આવી નથી. તેથી સાસ્વાદનાદિ-૪ ગુણઠાણે શાતાના બંધનું કારણ એક જ અવિરતિ કહ્યું છે.

સામાન્યથી પ્રમત્તાદિ-૫ ગુણઠાણે શાતાવેદનીયના બંધના કારણો કષાયાદિ-૨ છે. તો પણ ત્યાં કષાયહેતુ મુખ્ય છે. યોગ હેતુ ગૌણ છે. તેથી કષાયહેતુમાં યોગહેતુનો સમાવેશ થઇ જવાથી યોગહેતુની જુદી વિવક્ષા કરવામાં આવી નથી. એટલે પ્રમત્તાદિ-૫ ગુણઠાણે શાતાના બંધનું કારણ એક જ કષાય કહ્યું છે.

એ જ પ્રમાણે, બંધયોગ્ય સર્વ પ્રકૃતિમાં સમજવું.

**નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડક, આતપ, છેવટ્ઠું, નપુંસકવેદ** અને **મિથ્યાત્વમોહનીય** એ **૧૬** પ્રકૃતિ મિથ્યાત્વગુણસ્થાનકે જ બંધાય છે. તેથી તે પ્રકૃતિના બંધનું કારણ **મિથ્યાત્વ** છે.

સામાન્યથી નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વાદિ-૪ છે. પરંતુ અન્વય-વ્યતિરેકથી[૩૮] મિથ્યાત્વ હેતુ મુખ્ય છે. કારણકે જ્યાં મિથ્યાત્વ છે. ત્યાં નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિ બંધાય છે અને જ્યાં મિથ્યાત્વ નથી. ત્યાં નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિ બંધાતી નથી. દા.ત. મિથ્યાત્વગુણઠાણે મિથ્યાત્વ છે. ત્યાં નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિનો બંધ છે અને સાસ્વાદનાદિગુણઠાણે મિથ્યાત્વ નથી. ત્યાં નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિનો બંધ નથી. એ રીતે, અન્વય-વ્યતિરેકથી મિથ્યાત્વની સાથે જ નરકત્રિકાદિ -૧૬ પ્રકૃતિનો બંધ ઘટી શકે છે. એટલે અન્વય-વ્યતિરેકથી મિથ્યાત્વહેતુ મુખ્ય છે અને અવિરતિ વગેરે-૩ હેતુ ગૌણ છે. એટલે મિથ્યાત્વમાં અવિરતિ વગેરે ૩ હેતુનો સમાવેશ થઇ જવાથી તે હેતુને જુદા કહ્યાં નથી. તેથી નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિના બંધનું કારણ એક જ મિથ્યાત્વ કહ્યું છે. તેમજ સાસ્વાદનાદિગુણઠાણે અવિરતિ વગેરે બંધહેતુ હોય છે. પણ ત્યાં નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિનો બંધ હોતો નથી. તેથી પણ નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિના અવિરતિ વગેરે બંધહેતુ કહ્યાં નથી.

**તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક, દુર્ભગત્રિક, અનંતાનુબંધીચતુષ્ક, મધ્યમસંસ્થાનચતુષ્ક, મધ્યમસંઘયણચતુષ્ક, નીચગોત્ર, ઉદ્યોત, અશુભવિહાયોગતિ, સ્ત્રીવેદ** એ ૨૫ પ્રકૃતિ સાસ્વાદનગુણઠાણા સુધી જ બંધાય છે અને **મનુષ્યત્રિક, પહેલુસંઘયણ, ઔદારિકદ્વિક,**

---

(૩૮) एकसत्त्वम् अपरसत्त्वं अन्वयः । एकासत्त्वे अपरासत्त्वं व्यतिरेकः ॥

જ્યાં એક હોય ત્યાં અવશ્ય બીજુ હોય, તે અન્વય કહેવાય.

જ્યાં એક ન હોય ત્યાં બીજુ ન હોય, તે વ્યતિરેક કહેવાય.

દા.ત. જ્યાં વહ્નિ હોય ત્યાં જ ધૂમ હોય. તે અન્વય કહેવાય. અને જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમ પણ ન હોય. તે વ્યતિરેક કહેવાય. એ જ રીતે, મિથ્યાત્વહેતુની સાથે નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિના બંધનું હોવું, તે અન્વય કહેવાય. અને મિથ્યાત્વ ન હોય ત્યાં નરકત્રિકાદિ-૧૬ પ્રકૃતિનો બંધ પણ ન હોય, તે વ્યતિરેક કહેવાય.

**અપ્રત્યાખ્યાનીયચતુષ્ક** એ **૧૦** પ્રકૃતિ અવિરતસમ્યગ્દષ્ટિગુણઠાણા સુધી બંધાય છે. તેથી મિથ્યાત્વગુણઠાણે તિર્યંચત્રિકાદિ-**૨૫** + મનુષ્યત્રિકાદિ-**૧૦** = **૩૫** પ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વ છે અને સાસ્વાદનાદિ-૩ ગુણઠાણે તે-**૩૫** પ્રકૃતિના બંધનું કારણ અવિરતિ છે. તેથી **૩૫** પ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વ અને અવિરતિ કહ્યું છે.

સામાન્યથી તિર્યંચત્રિકાદિ-**૩૫** પ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વાદિ-૪ છે. તો પણ મિથ્યાત્વગુણઠાણે **૩૫** પ્રકૃતિના બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે અને સાસ્વાદનાદિ-૩ ગુણઠાણે **૩૫** પ્રકૃતિના બંધનું મુખ્ય કારણ અવિરતિ છે. તેથી **૩૫** પ્રકૃતિના બંધના મુખ્યહેતુ **મિથ્યાત્વ** અને **અવિરતિ** છે. બાકીના કષાય અને યોગ ગૌણહેતુ છે. તે ગૌણહેતુનો મુખ્યહેતુમાં સમાવેશ થઈ જવાથી તે **૩૫** પ્રકૃતિના બંધના કારણો મિથ્યાત્વ અને અવિરતિ એ બે જ કહ્યાં છે.

બંધયોગ્ય **૧૨૦** પ્રકૃતિમાંથી ઉપર કહ્યાં મુજબ શાતા + નરકાત્રિકાદિ - **૧૬** + તિર્યંચત્રિકાદિ-**૩૫** + આહારકદ્વિક + જિનનામ = **૫૫** કાઢી નાંખવાથી **૬૫**[૩૯] પ્રકૃતિ રહે છે. તેમાંથી **પ્રત્યાખ્યાનાવરણ-ચતુષ્ક** દેશવિરતિગુણઠાણા સુધી બંધાય છે. (૧) **અશાતા** (૨) **અરતિ** (૩) **શોક** (૪) **અસ્થિર** (૫) **અશુભ** અને (૬) **અયશ** પ્રમત્તગુણઠાણા સુધી બંધાય છે. **દેવાયુ** અપ્રમત્તગુણઠાણા સુધી બંધાય છે. નિદ્રાદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, તૈ૦શ૦, કા૦શ૦, પહેલુસંસ્થાન, વર્ણાદિ-૪, શુભવિહાયોગતિ, પ્રત્યેક-**૫** (જિન, ઉદ્યોત, આતપ વિના),

---

(૩૯) જ્ઞાના૦ ૫ + દર્શના૦ ૬ + અશાતાવેદનીય + મોહ૦ ૧૫ (પ્રત્યા૦ ૪ + સંજ્વ૦ ૪ + પુ૦વેદ + હાસ્યાદિ-૬) + દેવાયુ + નામ-૩૧ (દેવદ્વિક, પંચે૦ વૈક્રિયદ્વિક, તે૦ શ૦, કા૦ શ૦, પહેલુસંસ્થાન, વર્ણાદિ-૪, શુભવિહા૦, પ્રત્યેક-૫, ત્રસ-૧૦, અસ્થિર, અશુભ, અયશ) + ઉચ્ચગોત્ર + અંત૦ ૫ = ૬૫

ત્રસ-૯ (યશ વિના), હાસ્યાદિ-૪ એ ૩૩ પ્રકૃતિ અપૂર્વકરણગુણઠાણા સુધી બંધાય છે સં૦૪ + પુ૦વેદ = **૫** પ્રકૃતિ ૯મા ગુણઠાણા સુધી જ બંધાય છે અને જ્ઞાના૦૫, દર્શના૦૪, અંત૦૫, ઉચ્ચગોત્ર અને યશનામકર્મ એ **૧૬** પ્રકૃતિ સૂક્ષ્મસંપરાયગુણઠાણા સુધી જ બંધાય છે. એટલે મિથ્યાત્વગુણઠાણે **૬૫** પ્રકૃતિના બંધનું કારણ મિથ્યાત્વ છે. સાસ્વાદનાદિ-૩ ગુણઠાણે **૬૫** પ્રકૃતિના બંધનું કારણ અવિરતિ છે અને દેશવિરતિ વગેરે-**૫** ગુણઠાણે **૬૫** પ્રકૃતિમાંથી જ્યાં સુધી જેટલી પ્રકૃતિ બંધાતી હોય ત્યાં સુધી તેટલી પ્રકૃતિના બંધનું કારણ કષાય છે. તેથી **૬૫** પ્રકૃતિના બંધનું કારણ (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ અને (૩) કષાય કહ્યું છે.

સામાન્યથી **૬૫** પ્રકૃતિના બંધના કારણો મિથ્યાત્વાદિ-૪ છે. તો પણ મિથ્યાત્વગુણઠાણે **૬૫** પ્રકૃતિના બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. સાસ્વાદનાદિ-૩ ગુણઠાણે **૬૫** પ્રકૃતિના બંધનું મુખ્ય કારણ અવિરતિ છે અને દેશવિરત્યાદિ-૫ ગુણઠાણે **૬૫** પ્રકૃતિમાંથી જ્યાં સુધી જેટલી પ્રકૃતિનો બંધ હોય છે. ત્યાં સુધી તેટલી પ્રકૃતિના બંધનું મુખ્ય કારણ કષાય છે. તેથી ૬૫ પ્રકૃતિના બંધના મુખ્યહેતુ (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) કષાય છે અને યોગ ગૌણ હેતુ છે. તે યોગહેતુનો મિથ્યાત્વાદિહેતુમાં સમાવેશ થઇ જવાથી પ્રત્યાખ્યાનાવરણચતુષ્કાદિ - **૬૫** પ્રકૃતિના બંધના કારણો મિથ્યાત્વાદિ-૩ કહ્યાં છે.

**શંકા :- ગુણસ્થાનકમાં મૂળબંધહેતુ કહેવાના પ્રસંગે દેશવિરતિગુણઠાણે અવિરતિ બંધ હેતુ કહ્યો છે. તો ૧૨૦ પ્રકૃતિના બંધહેતુ કહેવાના પ્રસંગે દેશવિરતિગુણઠાણે પ્રત્યાખ્યાનીયચતુષ્કનો બંધહેતુ અવિરતિ કેમ નથી કહ્યો ?**

**સમાધાન :-** પૂર્વે દેશવિરતિ ગુણઠાણે અવિરતિ બંધહેતુ કહ્યો

છે પણ અહીં દેશવિરતિગુણઠાણે પ્રત્યાખ્યાનીયચતુષ્કનો બંધહેતુ અવિરતિ ન કહેતાં કષાય કહ્યો છે. તેનું કારણ માત્ર વિવક્ષા ભેદ છે. કારણ કે દેશવિરતિગુણઠાણે ત્રસની વિરતિ હોય છે. પણ તે અલ્પાંશે હોવાથી ત્યાં વિરતિની વિવક્ષા કરવામાં આવી નથી. એટલે પૂર્વે ગુણસ્થાનકમાં મૂળબંધહેતુ કહેવાના પ્રસંગે **"વિરતિ"** શબ્દથી સર્વવિરતિની વિવક્ષા કરી છે. તેથી પૂર્વે દેશવિરતિગુણઠાણે અવિરતિ બંધહેતુ કહ્યો છે અને અહીં ૧૨૦ પ્રકૃતિના બંધહેતુ કહેવાના પ્રસંગે દેશવિરતિગુણઠાણે કથંચિત્ વિરતિની વિવક્ષા કરવામાં આવી છે. તેથી દેશવિરતિગુણઠાણે પ્રત્યાખ્યાનીયચતુષ્કનો બંધહેતુ અવિરતિ નથી કહ્યો.

જિનનામ અને આહારકદ્વિક મિથ્યાત્વાદિ-૪ હેતુમાંથી કોઈ પણ હેતુથી બંધાતુ નથી. કારણકે શાસ્ત્ર[૪૦]માં કહ્યું છે કે, **જિનનામકર્મના બંધનું કારણ સમ્યક્ત્વ છે** અને **આહારકદ્વિકના બંધનું કારણ સંયમ છે.**

ગુણસ્થાનકમાં ઉત્તરબંધહેતુ :-

**पणपन्न पन्न तियछहियचत्त गुणचत्त छचउदुगवीसा ।**
**सोलस दस नव नव सत्त हेउणो न उ अजोगिम्मि ॥५४॥**

**पणपन्न मिच्छिहारगदुगूण सासणि पन्नमिच्छ विणा ।**
**मिस्सदुगकम्मअणविणु तिचत्त मीसे अह छचत्ता ॥५५॥**

**सदुमिस्सकम्म अजए अविरइ कम्मुरलमीस बिकसाये ।**
**मुत्तुगुणचत्त देसे छवीस, साहारदु पमत्ते ॥५६॥**

**अविरइ इगारतिकसायवज्ज अपमत्ति मीसदुगरहिया ।**
**चउवीस अपुव्वे पुण, दुवीस अविउव्वि आहारे ॥५७॥**

---

(૪૦) तित्थयराहाराणं बंधे सम्मत्त संजमा हेतु ।...(પંચસંગ્રહ દ્વાર-૪ ગાથા નં. ૨૦)
सम्मत्तगुण निमित्तं तित्थयरं संजमेण आहारं (બૃહદ્શતક ગાથા નં. ૪૫)

**अछहास सोल बायरि, सुहुमे दस वेयसंजलणति विणा ।**
**खीणुवसंति अलोभा, सजोगि पुव्वुत्त सगजोगा ॥ ५८॥**

पञ्चपञ्चाशत् पञ्चाशत् त्रिकषडधिक, चत्वारिंशदेकोनचत्वारिंशत् षट्चतुर्द्विविंशतिः।
षोडश दश नव नव सप्त हेतवो न त्वयोगिनि ॥ ५४॥

पञ्चपञ्चाशन्मिथ्यात्व आहारकद्विकोनाः सासादने पञ्चमिथ्यात्वानि विना ।
मिश्रद्विककार्मणानन्तानुविना त्रिचत्वारिंशन्मिश्रेऽथ षट्चत्वारिंशत् ॥ ५५॥

सद्विमिश्रकर्मा अयतेऽविरितिकमौदारिकमिश्रद्वितीयकषायान् ।
मुक्त्वैकोनचत्वारिंशद्देशे, षड्विंशतिः साहारकद्विकाः प्रमत्ते ॥ ५६॥

अविरत्येकादशतृतीयकषायवर्जा अप्रमत्ते मिश्रद्विकरहिता ।
चतुर्विंशतिरपूर्वे पुनर्द्वाविंशतिरवैक्रियाहाराः ॥ ५७॥

अषड्हासाः षोडश बादरे, सूक्ष्मे दश वेदसंज्वलनत्रिकविना ।
क्षीणोपशान्तेऽलोभाः सयोगिनि पुर्वोक्तास्सप्तयोगाः ॥ ५८॥

**ગાથાર્થ :- પહેલાગુણસ્થાનકમાં પંચાવન, બીજાગુણસ્થાનકમાં પચાસ, ત્રીજાગુણસ્થાનકમાં તેતાલીશ, ચોથાગુણસ્થાનકમાં છેતાલીશ, પાંચમાગુણસ્થાનકમાં ઓગણચાલીશ, છઠ્ઠાગુણસ્થાનકમાં છવીસ, સાતમાગુણસ્થાનકમાં ચોવીસ, આઠમાગુણસ્થાનકમાં બાવીશ, નવમાગુણસ્થાનકમાં સોળ, દશમાગુણસ્થાનકમાં દશ, અગીયારમા-બારમા ગુણસ્થાનકમાં નવ અને તેરમાગુણસ્થાનકમાં સાત ઉત્તર બંધહેતુ હોય છે અને અયોગીગુણસ્થાનકમાં બંધહેતુ હોતો નથી.**

૫૭ ઉત્તરબંધહેતુમાંથી આહારકદ્વિકયોગ વિના ૫૫ બંધહેતુ મિથ્યાત્વગુણઠાણે હોય છે. તેમાંથી પાંચ મિથ્યાત્વ વિના ૫૦ બંધહેતુ સાસ્વાદનગુણઠાણે હોય છે. તેમાંથી મિશ્રદ્વિકયોગ, કાર્મણકાયયોગ અને અનંતાનુબંધીચતુષ્ક વિના ૪૩ બંધહેતુ મિશ્રગુણઠાણે હોય છે.

તેમાં મિશ્રદ્વિકયોગ અને કાર્મણકાયયોગ ઉમેરવાથી કુલ ૪૬ બંધહેતુ અવિરતસમ્યગ્દષ્ટિગુણઠાણે હોય છે. તેમાંથી ત્રસકાયની અવિરતિ, કાર્મણકાયયોગ, ઔદારકમિશ્રયોગ અને અપ્રત્યાખ્યાનીયચતુષ્ક વિના ૩૯ બંધહેતુ દેશવિરતિગુણઠાણે હોય છે. તેમાંથી ૧૧ અવિરતિ અને પ્રત્યાખ્યાનીયચતુષ્ક કાઢીને આહારકદ્વિકયોગ ઉમેરવાથી કુલ ૨૬ બંધહેતુ પ્રમત્તગુણઠાણે હોય છે. તેમાંથી મિશ્રદ્વિકયોગ વિના ૨૪ બંધહેતુ અપ્રમત્તગુણઠાણે હોય છે. તેમાંથી વૈ૦કા૦ અને આ૦કા૦ વિના ૨૨ બંધહેતુ અપૂર્વકરણગુણઠાણે હોય છે. તેમાંથી હાસ્યાદિ-૬ વિના ૧૬ બંધહેતુ અનિવૃત્તિબાદરસંપરાયગુણઠાણે હોય છે. તેમાંથી વેદત્રિક અને સંજ્વલનત્રિક વિના ૧૦ બંધહેતુ સૂક્ષ્મસંપરાયગુણઠાણે હોય છે. તેમાંથી સંજ્વલનલોભ વિના ૯ બંધહેતુ ક્ષીણમોહ અને ઉપશાંતમોહગુણઠાણે હોય છે અને સયોગી-ગુણઠાણે પૂર્વે કહેલાં સાતયોગરૂપ સાતબંધહેતુ હોય છે.

**વિવેચન** :- ગુણઠાણામાં ઉત્તરબંધહેતુ-૨ પ્રકારે કહેવાના છે.

(૧) **સામાન્ય**ઉત્તરબંધહેતુ (૨) **વિશેષ**ઉત્તરબંધહેતુ...

(૧) કોઈપણ એક ગુણઠાણામાં સર્વે જીવની અપેક્ષાએ એકી સાથે જેટલા બંધહેતુ હોય, તેટલા સામાન્યબંધહેતુ કહેવાય છે.

દા.ત. મિથ્યાત્વગુણઠાણામાં સર્વે જીવની અપેક્ષાએ એકી સાથે **૫૫** બંધહેતુ હોય છે, તે સામાન્યબંધહેતુ કહેવાય છે.

(૨) કોઈપણ એક ગુણઠાણામાં રહેલા એક જીવને એકસમયે જેટલા બંધહેતુ હોય, તેટલા વિશેષબંધહેતુ કહેવાય છે.

દા.ત. મિથ્યાત્વગુણઠાણે એકજીવને એકસમયે ઓછામાં ઓછા-**૧૦** અને વધુમાં વધુ **૧૮** બંધહેતુ હોય છે. તે વિશેષબંધહેતુ કહેવાય.

ગ્રન્થકારભગવંતે ગુણઠાણામાં સામાન્ય બંધહેતુ જ કહ્યાં છે.

વિશેષ બંધહેતુ કહ્યાં નથી પણ **જીવવિજયજી મહારાજે** સ્વકૃત ટબામાં વિશેષ બંધહેતુ કહ્યાં છે. તેથી ગુણઠાણામાં બંધહેતુ ૨ પ્રકારે કહેવાના છે.

**ગુણઠાણામાં સામાન્યબંધહેતુ :-**

★ **મિથ્યાત્વગુણઠાણે** આભિગ્રહિકમિથ્યાત્વાદિ-૫૭ ઉત્તર બંધહેતુમાંથી **આહારકમિશ્રયોગ** અને **આહારકકાયયોગ** વિના **૫૫ બંધહેતુ** હોય છે.

★ **સાસ્વાદનગુણઠાણે ૫૫** બંધહેતુમાંથી **પાંચ મિથ્યાત્વ વિના ૫૦** બંધહેતુ હોય છે.

★ **મિશ્રગુણઠાણે ૫૦** બંધહેતુમાંથી **અનંતાનુબંધીચતુષ્ક, કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રયોગ** અને **વૈક્રિયમિશ્રયોગ** વિના કુલ-૪૩ બંધહેતુ હોય છે. તેમાં કાર્મણકાયયોગ, ઔ૦મિશ્રયોગ અને વૈ૦મિશ્રયોગ ઉમેરવાથી કુલ-૪૬ બંધહેતુ **અવિરતસમ્યગ્દષ્ટિગુણઠાણે** હોય છે.

★ **દેશવિરતિગુણઠાણે** ૪૬ બંધહેતુમાંથી **ત્રસકાયની અવિરતિ, અપ્રત્યાખ્યાનીયચતુષ્ક, કાર્મણકાયયોગ** અને **ઔ૦મિશ્રયોગ** વિના કુલ-૩૯ બંધહેતુ હોય છે. કારણકે શ્રાવકને સંકલ્પપૂર્વક ત્રસની હિંસાનો સંભવ નથી. પરંતુ આરંભજન્ય ત્રસની હિંસાનો સંભવ છે. પણ શ્રાવક સર્વ પ્રવૃત્તિ જયણાપૂર્વક કરતો હોવાથી આરંભજન્ય ત્રસની હિંસા અલ્પ થાય છે. તેથી તે હિંસાની વિવક્ષા કરાતી નથી. એટલે શ્રાવકને ત્રસની અવિરતિ હોતી નથી.

★ **પ્રમત્તગુણઠાણે**-૩૯ બંધહેતુમાંથી **૧૧ અવિરતિ** અને **પ્રત્યાખ્યાનીયચતુષ્ક** કાઢીને આહારકદ્વિકયોગ ઉમેરવાથી કુલ-૨૬ બંધહેતુ

હોય છે. કારણકે ત્યાં સર્વવિરતિ હોવાથી મન અને પાંચે ઇન્દ્રિયની અવિરતિ અને પાંચકાયની હિંસા હોતી નથી. તેથી **૧૧** અવિરતિ ન હોય અને પ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય ન હોવાથી પ્રત્યાખ્યાનીય-૪ બંધહેતુ ન હોય પણ આહારકલબ્ધિધારી ચૌદ પૂર્વધર પ્રમત્તસંયમી જ્યારે આહારક શરીર બનાવે છે. ત્યારે આહારકદ્વિકયોગ હોય છે.

★ **અપ્રમત્તગુણઠાણે-૨૬** બંધહેતુમાંથી **વૈ૦મિશ્ર** અને **આહારક-મિશ્રયોગ** વિના ૨૪ બંધહેતુ હોય છે.

★ **અપૂર્વકરણગુણઠાણે**-૨૪ બંધહેતુમાંથી **વૈ૦કા૦** અને **આ૦કા૦** વિના કુલ-**૨૨** બંધહેતુ હોય છે.

★ **અનિવૃત્તિબાદરસંપરાયગુણઠાણે** ૨૨ બંધહેતુમાંથી **હાસ્યાદિ-૬** વિના **૧૬** બંધહેતુ હોય છે. કારણકે ત્યાં હાસ્યાદિ-૬નો ઉદય ન હોવાથી હાસ્યાદિ-૬ બંધહેતુ ન હોય.

★ **સૂક્ષ્મસંપરાયગુણઠાણે ૧૬** બંધહેતુમાંથી **વેદત્રિક** અને **સંજ્વલનક્રોધાદિ-૩** વિના **૧૦** બંધહેતુ હોય છે. કારણકે ત્યાં વેદત્રિક અને સંજ્વલનક્રોધાદિ-૩ કષાયનો ઉદય ન હોવાથી, તે **૬** બંધહેતુ ન હોય.

★ **ઉપશાંતમોહ અને ક્ષીણમોહગુણઠાણે ૧૦** બંધહેતુમાંથી **સં૦લોભ** વિના કુલ ૯ બંધહેતુ હોય છે. કારણકે ત્યાં સં૦લોભનો ઉદય હોતો નથી. તેથી સં૦લોભ બંધહેતુ ન હોય.

★ **સયોગીગુણઠાણામાં** (૧) **સત્યમનોયોગ** (૨) **અસત્ય-અમૃષા-મનોયોગ** (૩) **સત્યવચનયોગ** (૪) **અસત્ય-અમૃષાવચનયોગ** (૫) **કાર્મણકાયયોગ** (૬) **ઔદારિકમિશ્રયોગ** અને (૭) **ઔદારિક કાયયોગ**થી શાતાવેદનીયકર્મ બંધાય છે. તેથી તે-૭ બંધહેતુ હોય છે.

**ગુણઠાણામાં વિશેષબંધહેતુ :-**

*કોઈપણ એક ગુણઠાણામાં રહેલા એકજીવને એક સમયે જેટલા બંધહેતુ હોય. તેટલા બંધહેતુ **"વિશેષ"** કહેવાય.*

**એક જીવને એકસમયે બંધહેતુ :-**

*★ મિથ્યાદષ્ટિ જીવોમાંથી કોઈપણ એકજીવને એકસમયે પાંચે મિથ્યાત્વમાંથી કોઈપણ **"એક જ મિથ્યાત્વ"** હોય છે.*

*★ અવિરતજીવોમાંથી કોઈપણ એકજીવને એકસમયે પાંચેઈન્દ્રિયની અવિરતિમાંથી કોઈપણ એક જ ઈન્દ્રિયની અવિરતિ હોય છે. કારણકે એક સમયે એક જ ઈન્દ્રિયના વિષયમાં જીવનો ઉપયોગ હોય છે. દા.ત. જે સમયે જીભ શેરડીની મીઠાશને અનુભવતી હોય. તે જ સમયે નાક શેરડીની સુગંધને અનુભવી શકતું નથી. એટલે એકજીવને એક સમયે પાંચેઈન્દ્રિયની અવિરતિમાંથી કોઈપણ **"એક જ ઈન્દ્રિયની અવિરતિ"** હોય છે.*

*ઈન્દ્રિયની અવિરતિમાં મનની અવિરતિનો સમાવેશ થઈ જાય છે. કારણકે મુખ્યતયા મનની રાગ-દ્વેષ રૂપ પરિણતિ તે તે ઈન્દ્રિયોના વિષયોના કારણે થતી હોય છે. દા.ત. મનની રાગ-દ્વેષ રૂપ પરિણતિ ઉનાળામાં શીત-ઉષ્ણ પવનના કારણે થતી હોય છે. તે વખતે સ્પર્શેન્દ્રિયની અવિરતિમાં મનની અવિરતિનો સમાવેશ થઈ જાય છે. એ રીતે, તે તે ઈન્દ્રિયની અવિરતિમાં મનની અવિરતિનો સમાવેશ થઈ જતો હોવાથી મનની અવિરતિ જુદી ગણવામાં આવી નથી.*

*★ અવિરતજીવોમાંથી કોઈપણ એકજીવ એક સમયે છકાયમાંથી કોઈપણ **"એકકાયની હિંસા"** કરે છે. કોઈવાર છકાયમાંથી કોઈપણ **"બેકાયની હિંસા"** કરે છે. કોઈવાર છકાયમાંથી કોઈપણ **"ત્રણકાયની હિંસા"** કરે છે. કોઈવાર છકાયમાંથી કોઈપણ **"ચારકાયની હિંસા"** કરે છે. કોઈવાર છકાયમાંથી કોઈપણ **"પાંચકાયની હિંસા"** કરે છે અને કોઈવાર **"છકાયની હિંસા"** કરે છે. એટલે*

*એકજીવને એકસમયે **૧** ઈંદ્રિયની અવિરતિ+**૧** કાયની હિંસા =**૨** અવિરતિ હોય છે.*
*કોઈવાર **૧** ઈન્દ્રિયની અવિરતિ + **૨** કાયની હિંસા = **૩** અવિરતિ હોય છે.*
*કોઈવાર **૧** ઈન્દ્રિયની અવિરતિ + **૩** કાયની હિંસા =**૪** અવિરિત હોય છે.*
*કોઈવાર **૧** ઈન્દ્રિયની અવિરતિ + **૪** કાયની હિંસા = **૫** અવિરતિ હોય છે.*
*કોઈવાર **૧** ઈન્દ્રિયની અવિરતિ + **૫** કાયની હિંસા = **૬** અવિરતિ હોય છે.*
*કોઈવાર **૧** ઈન્દ્રિયની અવિરતિ +**૬** કાયની હિંસા = **૭ અવિરતિ બંધહેતુ** હોય છે.*

★ કષાયોદયવાળા જીવોમાંથી કોઈપણ એકજીવને એકીસાથે ક્રોધાદિ-૪ કષાયનો ઉદય હોતો નથી. કારણકે કષાયો ઉદયમાં પરસ્પર વિરોધી છે. તેથી જ્યારે ક્રોધનો ઉદય હોય છે. ત્યારે માનાદિ-૩નો ઉદય હોતો નથી. જ્યારે માનનો ઉદય હોય છે. ત્યારે ક્રોધ કે માયાદિનો ઉદય હોતો નથી. જ્યારે માયાનો ઉદય હોય છે. ત્યારે ક્રોધ-માન કે લોભનો ઉદય હોતો નથી. અને જ્યારે લોભનો ઉદય હોય છે. ત્યારે ક્રોધાદિ-૩નો ઉદય હોતો નથી. પણ જ્યારે અનંતાનુબંધી ક્રોધનો ઉદય હોય છે. ત્યારે અપ્રત્યાખ્યાનીય ક્રોધ, પ્રત્યાખ્યાનીયક્રોધ અને સંoક્રોધનો ઉદય અવશ્ય હોય છે. જ્યારે અપ્રત્યાખ્યાનીય ક્રોધનો ઉદય હોય છે. ત્યારે પ્રત્યાoક્રોધ અને સંoક્રોધનો ઉદય અવશ્ય હોય છે અને જ્યારે પ્રત્યાખ્યાનીયક્રોધનો ઉદય હોય છે. ત્યારે સંoક્રોધનો ઉદય અવશ્ય હોય છે. એટલે પૂર્વના ક્રોધના ઉદયની સાથે પછીના ક્રોધનો ઉદય અવશ્ય હોય છે. તેથી અનંતાનુબંધીક્રોધના ઉદયવાળા જીવને એકીસાથે ચારે ક્રોધનો ઉદય હોય છે. અપ્રત્યાખ્યાનીય ક્રોધના ઉદયવાળા જીવને એકીસાથે ત્રણક્રોધનો ઉદય હોય છે. પ્રત્યાખ્યાનીયક્રોધના ઉદયવાળા જીવને એકીસાથે બે ક્રોધનો ઉદય હોય છે અને સંoક્રોધના ઉદયવાળા જીવને એક જ સંoક્રોધનો ઉદય હોય છે. એટલે

એકજીવને એકસમયે, કોઈવાર અનંતાનુબંધી વગેરે ૪ ક્રોધનો ઉદય હોય છે.
કોઈવાર અનંતાનુબંધી વગેરે ૪ માનનો ઉદય હોય છે.
કોઈવાર અનંતાનુબંધી વગેરે ૪ માયાનો ઉદય હોય છે.
કોઈવાર અનંતાનુબંધી વગેરે ૪ લોભનો ઉદય હોય છે.

એ જ પ્રમાણે, અપ્રત્યાખ્યાનીય વગેરેમાં ૩, ૨, ૧કષાયનો ઉદય સમજવો.

★ નોકષાયોદયવાળા જીવોમાંથી કોઈપણ એક જીવને એકીસાથે હાસ્ય-રતિ અને શોક-અરતિ બન્ને યુગલનો ઉદય હોતો નથી. કારણકે તે બન્ને યુગલ ઉદયમાં પરસ્પર વિરોધી છે. તેથી એકજીવને એકીસાથે બે યુગલમાંથી કોઈપણ **"એક જ યુગલ"**નો ઉદય હોય છે.

★ **ક્યારેક ભય અને જુગુપ્સાનો ઉદય** હોતો નથી ક્યારેક બેમાંથી કોઈપણ એકનો ઉદય **હોય છે અને ક્યારેક બન્નેનો ઉદય હોય છે.**

★ વેદોદયવાળા જીવોમાંથી કોઈપણ એક જીવને એકીસાથે ત્રણે વેદનો ઉદય હોતો નથી. કારણકે ત્રણે વેદ પરસ્પર વિરોધી છે. તેથી એકજીવને એકસમયે ત્રણવેદમાંથી કોઈપણ **"એક જ વેદ"**નો ઉદય હોય છે. એટલે **એકજીવને એક સમયે** વધુમાં વધુ **અનંતાનુબંધી વગેરે-૪ કષાય + ૨ (૧ યુગલ )+ ભય + જુગુo + ૧ વેદ = ૯ કષાયબંધહેતુ** હોય છે.

★ ગાથા નં. ૪૬માં અને ૪૭માં જે ગુણઠાણામાં જેટલા યોગ કહ્યાં છે. તે ગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે તેટલા યોગમાંથી કોઈપણ **"એક જ યોગ"** હોય છે. દા.ત. ગાથા નં. ૪૬માં મિથ્યાત્વગુણઠાણે ૧૩ યોગ કહ્યાં છે. એટલે મિથ્યાત્વગુણઠાણે રહેલા એકજીવને એકસમયે ૧૩ યોગમાંથી કોઈપણ એક જ યોગ[૪૧] હોય છે.

**એકજીવને એકસમયે** વધુમાં વધુ **૧ મિ૦ + ૭ અવિરતિ + ૯ કષાય + ૧ યોગ = ૧૮ વિશેષ બંધહેતુ** હોય છે.

## મિથ્યાત્વગુણઠાણામાં બંધહેતુ :-

મિથ્યાત્વગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે જઘન્યથી **૧૦**, મધ્યમથી **૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭** અને ઉત્કૃષ્ટથી **૧૮** ઉત્તરબંધહેતુ હોય છે.

### એકજીવને એકસમયે ૧૦ બંધહેતુ :-

| | | |
|---|---|---|
| ૫, મિથ્યાત્વમાંથી કોઈપણ | ૧ | મિથ્યાત્વ. |
| ૫, ઈન્દ્રિયની અવિરતિમાંથી કોઈપણ | ૧ | ઈ૦ની અવિરતિ. |
| ૬ કાયની હિંસામાંથી કોઈપણ | ૧ | કાયની હિંસા. |
| ક્રોધાદિ-૪ કષાયમાંથી કોઈપણ ૧કષાય અપ્ર૦ વગેરે | ૩ | પ્રકારે. |
| ૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની | ૨ | પ્રકૃતિ. |
| ૩ વેદમાંથી કોઈપણ | ૧ | વેદ. |
| ૧૦ યોગમાંથી કોઈપણ | ૧ | યોગ. |
| **એકજીવને એકસમયે** | **૧૦** | **બંધહેતુ હોય છે.** |

**શંકા :-** મિથ્યાદૃષ્ટિજીવને અનંતાનુબંધીકષાયનો ઉદય કેમ ન હોય ?

**સમાધાન :-** જેને અનંતાનુબંધીની વિસંયોજના કરી છે એવો ક્ષયોપશમસમ્યક્ત્વી જીવ જ્યારે સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવે છે. ત્યારે એક આવલિકા સુધી અનંતાનુબંધીકષાયનો ઉદય હોતો નથી. કારણકે જેને અનંતાનુબંધીની

---

(૪૧) એકજીવ એકસમયે બોલવું, ચાલવું, વિચારવું, ખાવું, વગેરે અનેક પ્રકારની ક્રિયા કરી શકતો હોવાથી એકજીવને એકસમયે મનોયોગ, વચનયોગ, અને કાયયોગ હોય છે. તો પણ જે સમયે જે ક્રિયામાં ઉપયોગ હોય છે. તે સમયે તે ક્રિયારૂપયોગની વિવક્ષા કરાતી હોવાથી એકજીવને એકસમયે એક જ યોગ કહ્યો છે.

વિસંયોજના કરી છે. તેને અનંતાનુબંધીકષાયની સત્તા હોતી નથી. પણ તે જીવ જ્યારે મિથ્યાત્વે આવે છે. ત્યારે પ્રથમ સમયે જ અનંતાનુબંધીકષાયને બાંધે છે. તે વખતે અનંતાનુબંધીકષાયની સત્તા પ્રાપ્ત થાય છે પણ તે દલિકો જ્યાં સુધી બંધાવલિકા અથવા સંક્રમાવલિકા પૂર્ણ ન થાય. ત્યાં સુધી ઉદયમાં આવી શકતા નથી. એટલે અનંતાનુબંધીના વિસંયોજક જીવને મિથ્યાત્વે આવ્યા પછી એક આવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય હોતો નથી.

**શંકા :- મિથ્યાત્વગુણઠાણે ૧૩ યોગ કહ્યાં છે. તો અહીં મિથ્યાદષ્ટિજીવને ૧૦ યોગ કેમ કહો છો ?**

**સમાધાન :-** મિથ્યાત્વગુણઠાણે અનંતાનુબંધીના ઉદયવાળા મિથ્યાદષ્ટિજીવને ૧૩ યોગ હોય છે. પણ અનંતાનુબંધીના ઉદય વિનાના મિથ્યાદષ્ટિજીવને ૧૦ યોગ હોય છે. કારણકે અનંતાનુબંધીનો વિસંયોજક જીવ સમ્યક્ત્વેથી પડીને મિથ્યાત્વે આવ્યા પછી અંતર્મુહૂર્તકાળ સુધી મરતો નથી. તેથી તેને પરભવમાં જવાનું હોતું નથી. માટે **કાર્મણ કાયયોગ, ઔ૦મિશ્ર** અને **વૈ૦મિશ્રયોગ** હોતા નથી. તેથી અનંતાનુબંધીના ઉદય વિનાના મિથ્યાદષ્ટિજીવને ૧૩ યોગમાંથી ૩ યોગ વિના ૧૦ યોગ જ હોય છે.

**૧૦ બંધહેતુના ભાંગા :-**

એક જીવને અનેક સમયની અપેક્ષાએ ૧૦ બંધહેતુના પણ અનેક વિકલ્પો થાય છે.

જેમકે, ૧૦ બંધહેતુવાળો જીવ કોઈવાર **આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.**
કોઈવાર **અનાભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.**
કોઈવાર **આભિનિવેશિકમિથ્યાત્વી હોય છે.**
કોઈવાર **સાંશયિકમિથ્યાત્વી હોય છે.**
કોઈવાર **અનાભોગિકમિથ્યાત્વી હોય છે.**

તે પણ (૧) કોઈવાર **સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૨) કોઈવાર **રસનેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૩) કોઈવાર **ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૪) કોઈવાર **ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૫) કોઈવાર **શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.

(૬) કોઈવાર **સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૭) કોઈવાર **રસનેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૮) કોઈવાર **ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૯) કોઈવાર **ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૧૦) કોઈવાર **શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.
(૧૧) કોઈવાર **સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી** હોય છે.
(૧૨) કોઈવાર **રસનેન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી** હોય છે.
(૧૩) કોઈવાર **ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી** હોય છે.
(૧૪) કોઈવાર **ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી** હોય છે.
(૧૫) કોઈવાર **શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી** હોય છે.
(૧૬) કોઈવાર **સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી** હોય છે.
(૧૭) કોઈવાર **રસનેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી** હોય છે.
(૧૮) કોઈવાર **ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી** હોય છે.
(૧૯) કોઈવાર **ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી** હોય છે.
(૨૦) કોઈવાર **શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી** હોય છે
(૨૧) કોઈવાર **સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી** હોય છે.
(૨૨) કોઈવાર **રસનેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી** હોય છે.
(૨૩) કોઈવાર **ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી** હોય છે.
(૨૪) કોઈવાર **ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી** હોય છે.
(૨૫) કોઈવાર **શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી** હોય છે.
ટૂંકમાં :- **૫ મિથ્યાત્વ × ૫ ઈન્દ્રિયની અવિરતિ = ૨૫** ભાંગા થાય છે.
**(૧) સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**
(૧) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૨) કોઈવાર **જલકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૩) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૪) કોઈવાર **વાયુકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૫) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૬) કોઈવાર **ત્રસકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૨) રસનેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ....**

(૭) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આભિ૦મિ૦ હોય છે.

(૮) કોઈવાર **જલકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૯) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૦) કોઈવાર **વાયુકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૧) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૨) કોઈવાર **ત્રસકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૩) ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**

(૧૩) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૪) કોઈવાર **જલકાયનો હિંસક** ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૫) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૬) કોઈવાર **વાયુકાયનો હિંસક** ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૭) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૧૮) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૪) ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**

(૧૯) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૨૦) કોઈવાર **જલકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૨૧) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૨૨) કોઈવાર **વાયુકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૨૩) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૨૪) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૫) શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**
(૨૫) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૨૬) કોઈવાર **જલકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૨૭) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૨૮) કોઈવાર **વાયુકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૨૯) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૩૦) કોઈવાર **ત્રસકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
એ જ રીતે, **(૬) સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ....**
(૩૧) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૩૨) કોઈવાર **જલકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૩૩) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૩૪) કોઈવાર **વાયુકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૩૫) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૩૬) કોઈવાર **ત્રસકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
એ જ રીતે, **(૭) રસનેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**
(૩૭) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** રસનેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૩૮) કોઈવાર **જલકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૩૯) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૪૦) કોઈવાર **વાયુકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૪૧) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૪૨) કોઈવાર **ત્રસકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
એ જ રીતે, **(૮) ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ.....**
(૪૩) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૪૪) કોઈવાર **જલકાયનો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.

(૪૫) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** પ્રાણેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૪૬) કોઈવાર **વાયુકાયનો હિંસક** પ્રાણે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૪૭) કોઈવાર **વનસ્પતિનો હિંસક** પ્રાણે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૪૮) કોઈવાર **ત્રસકાયનો હિંસક** પ્રાણે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
એ જ રીતે, **(૯) ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**
(૪૯) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૦) કોઈવાર **જલકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૧) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૨) કોઈવાર **વાયુકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૩) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૪) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
એ જ રીતે, **(૧૦) શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અનાભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**
(૫૫) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૬) કોઈવાર **જલકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૭) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૮) કોઈવાર **વાયુકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૫૯) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** શ્રોત્રે૦ની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
(૬૦) કોઈવાર **ત્રસકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અના૦મિ૦ હોય છે.
એ જ રીતે, **(૧૧) સ્પર્શે૦ની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી જીવ પણ...**
(૬૧) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬૨) કોઈવાર **જલકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬૩) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬૪) કોઈવાર **વાયુકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬૫) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬૬) કોઈવાર **ત્રસકાયનો હિંસક** સ્પર્શે૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

એ જ રીતે, (૧૨) **રસનેન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી જીવ પણ....**
(૬૭) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** રસનેન્દ્રિયની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬૮) કોઈવાર **જલકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬૯) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૭૦) કોઈવાર **વાયુકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૭૧) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૭૨) કોઈવાર **ત્રસકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
એ જ રીતે, (૧૩) **ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી જીવ પણ...**
(૭૩) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો આભિનિ૦મિ૦ હોય છે.
(૭૪) કોઈવાર **જલકાયનો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૭૫) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો આભિનિ૦મિ૦ હોય છે.
(૭૬) કોઈવાર **વાયુકાયનો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૭૭) કોઈવાર **વનસ્પતિ૦નો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો આભિનિ૦મિ૦ હોય છે.
(૭૮) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ઘ્રાણે૦ની અવિરતિવાળો આભિનિ૦મિ૦ હોય છે.
એ જ રીતે, (૧૪) **ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી જીવ પણ...**
(૭૯) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૮૦) કોઈવાર **જલકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૮૧) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૮૨) કોઈવાર **વાયુકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૮૩) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૮૪) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
એ જ રીતે, (૧૫) **શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો આભિનિવેશિકમિથ્યાત્વી જીવ પણ...**
(૮૫) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** શ્રોત્રે૦ની અવિરતિવાળો આભિનિ૦મિ૦ હોય છે.
(૮૬) કોઈવાર **જલકાયનો હિંસક** શ્રોત્રે૦ની અવિરતિવાળો આભિનિ૦મિ૦ હોય છે.
(૮૭) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** શ્રોત્રે૦ની અવિરતિવાળો આભિનિ૦મિ૦ હોય છે.

(૮૮) કોઈવાર **વાયુકાયનો હિંસક** શ્રોત્રેની અવિરતિવાળો આભિનિમિ હોય છે.
(૮૯) કોઈવાર **વનસ્પતિનો હિંસક** શ્રોત્રેની અવિરતિવાળો આભિનિમિ હોય છે.
(૯૦) કોઈવાર **ત્રસકાયનો હિંસક** શ્રોત્રેની અવિરતિવાળો આભિનિમિ હોય છે.
એ જ રીતે, **(૧૬) સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી જીવ પણ...**
(૯૧) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિ હોય છે.
(૯૨) કોઈવાર **જલકાયનો હિંસક** સ્પર્શેની અવિરતિવાળો સાંશયિકમિ હોય છે.
(૯૩) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** સ્પર્શેની અવિરતિવાળો સાંશયિકમિ હોય છે.
(૯૪) કોઈવાર **વાયુકાયનો હિંસક** સ્પર્શેની અવિરતિવાળો સાંશયિકમિ હોય છે.
(૯૫) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** સ્પર્શેની અવિરતિવાળો સાંશયિકમિ હોય છે.
(૯૬) કોઈવાર **ત્રસકાયનો હિંસક** સ્પર્શેની અવિરતિવાળો સાંશયિકમિ હોય છે.
એ જ રીતે, **(૧૭) રસનેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી જીવ પણ....**
(૯૭) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** રસનેન્દ્રિયની અવિરતિવાળો સાંશમિ હોય છે.
(૯૮) કોઈવાર **જલકાયનો હિંસક** રસનેની અવિરતિવાળો સાંશમિ હોય છે.
(૯૯) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** રસનેની અવિરતિવાળો સાંશમિ હોય છે.
(૧૦૦) કોઈવાર **વાયુકાયનો હિંસક** રસનેની અવિરતિવાળો સાંશમિ હોય છે.
(૧૦૧) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** રસનેની અવિરતિવાળો સાંશમિ હોય છે.
(૧૦૨) કોઈવાર **ત્રસકાયનો હિંસક** રસનેની અવિરતિવાળો સાંશમિ હોય છે.
એ જ રીતે, **(૧૮) ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી જીવ પણ....**
(૧૦૩) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ઘ્રાણેની અવિરતિવાળો સાંમિ હોય છે.
(૧૦૪) કોઈવાર **જલકાયનો હિંસક** ઘ્રાણેની અવિરતિવાળો સાંમિ હોય છે.
(૧૦૫) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ઘ્રાણેની અવિરતિવાળો સાંમિ હોય છે.
(૧૦૬) કોઈવાર **વાયુકાયનો હિંસક** ઘ્રાણેની અવિરતિવાળો સાંમિ હોય છે.
(૧૦૭) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** ઘ્રાણેની અવિરતિવાળો સાંમિ હોય છે.
(૧૦૮) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ઘ્રાણેની અવિરતિવાળો સાંમિ હોય છે.

એ જ રીતે, **(૧૯) ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી જીવ પણ....**

(૧૦૯) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો સાંશયિક મિ૦ હોય છે.

(૧૧૦) કોઈવાર **જલકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો સાંશયિક મિ૦ હોય છે.

(૧૧૧) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો સાંશયિક મિ૦ હોય છે.

(૧૧૨) કોઈવાર **વાયુકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો સાંશયિક મિ૦ હોય છે.

(૧૧૩) કોઈવાર **વનસ્પતિ૦નો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો સાંશયિક મિ૦ હોય છે.

(૧૧૪) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ચક્ષુ૦ની અવિરતિવાળો સાંશયિક મિ૦ હોય છે.

એ જ રીતે, **(૨૦) શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો સાંશયિકમિથ્યાત્વી જીવ પણ....**

(૧૧૫) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો સાંશ૦મિ૦ હોય છે.

(૧૧૬) કોઈવાર **જલકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો સાંશ૦મિ૦ હોય છે.

(૧૧૭) કોઈવાર **અગ્નિ૦નો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો સાંશ૦મિ૦ હોય છે.

(૧૧૮) કોઈવાર **વાયુકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો સાંશ૦મિ૦ હોય છે.

(૧૧૯) કોઈવાર **વનસ્પતિ૦નો હિંસક** શ્રોત્રે૦ની અવિરતિવાળો સાંશ૦મિ૦ હોય છે.

(૧૨૦) કોઈવાર **ત્રસકાયનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો સાંશ૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૨૧) સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી જીવ પણ....**

(૧૨૧) કોઈવાર **પૃથ્વી૦નો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

(૧૨૨) કોઈવાર **જલકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

(૧૨૩) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

(૧૨૪) કોઈવાર **વાયુકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

(૧૨૫) કોઈવાર **વનસ્પતિ૦નો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

(૧૨૬) કોઈવાર **ત્રસકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૨૨) રસનેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી જીવ પણ.....**

(૧૨૭) કોઈવાર **પૃથ્વી૦નો હિંસક** રસને૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

(૧૨૮) કોઈવાર **જલકાયનો હિંસક** રસને૦ની અવિરતિવાળો અનાભો૦મિ૦ હોય છે.

(૧૨૯) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** રસનેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૩૦) કોઈવાર **વાયુકાયનો હિંસક** રસનેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૩૧) કોઈવાર **વનસ્પતિoનો હિંસક** રસનેoની અવિરતિવાળો અનાભોoમિ હોય છે.
(૧૩૨) કોઈવાર **ત્રસકાયનો હિંસક** રસનેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
એ જ રીતે, **(૨૩) ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી જીવ પણ...**
(૧૩૩) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ઘ્રાણેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૩૪) કોઈવાર **જલકાયનો હિંસક** ઘ્રાણેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૩૫) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ઘ્રાણેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૩૬) કોઈવાર **વાયુકાયનો હિંસક** ઘ્રાણેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૩૭) કોઈવાર **વનસ્પતિoનો હિંસક** ઘ્રાણેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૩૮) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ઘ્રાણેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
એ જ રીતે, **(૨૪) ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી જીવ પણ....**
(૧૩૯) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** ચક્ષુoની અવિરતિવાળો અનાoમિo હોય છે.
(૧૪૦) કોઈવાર **જલકાયનો હિંસક** ચક્ષુoની અવિરતિવાળો અનાoમિo હોય છે.
(૧૪૧) કોઈવાર **અગ્નિકાયનો હિંસક** ચક્ષુoની અવિરતિવાળો અનાoમિo હોય છે.
(૧૪૨) કોઈવાર **વાયુકાયનો હિંસક** ચક્ષુoની અવિરતિવાળો અનાoમિo હોય છે.
(૧૪૩) કોઈવાર **વનસ્પતિકાયનો હિંસક** ચક્ષુoની અવિરતિવાળો અનાoમિo હોય છે.
(૧૪૪) કોઈવાર **ત્રસકાયનો હિંસક** ચક્ષુoની અવિરતિવાળો અનાoમિo હોય છે.
એ જ રીતે, **(૨૫) શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અનાભોગિકમિથ્યાત્વી જીવ પણ....**
(૧૪૫) કોઈવાર **પૃથ્વીકાયનો હિંસક** શ્રોત્રેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૪૬) કોઈવાર **જલકાયનો હિંસક** શ્રોત્રેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૪૭) કોઈવાર **અગ્નિoનો હિંસક** શ્રોત્રેoની અવિરતિવાળો આનાભોoમિo હોય છે.
(૧૪૮) કોઈવાર **વાયુoનો હિંસક** શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૪૯) કોઈવાર **વનસ્પતિoનો હિંસક** શ્રોત્રેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.
(૧૫૦) કોઈવાર **ત્રસકાયનો હિંસક** શ્રોત્રેoની અવિરતિવાળો અનાભોoમિo હોય છે.

ટૂંકમાં :- **૫ મિથ્યાત્વ × ૫ ઈં૦અવિરતિ × ૬ (૧કા૦ હિં૦) = ૧૫૦ ભાંગા થાય છે.**

તેમાંથી **(૧) પૃથ્વી૦નો હિંસક સ્પર્શે૦ની અવિ૦વાળો આભિગ્રહિક મિથ્યાત્વી જીવ પણ**

(૧) કોઈવાર **ક્રોધી** પૃથ્વી૦નો હિંસક સ્પર્શે૦અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૨) કોઈવાર **માની** પૃથ્વી૦નો હિંસક સ્પર્શે૦અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૩) કોઈવાર **માયાવી** પૃથ્વી૦નો હિંસક સ્પર્શે૦અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

(૪) કોઈવાર **લોભી** પૃથ્વી૦નો હિંસક સ્પર્શે૦અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૨) જલ૦નો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ..**

(૫) કોઈવાર **ક્રોધી** જલકાયનો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

(૬) કોઈવાર **માની** જલ૦નો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

(૭) કોઈવાર **માયાવી** જલ૦નો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

(૮) કોઈવાર **લોભી** જલ૦નો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

એ જ રીતે, **(૩) અગ્નિ૦નો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આભિ૦ મિથ્યા૦ જીવ પણ...**

(૯) કોઈવાર **ક્રોધી** અગ્નિકાયનો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

(૧૦) કોઈવાર **માની** અગ્નિકાયનો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

(૧૧) કોઈવાર **માયાવી** અગ્નિકાયનો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

(૧૨) કોઈવાર **લોભી** અગ્નિકાયનો હિંસક સ્પર્શે૦ની અ૦વાળો આ૦મિ૦ હોય છે.

એ રીતે, **૧૫૦** ભાંગામાંનો એક-એક ભાંગો ૪-૪ પ્રકારે થાય છે. તેથી કુલ **૧૫૦×૪=૬૦૦** ભાંગા થાય છે.

ટૂંકમાં :- **૫ મિ૦× ૫ઈં૦અ૦×૬** (૧કાયની હિંસા) × ૪ કષાય= **૬૦૦** ભાંગા થાય છે.

તેમાંથી **(૧) ક્રોધી, પૃથ્વી૦નો હિંસક સ્પર્શે૦ની અવિ૦વાળો આભિ૦મિ૦ જીવ પણ**

(૧) કોઈવાર **હાસ્ય-રતિના** ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

(૨) કોઈવાર **શોક-અરતિના** ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

**એ રીતે, (૨) માની પૃથ્વીકાયનો હિંસક સ્પર્શેoની અવિoવાળો આoમિo જીવ પણ...**

(૧) કોઈવાર **હાસ્ય-રતિના** ઉદયવાળો, માની, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

(૨) કોઈવાર **શોક-અરતિના** ઉદયવાળો, માની, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

એ રીતે, ૬૦૦ ભાંગામાંનો એક-એક ભાંગો **બે-બે** પ્રકારે થાય છે. તેથી કુલ ૬૦૦× ૨=૧૨૦૦ ભાંગા થાય છે.

ટૂંકમાં:-**૫મિo×૫ઈoઅo×૬(૧કાoહિંo)×૪કo×૨(૧યુo)=૧૨૦૦**ભાંગાથાય.

**તેમાંથી (૧) હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ.........**

(૧) કોઈવાર **સ્ત્રીવેદી,** હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

(૨) કોઈવાર **પુરુષવેદી,** હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

(૩) કોઈવાર **નપુંસકવેદી,** હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

એ રીતે, **(૧) શોક-અરતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**

(૧) કોઈવાર **સ્ત્રીવેદી,** શોક-અરતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

(૨) કોઈવાર **પુરુષવેદી,** શોક-અરતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

(૩) કોઈવાર **નપુંસકવેદી,** શોક-અરતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

એ રીતે, **૧૨૦૦** ભાંગામાંનો એક-એક ભાંગો **ત્રણ-ત્રણ** પ્રકારે થાય છે. તેથી કુલ **૧૨૦૦**× ૩ = ૩૬૦૦ ભાંગા થાય છે.

ટૂંકમાં :- **૫ મિ૦×૫ ઇં૦અ૦×૬** (૧કાયની હિંસાના ભાંગા)**×૪ કષાય×૨** (૧યુગલ) × ૩ **વેદ** =૩૬૦૦ ભાંગા થાય છે.

તેમાંથી (૧) **સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક સ્પર્શેન્દ્રિયની અવિરતિવાળો આભિગ્રહિકમિથ્યાત્વી જીવ પણ...**

(૧) કોઈવાર **ઔદારિકકાયયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો, આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૨) કોઈવાર **વૈક્રિયકાયયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૩) કોઈવાર **સત્યમનોયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૪) કોઈવાર **અસત્યમનોયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૫) કોઈવાર **મિશ્રમનોયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૬) કોઈવાર **અસત્ય-અમૃષામનોયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૭) કોઈવાર **સત્યવચનયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૮) કોઈવાર **અસત્યવચનયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો ક્રોધી પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૯) કોઈવાર **મિશ્રવચનયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

(૧૦) કોઈવાર **અસત્ય-અમૃષાવચનયોગવાળો,** સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળો, ક્રોધી, પૃથ્વીકાયનો હિંસક, સ્પર્શ૦ની અવિરતિવાળો આભિ૦મિથ્યાત્વી હોય છે.

એ રીતે, ૩૬૦૦ ભાંગામાંનો એક એક ભાંગો ૧૦ - ૧૦ પ્રકારે થાય છે. તેથી કુલ ૩૬૦૦ × ૧૦ =૩૬૦૦૦ ભાંગા થાય છે.

| મિ૦ | ઈં૦અ૦ | ૧કાયનીહિંસા | કષાય | યુગલ | વેદ | યોગ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ × | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૩૬૦૦૦ |

એ જ રીતે, **અનેક જીવની અપેક્ષાએ એક સમયે પણ ૧૦ બંધહેતુના ૩૬૦૦૦ ભાંગા થાય છે. કારણ કે મિથ્યાત્વગુણઠાણે અનંતાનંત જીવો હોય છે. તેમાંથી** (૧) કોઈક જીવ **આભિગ્રહિકમિથ્યાત્વી** હોય છે.

(૨) કોઈક જીવ **અનાભિગ્રહિક મિથ્યાત્વી** હોય છે.
(૩) કોઈક જીવ **આભિનિવેશિકમિથ્યાત્વી** હોય છે.
(૪) કોઈક જીવ **સાંશયિકમિથ્યાત્વી** હોય છે.
(૫) કોઈક જીવ **અનાભોગિકમિથ્યાત્વી** હોય છે.

તેમાં પણ (૧) કોઈક જીવ **સ્પર્શ૦ની અવિરતિવાળો** આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.
(૨) કોઈક જીવ **રસનેન્દ્રિયની અવિરતિવાળો** આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.
(૩) કોઈક જીવ **ઘ્રાણેન્દ્રિયની અવિરતિવાળો** આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.
(૪) કોઈક જીવ **ચક્ષુરિન્દ્રિયની અવિરતિવાળો** આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.
(૫) કોઈક જીવ **શ્રોત્રેન્દ્રિયની અવિરતિવાળો** આભિગ્રહિકમિથ્યાત્વી હોય છે.

એ રીતે, ૫ ભાંગામાંથી એક-એક ભાંગો **૫ - ૫** પ્રકારે થતો હોવાથી **૫મિ૦×૫ઈં૦અ૦=૨૫** ભાંગા થાય છે. એ **૨૫** ભાંગામાંથી પણ એક-એક ભાંગો ૬ - ૬ પ્રકારે થાય છે. કારણ કે

(૧) કોઈક **પૃથ્વીકાયનો હિંસક** સ્પર્શ૦નીઅવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૨) કોઈક **જલકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૩) કોઈક **તેઉકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૪) કોઈક **વાયુકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૫) કોઈક **વનસ્પતિકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.
(૬) કોઈક **ત્રસકાયનો હિંસક** સ્પર્શ૦ની અવિરતિવાળો આ૦મિ૦ હોય છે.

એ રીતે, દરેક ભાંગો ૬ - ૬ પ્રકારે થતો હોવાથી **૨૫×૬=૧૫૦** ભાંગા થાય છે.

એ **૧૫૦** ભાંગામાંથી પણ એક-એક ભાંગો ૪ - ૪ પ્રકારે થાય છે. કારણ કે (૧) **પૃથ્વીકાયના હિંસક, સ્પર્શેની અવિરતિવાળા આ૦મિ૦ જીવોમાંથી....** પણ

(૧) કોઈક **ક્રોધી**, (૨) કોઈક **માની**, (૩) કોઈક **માયાવી** અને (૪) કોઈક **લોભી** હોય છે. એટલે ૧ ભાંગો ૪ પ્રકારે થાય છે. એ રીતે, એક-એક ભાંગો ૪ - ૪ પ્રકારે થતો હોવાથી કુલ **૧૫૦×૪=૬૦૦** ભાંગા થાય છે.

એ **૬૦૦** ભાંગામાંથી પણ એક-એક ભાંગો **૨ - ૨** પ્રકારે થાય છે. કારણ કે (૧) **ક્રોધી, પૃથ્વીકાયના હિંસક, સ્પર્શેની અવિરતિવાળા આ૦મિ૦ જીવોમાંથી** પણ (૧) કોઈક જીવ **હાસ્ય-રતિના** ઉદયવાળો અને (૨) કોઈક જીવ **શોક-અરતિના** ઉદયવાળો હોય છે. એટલે એક ભાંગો ૨ પ્રકારે થાય છે. એ રીતે, દરેક ભાંગો **૨** - **૨** પ્રકારે થતો હોવાથી કુલ **૬૦૦×૨=૧૨૦૦** ભાંગા થાય છે.

એ **૧૨૦૦** ભાંગામાંથી પણ એક-એક ભાંગો **૩ - ૩** પ્રકારે થાય છે. કારણ કે (૧) **હાસ્ય-રતિના ઉદયવાળા, ક્રોધી, પૃથ્વીકાયના હિંસક, સ્પર્શેની અવિરતિવાળા આ૦મિ૦ જીવોમાંથી** પણ (૧) કોઈક **સ્ત્રીવેદી**, (૨) કોઈક **પુરુષવેદી**, અને (૩) કોઈક **નપુંસકવેદી** હોય છે. એટલે એક ભાંગો ૩ પ્રકારે થાય છે. એ રીતે, દરેક ભાંગો ૩ - ૩ પ્રકારે થતો હોવાથી **૧૨૦૦×૩=૩૬૦૦** ભાંગા થાય છે.

એ **૩૬૦૦** ભાંગામાંથી એક-એક ભાંગો **૧૦ - ૧૦** પ્રકારે થાય છે. કારણ કે (૧) **સ્ત્રીવેદી, હાસ્ય-રતિના ઉદયવાળા, ક્રોધી - પૃથ્વીકાયના હિંસક સ્પર્શેની અવિરતિવાળા આ૦મિ૦ જીવોમાંથી** પણ (૧) કોઈક **ઔ૦કાયયોગી**, (૨) કોઈક **વૈ૦કાયયોગી**, (૩) કોઈક **સત્યમનોયોગી**, (૪) કોઈક **અસત્યમનોયોગી**, (૫) કોઈક **મિશ્રમનોયોગી**, (૬) કોઈક **અસત્ય-અમૃષામનોયોગી**, (૭) કોઈક **સત્યવચનયોગી**, (૮) કોઈક **અસત્યવચનયોગી**, (૯) કોઈક **મિશ્રવચનયોગી**, (૧૦) કોઈક **અસત્ય-અમૃષાવચનયોગી** હોય છે. એટલે એક ભાંગો ૧૦ પ્રકારે થાય છે. એ રીતે, દરેક ભાંગો **૧૦ - ૧૦** પ્રકારે થતો હોવાથી કુલ **૩૬૦૦×૧૦=૩૬૦૦૦** ભાંગા થાય છે.

**એ રીતે, અનેકજીવની અપેક્ષાએ એક સમયે ૧૦ બંધહેતુના કુલ ૩૬૦૦૦ ભાંગા થાય છે.**

**એકજીવને એક સમયે ૧૧ બંધહેતુ :-**

નોકષાયના ઉદયવાળા જીવને ક્યારેક ભય-જુગુપ્સાનો ઉદય હોતો નથી. ક્યારેક તે બન્નેમાંથી કોઇપણ એકનો જ ઉદય હોય છે. ક્યારેક તે બંન્નેનો ઉદય હોય છે. તેમજ મિથ્યાદષ્ટિને ક્યારેક અનંતાનુબંધીનો ઉદય ન હોય અને ક્યારેક હોય છે. એટલે ૧૧ બંધહેતુ ૪ પ્રકારે થાય છે.

(૧) ભયના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના જીવને પૂર્વે કહ્યાં મુજબ **૧૦+ ભય = ૧૧** *બંધહેતુ હોય છે.*

*(૨) જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના જીવને પૂર્વે કહ્યાં મુજબ ૧૦ +* ***જુગુપ્સા = ૧૧*** *બંધહેતુ હોય છે.*

*(૩) અનંતાનુબંધીના ઉદયવાળા જીવને પૂર્વે કહ્યાં મુજબ ૧૦ +* ***અનંતાનુબંધી = ૧૧*** *બંધહેતુ હોય છે.*

*(૪) અનંતાનુબંધીના ઉદય વિનાના દ્વિકાયસંયોગી હિંસક જીવને ૧મિ૦ + ૧ ઇં૦ની અ૦ + ૨ કા.૦ હિં૦ + ૩ ક૦ + ૨ (૧યુ૦) + ૧ વેદ + ૧ યોગ = ૧૧ બંધહેતુ હોય છે.*

*એ રીતે, ૧૧ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.*

***૧૧ બંધહેતુના ભાંગા :-***

| વિકલ્પ | મિ૦ | | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | =૩૬૦૦૦ |
| (૨)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | =૩૬૦૦૦ |
| (૩)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | =૪૬૮૦૦ |
| (૪)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | =૯૦૦૦૦ |

૧૧ બંધહેતુના કુલ ભાંગા ૨૦૮૮૦૦ થાય.

અહીં ખાસ ધ્યાન રાખવું કે, એક જીવને અનેકસમયની અપેક્ષાએ અથવા અનેકજીવની અપેક્ષાએ એકસમયે ૧ કાયાની હિંસાના ૬ વિકલ્પ થાય છે.

**૨ કાયની હિંસાના- ૧૫ વિકલ્પો** થાય છે.

**૩ કાયની હિંસાના- ૨૦ વિકલ્પો** થાય છે.

**૪ કાયની હિંસાના- ૧૫ વિકલ્પો** થાય છે.

**૫ કાયની હિંસાના- ૬ વિકલ્પો** થાય છે.

**૬ કાયની હિંસાનો- ૧ વિકલ્પ** થાય છે.

૧ થી ૬કાયના કુલ ૬૩ વિકલ્પો થાય છે.

**એકકાયની હિંસાના ૬ ભાંગા :-**

અવિરતજીવોમાંથી કોઈપણ એકજીવ જ્યારે છકાયમાંથી કોઈપણ એકકાયની હિંસા કરે છે. ત્યારે એકકાયની હિંસાના ૬ વિકલ્પ થાય છે.

દા.ત. "**अ**" નામનો માણસ કોઈવાર (૧) **પૃથ્વીકાયની હિંસા** કરે છે.

કોઈવાર (૨) **જલકાયની હિંસા** કરે છે.

કોઈવાર (૩) **અગ્નિકાયની હિંસા** કરે છે.

કોઈવાર (૪) **વાયુકાયની હિંસા** કરે છે.

કોઈવાર (૫) **વનસ્પતિકાયની હિંસા** કરે છે.

કોઈવાર (૬) **ત્રસકાયની હિંસા** કરે છે.

એ રીતે, એકજીવને અનેકસમયની અપેક્ષાએ ૬ વિકલ્પો થાય છે.

અથવા જે સમયે **अ** નામનો જીવ **પૃથ્વીકાયની હિંસા** કરે છે.

તે જ સમયે **ब** નામનો જીવ **જલકાયની હિંસા** કરે છે.

તે જ સમયે **क** નામનો જીવ **અગ્નિકાયની હિંસા** કરે છે.

તે જ સમયે **ड** નામનો જીવ **વાયુકાયની હિંસા** કરે છે.

તે જ સમયે **य** નામનો જીવ **વનસ્પતિકાયની હિંસા** કરે છે.

તે જ સમયે **र** નામનો જીવ **ત્રસકાયની હિંસા** કરે છે.

એ રીતે, અનેકજીવની અપેક્ષાએ એક સમયે - ૬ વિકલ્પો થાય છે.

## દ્વિકાયસંયોગી હિંસાના - ૧૫ ભાંગા :-

અવિરત જીવોમાંથી કોઈપણ એકજીવ જ્યારે એકીસાથે છકાયમાંથી કોઈપણ બેકાયની હિંસા કરે છે. ત્યારે બેકાયના સંયોગવાળી = દ્વિકાયસંયોગી હિંસાના **"૧૫"** ભાંગા થાય છે. દા. ત. **"अ"** નામનો માણસ........

(૧) કોઈવાર પાણીમાં મીઠું નાંખીને **પૃથ્વીકાય-જલકાયની** હિંસા કરે છે.

(૨) કોઈવાર ચૂલામાં મીઠું નાંખીને **પૃથ્વીકાય-અગ્નિકાયની** હિંસા કરે છે.

(૩) કોઈવાર કાકડી ઉપર મીઠું નાંખીને **પૃથ્વીકાય-વનસ્પતિકાયની** હિંસા કરે છે.

એ રીતે, એકજીવને અનેક સમયની અપેક્ષાએ કુલ-૧૫ વિકલ્પો થાય છે.

**૧૫ ભાંગા :-**

**(૧) પૃથ્વીકાય-જલકાયની હિંસા. (૨) પૃથ્વીકાય-અગ્નિકાયની હિંસા.**

**(૩) પૃથ્વીકાય-વાયુકાયની હિંસા. (૪) પૃથ્વીકાય-વનસ્પતિકાયની હિંસા.**

**(૫) પૃથ્વીકાય-ત્રસકાયની હિંસા. (૬) જલકાય-અગ્નિકાયની હિંસા.**

**(૭) જલકાય-વાયુકાયની હિંસા. (૮) જલકાય-વનસ્પતિકાયની હિંસા.**

**(૯) જલકાય-ત્રસકાયની હિંસા. (૧૦) અગ્નિકાય-વાયુકાયની હિંસા.**

**(૧૧) અગ્નિકાય-વનસ્પતિકાયની હિંસા. (૧૨) અગ્નિકાય-ત્રસકાયની હિંસા**

**(૧૩) વાયુકાય-વનસ્પતિકાયની હિંસા. (૧૪) વાયુકાય-ત્રસકાયની હિંસા.**

**(૧૫) વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.**

એ જ પ્રમાણે, અનેકજીવની અપેક્ષાએ એકસમયે પણ દ્વિકાયસંયોગી હિંસાના - ૧૫ ભાંગા થાય છે.

## ત્રિકાયસંયોગી હિંસાના - ૨૦ ભાંગા:-

અવિરતજીવોમાંથી કોઈપણ એકજીવ જ્યારે છકાયમાંથી કોઈપણ ત્રણકાયની હિંસા કરે છે. ત્યારે ત્રિકાયસંયોગી હિંસાના ભાંગા - **૨૦** થાય છે.

દા૦ત૦ **"अ"** નામનો માણસ (૧) કોઈવાર મીઠું નાંખેલુ પાણી ચુલા ઉપર મૂકીને એકીસાથે **પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાયની હિંસા** કરે છે. (૨) કોઈવાર મીઠાવાળુ પાણી આકાશમાં ફેંકીને એકીસાથે **પૃથ્વીકાય-જલકાય-**

**વાયુકાયની હિંસા** કરે છે. (૩) કોઈવાર મીઠું નાંખેલા પાણીમાં લીંબું નીચોવીને એકીસાથે **પૃથ્વીકાય-જલકાય-વનસ્પતિકાયની હિંસા** કરે છે. (૪) કોઈવાર મીઠાવાળી કાકડીને ચૂલામાં નાંખીને એકીસાથે **પૃથ્વીકાય-અગ્નિકાય-વનસ્પતિકાયની હિંસા** કરે છે.

એ રીતે, એકજીવને અનેકસમયની અપેક્ષાએ કુલ-૨૦ વિકલ્પો થાય છે.

**૨૦ ભાંગા :-**

(૧) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાયની હિંસા.
(૨) પૃથ્વીકાય-જલકાય-વાયુકાયની હિંસા.
(૩) પૃથ્વીકાય-જલકાય-વનસ્પતિકાયની હિંસા.
(૪) પૃથ્વીકાય-જલકાય-ત્રસકાયની હિંસા.
(૫) પૃથ્વીકાય-અગ્નિકાય-વાયુકાયની હિંસા.
(૬) પૃથ્વીકાય-અગ્નિકાય-વનસ્પતિકાયની હિંસા.
(૭) પૃથ્વીકાય-અગ્નિકાય-ત્રસકાયની હિંસા.
(૮) પૃથ્વીકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.
(૯) પૃથ્વીકાય-વાયુકાય-ત્રસકાયની હિંસા.
(૧૦) પૃથ્વીકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૧૧) જલકાય-અગ્નિકાય-વાયુકાયની હિંસા.
(૧૨) જલકાય-અગ્નિકાય-વનસ્પતિકાયની હિંસા.
(૧૩) જલકાય-અગ્નિકાય-ત્રસકાયની હિંસા.
(૧૪) જલકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.
(૧૫) જલકાય-વાયુકાય-ત્રસકાયની હિંસા.
(૧૬) જલકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૧૭) અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.
(૧૮) અગ્નિકાય-વાયુકાય-ત્રસકાયની હિંસા.
(૧૯) અગ્નિકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૨૦) વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.

એ જ રીતે, અનેકજીવની અપેક્ષાએ એકસમયે પણ ત્રિકાયસંયોગી ૨૦ ભાંગા થાય છે.

**ચતુષ્કાયસંયોગી હિંસાના ભાંગા-૧૫ :-**

અવિરતજીવોમાંથી કોઈપણ એકજીવ જ્યારે છકાયમાંથી કોઈપણ ચારકાયની હિંસા કરે છે. ત્યારે ચતુષ્કાયસંયોગી હિંસાના ભાંગા **૧૫** થાય છે.

દા૦ ત૦ **અ** નામનો માણસ (૧) કોઈવાર અગ્નિ ઉપર મીઠાવાળું પાણી છાંટીને એકીસાથે **પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વાયુકાય**ની હિંસા કરે છે. (૨) કોઈવાર ચૂલા ઉપર મીઠાવાળુ લીંબુની પાણી મૂકીને એકી સાથે **પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વનસ્પતિકાય**ની હિંસા કરે છે.

એ રીતે, એકજીવને અનેક સમયની અપેક્ષાએ **૧૫** વિકલ્પો થાય છે.

**૧૫ ભાંગા :-**

(૧) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વાયુકાયની હિંસા.
(૨) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય વનસ્પતિકાયની હિંસા.
(૩) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-ત્રસકાયની હિંસા.
(૪) પૃથ્વીકાય-જલકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.
(૫) પૃથ્વીકાય-જલકાય-વાયુકાય-ત્રસકાયની હિંસા.
(૬) પૃથ્વીકાય-જલકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૭) પૃથ્વીકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.
(૮) પૃથ્વીકાય-અગ્નિકાય-વાયુકાય-ત્રસકાયની હિંસા.
(૯) પૃથ્વીકાય-અગ્નિકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૧૦) પૃથ્વીકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૧૧) જલકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.
(૧૨) જલકાય-અગ્નિકાય-વાયુકાય-ત્રસકાયની હિંસા.
(૧૩) જલકાય-અગ્નિકાય--વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૧૪) જલકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.
(૧૫) અગ્નિકાય-વાયુકાય--વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.

એ જ રીતે, અનેકજીવની અપેક્ષાએ એકસમયે પણ ચતુષ્કાયસંયોગી હિંસાના-૧૫ વિકલ્પો થાય છે.

**પંચકાયસંયોગી હિંસાના-૬ ભાંગા :-**

અવિરતજીવોમાંથી કોઈપણ એકજીવ જ્યારે છકાયમાંથી કોઈપણ પાંચકાયની હિંસા કરે છે. ત્યારે પંચકાયસંયોગી હિંસાના ભાંગા - ૬ થાય છે.

દાOતO (૧) "**અ**" નામનો માણસ નદીના પાણીમાં મીઠાનો ટુકડો ફેંકીને એકીસાથે **પૃથ્વીકાય-જલકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા** કરે છે. (૨) કોઈવાર નદીના પાણીમાં સળગતો લાકડાનો ટુકડો ફેંકીને એકીસાથે **જલકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા** કરે છે.

એ રીતે, એકજીવને અનેકસમયની એપેક્ષાએ ૬ વિકલ્પ થાય છે.

**૬ ભાંગા :-**

(૧) **પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.**

(૨) **પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વાયુકાય-ત્રસકાયની હિંસા.**

(૩) **પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.**

(૪) **પૃથ્વીકાય-જલકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.**

(૫) **પૃથ્વીકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.**

(૬) **જલકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.**

એ જ રીતે, અનેકજીવની એપેક્ષાએ એકસમયે પણ પંચકાયસંયોગી હિંસાના-૬ વિકલ્પ થાય છે.

**ષટ્કાયસંયોગી હિંસાનો ભાંગો-૧**

અવિરતજીવોમાંથી કોઈપણ એક જીવ એકીસાથે જ્યારે છકાયની હિંસા કરે છે. ત્યારે ષટ્કાયસંયોગી હિંસાનો ભાંગો-૧ થાય છે.

(૧) **પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયની હિંસા.**

**એ રીતે, છકાયના** કુલ-**૬+૧૫+૨૦+૧૫+૬+૧=૬૩** ભાંગા[૪૨] થાય છે.

૧થી૪ ગુણઠાણે ૯ થી ૧૮ બંધહેતુના કુલ ૧૨૦[૪૩] વિકલ્પ થાય છે. તેમાંથી...

★ જે વિકલ્પમાં ૧ કાયની હિંસા કહી હોય, તે વિકલ્પના ભાંગા કરતી વખતે ૧ કાયની હિંસાના ૬ ભાંગા લેવા.

★ જે વિકલ્પમાં ૨ કાયની હિંસા કહી હોય, તે વિકલ્પના ભાંગા કરતી વખતે ૨ કાયની હિંસાના ૧૫ ભાંગા લેવા.

---

*(૪૨) ભાંગાની સંખ્યા શોધવાની રીત :-*

૧ લાઇન→ ૧ ૨ ૩ ૪ ૫ ૬

÷ ÷↑ ÷↑ ÷↑ ÷↑ ÷↑

૨ લાઇન→ ૬ ૫ ૪ ૩ ૨ ૧

×↗ ×↗ ×↗ ×↗ ×↗

ભાંગા :→ ૬↗+ ૧૫↗+ ૨૦↗+ ૧૫↗+ ૬↗+ ૧ = ૬૩

★ ઉપર બીજી લાઇનમાં રહેલા પહેલા આંકડાનો પહેલી લાઇનમાં રહેલા પહેલા આંકડાથી ભાગાકાર કરતાં જે રકમ આવે. તે એકકાયના ભાંગાની સંખ્યા જાણવી.

જેમકે, **૬÷૧=૬**

★ એકકાયના ભાંગાની સંખ્યાનો બીજીલાઇનમાં રહેલા બીજા આંકડાથી ગુણાકાર કરતા જે સંખ્યા આવે. તે સંખ્યાનો પહેલી લાઇનમાં રહેલા બીજા આંકડાથી ભાગાકાર કરતાં જે રકમ આવે, તે દ્વિકાયસંયોગી ભાંગાની સંખ્યા જાણવી.

જેમકે, **૬×૫=૩૦÷૨=૧૫**

★ બે કાયના ભાંગાની સંખ્યાનો બીજીલાઇનમાં રહેલા ત્રીજા આંકડાથી ગુણાકાર કરતાં જે સંખ્યા આવે, તે સંખ્યાનો પહેલી લાઇનમાં રહેલા ત્રીજા આંકડાથી ભાગાકાર કરતાં જે રકમ આવે, તે ત્રિકાયસંયોગી ભાંગાની સંખ્યા જાણવી.

જેમકે, **૧૫×૪=૬૦÷૩=૨૦**

એ પ્રમાણે, ચતુષ્કાયસંયોગી વગેરે ભાંગાની સંખ્યા શોધવી.

(૪૩) મિથ્યાત્વગુણઠાણે **૧૦** થી **૧૮** બંધહેતુના કુલ ૪૮ વિકલ્પો થાય છે.
સાસ્વાદનગુણઠાણે **૧૦** થી **૧૭** બંધહેતુના કુલ ૨૪ વિકલ્પો થાય છે.
મિશ્રગુણઠાણે ૯ થી **૧૬** બંધહેતુના કુલ ૨૪ વિકલ્પો થાય છે.
સમ્યક્ત્વગુણઠાણે ૯ થી ૧૬ બંધહેતુના કુલ ૨૪ વિકલ્પો થાય છે.
એટલે મિથ્યાત્વાદિ-૪ ગુણઠાણે કુલ ૧૨૦ વિકલ્પો થાય છે.

★ જે વિકલ્પમાં ૩ કાયની હિંસા કહી હોય, તે વિકલ્પના ભાંગા કરતી વખતે ૩કાયની હિંસાના ૨૦ ભાંગા લેવા.

★ જે વિકલ્પમાં ૪ કાયની હિંસા કહી હોય, તે વિકલ્પના ભાંગા કરતી વખતે ૪કાયની હિંસાના ૧૫ ભાંગા લેવા.

★ જે વિકલ્પમાં ૫ કાયની હિંસા કહી હોય, તે વિકલ્પના ભાંગા કરતી વખતે ૫કાયની હિંસાના ૬ ભાંગા લેવા.

★ જે વિકલ્પમાં ૬ કાયની હિંસા કહી હોય, તે વિકલ્પના ભાંગા કરતી વખતે ૬ કાયની હિંસાનો ૧ ભાંગો લેવો.

દા. ત. (૧) ૧૧ બંધહેતુના ૧લા વિકલ્પમાં ૧કાયની હિંસા કહી છે. તેથી ૧લા વિકલ્પના ભાંગા કરતી વખતે ૧કાયની હિંસાના ૬ ભાંગા લેવા. એટલે

*મિ૦ ઈ૦અ૦ ૧કા૦હિં૦ ક૦ યુ૦ વેદ યોગ ભાંગા.*

↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓

*૫ × ૫ × ૬ × ૪× ૨ × ૩ × ૧૦=૩૬૦૦૦ થાય.*

(૨) ૧૧ બંધહેતુના ૪થા વિકલ્પમાં ૨ કાયની હિંસા કહી છે. તેથી ૪થા વિકલ્પના ભાંગા કરતી વખતે ૨કાયની હિંસાના ૧૫ ભાંગા લેવા. એટલે

*મિ૦ ઈ૦અ૦ ૨કા૦હિં૦ ક૦ યુ૦ વેદ યોગ ભાંગા.*

↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓

*૫ × ૫ × ૧૫ × ૪ × ૨ × ૩ × ૧૦ =૯૦૦૦૦ થાય છે.*

***એકજીવને એકસમયે ૧૨ બંધહેતુ :-***

*(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના જીવને **૧૦ + ભય + જુગુપ્સા = ૧૨ બંધહેતુ** હોય છે.*

*(૨) ભય અને અનંતાનુબંધીના ઉદયવાળા જીવને **૧૦ + ભય + અનંતા૦ = ૧૨ બંધહેતુ** હોય છે.*

*(૩) જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા જીવને **૧૦ + જુગુ૦ + અનંતા૦ = ૧૨ બંધહેતુ** હોય છે.*

*(૪) ભયના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના દ્વિકાયસંયોગી હિંસક જીવને ૧ મિ૦ + ૧ ઈ૦ અ૦ + ૩ ક૦ + ૨ (૧યુ૦) + ૧ વેદ + ૧ યોગ= ૯ + **૨ કાયની હિંસા** + **ભય = ૧૨ બંધહેતુ** હોય છે.*

*(૫) જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના દ્વિકાયસંયોગી*

હિંસક જીવને ૯ + ૨ કાયની હિંસા + જુગુ૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૬) અનંતાનુબંધીના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૨ કા૦ હિં૦ + અનંતા૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૭) અનંતાનુબંધીના ઉદય વિનાના ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦ હિં૦ = ૧૨ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૨ બંધહેતુના કુલ-૭ વિકલ્પ થાય છે.

**૧૨ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૩૬૦૦૦ |
| (૨)→ | ૫ × | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૩ = | ૪૬૮૦૦ |
| (૩)→ | ૫ × | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૩ = | ૪૬૮૦૦ |
| (૪)→ | ૫ × | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૯૦૦૦૦ |
| (૫)→ | ૫ × | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૯૦૦૦૦ |
| (૬)→ | ૫ × | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૩ = | ૧૧૭૦૦૦ |
| (૭)→ | ૫ × | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૧૨૦૦૦૦ |
| | | | | | | | ૧૨ બંધહેતુના કુલ ભાંગા - | ૫૪૬૬૦૦ |

**એકજીવને એકસમયે ૧૩ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા જીવને ૧૦ + ભય + જુગુ૦ + અનંતા૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૨) ભય-જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૨કા૦હિં૦ + ભય + જુગુ૦= ૧૩ બંધહેતુ હોય છે.

(૩) ભય અને અનંતાનુબંધીના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૨કા૦હિં૦ +ભય + અનંતા૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૪) જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯

+ ૨ કાયની હિંસા + જુગુ૦ + અનંતા૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૫) ભયના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦ હિં૦ + ભય = ૧૩ બંધહેતુ હોય છે.

(૬) જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૭) અનંતાનુબંધીના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦ હિં૦ + અનંતા૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૮) અનંતાનુબંધીના ઉદય વિનાના ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦= ૧૩ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૩ બંધહેતુના કુલ - ૮ વિકલ્પ થાય છે.

**૧૩ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૪૬૮૦૦ |
| (૨)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૯૦૦૦૦ |
| (૩)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૧૧૭૦૦૦ |
| (૪)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૧૧૭૦૦૦ |
| (૫)→ | ૫ | × | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૧૨૦૦૦૦ |
| (૬)→ | ૫ | × | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૧૨૦૦૦૦ |
| (૭)→ | ૫ | × | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૧૫૬૦૦૦ |
| (૮)→ | ૫ | × | ૫ | × | ૧૫[૪૩] | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૯૦૦૦૦ |
| | | | | | | | | | | | | | | | ૧૩ બંધહેતુના કુલ ભાંગા ૮૫૬૮૦૦ |

**એકજીવને એકસમયે ૧૪ બંધહેતુ :-**

(૪૩) દ્વિકાયસંયોગી હિંસાના ભાંગા **૧૫** થાય છે. અને ચતુષ્કાયસંયોગી હિંસાના ભાંગા પણ **૧૫** થાય છે. એટલે દ્વિકાયસંયોગી હિંસાવાળા અને ચતુષ્કાયસંયોગી હિંસાવાળા વિકલ્પના ભાંગાની સંખ્યા સરખી થાય છે. એ જ રીતે, એકકાયની હિંસાના ભાંગા **૬** થાય છે. અને પંચકાયસંયોગી હિંસાના ભાંગા પણ **૬** થાય છે. તેથી એકકાયની હિંસાવાળા અને પંચકાયસંયોગી હિંસાવાળા વિકલ્પના ભાંગાની સંખ્યા સરખી થાય છે.

(૧) ભય-જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૨ કા૦હિં૦ + ભય + જુગુ૦ + અનંતા૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૨) ભય-જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ત્રિકાય-સંયોગી હિંસક જીવને ૯+૩ કા૦હિં૦+ભય+જુગુ૦=૧૪ બંધહેતુ હોય છે.

(૩) ભય અને અનંતાનુબંધીના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦હિં૦+ ભય + અનંતા૦= ૧૪ બંધહેતુ હોય છે.

(૪) જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯+ ૩ કા૦હિં૦ + જુગુ૦ +અનંતા૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૫) ભયના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦હિં૦ + ભય = ૧૪ બંધહેતુ હોય છે.

(૬) જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૭) અનંતાનુબંધીના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯+૪ કા૦હિં૦ + અનંતા૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૮) અનંતાનુબંધીના ઉદય વિનાના પંચકાયસંયોગી હિંસક જીવને ૯+૫ કા૦હિં૦= ૧૪ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૪ બંધહેતુના કુલ - ૮ વિકલ્પ થાય છે.

**૧૪ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | | ઈ૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૧૧૭૦૦૦ |
| (૨)→ | ૫ | × | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૧૨૦૦૦૦ |
| (૩)→ | ૫ | × | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૧૫૬૦૦૦ |
| (૪)→ | ૫ | × | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૧૫૬૦૦૦ |
| (૫)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૯૦૦૦૦ |
| (૬)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૯૦૦૦૦ |
| (૭)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩ | = | ૧૧૭૦૦૦ |
| (૮)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૩૬૦૦૦ |

૧૪ બંધહેતુના કુલ ભાંગા ૮૮૨૦૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૫ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક

જીવને ૯ + ૩ કા૦ હિં૦ + ભય + જુગુ૦ + અનંતા૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૨) ભય-જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૩) ભય અને અનંતાનુબંધીના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ + ભય + અનંતા૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૪) જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ + જુગુ૦ + અનંતા૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૫) ભયના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કા૦ હિં૦ + ભય૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૬) જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કા૦ હિં૦ + જુગુ૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૭) અનંતાનુબંધીના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કા૦ હિં + અનંતા૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૮) અનંતાનુબંધીના ઉદય વિનાના ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૬ કા૦ હિં=**૧૫ બંધહેતુ** હોય છે.

એ રીતે, **૧૫ બંધહેતુના** કુલ - ૮ વિકલ્પ થાય છે.

**૧૫ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | ઈં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૫ × | ૨૦× | ૪ × | ૨ × | ૩ × | ૧૩= | ૧૫૬૦૦૦ |
| (૨)→ | ૫ × | ૫ × | ૧૫× | ૪ × | ૨ × | ૩ × | ૧૦= | ૯૦૦૦૦ |
| (૩)→ | ૫ × | ૫ × | ૧૫× | ૪ × | ૨ × | ૩ × | ૧૩= | ૧૧૭૦૦૦ |
| (૪)→ | ૫ × | ૫ × | ૧૫× | ૪ × | ૨ × | ૩ × | ૧૩= | ૧૧૭૦૦૦ |
| (૫)→ | ૫ × | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦= | ૩૬૦૦૦ |
| (૬)→ | ૫ × | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦= | ૩૬૦૦૦ |
| (૭)→ | ૫ × | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૩= | ૪૬૮૦૦ |
| (૮)→ | ૫ × | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦= | ૬૦૦૦ |

૧૫ બંધહેતુના કુલ ભાંગા - ૬૦૪૮૦૦ થાય

**એકજીવને એકસમયે ૧૬ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કાO હિંO + ભય + જુગુO + અનંતાO = ૧૬ બંધહેતુ હોય છે.

(૨) ભય-જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કાOહિંO + ભય + જુગુO=૧૬ બંધહેતુ હોય છે.

(૩) ભય અને અનંતાનુબંધીના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કાO હિંO +ભય +અનંતાO = ૧૬ બંધહેતુ હોય છે.

(૪) જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કાO હિંO + જુગુO + અનંતાO = ૧૬ બંધહેતુ હોય છે.

(૫) ભયના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૬ કાO હિંO + ભયO = ૧૬ બંધહેતુ હોય છે.

(૬) જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૬ કાOહિંO + જુગુO = ૧૬ બંધહેતુ હોય છે.

(૭) અનંતાનુબંધીના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૬ કાO હિં + અનંતાO = ૧૬ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૬ બંધહેતુના કુલ - ૭ વિકલ્પ થાય છે.

**૧૬ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિO | | ઇંOઅO | | કાOહિંO | | કO | | યુO | | વેદ | | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૫ | × | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩= | ૧૧૭૦૦૦ |
| (૨)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦= | ૩૬૦૦૦ |
| (૩)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩= | ૪૬૮૦૦ |
| (૪)→ | ૫ | × | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩= | ૪૬૮૦૦ |
| (૫)→ | ૫ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦= | ૬૦૦૦ |
| (૬)→ | ૫ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦= | ૬૦૦૦ |
| (૭)→ | ૫ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૩= | ૭૮૦૦ |

૧૬ બંધહેતુના કુલ ભાંગા - ૨૬૬૪૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૭ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + **૫ કાo હિંo** + **ભય** + **જુગુo** + **અનંતાo** = **૧૭ બંધહેતુ** હોય છે.

(૨) ભય-જુગુપ્સાના ઉદયવાળા અને અનંતાનુબંધીના ઉદય વિનાના ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + **૬ કાoહિંo** + **ભય** + **જુગુo** = **૧૭ બંધહેતુ** હોય છે.

(૩) ભય અને અનંતાનુબંધીના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + **૬ કાo હિંo** + **ભય** + **અનંતાo** = **૧૭ બંધહેતુ** હોય છે.

(૪) જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + **૬ કાo હિંo** + **જુગુo** + **અનંતાo** = **૧૭ બંધહેતુ** હોય છે.

એ રીતે, ૧૭ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૭ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિo | ઇંoઅo | કાoહિંo | કo | યુo | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫× | ૫× | ૬× | ૪× | ૨× | ૩× | ૧૩ | =૪૬૮૦૦ |
| (૨)→ | ૫× | ૫× | ૧× | ૪× | ૨× | ૩× | ૧૦ | = ૬૦૦૦ |
| (૩)→ | ૫× | ૫× | ૧× | ૪× | ૨× | ૩× | ૧૩ | = ૭૮૦૦ |
| (૪)→ | ૫× | ૫× | ૧× | ૪× | ૨× | ૩× | ૧૩ | = ૭૮૦૦ |

૧૭ બંધહેતુના કુલ ભાંગા- **૬૮૪૦૦** થાય છે.

**એકજીવને એકસમયે ૧૮ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સા અને અનંતાનુબંધીના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + **૬ કાo હિંo** + **ભય** + **જુગુo** + **અનંતાo** = **૧૮ બંધહેતુ** હોય છે.

**૧૮ બંધહેતુના ભાંગા :-**

| મિo | ઇંoઅo | કાoહિંo | કo | યુo | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ × | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩ × | ૧૩ | = ૭૮૦૦ |

**મિથ્યાત્વગુણઠાણે કુલ ભાંગા :-**

| | | | |
|---|---|---|---|
| ૧૦ | બંધહેતુના- | ૩૬૦૦૦ | ભાંગા. |
| ૧૧ | બંધહેતુના- | ૨૦૮૮૦૦ | ભાંગા. |
| ૧૨ | બંધહેતુના- | ૫૪૬૬૦૦ | ભાંગા. |
| ૧૩ | બંધહેતુના- | ૮૫૬૮૦૦ | ભાંગા. |
| ૧૪ | બંધહેતુના- | ૮૮૨૦૦૦ | ભાંગા. |
| ૧૫ | બંધહેતુના- | ૬૦૪૮૦૦ | ભાંગા. |
| ૧૬ | બંધહેતુના- | ૨૬૬૪૦૦ | ભાંગા. |
| ૧૭ | બંધહેતુના- | ૬૮૪૦૦ | ભાંગા. |
| ૧૮ | બંધહેતુના- | ૭૮૦૦ | ભાંગા. |

મિથ્યાત્વગુણઠાણે કુલ **૩૪,૭૭,૬૦૦ ભાંગા** થાય છે.

★ **મિથ્યાત્વગુણઠાણે સામાન્યબંધહેતુ** - ૫૫ હોય છે. **વિશેષબંધહેતુ જઘન્યથી ૧૦ અને ઉત્કૃષ્ટથી ૧૮ હોય છે.** અને **વિશેષબંધહેતુના ભાંગા ૩૪,૭૭,૬૦૦ થાય છે.**

**-: યાદ રાખો :-**

મિથ્યાત્વગુણઠાણે ૧૦ થી ૧૮ બંધહેતુના કુલ ૪૮ વિકલ્પમાંથી **અનંતાનુબંધીના ઉદય વિનાના એકકાયની** હિંસાવાળા વિકલ્પના ૩૬૦૦૦ ભાંગા થાય છે.

**દ્વિકાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૯૦,૦૦૦ ભાંગા થાય છે.
**ત્રિકાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૧,૨૦,૦૦૦ ભાંગા થાય છે.
**ચતુષ્કાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૯૦,૦૦૦ ભાંગા થાય છે.
**પંચકાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૩૬૦૦૦ ભાંગા થાય છે.
**ષટ્કાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૬૦૦૦ ભાંગા થાય છે.

અને મિથ્યાત્વગુણઠાણે કુલ-૪૮ વિકલ્પમાંથી **અનંતાનુબંધીકષાયના ઉદયની સાથે**

**એકકાયની** હિંસાવાળા વિકલ્પના ૪૬૮૦૦ ભાંગા થાય છે.
**દ્વિકાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૧૧૭૦૦૦ ભાંગા થાય છે.
**ત્રિકાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૧૫૬૦૦૦ ભાંગા થાય છે.
**ચતુષ્કાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૧૧૭૦૦૦ ભાંગા થાય છે.
**પંચકાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૪૬૮૦૦ ભાંગા થાય છે.
**ષટ્કાયસંયોગી** હિંસાવાળા વિકલ્પના ૭૮૦૦ ભાંગા થાય છે.

## સાસ્વાદનગુણઠાણામાં બંધહેતુ :-

સાસ્વાદનગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે જઘન્યથી ૧૦ મધ્યમથી ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, અને ઉત્કૃષ્ટથી ૧૭ બંધહેતુ હોય છે.

## એકજીવને એકસમયે બંધહેતુ :-

| | | |
|---|---|---|
| ૫ ઇન્દ્રિયની અવિરતિમાંથી કોઇપણ | ૧ | ઇંoની અવિરતિ. |
| ૬ કાયની હિંસામાંથી કોઇપણ | ૧ | કાયની હિંસા. |
| ક્રોધાદિ ૪ કષાયમાંથી કોઇપણ | ૧ | કષાય અનંo વગેરે ૪ પ્રકારે.. |
| ૨ યુગલમાંથી કોઇપણ | ૧ | યુગલની ૨ પ્રકૃતિ. |
| ૩ વેદમાંથી કોઇપણ | ૧ | વેદ. |
| ૧૩ યોગમાંથી કોઇપણ | ૧ | યોગ. |

**એકજીવને એકસમયે ૧૦ બંધહેતુ હોય છે.**

સાસ્વાદનગુણઠાણે મિથ્યાત્વનો ઉદય ન હોવાથી મિથ્યાત્વબંધહેતુ ન હોય પણ અનંતાનુબંધીનો ઉદય અવશ્ય હોવાથી અનંતાનુબંધી બંધહેતુ અવશ્ય હોય છે.

## ૧૦ બંધહેતુના ભાંગા :-

સાસ્વાદનગુણઠાણે સ્ત્રીવેદી અને પુoવેદીને ૧૩ યોગ હોય છે. પણ નપુંસકવેદીને વૈoમિo વિના ૧૨ યોગ હોય છે કારણ કે દેવ-નારકને અપર્યાપ્તાવસ્થામાં જ વૈoમિશ્રયોગ હોય છે. તેમાં દેવો સ્ત્રીવેદી કે પુરુષવેદી જ હોય છે. અને નારકો નપુંસકવેદી જ હોય છે. એટલે જે જીવ સાસ્વાદનગુણઠાણુ લઇને દેવગતિમાં ઉત્પન્ન થાય છે. તે દેવ કે દેવીને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન-ગુણઠાણે વૈoમિશ્રયોગ હોય છે. તેથી સાસ્વાદનગુણઠાણે સ્ત્રીવેદીને વૈoમિશ્રયોગ અને પુoવેદીને વૈoમિશ્રયોગ હોય છે. પણ નપુંસકવેદીને વૈoમિશ્રયોગ હોતો નથી. કારણ કે દેવો નપુંસકવેદી હોતા નથી. અને નારકો નપુંસકવેદી હોય છે. પરંતુ કોઇપણ જીવ સાoગુo લઇને નરકમાં ઉત્પન્ન થતો નથી. તેથી નારકને અપર્યાપ્તાવસ્થામાં સાoગુo હોતુ નથી. એટલે સાસ્વાદનગુણઠાણે નારકોને વૈoમિશ્રયોગ હોતો નથી. તેથી સાસ્વાદનગુણઠાણે નપુંસકવેદીને વૈoમિશ્રયોગ ન હોય એટલે સ્ત્રીવેદી અને પુoવેદીને ૧૩ યોગ હોય છે. અને નપુસંકવેદીને ૧૨ યોગ હોય છે. એટલે......

| ઈ૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુગલ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૨ (સ્ત્રી-પુ૦) × | ૧૩ | = ૬૨૪૦ |
| ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૧ (નપુ૦) × | ૧૨ | = ૨૮૮૦ |

૧૦ બંધહેતુના કુલ ભાંગા - ૯૧૨૦ થાય છે.

બીજી રીતે....

૩ વેદ × ૧૩ યોગ = ૩૯ ભાંગા થાય છે.

જેમકે, (૧) સ્ત્રીવેદે કાર્મણકાયયોગ

(૨) સ્ત્રીવેદે ઔ૦મિશ્રયોગ. (૩) સ્ત્રીવેદે ઔ૦કાયયોગ.
(૪) સ્ત્રીવેદે વૈ૦મિશ્રયોગ. (૫) સ્ત્રીવેદે વૈ૦કાયયોગ.
(૬) સ્ત્રીવેદે સત્યમનોયોગ. (૭) સ્ત્રીવેદે અસત્યમનોયોગ.
(૮) સ્ત્રીવેદે મિશ્રમનોયોગ. (૯) સ્ત્રીવેદે અસત્ય-અમૃષામનોયોગ.
(૧૦) સ્ત્રીવેદે સત્યવચનયોગ. (૧૧) સ્ત્રીવેદે અસત્યવચનયોગ.
(૧૨) સ્ત્રીવેદે મિશ્રવચનયોગ. (૧૩) સ્ત્રીવેદે અસત્ય-અમૃષાવચનયોગ.

એ જ પ્રમાણે, સ્ત્રીવેદને સ્થાને પુરુષવેદ શબ્દ મૂકીને ૧૩ ભાંગા કરવા. અને સ્ત્રીવેદને સ્થાને નપુંસકવેદ શબ્દ મૂકીને ૧૩ ભાંગા કરવા. એટલે કુલ-૩૯ ભાંગા થશે. તેમાંથી ૩૦મો ભાંગો (નપુંસકવેદે વૈ૦મિશ્રયોગ) સાસ્વાદનગુણઠાણે હોતો નથી. તેથી ૩૯ ભાંગામાંથી એક ભાંગો (૩૦ મો ભાંગો) કાઢી નાંખતા વેદ+યોગના-૩૮ ભાંગા સાસ્વાદનગુણઠાણે હોય છે. એટલે **વેદ અને યોગના ભેગા મળીને કુલ ૩૮ ભાંગા** × **૫** ઈ૦અ૦ × **૬** (૧કાયની હિંસાના ભાંગા) × **૪ કષાય** × **૨ યુગલ** =૯૧૨૦ ભાંગા થાય છે.

| ઈ૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૮ | = ૯૧૨૦ થાય. |

**એકજીવને એકસમયે ૧૧ બંધહેતુ :-**

(૧) ભયના ઉદયવાળા જીવને પૂર્વે કહેલા **૧૦ +ભય = ૧૧ બંધહેતુ** હોય છે.
(૨) જુગુપ્સાના ઉદયવાળા જીવને **૧૦ + જુગુ૦ = ૧૧ બંધહેતુ** હોય છે.
(૩) દ્વિકાયસંયોગી હિંસકજીવને ૯+૨ **કા૦ હિં૦ = ૧૧ બંધહેતુ** હોય છે.

એ રીતે, **૧૧** બંધહેતુના કુલ-૩ વિકલ્પ થાય છે.

**૧૧ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૮ = | ૯૧૨૦ |
| (૨)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૮ = | ૯૧૨૦ |
| (૩)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩૮ = | ૨૨૮૦૦ |

૧૧ બંધહેતુના કુલ ભાંગા - ૪૧૦૪૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૨ બંધહેતુ :-**

(૧) ભય - જુગુપ્સાના ઉદયવાળા જીવને પૂર્વે કહ્યાં મુજબ ૧૦ + ભય + જુગુ૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૨ કા૦ હિં૦ + ભય = ૧૨ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૨ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૪) ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯+ ૩ કા૦ હિં૦ = ૧૨ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૨ બંધહેતુના કુલ - ૪ વિકલ્પ થાય છે.

**૧૨ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ | × ૪ × | ૨ × | ૩૮ = | ૯૧૨૦ |
| (૨)→ | ૫ × | ૧૫ | × ૪ × | ૨ × | ૩૮ = | ૨૨૮૦૦ |
| (૩)→ | ૫ × | ૧૫ | × ૪ × | ૨ × | ૩૮ = | ૨૨૮૦૦ |
| (૪)→ | ૫ × | ૨૦ | × ૪ × | ૨ × | ૩૮ = | ૩૦૪૦૦ |

૧૨ બંધહેતુના કુલ ૮૫૧૨૦ ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૧૩ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૨ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦ હિં૦ + ભય = ૧૩ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦હિં૦ + જુગુ૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૪) ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ = ૧૩ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૩ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૩ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઈ૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ+યોગ | | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૨૨૮૦૦ |
| (૨)→ | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૩૦૪૦૦ |
| (૩)→ | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૩૦૪૦૦ |
| (૪)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૨૨૮૦૦ |

૧૩ બંધહેતુના કુલ ભાંગા ૧૦૬૪૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૪ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૯ + ૩ કા૦ હિં૦ + ભય + જુગુપ્સા = ૧૪ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ + ભય = ૧૪ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૪) પંચકાયસંયોગી હિંસક જીવને ૯+૫ કા૦ હિં૦ = ૧૪ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૪ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૪ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઈ૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ+યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૩૦૪૦૦ |
| (૨)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૨૨૮૦૦ |
| (૩)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૨૨૮૦૦ |
| (૪)→ | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩૮ | = | ૯૧૨૦ |

૧૪ બંધહેતુના કુલ ભાંગા - ૮૫૧૨૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૫ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૪ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૫ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કા૦ હિં૦ + ભય = ૧૫ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કા૦ હિં૦ + જુગુપ્સા = ૧૫ બંધહેતુ હોય છે.

(૪) ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯+૬ કા૦ હિં૦=૧૫ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૫ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૫ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૧૫ | × ૪ | × ૨ | × ૩૮ | =૨૨૮૦૦ |
| (૨)→ | ૫ × | ૬ | × ૪ | × ૨ | × ૩૮ | = ૯૧૨૦ |
| (૩)→ | ૫ × | ૬ | × ૪ | × ૨ | × ૩૮ | = ૯૧૨૦ |
| (૪)→ | ૫ × | ૧ | × ૪ | × ૨ | × ૩૮ | = ૧૫૨૦ |

૧૫ બંધહેતુના કુલ ભાંગા - ૪૨૫૬૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૬ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૯ + ૫ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૬ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૬ કા૦ હિં૦ + ભય = ૧૬ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૬ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૬ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૬ બંધહેતુના કુલ - ૩ વિકલ્પ થાય છે.

૧૬ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇંઅ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૮= | ૯૧૨૦ |
| (૨)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩૮= | ૧૫૨૦ |
| (૩)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩૮= | ૧૫૨૦ |

૧૬ બંધહેતુના કુલ ભાંગા ૧૨૧૬૦ થાય છે.

એકજીવને એકસમયે ૧૭ બંધહેતુ :-

(૧) ભય - જુગુપ્સાના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૯ + ૬ કા૦હિં૦ + ભય + જુગુ૦ = ૧૭ બંધહેતુ હોય છે.

૧૭ બંધહેતુના ભાંગા :-

| ઇંઅ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩૮ | = ૧૫૨૦ |

સાસ્વાદનગુણઠાણે કુલ ભાંગા :-

૧૦ બંધહેતુના - ૯૧૨૦ ભાંગા.
૧૧ બંધહેતુના - ૪૧૦૪૦ ભાંગા.
૧૨ બંધહેતુના - ૮૫૧૨૦ ભાંગા.
૧૩ બંધહેતુના - ૧૦૬૪૦૦ ભાંગા.
૧૪ બંધહેતુના - ૮૫૧૨૦ ભાંગા.
૧૫ બંધહેતુના - ૪૨૫૬૦ ભાંગા.
૧૬ બંધહેતુના - ૧૨૧૬૦ ભાંગા.
૧૭ બંધહેતુના - ૧૫૨૦ ભાંગા.

સાસ્વાદન ગુણઠાણે કુલ- ૩૮૩૦૪૦ ભાંગા થાય છે.

★ **સાસ્વાદનગુણઠાણે સામાન્યબંધહેતુ ૫૦ હોય છે અને વિશેષબંધહેતુ** જઘન્યથી **૧૦**.અને ઉત્કૃષ્ટથી **૧૭** હોય છે. અને વિશેષબંધહેતુના ભાંગા ૩૮૩૦૪૦ થાય છે.

**મિશ્રગુણઠાણામાં બંધહેતુ :-**

મિશ્રગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે જઘન્યથી ૯ મધ્યમથી ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, અને ઉત્કૃષ્ટથી ૧૬ બંધહેતુ હોય છે.

**એકજીવને એકસમયે ૯ બંધહેતુ :-**

| | | |
|---|---|---|
| ૫ ઇન્દ્રિયની અવિરતિમાંથી કોઈપણ | ૧ | ઇંનીઅવિરતિ. |
| ૬ કાયની હિંસામાંથી કોઈપણ | ૧ | કાયની હિંસા. |
| ક્રોધાદિ ૪ કષાયમાંથી કોઈપણ ૧ કષાય અપ્રત્યા૦ વગેરે | ૩ | પ્રકારે.. |
| ૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની | ૨ | પ્રકૃતિ.. |
| ૩ વેદમાંથી કોઈપણ | ૧ | વેદ. |
| ૧૦ યોગમાંથી કોઈપણ | ૧ | યોગ. |
| એકજીવને એકસમયે કુલ - | ૯ | બંધહેતુ હોય છે. |

**૯ બંધહેતુના ભાંગા :-**

| ઇં૦અ૦ | કા૦હિં૦ | કષાય | યુગલ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૭૨૦૦ ભાંગા થાય છે. |

**એકજીવને એકસમયે ૧૦ બંધહેતુ :-**

(૧) ભયના ઉદયવાળા જીવને ૯ + **ભય = ૧૦ બંધહેતુ** હોય છે.

(૨) જુગુપ્સાના ઉદયવાળા જીવને ૯+**જુગુ૦=૧૦ બંધહેતુ** હોય છે.

(૩) દ્વિકાયસંયોગી હિંસક જીવને **૧ ઇં૦અ૦ +૩ કષાય** +૨ (૧યુ૦) +૧ વેદ + **૧ યોગ** = ૮+૨ **કાયની હિંસા=૧૦ બંધહેતુ** હોય છે.

એ રીતે, **૧૦** બંધહેતુના કુલ-૩ વિકલ્પ થાય છે.

૧૦ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇંoઅo | કાoહિંo | કષાય | યુo | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૭૨૦૦ |
| (૨)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૭૨૦૦ |
| (૩)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૧૮૦૦૦ |

૧૦ બંધહેતુના કુલ ભાંગા - ૩૨૪૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૧ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા જીવને ૯ + ભય + જુગુo = ૧૧ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૨ કાo હિંo + ભય = ૧૧ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૨ કાo હિંo + જુગુo = ૧૧ બંધહેતુ હોય છે.

(૪) ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮+૩ કાo હિંo=૧૧ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૧ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

૧૧ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇંoઅo | કાoહિંo | કષાય | યુo | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૭૨૦૦ |
| (૨)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૧૮૦૦૦ |
| (૩)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૧૮૦૦૦ |
| (૪)→ | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ = | ૨૪૦૦૦ |

૧૧ બંધહેતુના કુલ ભાંગા-૬૭૨૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૨ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૨ કાO હિંO + ભય + જુગુO = ૧૨ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૩ કાO હિંO + ભય = ૧૨ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૩ કાO હિંO + જુગુO = ૧૨ બંધહેતુ હોય છે.

(૪) ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૪ કાO હિંO = ૧૨ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૨ બંધહેતુના કુલ - ૪ વિકલ્પ થાય છે.

**૧૨ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇંOઅO | કાOહિંO | કષાય | યુO | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૧૮૦૦૦ |
| (૨)→ | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૨૪૦૦૦ |
| (૩)→ | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૨૪૦૦૦ |
| (૪)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૧૮૦૦૦ |

૧૨ બંધહેતુના કુલ ભાંગા- ૮૪૦૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૩ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૩ કાO હિંO + ભય + જુગુO = ૧૩ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૪ કાO હિંO + ભય = ૧૩ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૪ કાO હિંO + જુગુO = ૧૩ બંધહેતુ હોય છે.

(૪) પંચકાયસંયોગી હિંસક જીવને ૮+૫ કાO હિંO = ૧૩ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૩ બંધહેતુના કુલ - ૪ વિકલ્પ થાય છે.

**૧૩ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦ હિં૦ | કષાય | યુ૦ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૨૪૦૦૦ |
| (૨)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૧૮૦૦૦ |
| (૩)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૧૮૦૦૦ |
| (૪)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૭૨૦૦ |

૧૩ બંધહેતુના કુલ ભાંગા- ૬૭૨૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૪ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૪ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૮ + ૫ કા૦ હિં૦ + ભય = ૧૪ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૮ + ૫ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૪) ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦ હિં૦ = ૧૪ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૪ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૪ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | કષાય૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | =૧૮૦૦૦ |
| (૨)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | = ૭૨૦૦ |
| (૩)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | = ૭૨૦૦ |
| (૪)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩ × | ૧૦ | = ૧૨૦૦ |

૧૪ બંધહેતુના કુલ ભાંગા ૩૩૬૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૫ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૮ + ૫ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

(૨) ભયના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦ હિં૦ + ભય = **૧૫ બંધહેતુ** હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦ હિં૦ + જુગુ૦ = **૧૫ બંધહેતુ** હોય છે.

એ રીતે, **૧૫** બંધહેતુના કુલ - ૩ વિકલ્પ થાય છે.

**૧૫ બંધહેતુના ભાંગા : -**

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦ હિં૦ | | કષાય | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૭૨૦૦ |
| (૨)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૧૨૦૦ |
| (૩)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૧૨૦૦ |

**૧૫** બંધહેતુના કુલ ભાંગા- ૯૬૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૬ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = **૧૬ બંધહેતુ** હોય છે.

**૧૬ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | કષાય | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૦ | = | ૧૨૦૦ |

**મિશ્રગુણઠાણે કુલ ભાંગા :-**

| | | |
|---|---|---|
| ૯ બંધહેતુના- | ૭૨૦૦ | ભાંગા. |
| ૧૦ બંધહેતુના- | ૩૨૪૦૦ | ભાંગા. |
| ૧૧ બંધહેતુના- | ૬૭૨૦૦ | ભાંગા. |
| ૧૨ બંધહેતુના- | ૮૪૦૦૦ | ભાંગા. |
| ૧૩ બંધહેતુના- | ૬૭૨૦૦ | ભાંગા. |
| ૧૪ બંધહેતુના- | ૩૩૬૦૦ | ભાંગા. |
| ૧૫ બંધહેતુના- | ૯૬૦૦ | ભાંગા. |
| ૧૬ બંધહેતુના- | ૧૨૦૦ | ભાંગા. |

મિશ્રગુણઠાણે કુલ ભાંગા- ૩૦૨૪૦૦ થાય છે.

**મિશ્રગુણઠાણે સામાન્યબંધહેતુ ૪૩ છે.** વિશેષબંધહેતુ જઘન્યથી ૯ અને ઉત્કૃષ્ટથી ૧૬ હોય છે. અને **વિશેષબંધહેતુના ભાંગા ૩૦૨૪૦૦ થાય છે.**

**સમ્યક્ત્વગુણઠાણામાં બંધહેતુ :-**

સમ્યક્ત્વગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે જઘન્યથી ૯, મધ્યમથી ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, અને ઉત્કૃષ્ટથી ૧૬ બંધહેતુ હોય છે.

**એકજીવને એકસમયે ૯ બંધહેતુ :-**

| | |
|---|---|
| ૫ ઈન્દ્રિયની અવિરતિમાંથી કોઈપણ | ૧ ઈંoની અવિરતિ. |
| ૬ કાયની હિંસામાંથી કોઈપણ | ૧ કાયની હિંસા. |
| ક્રોધાદિ ૪ કષાયમાંથી કોઈપણ ૧ કષાય અપ્રત્યાo વગેરે | ૩ પ્રકારે.. |
| ૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની | ૨ પ્રકૃતિ.. |
| ૩ વેદમાંથી કોઈપણ | ૧ વેદ. |
| ૧૩ યોગમાંથી કોઈપણ | ૧ યોગ. |
| એકજીવને એકસમયે કુલ- | ૯ બંધહેતુ હોય છે. |

**૯ બંધહેતુના ભાંગા :-**

સમ્યક્ત્વગુણઠાણે નપુંસકવેદીને ઔoમિo વિના ૧૨ યોગ હોય છે. કારણ કે કોઈપણ સમ્યગ્દૃષ્ટિજીવ સમ્યક્ત્વ લઈને તિર્યંચ-મનુષ્યમાં નપુંસકવેદે

ઉત્પન્ન થતો નથી. તેથી સમ્યક્ત્વગુણઠાણે નપુસંકવેદીને ઔ૦મિશ્રયોગ ન હોય. એટલે સમ્યક્ત્વગુણઠાણે નપુસંકવેદીને ઔ૦મિ૦ વિના ૧૨ યોગ હોય છે. અને સ્ત્રીવેદી તથા પુરુષવેદીને ૧૩ યોગ હોય છે. તેથી સાસ્વાદનગુણઠાણે કહ્યાં મુજબ **૩વેદ ×૧૩ યોગ = ૩૯** ભાંગામાંથી એક (૨૮મો )ભાંગો કાઢી નાંખતા ૩૮ ભાંગા સમ્યક્ત્વગુણઠાણે હોય છે. એટલે વેદ અને યોગના ભેગા મળીને **૩૮ ભાંગા×૫ ઈ૦અ૦×૬ (૧કા૦હિં૦) ×૪કષાય × ૨ (૧યુ૦) =૯૧૨૦ ભાંગા** થાય છે. એટલે સાસ્વાદનગુણઠાણાની જેમ સમ્યક્ત્વગુણઠાણે પણ

| | | | |
|---|---|---|---|
| ૯ બંધહેતુના | - | ૯૧૨૦ | ભાંગા થાય છે. |
| ૧૦ બંધહેતુના | - | ૪૧૦૪૦ | ભાંગા થાય છે. |
| ૧૧ બંધહેતુના | - | ૮૫૧૨૦ | ભાંગા થાય છે. |
| ૧૨ બંધહેતુના | - | ૧૦૬૪૦૦ | ભાંગા થાય છે. |
| ૧૩ બંધહેતુના | - | ૮૫૧૨૦ | ભાંગા થાય છે. |
| ૧૪ બંધહેતુના | - | ૪૨૫૬૦ | ભાંગા થાય છે. |
| ૧૫ બંધહેતુના | - | ૧૨૧૬૦ | ભાંગા થાય છે. |
| ૧૬ બંધહેતુના | - | ૧૫૨૦ | ભાંગા થાય છે. |
| સમ્યક્ત્વગુણઠાણે કુલ | - | ૩૮૩૦૪૦ | **ભાંગા** થાય છે. |

**મતાંતરે :-**

**૯ બંધહેતુના ભાંગા :-**

કેટલાક આચાર્યભગવંતનું એવું માનવું છે કે, કોઈપણ સમ્યગ્દૃષ્ટિજીવ તિર્યંચ-મનુષ્ય કે દેવમાં પુરુષવેદે જ ઉત્પન્ન થાય છે. સ્ત્રીવેદે ઉત્પન્ન થતો નથી. તેથી સ્ત્રીવેદીને અપર્યાપ્તાવસ્થામાં સમ્યક્ત્વગુણઠાણુ હોતુ નથી. એટલે સમ્યક્ત્વગુણઠાણે સ્ત્રીવેદીને કાર્મણકાયયોગ, ઔ૦મિશ્રયોગ અને વૈ૦મિશ્રયોગ હોતો નથી. તેથી **સમ્યક્ત્વગુણઠાણે સ્ત્રીવેદીને ૧૩ યોગમાંથી કા૦કા૦, ઔ૦મિ૦ અને વૈ૦મિશ્ર વિના ૧૦ યોગ હોય છે.** અને ઉપર કહ્યાં મુજબ **નપુંસકવેદીને ઔ૦મિ૦ વિના ૧૨ યોગ હોય છે.** એટલે.....

| ઈ૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ ↓ ↓ | ↓ | ↓ | ↓ | | ↓ | ↓ |
| ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૧ પુ૦વેદ× | ૧૩ = | ૩૧૨૦ |
| ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૧ સ્ત્રીવેદ× | ૧૦ = | ૨૪૦૦ |
| ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૧ નપુંવેદ× | ૧૨ = | ૨૮૮૦ |

૯ બંધહેતુના કુલ ભાંગા - ૮૪૦૦ થાય છે.

બીજી રીતે...

સાસ્વાદનગુણઠાણે કહ્યાં મુજબ ૩ વેદ × ૧૩ યોગ = ૩૯ ભાંગામાંથી ૧લો ભાંગો, ૨જો ભાંગો, ૪થો ભાંગો અને ૨૮મો ભાંગો એ-૪ ભાંગા કાઢી નાંખતા ૩૫ ભાંગા રહે છે. એટલે વેદ અને યોગના ભેગા મળીને ૩૫ ભાંગા×૫ ઈં૦અ૦×૬ (૧કાયની હિંસાના ભાંગા) × ૪ કષાય ×૨ (૧યુ૦) = ૮૪૦૦ ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૧૦ બંધહેતુ :-**

(૧) ભયના ઉદયવાળા જીવને ૯ +ભય = ૧૦ બંધહેતુ હોય છે.

(૨) જુગુપ્સાના ઉદયવાળા જીવને ૯ + જુગુ૦ = ૧૦ બંધહેતુ હોય છે.

(૩) દ્વિકાયસંયોગી હિંસક જીવને ૧ ઈં૦અ૦ + ૩ ક૦ +૨ (૧યુ૦) + ૧ વેદ +૧ યોગ = ૮+ ૨ કાયની હિં૦ = ૧૦ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૦ બંધહેતુના કુલ - ૩ વિકલ્પ થાય છે.

**૧૦ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઈં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૫ = | ૮૪૦૦ |
| (૨)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૫ = | ૮૪૦૦ |
| (૩)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩૫ = | ૨૧૦૦૦ |

૧૦ બંધહેતુના કુલ ભાંગા - ૩૭૮૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૧ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા જીવને ૯ + ભય + જુગુ૦ =૧૧ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૨ કા૦ હિં૦ + ભય = ૧૧ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૨ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૧ બંધહેતુ હોય છે.

(૪) ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮ +૩ કા૦ હિં૦ = ૧૧ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૧ બંધહેતુના કુલ ૪ વિકલ્પ થાય છે.

**૧૧ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦ હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩૫= | ૮૪૦૦ |
| (૨)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩૫= | ૨૧૦૦૦ |
| (૩)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩૫= | ૨૧૦૦૦ |
| (૪)→ | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૩૫= | ૨૮૦૦૦ |

૧૧ બંધહેતુના કુલ ભાંગા- ૭૮૪૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૨ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૨ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૩ કા૦ હિં૦ + ભય = ૧૨ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૩ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૪) ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮+૪ કા૦હિં૦ = ૧૨ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૨ બંધહેતુના કુલ - ૪ વિકલ્પ થાય છે.

૧૨ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇ૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩૫ | =૨૧૦૦૦ |
| (૨)→ | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩૫ | =૨૮૦૦૦ |
| (૩)→ | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩૫ | =૨૮૦૦૦ |
| (૪)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩૫ | =૨૧૦૦૦ |

૧૨ બંધહેતુના ભાંગા ૯૮૦૦૦ થાય છે.

એકજીવને એકસમયે ૧૩ બંધહેતુ :-

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૮ + ૩ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૪ કા૦ હિં૦ + ભય = ૧૩ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૪ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૪) પંચકાયસંયોગી હિંસક જીવને ૮+૫ કા૦હિં૦ = ૧૩ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૩ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

૧૩ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇ૦અ૦ | કા૦ હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૨૦ × | ૪ × | ૨ × | ૩૫ | =૨૮૦૦૦ |
| (૨)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩૫ | =૨૧૦૦૦ |
| (૩)→ | ૫ × | ૧૫ × | ૪ × | ૨ × | ૩૫ | =૨૧૦૦૦ |
| (૪)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૫ | = ૮૪૦૦ |

૧૩ બંધહેતુના કુલ ભાંગા - ૭૮૪૦૦ થાય છે.

**એક જીવને એકસમયે ૧૪ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૪ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૮ + ૫ કા૦ હિં૦ + ભય = ૧૪ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૮ + ૫ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૪ બંધહેતુ હોય છે.

(૪) ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦હિં૦ = ૧૪ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૪ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૪ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૩૫ | =૨૧૦૦૦ |
| (૨)→ | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩૫ | = ૮૪૦૦ |
| (૩)→ | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૩૫ | = ૮૪૦૦ |
| (૪)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩૫ | = ૧૪૦૦ |

૧૪ બંધહેતુના કુલ-ભાંગા ૩૯૨૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૫ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૮ + ૫ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૫ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦ હિં૦ + ભય = ૧૫ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૫ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૫ બંધહેતુના કુલ-૩ વિકલ્પ થાય છે.

**૧૫ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૩૫ = | ૮૪૦૦ |
| (૨)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩૫ = | ૧૪૦૦ |
| (૩)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩૫ = | ૧૪૦૦ |

૧૫ બંધહેતુના કુલ-ભાંગા ૧૧૨૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૬ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ષટ્કાયસંયોગી હિંસક જીવને ૮ + ૬ કા૦હિં૦ + ભય + જુગુ૦ = ૧૬ બંધહેતુ હોય છે.

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ+યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૩૫ = | ૧૪૦૦ |

**સમ્યક્ત્વગુણઠાણે કુલ ભાંગા :-**

| | | |
|---|---|---|
| ૯ બંધહેતુના- | ૮૪૦૦ | ભાંગા |
| ૧૦ બંધહેતુના- | ૩૭૮૦૦ | ભાંગા |
| ૧૧ બંધહેતુના- | ૭૮૪૦૦ | ભાંગા |
| ૧૨ બંધહેતુના- | ૯૮૦૦૦ | ભાંગા |
| ૧૩ બંધહેતુના- | ૭૮૪૦૦ | ભાંગા |
| ૧૪ બંધહેતુના- | ૩૯૨૦૦ | ભાંગા |
| ૧૫ બંધહેતુના- | ૧૧૨૦૦ | ભાંગા |
| ૧૬ બંધહેતુના- | ૧૪૦૦ | ભાંગા |

સમ્યક્ત્વગુણઠાણે કુલ **ભાંગા - ૩૫૨૮૦૦** થાય છે.

**સમ્યક્ત્વગુણઠાણે સામાન્યબંધહેતુ ૪૬ છે.** વિશેષબંધહેતુ જઘન્યથી ૯ અને ઉત્કૃષ્ટથી ૧૬ છે. અને **વિશેષબંધહેતુના ભાંગા ૩૫૨૮૦૦ થાય છે.**

## દેશવિરતિગુણઠાણામાં બંધહેતુ :-

દેશવિરતિગુણઠાણામાં રહેલા શ્રાવકને જઘન્યથી ૮ મધ્યમથી ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, અને ઉત્કૃષ્ટથી ૧૪ બંધહેતુ હોય છે.

**એકજીવને એકસમયે ૮ બંધહેતુ :-**

૫ ઈન્દ્રિયની અવિરતિમાંથી કોઈપણ ૧ ઈ૦ની અવિરતિ.
૫ કાયની હિંસામાંથી કોઈપણ ૧ કા૦ની હિંસા.
ક્રોધાદિ ૪ કષાયમાંથી કોઈપણ ૧ કષાય પ્રત્યા૦ વગેરે ૨ પ્રકારે..
૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની ૨ પ્રકૃતિ..
૩ વેદમાંથી કોઈપણ ૧ વેદ.
૧૧ યોગમાંથી કોઈપણ ૧ યોગ.
એકજીવને એકસમયે કુલ ૮ **બંધહેતુ** હોય છે.

**૮ બંધહેતુના ભાંગા :-**

| ઈ૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૫ × | ૫ × | ૪ × | ૨ × | ૩ × | ૧૧ | = ૬૬૦૦ |

દેશવિરતિધરશ્રાવકને ત્રસકાયની વિરતિ અને સ્થાવરકાયની અવિરતિ હોય છે.

તેથી એકકાયની હિંસાના- ૫ વિકલ્પ થાય છે.
દ્વિકાયસંયોગી હિંસાના- ૧૦ વિકલ્પ થાય છે.
ત્રિકાયસંયોગી હિંસાના- ૧૦ વિકલ્પ થાય છે.
ચતુષ્કાયસંયોગી હિંસાના- ૫ વિકલ્પ થાય છે.
પંચકાયસંયોગી હિંસાનો- ૧ વિકલ્પ થાય છે.
૧ થી ૫ કાયના કુલ ૩૧ ભાંગા થાય છે.

**એકકાયની હિંસાના ૫ ભાંગા :-**

(૧) પૃથ્વીકાયની હિંસા. (૨) જલકાયની હિંસા.
(૩) અગ્નિકાયની હિંસા. (૪) વાયુકાયની હિંસા.
(૫) વનસ્પતિકાયની હિંસા.

**દ્વિકાયસંયોગી હિંસાના ૧૦ ભાંગા :-**

(૧) પૃથ્વીકાય-અપ્કાયની હિંસા. (૨) પૃથ્વીકાય-અગ્નિકાયની હિંસા.
(૩) પૃથ્વીકાય-વાયુકાયની હિંસા. (૪) પૃથ્વીકાય-વનસ્પતિકાયની હિંસા.

*(૫) જલકાય-અગ્નિકાયની હિંસા.* *(૬) જલકાય- વાયુકાયની હિંસા.*

*(૭) જલકાય-વનસ્પતિકાયની હિંસા.* *(૮) અગ્નિકાય-વાયુકાયની હિંસા.*

*(૯) અગ્નિકાય-વનસ્પતિકાયની હિંસા.* *(૧૦) વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.*

***ત્રિકાય સંયોગી હિંસાના - ૧૦ ભાંગા :-***

*(૧) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાયની હિંસા.*

*(૨) પૃથ્વીકાય-જલકાય-વાયુકાયની હિંસા.*

*(૩) પૃથ્વીકાય-જલકાય-વનસ્પતિકાયની હિંસા.*

*(૪) પૃથ્વીકાય-અગ્નિકાય-વાયુકાયની હિંસા.*

*(૫) પૃથ્વીકાય-અગ્નિકાય-વનસ્પતિકાયની હિંસા.*

*(૬) પૃથ્વીકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.*

*(૭) જલકાય-અગ્નિકાય-વાયુકાયની હિંસા.*

*(૮) જલકાય- અગ્નિકાય-વનસ્પતિકાયની હિંસા.*

*(૯) જલકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.*

*(૧૦) અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાયની હિંસા.*

***ચતુષ્કાયસંયોગી હિંસાના - ૫ ભાંગા :-***

(૧) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વાયુકાય*ની હિંસા.*

(૨) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વનસ્પતિકાય*ની હિંસા.*

(૩) પૃથ્વીકાય-જલકાય-વાયુકાય-વનસ્પતિકાય*ની હિંસા.*

(૪) પૃથ્વીકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય*ની હિંસા.*

(૫) જલકાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય*ની હિંસા.*

***પંચકાયસંયોગી હિંસાનો-૧ ભાંગો :-***

(૧) પૃથ્વીકાય-જલકાય-અગ્નિકાય-વાયુકાય.-વનસ્પતિકાય*ની હિંસા.*

**૧થી૫** કાયના કુલ **૫+૧૦+૧૦+૫+૧=૩૧** ભાંગા થાય છે. એટલે **દેશવિરતિગુણઠાણે** જે વિકલ્પમાં એકકાયની હિંસા કહી હોય. તે વિકલ્પના ભાંગા કરતી વખતે **૧ કાયની હિંસાના ૫ ભાગાં** લેવા. જે વિકલ્પમાં બે કાયની હિંસા

કહી હોય તે વિકલ્પના ભાંગા કરતી વખતે **૨ કાયની હિંસાના ૧૦ ભાંગા** લેવા. જે વિકલ્પમાં ત્રણકાયની હિંસા કહી હોય તે વિકલ્પના ભાંગા કરતી વખતે **૩ કાયની હિંસાના ૧૦ ભાંગા** લેવા. જે વિકલ્પમાં ચારકાયની હિંસા કહી હોય તે વિકલ્પના ભાંગા કરતી વખતે **૪ કાયની હિંસાના ૫ ભાંગા** લેવા. અને જે વિકલ્પમાં ૫ કાયની હિંસા કહી હોય. તે વિકલ્પના ભાંગા કરતી વખતે **૫ કાયની હિંસાનો ૧ ભાંગો** લેવો.

***એકજીવને એકસમયે-૯ બંધહેતુ :-***

*(૧) ભયના ઉદયવાળા જીવને ૮ +ભય = ૯ બંધહેતુ હોય છે.*

*(૨) જુગુપ્સાના ઉદયવાળા જીવને ૮ + જુગુ૦ = ૯ બંધહેતુ હોય છે.*

*(૩) દ્વિકાયસંયોગી હિંસક જીવને ૧ ઈં૦અ૦ + ૨ ક૦ +૨ (૧યુ૦) + ૧ વેદ +૧ યોગ = ૭ + ૨ કાયની હિંસા = ૯ બંધહેતુ હોય છે.*

*એ રીતે, ૯ બંધહેતુના કુલ-૩ વિકલ્પ થાય છે.*

***૯ બંધહેતુના ભાંગા :-***

| વિકલ્પ | ઈં૦અ૦ | | કા૦હિં૦ | | કષાય | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૬૬૦૦ |
| (૨)→ | ૫ | × | ૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૬૬૦૦ |
| (૩)→ | ૫ | × | ૧૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૧૩૨૦૦ |

*૯ બંધહેતુના કુલ ભાંગા ૨૬૪૦૦ થાય છે.*

***એકજીવને એકસમયે ૧૦ બંધહેતુ :-***

*(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા જીવને ૮ + ભય + જુગુ૦ = ૧૦ બંધહેતુ હોય છે.*

*(૨) ભયના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૭ + ૨ કા૦હિં૦ + ભય = ૧૦ બંધહેતુ હોય છે.*

*(૩) જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૭ + ૨ કા૦હિં૦ + જુગુ૦ = ૧૦ બંધહેતુ હોય છે.*

*(૪) ત્રિકાયસંયોગી હિંસક જીવને ૭ + ૩ કા૦હિં૦ = ૧૦ બંધહેતુ હોય છે.*

*એ રીતે, ૧૦ બંધહેતુના કુલ - ૪ વિકલ્પ થાય છે.*

**૧૦ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | કષાય | યુ૦ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| (૧)→ | ૫ | × ૫ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | = ૬૬૦૦ |
| (૨)→ | ૫ | × ૧૦ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | = ૧૩૨૦૦ |
| (૩)→ | ૫ | × ૧૦ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | = ૧૩૨૦૦ |
| (૪)→ | ૫ | × ૧૦ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | = ૧૩૨૦૦ |

૧૦ બંધહેતુના કુલ ભાંગા ૪૬૨૦૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૧ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા દ્વિકાયસંયોગી હિંસક જીવને ૭ + ૨ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૧ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૭ + ૩ કા૦ હિં૦ + ભય = ૧૧ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૭ + ૩ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૧ બંધહેતુ હોય છે.

(૪) ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૭+૪ કા૦હિં૦=૧૧ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૧ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૧ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | કષાય | યુ૦ | વેદ | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| (૧)→ | ૫ | × ૧૦ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | =૧૩૨૦૦ |
| (૨)→ | ૫ | × ૧૦ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | =૧૩૨૦૦ |
| (૩)→ | ૫ | × ૧૦ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | =૧૩૨૦૦ |
| (૪)→ | ૫ | × ૫ | × ૪ | × ૨ | × ૩ | × ૧૧ | = ૬૬૦૦ |

૧૧ બંધહેતુના કુલ -૪૬૨૦૦ ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૧૨ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ત્રિકાયસંયોગી હિંસક જીવને ૭ + ૩ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૭ + ૪ કા૦ હિં૦ + ભય = ૧૨ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૭ + ૪ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૨ બંધહેતુ હોય છે.

(૪) પંચકાયસંયોગી હિંસક જીવને ૭+૫ કા૦હિંસા=૧૨ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૨ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**૧૨ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | કષાય | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧૦ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૧૩૨૦૦ |
| (૨)→ | ૫ | × | ૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૬૬૦૦ |
| (૩)→ | ૫ | × | ૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૬૬૦૦ |
| (૪)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૧૩૨૦ |

૧૨ બંધહેતુના કુલ-ભાંગા ૨૭૭૨૦ થાય છે.

**એકજીવને એકસમયે ૧૩ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા ચતુષ્કાયસંયોગી હિંસક જીવને ૭ + ૪ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૩ બંધહેતુ હોય છે.

(૨) ભયના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૭ + ૫ કા૦ હિંસા૦ + ભય = ૧૩ બંધહેતુ હોય છે.

(૩) જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૭ + ૫ કા૦ હિં૦ + જુગુ૦ = ૧૩ બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૩ બંધહેતુના કુલ-૩ વિકલ્પ થાય છે.

૧૩ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇંઅ૦ | | કા૦હિં૦ | | કષાય | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૫ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૬૬૦૦ |
| (૨)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૧૩૨૦ |
| (૩)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૧૩૨૦ |

૧૩ બંધહેતુના કુલ ભાંગા-૯૨૪૦ થાય છે.

એકજીવને એકસમયે ૧૪ બંધહેતુ :-

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા પંચકાયસંયોગી હિંસક જીવને ૭ + ૫ કા૦ હિં૦ + ભય + જુગુ૦ = ૧૪ બંધહેતુ હોય છે.

૧૪ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇંઅ૦ | | કા૦હિં૦ | | કષાય | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૧૧ | = | ૧૩૨૦ |

દેશવિરતિગુણઠાણે કુલ ભાંગા :-

| | | | |
|---|---|---|---|
| ૮ | બંધહેતુના - | ૬૬૦૦ | ભાંગા |
| ૯ | બંધહેતુના - | ૨૬૪૦૦ | ભાંગા |
| ૧૦ | બંધહેતુના - | ૪૬૨૦૦ | ભાંગા |
| ૧૧ | બંધહેતુના - | ૪૬૨૦૦ | ભાંગા |
| ૧૨ | બંધહેતુના - | ૨૭૭૨૦ | ભાંગા |
| ૧૩ | બંધહેતુના - | ૯૨૪૦ | ભાંગા |
| ૧૪ | બંધહેતુના - | ૧૩૨૦ | ભાંગા |

દેશવિરતિગુણઠાણે કુલ- ૧૬૩૬૮૦ ભાંગા થાય છે.

દેશવિરતિગુણઠાણે સામાન્યબંધહેતુ ૩૯ હોય છે. વિશેષબંધહેતુ જઘન્યથી ૮ અને ઉત્કૃષ્ટથી ૧૪ હોય છે. અને વિશેષબંધહેતુના ભાંગા કુલ ૧૬૩૬૮૦ થાય છે.

**પ્રમત્તસંયતગુણઠાણે બંધહેતુ :-**

પ્રમત્તગુણઠાણામાં રહેલા એક જીવને એકસમયે જઘન્યથી **૫**, મધ્યમથી ૬, અને ઉત્કૃષ્ટથી ૭ બંધહેતુ હોય છે.

**એકજીવને એકસમયે ૫ બંધહેતુ :-**

સંજ્વલનક્રોધાદિ ૪ માંથી કોઈપણ- ૧ કષાય.
૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની- ૨ પ્રકૃતિ.
૩ વેદમાંથી કોઈપણ- ૧ વેદ.
૧૩ યોગમાંથી કોઈપણ- ૧ યોગ.
એકજીવને એકસમયે કુલ- **૫ બંધહેતુ** હોય છે.

**૫ બંધહેતુના ભાંગા :-**

પ્રમત્તગુણઠાણે સ્ત્રીવેદીને આહારકમિશ્ર અને આહારકકાયયોગ વિના- **૧૧** યોગ હોય છે. અને પુ૦વેદી તથા નપુંસકવેદીને **૧૩** યોગ હોય છે. એટલે ૩ વેદ×**૧૩** યોગ=૩૯ ભાંગામાંથી ૬ઠ્ઠોભાંગો (સ્ત્રીવેદે આહારકમિશ્ર) અને ૭મો ભાંગો (સ્ત્રીવેદે આહારકકાયયોગ) એ બે ભાંગા કાઢી નાંખતા ૩૭ ભાંગા રહે છે. એટલે વેદ અને યોગના ભેગા મળીને **૩૭ ભાંગા×૪** ક૦×૨ (૧યુ૦) = **૨૯૬ ભાંગા** થાય.

**એકજીવને એકસમયે ૬ બંધહેતુ :-**

(૧) ભયના ઉદયવાળા જીવને **૫+ભય=૬** બંધહેતુ હોય છે.

(૨) જુગુપ્સાના ઉદયવાળા જીવને **૫+જુગુ૦=૬** બંધહેતુ હોય છે.

**૬ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | કષાય | | યુ૦ | | વેદ+યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૪ | × | ૨ | × | ૩૭ | = | ૨૯૬ |
| (૨)→ | ૪ | × | ૨ | × | ૩૭ | = | ૨૯૬ |

૬ બંધહેતુના કુલ- **૫૯૨** ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૭ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા જીવને ૫ + **ભય** + **જુગુ૦** = ૭ બંધહેતુ હોય છે.

**૭ બંધહેતુના ભાંગા :-**

| કષાય | | યુગલ | | વેદ+યોગ | | ભાંગા. |
|---|---|---|---|---|---|---|
| ↓ | | ↓ | | ↓ | | ↓ |
| ૪ | × | ૨ | × | ૩૭ | = | ૨૯૬ ભાંગા થાય છે. |

**પ્રમત્તગુણઠાણે કુલ ભાંગા :-**

૫ બંધહેતુના - ૨૯૬ ભાંગા થાય છે.
૬ બંધહેતુના - ૫૯૨ ભાંગા થાય છે.
૭ બંધહેતુના - ૨૯૬ ભાંગા થાય છે.

પ્રમત્તગુણઠાણે કુલ -**૧૧૮૪** ભાંગા થાય છે.

**પ્રમત્તગુણઠાણે સામાન્યબંધહેતુ ૨૬ છે.** વિશેષબંધહેતુ જઘન્યથી ૫ અને ઉત્કૃષ્ટથી ૭ છે. અને **વિશેષબંધહેતુના કુલ ભાંગા-૧૧૮૪ થાય છે.**

**અપ્રમત્તસંયતગુણઠાણે બંધહેતુ :-**

અપ્રમત્તગુણઠાણામાં રહેલા એક જીવને એકસમયે જઘન્યથી ૫, મધ્યમથી ૬, અને ઉત્કૃષ્ટથી ૭ બંધહેતુ હોય છે.

**એકજીવને એકસમયે ૫ બંધહેતુ :-**

સંજ્વલનક્રોધાદિ ૪ માંથી કોઈપણ **૧** કષાય.
૨ યુગલમાંથી કોઈપણ **૧** યુગલની ૨ પ્રકૃતિ.
૩ વેદમાંથી કોઈપણ **૧** વેદ.
**૧૧** યોગમાંથી કોઈપણ **૧** યોગ.

એકજીવને એકસમયે કુલ- **૫ બંધહેતુ** હોય છે.

**૫ બંધહેતુના ભાંગા :-**

અપ્રમત્તગુણઠાણે પુરુષવેદી તથા નપુંસકવેદીને **૧૧** યોગ હોય છે. અને સ્ત્રીવેદીને આહા૦કાયયોગ વિના **૧૦** યોગ હોય છે. એટલે ૩વેદ ×**૧૧** યોગ=૩૩ ભાંગા થાય. તેમાંથી એકભાંગો કાઢી નાંખવાથી ૩૨ ભાંગા રહે છે. તેથી વેદ + યોગના ૩૨ **ભાંગા×૪ કષાય×૨ યુ૦=૨૫૬** ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૬ બંધહેતુ :-**

(૧) ભયના ઉદયવાળા અપ્રમત્તસંયમીને **૫** +**ભય** = **૬ બંધહેતુ** હોય છે.

(૨) જુગુપ્સાના ઉદયવાળા જીવને **૫** + **જુગુ૦** = **૬ બંધહેતુ** હોય છે.

**૬ બંધહેતુના ભાંગા :-**

વિકલ્પ કષાય યુ૦ વેદ+યોગ ભાંગા.

↓ ↓ ↓ ↓ ↓

(૧)→ ૪ × ૨ × ૩૨= ૨૫૬

(૨)→ ૪ × ૨ × ૩૨= ૨૫૬

૬ બંધહેતુના કુલ- **૫૧૨** ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૭ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા જીવને **૫** + **ભય** + **જુગુ૦** = **૭** બંધહેતુ હોય છે.

**૭ બંધહેતુના ભાંગા :-**

૪ ક૦ × ૨ યુ૦ × ૩૨(યોગ+વેદ)=૨૫૬ ભાંગા થાય છે.

**અપ્રમત્તગુણઠાણે કુલ ભાંગા :-**

૫ બંધહેતુના કુલ- **૨૫૬**

૬ બંધહેતુના કુલ- **૫૧૨**

૭ બંધહેતુના કુલ- **૨૫૬**

અપ્રમત્તગુણઠાણે કુલ-**૧૦૨૪** ભાંગા થાય છે.

**અપ્રમત્તગુણઠાણે સામાન્યબંધહેતુ ૨૪ છે. વિશેષબંધહેતુ** જઘન્યથી **૫** અને ઉત્કૃષ્ટથી **૭** છે. અને **વિશેષબંધહેતુના કુલ ભાંગા ૧૦૨૪ થાય છે.**

**અપૂર્વકરણગુણઠાણે બંધહેતુ :-**

અપૂર્વકરણગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે જઘન્યથી **૫**, મધ્યમથી **૬**, અને ઉત્કૃષ્ટથી **૭** બંધહેતુ હોય છે.

**એકજીવને એકસમયે ૫ બંધહેતુ :-**

સંજ્વલનક્રોધાદિ ૪ માંથી કોઈપણ ૧ કષાય.
૨ યુગલમાંથી કોઈપણ ૧ યુ૦ની ૨ પ્રકૃતિ.
૩ વેદમાંથી કોઈપણ ૧ વેદ.
૯ યોગમાંથી કોઈપણ ૧ યોગ.
એકજીવને એકસમયે કુલ- **૫** બંધહેતુ હોય છે.

**૫ બંધહેતુના ભાંગા :-**

૪ કષાય × ૨ યુ૦ × ૩વેદ × ૯ યોગ = **૨૧૬** ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૬ બંધહેતુ :-**

(૧) ભયના ઉદયવાળા જીવને **૫** +**ભય** = **૬ બંધહેતુ** હોય છે.

(૨) જુગુપ્સાના ઉદયવાળા જીવને **૫** + **જુગુ૦** = **૬ બંધહેતુ** હોય છે.

**૬ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | કષાય | | યુગલ | | વેદ | | યોગ | ભાંગા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૪ | × | ૨ | × | ૩ | × | ૯ | = **૨૧૬** |
| (૨)→ | ૪ | × | ૨ | × | ૩ | × | ૯ | = **૨૧૬** |

૬ બંધહેતુના કુલ- ૪૩૨ ભાંગા થાય છે.

**એકજીવને એકસમયે ૭ બંધહેતુ :-**

(૧) ભય-જુગુપ્સાના ઉદયવાળા જીવને **૫** +**ભય** + **જુગુ૦** = **૭** બંધહેતુ હોય છે.

**૭ બંધહેતુના ભાંગા :-**

૪ કષાય × ૨ યુ૦ × ૩વેદ × ૯ યોગ = **૨૧૬** ભાંગા થાય છે.

**અપૂર્વકરણગુણઠાણે કુલ ભાંગા :-**

**૫** બંધહેતુના - **૨૧૬** ભાંગા થાય.
**૬** બંધહેતુના - **૪૩૨** ભાંગા થાય.
**૭** બંધહેતુના - **૨૧૬** ભાંગા થાય.
અપૂર્વકરણગુણઠાણે કુલ - **૮૬૪** ભાંગા થાય છે.

**અપૂર્વકરણગુણઠાણે સામાન્યબંધહેતુ ૨૨ છે.** વિશેષબંધહેતુ જઘન્યથી **૫** અને ઉત્કૃષ્ટથી **૭** છે. અને **વિશેષબંધહેતુના કુલ ભાંગા ૮૬૪ થાય છે.**

**અનિવૃત્તિગુણઠાણે બંધહેતુ :-**

અનિવૃત્તિગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે જ્યાં સુધી વેદનો ઉદય હોય છે. ત્યાં સુધી ૩, બંધહેતુ હોય છે. અને વેદનો ઉદય અટકી ગયા પછી ૨ બંધહેતુ હોય છે.

**એકજીવને એકસમયે ૩ બંધહેતુ :-**

સંજ્વલનક્રોધાદિ ૪ માંથી કોઈપણ **૧** કષાય.
૩ વેદમાંથી કોઈપણ **૧** વેદ.
૯ યોગમાંથી કોઈપણ **૧** યોગ.
એકજીવને એકસમયે કુલ ૩ **બંધહેતુ** હોય છે.

વેદનો ઉદય અટકી ગયા પછી સંજ્વલન ક્રોધાદિ-૪ માંથી **૧** કષાય.
૯ યોગમાંથી કોઈપણ- **૧** યોગ
એકજીવને એકસમયે ૨ બંધહેતુ હોય છે.

**બંધહેતુના ભાંગા :-**

૩ બંધહેતુના ભાંગા :- ૪ ક૦ × ૩વેદ × ૯ યોગ = **૧૦૮** ભાંગા.
૨ બંધહેતુના ભાંગા :- ૪ ક૦ × ૯ યોગ = **૩૬** ભાંગા.
અનિવૃત્તિગુણઠાણે કુલ = **૧૪૪** ભાંગા થાય છે.

**અનિવૃત્તિગુણઠાણે સામાન્યબંધહેતુ ૧૬ છે. વિશેષબંધહેતુ ૨** કે ૩ હોય છે. અને **વિશેષબંધહેતુના ભાંગા ૧૪૪ થાય છે.**

**સૂક્ષ્મસંપરાયગુણઠાણે બંધહેતુ :-**

સૂક્ષ્મસંપરાયગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે ૨ બંધહેતુ હોય છે.

સંજ્વલન લોભ- **૧** કષાય.
૯ યોગમાંથી કોઈપણ- **૧** યોગ.
એકજીવને એકસમયે કુલ- ૨ **બંધહેતુ** હોય છે.

**૨ બંધહેતુના ભાંગા :-** ૧ ક૦ × ૯ યોગ = ૯ ભાંગા થાય છે.

**સૂક્ષ્મસંપરાયગુણઠાણે સામાન્યબંધહેતુ ૧૦ છે. વિશેષબંધહેતુ** ૨ હોય છે. અને **વિશેષબંધહેતુના ભાંગા ૯ થાય છે.**

**૧૧ થી ૧૩ ગુણઠાણે બંધહેતુ :-**

૧૧ થી ૧૩ ગુણઠાણામાં રહેલા એકજીવને એકસમયે **૧** બંધહેતુ હોય છે.

**૧૧મે** ગુણઠાણે ૯ યોગમાંથી કોઈપણ **૧** યોગબંધહેતુ હોય છે.

**૧૨મે** ગુણઠાણે ૯ યોગમાંથી કોઈપણ **૧** યોગબંધહેતુ હોય છે.

**૧૩મે** ગુણઠાણે ૭ યોગમાંથી કોઈપણ **૧** યોગબંધહેતુ હોય છે.

**બંધહેતુના ભાંગા :-**

**૧૧મે** ગુણઠાણે **૧** બંધહેતુના ૯ ભાંગા થાય છે.

**૧૨મે** ગુણઠાણે **૧** બંધહેતુના ૯ ભાંગા થાય છે.

**૧૩મે** ગુણઠાણે **૧** બંધહેતુના ૭ ભાંગા થાય છે.

**૧૩ ગુણઠાણે કુલ ભાંગા :-**

| | | | |
|---|---|---|---|
| **મિથ્યાત્વ**ગુણઠાણે | ભાંગા. | ૩૪૭૭૬૦૦ | થાય છે. |
| **સાસ્વાદન**ગુણઠાણે | ભાંગા. ... | ૩૮૩૦૪૦ | થાય છે. |
| **મિશ્ર**ગુણઠાણે | ભાંગા. ... | ૩૦૨૪૦૦ | થાય છે. |
| **સમ્યક્ત્વ**ગુણઠાણે | ભાંગા. ... | ૩૮૩૦૪૦ | થાય છે. |
| **દેશવિરતિ**ગુણઠાણે | ભાંગા. ... | ૧૬૩૬૮૦ | થાય છે. |
| **પ્રમત્ત**ગુણઠાણે | ભાંગા. ........ | ૧૧૮૪ | થાય છે. |
| **અપ્રમત્ત**ગુણઠાણે | ભાંગા. ........ | ૧૦૨૪ | થાય છે. |
| **અપૂર્વકરણ**ગુણઠાણે | ભાંગા. ........... | ૮૬૪ | થાય છે. |
| **અનિવૃત્તિ**ગુણઠાણે | ભાંગા. ........... | ૧૪૪ | થાય છે. |
| **સૂક્ષ્મસંપરાય**ગુણઠાણે | ભાંગા. ............... | ૯ | થાય છે. |
| **ઉપશાંતમોહ**ગુણઠાણે | ભાંગા. ............... | ૯ | થાય છે. |
| **ક્ષીણમોહ**ગુણઠાણે | ભાંગા. ............... | ૯ | થાય છે. |
| **સયોગીકેવલી**ગુણઠાણે | ભાંગા. ............... | ૭ | થાય છે. |

**૧૩ ગુણઠાણે** કુલ ભાંગા- **૪૭૧૩૦૧૦** થાય છે.

## (૬)

## -: ગુણઠાણામાં બંધસ્થાન :-

ગુણઠાણામાં બંધસ્થાન :-

**अपमत्तंता सत्तट्ठ मीसअपुव्वबायरा सत्त ।**
**बंधइ छस्सुहुमो एगमुवरिमा बंधगाऽजोगी ॥५९॥**

अप्रमत्तान्तास्ससाष्टान् मिश्रापूर्वबादरास्सस ।
बध्नाति षट् सूक्ष्म एकमुपरितना अबन्धकोऽयोगी ॥५९॥

**ગાથાર્થઃ- અપ્રમત્તગુણઠાણા સુધી સાત કે આઠ કર્મ બંધાય છે. મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિગુણઠાણે સાત કર્મ બંધાય છે. સૂક્ષ્મસંપરાયગુણઠાણે છ કર્મ બંધાય છે. ઉપશાંતમોહાદિ-૩ ગુણઠાણે એક જ કર્મ બંધાય છે. અને અયોગી અબંધક હોય છે.**

**વિવેચન :-** ત્રીજુ ગુણઠાણુ છોડીને **૧**થી**૭** ગુણઠાણા સુધી જયારે આયુષ્ય બંધાતુ હોય છે. ત્યારે એકીસાથે ૮ કર્મો બંધાય છે અને જયારે આયુષ્યકર્મ ન બંધાતુ હોય ત્યારે એકીસાથે આયુષ્ય વિના ૭ કર્મો બંધાય છે. એટલે ત્રીજા વિના **૧થી ૭ ગુણઠાણે સાત** કે **આઠકર્મનું બંધસ્થાન** હોય છે.

ત્રીજા, આઠમા અને નવમાગુણઠાણે ઘોલના પરિણામ ન હોવાથી આયુષ્યકર્મ બંધાતુ નથી. તેથી તે ગુણઠાણે આયુષ્ય વિના સાત જ કર્મ બંધાય છે. એટલે ત્યાં **સાતકર્મનું જ બંધસ્થાન** હોય છે.

**૧૦**મા ગુણઠાણે ઘોલના પરિણામ ન હોવાથી આયુષ્યકર્મ બંધાતુ નથી. અને બાદરકષાયનો ઉદય ન હોવાથી મોહનીયકર્મ બંધાતુ નથી. તેથી તે ગુણઠાણે આયુષ્ય અને મોહનીય વિના એકીસાથે **૬** કર્મો બંધાય

છે. એટલે ત્યાં **૬ કર્મનું જ બંધસ્થાન** હોય છે.

**૧૧** થી **૧૩** ગુણઠાણે એક જ શાતાવેદનીયકર્મ બંધાય છે. તેથી ત્યાં ૧ કર્મનું બંધસ્થાન હોય છે અને અયોગી ગુણઠાણે બંધ હોતો નથી.

## (૭)

## -: ગુણઠાણામાં ઉદયસ્થાન :-

ગુણઠાણામાં ઉદય-ઉદીરણા-સત્તાસ્થાન :-

**आसुहुमं संतुदये, अट्ठ वि मोह विणु सत्त खीणंमि ।**
**चउ चरिमदुगे अट्ठ उ, संते उवसंति सत्तुदए ॥६०॥**
**उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा ।**
**छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो ॥६१॥**
**पण दो खीण दु जोगीणुदीरगु अजोगि थोव उवसंता ।**
**संखगुण खीण सुहुमानियट्टीअपुव्व सम अहिया ॥६२॥**

आसूक्ष्मं सदुदयेऽष्टापि मोहं विना सप्त क्षीणे ।
चत्वारि चरमद्विकेऽष्ट तु सत्युपशान्ते सप्तोदये ॥६०॥
उदीरयन्ति प्रमत्तान्ताः, सप्ताष्टानि मिश्रोऽष्ट वेदायुषी विना ।
षट्कमप्रमत्तादयस्ततः षट् पञ्च सूक्ष्मः पञ्चोपशान्ताः ॥६१॥
पञ्च द्वे क्षीणो द्वे योग्यनुदीरकोऽयोगी स्तोका उपशान्ताः ।
सङ्ख्यगुणाः क्षीणाः सूक्ष्माऽनिवृत्यपूर्वाः समा अधिकाः ॥६२॥

ગાથાર્થ:- **સૂક્ષ્મસંપરાયગુણઠાણા સુધી આઠ કર્મની સત્તા અને આઠ કર્મનો ઉદય હોય છે. ક્ષીણમોહગુણઠાણે સાત કર્મની સત્તા અને સાત કર્મનો ઉદય હોય છે. છેલ્લા બે ગુણઠાણામાં ચાર કર્મની સત્તા અને ચાર કર્મનો ઉદય હોય છે. ઉપશાંતમોહગુણઠાણે આઠ કર્મની**

સત્તા અને સાત કર્મનો ઉદય હોય છે.

પ્રમત્તગુણઠાણા સુધી સાત કે આઠ કર્મની ઉદીરણા હોય છે. મિશ્રગુણઠાણે આઠ કર્મની ઉદીરણા હોય છે. અપ્રમત્તાદિ-૩ ગુણઠાણે વેદનીય અને આયુષ્ય વિના ૭ કર્મની ઉદીરણા હોય છે. સૂક્ષ્મસંપરાય-ગુણઠાણે ૭ કે પાંચ કર્મની ઉદીરણા હોય છે. ઉપશાંતમોહગુણઠાણે પાંચકર્મની ઉદીરણા હોય છે. ક્ષીણમોહગુણઠાણે પાંચ કે બે કર્મની ઉદીરણા હોય છે. સયોગીગુણઠાણે બે કર્મની ઉદીરણા હોય છે અને અયોગીગુણઠાણે ઉદીરણા હોતી નથી.

સૌથી થોડા જીવ ઉપશાંતમોહગુણઠાણે હોય છે. તેનાથી સંખ્યાતગુણા જીવો ક્ષીણમોહગુણઠાણે હોય છે. તેનાથી વિશેષાધિક જીવો સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિ અને અપૂર્વકરણગુણઠાણે હોય છે. અને તે ત્રણ ગુણઠાણે પરસ્પર તુલ્ય જીવો હોય છે.

**વિવેચન** :-દરેક સંસારી જીવને ૧થી ૧૦ ગુણઠાણા સુધી એકીસાથે આઠ કર્મનો ઉદય હોય છે. તેથી ૧ થી ૧૦ ગુણઠાણા સુધી ૮ કર્મનું ઉદયસ્થાન હોય છે. ૧૧મા ગુણઠાણે મોહનીયકર્મ સંપૂર્ણ ઉપશાંત અને ૧૨મા ગુણઠાણે મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થયેલો હોવાથી મોહનીયનો ઉદય હોતો નથી. તેથી તે બન્ને ગુણઠાણે મોહનીય વિના ૭ કર્મનું ઉદયસ્થાન હોય છે. અને ૧૩મા-૧૪મા ગુણઠાણે ચાર ઘાતીકર્મનો ક્ષય થયેલો હોવાથી ચાર અઘાતીકર્મોનો જ ઉદય હોય છે. તેથી તે બન્ને ગુણઠાણે ચાર કર્મનું ઉદયસ્થાન હોય છે.

(૮)

## -: ગુણઠાણામાં ઉદીરણાસ્થાન :-

ત્રીજું ગુણઠાણુ છોડીને ૧ થી ૬ ગુણઠાણા સુધી કોઈપણ જીવને

ભોગવાતા આયુષ્યની છેલ્લી એક આવલિકા જેટલી સ્થિતિસત્તા બાકી રહે છે. ત્યારે ઉદયાવલિકા ઉપર ભોગવાતા આયુષ્યનું કર્મદલિક હોતું નથી. તેથી આયુષ્યકર્મની ઉદીરણા અટકી જાય છે. તે વખતે આયુષ્ય વિના જ્ઞાનાવરણીયાદિ-૭ કર્મની ઉદીરણા હોય છે. અને તે સિવાય આઠે કર્મની ઉદીરણા હોય છે. એટલે ત્રીજા વિના ૧થી ૬ ગુણઠાણા સુધી ૭ કે ૮ કર્મનું ઉદીરણાસ્થાન હોય છે. અને મિશ્રદૃષ્ટિજીવો પોતાના આયુષ્યનું છેલ્લુ એક અંતર્મુહૂર્ત બાકી રહે છે. ત્યારે તથાસ્વભાવે જ ૧ લે કે ૪થે ગુણઠાણે આવી જાય છે. તેથી કોઈપણ જીવને પોતાના આયુષ્યની છેલ્લી એક આવલિકા બાકી રહે છે. ત્યારે મિશ્રગુણઠાણુ જ હોતુ નથી. તેથી ત્યાં આયુષ્યકર્મની ઉદીરણા અટકી જવાનો સંભવ જ નથી. એટલે મિશ્રગુણઠાણે આઠે કર્મની ઉદીરણા હોય છે.

અપ્રમત્તદશામાં આયુષ્યકર્મ અને વેદનીયકર્મની ઉદીરણાને યોગ્ય અધ્યવસાય હોતા નથી. તેથી અપ્રમત્તાદિ-૩ ગુણઠાણે આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા હોય છે.

ક્ષપકશ્રેણીમાં ૧૦ મા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યાં સુધી આયુષ્ય અને વેદનીય વિના ૬ કર્મની ઉદીરણા હોય છે અને ૧૦મા ગુણઠાણાની છેલ્લી આવલિકામાં આયુષ્ય, વેદનીય અને મોહનીય વિના ૫ કર્મની ઉદીરણા હોય છે. તેથી ૧૦મે ગુણઠાણે ૫ કે ૬ કર્મનું ઉદીરણાસ્થાન હોય છે. અને ૧૧મા ગુણઠાણે આયુષ્ય વેદનીય અને મોહનીય વિના ૫ કર્મની ઉદીરણા હોય છે, તેથી ત્યાં-૫ કર્મનું ઉદીરણાસ્થાન હોય છે.

૧૨મા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યાં સુધી આયુષ્ય, વેદનીય અને મોહનીય વિના-૫ કર્મની ઉદીરણા હોય છે. અને ૧૨મા ગુણઠાણાની છેલ્લી એક આવલિકા બાકી રહે છે. ત્યારે જ્ઞાના૦-

દર્શના૦ અને અંતરાયકર્મની એક આવલિકા જેટલી સ્થિતિસત્તા હોય છે. તે વખતે તે કર્મની ઉદયાવલિકા ઉપર કર્મદલિક ન હોવાથી, તે કર્મોની ઉદીરણા અટકી જાય છે. એટલે **૧૨**મા ગુણઠાણાની છેલ્લી આવલિકામાં નામ-ગોત્ર (કુલ-૨) કર્મની જ ઉદીરણા હોય છે. એટલે ૧૨મા ગુણઠાણે ૨ કે **૫** કર્મનું ઉદીરણાસ્થાન હોય છે.

**૧૩**મા ગુણઠાણે નામ-ગોત્રની જ ઉદીરણા હોય છે. એટલે ત્યાં **૨** કર્મનું જ ઉદીરણાસ્થાન હોય છે. અને **૧૪**મા ગુણઠાણે યોગ ન હોવાથી ઉદીરણા થતી નથી.

## (૯)
## -: ગુણઠાણામાં સત્તાસ્થાન :-

**૧** થી **૧૧** ગુણઠાણા સુધી આઠે કર્મની સત્તા હોય છે. **૧૨**મા ગુણઠાણે મોહનીય વિના સાત કર્મની સત્તા હોય છે. અને **૧૩**મે-**૧૪**મે ગુણઠાણે ચાર અઘાતીકર્મની જ સત્તા હોય છે.

## (૧૦)
## -: ગુણઠાણામાં અલ્પબહુત્વ :-

ગુણઠાણામાં અલ્પબહુત્વ :-

**जोगि अपमत्तइयरे, संखगुणा देससासणामीसा ।**
**अविरय अजोगि मिच्छा, असंख चउरो दुवे णंता ॥६३॥**

योग्यप्रमत्तेतराः सङ्ख्यगुणा देशसासादनमिश्राः ।
अविरता अयोगि मिथ्यात्वानि असङ्ख्याश्चत्वारो द्वावनन्तौ ॥६३॥

**ગાથાર્થ:- તેનાથી (અપૂર્વકરણગુણઠાણાથી) સંખ્યાતગુણા સયોગીગુણઠાણે હોય છે. તેનાથી સંખ્યાતગુણા અપ્રમત્તગુણઠાણે હોય**

**છે. તેનાથી સંખ્યાતગુણા પ્રમત્તગુણઠાણે હોય છે. તેનાથી અસંખ્યાતગુણા દેશવિરતિગુણઠાણે હોય છે. તેનાથી અસંખ્યાતગુણા સાસ્વાદનગુણઠાણે હોય છે. તેનાથી અસંખ્યાતગુણા મિશ્રગુણઠાણે હોય છે. તેનાથી અસંખ્યાતગુણા સમ્યક્ત્વગુણઠાણે હોય છે. તેનાથી અનંતગુણા અયોગી-ગુણઠાણે હોય છે. તેનાથી અનંતગુણા મિથ્યાત્વગુણઠાણે હોય છે.**

**વિવેચન :-** સૌથી **થોડા** મનુષ્યો ઉપશાંતમોહગુણઠાણે હોય છે. કારણ કે ઉત્કૃષ્ટથી **૫૪** મનુષ્યો એકીસાથે ઉપશાંતમોહગુણઠાણામાં પ્રવેશ કરી શકે છે.

★ તેનાથી **સંખ્યાતગુણા** મનુષ્યો ક્ષીણમોહગુણઠાણે હોય છે. કારણ કે ઉત્કૃષ્ટથી **૧૦૮** મનુષ્યો એકીસાથે ક્ષીણમોહગુણઠાણામાં પ્રવેશ કરી શકે છે. અને પૂર્વે પ્રવેશ કરેલા જઘન્યથી **૨૦૦** અને ઉત્કૃષ્ટથી **૯૦૦** હોય છે.

★ તેનાથી **વિશેષાધિક** મનુષ્યો અપૂર્વકરણાદિ - ૩ ગુણઠાણે હોય છે. અને તે ત્રણ ગુણઠાણે પરસ્પર સરખા હોય છે. કારણકે ઉત્કૃષ્ટથી **૧૬૨** મનુષ્યો એકીસાથે અપૂર્વકરણગુણઠાણામાં પ્રવેશ કરે છે. અને પૂર્વે પ્રવેશ કરેલા જઘન્યથી **૨૦૦** અને ઉત્કૃષ્ટથી **૯૦૦** હોય છે.

★ તેનાથી **સંખ્યાતગુણા** સયોગીગુણઠાણે હોય છે. કારણકે જઘન્યથી **બે ક્રોડ** અને ઉત્કૃષ્ટથી **નવક્રોડ** સયોગીકેવલીભગવંતો હોય છે.

★ તેનાથી **સંખ્યાતગુણા** અપ્રમત્તગુણઠાણે હોય છે. કારણકે જઘન્યથી **બસો**[૪૪] **ક્રોડ** અને ઉત્કૃષ્ટથી **નવસોક્રોડ** અપ્રમત્તસંયમી હોય છે.

★ તેનાથી **સંખ્યાતગુણા** પ્રમત્તગુણઠાણે હોય છે. કારણકે જઘન્યથી **બેહજાર** ક્રોડ અને ઉત્કૃષ્ટથી **નવહજારક્રોડ** પ્રમત્તસંયમી હોય છે.

(૪૪) પૂજ્યશ્રી જીવવિજયજી મહારાજ કૃત ટબામાં કહ્યું છે કે, અપ્રમત્તસંયત કોટિશત પૃથક્ત્વ સદાય પામીએ.

★ તેનાથી **અસંખ્યાતગુણા** દેશવિરતિગુણઠાણે હોય છે. કારણકે અસંખ્યાતા તિર્યંચને દેશવિરતિ હોય છે.

★ તેનાથી **અસંખ્યાતગુણા** સાસ્વાદનગુણઠાણે હોય છે. કારણકે ચારેગતિમાં રહેલા જીવો સાસ્વાદનગુણઠાણાને પ્રાપ્ત કરી શકે છે.

★ તેનાથી **અસંખ્યાતગુણા** મિશ્રગુણઠાણે હોય છે. કારણકે સાસ્વાદનગુણઠાણા કરતાં મિશ્રગુણઠાણાનો કાળ ઘણો છે.

★ તેનાથી **અસંખ્યાતગુણા** સમ્યક્ત્વગુણઠાણે હોય છે. કારણકે મિશ્રગુણઠાણા કરતા સમ્યક્ત્વગુણઠાણાનો કાળ ઘણો છે.

★ તેનાથી **અનંતગુણા** અયોગીગુણઠાણે હોય છે. કારણકે ભવસ્થ અયોગીકેવલીભગવંતો જઘન્યથી **૨૦૦** અને ઉત્કૃષ્ટથી **૯૦૦** હોય છે. પણ અભવસ્થ અયોગીકેવલી = સિદ્ધભગવંતો **અનંતા છે.** એટલે સમ્યગ્દૃષ્ટિજીવોથી અનંતગુણા અયોગીકેવલીભગવંતો કહ્યાં છે.

★ તેનાથી **અનંતગુણા** મિથ્યાત્વગુણઠાણે હોય છે. કારણકે સિદ્ધભગવંતોથી અનંતગુણા નિગોદીયાજીવો છે. અને તે સર્વે મિથ્યાદૃષ્ટિ છે.

આ અલ્પબહુત્વ જ્યારે **૧૪** ગુણઠાણામાં જીવોની સંખ્યા ઉત્કૃષ્ટ હોય છે. ત્યારે હોય છે. કારણકે **૧૪** ગુણઠાણામાંથી **પહેલા, ચોથા, પાંચમા, છઠ્ઠા-સાતમા** અને **તેરમા** ગુણઠાણે જીવો હંમેશા હોય છે. અને બાકીના-૮ ગુણઠાણામાં જીવો ક્યારેક હોય છે. અને ક્યારેક નથી હોતા. અને જ્યારે જીવો હોય છે. ત્યારે પણ તે ૮ ગુણઠાણામાંથી કોઈક ગુણઠાણે જીવોની સંખ્યા જઘન્ય હોય છે. અને કોઈક ગુણઠાણે જીવોની સંખ્યા ઉત્કૃષ્ટ હોય છે. દા.ત. કોઈવાર ક્ષીણમોહગુણઠાણે જઘન્યથી એક-બે જીવો હોય છે. અને ઉપશાંતમોહગુણઠાણે ઉત્કૃષ્ટથી ૫૪ જીવો હોય- છે. તે વખતે ક્ષીણમોહ કરતાં ઉપશાંતમોહ ગુણઠાણે જીવોની સંખ્યા વધુ હોવાથી

ઉપર કહ્યાં મુજબ અલ્પબહુત્વ ન હોય. તેથી જ્યારે ૧૪ ગુણઠાણામાં જીવોની સંખ્યા ઉત્કૃષ્ટ હોય છે. ત્યારે ઉપર કહ્યાં મુજબ અલ્પબહુત્વ સમજવું.

**૧૪ ગુણઠાણામાંથી સાસ્વાદન, મિશ્ર, અપૂર્વકરણ, અનિવૃત્તિ-કરણ, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ** અને **અયોગીગુણઠાણામાં જીવો ક્યારેક હોય છે. અને ક્યારેક નથી હોતા.** કારણકે સાસ્વાદન અને મિશ્રગુણઠાણાનો વિરહકાળ ઉત્કૃષ્ટથી **"પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ"** છે. એટલે વિવક્ષિતસમયે કોઈક જીવે સાસ્વાદન ગુણઠાણુ પ્રાપ્ત કર્યા પછી વધુમાં વધુ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી બીજો કોઈપણ જીવ સાસ્વાદન ગુણઠાણાને પ્રાપ્ત કરતો નથી. અને વિવક્ષિતસમયે જે જીવે સાસ્વાદનગુણઠાણુ પ્રાપ્ત કર્યું છે, તે જીવ પણ છ આવલિકા પછી મિથ્યાત્વગુણઠાણે ચાલ્યો જાય છે. એટલે **છ આવલિકાન્યૂન પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલા કાળ સુધી કોઈપણ જીવને સાસ્વાદનગુણઠાણુ હોતું નથી.** અને વિવક્ષિત સમયે કોઈક જીવે મિશ્રગુણઠાણુ પ્રાપ્ત કર્યા પછી વધુમાં વધુ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ સુધી બીજો કોઇ પણ જીવ મિશ્રગુણઠાણાને પ્રાપ્ત કરી શકતો નથી. અને વિવક્ષિતસમયે જે જીવે મિશ્રગુણઠાણુ પ્રાપ્ત કર્યું છે. તે જીવ પણ અંતર્મુહૂર્ત પછી મિથ્યાત્વે કે સમ્યક્ત્વે ચાલ્યો જાય છે. એટલે **અંતર્મુહૂર્તન્યૂન પલ્યોપમના અસંખ્યાતમાભાગ જેટલા કાળ સુધી કોઈપણ જીવને મિશ્રગુણઠાણુ હોતું નથી.**

એ જ રીતે, ઉપશમશ્રેણીમાં ૮ થી ૧૧ ગુણઠાણાનો વિરહકાળ **વર્ષપૃથક્ત્વ** છે. અને ક્ષપકશ્રેણીમાં ૮ થી ૧૨ અને ૧૪મા ગુણઠાણાનો વિરહકાળ ઉત્કૃષ્ટથી **છ માસ** છે. તેથી ક્યારેક વધુમાં વધુ **અંતર્મુહૂર્તન્યૂન ૯ વર્ષ સુધી કોઈપણ જીવને ઉપશમશ્રેણીગત ૮થી૧૧ ગુણઠાણા હોતા**

**નથી.** અને ક્યારેક વધુમાં વધુ **અંતર્મુહૂર્તન્યૂન છમાસ સુધી કોઈપણ જીવને ક્ષપકશ્રેણીગત ૮, ૯, ૧૦, ૧૨** અને **૧૪મું ગુણઠાણુ હોતુ નથી.** એટલે ક્યારેક **૨જા, ૩જા, ૮મા, ૯મા, ૧૦મા, ૧૧મા, ૧૨મા** અને **૧૪મા** ગુણઠાણામાં જીવો હોય છે. અને ક્યારેક નથી હોતા.

★ ક્યારેક સાસ્વાદનાદિ-૮ ગુણઠાણામાંથી કોઈપણ **એક જ** ગુણઠાણામાં જીવો હોય છે. બાકીના-૭ ગુણઠાણામાં જીવો ન હોય. તેથી ૮ ગુણઠાણાના એક સંયોગી-૮ ભાંગા થાય છે.

**એકસંયોગી ૮ ભાંગા :-**

(૧) ક્યારેક **સાસ્વાદનગુણઠાણે** જ જીવો હોય છે.

(૨) ક્યારેક **મિશ્રગુણઠાણે** જ જીવો હોય છે.

(૩) ક્યારેક **અપૂર્વકરણગુણઠાણે** જ જીવો હોય છે.

(૪) ક્યારેક **અનિવૃત્તિગુણઠાણે** જ જીવો હોય છે.

(૫) ક્યારેક **સૂક્ષ્મસંપરાયગુણઠાણે** જ જીવો હોય છે.

(૬) ક્યારેક **ઉપશાંતમોહગુણઠાણે** જ જીવો હોય છે.

(૭) ક્યારેક **ક્ષીણમોહગુણઠાણે** જ જીવો હોય છે.

(૮) ક્યારેક **અયોગીગુણઠાણે** જ જીવો હોય છે.

★ ક્યારેક સાસ્વાદનાદિ-૮ ગુણઠાણામાંથી કોઈપણ બે જ ગુણઠાણે જીવો હોય છે. તેથી ૮ ગુણઠાણાના દ્વિસંયોગી **૨૮** ભાંગા થાય છે.

જેમકે, (૧) ક્યારેક **બીજા-ત્રીજા** ગુણઠાણે જ જીવો હોય છે.

(૨) ક્યારેક **બીજા-આઠમા** ગુણઠાણે જ જીવો હોય છે

એ રીતે, ૮ ગુણઠાણાના દ્વિસંયોગી-**૨૮** ભાંગા થાય છે.

### દ્વિસંયોગી- ૨૮ ભાંગા :-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૨-૩[૪૫] | (૮) | ૩-૮ | (૧૫) | ૮-૧૦ | (૨૨) | ૯-૧૪ |
| (૨) | ૨-૮ | (૯) | ૩-૯ | (૧૬) | ૮-૧૧ | (૨૩) | ૧૦-૧૧ |
| (૩) | ૨-૯ | (૧૦) | ૩-૧૦ | (૧૭) | ૮-૧૨ | (૨૪) | ૧૦-૧૨ |
| (૪) | ૨-૧૦ | (૧૧) | ૩-૧૧ | (૧૮) | ૮-૧૪ | (૨૫) | ૧૦-૧૪ |
| (૫) | ૨-૧૧ | (૧૨) | ૩-૧૨ | (૧૯) | ૯-૧૦ | (૨૬) | ૧૧-૧૨ |
| (૬) | ૨-૧૨ | (૧૩) | ૩-૧૪ | (૨૦) | ૯-૧૧ | (૨૭) | ૧૧-૧૪ |
| (૭) | ૨-૧૪ | (૧૪) | ૮-૯ | (૨૧) | ૯-૧૨ | (૨૮) | ૧૨-૧૪ |

★ ક્યારેક સાસ્વાદનાદિ-૮ ગુણઠાણામાંથી કોઈપણ ત્રણ જ ગુણઠાણે જીવો હોય છે. તેથી ૮ ગુણઠાણાના ત્રિસંયોગી **૫૬** ભાંગા થાય છે.

જેમકે, (૧) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા** ગુણઠાણે જ જીવો હોય છે.
(૨) ક્યારેક **બીજા-ત્રીજા-નવમા** ગુણઠાણે જ જીવો હોય છે.
એ રીતે, ૮ ગુણઠાણાના ત્રિસંયોગી **૫૬** ભાંગા થાય છે.

### ત્રિસંયોગી- ૫૬ ભાંગા :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ૨-૩-૮ | (૯) | ૨-૮-૧૧ | (૧૭) | ૨-૧૦-૧૨ |
| (૨) | ૨-૩-૯ | (૧૦) | ૨-૮-૧૨ | (૧૮) | ૨-૧૦-૧૪ |
| (૩) | ૨-૩-૧૦ | (૧૧) | ૨-૮-૧૪ | (૧૯) | ૨-૧૧-૧૨ |
| (૪) | ૨-૩-૧૧ | (૧૨) | ૨-૯-૧૦ | (૨૦) | ૨-૧૧-૧૪ |
| (૫) | ૨-૩-૧૨ | (૧૩) | ૨-૯-૧૧ | (૨૧) | ૨-૧૨-૧૪ |
| (૬) | ૨-૩-૧૪ | (૧૪) | ૨-૯-૧૨ | (૨૨) | ૩-૮-૯ |
| (૭) | ૨-૮-૯ | (૧૫) | ૨-૯-૧૪ | (૨૩) | ૩-૮-૧૦ |
| (૮) | ૨-૮-૧૦ | (૧૬) | ૨-૧૦-૧૧ | (૨૪) | ૩-૮-૧૧ |

(૪૫) ૨-૩ = બીજા - ત્રીજા ગુણઠાણે જ જીવો હોય છે. બાકીના ૬ ગુણઠાણે જીવો ન હોય ૨-૮ = બીજા - આઠમા ગુણઠાણે જ જીવો હોય છે. બાકીના-૬ ગુણઠાણે જીવો ન હોય. એ રીતે, ૨૮ ભાંગામાં સમજવું.

(૨૫) ૩-૮-૧૨
(૨૬) ૩-૮-૧૪
(૨૭) ૩-૯-૧૦
(૨૮) ૩-૯-૧૧
(૨૯) ૩-૯-૧૨
(૩૦) ૩-૯-૧૪
(૩૧) ૩-૧૦-૧૧
(૩૨) ૩-૧૦-૧૨
(૩૩) ૩-૧૦-૧૪
(૩૪) ૩-૧૧-૧૨
(૩૫) ૩-૧૧-૧૪
(૩૬) ૩-૧૨-૧૪
(૩૭) ૮-૯-૧૦
(૩૮) ૮-૯-૧૧
(૩૯) ૮-૯-૧૨
(૪૦) ૮-૯-૧૪
(૪૧) ૮-૧૦-૧૧
(૪૨) ૮-૧૦-૧૨
(૪૩) ૮-૧૦-૧૪
(૪૪) ૮-૧૧-૧૨
(૪૫) ૮-૧૧-૧૪
(૪૬) ૮-૧૨-૧૪
(૪૭) ૯-૧૦-૧૧
(૪૮) ૯-૧૦-૧૨
(૪૯) ૯-૧૦-૧૪
(૫૦) ૯-૧૧-૧૨
(૫૧) ૯-૧૧-૧૪
(૫૨) ૯-૧૨-૧૪
(૫૩) ૧૦-૧૧-૧૨
(૫૪) ૧૦-૧૧-૧૪
(૫૫) ૧૦-૧૨-૧૪
(૫૬) ૧૧-૧૨-૧૪

★ ક્યારેક સાસ્વાદનાદિ-૮ ગુણઠાણામાંથી કોઈપણ ચાર જ ગુણઠાણે જીવો હોય છે. તેથી ૮ ગુણઠાણાના ચતુઃસંયોગી ૭૦ ભાંગા થાય છે.

જેમકે, (૧) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-નવમા** ગુણઠાણે જ જીવો હોય છે.

(૨) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-દશમા** ગુણઠાણે જ જીવો હોય છે.

એ રીતે, ૮ ગુણઠાણાના ચતુઃસંયોગી ૭૦ ભાંગા થાય છે.

**ચતુઃસંયોગી- ૭૦ ભાંગા :-**

(૧) ૨-૩-૮-૯
(૨) ૨-૩-૮-૧૦
(૩) ૨-૩-૮-૧૧
(૪) ૨-૩-૮-૧૨
(૫) ૨-૩-૮-૧૪
(૬) ૨-૩-૯-૧૦
(૭) ૨-૩-૯-૧૧
(૮) ૨-૩-૯-૧૨
(૯) ૨-૩-૯-૧૪
(૧૦) ૨-૩-૧૦-૧૧
(૧૧) ૨-૩-૧૦-૧૨
(૧૨) ૨-૩-૧૦-૧૪
(૧૩) ૨-૩-૧૧-૧૨
(૧૪) ૨-૩-૧૧-૧૪
(૧૫) ૨-૩-૧૨-૧૪
(૧૬) ૨-૮-૯-૧૦
(૧૭) ૨-૮-૯-૧૧
(૧૮) ૨-૮-૯-૧૨
(૧૯) ૨-૮-૯-૧૪
(૨૦) ૨-૮-૧૦-૧૧
(૨૧) ૨-૮-૧૦-૧૨
(૨૨) ૨-૮-૧૦-૧૪
(૨૩) ૨-૮-૧૧-૧૨
(૨૪) ૨-૮-૧૧-૧૪
(૨૫) ૨-૮-૧૨-૧૪
(૨૬) ૨-૯-૧૦-૧૧
(૨૭) ૨-૯-૧૦-૧૨

| | | |
|---|---|---|
| (૨૮) ૨-૯-૧૦-૧૪ | (૪૨) ૩-૮-૧૦-૧૪ | (૫૭) ૮-૯-૧૦-૧૨ |
| (૨૯) ૨-૯-૧૧-૧૨ | (૪૩) ૩-૮-૧૧-૧૨ | (૫૮) ૮-૯-૧૦-૧૪ |
| (૩૦) ૨-૯-૧૧-૧૪ | (૪૪) ૩-૮-૧૧-૧૪ | (૫૯) ૮-૯-૧૧-૧૨ |
| (૩૧) ૨-૯-૧૨-૧૪ | (૪૫) ૩-૮-૧૨-૧૪ | (૬૦) ૮-૯-૧૧-૧૪ |
| (૩૨) ૨-૧૦-૧૧-૧૨ | (૪૬) ૩-૯-૧૦-૧૧ | (૬૧) ૮-૯-૧૨-૧૪ |
| (૩૩) ૨-૧૦-૧૧-૧૪ | (૪૭) ૩-૯-૧૦-૧૨ | (૬૨) ૮-૧૦-૧૧-૧૨ |
| (૩૪) ૨-૧૦-૧૨-૧૪ | (૪૮) ૩-૯-૧૦-૧૪ | (૬૩) ૮-૧૦-૧૧-૧૪ |
| (૩૫) ૨-૧૧-૧૨-૧૪ | (૪૯) ૩-૯-૧૧-૧૨ | (૬૪) ૮-૧૦-૧૨-૧૪ |
| (૩૬) ૩-૮-૯-૧૦ | (૫૦) ૩-૯-૧૧-૧૪ | (૬૫) ૮-૧૧-૧૨-૧૪ |
| (૩૭) ૩-૮-૯-૧૧ | (૫૧) ૩-૯-૧૨-૧૪ | (૬૬) ૯-૧૦-૧૧-૧૨ |
| (૩૮) ૩-૮-૯-૧૨ | (૫૨) ૩-૧૦-૧૧-૧૨ | (૬૭) ૯-૧૦-૧૧-૧૪ |
| (૩૯) ૩-૮-૯-૧૪ | (૫૩) ૩-૧૦-૧૧-૧૪ | (૬૮) ૯-૧૦-૧૨-૧૪ |
| (૪૦) ૩-૮-૧૦-૧૧ | (૫૪) ૩-૧૦-૧૨-૧૪ | (૬૯) ૯-૧૧-૧૨-૧૪ |
| (૪૧) ૩-૮-૧૦-૧૨ | (૫૫) ૩-૧૧-૧૨-૧૪ | (૭૦) ૧૦-૧૧-૧૨-૧૪ |
| | (૫૬) ૮-૯-૧૦-૧૧ | |

★ ક્યારેક સાસ્વાદનાદિ - ૮ ગુણઠાણામાંથી કોઈપણ પાંચ જ ગુણઠાણે જીવો હોય છે. તેથી ૮ ગુણઠાણાના પંચસંયોગી **૫૬** ભાંગા થાય છે.

જેમકે, (૧) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-નવમા-દશમા**ગુણઠાણે જ જીવો હોય છે.

(૨) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-નવમા-અગીયારમા**ગુણઠાણે જ જીવો હોય છે.

એ રીતે, ૮ ગુણઠાણાના પંચસંયોગી **૫૬** ભાંગા થાય છે.

**પંચસંયોગી- ૫૬ ભાંગા :-**

| | | |
|---|---|---|
| (૧) ૨-૩-૮-૯-૧૦ | (૪) ૨-૩-૮-૯-૧૪ | (૭) ૨-૩-૮-૧૦-૧૪ |
| (૨) ૨-૩-૮-૯-૧૧ | (૫) ૨-૩-૮-૧૦-૧૧ | (૮) ૨-૩-૮-૧૧-૧૨ |
| (૩) ૨-૩-૮-૯-૧૨ | (૬) ૨-૩-૮-૧૦-૧૨ | (૯) ૨-૩-૮-૧૧-૧૪ |

(૧૦) ૨-૩-૮-૧૨-૧૪
(૧૧) ૨-૩-૯-૧૦-૧૧
(૧૨) ૨-૩-૯-૧૦-૧૨
(૧૩) ૨-૩-૯-૧૦-૧૪
(૧૪) ૨-૩-૯-૧૧-૧૨
(૧૫) ૨-૩-૯-૧૧-૧૪
(૧૬) ૨-૩-૯-૧૨-૧૪
(૧૭) ૨-૩-૧૦-૧૧-૧૨
(૧૮) ૨-૩-૧૦-૧૧-૧૪
(૧૯) ૨-૩-૧૦-૧૨-૧૪
(૨૦) ૨-૩-૧૧-૧૨-૧૪
(૨૧) ૨-૮-૯-૧૦-૧૧
(૨૨) ૨-૮-૯-૧૦-૧૨
(૨૩) ૨-૮-૯-૧૦-૧૪
(૨૪) ૨-૮-૯-૧૧-૧૨
(૨૫) ૨-૮-૯-૧૧-૧૪
(૨૬) ૨-૮-૯-૧૨-૧૪
(૨૭) ૨-૮-૧૦-૧૧-૧૨
(૨૮) ૨-૮-૧૦-૧૧-૧૪
(૨૯) ૨-૮-૧૦-૧૨-૧૪
(૩૦) ૨-૮-૧૧-૧૨-૧૪
(૩૧) ૨-૯-૧૦-૧૧-૧૨
(૩૨) ૨-૯-૧૦-૧૧-૧૪
(૩૩) ૨-૯-૧૦-૧૨-૧૪
(૩૪) ૨-૯-૧૧-૧૨-૧૪
(૩૫) ૨-૧૦-૧૧-૧૨-૧૪
(૩૬) ૩-૮-૯-૧૦-૧૧
(૩૭) ૩-૮-૯-૧૦-૧૨
(૩૮) ૩-૮-૯-૧૦-૧૪
(૩૯) ૩-૮-૯-૧૧-૧૨
(૪૦) ૩-૮-૯-૧૧-૧૪
(૪૧) ૩-૮-૯-૧૨-૧૪
(૪૨) ૩-૮-૧૦-૧૧-૧૨
(૪૩) ૩-૮-૧૦-૧૧-૧૪
(૪૪) ૩-૮-૧૦-૧૨-૧૪
(૪૫) ૩-૮-૧૧-૧૨-૧૪
(૪૬) ૩-૯-૧૦-૧૧-૧૨
(૪૭) ૩-૯-૧૦-૧૧-૧૪
(૪૮) ૩-૯-૧૦-૧૨-૧૪
(૪૯) ૩-૯-૧૧-૧૨-૧૪
(૫૦) ૩-૧૦-૧૧-૧૨-૧૪
(૫૧) ૮-૯-૧૦-૧૧-૧૨
(૫૨) ૮-૯-૧૦-૧૧-૧૪
(૫૩) ૮-૯-૧૦-૧૨-૧૪
(૫૪) ૮-૯-૧૧-૧૨-૧૪
(૫૫) ૮-૧૦-૧૧-૧૨-૧૪
(૫૬) ૯-૧૦-૧૧-૧૨-૧૪

★ ક્યારેક સાસ્વાદનાદિ-૮ ગુણઠાણામાંથી કોઈપણ છ જ ગુણઠાણે જીવો હોય છે. તેથી ૮ ગુણઠાણાના ષટ્સંયોગી ૨૮ ભાંગા થાય છે.

જેમકે, (૧) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-નવમા-દશમા-અગીયારમા** ગુણઠાણે જ જીવો હોય છે. (૨) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-નવમા-દશમા-બારમા** ગુણઠાણે જ જીવો હોય છે.

એ રીતે, સાસ્વાદનાદિ-૮ ગુણઠાણાના ષટ્સંયોગી ૨૮ ભાંગા થાય છે.

**ષટ્સંયોગી- ૨૮ ભાંગા :-**

(૧) ૨-૩-૮-૯-૧૦-૧૧
(૨) ૨-૩-૮-૯-૧૦-૧૨
(૩) ૨-૩-૮-૯-૧૦-૧૪
(૪) ૨-૩-૮-૯-૧૧-૧૨
(૫) ૨-૩-૮-૯-૧૧-૧૪
(૬) ૨-૩-૮-૯-૧૨-૧૪
(૭) ૨-૩-૮-૧૦-૧૧-૧૨
(૮) ૨-૩-૮-૧૦-૧૧-૧૪
(૯) ૨-૩-૮-૧૦-૧૨-૧૪

(૧૦) ૨-૩-૮-૧૧-૧૨-૧૪ (૧૬) ૨-૮-૯-૧૦-૧૧-૧૨ (૨૨) ૩-૮-૯-૧૦-૧૧-૧૨

(૧૧) ૨-૩-૯-૧૦-૧૧-૧૨ (૧૭) ૨-૮-૯-૧૦-૧૧-૧૪ (૨૩) ૩-૮-૯-૧૦-૧૧-૧૪

(૧૨) ૨-૩-૯-૧૦-૧૧-૧૪ (૧૮) ૨-૮-૯-૧૦-૧૨-૧૪ (૨૪) ૩-૮-૯-૧૦-૧૨-૧૪

(૧૩) ૨-૩-૯-૧૦-૧૨-૧૪ (૧૯) ૨-૮-૯-૧૧-૧૨-૧૪ (૨૫) ૩-૮-૯-૧૧-૧૨-૧૪

(૧૪) ૨-૩-૯-૧૧-૧૨-૧૪ (૨૦) ૨-૮-૧૦-૧૧-૧૨-૧૪ (૨૬) ૩-૮-૧૦-૧૧-૧૨-૧૪

(૧૫) ૨-૩-૧૦-૧૧-૧૨-૧૪ (૨૧) ૨-૯-૧૦-૧૧-૧૨-૧૪ (૨૭) ૩-૯-૧૦-૧૧-૧૨-૧૪

(૨૮) ૮-૯-૧૦-૧૧-૧૨-૧૪

★ ક્યારેક સાસ્વાદનાદિ-૮ ગુણઠાણામાંથી કોઈપણ સાત જ ગુણઠાણે જીવો હોય છે. તેથી ૮ ગુણઠાણાના સપ્તસંયોગી ૮ ભાંગા થાય છે.

જેમકે, (૧) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-નવમા-દશમા-અગીયારમા-બારમા** ગુણઠાણે જ જીવો હોય છે. ચૌદમા ગુણઠાણે જીવો હોતા નથી.

(૨) ક્યારેક **બીજા-ત્રીજા-આઠમા-નવમા-દશમા-અગીયારમા-ચૌદમા** ગુણઠાણે જ જીવો હોય છે. ૧૨મા ગુણઠાણે જીવો નથી હોતા.

એ રીતે, ૮ ગુણઠાણાના સપ્તસંયોગી ૮ ભાંગા થાય છે.

**સપ્તસંયોગી- ૮ ભાંગા :-**

(૧) ૨-૩-૮-૯-૧૦-૧૧-૧૨ (૫) ૨-૩-૮-૧૦-૧૧-૧૨-૧૪

(૨) ૨-૩-૮-૯-૧૦-૧૧-૧૪ (૬) ૨-૩-૯-૧૦-૧૧-૧૨-૧૪

(૩) ૨-૩-૮-૯-૧૦-૧૨-૧૪ (૭) ૨-૮-૯-૧૦-૧૧-૧૨-૧૪

(૪) ૨-૩-૮-૯-૧૧-૧૨-૧૪ (૮) ૩-૮-૯-૧૦-૧૧-૧૨-૧૪

★ ક્યારેક સાસ્વાદનાદિ-૮ ગુણઠાણે જીવો હોય છે. તે વખતે અષ્ટસંયોગી-૧ ભાંગો જ થાય છે.

**અષ્ટસંયોગી- ૧ ભાંગો :-**

(૧) ૨-૩-૮-૯-૧૦-૧૧-૧૨-૧૪

૮ ગુણઠાણાના કુલ ભાંગા :-

| | | |
|---|---|---|
| એક સંયોગી | - ૮ | ભાંગા. |
| દ્વિસંયોગી | - ૨૮ | ભાંગા. |
| ત્રિસંયોગી | - **૫૬** | ભાંગા. |
| ચતુઃસંયોગી | - **૭૦** | ભાંગા. |
| પંચસંયોગી | - **૫૬** | ભાંગા. |
| ષટ્સંયોગી | - **૨૮** | ભાંગા. |
| સપ્તસંયોગી | - ૮ | ભાંગા. |
| અષ્ટસંયોગી | - **૧** | ભાંગો. |

આઠ ગુણઠાણાના કુલ- **૨૫૫** ભાંગા થાય છે.

**એકસંયોગી ૧ ભાંગાના ૨ ભાંગા :-**

સાસ્વાદનાદિ-૮ ગુણઠાણામાંથી કોઈપણ એક ગુણઠાણે ક્યારેક એક જ જીવ હોય છે. અને ક્યારેક અનેકજીવ હોય છે. એટલે એક-અનેક જીવની અપેક્ષાએ એકસંયોગી **૧** ભાંગાના પણ **૨** ભાંગા થાય છે.

દા. ત. (૧) ક્યારેક **સાસ્વાદનગુણઠાણે** જ જીવો હોય છે.

તેમાં પણ (૧) ક્યારેક સાસ્વાદનગુણઠાણે **એક** જ જીવ હોય છે.

(૨) ક્યારેક સાસ્વાદનગુણઠાણે **અનેક** જીવ હોય છે.

એ રીતે, એક - એક ભાંગાના બે - બે ભાંગા થવાથી એકસંયોગી ૮ ભાંગાના કુલ ૮×૨=**૧૬** ભાંગા થાય છે.

**દ્વિસંયોગી-૧ ભાંગાના ૪ ભાંગા :-**

એક-અનેકજીવની અપેક્ષાએ દ્વિસંયોગી-**૧** ભાંગાના કુલ-**૪** ભાંગા થાય છે.

દા. ત. (૧) ક્યારેક **સાસ્વાદને** અને **મિશ્રે** જ જીવો હોય છે.......
તેમાં પણ.......

(૧) ક્યારેક સાસ્વાદને **એક** અને મિશ્રે પણ **એક** જ જીવ હોય છે.

(૨) ક્યારેક સાસ્વાદને **એક** અને મિશ્રે **અનેક** જીવ હોય છે.

(૩) ક્યારેક સાસ્વાદને **અનેક** અને મિશ્રે **એક** જીવ હોય છે.

(૪) ક્યારેક સાસ્વાદને **અનેક** અને મિશ્રે પણ **અનેક** જીવ હોય છે.

ટૂંકમાં :- **એક=૧, અનેક=૨ કહીએ તો...**

(૧) સાસ્વાદને-**૧** અને મિશ્રે-**૧** જીવ હોય છે.

(૨) સાસ્વાદને-**૧** અને મિશ્રે-**૨** જીવ હોય છે.

(૩) સાસ્વાદને-૨ અને મિશ્રે-**૧** જીવ હોય છે.

(૪) સાસ્વાદને-૨ અને મિશ્રે-**૨** જીવ હોય છે.

એ રીતે, એક-એક ભાંગાના ૪ - ૪ ભાંગા થવાથી દ્વિસંયોગી ૨૮ ભાંગાના કુલ ૨૮×૪=૧૧૨ ભાંગા થાય છે.

**ત્રિસંયોગી-૧ ભાંગના ૮ ભાંગા :-**

એક-અનેકજીવની અપેક્ષાએ ત્રિસંયોગી-૧ ભાંગાના કુલ-૮ ભાંગા થાય છે.
દા. ત. (૧) ક્યારેક સાસ્વાદને-મિશ્રે-અપૂર્વકરણે જ જીવ હોય છે.
તેમાં પણ (૧) ક્યારેક સાસ્વાદને-૧ મિશ્રે-૧-અપૂર્વકરણે-૧ જીવ હોય છે.

(૨) ક્યારેક સાસ્વાદને-૧ મિશ્રે-૧-અપૂર્વકરણે-૨ જીવ હોય છે.

(૩) ક્યારેક સાસ્વાદને-૧ મિશ્રે-૨-અપૂર્વકરણે-૧ જીવ હોય છે.

(૪) ક્યારેક સાસ્વાદને-૧ મિશ્રે-૨-અપૂર્વકરણે-૨ જીવ હોય છે.

(૫) ક્યારેક સાસ્વાદને-૨ મિશ્રે-૧-અપૂર્વકરણે-૧ જીવ હોય છે.

(૬) ક્યારેક સાસ્વાદને-૨ મિશ્રે-૧-અપૂર્વકરણે-૨ જીવ હોય છે.

(૭) ક્યારેક સાસ્વાદને-૨ મિશ્રે-૨-અપૂર્વકરણે-૧ જીવ હોય છે.

(૮) ક્યારેક સાસ્વાદને-૨ મિશ્રે-૨-અપૂર્વકરણે-૨ જીવ હોય છે.

**ટૂંકમાં :-**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧-૧-૧ | (૫) | ૨-૧-૧ |
| (૨) | ૧-૧-૨ | (૬) | ૨-૧-૨ |
| (૩) | ૧-૨-૧ | (૭) | ૨-૨-૧ |
| (૪) | ૧-૨-૨ | (૮) | ૨-૨-૨ |

એ રીતે, એક-એક ભાંગાના કુલ આઠ - આઠ ભાંગા થવાથી ત્રિસંયોગી **૫૬** ભાંગાના કુલ **૫૬×૮=૪૪૮** ભાંગા થાય છે.

**ચતુઃસંયોગી-૧ ભાંગાના ૧૬ ભાંગા :-**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૧-૧-૧-૧ | (૫) | ૧-૨-૧-૧ | (૯) | ૨-૧-૧-૧ | (૧૩) | ૨-૨-૧-૧ |
| (૨) | ૧-૧-૧-૨ | (૬) | ૧-૨-૧-૨ | (૧૦) | ૨-૧-૧-૨ | (૧૪) | ૨-૨-૧-૨ |
| (૩) | ૧-૧-૨-૧ | (૭) | ૧-૨-૨-૧ | (૧૧) | ૨-૧-૨-૧ | (૧૫) | ૨-૨-૨-૧ |
| (૪) | ૧-૧-૨-૨ | (૮) | ૧-૨-૨-૨ | (૧૨) | ૨-૧-૨-૨ | (૧૬) | ૨-૨-૨-૨ |

એ રીતે, એક-અનેકજીવની અપેક્ષાએ ચતુઃસંયોગી એક - એક ભાંગાના કુલ **૧૬ - ૧૬** ભાંગા થવાથી ચતુઃસંયોગી **૭૦** ભાંગાના કુલ- **૭૦ × ૧૬ = ૧૧૨૦** ભાંગા થાય છે.

**પંચસંયોગી-૧ ભાંગાના ૩૨ ભાંગા :-**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ૧-૧-૧-૧-૧ | (૫) | ૧-૧-૨-૧-૧ | (૯) | ૧-૨-૧-૧-૧ |
| (૨) | ૧-૧-૧-૧-૨ | (૬) | ૧-૧-૨-૧-૨ | (૧૦) | ૧-૨-૧-૧-૨ |
| (૩) | ૧-૧-૧-૨-૧ | (૭) | ૧-૧-૨-૨-૧ | (૧૧) | ૧-૨-૧-૨-૧ |
| (૪) | ૧-૧-૧-૨-૨ | (૮) | ૧-૧-૨-૨-૨ | (૧૨) | ૧-૨-૧-૨-૨ |

| | | |
|---|---|---|
| (૧૩) ૧-૨-૨-૧-૧ | (૨૦) ૨-૧-૧-૨-૨ | (૨૭) ૨-૨-૧-૨-૧ |
| (૧૪) ૧-૨-૨-૧-૨ | (૨૧) ૨-૧-૨-૧-૧ | (૨૮) ૨-૨-૧-૨-૨ |
| (૧૫) ૧-૨-૨-૨-૧ | (૨૨) ૨-૧-૨-૧-૨ | (૨૯) ૨-૨-૨-૧-૧ |
| (૧૬) ૧-૨-૨-૨-૨ | (૨૩) ૨-૧-૨-૨-૧ | (૩૦) ૨-૨-૨-૧-૨ |
| (૧૭) ૨-૧-૧-૧-૧ | (૨૪) ૨-૧-૨-૨-૨ | (૩૧) ૨-૨-૨-૨-૧ |
| (૧૮) ૨-૧-૧-૧-૨ | (૨૫) ૨-૨-૧-૧-૧ | (૩૨) ૨-૨-૨-૨-૨ |
| (૧૯) ૨-૧-૧-૨-૧ | (૨૬) ૨-૨-૧-૧-૨ | |

એ રીતે, એક-અનેકજીવની અપેક્ષાએ પંચસંયોગી એક - એક ભાંગાના કુલ ૩૨ - ૩૨ ભાંગા થવાથી પંચસંયોગી ૫૬ ભાંગાના કુલ **૫૬×૩૨=૧૭૯૨** ભાંગા થાય છે.

**ષટ્સંયોગી-૧ ભાંગાના ૬૪ ભાંગા :-**

| | | |
|---|---|---|
| (૧) ૧-૧-૧-૧-૧-૧ | (૧૫) ૧-૧-૨-૨-૨-૧ | (૨૯) ૧-૨-૨-૨-૧-૧ |
| (૨) ૧-૧-૧-૧-૧-૨ | (૧૬) ૧-૧-૨-૨-૨-૨ | (૩૦) ૧-૨-૨-૨-૧-૨ |
| (૩) ૧-૧-૧-૧-૨-૧ | (૧૭) ૧-૨-૧-૧-૧-૧ | (૩૧) ૧-૨-૨-૨-૨-૧ |
| (૪) ૧-૧-૧-૧-૨-૨ | (૧૮) ૧-૨-૧-૧-૧-૨ | (૩૨) ૧-૨-૨-૨-૨-૨ |
| (૫) ૧-૧-૧-૨-૧-૧ | (૧૯) ૧-૨-૧-૧-૨-૧ | (૩૩) ૨-૧-૧-૧-૧-૧ |
| (૬) ૧-૧-૧-૨-૧-૨ | (૨૦) ૧-૨-૧-૧-૨-૨ | (૩૪) ૨-૧-૧-૧-૧-૨ |
| (૭) ૧-૧-૧-૨-૨-૧ | (૨૧) ૧-૨-૧-૨-૧-૧ | (૩૫) ૨-૧-૧-૧-૨-૧ |
| (૮) ૧-૧-૧-૨-૨-૨ | (૨૨) ૧-૨-૧-૨-૧-૨ | (૩૬) ૨-૧-૧-૧-૨-૨ |
| (૯) ૧-૧-૨-૧-૧-૧ | (૨૩) ૧-૨-૧-૨-૨-૧ | (૩૭) ૨-૧-૧-૨-૧-૧ |
| (૧૦) ૧-૧-૨-૧-૧-૨ | (૨૪) ૧-૨-૧-૨-૨-૨ | (૩૮) ૨-૧-૧-૨-૧-૨ |
| (૧૧) ૧-૧-૨-૧-૨-૧ | (૨૫) ૧-૨-૨-૧-૧-૧ | (૩૯) ૨-૧-૧-૨-૨-૧ |
| (૧૨) ૧-૧-૨-૧-૨-૨ | (૨૬) ૧-૨-૨-૧-૧-૨ | (૪૦) ૨-૧-૧-૨-૨-૨ |
| (૧૩) ૧-૧-૨-૨-૧-૧ | (૨૭) ૧-૨-૨-૧-૨-૧ | (૪૧) ૨-૧-૨-૧-૧-૧ |
| (૧૪) ૧-૧-૨-૨-૧-૨ | (૨૮) ૧-૨-૨-૧-૨-૨ | (૪૨) ૨-૧-૨-૧-૧-૨ |

| | | |
|---|---|---|
| (૪૩) ૨-૧-૨-૧-૨-૧ | (૫૦) ૨-૨-૧-૧-૧-૨ | (૫૭) ૨-૨-૨-૧-૧-૧ |
| (૪૪) ૨-૧-૨-૧-૨-૨ | (૫૧) ૨-૨-૧-૧-૨-૧ | (૫૮) ૨-૨-૨-૧-૧-૨ |
| (૪૫) ૨-૧-૨-૨-૧-૧ | (૫૨) ૨-૨-૧-૧-૨-૨ | (૫૯) ૨-૨-૨-૧-૨-૧ |
| (૪૬) ૨-૧-૨-૨-૧-૨ | (૫૩) ૨-૨-૧-૨-૧-૧ | (૬૦) ૨-૨-૨-૧-૨-૨ |
| (૪૭) ૨-૧-૨-૨-૨-૧ | (૫૪) ૨-૨-૧-૨-૧-૨ | (૬૧) ૨-૨-૨-૨-૧-૧ |
| (૪૮) ૨-૧-૨-૨-૨-૨ | (૫૫) ૨-૨-૧-૨-૨-૧ | (૬૨) ૨-૨-૨-૨-૧-૨ |
| (૪૯) ૨-૨-૧-૧-૧-૧ | (૫૬) ૨-૨-૧-૨-૨-૨ | (૬૩) ૨-૨-૨-૨-૨-૧ |
| | | (૬૪) ૨-૨-૨-૨-૨-૨ |

એ રીતે, એક-અનેકજીવની અપેક્ષાએ ષટ્સંયોગી એક - એક ભાંગાના કુલ ૬૪ - ૬૪ ભાંગા થવાથી ષટ્સંયોગી ૨૮ ભાંગાના કુલ ૨૮×૬૪=૧૭૯૨ ભાંગા થાય છે.

એ જ પ્રમાણે, એક-અનેકજીવની અપેક્ષાએ સપ્તસંયોગી એક એક ભાંગાના કુલ [૪૬] ૧૨૮ - ૧૨૮ ભાંગા થવાથી સપ્તસંયોગી ૮ ભાંગાના કુલ ૮×૧૨૮=૧૦૨૪ ભાંગા થાય છે.

---

(૪૬) **સપ્તસંયોગી** એકભાંગાના કુલ ૧૨૮ ભાંગા કરતી વખતે ઉભી સાતલાઈનમાંથી
**પહેલી** લાઈનમાં સૌ પ્રથમ ૬૪ એકડા મૂકવા પછી ૬૪ બગડા મૂકવા....
**બીજી** લાઈનમાં ક્રમશઃ ૩૨ એકડા, ૩૨ બગડા, ૩૨ એકડા, ૩૨ બગડા....મૂકવા.
**ત્રીજી** લાઈનમાં ક્રમશઃ ૧૨૮ સુધી ૧૬ એકડા, ૧૬ બગડા, ૧૬ એકડા ૧૬ બગડા....મૂકવા.
**ચોથી** લાઈનમાં ક્રમશઃ ૧૨૮ સુધી ૮ એકડા, ૮ બગડા, ૮ એકડા ૮ બગડા....મૂકવા.
**પાંચમી** લાઈનમાં ક્રમશઃ ૧૨૮ સુધી ૪ એકડા, ૪ બગડા, ૪ એકડા, ૪ બગડા....મૂકવા.
**છઠ્ઠી** લાઈનમાં ૧૨૮ સુધી ક્રમશઃ ૨ એકડા, ૨ બગડા, ૨ એકડા, ૨ બગડા....મૂકવા.
**સાતમી** લાઈનમાં ૧૨૮ સુધી ક્રમશઃ ૧ એકડો, ૧ બગડો, ૧ એકડો, ૧ બગડો....મૂકવો.

એ જ રીતે, એક-અનેકજીવની અપેક્ષાએ **અષ્ટસંયોગી** એક ભાંગાના કુલ **૨૫૬**[૪૭] ભાંગા થાય છે.

| | ગુણઠાણાના એકાદિ સંયોગી ભાંગા ↓ | | એક-અનેકની જીવની અપેક્ષાએ એકાદિસંયોગી ૧ ભાંગાના કુલ ભાંગા ↓ | | એક-અનેકની અપેક્ષાએ એકાદિસંયોગીના કુલ ભાંગા ↓ |
|---|---|---|---|---|---|
| એકસંયોગી | ૮ | × | ૨ | = | ૧૬ |
| દ્વિસંયોગી | ૨૮ | × | ૪ | = | ૧૧૨ |
| ત્રિસંયોગી | ૫૬ | × | ૮ | = | ૪૪૮ |
| ચતુઃસંયોગી | ૭૦ | × | ૧૬ | = | ૧૧૨૦ |
| પંચસંયોગી | ૫૬ | × | ૩૨ | = | ૧૭૯૨ |
| ષટ્સંયોગી | ૨૮ | × | ૬૪ | = | ૧૭૯૨ |
| સપ્તસંયોગી | ૮ | × | ૧૨૮ | = | ૧૦૨૪ |
| અષ્ટસંયોગી | ૧ | × | ૨૫૬ | = | ૨૫૬ |
| | ૨૫૫ | | | | ૬૫૬૦ |

સાસ્વાદનાદિ-૮ ગુણઠાણાના એક સંયોગીથી માંડીને અષ્ટસંયોગી સુધીના કુલ **૨૫૫** ભાંગા થાય છે તે ભાંગાના પણ **એક-અનેકજીવની અપેક્ષાએ કુલ ૬૫૬૦ ભાંગા થાય છે.**

---

(૪૭) **અષ્ટસંયોગી** એકભાંગાના કુલ **૨૫૬** ભાંગા કરતી વખતે ઉભી આઠ લાઈનમાંથી **પહેલી** લાઈનમાં સૌ પ્રથમ **૧૨૮** એકડા મૂકવા. પછી **૧૨૮** બગડા મૂકવા.
**બીજી** લાઈનમાં ક્રમશઃ **૬૪** એકડા, **૬૪** બગડા, **૬૪** એકડા, **૬૪** બગડા....મૂકવા.
**ત્રીજી** લાઈનમાં ક્રમશઃ **૨૫૬** સુધી **૩૨** એકડા, **૩૨** બગડા, **૩૨** એકડા, **૩૨** બગડા....મૂકવા.
**ચોથી** લાઈનમાં ક્રમશઃ **૨૫૬** સુધી **૧૬** એકડા, **૧૬** બગડા, **૧૬** એકડા, **૧૬** બગડા....મૂકવા.
**પાંચમી** લાઈનમાં ક્રમશઃ **૨૫૬** સુધી ૮ એકડા, ૮ બગડા, ૮ એકડા, ૮ બગડા....મૂકવા.
**છઠ્ઠી** લાઈનમાં **૨૫૬** સુધી ક્રમશઃ ૪ એકડા, ૪ બગડા, ૪ એકડા, ૪ બગડા....મૂકવા.
**સાતમી** લાઈનમાં **૨૫૬** સુધી ક્રમશઃ ૨ એકડા, ૨ બગડા, ૨ એકડા, ૨ બગડા....મૂકવા.
**આઠમી** લાઈનમાં **૨૫૬** સુધી ક્રમશઃ ૧ એકડો, ૧ બગડો., ૧ એકડો, ૧ બગડો....મૂકવો.

## (૧૧)

## -: ભાવનું સ્વરૂપ :-

મૂલભાવના નામ અને ભેદ :-

**उवसमखयमीसोदयपरिणामा दुनवट्ठारइगवीसा ।**
**तिय भेय संनिवाइय, संमं चरणं पढमभावे ॥६४॥**

उपशमक्षयमिश्रोदयपरिणामा द्विनवाष्टादशैकविंशतयः ।
त्रया भेदास्सान्निपातिकः सम्यक्त्वं चरणं प्रथमभावे ॥६४॥

**ગાથાર્થ:- મૂળભાવ (૧) ઔપશમિક (૨) ક્ષાયિક (૩) મિશ્ર= ક્ષાયોપશમિક (૪) ઔદયિક અને (૫) પારિણામિક છે. તે ક્રમશઃ બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ પ્રકારે છે, સાંનિપાતિકભાવ છટ્ઠો છે. પહેલા (ઔપશમિક)ભાવના ભેદ (૧) સમ્યક્ત્વ અને (૨) ચારિત્ર છે.**

**વિવેચન :-** ઉપશમાદિ કાર્મિક પ્રક્રિયાથી કે સ્વયં જ ઉત્પન્ન થતા જીવના પર્યાયને ઔપશમિકાદિભાવ કહે છે. તે **૫** પ્રકારે છે.

જીવના પર્યાયો અનેક હોવા છતાં પણ તે પર્યાયોના મુખ્ય કારણો (૧) ઉપશમ (૨) ક્ષય (૩) ક્ષયોપશમ (૪) ઉદય અને (૫) પરિણમન હોવાથી મુખ્યભાવ (૧) **ઔપશમિક** (૨) **ક્ષાયિક** (૩) **ક્ષાયોપશમિક** (૪) **ઔદયિક** અને (૫) **પારિણામિક** છે.

(૧) **ઔપશમિકભાવ :-** જેમ જલમાં કતકચૂર્ણ નાંખવાથી કચરો નીચે બેસી જતાં થોડા સમય સુધી જલ નિર્મલ દેખાય છે. તેમ આત્મામાં શુભ અધ્યવસાયથી મોહનીયકર્મ ઉપશાંત થતાં અંતર્મુહૂર્ત સુધી મોહનીયકર્મનો વિપાકોદય (રસોદય) અને પ્રદેશોદય ન થવાથી જે વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે ઔપશમિકભાવ કહેવાય છે.

(૨) **ક્ષાયિકભાવ** :- જેમ જલમાંથી કચરો નીકળી જવાથી જલશુદ્ધ બની જાય છે. તેમ આત્મા ઉપર રહેલો કર્મરૂપ કચરો નાશ પામી જવાથી સદાને માટે જે અત્યંત વિશુદ્ધ પરિણામ ઉત્પન્ન થાય છે, તે ક્ષાયિકભાવ કહેવાય છે.

(૩) **ક્ષાયોપશમિકભાવ**:-કર્મની ક્ષય અને ઉપશમની પ્રક્રિયાથી જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે ક્ષાયોપશમિકભાવ કહેવાય છે.

(૪) **ઔદયિકભાવ** :-કર્મના ઉદયથી જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે ઔદયિકભાવ કહેવાય છે.

(૫) **પારિણામિકભાવ** :-ઉપશમાદિ કાર્મિક પ્રક્રિયાદિની અપેક્ષા વિના સાહજિક રીતે જ પોત-પોતાના સ્વભાવાનુસારે જીવ અને અજીવદ્રવ્યોનું પરિણમવું, તે પારિણામિકભાવ કહેવાય છે. દા.ત. જીવદ્રવ્યનું જીવત્વરૂપે (સ્ફૂરણા થવા રૂપે) પરિણમન થયા કરવું....ધર્માસ્તિકાયનું જીવ અને પુદ્‌ગલને ગતિમાં સહાયક થવા રૂપે પરિણમન થવું.... તે પારિણામિકભાવ કહેવાય છે.

ઔપશમિકભાવ....... ૨ પ્રકારે છે.
ક્ષાયિકભાવ ............ ૯ પ્રકારે છે.
ક્ષાયોપશમિકભાવ . ૧૮ પ્રકારે છે.
ઔદયિકભાવ....... ૨૧ પ્રકારે છે.
પારિણામિકભાવ...... ૩ પ્રકારે છે.

પાંચભાવના કુલ -૫૩ ભેદ થાય છે.

ઔપશમિકાદિ- **૫** ભાવમાંથી કોઈપણ બે, ત્રણ, ચાર કે પાંચ ભાવના સંયોગથી ઉત્પન્ન થતાં પરિણામને "**સાંનિપાતિકભાવ**" કહે છે.

**ઔપશમિકભાવ-૨ પ્રકારે છે.**

(૧) **સમ્યક્ત્વ** અને (૨) **ચારિત્ર.**

(૧) મિથ્યાત્વમોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થવાથી ગ્રન્થિભેદજન્ય ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને દર્શનત્રિકનો સંપૂર્ણ ઉપશમ થવાથી શ્રેણીગત ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તે બન્ને **ઔપશમિકભાવના સમ્યક્ત્વ** કહેવાય છે.

(૨) ચારિત્રમોહનીય કર્મનો સંપૂર્ણ ઉપશમ થવાથી ઔપશમિક યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય છે. તે **ઔપશમિકભાવનું ચારિત્ર** કહેવાય.

ક્ષાયિક અને ક્ષાયોપશમિકભાવના ભેદ :-

**बीए केवलजुयलं, सम्मं दाणाइलद्धि पण चरणं ।**
**तइए सेसुवओगा, पण लद्धि सम्म विरइ दुगं ॥६५॥**

द्वितीये केवलयुगलं, सम्यग् दानादिलब्धयः पञ्च चरणम् ।
तृतीये शेषोपयोगाः, पञ्च लब्धयः सम्यग् विरतिद्विकम् ॥६५॥

**ગાથાર્થઃ- બીજા (ક્ષાયિક)ભાવના કેવલદ્વિક, સમ્યક્ત્વ, દાનાદિ પાંચલબ્ધિ અને ચારિત્ર એ નવભેદ છે અને ત્રીજા (ક્ષાયોપશમિક) ભાવના કેવલદ્વિકને છોડીને બાકીના દશ ઉપયોગ, દાનાદિ પાંચલબ્ધિ, સમ્યક્ત્વ અને વિરતિદ્વિક એ ૧૮ ભેદ છે.**

**વિવેચન** :- ક્ષાયિકભાવ- ૯ પ્રકારે છે.

(૧) કેવલજ્ઞાનાવરણીયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **કેવલજ્ઞાન** પ્રાપ્ત થાય છે.

(૨) કેવલદર્શનાવરણીયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **કેવલદર્શન** પ્રાપ્ત થાય છે.

(૩) દાનાંતરાયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકદાનલબ્ધિ** પ્રાપ્ત થાય છે.

(૪) લાભાંતરાયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકલાભલબ્ધિ** પ્રાપ્ત થાય છે.

(૫) ભોગાન્તરાયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકભોગલબ્ધિ** પ્રાપ્ત થાય છે.

(૬) ઉપભોગાન્તરાયનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકઉપભોગલબ્ધિ** પ્રાપ્ત થાય છે.

(૭) વીર્યાંતરાયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકવીર્યલબ્ધિ** પ્રાપ્ત થાય છે.

(૮) દર્શનસપ્તકનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે.

(૯) ચારિત્રમોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી **ક્ષાયિકચારિત્ર** પ્રાપ્ત થાય છે.

**ક્ષાયોપશમિકભાવ-૧૮** પ્રકારે છે.

★ **મત્યાદિ-૪** જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી **૪ જ્ઞાન** પ્રાપ્ત થાય છે.

★ **મત્યાદિ**-૩ અજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી ૩ **અજ્ઞાન** પ્રાપ્ત થાય છે.

★ **ચક્ષુરાદિ**-૩ દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી ૩ **દર્શન** પ્રાપ્ત થાય છે.

★ દાનાંતરાયાદિકર્મના ક્ષયોપશમથી **ક્ષાયોપશમિક દાનાદિ-૫ લબ્ધિ** પ્રાપ્ત થાય છે.

★ દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી **ક્ષાયોપશમિકસમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે.

★ અપ્રત્યાખ્યાનીયકર્મના ક્ષયોપશમથી **દેશવિરતિ** પ્રાપ્ત થાય છે.

★ પ્રત્યાખ્યાનીયકર્મના ક્ષયોપશમથી **સર્વવિરતિ** (ક્ષાયોપશમિકચારિત્ર) પ્રાપ્ત થાય છે.

ઔદયિક અને પારિણામિકભાવના ભેદ :-

**अनाणमसिद्धत्तासंजमलेसाकसायगइवेया ।**

**मिच्छं तुरिए भव्वाभव्वत्तजियत्त परिणामे ॥६६॥**

अज्ञानमसिद्धत्वाऽसंयमलेश्याकषायगतिवेदाः ।

मिथ्यात्वं तुर्ये भव्याऽभव्यत्वजीवत्वानि परिणामे ॥६६॥

ગાથાર્થ:- **ચોથા (ઔદયિક)ભાવના અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, છલેશ્યા, ચારકષાય, ચારગતિ, ૩વેદ, અને મિથ્યાત્વ એ ૨૧ ભેદ છે. અને પારિણામિકભાવના ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એ ત્રણ ભેદ છે.**

**વિવેચન :- અજ્ઞાન = મિથ્યાજ્ઞાન**

**અજ્ઞાન = જ્ઞાનનો અભાવ.**

મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી **અજ્ઞાનતા**[૪૮] ઉત્પન્ન થાય છે. અને જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી પણ અજ્ઞાનતા ઉત્પન્ન થાય છે.

**અસિદ્ધત્વ=સંસારી અવસ્થા......**

જ્યાં સુધી આઠે કર્મમાંથી કોઈપણ કર્મનો ઉદય હોય છે. ત્યાં સુધી સિદ્ધત્વ પ્રાપ્ત થતું નથી. તેથી આઠે કર્મના ઉદયથી **અસિદ્ધ-અવસ્થા**ની પ્રાપ્તિ થાય છે.

અપ્રત્યાખ્યાનીયકષાયના ઉદયથી **અસંયમ** પ્રાપ્ત થાય છે.

લેશ્યાનું સ્વરૂપ કેવું છે ? એ બાબતમાં ૩ મત છે.

(૧) **કેટલાક આચાર્યભગવંતો કષાયના પ્રવાહને લેશ્યા કહે છે.** તેથી તેમના મતે કષાયમોહનીયકર્મના ઉદયથી લેશ્યા ઉત્પન્ન થાય છે.

(૨) **કેટલાક આચાર્યભગવંતો યોગના પરિણામને લેશ્યા કહે છે.** તેથી તેમના મતે શરીરનામકર્મના ઉદયથી લેશ્યા ઉત્પન્ન થાય છે.

(૪૮) इहासदध्यवसायात्मकं सज्ज्ञानमप्यज्ञानं, तच्च मिथ्यात्वोदयजमेव ।

(ચોથાકર્મગ્રંથની ટીકા ગાથા નં. ૬૬)

(૩) **કેટલાક આચાર્યભગવંતો આઠે કર્મના પરિણામને લેશ્યા કહે છે.** તેથી તેમના મતે આઠે કર્મના ઉદયથી લેશ્યા ઉત્પન્ન થાય છે.

કષાયમોહનીયકર્મના ઉદયથી **ક્રોધાદિકષાય** ઉત્પન્ન થાય છે.

ગતિનામકર્મના ઉદયથી **દેવાદિ-૪ ગતિ**ની પ્રાપ્તિ થાય છે.

અંગોપાંગનામકર્મના ઉદયથી આકૃતિરૂપ દ્રવ્યવેદ પ્રાપ્ત થાય છે. અને વેદમોહનીયકર્મના ઉદયથી **ભાવવેદ** પ્રાપ્ત થાય છે.

મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી **મિથ્યાત્વ** પ્રાપ્ત થાય છે.

પારિણામિકભાવ-૩ પ્રકારે છે.

(૧) **જીવત્વ = ચૈતન્ય હોવું....સ્ફૂરણા થવી.**

(૨) **ભવ્યત્વ = મોક્ષમાં જવાની યોગ્યતા હોવી.**

(૩) **અભવ્યત્વ = મોક્ષમાં જવાની યોગ્યતા ન હોવી.**

સંસારી અને સિદ્ધજીવોમાં જીવત્વ હોય છે. ભવ્યજીવોમાં ભવ્યત્વ અને અભવ્યજીવોમાં અભવ્યત્વ હોય છે.

**ઔપશમિકાદિભાવના ભેદોમાં ચતુર્ભંગી :-**

(૧) **ઔપશમિકભાવના બન્ને ભેદ સાદિ-સાંત** છે. કારણ કે જ્યારે દર્શનમોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થાય છે. ત્યારે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અને જ્યારે ચારિત્રમોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થાય છે. ત્યારે ઉપશમચારિત્ર પ્રાપ્ત થાય છે. તેથી તે બન્ને ભાવ **સાદિ** છે. અને અંતર્મુહૂર્તકાળ પછી તે બન્ને ભાવ નાશ પામી જાય છે. તેથી તે બન્ને ભાવો **સાંત** છે.

(૨) **ક્ષાયિકભાવના નવ ભેદ સાદિ-અનંત છે.** કારણ કે જ્યારે દર્શન સપ્તકનો સંપૂર્ણ ક્ષય થાય છે. ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. જ્યારે ચારિત્ર મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થાય છે. ત્યારે ક્ષાયિકચારિત્ર

પ્રાપ્ત થાય છે. અને જ્યારે ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય થાય છે. ત્યારે કેવળજ્ઞાનાદિ- ૭ ભાવો પ્રગટ થાય છે. તેથી તે ભાવો **સાદિ** છે. અને તે ભાવો ક્યારે ય નાશ પામતા ન હોવાથી **અનંત** છે.

(૩) **ક્ષાયોપશમિકભાવના ૧૮ ભેદમાંથી મત્યાદિ-૪** જ્ઞાન **અવધિદર્શન, ક્ષયોપશમસમ્યક્ત્વ, વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન** અને **વિરતિદ્વિક સાદિ-સાંત છે** કારણ કે જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ત્યારે મત્યાદિ-૩ જ્ઞાન અને અવધિદર્શન પ્રાપ્ત થાય છે અને સમ્યક્ત્વથી નીચે પડતાં અથવા કેવળજ્ઞાન પ્રગટ થતાં તે ભાવો નાશ પામી જાય છે. તેથી તે ભાવો સાદિ-સાંત છે. **મનઃપર્યવજ્ઞાન** અપ્રમત્તસંયમીને પ્રાપ્ત થઇ શકે છે અને કેવળજ્ઞાન પ્રગટ થતાં નાશ પામી જાય છે. તેથી તે ભાવ સાદિ-સાંત છે. દર્શનમોહનીયનો ક્ષયોપશમ થવાથી ક્ષયોપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અને દર્શન મોહનીયના ક્ષયોપશમનો નાશ થતાં ક્ષયોપશમસમ્યક્ત્વ નાશ પામી જાય છે. તેથી તે ભાવ સાદિ-સાંત છે. અપ્રત્યા૦કષાયનો ક્ષયોપશમ થવાથી દેશવિરતિ પ્રાપ્ત થાય છે. અને પ્રત્યાખ્યાનીયનો ક્ષયોપશમ થતાં દેશવિરતિનો નાશ થાય છે. તેથી તે ભાવ સાદિ-સાંત છે. પ્રત્યાખ્યાનીય કષાયનો ક્ષયોપશમ થવાથી ક્ષયોપશમચારિત્ર પ્રાપ્ત થાય છે. અને ઔપશમિકચારિત્ર કે ક્ષાયિકચારિત્ર પ્રાપ્ત થતાં ક્ષયોપશમચારિત્રનો નાશ થાય છે. તેથી તે ભાવ **સાદિ-સાંત** છે. લબ્ધિપર્યાપ્ત સંજ્ઞીને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે અને નાશ પણ પામે છે. તેથી તે ભાવ સાદિ-સાંત છે અને ચક્ષુદર્શન પર્યાપ્તચઉરિન્દ્રિયાદિને પ્રાપ્ત થાય છે. અને નાશ પણ પામે છે. તેથી તે ભાવ સાદિ-સાંત છે.

અભવ્યને **મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, અચક્ષુદર્શન** અને દાનાદિ **પાંચલબ્ધિ** અનાદિકાળથી છે. અને અનંતકાળ રહેવાની છે. તેથી **તે ૮ ભાવો અનાદિ-અનંત** છે. અને ભવ્યજીવોને મતિઅજ્ઞાનાદિ-૮

અનાદિકાળથી છે. પણ સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં અજ્ઞાનનો નાશ થાય છે. અને કેવળજ્ઞાન પ્રગટ થતાં અચક્ષુદર્શન તથા ક્ષાયોપશમિક દાનાદિપાંચલબ્ધિ નાશ પામી જાય છે. તેથી **તે ૮ ભાવો અનાદિ-સાંત** છે.

(૪) **ઔદયિકભાવના ૨૧ ભેદમાંથી અજ્ઞાનતા, અસિદ્ધત્વ, અસંયમ** અને **મિથ્યાત્વ** અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત** છે અને ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાંત** છે. બાકીના **૧૭** ભેદ **સાદિ-સાંત** છે.

(૫) **પારિણામિકભાવનું જીવત્વ** અને **અભવ્યત્વ અનાદિ-અનંત** છે. **ભવ્યત્વ અનાદિ-સાંત** છે. કારણ કે ભવ્યજીવોને ભવ્યત્વ અનાદિકાળથી છે. અને કેવળજ્ઞાન પ્રગટ થતાં પ્રાયઃ ભવ્યત્વનો નાશ થાય છે. તેથી તે ભાવ અનાદિ-સાંત છે.

સાંનિપાતિકભાવના ભેદ :-

**चउ चउगईसु मीसगपरिणामुदएहिं चउ सखइएहिं ।**
**उवसमजुएहिं वा चउ, केवलि परिणामुदयखइए ॥६७॥**
**खयपरिणामि सिद्धा नराण पण जोगुवसमसेढीए ।**
**इय पनर संनिवाइयभेया वीसं असंभविणो ॥६८॥**

चत्वारश्चतुर्गतिषु मिश्रकपरिणामोदयैश्चत्वारः सक्षायिकैः ।
उपशमयुतैर्वा चत्वारः, केवली परिणामोदयक्षायिके ॥६७॥
क्षयपरिणामे सिद्धाः नराणां पञ्चयोग उपशमश्रेण्याम् ।
इति पञ्चदश सांनिपातिकभेदा विंशतिरसंभविनः ॥६८॥

**ગાથાર્થઃ- (૧) ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક એ ત્રિસંયોગી સાંનિપાતિકભાવ ચારેગતિમાં હોવાથી ચાર પ્રકારે છે. (૨) ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક-ક્ષાયિક એ ચતુઃસંયોગી**

સાંનિપાતિકભાવ ચારેગતિમાં હોવાથી ચાર પ્રકારે છે. (૩) ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક-ઔપશમિક એ ચતુઃસંયોગી સાંનિપાતિકભાવ ચારેગતિમાં હોવાથી ચાર પ્રકારે છે. (૪) પારિણામિક-ઔદયિક-ક્ષાયિક એ ત્રિસંયોગી સાંનિપાતિકભાવ કેવલીજ્ઞાનીને હોય છે. (૫) ક્ષાયિક-પારિણામિક એ દ્વિસંયોગી સાંનિપાતિક ભાવ સિદ્ધોને હોય છે. અને (૬) ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક એ પંચસંયોગી સાંનિપાતિકભાવ મનુષ્યોને ઉપશમશ્રેણીમાં હોય છે.

**એ પ્રમાણે, સાંનિપાતિકભાવના છ ભાંગાના કુલ - ૧૫ ભેદ થાય છે અને તે છ ભાંગા જ જીવોમાં સંભવે છે. બાકીના ૨૦ ભાંગા જીવોમાં સંભવતા નથી.**

**વિવેચન** :- ઔપશમિકાદિ-પાંચભાવમાંથી કોઇપણ બે ભાવનો સંયોગ થવાથી જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે દ્વિસંયોગી સાંનિપાતિક-ભાવ કહેવાય છે.

**દ્વિસંયોગી સાંનિપાતિકભાવના-૧૦ ભાંગા :-**

| | |
|---|---|
| (૧) ઔપશમિક-ક્ષાયિક. | (૬) ક્ષાયિક-ઔદયિક. |
| (૨) ઔપશમિક-ક્ષાયોપશમિક. | (૭) ક્ષાયિક-પારિણામિક. |
| (૩) ઔપશમિક-ઔદયિક. | (૮) ક્ષાયોપશમિક-ઔદયિક. |
| (૪) ઔપશમિક-પારિણામિક. | (૯) ક્ષાયોપશમિક-પારિણામિક. |
| (૫) ક્ષાયિક-ક્ષાયોપશમિક. | (૧૦) ઔદયિક-પારિણામિક. |

★ ઔપશમિકાદિ-પાંચ ભાવોમાંથી કોઇપણ ત્રણભાવનો સંયોગ થવાથી જે પરિણામ ઉત્પન્ન થાય છે. તે ત્રિસંયોગી સાંનિપાતિકભાવ કહેવાય છે.

**ત્રિસંયોગી સાંનિપાતિકભાવના-૧૦ ભાંગા :-**

(૧) ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક.

(૨) ઔપશમિક-ક્ષાયિક-ઔદયિક.

(૩) ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક.

(૪) ઔપશમિક-ક્ષાયોપશમિક-ઔદયિક.

(૫) ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક.

(૬) ઔપશમિક-ઔદયિક-પારિણામિક.

(૭) ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક.

(૮) ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક.

(૯) ક્ષાયિક-ઔદયિક-પારિણામિક.

(૧૦) ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક.

★ ઔપશમિકાદિ-૫ ભાવોમાંથી કોઈપણ ચારભાવનો સંયોગ થવાથી જે પરિણામ ઉત્પન્ન થાય છે. તે ચતુઃસંયોગી સાંનિપાતિકભાવ કહેવાય છે.

**ચતુઃસંયોગી સાંનિપાતિકભાવના-૫ ભાંગા :-**

(૧) ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક.

(૨) ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક.

(૩) ઔપશમિક-ક્ષાયિક-ઔદયિક-પારિણામિક.

(૪) ઔપશમિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક.

(૫) ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક.

**પંચસંયોગી સાંનિપાતિકભાવનો-૧ ભાંગો :-**

(૧) ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક.

**સાંનિપાતિકભાવના ૧૦+૧૦+૫+૧=૨૬ ભાંગા થાય છે.** તેમાંથી છ ભાંગા જીવોમાં સંભવે છે. બાકીના- ૨૦ ભાંગા જીવોમાં સંભવતા નથી.

(૧) **ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક** એ ત્રિસંયોગી સાંનિપાતિકભાવ ચારેગતિના મિથ્યાદૃષ્ટિ અને ક્ષયોપશમસમ્યક્ત્વીને હોવાથી ૪ પ્રકારે છે.

(1) **મનુષ્યગતિમાં** ક્ષાયોપશમિકભાવનું અજ્ઞાન, જ્ઞાન, દર્શન વગેરે હોય છે. પારિણામિકભાવનું જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ હોય છે. ઔદયિકભાવનું મનુષ્યગતિ, કષાય, લેશ્યા વગેરે હોય છે.

(2) **દેવગતિમાં** ક્ષાયોપશમિકભાવનું અજ્ઞાન, જ્ઞાન, દર્શન વગેરે હોય છે. પારિણામિકભાવનું જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ હોય છે. ઔદયિકભાવનું દેવગતિ, કષાય, લેશ્યા વગેરે હોય છે.

(3) **તિર્યંચગતિમાં** ક્ષાયોપશમિકભાવનું અજ્ઞાન, જ્ઞાન, દર્શન વગેરે હોય છે. પારિણામિકભાવનું જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ હોય છે. ઔદયિકભાવનું તિર્યંચગતિ, કષાય, લેશ્યા વગેરે હોય છે.

(4) **નરકગતિમાં** ક્ષાયોપશમિકભાવનું અજ્ઞાન, જ્ઞાન, દર્શન વગેરે હોય છે. પારિણામિકભાવનું જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ હોય છે. ઔદયિકભાવનું નરકગતિ, કષાય, લેશ્યા, વગેરે હોય છે.

(૨) **ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક-ક્ષાયિક** એ ચતુઃસંયોગી સાંનિપાતિકભાવ ચારેગતિના ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવોને હોવાથી ૪ પ્રકારે છે.

(1) **મનુષ્યગતિમાં** ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, પારિણામિક ભાવના જીવત્વાદિ, ઔદયિકભાવના ગત્યાદિ અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ તથા ચારિત્ર હોય છે.

(2) **દેવગતિમાં** ક્ષાયોપશિમકભાવના જ્ઞાનાદિ, પારિણામિકભાવના જીવત્વાદિ, ઔદયિકભાવના કષાયાદિ અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ જ હોય છે.

(3) **તિર્યંચગતિમાં** ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, પારિણામિક ભાવના જીવત્વાદિ, ઔદયિકભાવના કષાયાદિ અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ જ હોય છે.

(4) **નરકગતિમાં** ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, પારિણામિક ભાવના જીવત્વાદિ, ઔદયિકભાવના કષાયાદિ અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ જ હોય છે.

(૩) **ક્ષાયોપશમિક-પારિણામિક-ઔદયિક-ઔપશમિક** એ ચતુઃસંયોગી સાંનિપાતિકભાવ ચારેગતિના ઔપશમિકસમ્યક્ત્વીને હોવાથી ૪ પ્રકારે છે.

(1) **મનુષ્યગતિમાં** ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, પારિણામિક ભાવના જીવત્વાદિ, ઔદયિકભાવના ગત્યાદિ અને ઔપશમિકભાવનું સમ્યક્ત્વાદિ હોય છે.

(2) **દેવગતિમાં** ક્ષાયોપશિમકભાવના જ્ઞાનાદિ, પારિણામિકભાવના

જીવત્વાદિ, ઔદયિકભાવના કષાયાદિ અને ઔપશમિકભાવનું સમ્યક્ત્વ જ હોય છે.

(3) **તિર્યંચગતિમાં** ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, પારિણામિક ભાવના જીવત્વાદિ, ઔદયિકભાવના કષાયાદિ અને ઔપશમિકભાવનું સમ્યક્ત્વ હોય છે.

(4) **નરકગતિમાં** ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, પારિણામિક ભાવના જીવત્વાદિ, ઔદાયિકભાવના કષાયાદિ અને ઔપશમિકભાવનું સમ્યક્ત્વ હોય છે.

(૪) **પારિણામિક-ઔદયિક-ક્ષાયિક** એ ત્રિસંયોગી સાંનિપાતિક-ભાવ કેવલીભગવંતને જ હોય છે. તેમાં પારિણામિકભાવનું જીવત્વ હોય છે. ઔદયિકભાવની મનુષ્યગતિ, અસિદ્ધત્વાદિ અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ, ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકદાનાદિ - **૫** લબ્ધિ હોય છે.

(૫) **ક્ષાયિક-પારિણામિક** એ દ્વિસંયોગી સાંનિપાતિભાવ સિદ્ધભગવંતોને જ હોય છે. તેમાં ક્ષાયિકભાવનું સમ્યક્ત્વાદિ અને પારિણામિકભાવનું જીવત્વ હોય છે.

(૬) **ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક** એ પંચસંયોગી સાંનિપાતિકભાવ ઉપશમશ્રેણીમાં ક્ષાયિકસમ્યક્ત્વીને હોય છે. તેમાં ઔપશમિકભાવનું ચારિત્ર, ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક-ભાવના જ્ઞાન-દર્શનાદિ, ઔદયિકભાવની મનુષ્યગતિ-શુક્લલેશ્યાદિ અને પારિણામિકભાવનું જીવત્વ, ભવ્યત્વ હોય છે.

એ પ્રમાણે, **સાંનિપાતિક ભાવના ૬ ભાંગાના ક્રમશઃ કુલ- ૪ + ૪ + ૪ + ૧ + ૧ + ૧ = ૧૫ ભેદ થાય છે.**

કર્મમાં ભાવ અને અજીવદ્રવ્યના ભાવ :-

**मोहेव समो मीसो, चउघाइसु अट्ठकम्मसु य सेसा ।**
**धम्माइ पारिणामिय भावे खंधा उदइए वि ॥६९॥**

मोह एव शमो मिश्रश्चर्तुघातिष्वष्टकर्मसु च शेषाः ।
धर्मादि पारिणामिकभावे स्कंन्धा उदयेऽपि ॥६९॥

ગાથાર્થ:- **ઔપશમિકભાવ મોહનીયકર્મમાં જ હોય છે. મિશ્ર=ક્ષાયોપશમિકભાવ ચારઘાતીકર્મમાં જ હોય છે. બાકીના ત્રણ ભાવ આઠે કર્મમાં હોય છે. ધર્માસ્તિકાયાદિ પારિણામિકભાવે હોય છે અને સ્કંધો ઔદયિકભાવે પણ હોય છે.**

**વિવેચન :-** ઔપશમિકભાવ મોહનીયકર્મમાં જ હોય છે. બાકીના કર્મોમાં ન હોય. કારણ કે મોહનીયકર્મની જ સર્વોપશમના થાય છે. બાકીના કર્મોની સર્વોપશમના થતી નથી. ક્ષાયોપશમિકભાવ ઘાતીકર્મનો જ હોય છે. અઘાતીકર્મોનો હોતો નથી. કારણ કે ઘાતીકર્મોથી આવાર્ય ગુણોનું જ આંશિક પ્રગટીકરણ શક્ય છે. તેથી તે કર્મોનો જ ક્ષયોપશમ હોય છે. અને ક્ષાયિક-ઔદયિક-પારિણામિક એ ત્રણ ભાવ આઠે કર્મમાં હોય છે. એટલે **મોહનીયકર્મમાં પાંચે ભાવ** હોય છે. **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય** અને **અંતરાયકર્મમાં ક્ષાયિક, મિશ્ર, ઔદયિક** અને **પારિણામિક** એ ચાર જ ભાવ હોય છે. અને **ચાર અઘાતીકર્મમાં ક્ષાયિક-ઔદયિક-પારિણામિક** એ ત્રણ જ ભાવ હોય છે.

**અજીવદ્રવ્યના ભાવ :-**

અજીવદ્રવ્યોમાંથી (૧) **ધર્માસ્તિકાય** (૨) **અધર્માસ્તિકાય** (૩) **આકાશાસ્તિકાય** અને (૪) **કાલદ્રવ્યમાં એક જ પારિણામિકભાવ** હોય છે. તેમાં (૧) ધર્માસ્તિકાય જીવ-પુદ્ગલને ગતિમાં સહાયક થવારૂપ

સ્વકાર્યમાં પરિણમન કર્યા કરે છે. (૨) અધર્માસ્તિકાય જીવ-પુદ્ગલને સ્થિર કરવારૂપ સ્વકાર્યમાં પરિણમન કર્યા કરે છે. (૩) આકાશાસ્તિકાય જગ્યા આપવારૂપ સ્વકાર્યમાં પરિણમન કર્યા કરે છે. અને (૪) કાલદ્રવ્ય સમય-પર્યાયરૂપ સ્વકાર્યમાં પરિણમન કર્યા કરે છે.

પુદ્ગલદ્રવ્ય ૨ પ્રકારે છે. (૧) પરમાણુપુદ્ગલ (૨) સ્કંધપુદ્ગલ. તેમાંથી **પરમાણુપુદ્ગલ પારિણામિકભાવે જ હોય છે.** અને સ્કંધપુદ્ગલમાં દ્વયણુકાદિ સાદિસ્કંધોનું સાહજિક રીતે જ પૂરણ-ગલન રૂપ સ્વકાર્યમાં પરિણમન થયા કરે છે. તેથી તે સ્કંધો પારિણામિકભાવે હોય છે અને જીવ દ્વારા ગ્રહણ કરાતા અનંતાનંત પરમાણુવાળા ઔદારિકાદિ પુદ્ગલસ્કંધો ઔદયિકભાવે પણ હોય છે. કારણ કે ઔદારિકાદિ શરીર નામકર્મના ઉદયથી જીવ જે ઔદારિકાદિ પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરીને ઔદારિકાદિશરીર બનાવે છે. તે પુદ્ગલસ્કંધોમાં પણ જીવના સંયોગના કારણે કર્મોનો ઉદય માનવામાં આવ્યો છે. તેથી ઔદારિકાદિ શરીરનામકર્મથી જન્યઔદારિકાદિ સ્કંધો ઔદયિકભાવે હોય છે.

એકજીવની અપેક્ષાએ ગુણઠાણામાં મૂલભાવ :-

**सम्माइचउसु तिग चउ, भावा चउ पणुवसामगुवसंते ।**
**चउ खीणापुव्वे तिन्नि, सेसगुणट्ठाणगेगजिए ॥७०॥**

सम्यगादिचतुर्षु त्रयश्चत्वारो, भावाश्चत्वारः पञ्चौपशमकोपशान्ते ।
चत्वारः क्षीणाऽपूर्वे त्रयः, शेषगुणस्थानक एकजीवे ॥७०॥

**ગાથાર્થ:- એકજીવની અપેક્ષાએ સમ્યક્ત્વાદિ-૪ ગુણઠાણામાં ત્રણ અથવા ચારભાવ હોય છે. ઉપશમક (નવમા-દશમા) અને ઉપશાંતમોહગુણઠાણે ચાર અથવા પાંચભાવ હોય છે. ક્ષીણમોહ તથા અપૂર્વકરણ ગુણઠાણામાં ચારભાવ હોય છે અને બાકીના ગુણઠાણામાં**

ત્રણભાવ હોય છે.

**વિવેચન** :- ઔપશમિકભાવ ૪થી૧૧ ગુણઠાણા સુધી જ હોય છે.

ક્ષાયોપશમિકભાવ ૧થી૧૨ ગુણઠાણા સુધી જ હોય છે.

ક્ષાયિકભાવ ૪થી૧૪ ગુણઠાણા સુધી હોય છે.

ઔદયિક અને પારિણામિકભાવ ૧થી૧૪ ગુણઠાણા સુધી હોય છે.

**એકજીવની અપેક્ષાએ ગુણઠાણામાં મૂલભાવ** :-

૪થી૭ ગુણઠાણામાં રહેલા એકજીવને **ત્રણ** કે **ચાર**ભાવ હોય છે.

(૧) **ક્ષયોપશમસમ્યક્ત્વીને ક્ષાયોપશમિક--ઔદયિક--પારિણામિકભાવ** હોય છે. તેમાં ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વજ્ઞાનાદિ, ઔદયિકભાવના ગત્યાદિ અને પારિણામિકભાવના જીવત્વ-ભવ્યત્વ હોય છે.

(૨) **ઉપશમસમ્યક્ત્વીને ઔપશમિક--ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. તેમાં ઔપશમિકભાવનું સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, ઔદયિકભાવની ગત્યાદિ અને પારિણામિક-ભાવના જીવત્વાદિ હોય છે.

(૩) **ક્ષાયિકસમ્યક્ત્વીને ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. તેમાં ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, ઔદયિકભાવના ગત્યાદિ અને પારિણામિકભાવના જીવત્વાદિ હોય છે.

**નવમા-દશમા**ગુણઠાણામાં રહેલા એકજીવને **ચાર** કે **પાંચ**ભાવ હોય છે.

(૧) **ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વીને ઔપશમિક--ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. તેમાં ઔપશમિકભાવનું

સમ્યક્ત્વ અને ઔપશમિકભાવનું ચારિત્ર, ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, ઔદયિકભાવના ગત્યાદિ અને પારિણામિકભાવના જીવત્વાદિ હોય છે.

(૨) **ઉપશમશ્રેણીમાં ક્ષાયિકસમ્યક્ત્વીને ઔપશમિક - ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. તેમાં ઔપશમિકભાવનું ચારિત્ર, ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, ઔદયિકભાવના ગત્યાદિ અને પારિણામિકભાવના જીવત્વાદિ હોય છે.

**૧૧**મા **ગુણઠાણામાં** રહેલા એકજીવને **ચાર** કે **પાંચ**ભાવ હોય છે.

(૧) **ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વીને ઔપશમિક--ક્ષાયોપશમિક-ઔદયિક--પારિણામિકભાવ** હોય છે. તેમાં ઔપશમિકભાવનું સમ્યક્ત્વ-ઔપશમિકભાવનું ચારિત્ર, ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ, ઔદયિકભાવની મનુષ્યગતિ-લેશ્યાદિ અને પારિણામિકભાવના જીવત્વાદિ હોય છે.

(૨) **ઉપશમશ્રેણીમાં ક્ષાયિકસમ્યક્ત્વીને ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. તેમાં ઔપશમિકભાવનું ચારિત્ર અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ હોય છે. બાકીના ત્રણ પૂર્વે કહ્યાં મુજબ સમજવા.

**આઠમા** ગુણઠાણામાં રહેલા એકજીવને **ચાર** ભાવ હોય છે.

(૧) **ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વીને ઔપશમિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે.

(૨) **ઉપશમશ્રેણી** કે **ક્ષપકશ્રેણી**માં **ક્ષાયિકસમ્યક્ત્વી**ને **ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક** ભાવ હોય છે.

**બારમા** ગુણઠાણામાં રહેલા એકજીવને **ક્ષાયિક-ક્ષાયોપશમિક-**

**ઔદયિક-પારણામિકભાવ** હોય છે. તેમાં ક્ષાયિકભાવનું ચારિત્ર અને સમ્યક્ત્વ હોય છે બાકીના ત્રણ પૂર્વે કહ્યાં મુજબ સમજવા....

**૧ થી ૩** ગુણઠાણામાં રહેલા એકજીવને-**ક્ષાયોપશમિક-ઔદયિક-પારણામિકભાવ** હોય છે. તેમાં ક્ષાયોપશમિકભાવે અજ્ઞાનાદિ, ઔદયિકભાવે ગત્યાદિ અને પારિણામિકભાવે જીવત્વાદિ હોય છે.

**તેરમા-ચૌદમા** ગુણઠાણે કેવલીભગવંતને **ક્ષાયિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. તેમાં ક્ષાયિકભાવના કેવલજ્ઞાનાદિ, ઔદયિકભાવના મનુષ્યગતિ, અસિદ્ધત્વાદિ અને પારિણામિકભાવે જીવત્વ હોય છે.

**અનેકજીવની અપેક્ષાએ ગુણઠાણામાં મૂલભાવ :-**

**૧ થી ૩** ગુણઠાણામાં અનેકજીવની અપેક્ષાએ **ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. ઔપશમિક અને ક્ષાયિકભાવ ન હોય.

**૪ થી ૧૧** ગુણઠાણામાં અનેકજીવની અપેક્ષાએ **પાંચ**ભાવ હોય છે.

**બારમા**ગુણઠાણે અનેકજીવની અપેક્ષાએ **ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. ઔપશમિકભાવ ન હોય.

**તેરમા-ચૌદમા**ગુણઠાણે અનેકજીવની અપેક્ષાએ **ક્ષાયિક-ઔદયિક-પારિણામિકભાવ** હોય છે. ક્ષાયોપશમિક અને ઔપશમિકભાવ ન હોય.

**(૧) ગુણઠાણામાં ઔપશમિકભાવના ભેદ :-**

**૪ થી ૮** ગુણઠાણામાં **ઔપશમિકસમ્યક્ત્વ** હોય છે.

**૯ થી ૧૧** ગુણઠાણામાં (૧) **સમ્યક્ત્વ** અને (૨) **ચારિત્ર** હોય છે.

નવમાગુણઠાણે ચારિત્રમોહનીયકર્મની પ્રકૃતિને ઉપશમાવાની

શરૂઆત થાય છે. અને ૧૦મા ગુણઠાણાના છેલ્લા સમયે ચારિત્રમોહનીયકર્મનો સંપૂર્ણ ઉપશમ થાય છે. તેથી વાસ્તવિક રીતે ૧૧મા ગુણઠાણે ઔપશમિકચારિત્ર પ્રાપ્ત થાય છે. પણ નવમા ગુણઠાણે નપુંસકવેદ વગેરે પ્રકૃતિઓ ક્રમશઃ ઉપશાંત થતી હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને નવમા-દશમા ગુણઠાણે પણ ઔપશમિકભાવનું ચારિત્ર માનેલું છે.

**(૨) ગુણઠાણામાં ક્ષાયોપશમિકભાવના ભેદ :-**

★ **મિથ્યાત્વ** ગુણઠાણામાં **ત્રણ-અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શન, દાનાદિ-૫ લબ્ધિ........ કુલ-૧૦ ભેદ હોય છે.**

★ **સાસ્વાદન** ગુણઠાણામાં **ત્રણ અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુદર્શન, દાનાદિ-૫ લબ્ધિ........ કુલ-૧૦ ભેદ હોય છે.**

★ **મિશ્રગુણઠાણામાં** મત્યાદિ-૩ જ્ઞાન[૪૯], ચક્ષુરાદિ-૩**દર્શન, દાનાદિ-**૫ લબ્ધિ અને **મિશ્રસમ્યક્ત્વ........** કુલ-૧૨ ભેદ હોય છે.

★ **સમ્યક્ત્વ**ગુણઠાણામાં મત્યાદિ-૩ **જ્ઞાન,** ચક્ષુરાદિ-૩ **દર્શન, દાનાદિ-૫** લબ્ધિ અને **ક્ષયોપશમસમ્યક્ત્વ........**કુલ-૧૨ ભેદ હોય છે.

★ **દેશવિરતિગુણઠાણામાં** મત્યાદિ-૩ **જ્ઞાન,** ચક્ષુરાદિ-૩ **દર્શન, દાનાદિ-૫** લબ્ધિ, **ક્ષયોપશમસમ્યક્ત્વ** અને **દેશવિરતિ........** કુલ-૧૩ ભેદ હોય છે.

★ **પ્રમત્ત-અપ્રમત્તગુણઠાણામાં** મત્યાદિ-૪ **જ્ઞાન,** ચક્ષુરાદિ-૩ **દર્શન દાનાદિ-૫** લબ્ધિ, **ક્ષયોપશમસમ્યક્ત્વ** અને **સર્વવિરતિ (ક્ષયોપશમચારિત્ર) ........** કુલ- **૧૪** ભેદ હોય છે.

---

(૪૯) सम्यग्मिथ्यादृष्टौ दानादिलब्धिपञ्चकज्ञानत्रयदर्शनत्रयमिश्ररूपसम्यक्त्व-लक्षणाद्वादश भेदा भवन्ति, (ચોથા કર્મગ્રંથની નંદનમુનિકૃત ટીકા ગાથા નં. ૭૦)

★ ૮ થી૧૦ ગુણઠાણામાં મત્યાદિ-૪ **જ્ઞાન**, ચક્ષુરાદિ-૩ **દર્શન**, **દાનાદિ-૫** લબ્ધિ, અને **સર્વવિરતિ (ક્ષયોપશમચારિત્ર)**........ કુલ- ૧૩ ભેદ હોય છે. ક્ષયોપશમસમ્યક્ત્વ ન હોય.

★ **૧૧મા-૧૨મા** ગુણઠાણામાં મત્યાદિ- ૪ **જ્ઞાન**, ચક્ષુરાદિ-૩ **દર્શન** અને **દાનાદિ-૫**........ એમ કુલ-૧૨ ભેદ હોય છે. ક્ષયોપશમચારિત્ર ન હોય.

★ **૧૩મા-૧૪મા** ગુણઠાણે ક્ષાયોપશમિકભાવ ન હોય.

**(૩) ગુણઠાણામાં ક્ષાયિકભાવના ભેદ :-**

★ **૪ થી ૧૧** ગુણઠાણામાં **ક્ષાયિકસમ્યક્ત્વ** જ હોય છે.

★ **૧૨મા** ગુણઠાણામાં **ક્ષાયિકસમ્યક્ત્વ** અને **ક્ષાયિકચારિત્ર** હોય છે.

★ **૧૩મા-૧૪મા** ગુણઠાણામાં **કેવલજ્ઞાનાદિ-૯** ભેદ હોય છે.

**(૪) ગુણઠાણામાં ઔદયિકભાવના ભેદ :-**

★ **મિથ્યાત્વ**ગુણઠાણે **અજ્ઞાન**, **અસિદ્ધત્વ**, **અસંયમ**, **છલેશ્યા**, **૪કષાય**, **૪ગતિ**, **૩ વેદ** અને **મિથ્યાત્વ** કુલ-૨૧ ભેદ હોય છે.

★ **સાસ્વાદન**ગુણઠાણે **અજ્ઞાનતા**, **અસિદ્ધત્વ**, **અસંયમ**, **છ** લેશ્યા, ૪ કષાય, ૪ ગતિ અને ૩ વેદ.........કુલ-૨૦ ભેદ હોય છે.

★ **મિશ્ર** અને **સમ્યક્ત્વ**ગુણઠાણે **૪ ગતિ**, **૪ કષાય**, **છલેશ્યા**, **૩ વેદ**, **અસંયમ**, અને **અસિદ્ધત્વ**........કુલ-૧૯ ભેદ હોય છે.

★ **દેશવિરતિ**ગુણઠાણામાં **મનુષ્યગતિ**, **તિર્યંચગતિ**, **૪ કષાય**, **છલેશ્યા**, **૩ વેદ**, **અસંયમ**, અને **અસિદ્ધત્વ**........કુલ-૧૭ ભેદ હોય છે.

★ **પ્રમત્ત**ગુણઠાણામાં **મનુષ્યગતિ, ૪ કષાય, છલેશ્યા, ૩ વેદ** અને **અસિદ્ધત્વ**........કુલ-**૧૫** ભેદ હોય છે.

★ **અપ્રમત્ત**ગુણઠાણામાં **મનુષ્યગતિ, ૪ કષાય, ૩ શુભલેશ્યા, ૩ વેદ** અને **અસિદ્ધત્વ**........કુલ-**૧૨** ભેદ હોય છે.

★ **અપૂર્વકરણ** અને **અનિવૃત્તિ**ગુણઠાણામાં **મનુષ્યગતિ, ૪ કષાય, શુક્લલેશ્યા, ૩ વેદ** અને **અસિદ્ધત્વ**........કુલ-**૧૦** ભેદ હોય છે.

★ **સૂક્ષ્મસંપરાય**ગુણઠાણામાં **મનુષ્યગતિ, સંoલોભ, શુકલલેશ્યા** અને **અસિદ્ધત્વ** હોય છે.

★ **૧૧**થી **૧૩** ગુણઠાણામાં (૧) **મનુષ્યગતિ** (૨) **શુક્લલેશ્યા** અને (૩) **અસિદ્ધત્વ** હોય છે.

★ **અયોગી**ગુણઠાણામાં (૧) **મનુષ્યગતિ** અને (૨) **અસિદ્ધત્વ** હોય છે.

**ગુણઠાણામાં પારિણામિકભાવના ભેદ :-**

**મિથ્યાત્વ**ગુણઠાણે (૧) **જીવત્વ** (૨) **ભવ્યત્વ** (૩) **અભવ્યત્વ** હોય છે.

**૨થી૧૨** ગુણઠાણામાં (૧) **જીવત્વ** અને (૨) **ભવ્યત્વ** હોય છે.

**૧૩મા ૧૪મા** ગુણઠાણામાં **જીવત્વ** જ હોય છે. ભવ્યત્વ હોતું નથી.

કારણ કે કોઈપણ ભવ્યજીવને કેવળજ્ઞાન પ્રગટ થયા પછી તે જ ભવમાં (નજીકમાં) મોક્ષમાં જવાનું છે. અને મોક્ષમાં ભવ્યત્વ હોતું નથી. તેથી **૧૩મા-૧૪મા** ગુણઠાણે રહેલા કેવલજ્ઞાનીને પણ લગભગ ભવ્યત્વ નાશ પામેલું હોય, કે બીજા કોઈપણ કારણે અન્યશાસ્ત્રોમાં કેવલજ્ઞાનીને ભવ્યત્વ કહ્યું નથી. તેથી અહીં પણ કેવળજ્ઞાનીને ભવ્યત્વ કહ્યું નથી.

## -: ગુણઠાણામાં પાંચ ભાવના ઉત્તરભેદ :-

| ગુણ૦ | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | ઔદયિક | પારિણામિક | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૩ અજ્ઞાન+ ૨દર્શન+ ૫લબ્ધિ=૧૦ | ૨૧ | ૩ | ૩૪ |
| ૨ | | | ૩ અજ્ઞાન+ ૨દર્શન+ ૫લબ્ધિ=૧૦ | ૨૧માંથી મિથ્યાત્વ વિના-૨૦ | ૨ | ૩૨ |
| ૩ | | | ૩ જ્ઞાન+ ૩દર્શન+ ૫લબ્ધિ+મિશ્રસ૦=૧૨ | ૨૦માંથી અજ્ઞાન વિના-૧૯ | ૨ | ૩૩ |
| ૪ | સમ્યક્ત્વ | સમ્યક્ત્વ | ૩ જ્ઞાન+ ૩દર્શન+ ૫લબ્ધિ+ક્ષયોપ૦=૧૨ | ૧૯ | ૨ | ૩૫ |
| ૫ | સમ્યક્ત્વ | સમ્યક્ત્વ | ૧૨+ દેશવિરતિ=૧૩ | ૧૯માંથી દેવગતિ અને નરકગતિ વિના-૧૭ | ૨ | ૩૪ |
| ૬ | સમ્યક્ત્વ | સમ્યક્ત્વ | ૧૨+ ક્ષયો૦ચારિત્ર+મનઃપર્યવ૦=૧૪ | ૧૭માંથી તિર્યંચગતિ-અસંયમ વિના-૧૫ | ૨ | ૩૩ |
| ૭ | સમ્યક્ત્વ | સમ્યક્ત્વ | ૧૨+ક્ષયો૦ચારિત્ર+મનઃપર્યવ૦=૧૪ | ૧૫માંથી ૩ અશુભલેશ્યા વિના-૧૨ | ૨ | ૩૦ |
| ૮ | સમ્યક્ત્વ | સમ્યક્ત્વ | ૪જ્ઞાન+૩દર્શન+૫લબ્ધિ+ક્ષયો૦ચારિત્ર=૧૩ | ૧૨માંથી તેજો-પદ્મ વિના-૧૦ | ૨ | ૨૭ |
| ૯ | સમ્યક્૦, ચારિત્ર | સમ્યક્ત્વ | ઉપર કહ્યાં મુજબ ૧૩ | ૧૦ | ૨ | ૨૮ |
| ૧૦ | સમ્યક્૦, ચારિત્ર | સમ્યક્ત્વ | ઉપર કહ્યાં મુજબ ૧૩ | ૧૦માંથી ૩વેદ, અને ૩ કષાય વિના-૪ | ૨ | ૨૨ |
| ૧૧ | સમ્ય૦, ચારિત્ર | સમ્યક્ત્વ | ૪જ્ઞાન+૩દર્શન+૫લબ્ધિ =૧૨ | ૪માંથી સં૦લોભ વિના-૩ | ૨ | ૨૦ |
| ૧૨ | | સમ્ય૦,ચારિત્ર | ૪જ્ઞાન+૩દર્શન+૫લબ્ધિ =૧૨ | (૧) મનુષ્યગતિ (૨) શુક્લલેશ્યા (૩) અસિ૦ | ૨ | ૧૯ |
| ૧૩ | | ૯ | | (૧) મનુષ્યગતિ (૨) શુક્લલેશ્યા (૩) અસિ૦ | ૧ | ૧૩ |
| ૧૪ | | ૯ | | (૧) મનુષ્યગતિ (૨) અસિદ્ધત્વ. | ૧ | ૧૨ |

## (૧૨)
## -: સંખ્યાતાદિનું સ્વરૂપ :-

સંખ્યાતાદિના ભેદ :-

**संखिज्जेगमसंखं, परित्तजुत्तनियपयजुयं तिविहं ।**
**एवमणंतं पि तिहा, जहन्नमज्झुक्कसा सव्वे ॥७१॥**

संख्येयमेकमसंख्यं, परित्तयुक्तनिजपदयुतं त्रिविधम् ।
एवमनन्तमपि त्रिधा, जघन्यमध्योत्कृष्टानि सर्वाणि ॥७१॥

**ગાથાર્થ:- સંખ્યાતું એક પ્રકારે છે. અસંખ્યાતું ત્રણ પ્રકારે છે. (૧) પરિત્ત, (૨) યુક્ત અને (૩) નિજપદયુક્ત અથવા અસંખ્યાતઅસંખ્યાતું**

**એ જ પ્રમાણે ત્રણ પ્રકારે અનંતું છે. અને તે સર્વે ભેદો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારે છે.**

**વિવેચન :-** શાસ્ત્રમાં સંખ્યા ત્રણ પ્રકારે કહી છે. (૧) **સંખ્યાતું** (૨) **અસંખ્યાતું** અને (૩) **અનંતું....** તેમાં સંખ્યાતું એક જ પ્રકારે છે. અસંખ્યાતું-૩ પ્રકારે છે. અને અનંતું-૩ પ્રકારે છે. એટલે સંખ્યાતાદિના ભેદ (૧) **સંખ્યાતું** (૨) **પરિત્તઅસંખ્યાતું** (૩) **યુક્તઅસંખ્યાતું** (૪) **અસંખ્યાતઅસંખ્યાતું** (૫) **પરિત્તઅનંતું** (૬) **યુક્તઅનંતું** અને (૭) **અનંતાનંતું** થાય છે.

એ-૭ ભેદો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ - ત્રણ પ્રકારે છે. તેથી સંખ્યાતાદિના ભેદ કુલ ૭×૩=૨૧ થાય છે.

(૧) **જઘન્યસંખ્યાતું** (૨) **મધ્યમસંખ્યાતું**
(૩) **ઉત્કૃષ્ટસંખ્યાતું** (૪) **જઘન્યપરિત્તઅસંખ્યાતું**

(૫) મધ્યમપરિત્તઅસંખ્યાતું (૬) ઉત્કૃષ્ટ પરિત્તઅસંખ્યાતું
(૭) જઘન્યયુક્તઅસંખ્યાતું (૮) મધ્યમયુક્તઅસંખ્યાતું
(૯) ઉત્કૃષ્ટયુક્તઅસંખ્યાતું (૧૦ જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતું
(૧૧) મધ્યમઅસંખ્યાતઅસંખ્યાતું (૧૨) ઉત્કૃષ્ટ અસંખ્યાતઅસંખ્યાતું
(૧૩) જઘન્યપરિત્તઅનંતું (૧૪) મધ્યમપરિત્તઅનંતું
(૧૫) ઉત્કૃષ્ટપરિત્તઅનંતું (૧૫) જઘન્યયુક્તઅનંતું
(૧૭) મધ્યમયુક્તઅનંતું (૧૮) ઉત્કૃષ્ટયુક્તઅનંતું
(૧૯) જઘન્યઅનંતાનંતું (૨૦) મધ્યમઅનંતાનંતું
(૨૧) ઉત્કૃષ્ટઅનંતાનંતું

સંખ્યાતાના ભેદનું સ્વરૂપ :-

लहु संखिज्जं दु च्चिय, अओ परं मज्झिमं तु जा गुरूयं ।
जंबूदीवपमाणयचउपल्लपरूवणाइ इमं ॥७२॥

पल्लाऽणवट्ठियसलाग पडिसलाग महासलागक्खा ।
जोयणसहसोगाढा, सवेइयंता ससिहभरिया ॥७३॥

तो दीवु दहिसु इक्कक्क सरिसवं खिविय निट्ठिए पढमे ।
पढमं व तदंतं चिय पुण भरिए तम्मि तह खीणे ॥७४॥

खिप्पइ सलागपल्लेगु सरिसवो इय सलागखवणेणं ।
पुन्नो बीओ य तओ, पुव्वं पिव तम्मि उद्धरिए ॥७५॥

खीणे सलाग तइए, एवं पढमेहिं बीययं भरसु ।
तेहिं तइयं तेहिं य, तुरियं जा किर फुडा चउरो ॥७६॥

पढमतिपल्लुद्धरिया, दीवुदहि पल्लचउसरिसवाय ।
सव्वो वि एगराशी, रूवूणो परमसंखिज्जं ॥७७॥

लघु संख्येयं द्वावेवाऽतः परं मध्यमं तु यावद्गुरूकम् ।
जम्बूद्वीपप्रमाणकचतुष्पल्यप्ररूपणयेदम् ॥७२॥

पल्या अनवस्थितशलाका प्रतिशलाकामहाशलाकाख्याः ।
योजनसहस्रावगाढाः सवेदिकान्ताः सशिखभृताः ॥७३॥

ततः द्वीपोदधिष्वेकैकसर्षपं क्षिप्त्वा निष्ठिते प्रथमे ।
प्रथममिव तदन्तमेव पुनर्भृते तस्मिन्तथा क्षीणे ॥७४॥

क्षिप्यते शलाकापल्ये एकस्सर्षप इति शलाकाक्षपणेन ।
पूर्णो द्वितीयश्च ततः पूर्वमिव तस्मिन्नुद्धृते ॥७५॥

क्षीणे शलाका तृतीये एवं प्रथमैर्द्वितीयकं भरस्व ।
तैस्तृतीयं तैश्च तुर्यं यावत्किल स्फुटाश्चत्वारः ॥७६॥

प्रथम त्रिपल्योद्धृता द्वीपोदधयः पल्यचतुःसर्षपाश्च ।
सर्वोप्येकराशी रूपोनः परमसङ्ख्येयम् ॥७७॥

ગાથાર્થઃ- જઘન્યસંખ્યાતું બે છે. ત્યારપછીથી એક ન્યૂન ઉત્કૃષ્ટ સંખ્યા સુધીનું મધ્યમસંખ્યાતું છે અને ઉત્કૃષ્ટસંખ્યાતું જંબૂદ્વીપના માપ જેવડા ચાર પ્યાલાની પ્રરૂપણાથી જાણવું.

અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા, અને મહાશલાકા નામના- ૪ પ્યાલા હજારયોજન ઉંડા, વેદિકાના અંત સુધી શિખાસહિત ભરવા...

ત્યારપછી પ્રથમપ્યાલામાંથી એક - એક સરસવનો દાણો દ્વીપ-સમુદ્રમાં નાંખવાથી જે દ્વીપ કે સમુદ્રમાં પ્રથમ પ્યાલો ખાલી થઈ જાય, તે દ્વીપ કે સમુદ્રના જેવડો અનવસ્થિત પ્યાલો ફરીવાર બનાવીને પહેલા પ્યાલાની જેમ ભરવો. તે પ્યાલો પણ તે જ પ્રમાણે ખાલી થયે છતે શલાકાપ્યાલામાં એક દાણો નાંખવો. એ પ્રમાણે, શલાકામાં એક એક સરસવ નાંખવાથી બીજો શલાકા પ્યાલો સંપૂર્ણ ભરાઈ ગયા

પછી પૂર્વની જેમ તેને લઈને એક-એક દાણો દ્વીપ-સમુદ્રમાં નાંખવાથી શલાકા ખાલી થયે છતે ત્રીજા પ્રતિશલાકામાં એક દાણો નાંખવો. એ પ્રમાણે, પહેલા અનવસ્થિત પ્યાલાથી બીજો શલાકા પ્યાલો ભરવો. બીજા શલાકા પ્યાલાથી ત્રીજો પ્રતિશલાકાપ્યાલો ભરવો. અને ત્રીજા પ્રતિશલાકા પ્યાલાથી ચોથો મહાશલાકાપ્યાલો ભરવો. એ રીતે, શિખા સુધી ચારે પ્યાલા ભરી દેવા.

પહેલા ત્રણ પ્યાલામાંથી દ્વીપ-સમુદ્રમાં જેટલા સરસવના દાણા નાંખ્યા છે. તે બધા ભેગા કર્યા પછી, તેમાં શિખા સહિત સરસવથી ભરેલા ચારે પ્યાલા નાંખવાથી જેટલા સરસવ થાય. તેમાંથી એક સરસવનો દાણો ઓછો કર્યા પછી સરસવની જે સંખ્યા થાય. તે ઉત્કૃષ્ટસંખ્યાતું કહેવાય.

**વિવેચન** :- એકની ગણતરી સંખ્યામાં થતી નથી. કારણ કે જ્યારે એક ઘડો દેખાય છે. ત્યારે "આ ઘડો છે." એમ કહેવાય છે. પણ "આ એક ઘડો છે." એમ કહેવાતું નથી. એટલે એકત્વવિશેષણ રહિત વસ્તુનો બોધ થાય છે. તેથી એકની ગણતરી સંખ્યામાં થતી નથી. અથવા લેવા-દેવાનો વ્યવહાર કરતી વખતે પ્રાયઃ એક વસ્તુને કોઈ ગણતું નથી. અથવા એકની સંખ્યા અલ્પ હોવાના કારણે પણ એકને સંખ્યા કહેવાતી નથી. એટલે બે વગેરેને સંખ્યા કહી છે. તેમાં પણ **"બે"ને જઘન્યસંખ્યાતું** કહેવાય છે. **ત્રણથી માંડીને એકન્યૂન ઉત્કૃષ્ટસંખ્યા** સુધીનું **મધ્યમસંખ્યાતું** કહેવાય છે. અને **ચારપ્યાલાની પ્રરૂપણાથી ઉત્કષ્ટસંખ્યાતું** જણાય છે.

**ચારપ્યાલાનું સ્વરૂપ :-**

(૧) જે પ્યાલો નિયત માપવાળો ન હોય, તે **અનવસ્થિત**[૫૦]

(૫૦) જેમ રાજકુમાર ભાવિમાં રાજા થવાનો હોવાથી વર્તમાનમાં પણ રાજા કહેવાય છે. તેમ પ્રથમ પ્યાલો નિયત માપવાળો (અવસ્થિત) હોવા છતાં પણ પછી અનિયત માપવાળો (અનવસ્થિત) થવાનો હોવાથી પ્રથમ અવસ્થિત પ્યાલો પણ અનવસ્થિત કહેવાય છે.

કહેવાય છે.

(૨) જે પ્યાલો એક-એક સાક્ષીભૂત સરસવથી ભરાય છે, તે **શલાકા** કહેવાય છે.

(૩) જે પ્યાલો એક-એક પ્રતિસાક્ષીભૂત સરસવથી ભરાય છે, તે **પ્રતિશલાકા** કહેવાય છે.

(૪) જે પ્યાલો એક-એક મહાસાક્ષીભૂત સરસવથી ભરાય છે, તે **મહાશલાકા** કહેવાય છે.

આ ચારે પ્યાલા જંબૂદ્વીપની જેમ **૧ લાખ યોજનલાંબા, ૧ લાખ યોજન પહોળા** અને **એકહજાર યોજન ઉંડા** ગોળાકારે હોય છે. તેની ઉપર **૮ યોજન ઉંચી જગતી**[૫૧] હોય છે. અને તેની ઉપર **૨ ગાઉ ઉંચી વેદિકા** હોય છે. એટલે ચારે પ્યાલા કુલ **એક હજારને સાડા આઠ યોજન ઉંડા હોય છે. તેમાંથી** પ્રથમ પ્યાલો **ચિત્રનં૦ ૧**માં બતાવ્યા મુજબ શિખા સુધી સરસવથી એવી રીતે ભરવો કે પછી તેમાં એક પણ સરસવ ન રહી શકે.

**પ્યાલામાં સરસવની સંખ્યા :-**

**૮ યવ = ૧ અંગુલ** થાય.

**૧ યવમાં ૮ સરસવ** સમાતા હોવાથી **૧ અંગુલમાં** (૮ યવ × ૮ સરસવ =) **૬૪ સરસવ** સમાય છે.

**૨૪ અંગુલ = ૧ હાથ** થાય.

૧ અંગુલમાં ૬૪ સરસવ સમાતા હોવાથી **૧ હાથમાં** (૬૪

(૫૧) ચારે પ્યાલાની ઉપર ગોળાકારે ૮ યોજન ઉંચો કોટ (ગઢ) છે. તેને જગતી કહે છે. તે મૂળમાં ૧૨ યોજન, મધ્યમાં ૮ યોજન અને ઉપરના ભાગમાં ૪ યોજન પહોળી છે. તે ૪ યોજન પહોળાઈના મધ્યભાગમાં ૨ ગાઉ ઉંચી અને ૦॥ ગાઉ પહોળી પાળ જેવી સપાટ ભૂમિ છે. તેને વેદિકા કહે છે.

સરસવ × ૨૪ અંગુલ=) **૧૫૩૬ સરસવ** સમાય છે.

**૪ હાથ = ૧ ધનુષ** થાય.

૧ હાથમાં ૧૫૩૬ સરસવ સમાતા હોવાથી **૧ ધનુષમાં** (૧૫૩૬ સરસવ ×૪ હાથ=) **૬૧૪૪ સરસવ** સમાય છે.

**૨૦૦૦ ધનુષ =૧ ગાઉ** થાય.

૧ ધનુષમાં ૬૧૪૪ સરસવ સમાતા હોવાથી **૧ ગાઉમાં** (૬૧૪૪ સરસવ × ૨૦૦૦ ધનુષ =) **૧૨૨૮૮૦૦૦** સરસવ સમાય છે.

**૪ ગાઉ = ૧ યોજન** થાય.

૧ ગાઉમાં ૧૨૨૮૮૦૦૦ સરસવ સમાતા હોવાથી **૧ સૂચિશ્રેણી-યોજનમાં** (૧૨૨૮૮૦૦૦ સરસવ × ૪ ગાઉ=) **૪૯૧૫૨૦૦૦** સરસવ સમાય છે.

**સૂચિયોજનનો વર્ગ = પ્રતર યોજન** થાય.

૧ સૂચિશ્રેણિયોજનમાં ૪૯૧૫૨૦૦૦ સરસવ સમાતા હોવાથી **એક પ્રતરયોજનમાં** (૪૯૧૫૨૦૦૦ × ૪૯૧૫૨૦૦૦=) **૨૪૧૫૯૧૯-૧૦૪૦૦૦૦૦૦** (૨૪ કોડાકોડી, ૧૫ લાખ ૯૧ હજાર ૯૧૦ ક્રોડ, ૪૦ લાખ) **સરસવ** સમાય છે.


**પ્રતરયોજન × સૂચિયોજન = ઘનયોજન** થાય.

**૧ઘનયોજનમાં** ૨૪૧૫૯૧૯૧૦૪૦૦૦૦૦૦×૪૯૧૫૨૦૦૦= **૧૧૮,૭૪,૭૨,૫૫૭,૯૯,૮૦,૮૦૦,૦૦૦૦૦૦૦** (૧૧૮ ક્રોડ-કોડાકોડી, ૭૪ લાખ ૭૨ હજાર ૫૫૭ કોડાકોડી, ૯૯ લાખ ૮૦ હજાર ૮૦૦ ક્રોડ) **સરસવ** સમાય છે.

**શિખાસહિત એક પ્યાલાનું માપ ૮૭૮૨૨૫૯૩૨૪૦૪૧૦**


ચિત્રનં૦૧

## (૧) અનવસ્થિત




ચિત્રનં૦૩

## (૨) શલાકા




ચિત્રનં૦૪

## (૩) પ્રતિશલાકા




ચિત્રનં૦૫

## (૪) મહાશલાકા



ચિત્રનં૦૨



**ઘનયોજન** થાય છે. એટલે ૧ ઘનયોજનમાં ૧૧૮૭૪૭૨૫૫૭૯૯૮૦ ૮૦૦,૦૦૦૦૦૦૦ સરસવ સમાતા હોવાથી શિખા સહિત **૧ પ્યાલામાં ૧૧૮,૭૪,૭૨,૫૫૭,૯૯,૮૦,૮૦૦,૦૦૦૦૦૦૦×૮૭૮૨૨૫૯૩૨ ૪૦૪૧૦ = ૧૦૪,૨૮૬૯૧૯૪,૪૫૨૧૪૫૫,૨૨૮૯૭૫૮,૪૧, ૨૮,૦૦૦૦૦૦૦૦૦૦** (૧૦૪ ક્રોડ-કોડાકોડી-કોડાકોડી ૨૮ લાખ ૬૯ હજાર ૧૯૪ કોડાકોડી-કોડાકોડી, ૪૫ લાખ ૨૧ હજાર ૪૫૫ ક્રોડ-કોડાકોડી, ૨૨ લાખ ૮૯ હજાર ૭૫૮ કોડાકોડી, ૪૧ લાખ ૨૮ હજાર ક્રોડ) **સરસવ સમાય છે.**

એ પ્રમાણે ૩૮ આંકડા જેટલા સરસવ અનવસ્થિતાદિ ૪ પ્યાલામાંથી કોઈપણ ૧ પ્યાલામાં શિખા સુધી સમાય છે.

અસત્કલ્પનાથી **ચિત્રનં૦ ૨માં** બતાવ્યા મુજબ કોઈ દેવ કે દાનવ સરસવથી શિખા સુધી ભરેલા પ્રથમ અવસ્થિત પ્યાલાને ડાબા હાથમાં લઈને જમણા હાથે **એક** દાણો **જંબૂદ્વીપમાં, બીજો** દાણો **લવણસમુદ્રમાં, ત્રીજો** દાણો **ધાતકીખંડમાં, ચોથો** દાણો **કાલોદધિસમુદ્રમાં, પાંચમો** દાણો **પુષ્કરવરદ્વીપમાં છટ્ઠો** દાણો **પુષ્કરવરસમુદ્રમાં, સાતમો** દાણો **વારુણીવરદ્વીપમાં, આઠમો** દાણો **વારુણીવરસમુદ્રમાં, નવમો** દાણો **ક્ષીરવરદ્વીપમાં, દશમો** દાણો **ક્ષીરવરસમુદ્રમાં, અગીયારમો** દાણો **ઘૃતવરદ્વીપમાં, બારમો દાણો ઘૃતવરસમુદ્રમાં, તેરમો** દાણો **ઈક્ષુવરદ્વીપમાં, ચૌદમો** દાણો **ઈક્ષુવરસમુદ્રમાં, પંદરમો** દાણો **નંદીશ્વરદ્વીપમાં, સોળમોદાણો નંદીશ્વરસમુદ્રમાં** એમ એક - એક દ્વીપ-સમુદ્રમાં એક - એક દાણો નાંખતા જે દ્વીપ-સમુદ્રમાં તે પ્યાલો ખાલી થાય[૫૨] તે દ્વીપ-સમુદ્ર

(૫૨) જુનાકર્મગ્રન્થમાં કહ્યું છે કે, પ્રથમ અવસ્થિતપ્યાલો ખાલી થાય ત્યારે એકદાણો શલાકામાં નાંખવો. અને અન્યગ્રન્થમાં કહ્યું છે કે પહેલો અનવસ્થિતપ્યાલો ખાલી થાય ત્યારે એક સાક્ષીદાણો શલાકામાં નાખવો.

જેવડો લાંબો-પહોળો અને એકહજારને સાડાઆઠ યોજન ઉંડો નવો અનવસ્થિતપ્યાલો બનાવીને, શિખા સુધી સરસવથી ભરે છે પછી તે પ્યાલામાંથી એક - એક દાણો ત્યાંથી આગળના દ્વીપ-સમુદ્રમાં નાંખતા જ્યારે તે પ્યાલો ખાલી થાય ત્યારે પ્રથમ અનવસ્થિતપ્યાલો ખાલી થયાની સાક્ષીરૂપે એક સરસવનો દાણો શલાકામાં [૫૩]નાંખે છે.

ત્યારપછી જે દ્વીપ-સમુદ્રમાં પહેલો અનવસ્થિતપ્યાલો ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો બીજો અનવસ્થિતપ્યાલો બનાવીને, સરસવથી ભરીને, ત્યાંથી આગળના દ્વીપ-સમુદ્રમાં એક - એક દાણો નાંખતાં જ્યારે બીજો અનવસ્થિતપ્યાલો ખાલી થાય ત્યારે બીજો સાક્ષીદાણો શલાકામાં નાંખે છે. ત્યારપછી જે દ્વીપ-સમુદ્રમાં બીજો અનવસ્થિતપ્યાલો ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો ત્રીજો અનવસ્થિતપ્યાલો બનાવીને, સરસવથી ભરીને, ત્યાંથી આગળના દ્વીપ-સમુદ્રમાં એક - એક દાણો નાંખતા જ્યારે ત્રીજો અનવસ્થિતપ્યાલો ખાલી થાય ત્યારે ત્રીજો સાક્ષીદાણો શલાકામાં નાંખે છે. એમ કરતાં કરતાં જ્યારે શલાકા સંપૂર્ણ ભરાઇ જાય છે. ત્યારે તેમાં જે અનવિસ્થતનો છેલ્લો સાક્ષીદાણો નાંખ્યો હોય તે અનવસ્થિત જ્યાં ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિતપ્યાલો બનાવીને, સરસવથી ભરીને મૂકી રાખે છે.

**અસત્કલ્પનાથી, ચિત્રનં૦** ૩માં બતાવ્યા મુજબ શલાકામાં **૫૦૦** સરસવ સમાય છે. એમ માનવામાં આવે, તો......**૫૦૦**વાર અનવસ્થિતને

---

(૫૩) કેટલાક પૂર્વાચાર્યભગવંતો કહે છે કે, અનવસ્થિતપ્યાલામાં રહેલો છેલ્લો દાણો શલાકામાં નાંખે છે. અને કેટલાક પૂર્વાચાર્યભગવંતો કહે છેં કે, અનવસ્થિતપ્યાલોનો છેલ્લો દાણો દ્વીપ-સમુદ્રમાં નાંખીને, તે પ્યાલો ખાલી થવાની સાક્ષીરૂપે નવો દાણો શલાકામાં નાંખે છે.

ભરીને, ખાલી કરવાથી **૧**વાર શલાકા સંપૂર્ણ ભરાય છે. એટલે **૫૦૦**મી વાર અનવસ્થિતને ખાલી કરતાં તેનો છેલ્લો દાણો જે દ્વીપ-સમુદ્રમાં નાંખવામાં આવે, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને, સરસવથી ભરીને રાખી મૂકે છે પણ ખાલી કરતો નથી. કારણ કે તે પ્યાલો ખાલી કરીને, તેનો સાક્ષીદાણો મૂકવાની શલાકામાં જગ્યા હોતી નથી. તેથી અનવસ્થિતને ઉઠાવતો નથી પણ શલાકાને ઉઠાવીને ત્યાંથી આગળના દ્વીપ-સમુદ્રમાં એક એક દાણો નાંખતા જ્યારે શલાકા ખાલી થાય છે. ત્યારે શલાકાપ્યાલો ખાલી થવાની સાક્ષીરૂપ એકદાણો પ્રતિશલાકામાં નાંખે છે ત્યારપછી જ્યાં શલાકા ખાલી થયો હોય ત્યાંથી આગળના દ્વીપ-સમુદ્રમાં એક - એક દાણો અનવસ્થિતમાંથી નાંખતા જ્યારે તે પ્યાલો ખાલી થાય ત્યારે એક સાક્ષીદાણો શલાકામાં નાંખે છે અને તે પ્યાલો જે દ્વીપ-સમુદ્રમાં ખાલી થયો હોય તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિતપ્યાલો બનાવીને શિખા સુધી સરસવથી ભરે છે.

હવે **અનવસ્થિત ભરેલો છે. શલાકામાં એક દાણો છે. અને પ્રતિશલાકામાં પણ એક દાણો છે.** તે વખતે અનવસ્થિતને ઉઠાવીને આગળના દ્વીપ-સમુદ્રમાં એક એક દાણો નાંખતા જ્યારે તે પ્યાલો ખાલી થાય છે. ત્યારે શલાકામાં બીજો સાક્ષીદાણો નાંખે છે. એમ કરતાં કરતાં બીજીવાર શલાકા પૂરો ભરાઇ જાય છે. ત્યારે તેમાં જે અનવસ્થિતનો છેલ્લો સાક્ષીદાણો નાંખ્યો હતો તે અવનસ્થિત જ્યાં ખાલી થયો હોય તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને સરસવથી ભરીને મૂકી રાખે છે. અને શલાકાને ઉઠાવીને આગળના દ્વીપ-સમુદ્રમાં એક - એક દાણો નાંખીને ખાલી કરે છે. ત્યારે બીજો સાક્ષીદાણો પ્રતિશલાકામાં નાંખે છે. ત્યારપછી અનવસ્થિતને ખાલી કરે છે. ત્યારે

એક સાક્ષીદાણો શલાકામાં નાંખે છે. એમ કરતાં કરતાં ત્રીજીવાર શલાકા પૂરો ભરાઇ જાય છે. ત્યારે પૂર્વે કહ્યાં મુજબ અનવસ્થિત ભરીને રાખી મૂકે છે અને શલાકાને ખાલી કરે છે. ત્યારે ત્રીજો સાક્ષીદાણો પ્રતિશલાકામાં નાખે છે. એમ કરતાં કરતાં પ્રતિશલાકા પૂરો ભરાઇ જાય છે.

**અસત્કલ્પનાથી ચિત્રનં૦૪**માં બતાવ્યા મુજબ પ્રતિશલાકામાં **૫૦૦** સરસવ સમાય છે. એમ માનવામાં આવે તો........**૫૦૦**વાર શલાકા ખાલી કરવાથી **૧**વાર પ્રતિશલાકા સંપૂર્ણ ભરાય છે. અને ૫૦૦ વાર અનવસ્થિત ખાલી કરવાથી ૧વાર શલાકા સંપૂર્ણ ભરાતો હોવાથી **૫૦૦×૫૦૦=૨,૫૦,૦૦૦**વાર અનવસ્થિત ખાલી કરવાથી **૫૦૦**વાર શલાકા ભરાય છે. એટલે જ્યારે **૫૦૦**મી વાર શલાકા સંપૂર્ણ ભરાય છે. ત્યારે **૨,૫૦,૦૦૦**મી વાર અનવસ્થિતને ખાલી કરતાં તેનો છેલ્લો દાણો જે દ્વીપ-સમુદ્રમાં નાંખ્યો હોય. તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો ૨,૫૦,૦૦૧મી વખત અનવસ્થિત બનાવીને સરસવથી ભરીને રાખી મૂકે છે અને શલાકાને ઉઠાવીને ખાલી કરે છે. પછી પૂર્વે કહ્યાં મુજબ અનવસ્થિતના એક - એક સાક્ષીદાણાથી શલાકા પૂરો ભરે છે અને શલાકામાં જે અનવસ્થિતનો છેલ્લો સાક્ષીદાણો પડે છે. તે અનવસ્થિત જ્યાં ખાલી થયો હોય તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને સરસવથી ભરે છે.

હવે **અનવસ્થિત ભરેલો છે. શલાકા ભરેલો છે.** અને **પ્રતિશલાકા પણ ભરેલો છે.** તેમાંથી જો શલાકાને ઉઠાવીને ખાલી કરવામાં આવે, તો તેનો સાક્ષીદાણો પ્રતિશલાકામાં મૂકવાની જગ્યા નથી. અને અનવસ્થિતને ઉઠાવીને ખાલી કરવામાં આવે, તો તેનો સાક્ષીદાણો શલાકામાં મૂકવાની જગ્યા નથી. તેથી પ્રતિશલાકાને ઉઠાવીને આગળના દ્વીપ-સમુદ્રમાં એક - એક દાણો નાંખતા જ્યારે પ્રતિશલાકા ખાલી થાય

ત્યારે તેનો એક સાક્ષીદાણો મહાશલાકામાં નાંખે છે. જ્યારે શલાકા ખાલી થાય ત્યારે તેનો એક સાક્ષીદાણો પ્રતિશલાકામાં નાંખે છે. પછી જ્યારે અનવસ્થિત ખાલી થાય ત્યારે તેનો એક સાક્ષીદાણો શલાકામાં નાંખે છે. અને જ્યાં અનવસ્થિત ખાલી થાય છે. તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિતપ્યાલો બનાવીને સરસવથી ભરે છે.

હવે **અનવસ્થિત ભરેલો છે. શલાકામાં એક દાણો છે. પ્રતિશલાકામાં એક દાણો છે. અને મહાશલાકામાં પણ એક દાણો છે.** તે વખતે અનવસ્થિતને ઉપાડીને આગળના દ્વીપ-સમુદ્રમાં એક - એક દાણો નાંખતા જ્યારે તે પ્યાલો ખાલી થાય છે. ત્યારે શલાકામાં એક સાક્ષીદાણો નાંખે છે. એ રીતે, અનવસ્થિતના એક - એક સાક્ષીદાણાથી શલાકા પૂરો ભરાય છે. અને શલાકાના એક એક સાક્ષીદાણાથી પ્રતિશલાકા પૂરો ભરાય છે. અને પ્રતિશલાકાના એક એક સાક્ષીદાણાથી મહાશલાકા પૂરો ભરાય છે.

**અસત્કલ્પનાથી ચિત્રનં૦ ૫**માં બતાવ્યા મુજબ મહાશલાકામાં **૫૦૦**સરસવ સમાય છે. એમ માનવામાં આવે, તો........**૫૦૦** વાર પ્રતિશલાકા ખાલી કરવાથી **૧**વાર મહાશલાકા સંપૂર્ણ ભરાય છે. અને **૫૦૦** વાર શલાકા ખાલી કરવાથી **૧**વાર પ્રતિશલાકા સંપૂર્ણ ભરાતો હોવાથી **૫૦૦×૫૦૦=૨,૫૦,૦૦૦** વાર શલાકા ખાલી કરવાથી **૫૦૦** વાર પ્રતિશલાકા સંપૂર્ણ ભરાય છે અને **૫૦૦** વાર અનવસ્થિત ખાલી કરવાથી **૧**વાર શલાકા ભરાતો હોવાથી **૨૫૦૦૦૦×૫૦૦ = ૧૨,૫૦,૦૦૦૦૦** [૧૨ ક્રોડ, ૫૦ લાખ]વાર અનવસ્થિત ખાલી કરવાથી **૨,૫૦,૦૦૦** વાર શલાકા ભરાય છે.

એટલે પ્રતિશલાકા **૫૦૦** વાર ખાલી થવાથી,

શલાકા **૨,૫૦,૦૦૦** (૨ લાખ, ૫૦ હજાર) વાર ખાલી થવાથી

અને અનવસ્થિત **૧૨,૫૦,૦૦૦૦૦** (૧૨ ક્રોડ, ૫૦ લાખ) વાર ખાલી થવાથી **૧**વાર **મહાશલાકા** સંપૂર્ણ ભરાય છે.

પણ જે વખતે **મહાશલાકામાં પ્રતિશલાકાનો છેલ્લો સાક્ષીદાણો પડે છે.** તે વખતે **પ્રતિશલાકા ખાલી છે** અને **શલાકા** તેમજ **અનવસ્થિત પૂરો ભરેલો છે.** તેમાંથી શલાકાને ઉપાડીને પૂર્વે કહ્યાં મુજબ ખાલી કરે છે. ત્યારે પ્રતિશલાકામાં એક સાક્ષીદાણો નાંખે છે. એ રીતે, શલાકાના એક એક સાક્ષીદાણાથી પ્રતિશલાકા સંપૂર્ણ ભરાઇ જાય છે.

અસત્કલ્પનાથી, શલાકા **૫૦૦** વાર ખાલી થવાથી અને અનવસ્થિત **૨,૫૦,૦૦૦** વાર ખાલી થવાથી છેલ્લે **૧**વાર પ્રતિશલાકા સંપૂર્ણ ભરાય છે. પછી મહાશલાકામાં પ્રતિશલાકાનો સાક્ષીદાણો મૂકવાની જગ્યા ન હોવાથી પ્રતિશલાકાને ભરેલો રાખી મૂકે છે.

હવે **મહાશલાકા અને પ્રતિશલાકા સંપૂર્ણ ભરેલા છે.** તે વખતે **શલાકા ખાલી છે.** પણ **અનવસ્થિત ભરેલો છે.** તેને ઉપાડીને પૂર્વે કહ્યાં મુજબ ખાલી કરે છે. ત્યારે શલાકામાં એક સાક્ષીદાણો નાંખે છે. એ રીતે, અનવસ્થિતના એક - એક સાક્ષીદાણાથી શલાકા સંપૂર્ણ ભરાઇ જાય છે.

**અસત્કલ્પનાથી ૫૦૦ વાર** અનવસ્થિત ખાલી થવાથી છેલ્લે **૧**વાર શલાકા સંપૂર્ણ ભરાય છે. પછી પ્રતિશલાકામાં શલાકાનો સાક્ષીદાણો મૂકવાની જગ્યા ન હોવાથી શલાકાને ભરેલો રાખી મૂકે છે. તે વખતે જે અનવસ્થિતનો છેલ્લો સાક્ષીદાણો શલાકામાં નાંખ્યો હોય, તે અનવસ્થિત જે દ્વીપ-સમુદ્રમાં ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિતપ્યાલો બનાવીને શિખા સુધી સરસવથી ભરે છે. **અસત્કલ્પનાથી ૧૨,૫૨,૫૦,૫૦૦** (૧૨ ક્રોડ, ૫૨ લાખ, ૫૦ હજાર, પાંચસો)મી વખત અનવસ્થિત ખાલી કરતાં તેનો છેલ્લો દાણો જે દ્વીપ-સમુદ્રમાં નાંખે છે. તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો

૧૨,૫૨,૫૦,૫૦૧મી વખત અનવસ્થિત બનાવીને, સરસવથી ભરે છે. તે વખતે ચારે પ્યાલા સંપૂર્ણ ભરેલા છે.[૫૪]

---

(૫૪) **અન્યમતે પ્યાલાનું સ્વરૂપ :-**

પૂર્વે કહ્યાં મુજબ અનવસ્થિતના એક - એક સાક્ષીદાણાથી શલાકા સંપૂર્ણ ભરે છે. પછી **અનવસ્થિત ખાલી રાખે છે.** અને શલાકાને ઉપાડીને આગળના દ્વીપ-સમુદ્રમાં એક એક દાણો નાંખતા જ્યારે શલાકા ખાલી થાય છે. ત્યારે શલાકાનો એક સાક્ષીદાણો પ્રતિશલાકામાં નાંખે છે. તે વખતે **પ્રતિશલાકામાં એક દાણો છે.** અને **શલાકા તથા અનવસ્થિત ખાલી છે.** પછી જ્યાં શલાકા ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને સરસવથી ભરે છે. અને તે પ્યાલો ખાલી થાય ત્યારે શલાકામાં એક સાક્ષીદાણો નાંખે છે. એ રીતે, અનવસ્થિતના એક એક સાક્ષીદાણાથી શલાકા સંપૂર્ણ ભરાય છે. ત્યારપછી શલાકાના એક એક સાક્ષીદાણાથી પ્રતિશલાકા સંપૂર્ણ ભરાય છે. તે વખતે **પ્રતિશલાકા ભરેલો છે.** પણ **શલાકા અને અનવસ્થિત ખાલી છે.** પછી પ્રતિશલાકાને ખાલી કરે છે. ત્યારે મહાશલાકામાં એક સાક્ષીદાણો નાંખે છે. તે વખતે **મહાશલાકામાં એક દાણો છે.** અને **બાકીના ત્રણ પ્યાલા ખાલી છે.** પછી જ્યાં પ્રતિશલાકા ખાલી થયો હોય તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને સરસવથી ભરે છે. પછી અનવસ્થિતના એક એક સાક્ષીદાણાથી શલાકા પૂરો ભરે છે. અને શલાકાના એક એક સાક્ષીદાણાથી પ્રતિશલાકા પૂરો ભરે છે. અને પ્રતિશલાકાના એક એક સાક્ષીદાણાથી મહાશલાકા પૂરો ભરે છે. તે વખતે **મહાશલાકા ભરેલો છે.** પણ **બાકીના ત્રણે પ્યાલા ખાલી છે.** પછી જે દ્વીપ-સમુદ્રમાં પ્રતિશલાકા ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને સરસવથી ભરે છે. પછી અનવસ્થિતના એક એક સાક્ષીદાણાથી શલાકા ભરે છે. અને શલાકાના એક એક સાક્ષીદાણાથી પ્રતિશલાકા ભરે છે. તે વખતે **પ્રતિશલાકા અને મહાશલાકા ભરેલા છે.** પણ **શલાકા અને અનવસ્થિત ખાલી છે.** પછી જ્યાં શલાકા ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને સરસવથી ભરે છે. અને અનવસ્થિતના એક એક સાક્ષીદાણાથી શલાકા સંપૂર્ણ ભરે છે. તે વખતે જે અનવસ્થિતનો છેલ્લો સાક્ષીદાણો શલાકામાં નાંખ્યો હોય, તે અનવસ્થિત જ્યાં ખાલી થયો હોય, તે દ્વીપ-સમુદ્ર જેવડો લાંબો-પહોળો નવો અનવસ્થિત બનાવીને શિખા સુધી સરસવથી ભરે છે. તે વખતે ચારે પ્યાલા સરસવથી સંપૂર્ણ ભરેલા છે.

હવે અત્યાર સુધી દ્વીપ-સમુદ્રમાં જેટલા સરસવ નાંખ્યા છે. તે બધા પાછા લાવીને એક મોટા દ્વીપમાં ઢગલો કરે અને તેમાં ચારે પ્યાલાના સરસવ નાંખે. પછી તેમાંથી એક સરસવનો દાણો ઓછો કરીને બાકીના સર્વે દાણાની ગણતરી કરતાં જે સંખ્યા આવે, તે ઉત્કૃષ્ટ સંખ્યાતું કહેવાય.

જઘન્યસંખ્યાતું અને ઉત્કૃષ્ટસંખ્યાતું એક જ પ્રકારે હોય છે. પણ મધ્યમસંખ્યાતું સંખ્યાતા પ્રકારે હોય છે.

અસંખ્યાતું અને અનંતાના ભેદનું સ્વરૂપ :-

**रूवजुयं तु परित्तासंखं लहु, अस्स रासि अब्भासे ।**
**जुत्तासंखिज्जं लहु, आवलियासमयपरिमाणं ॥७८॥**
**बितिचउपञ्चमगुणणे, कमा सगा संख पढमचउसत्ता ।**
**णंता ते रूवजुया, मज्झा रूवूणो गुरू पच्छा ॥७९॥**

रूपयुतं तु परीत्तासंख्यं लध्वस्य राशेरभ्यासे ।
युक्तासंख्येयं लघु आवलिकासमयपरिमाणम् ॥७८॥
द्वितीय तृतीय चतुर्थ पञ्चमगुणने क्रमात् सप्तमासंख्यं प्रथम चतुर्थ सप्तमाः।
अनन्तास्ते रूपयुता मध्या रूपोना गुरवः पश्चात् ॥७९॥

**ગાથાર્થ:- ઉત્કૃષ્ટસંખ્યાતામાં એક ઉમેરવાથી જઘન્ય પરીત્ત અસંખ્યાતું થાય છે. એનો રાશિઅભ્યાસ કરવાથી જઘન્યયુક્તઅસંખ્યાતું થાય છે. તે એક આવલિકાના સમય પ્રમાણ છે.**

**બીજા (જઘન્યયુક્તઅસંખ્યાત), ત્રીજા (જઘન્યઅસંખ્યાત-અસંખ્યાત), ચોથા (જઘન્યપરીત્તઅનંત) અને પાંચમા (જઘન્યયુક્ત અનંત)નો રાશિ અભ્યાસ કરવાથી અનુક્રમે સાતમુ અસંખ્યાતું, પહેલું અનંતું, ચોથુ અનંતું, અને સાતમું અનંતું થાય છે. તેમાં એક ઉમેરવાથી**

તે જ સંખ્યા મધ્યમ થાય છે. અને એક બાદ કરતાં પાછળની ઉત્કૃષ્ટ સંખ્યા થાય છે.

**વિવેચન** :- ઉત્કૃષ્ટસંખ્યામાં ૧ ઉમેરવાથી જે સંખ્યા થાય છે, તે **અસખ્યાતું** કહેવાય છે.

**અસંખ્યાતાના ભેદ** :-

(૧) **જઘન્યપરીત્તઅસંખ્યાતું** :-

**ઉત્કૃષ્ટસંખ્યાતું** + ૧ = જઘન્યપરીત્ત અસંખ્યાતું થાય.

દ્વીપ-સમુદ્રમાં નાંખેલા બધા જ સરસવ પાછા લાવીને એક મોટા દ્વીપમાં ઢગલો કરવો. અને તેમાં ચારેપ્યાલાના સરસવ નાંખી દેવા. પછી તે બધા સરસવની ગણતરી કરવાથી જે સંખ્યા આવે, તે **જઘન્યપરીત્તઅસંખ્યાતું** કહેવાય છે.

(૨) **મધ્યમપરીત્ત અસંખ્યાતું** :-

જઘન્યપરીત્તઅસંખ્યાતું + ૧ = મધ્યમપરીત્તઅસંખ્યાતું થાય.

જઘન્યપરીત્તઅસંખ્યાતાથી ઉત્કૃષ્ટપરીત્તઅસંખ્યાતાની વચ્ચેના બધા **મધ્યમપરીત્તઅસંખ્યાતા** કહેવાય છે.

(૩) **ઉત્કૃષ્ટપરીત્ત અસંખ્યાતું** :-

જઘન્યયુક્તઅસંખ્યાતું − ૧ = ઉત્કૃષ્ટપરીત્તઅસંખ્યાતું થાય.

જઘન્યપરીત્તઅસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે જઘન્યયુક્તઅસંખ્યાતું કહેવાય છે. તેમાંથી ૧ બાદ કરતાં જે સંખ્યા આવે, તે **ઉત્કૃષ્ટપરીત્તઅસંખ્યાતું** કહેવાય છે.

**રાશિઅભ્યાસ** :- રાશિ = સંખ્યા, અભ્યાસ = ગુણાકાર

**જે સંખ્યા જેટલી હોય, તે સંખ્યાને તેટલીવાર સ્થાપીને પરસ્પર ગુણવાથી જે જવાબ આવે, તે રાશિઅભ્યાસ કહેવાય છે.**

**જેમકે,** ૩નો રાશિઅભ્યાસ ૩×૩×૩=૨૭ થાય.

૪નો રાશિઅભ્યાસ ૪×૪×૪×૪=૨૫૬ થાય.

૫નો રાશિઅભ્યાસ ૫×૫×૫×૫×૫=૩૧૨૫ થાય.

૭નો રાશિઅભ્યાસ ૭×૭×૭×૭×૭×૭×૭=૮૨૩૫૪૩ થાય.

**અસત્કલ્પનાથી જઘન્યપરીત્ત અસંખ્યાત=૧૦ માનવામાં આવે, તો....**

૧૦નો રાશિઅભ્યાસ:-૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦×૧૦× ૧૦×૧૦×૧૦=૧૦,૦૦,૦૦,૦૦૦૦૦ (૧૦ અબજ) થાય.

અસત્કલ્પનાથી.........

જઘન્યયુક્તઅસંખ્યાત= ૧૦,૦૦,૦૦,૦૦૦૦૦ થાય.

**ઉત્કૃષ્ટપરીત્તઅસંખ્યાતું** = ૧૦૦૦૦૦૦૦૦૦૦ - ૧ = ૯૯૯,૯૯,૯૯,૯૯૯ (૯૯૯ ક્રોડ, ૯૯ લાખ, ૯૯ હજાર, નવસો નવ્વાણુ) થાય.

**મધ્યમપરીત્તઅસંખ્યાતું=૧૧થી** ૯૯૯,૯૯,૯૯,૯૯૮ સુધીના....

(૪) **જઘન્યયુક્તઅસંખ્યાતું** :-

જઘન્યપરીત્તઅસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે **જઘન્યયુક્તઅસંખ્યાતું** કહેવાય છે.

(૫) **મધ્યમયુક્તઅસંખ્યાતું:-**

જઘન્યયુક્તઅસંખ્યાતું + ૧ = મધ્યમયુક્તઅસંખ્યાતું થાય.

જઘન્યયુક્તઅસંખ્યાતાથી ઉત્કૃષ્ટયુક્તઅસંખ્યાતાની વચ્ચેના બધા **મધ્યમયુક્તઅસંખ્યાતા** કહેવાય છે.

(૬) **ઉત્કૃષ્ટયુકતઅસંખ્યાતું :-**

જઘન્યઅસંખ્યાત અસંખ્યાતું − ૧ = ઉત્કૃષ્ટયુક્તઅસંખ્યાતું થાય.

જઘન્યયુક્તઅસંખ્યાતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે જઘન્ય અસંખ્યાતઅસંખ્યાતું કહેવાય. તેમાંથી ૧ બાદ કરતાં જે સંખ્યા આવે, તે **ઉત્કૃષ્ટયુક્તઅસંખ્યાતું** કહેવાય છે.

(૭) **જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતું:-**

જઘન્યયુક્તઅસંખ્યાતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે **જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતું** કહેવાય છે.

(૮) **મધ્યમઅસંખ્યાતઅસંખ્યાતું :-**

જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતું+૧=મધ્યમઅસંખ્યાતઅસંખ્યાતું થાય.

જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતાથી ઉત્કૃષ્ટઅસંખ્યાતઅસંખ્યાતાની વચ્ચેના બધા **મધ્યમઅસંખ્યાતઅસંખ્યાતા** કહેવાય છે.

(૯) **ઉત્કૃષ્ટઅસંખ્યાતઅસંખ્યાતું :-**

જઘન્યપરીત્તઅનંતું − ૧ = ઉત્કૃષ્ટઅસંખ્યાતઅસંખ્યાતું થાય.

જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે જઘન્યપરીત્તઅનંતું કહેવાય. તેમાંથી ૧ બાદ કરતાં જે સંખ્યા આવે, તે **ઉત્કૃષ્ટઅસંખ્યાતઅસંખ્યાતું** કહેવાય છે.

**અનંતાના ભેદ :-**

(૧) **જઘન્યપરીત્તઅનંતું :-**

જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે **જઘન્યપરીત્તઅનંતું** કહેવાય છે.

(૨) **મધ્યમપરીત્તઅનંતું :-**

જઘન્યપરીત્તઅનંતું +૧=મધ્યમપરીત્તઅનંતું થાય.

જઘન્યપરીત્તઅનંતાથી ઉત્કૃષ્ટપરીત્તઅનંતાની વચ્ચેના બધા **મધ્યમપરીત્તઅનંતા** કહેવાય છે.

(૩) **ઉત્કૃષ્ટપરીત્તઅનંતું :-**

જઘન્યયુક્તઅનંતું – ૧=ઉત્કૃષ્ટપરીત્તઅનંતું થાય.

જઘન્યપરીત્તઅનંતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે જઘન્યયુક્તઅનંતું કહેવાય. તેમાંથી ૧ બાદ કરતાં જે સંખ્યા આવે, તે **ઉત્કૃષ્ટપરીત્તઅનંતું** કહેવાય છે.

(૪) **જઘન્યયુક્તઅનંતું :-**

જઘન્યપરીત્તઅનંતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે જઘન્યયુક્તઅનંતું કહેવાય છે.

(૫) **મધ્યમયુક્તઅનંતું :-**

જઘન્યયુક્તઅનંતું + ૧= મધ્યમયુક્તઅનંતું થાય.

જઘન્યયુક્તઅનંતાથી ઉત્કૃષ્ટયુક્તઅનંતાની વચ્ચેના બધા મધ્યમયુક્તઅનંતા કહેવાય છે.

(૬) **ઉત્કૃષ્ટયુક્તઅનંતું :-**

જઘન્યઅનંતાનંતું – ૧=ઉત્કૃષ્ટયુક્તઅનંતું થાય.

જઘન્યયુક્તઅનંતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે જઘન્યઅનંતાનંતું થાય. તેમાંથી ૧ બાદ કરતાં જે સંખ્યા આવે, તે ઉત્કૃષ્ટયુક્તઅનંતું કહેવાય છે.

(૭) **જઘન્યઅનંતાનંતું :-**

જઘન્યયુક્તઅનંતાનો રાશિઅભ્યાસ કરવાથી જે સંખ્યા આવે, તે **જઘન્યઅનંતાનંતું** કહેવાય છે.

(૮) **મધ્યમઅનંતાનંત :-**

જઘન્યઅનંતાનંતું+૧=મધ્યમઅનંતાનંતું થાય.

જઘન્યઅનંતાનંતાથી ઉત્કૃષ્ટઅનંતાનંતની વચ્ચેના બધા **મધ્યમ-અનંતાનંત** કહેવાય છે.

**સિદ્ધાંતના મતે** અનંતાના ૮ ભેદ છે. કારણ કે નવમા અનંતે કોઈપણ વસ્તુ હોતી નથી. તેથી સિદ્ધાંતકાર ભગવંતને ઉત્કૃષ્ટઅનંતાનંતું માન્ય નથી. એ પ્રમાણે, **અનુયોગદ્વારસૂત્રમાં** સંખ્યાતાદિના ક્રમશઃ ૩+૯+૮=૨૦ ભેદ કહ્યાં છે.

અન્યમતે અસંખ્યાતાદિનું સ્વરૂપ :-

**इय सुत्तुतं अन्ने, वग्गियमिक्कसि चउत्थयमसंखं ।**
**होइ असंखासंखं, लहु रूवजुयं तु तं मज्झं ॥८०॥**
**रूवूणमाइमं गुरू, ति वग्गिउं तत्थिमे दसक्खेवे ।**
**लोगागासपएसा, धम्माधम्मेगजिय देसा ॥८१॥**
**ठिइबंधज्झवसाया, अणुभागा जोगछेयपलिभागा ।**
**दुण्ह य समाण समया, पत्तेयनिगोयए खिवसु ॥८२॥**
**पुण तम्मि ति वग्गियए, परित्तणंत लहु तस्स रासीणं ।**
**अब्भासे लहु जुत्ताणंतं अभव्वजियमाणं ॥८३॥**
इति सूत्रोक्तमन्ये वर्गितं सकृच्चतुर्थकमसंख्यम् ।
भवत्यसंख्यासंख्यं लघु रूपयुतं तु तन्मध्यम् ॥८०॥

रूपोनमादिमं गुरु त्रिर्वर्गयित्वा तदिमान् दश क्षेपान् ।
लोकाकाशप्रदेशा धर्माधमैकजीवप्रदेशाः ॥८१॥

स्थितिबन्धाध्यवसाया अनुभागा योगच्छेदपरिभागाः ।
द्वयोश्च समयोः समयाः प्रत्येकनिगोदकाः क्षिप ॥८२॥

पुनः तस्मिंस्त्रिर्वर्गिते परित्तानन्तं लधु तस्य राशीनाम् ।
अभ्यासे लधु युक्तानन्तमभव्यजीवप्रमाणम् ॥८३॥

**ગાથાર્થ:- એ પ્રમાણે સૂત્રમાં કહ્યું છે. અન્યગ્રંથકાર (કર્મગ્રંથકાર) ભગવંતો કહે છે કે, ચોથા જઘન્યયુક્તઅસંખ્યાતાનો એકવાર વર્ગ કરવાથી જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતું થાય. વળી જઘન્યમાં ૧ ઉમેરવાથી મધ્યમ થાય અને જઘન્યમાંથી ૧ બાદ કરતાં પૂર્વનું ઉત્કૃષ્ટ થાય. તેનો (જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતનો) ત્રણવાર વર્ગ કરીને, તેમાં (૧) લોકાકાશના પ્રદેશ (૨) ધર્માસ્તિકાયના પ્રદેશ (૩) અધર્માસ્તિકાયના પ્રદેશ (૪) એકજીવના પ્રદેશ. (૫) સ્થિતિબંધના અધ્યવસાય (૬) રસબંધના અધ્યવસાય (૭) યોગના નિર્વિભાગ અંશો (૮) કાળચક્રના સમયો (૯) પ્રત્યેકજીવના શરીર (૧૦) સાધારણ વનસ્પતિકાયના શરીર ઉમેરીને ફરીથી ત્રણવાર વર્ગ કરતાં જઘન્યપરિત્તઅનંતું આવે. તેનો રાશિઅભ્યાસ કરવાથી જઘન્યયુક્ત અનંતું આવે છે. જઘન્યયુક્તઅનંતી સંખ્યા જેટલા અભવ્યજીવો છે.**

**વિવેચન** :- કર્મગ્રન્થકાર ભગવંતને પણ અનુયોગદ્વારસૂત્રમાં કહ્યાં મુજબ સંખ્યાતાના ૩ ભેદનું સ્વરૂપ અને અસંખ્યાતાના પહેલા-૪ ભેદનું સ્વરૂપ માન્ય છે. એટલે પહેલા સાત ભેદના સ્વરૂપમાં કાંઈ જ મતભેદ નથી પણ આઠમાભેદથી મતભેદ છે.

જઘન્યયુક્ત અસંખ્યાતાનો એકવાર વર્ગ કરવાથી જે સંખ્યા

આવે, તે **સાતમુ અસંખ્યાતું** (જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતું) થાય. તેમાંથી ૧ બાદ કરવાથી જે સંખ્યા આવે, તે **છઠ્ઠું અસંખ્યાતું** (ઉત્કૃષ્ટયુક્ત અસંખ્યાતું) થાય. અને જઘન્યયુક્ત અસંખ્યાતામાં ૧ ઉમેરવાથી **પાંચમું અસખ્યાતું** (મધ્યમયુક્ત અસંખ્યાતું) થાય.

જઘન્યયુક્ત અસંખ્યાતાથી ઉત્કૃષ્ટયુક્તઅસંખ્યાતાની વચ્ચેના બધા જ મધ્યમયુક્તઅસંખ્યાતા કહેવાય.

**અસત્કલ્પનાથી, જઘન્યપરીત્તઅસં૦ = ૧૦** માનવામાં આવે, તો...
૧૦નો રાશિઅભ્યાસ **૧૦૦૦૦૦૦૦૦૦૦** થાય.
**જઘન્યયુક્તઅસંખ્યાતું = ૧૦૦૦૦૦૦૦૦૦૦** થાય.
જઘન્યયુક્તઅસં૦નો વર્ગ= ૧૦૦૦૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦૦૦૦ થાય.
**જઘન્યઅસં૦અસં૦** = ૧૦૦૦૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦૦૦૦ થાય.
**ઉત્કૃષ્ટયુક્તઅસં૦** = ૧૦૦૦૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦૦૦૦–૧=
૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯ થાય.
**મધ્યમયુક્તઅસંખ્યાતા** = ૧૦૦૦૦૦૦૦૦૦૧ થી માંડીને ૯૯૯૯૯૯૯-૯૯૯૯૯૯૯૯૯૯૯૯૯૮ સુધીના....

જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતનો ત્રણવાર વર્ગ કરવો.

દા. ત. **૪નો પહેલીવાર** વર્ગ ૪×૪ = **૧૬** થાય.
**૪નો બીજીવાર** વર્ગ ૧૬×૧૬ = **૨૫૬** થાય.
**૪નો ત્રીજીવાર** વર્ગ ૨૫૬×૨૫૬ = **૬૫૫૩૬** થાય.

એ જ રીતે, જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતાની સંખ્યાનો ત્રણવાર વર્ગ કરવાથી જે સંખ્યા આવે, તેમાં નીચે કહ્યાં મુજબ **૧૦** વસ્તુની સંખ્યા ઉમેરવી.

(૧) **લોકાકાશના પ્રદેશોની** સંખ્યા.

(૨) **ધર્માસ્તિકાયના પ્રદેશોની** સંખ્યા.

(૩) **અધર્માસ્તિકાયના પ્રદેશોની** સંખ્યા.

(૪) **એક જીવના પ્રદેશોની** સંખ્યા.

એ ચારે વસ્તુની સંખ્યા અસંખ્યાતી છે. અને પરસ્પર તુલ્ય છે.

(૫) **સ્થિતિબંધના અધ્યવસાય:-**

**કષાયોદયથી જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે સ્થિતિબંધનો અધ્યવસાય કહેવાય છે.**

**એક સમયે એકી સાથે જેટલી સ્થિતિ બંધાય છે. તે એક સ્થિતિબંધસ્થાન** (સ્થિતિસ્થાન) **કહેવાય.** તે કુલ અસંખ્યાતા છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોની જે ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે. તે પહેલું સ્થિતિસ્થાન કહેવાય. સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે. તે બીજું સ્થિતિસ્થાન કહેવાય. બે સમય ન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે તે ત્રીજું સ્થિતિસ્થાન કહેવાય. એ રીતે, એક - એક સમય ઓછો કરતાં કરતાં છેલ્લે જે જઘન્યસ્થિતિ બંધાય છે. તે છેલ્લું સ્થિતિસ્થાન કહેવાય. એટલે જઘન્યસ્થિતિબંધથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ સુધીના જેટલા સમય થાય. તેટલા સ્થિતિબંધસ્થાનો છે. તેમાંથી એક - એક સ્થિતિબંધસ્થાનમાં કષાયોદયસ્થાનો અસંખ્યલોકના આકાશપ્રદેશ જેટલા હોય છે. અને કષાયોદયજન્ય **સ્થિતિબંધના અધ્યવસાયો પણ અસંખ્યલોકના આકાશપ્રદેશ જેટલા હોય છે.**

(૬) **રસબંધના અધ્યવસાય :-**

**કષાયોદય સહિત લેશ્યાથી જે પરિણામ ઉત્પન્ન થાય છે, તે રસબંધનો અધ્યવસાય કહેવાય છે.**

એક સ્થિતિસ્થાનમાં કષાયોદયસ્થાનો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ હોય છે. અને એક - એક કષાયોદયસ્થાનમાં રસબંધના અધ્યવસાયો

અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. કારણ કે સમાન કષાયોદયવાળા જીવોની લેશ્યામાં તરતમતા હોય છે. તેથી સમાન કષાયોદયવાળા જીવોનો લેશ્યાજન્ય પરિણામ જુદો જુદો હોય છે. એટલે એક એક કષાયોદયસ્થાનમાં રસબંધના અધ્યવસાયો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ હોય છે. તેથી સ્થિતિબંધના અધ્યવસાય કરતાં રસબંધના અધ્યવસાય અસંખ્યાતગુણા હોય છે.

(૭) **યોગના નિર્વિભાગ અંશો :-**

જે અંશનો કેવલજ્ઞાનથી પણ બે વિભાગ ન થઇ શકે, તે અંશને નિર્વિભાગ અંશ કહે છે. **યોગના નિર્વિભાગ અંશો અસંખ્યાતા છે.**

અહીં નિગોદીયાજીવથી માંડીને સંજ્ઞીપંચેન્દ્રિય સુધીના દરેક જીવોના યોગના નિર્વિભાગઅંશોની સંખ્યા ઉમેરવાની કહી છે. જો કે યોગસ્થાનક અસંખ્યાતા છે. અને જીવો અનંતા છે. તો પણ ઘણા જીવો સરખા યોગવાળા પણ હોય છે. તે સર્વેનું એક યોગસ્થાનક ગણી લેવાથી અસંખ્યાતયોગસ્થાનકમાં અનંતાજીવો સમાઇ જાય છે. એટલે સંસારી સર્વે જીવના યોગસ્થાનક અસંખ્યાતા છે. અને એક - એક યોગસ્થાનકના નિર્વિભાગ અંશો (યોગાણુ)ની સંખ્યા પણ અસંખ્યાતી છે.

(૮) **કાળચક્રના સમયો** પણ અસંખ્યાતા જ છે.

(૯) **પ્રત્યેકશરીર :-**

પ્રત્યેકશરીરવાળા પૃથ્વીકાયાદિજીવો અસંખ્યાતા હોવાથી પ્રત્યેકશરીર પણ અસંખ્યાતા છે.

(૧૦) **નિગોદશરીર :-**

અનંતા જીવો ભેગા મળીને જે એક શરીર બનાવે છે, તે નિગોદશરીર કહેવાય છે તે શરીર પણ અસંખ્યાતા છે.

આ દશે વસ્તુની સંખ્યા અસંખ્યાતી છે.

હવે જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતની સંખ્યાનો ત્રણવાર વર્ગ કરવાથી જે સંખ્યા આવે, તેમાં ઉપર કહેલી **૧૦** વસ્તુની સંખ્યા ઉમેરવી, પછી જે સંખ્યા આવે તેનો ફરીથી ત્રણવાર વર્ગ કરવાથી જે સંખ્યા આવે છે, તે **જઘન્યપરીત્તઅનંતું** કહેવાય છે. તેમાંથી ૧ બાદ કરવાથી જે સંખ્યા આવે, તે **ઉત્કૃષ્ટઅસંખ્યાતઅસંખ્યાતું** કહેવાય છે.

જઘન્યઅસંખ્યાતઅસંખ્યાતાથી ઉત્કૃષ્ટઅસંખ્યાતઅસંખ્યાતાની વચ્ચેના બધા **મધ્યમઅસંખ્યાતઅસંખ્યાતા** કહેવાય છે.

જઘન્યપરીત્તઅનંતાનો રાશિઅભ્યાસ કરવાથી, જે સંખ્યા આવે, તે **જઘન્યયુક્તઅનંતુ** કહેવાય છે. તેમાંથી ૧ બાદ કરવાથી જે આવે, તે **ઉત્કૃષ્ટપરીત્તઅનંતુ** કહેવાય છે અને જઘન્યપરીત્તઅનંતાથી ઉત્કૃષ્ટપરીત્તઅનંતાની વચ્ચેના **બધા મધ્યમપરીત્તઅનંતા** કહેવાય છે.

જઘન્યયુક્તઅનંતી સંખ્યા જેટલા અભવ્યજીવો છે.

જઘન્યઅનંતાનંતાદિનું સ્વરૂપ :-

**तव्वग्गे पुण जायइ, णंताणंत लहु तं च तिक्खुत्तो ।**
**वग्गसु तह वि न तं होइ णंत खेवे खिवसु छ इमे ॥८४॥**
**सिद्धा निगोयजीवा, वणस्सई कालपुग्गला चेव ।**
**सव्वमलोगनहं पुण, तिवग्गिउं केवलदुगंमि ॥८५॥**
**खित्ते णंताणंतं हवेइ, जिट्ठं तु ववहरइ मज्झं ।**
**इय सुहुमत्थवियारो, लिहिओ देविंदसूरीहिं ॥८६॥**

तद्वर्गे पुनर्जायतेऽनन्तानन्तं, लघु तच्च त्रिकृत्वः ।
वर्गयस्व तथापि न तद्भवत्यनंतक्षेपान् क्षिप षडिमान् ॥८४॥

सिद्धा निगोदजीवा वनस्पतिः कालपुद्गलाश्चैव ।
सर्वमलोकनभः पुनस्त्रिर्वर्गयित्वा केवलद्विके ॥८५॥

क्षिप्तेऽनन्तानन्तं भवति ज्येष्ठं तु व्यवहरति मध्यम् ।
इति सूक्ष्मार्थविचारो लिखितो देवेन्द्रसूरिभिः ॥८६॥

**ગાથાર્થ:- તેનો (જઘન્યયુક્તઅનંતાનો) વર્ગ કરવાથી જઘન્ય-અનંતાનંતુ આવે, તેનો ત્રણવાર વર્ગ કરવો. તો પણ તે (ઉત્કૃષ્ટઅનંતાનંતું) આવતું નથી. તેથી તેમાં સિદ્ધભગવંતો, નિગોદીયાજીવો, વનસ્પતિના જીવો, ત્રણેકાળના સમયો, સર્વ પુદ્ગલપરમાણુ અને લોકાલોકના પ્રદેશો એ છ વસ્તુની સંખ્યા ઉમેરીને, જે સંખ્યા આવે, તેનો ફરીથી ત્રણવાર વર્ગ કરીને, કેવળદ્વિકના પર્યાયો ઉમેરવાથી ઉત્કૃષ્ટઅનંતાનંતું થાય છે. પણ વ્યવહાર મધ્યમઅનંતાનંતાથી થાય છે.**

**એ પ્રમાણે, પૂજ્ય શ્રી દેવેન્દ્રસૂરિમહારાજે "સૂક્ષ્માર્થ વિચાર" નામનો ગ્રન્થ લખ્યો છે.**

**વિવેચન :-** જઘન્યયુક્તઅનંતાનો વર્ગ કરવાથી જે સંખ્યા આવે, તે **જઘન્યઅનંતાનંતું** કહેવાય છે તેમાંથી ૧ બાદ કરતાં જે સંખ્યા આવે, તે **ઉત્કૃષ્ટયુક્તઅનંતું** કહેવાય છે. અને જઘન્યયુક્તઅનંતાથી ઉત્કૃષ્ટયુક્ત-અનંતાની વચ્ચેના બધા **મધ્યમયુક્તઅનંતા** કહેવાય છે.

મધ્યમયુક્તઅનંતી સંખ્યા જેટલા સમ્યક્ત્વથી પડેલા જીવો અને સિદ્ધભગવંતો છે. પણ સમ્યક્ત્વથી પડેલા જીવો કરતાં સિદ્ધભગવંતો અનંતગુણા હોય છે. મતાંતરે મધ્યમઅનંતાનંતી સંખ્યા જેટલા સિદ્ધભગવંતો છે.

જઘન્યઅનંતાનંતાની સંખ્યાનો ત્રણવાર વર્ગ કરવાથી જે સંખ્યા આવે, તેમાં (૧) **સિદ્ધભગવંતો** (૨) **નિગોદના જીવો** (૩) **વનસ્પતિકાયના જીવો** (૪) **ત્રણેકાળના સમયો** (૫) **સંપૂર્ણ પુદ્‌ગલપરમાણુ** (૬) **લોકાલોકના પ્રદેશો** એ છ વસ્તુના છ અનંતા ઉમેરીને જે સંખ્યા આવે, તે સંખ્યાનો ત્રણવાર વર્ગ કરીને, તેમાં **કેવલજ્ઞાનના અનંતપર્યાયો** અને [૫૫] **કેવલદર્શનના અનંતપર્યાયો** ઉમેરતાં **ઉત્કૃષ્ટઅનંતાનંતું** થાય છે. અને જઘન્યઅનંતાનંતાથી ઉત્કૃષ્ટઅનંતા-નંતાની વચ્ચેના બધા **મધ્યમઅનંતાનંતા** કહેવાય છે.

દરેક જઘન્યઅસંખ્યાતું અને ઉત્કૃષ્ટઅસંખ્યાતું એક જ પ્રકારે હોય છે. અને તેની ચોક્કસ રકમો છે. પણ દરેક મધ્યમઅસંખ્યાતાના અસંખ્યાતાભેદ છે.

એ જ રીતે, દરેક જઘન્યઅનંતું અને ઉત્કૃષ્ટઅનંતું એક જ પ્રકારે હોય છે. પણ મધ્યમઅનંતાના અનંતાભેદ છે.

વ્યવહારમાં મધ્યમ અનંતાનંત સુધીની સંખ્યાનો ઉપયોગ થાય છે. ઉત્કૃષ્ટઅનંતાનંતે કોઈ વસ્તુ હોતી નથી. તેથી વ્યવહારમાં નવમું અનંતું ઉપયોગી નથી. એટલે શાસ્ત્રમાં જ્યાં અનંતાનંત સંખ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ત્યાં મધ્યમઅનંતાનંતું લેવું.


એ પ્રમાણે, **સૂક્ષ્માર્થ વિચાર** નામનો ચોથોકર્મગ્રન્થ પૂજ્ય શ્રી **દેવેન્દ્રસૂરિમહારાજે** લખ્યો છે.

**-: ચતુર્થકર્મગ્રંથ સમાપ્ત :-**

---

(૫૫) જ્ઞેય (જાણવાયોગ્ય) વસ્તુના પર્યાયો અનંતા હોવાથી કેવલજ્ઞાન અને કેવલદર્શનના પર્યાયો પણ અનંતા છે.

# પરિશિષ્ટ-૧


૫૬૩ જીવભેદ
એકેન્દ્રિય
બેઇન્દ્રિય ૨ + તેઇન્દ્રિય ૨ + ચઉરિન્દ્રિય ૨ = ૬
પંચેન્દ્રિય-૫૩૫
પૃથ્વી જલ તેઉ વાયુ વનસ્પતિ
૪ + ૪ + ૪ + ૪ + ૬ = ૨૨
અસંજ્ઞી. પંચેન્દ્રિય-૧૧૧
સંજ્ઞી પંચેન્દ્રિય-૪૨૪
સંમૂ. તિર્યંચ-૧૦
જલચર ખેચર ઉરપ. ભુજપ. ચતુષ્પદ
૨ + ૨ + ૨ + ૨ + ૨ =૧૦
સંમૂ. મનુષ્ય-૧૦૧
૧૫ કર્મભૂમિ
૩૦ અકર્મભૂમિ
૫૬ અંતર્દ્વીપ
૧૦૧
દેવ-૧૯૮
મનુ૦-૨૦૨
અપ.ગર્ભજ મનુ. ૧૦૧
પર્યા. ગર્ભજ મનુ.૧૦૧
૨૦૨
તિર્યંચ-૧૦
નારકો-૧૪
૭ પર્યાપ્તા
૭ અપ૦
૧૪
ભવનપતિ-૨૦
પરમાધામી-૩૦
૫૦
વ્યંતર-૧૬
વાણ૦-૧૬
તિર્યક્જૃંભક-૨૦
૫૨
જ્યોતિષી
૨૦
દેવલોક-૨૪
કિલ્બિ૦- ૬
લોકાંતિક-૧૮
ગ્રૈવેયક-૧૮
અનુત્તર-૧૦
૭૬
જલચર ખેચર ઉરપ. ભુજપ. ચતુષ્પદ
૨ + ૨ + ૨ + ૨ + ૨ =૧૦

# ૫૬૩ જીવભેદમાં ગુણઠાણા-યોગ-ઉપયોગ-લેશ્યા

| જીવભેદ | ગુણઠાણા | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|
| અપ૦ સૂક્ષ્મ એકે૦ના-૫ ભેદ | ૧લું | કા૦કા૦, ઔ૦ મિશ્ર૦ | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| પર્યા૦ સૂક્ષ્મ એકે૦ના-૫ ભેદ | ૧લું | ઔદા૦ કાયયોગ | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| અપ૦ બાદર પૃથ્વી, જલ, પ્ર૦વન૦ | ૧લું, ૨જું | કા૦કા૦, ઔ૦ મિશ્ર | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૪ |
| અપ૦બા૦સા૦વન૦, તેઉ-વાઉકાય | ૧લું | કા૦કા૦, ઔ૦ મિશ્ર | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| પર્યાપ્તાબાદર વાયુકાય | ૧લું | ઔ૦કા૦, વૈ૦મિશ્ર, વૈ૦કા૦ | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| પર્યાપ્ત બાદર પૃથ્વ્યાદિ-૫ ભેદ | ૧લું | ઔ૦કા૦ | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| અપ૦ વિકલે૦ ના-૩ ભેદ | ૧લું, ૨જું | કા૦કા૦, ઔ૦ મિશ્ર | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| પર્યાપ્ત બેઈન્દ્રિય, તેઈન્દ્રિય | ૧લું | ઔ૦કા૦, અસત્યામૃષાવચન. | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| પર્યાપ્તા ચઉરિન્દ્રિય | ૧લું | ઔ૦કા૦, અસત્યામૃષાવચન. | ૨ અજ્ઞાનોપયોગ, ચક્ષુ-અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| અપ૦અસંજ્ઞીપંચેન્દ્રિયના-૫ ભેદ | ૧લું,૨જું | કા૦કા૦,ઔ૦મિશ્ર | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| પર્યા૦અસંજ્ઞીપંચેન્દ્રિયના-૫ ભેદ | ૧લું | ઔ૦કા૦, અસત્યામૃષાવચન | ૨ અજ્ઞાનોપયોગ, ચક્ષુ-અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| અસંજ્ઞી મનુષ્યના-૧૦૧ ભેદ | ૧લું | કા૦કા૦, ઔ૦મિશ્ર | ૨ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | ૩ |
| અપ૦ ભવનપતિના-૧૦ ભેદ | ૧,૨,૪[A] | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, અચક્ષુ-અવધિદ૦ | ૪ |
| પર્યા૦ ભવનપતિના-૧૦ ભેદ | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪ વચન૦ ૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | ૪ |
| અપ૦ પરમાધામીના-૧૫ ભેદ | ૧લું | કા૦કા૦, વૈ૦ મિશ્ર. | ૩ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | કૃષ્ણ[B] |
| પર્યા૦ પરમાધામીના-૧૫ ભેદ | ૧લું | વૈ૦કા૦, મન૦૪, વચન૦ ૪ | ૩ અજ્ઞાનોપયોગ, ચક્ષુ-અચક્ષુ દર્શનોપયોગ | કૃષ્ણ |
| અપ૦ વ્યંતરાદિના-૨૬ ભેદ | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦ મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, અચક્ષુ-અવધિ | ૪ |
| પર્યા૦ વ્યંતરાદિના-૨૬ ભેદ | ૧થી૪ | વૈ૦કા, મન૦ ૪, વચન૦ ૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | ૪ |

[A] સિદ્ધાંતના મતે અપર્યાપ્તાવસ્થામાં ભવનપત્યાદિક ચાર નિકાયના દેવ, ૧થી૬ નારકો અને સંજ્ઞી તિર્યંચ-મનુષ્યને ૪થું ગુણઠાણુ સંભવે છે.

[B] भवनवासिनो व्यन्तराश्च यथासंभवं कृष्णनीलकापोततेजोलेश्याः, तत्रापि परमाधार्मिकाः कृष्णलेश्याः । [બૃહત્સંગ્ર૦ ગાથાનં૦ ૧૯૩ની ટીકા]

| જીવભેદ | ગુણઠાણા | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|
| અપ૦ જ્યોતિષીના ૧૦ ભેદ | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, અચક્ષુ-અવધિ | તેજો |
| પર્યા૦ જ્યોતિષીના ૧૦ ભેદ | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | તેજો |
| અપ૦ ૧લો કિલ્બિષિક | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનોપયોગ | તેજો |
| પર્યા૦ ૧લો કિલ્બિષિક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | તેજો |
| અપ૦ ૧લો, ૨જો, દેવલોક | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનોપયોગ | તેજો |
| પર્યા૦ ૧લો, ૨જો, દેવલોક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | તેજો |
| અપ૦ ૨જો કિલ્બિષિક | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનોપયોગ | પદ્મ |
| પર્યા૦ ૨જો કિલ્બિષિક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | પદ્મ |
| અપ૦ ૩થી૫ દેવલોક | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનોપયોગ | પદ્મ |
| પર્યા૦ ૩થી૫ દેવલોક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦ ૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | પદ્મ |
| અપ૦ લોકાંતિક-૯ | ૪થું | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ જ્ઞાનોપયોગ, ૨ દર્શનોપયોગ | પદ્મ |
| પર્યા૦ લોકાંતિક-૯ | ૪થું | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ જ્ઞાનોપયોગ, ૩ દર્શનોપયોગ | પદ્મ |
| અપ૦ ૩જો કિલ્બિષિક | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનોપયોગ | શુક્લ |
| પર્યા૦ ૩જો કિલ્બિષિક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| અપ૦ ૬થી૧૨ દેવલોક | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનોપયોગ | શુક્લ |
| પર્યા૦ ૬થી૧૨ દેવલોક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| અપ૦ ગ્રૈવેયક-૯ | ૧,૨,૪ | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનોપયોગ | શુક્લ |
| પર્યા૦ ગ્રૈવેયક-૯ | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનોપયોગ | શુક્લ |
| અપ૦ અનુત્તર-૫ | ૪થું | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ જ્ઞાનોપયોગ, ૨ દર્શનોપયોગ | શુક્લ |
| પર્યા૦ અનુત્તર-૫ | ૪થું | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ જ્ઞાનોપયોગ, ૩દર્શનોપયોગ | શુક્લ |

| જીવભેદ | ગુણઠાણા | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|
| કર્મભૂમિના અપ૦ મનુ૦ના-૧૫ | ૧,૨,૪ | કા૦કા૦, ઔ૦ મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | ૬ |
| કર્મભૂમિના પર્યા૦ મનુ૦ના-૧૫ | ૧થી૧૪ | કાર્મણકાયયોગાદિ-૧૫ | ૧૨ ઉપયોગ | ૬ |
| અકર્મભૂમિના અપ૦ મનુ૦૮૬ | ૧,૨,૪ | કા૦કા૦, ઔ૦મિશ્ર | ૨ અજ્ઞાનોપયોગ, ૨ [A]જ્ઞાનો૦, અચક્ષુ૦ | ૪[B] |
| પર્યા૦ અકર્મભૂમિના મનુ૦ ૮૬ | ૧થી૪ | ઔ૦કા૦, મન૦૪ વચન૦ ૪ | ૨ અજ્ઞાનોપયોગ, ૨ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | ૪ |
| અપ૦ સંજ્ઞીતિર્યંચના-૫ ભેદ | ૧,૨,૪ | કા૦કા૦, ઔ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | ૬ |
| પર્યા૦ સંજ્ઞી તિર્યંચના-૫ ભેદ | ૧થી૫ | ઔ૦કા૦,વૈ૦દ્વિક,મન૦૪,વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનો૦ | ૬ |
| અપ૦ ૧લી-૨જી નારક | ૧લું, ૪થું | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | કાપોત |
| પર્યા૦ ૧લી-૨જી નારક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦ ૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનો૦ | કાપોત |
| અપ૦ ૩જી નારક | ૧લું, ૪થું | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | કાપોત-નીલ |
| પર્યા૦ ૩જી નારક | ૧થી ૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦ ૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનો૦ | કાપોત-નીલ |
| અપ૦ ૪થી નારક | ૧લું, ૪થું | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | નીલ |
| પર્યા૦ ૪થી નારક | ૧થી ૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનો૦ | નીલ |
| અપ૦ ૫મી નારક | ૧લું, ૪થું | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | નીલ-કૃષ્ણ |
| પર્યા૦ ૫મી નારક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનો૦ | નીલ-કૃષ્ણ |
| અપ૦ ૬ઠ્ઠી નારક | ૧લું, ૪થું | કા૦કા૦, વૈ૦મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૨ દર્શનો૦ | કૃષ્ણ |
| પર્યા૦ ૬ઠ્ઠી નારક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનો૦ | કૃષ્ણ |
| અપ૦ ૭મી નારક | ૧લું | કા૦કા૦, વૈ૦ મિશ્ર | ૩ અજ્ઞાનોપયોગ, અચક્ષુદર્શનોપયોગ | કૃષ્ણ |
| પર્યા૦ ૭મી નારક | ૧થી૪ | વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ | ૩ અજ્ઞાનોપયોગ, ૩ જ્ઞાનો૦, ૩ દર્શનો૦ | કૃષ્ણ |

A. યુગલિકતિર્યંચ-મનુષ્યને અવધિજ્ઞાન અને અવધિદર્શન હોતું નથી.

B. યુગલિકતિર્યંચ-મનુષ્યને પદ્મ-શુક્લલેશ્યા હોતી નથી.

# પરિશિષ્ટ-૨

## -: ૬૨ માર્ગણામાં ૫૬૩ જીવભેદ :-

| માર્ગણાનું નામ | ૫૬૩માંથી કેટલા જીવભેદ હોય ? |
|---|---|
| દેવગતિ | ભવન૦ ૨૦+ પરમા૦ ૩૦+ વ્યં૦ ૧૬+વાણ૦૧૬+તિર્યક્૦ ૨૦+જ્યોતિષી ૨૦+ વૈમાનિક ૭૬=૧૯૮ |
| મનુષ્યગતિ | અંસંજ્ઞી મનુ૦ ૧૦૧ + અપ૦ ગર્ભજ મનુ૦ ૧૦૧+ પર્યા૦ ગર્ભજ મનુ૦ ૧૦૧=૩૦૩ |
| તિર્યંચગતિ | એકે૦ ૨૨+ વિકલે૦ ૬+ પંચેન્દ્રિય તિર્યંચ ૨૦ =૪૮ |
| નરકગતિ | અપર્યાપ્ત નારક ૭ + પર્યાપ્ત નારક ૭ =૧૪ |
| એકેન્દ્રિય | અપ૦ સૂ૦ એકે૦ ૫ + પર્યા૦ સૂ૦ એકે૦ ૫+ અપ૦ બા૦ એકે૦ ૬+ પર્યા૦ બા૦ એકે૦ ૬=૨૨ |
| બેઇન્દ્રિય | (૧) અપ૦ બેઇન્દ્રિય (૨) પર્યા૦ બેઇન્દ્રિય |
| તેઇન્દ્રિય | (૧) અપ૦ તેઇન્દ્રિય (૨) પર્યા૦ તેઇન્દ્રિય |
| ચઉરિન્દ્રિય | (૧) અપ૦ ચઉરિન્દ્રિય (૨) પર્યા૦ ચઉરિન્દ્રિય |
| પંચેન્દ્રિય | દેવ-૧૯૮+ મનુ૦ ૩૦૩+ તિ૦ પંચે૦ ૨૦ + નારક-૧૪=૫૩૫ |
| પૃથ્વીકાય | (૧) અપ૦ સૂ૦ પૃથ્વી- (૨) પર્યા૦ સૂ૦ પૃથ્વી (૩) અપ૦ બા૦ પૃથ્વી (૪) પર્યાપ્ત બા૦ પૃથ્વી. |
| જલકાય | (૨) અપ૦ સૂ૦ જલ (૨) પર્યા૦ સૂ૦ જલ (૩) અપ૦ બા૦ જલ (૪) પર્યા૦ બા૦ જલ |
| તેઉકાય | (૧) અપ૦ સૂ૦ તેઉ (૨) પર્યા૦ સૂ૦ તેઉ (૩) અપ૦ બા૦ તેઉ (૪) પર્યા૦ બા૦ તેઉ |
| વાઉકાય | (૧) અપ૦ સૂ૦ વાયુ (૨) પર્યા૦ સૂ૦ વાયુ (૩) અપ૦ બા૦ વાયુ (૪) પર્યા૦ બા૦ વાયુ |

| માર્ગણાનું નામ | ૫૬૩માંથી કેટલા જીવભેદ હોય ? |
|---|---|
| વનસ્પતિકાય | (૧) અપ૦સૂ૦ નિગોદ (૨) પર્યા૦સૂ૦ નિગોદ (૩) અ૦બા૦નિ૦ (૪) પ૦બા૦નિ૦ (૫) અ૦પ્ર૦વન૦ (૬) પર્યાપ્તપ્ર૦વન૦ |
| ત્રસકાય | દેવ-૧૯૮+ મનુ૦ ૩૦૩ +વિકલે૦ ૬+ તિર્યંચ પંચે૦ ૨૦+નારક ૧૪=**૫૪૧** |
| મનોયોગ | પર્યા૦દેવ ૯૯+ પર્યા૦ગર્ભજમનુ૦૧૦૧+ પર્યા૦ સંજ્ઞીતિ૦ ૫+ પર્યા૦નારક ૭=**૨૧૨** |
| વચનયોગ | પર્યા૦ દેવ-૯૯+ પર્યા૦ ગર્ભજ મનુ૦ ૧૦૧+ પર્યા૦ વિકલે૦ ૩+પર્યા૦તિ૦પંચે૦ ૧૦+પર્યા૦ ના૦ ૭ = **૨૨૦** |
| કાયયોગ | દેવ-૧૯૮+ મનુ૦ ૩૦૩ + તિર્યંચ-૪૮ + ના૦ ૧૪ = **૫૬૩** |
| પુરુષવેદ | દેવ-૧૯૮+ગર્ભજ મનુ૦ ૨૦૨ +સંજ્ઞી તિર્યંચ ૧૦+અસંજ્ઞી તિ૦ પંચે૦ ૧૦ = **૪૨૦** |
| સ્ત્રીવેદ | ભવનપતિથી બીજાદેવલોક સુધીની દેવી ૧૨૮+ગર્ભજ માનુષી ૨૦૨ + પંચે૦ તિર્યંચી ૨૦ = **૩૫૦** |
| નપુસંકવેદ | કર્મભૂમિના ગર્ભજ મનુ૦ ૩૦+સંમૂ૦ મનુ૦ ૧૦૧+તિર્યંચ ૪૮ + નારક-૧૪ = **૧૯૩** |
| ક્રોધાદિ-૪ | દેવ-૧૯૮ + મનુ૦ ૩૦૩+તિર્યંચ-૪૮+નારક ૧૪ = **૫૬૩** |
| મતિ-શ્રુતજ્ઞાન | દેવ-૧૯૮+ગર્ભજ મનુ૦ ૨૦૨+ગર્ભજ તિ૦પંચે૦ ૧૦+ પર્યા૦નારક ૭+અપર્યાપ્ત નારક-૬ = **૪૨૩** |
| અવધિજ્ઞાન | દેવ-૧૯૮+ ગર્ભજ કર્મભૂમિના મનુ૦ ૩૦ + પર્યા૦ ગ૦ તિ૦ ૫+પર્યાપ્તનારક ૭+ અપ૦ નારક-૬ = **૨૪૬** |
| મતાંતરે | દેવ-૧૯૮+ ગર્ભજ કર્મભૂમિના મનુ૦ ૩૦+ અપ૦-પર્યા૦ સંજ્ઞી તિ૦ ૧૦+પર્યા૦ ના૦ ૭+ અપ૦ ના૦ ૬ = **૨૫૧** |
| મનઃપર્યવજ્ઞાન | કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા મનુ૦ **૧૫** |
| કેવલજ્ઞાન | કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા મનુ૦**૧૫** |
| મતિ-શ્રુત અજ્ઞાન | લોકાંતિક-૧૮+અનુત્તર-૧૦=૨૮ વિના દેવના ૧૭૦+મનુ૦ ૩૦૩ +તિ૦ ૪૮ +નારક ૧૪ = **૫૩૫** |
| વિભંગજ્ઞાન | દેવ-૧૭૦ (ઉપર કહ્યા મુજબ)+ કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા મનુ૦૧૫ +પર્યા૦ સંજ્ઞી તિ૦ ૫+ નારક-૧૪ = **૨૦૪** |
| મતાંતરે | દેવ-૧૭૦ + કર્મભૂમિના ગર્ભજ પર્યા૦-અપ૦ મનુ૦ ૩૦+ ગર્ભજ પર્યા૦-અપ૦ તિ૦ ૧૦+ના૦ ૧૪ = **૨૨૪** |
| સામાયિક ચારિત્ર | કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા મનુષ્ય-**૧૫** |
| છેદો૦, પરિહાર૦ | ૫ ભરત અને ૫ ઐરાવતના ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો-**૧૦** |
| સૂક્ષ્મસં૦, યથાખ્યા૦ | કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો-**૧૫** |

| માર્ગણાનું નામ | ૫૬૩માંથી કેટલા જીવભેદ હોય ? |
|---|---|
| દેશવિરતિ | કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો-૧૫+ગર્ભજ પર્યાપ્તા તિ૦ ૫=૨૦ |
| અવિરતિ | દેવ-૧૯૮+ મનુષ્ય-૩૦૩ + તિર્યંચ-૪૮+નારક-૧૪ = **૫૬૩** |
| અચક્ષુદર્શન | દેવ-૧૯૮+ મનુષ્ય ૩૦૩ + તિર્યંચ ૪૮ + નારક-૧૪ = **૫૬૩** |
| ચક્ષુદર્શન | પર્યા૦ દેવ-૯૯+ પર્યા૦ ગ૦ મનુ૦ ૧૦૧ + પર્યા૦ ચઉ૦ +પર્યા૦ તિર્યંચપંચે૦ ૧૦+ પર્યા૦ નારક ૭ = **૨૧૮** |
| મતાંતરે | દેવ-૧૯૮+ ગ૦મનુ૦૨૦૨+ચઉરિન્દ્રિય-૨ +તિ૦પંચે૦ ૨૦ +નારક ૧૪ = **૪૩૬** |
| અવધિદર્શન | દેવ-૧૯૮+ કર્મભૂમિના ગર્ભજ મનુ૦ ૩૦ + પર્યા૦ગ૦ તિ૦ ૫ + પર્યા૦ના૦ ૭+ અ૫૦ ના૦ ૬ = **૨૪૬** |
| મતાંતરે | ઉપર કહ્યાં મુજબ ૨૪૬+ અ૫૦ ગર્ભજ તિર્યંચ- ૫ = **૨૫૧** |
| કેવલદર્શન | કર્મભૂમિના ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો-૧૫ |
| કૃષ્ણલેશ્યા | ભવન૦૨૦+ પરમા૦૩૦+ વ્યંતર ૧૬+ વાણ૦ ૧૬+ તિર્યક્જૃંભક-૨૦+ મનુષ્ય-૩૦૩+તિર્યંચ-૪૮+નારક-૬ = **૪૫૯** |
| નીલલેશ્યા | ભવન૦ ૨૦+ વ્યંતર ૧૬+ વાણ૦ ૧૬+ તિર્યક્જૃંભક-૨૦ + મનુષ્ય-૩૦૩ + તિર્યંચ-૪૮+ નારક-૬ = **૪૨૯** |
| કાપોતલેશ્યા | ભવન૦ ૨૦+ વ્યંતર ૧૬+ વાણ૦ ૧૬ + તિર્યક્ જૃં૦ ૨૦ + મનુ૦ ૩૦૩ +તિ૦ ૪૮ + નારક-૬ = **૪૨૯** |
| તેજોલેશ્યા | ભવન૦ ૨૦+વ્યંતરથી ઈસાન સુધીના દેવ-૭૮+ગ૦ મનુ૦ ૨૦૨+અ૫૦ બા૦ પૃ૦, જલ, પ્ર૦ વન૦+ગ૦તિ૦ ૧૦=**૩૧૩** |
| પદ્મલેશ્યા | સનત્કુમારથી નવ લોકાંતિક સુધીના દેવ-૨૬+ કર્મભૂમિના ગ૦ મનુ૦ ૩૦+ગ૦ તિ૦ ૧૦ = **૬૬** |
| શુક્લલેશ્યા | લાંતકથી અનુત્તરસુધીના દેવ-૪૪+ કર્મભૂમિના ગ૦ મનુ૦ ૩૦ +ગ૦ તિ૦ ૧૦ = **૮૪** |
| ભવ્ય | દેવ-૧૯૮+ મનુ૦ ૩૦૩ +તિ૦ ૪૮ + નારક-૧૪ = **૫૬૩** |
| અભવ્ય | [A]પરમાધામી અને લોકાંતિક વિના ભવનપતિથી ગ્રૈવેયક સુધીના દેવ-૧૪૦+ સંમૂ૦ મનુ૦ ૧૦૧+ કર્મભૂમિના ગર્ભજ પર્યા૦- અપર્યાપ્ત મનુ૦ ૩૦ + તિર્યંચ-૪૮ + નારક- ૧૪ = ૩૩૩ |

A. तायत्तीस सुरत्तं, परमाहम्मिय जुयलमणुअत्तं ।......[अभव्यकुलकम् गाथा नं. ३]

| માર્ગણાનું નામ | ૫૬૩માંથી કેટલા જીવભેદ હોય ? |
|---|---|
| ઉપશમસમ્યક્ત્વ | ૯ લોકાંતિક વિના ભવનપતિથી ગ્રૈવેયક સુધીના પર્યાપ્તા-૮૫+ અપ૦ અનુ૦ ૫+ ગર્ભજ પર્યા૦ મનુ૦ ૧૦૧+ ગર્ભજ પર્યા૦ તિર્યંચ ૫+ પર્યાપ્તા નારક-૭ = **૨૦૩** |
| ક્ષયોપશમ સમ્યક્ત્વ | દેવ-૧૯૮+ગર્ભજ મનુ૦ ૨૦૨+ગર્ભજ તિ૦ ૧૦+પર્યા૦ ના૦ ૭+અપ૦ના૦ ૬=**૪૨૩** |
| ક્ષાયિકસમ્યક્ત્વ | ૨૪ દેવલોક+૧૮ લોકાંતિક+૧૮ ગ્રૈવેયક+૧૦ અનુ૦ + કર્મભૂમિના પર્યા૦-અપ૦ મનુ૦ ૩૦ + અકર્મભૂમિના મનુ૦ ૬૦+પર્યા૦-અપ૦ યુગલિક ચતુષ્પદ+નારક-૬ (૧થી૩ નારકના પર્યા૦-અપ૦) = **૧૬૮** |
| મિશ્રસમ્યક્ત્વ | લોકાંતિક વિના ભવનપતિથી ગ્રૈવેયક સુધીના પર્યાપ્તા-૮૫+ પર્યા૦ગર્ભજ મનુ૦ ૧૦૧ +પર્યા૦ગ૦ તિ૦ ૫+પર્યા૦ નારક-૭ = **૧૯૮** |
| સાસ્વાદનસમ્યક્ત્વ | લોકાંતિક વિના ભવનપતિથી ગ્રૈવેયક સુધીના ૧૭૦+ ગર્ભજ મનુ૦ ૨૦૨ + ગ૦ તિ૦ ૧૦ + અપ૦ અસંજ્ઞી પંચે૦ ૫+અપ૦ વિકલે૦ ૩+અપ૦ એકે૦ ૩ (બા૦ પૃથ્વી, બા૦ જલ, પ્રત્યેક વન૦) + પર્યા૦ ના૦ ૭ = **૪૦૦** |
| મિથ્યાત્વ | લોકાંતિક વિના ભવનપતિથી ગ્રૈવેયક સુધીના ૧૭૦+મનુ૦ ૩૦૩+તિ૦ ૪૮ +ના૦ ૧૪ = **૫૩૫** |
| સંજ્ઞી | દેવ-૧૯૮+ગર્ભજ મનુ૦ ૨૦૨+ગર્ભજ તિ૦ ૧૦+ નારક ૧૪ = **૪૨૪** |
| અસંજ્ઞી | સંમૂ૦ મનુ૦ ૧૦૧+ એકે૦૨૨ + વિકલે૦૬+ અસંજ્ઞી તિ૦ પંચે૦ ૧૦ = **૧૩૯** |
| આહારી | દેવ-૧૯૮+મનુ૦ ૩૦૩+તિર્યંચ-૪૮+ના૦ ૧૪ = **૫૬૩** |
| અણાહારી | અપ૦દેવ-૯૯+અપ૦ગર્ભજ મનુ૦ ૧૦૧ + સંમૂ૦ મનુ૦ ૧૦૧+કર્મભૂમિના ગર્ભજ પર્યા૦ મનુ૦ ૧૫+ અપ૦ તિ૦ ૨૪+અપ૦ ના૦ ૭ = **૩૪૭** |

## -: ૬૨ માર્ગણામાં બંધહેતુ :-

| માર્ગણાનું નામ | મૂળ બંધહેતુ | -: ઉત્તર બંધહેતુ :- | | | | કુલ ઉ૦ બંધહેતુ |
|---|---|---|---|---|---|---|
| | | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | |
| દેવગતિ | ૪ | ૫ | ૧૨ | નપું.વેદવિના ૨૪ | ઔ૦દ્વિક, આહરકદ્વિકવિના-૧૧ | ૫૨ |
| મનુષ્યગતિ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| તિર્યંચગતિ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | આહારકદ્વિક વિના ૧૩ | ૫૫ |
| નરકગતિ | ૪ | ૫ | ૧૨ | સ્ત્રી-પુ૦વેદ વિના ૨૩ | ઔ૦દ્વિક, આ૦દ્વિક વિના ૧૧ | ૫૧ |
| એકેન્દ્રિય | ૪ | અનાભોગમિ૦ | સ્પર્શ૦+૬ કાય=૭ | સ્ત્રી-પુ૦વેદ વિના-૨૩ | ઔ૦દ્વિક+વૈ૦દ્વિક+કા૦કા૦=૫ | ૩૬ |
| બેઇન્દ્રિય | ૪ | અનાભોગમિ૦ | ૨ ઇં૦+૬ કાય=૮ | સ્ત્રી-પુ૦વેદ વિના-૨૩ | ઔ૦દ્વિક+કા૦કા૦+૪થોવ૦=૪ | ૩૬ |
| તેઇન્દ્રિય | ૪ | અનોભોગમિ૦ | ૩ઇં૦+૬કાય=૯ | સ્ત્રી-પુ૦વેદ વિના ૨૩ | ઔ૦દ્વિક+કા૦કા૦+૪થો વ૦=૪ | ૩૭ |
| ચઉરિન્દ્રિય | ૪ | અનોભોગમિ૦ | ૪ઇં૦+૬કાય=૧૦ | સ્ત્રી-પુ૦વેદ વિના ૨૩ | ઔ૦દ્વિક+કા૦ કા૦+૪થોવ૦=૪ | ૩૮ |
| પંચેન્દ્રિય | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| વાયુકાય | ૪ | અનોભોગમિ૦ | ૧ઇં+૬કાય=૭ | સ્ત્રી-પુ૦વેદ વિના ૨૩ | ઔ૦દ્વિક+વૈ૦દ્વિક+કા૦ કા૦=૫ | ૩૬ |
| પૃથ્વ્યાદિક-૪ | ૪ | અનોભોગમિ૦ | ૧ઇં+૬કાય=૭ | સ્ત્રી-પુ૦વેદ વિના ૨૩ | ઔ૦દ્વિક+કા૦કા૦=૩ | ૩૪ |
| ત્રસકાય | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| મન-વચનયોગ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | કા૦કા૦, ઔ૦મિશ્ર વિના=૧૩ | ૫૫ |
| કાયયોગ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| પુરુષવેદ | ૪ | ૫ | ૧૨ | સ્ત્રી-નપું૦વેદ વિના ૨૩ | ૧૫ | ૫૫ |
| સ્ત્રીવેદ | ૪ | ૫ | ૧૨ | પુ૦-નપું૦ વેદ વિના ૨૩ | આહા૦દ્વિક વિના ૧૩ | ૫૩ |
| નપુંસકવેદ | ૪ | ૫ | ૧૨ | સ્ત્રી-પુ૦વેદ વિના ૨૩ | ૧૫ | ૫૫ |

| માર્ગણાનું નામ | મૂળ બંધહેતુ | -: ઉત્તર બંધહેતુ :- | | | | કુલ ઉ૦ બંધહેતુ |
|---|---|---|---|---|---|---|
| | | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | |
| ક્રોધ | ૪ | ૫ | ૧૨ | ક્રોધ-૪+નોકષાય-૯=૧૩ | ૧૫ | ૪૫ |
| માન | ૪ | ૫ | ૧૨ | માન-૪+નોકષાય-૯=૧૩ | ૧૫ | ૪૫ |
| માયા | ૪ | ૫ | ૧૨ | માયા-૪+નોકષાય-૯=૧૩ | ૧૫ | ૪૫ |
| લોભ | ૪ | ૫ | ૧૨ | લોભ-૪+નોકષાય-૯=૧૩ | ૧૫ | ૪૫ |
| મત્યાદિ-૩ જ્ઞાન | ૩ | - | ૧૨ | અનંતાનુબંધી ૪ વિના ૨૧ | ૧૫ | ૪૮ |
| મનઃપર્યવજ્ઞાન | ૨ | - | - | સં૦૪+નોકષાય-૯=૧૩ | કા૦કા૦, ઔ૦મિશ્ર વિના ૧૩ | ૨૬ |
| કેવલજ્ઞાન | ૧ | - | - | - | કા૦કા૦+ઔ૦દ્વિક+મન૦૨+વ૦૨= | ૭ |
| અજ્ઞાનત્રિક | ૪ | ૫ | ૧૨ | ૨૫ | આહારકદ્વિક વિના ૧૩ | ૫૫ |
| સામા૦, છેદોપ૦ | ૨ | - | - | સં૦૪+નોકષાય-૯=૧૩ | કા૦કા૦, ઔ૦મિશ્ર વિના ૧૩ | ૨૬ |
| પરિહારવિશુદ્ધિ | ૨ | - | - | સં૦૪+સ્ત્રીવેદ વિના નોક૦૮=૧૨ | ઔ૦કા૦+મન૦૪+વ૦૪=૯ | ૨૧ |
| સૂક્ષ્મસંપરાય | ૨ | - | - | સં૦ લોભ | ઔ૦કા૦+મન૦૪+વ૦૪=૯ | ૧૦ |
| યથાખ્યાત | ૧ | - | - | - | કા૦કા૦+ઔ૦દ્વિક+મન૦૪+વ૦૪ | ૧૧ |
| દેશવિરતિ | ૩ | - | ૧૧ | પહેલા-૮ કષાય વિના ૧૭ | ઔ૦કા૦+વૈ૦દ્વિક+મ૦૪+વ૦૪ | ૩૯ |
| અવિરતિ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | આહારકદ્વિક વિના-૧૩ | ૫૫ |
| ચક્ષુદર્શન | ૪ | ૫ | ૧૨ | ૨૫ | કા૦કા૦, ઔ૦મિશ્ર વિના ૧૩ | ૫૫ |
| અચક્ષુદર્શન | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |

| માર્ગણાનું નામ | મૂળ બંધહેતુ | -: ઉત્તર બંધ હેતુ :- | | | | કુલ ઉત્તર બંધહેતુ |
|---|---|---|---|---|---|---|
| | | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | |
| અવધિદર્શન | ૩ | - | ૧૨ | અનંતાનુબંધી-૪ વિના ૨૧ | ૧૫ | ૪૮ |
| કેવળદર્શન | ૧ | - | - | - | કા૦કા૦+ઔ૦દ્વિક+મન૦૨+વ૦૨= | ૭ |
| છલેશ્યા, ભવ્ય | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| અભવ્ય | ૪ | આભિનિ૦ વિના-૪ | ૧૨ | ૨૫ | આહારકદ્વિક વિના-૧૩ | ૫૪ |
| ઉપશમસમ્યક્ત્વ | ૩ | - | ૧૨ | અનંતાનુબંધી-૪ વિના ૨૧ | આહારકદ્વિક વિના-૧૩ | ૪૬ |
| ક્ષયો૦, ક્ષાયિક | ૩ | - | ૧૨ | અનંતાનુબંધી-૪ વિના ૨૧ | ૧૫ | ૪૮ |
| મિશ્ર સમ્યક્ત્વ | ૩ | - | ૧૨ | અનંતાનુંબંધી-૪ વિના ૨૧ | ઔ૦કા૦,વૈ૦કા૦,મન૦૪,વ૦૪=૧૦ | ૪૩ |
| સાસ્વાદન | ૩ | - | ૧૨ | ૨૫ | આહારકદ્વિક વિના-૧૩ | ૫૦ |
| મિથ્યાત્વ | ૪ | ૫ | ૧૨ | ૨૫ | આહારકદ્વિક વિના-૧૩ | ૫૫ |
| સંજ્ઞી, આહારી | ૪ | ૫ | ૧૨ | ૨૫ | ૧૫ | ૫૭ |
| અસંજ્ઞી | ૪ | અનાભોગ મિ૦ | ઇં૦ ૫+૬કાય=૧૧ | ૨૫ | ઔ૦૨+વૈ૦૨+કા૦કા૦+૪થો૦વ૦=૬ | ૪૩ |
| અણાહારી | ૪ | અનાભોગ મિ૦ | ૧૨ | ૨૫ | કાર્મણકાયયોગ | ૩૯ |
| મતાંતરે | ૪ | અનાભોગ મિ૦ | ૬કાયની અવિરતિ | ૨૫ | કાર્મણ કાયયોગ | ૩૩ |

## -: ૬૨ માર્ગણામાં ૫ મૂળ ભાવના ઉત્તર ભેદ :-

| માર્ગણાનું નામ | મૂળ ભાવ | -: ઉત્તર ભેદ :- | | | | | કુલ ઉત્તર ભેદ |
|---|---|---|---|---|---|---|---|
| | | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | ઔદયિક | પારિ૦ | |
| દેવગતિ | ૫ | સમ્યક્ત્વ | સમ્ય૦ | મનઃપર્યવ૦, વિરતિદ્વિક વિના-૧૫ | ગતિ-૩, નપું૦વેદ વિના-૧૭ | ૩ | ૩૭ |
| મનુષ્યગતિ | ૫ | ૨ | ૯ | ૧૮ | ગતિ-૩ વિના-૧૮ | ૩ | ૫૦ |
| તિર્યંચગતિ | ૫ | સમ્યક્ત્વ | સમ્ય૦ | મનઃપર્યવ૦, સર્વવિરતિ વિના-૧૬ | ગતિ-૩ વિના ૧૮ | ૩ | ૩૯ |
| નરકગતિ | ૫ | સમ્યક્ત્વ | સમ્ય૦ | મનઃપર્યવ, વિરતિદ્વિક વિના-૧૫ | શુભલેશ્યા-૩, ગતિ-૩, વેદ ૨ વિના ૧૩ | ૩ | ૩૩ |
| એકેન્દ્રિય | ૩ | - | - | લબ્ધિ-૫, અજ્ઞાન-૨, અચક્ષુ=૮ | ૩ ગતિ, પદ્મ-શુક્લ, વેદ-૨ વિના ૧૪ | ૩ | ૨૫ |
| બેઇન્દ્રિય, તેઇ૦ | ૩ | - | - | લબ્ધિ-૫, અજ્ઞાન-૨, અચક્ષુ=૮ | ગતિ-૩, શુભલેશ્યા-૩, વેદ-૨ વિના ૧૩ | ૩ | ૨૪ |
| ચઉરિન્દ્રિય | ૩ | - | - | લબ્ધિ-૫,અજ્ઞાન-૨, ચક્ષુ-અચક્ષુ=૯ | ગતિ-૩, શુભલેશ્યા-૩, વેદ-૨ વિના ૧૩ | ૩ | ૨૫ |
| પંચેન્દ્રિય | ૫ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ |
| પૃથ્વી-જલ-વન૦ | ૩ | - | - | લબ્ધિ-૫, અજ્ઞાન-૨, અચક્ષુ=૮ | ગતિ-૩,પદ્મ-શુક્લલેશ્યા,વેદ-૨ વિના ૧૪ | ૩ | ૨૫ |
| તેઉ-વાયુ | ૩ | - | - | લબ્ધિ-૫, અજ્ઞાન-૨, અચક્ષુ=૮ | ગતિ-૩, શુભલેશ્યા-૩, વેદ-૨ વિના ૧૩ | ૩ | ૨૪ |
| ત્રસકાય,યોગ-૩ | ૫ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ |
| પુરુષવેદ | ૫ | ૨ | સમ્ય૦ | ૧૮ | નરકગતિ, સ્ત્રી-નપું૦ વેદ વિના-૧૮ | ૩ | ૪૨ |
| સ્ત્રીવેદ | ૫ | ૨ | સમ્ય૦ | ૧૮ | નરકગતિ, પુ૦-નપું૦ વેદ વિના-૧૮ | ૩ | ૪૨ |
| નપુંસકવેદ | ૫ | ૨ | સમ્ય૦ | ૧૮ | દેવગતિ, સ્ત્રી-પું૦ વેદ વિના-૧૮ | ૩ | ૪૨ |
| ક્રોધ | ૫ | ૨ | સમ્ય૦ | ૧૮ | માન, માયા, લોભ વિના-૧૮ | ૩ | ૪૨ |

| માર્ગણાનું નામ | મૂળ ભાવ | ઔપશમિક | ક્ષાયિક | -: ઉત્તર ભેદ :- | | | કુલ ઉત્તર ભાવ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ક્ષાયોપશમિક | ઔદયિક | પારિ૦ | |
| માન | ૫ | ૨ | સમ્યક્ત્વ | ૧૮ | ક્રોધ, માયા, લોભ વિના ૧૮ | ૩ | ૪૨ |
| માયા | ૫ | ૨ | સમ્યક્ત્વ | ૧૮ | ક્રોધ, માન, લોભ વિના ૧૮ | ૩ | ૪૨ |
| લોભ | ૫ | ૨ | સમ્યક્ત્વ | ૧૮ | ક્રોધ, માન, માયા, વિના ૧૮ | ૩ | ૪૨ |
| મત્યાદિ-૩ જ્ઞાન | ૫ | ૨ | સ૦, ચા૦ | અજ્ઞાનત્રિક વિના ૧૫ | અજ્ઞાન, મિથ્યાત્વ વિના ૧૯ | ૨ | ૪૦ |
| મનઃપર્યવજ્ઞાન | ૫ | ૨ | સ૦, ચા૦ | ૩ અજ્ઞાન, દેશવિરતિ વિના ૧૪ | અજ્ઞાન, મિ૦, અસં૦, ગતિ-૩ વિના ૧૫ | ૨ | ૩૫ |
| કેવલદ્વિક | ૩ | - | ૯ | - | શુક્લલેશ્યા, મનુષ્યગતિ, અસિદ્ધત્વ | ૧ | ૧૩ |
| અજ્ઞાનત્રિક | ૩ | - | - | લબ્ધિ-૫, અજ્ઞાન-૩, દર્શન-૨=૧૦ | ૨૧ | ૩ | ૩૪ |
| સામા૦, છેદો૦ | ૫ | ૨ | સમ્યક્ત્વ | અજ્ઞાન-૩, દેશવિરતિ વિના-૧૪ | અજ્ઞાન, મિ૦, અસં૦, ગતિ-૩ વિના ૧૫ | ૨ | ૩૪ |
| પરિહાર વિશુદ્ધિ | ૪ | - | સમ્યક્ત્વ | અજ્ઞાન-૩, દેશવિરતિ વિના-૧૪ | અજ્ઞાન,મિ૦,અસં૦,ગતિ-૩ સ્ત્રીવેદવિના ૧૪ | ૨ | ૩૧ |
| સૂક્ષ્મસંપરાય | ૫ | ૨ | સમ્યક્ત્વ | અજ્ઞાન-૩, સમ્ય૦,દેશ૦વિના-૧૩ | લોભ, મનુષ્યગતિ, અસિદ્ધત્વ, શુક્લલેશ્યા | ૨ | ૨૨ |
| યથાખ્યાત | ૫ | ૨ | ૯ | અ૦૩, સ૦, વિરતિ-૨ વિના-૧૨ | મનુષ્યગતિ, અસિદ્ધત્વ, શુક્લલેશ્યા | ૨ | ૨૮ |
| દેશવિરતિ | ૫ | સમ્ય૦ | સમ્યક્ત્વ | અ૦૩, મનઃપય૦, સર્વવિ૦વિના-૧૩ | અજ્ઞાન, મિથ્યાત્વ, ગતિ-૨ વિના ૧૭ | ૨ | ૩૪ |
| અવિરતિ | ૫ | સમ્ય૦ | સમ્યક્ત્વ | મનઃપર્યવ, વિરતિદ્વિક વિના-૧૫ | ૨૧ | ૩ | ૪૧ |

| માર્ગણાનું નામ | મૂળ ભાવ | ઔપશમિક | ક્ષાયિક | -: ઉત્તર ભેદ :- | | | કુલ ઉત્તર ભેદ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ક્ષાયોપશમિક | ઔદયિક | પારિ૦ | |
| ચક્ષુ-અચક્ષુદર્શન | ૫ | ૨ | સ૦,ચા૦ | ૧૮ | ૨૧ | ૩ | ૪૬ |
| અવધિદર્શન | ૫ | ૨ | ૨ | અજ્ઞાનત્રિક વિના ૧૫ | અજ્ઞાન, મિથ્યાત્વ વિના-૧૯ | ૨ | ૪૦ |
| કૃષ્ણ | ૫ | સમ્ય૦ | સમ્ય૦ | ૧૮ | નીલાદિ-૫ વિના ૧૬ | ૩ | ૩૯ |
| નીલ | ૫ | સમ્ય૦ | સમ્ય૦ | ૧૮ | કૃષ્ણ, કાપોતાદિ-૪ વિના ૧૬ | ૩ | ૩૯ |
| કાપોત | ૫ | સમ્ય૦ | સમ્ય૦ | ૧૮ | કૃષ્ણ, નીલ, શુભ-૩ લેશ્યા વિના ૧૬ | ૩ | ૩૯ |
| તેજો | ૫ | સમ્ય૦ | સમ્ય૦ | ૧૮ | અશુભ-૩, પદ્મ, શુક્લ, નરકગતિ વિના ૧૫ | ૩ | ૩૮ |
| પદ્મ | ૫ | સમ્ય૦ | સમ્ય૦ | ૧૮ | અશુભ-૩, તેજો, શુક્લ, નરકગતિ વિના ૧૫ | ૩ | ૩૮ |
| શુક્લ | ૫ | ૨ | ૯ | ૧૮ | કૃષ્ણાદિ-૫, નરકગતિ વિના-૧૫ | ૩ | ૪૭ |
| ભવ્ય | ૫ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૨ | ૫૨ |
| અભવ્ય | ૩ | - | - | લબ્ધિ-૫, અજ્ઞાન-૩, દર્શન-૨=૧૦ | ૨૧ | ૨ | ૩૩ |
| ઉપશમસમ્યક્ત્વ | ૪ | ૨ | - | અજ્ઞાન-૩, સમ્ય૦ વિના-૧૪ | અજ્ઞાનતા, મિથ્યાત્વ વિના-૧૯ | ૨ | ૩૭ |
| ક્ષયોપશમ | ૩ | - | - | અજ્ઞાનત્રિક વિના-૧૫ | અજ્ઞાનતા, મિથ્યાત્વ વિના ૧૯ | ૨ | ૩૬ |
| ક્ષાયિક | ૫ | ચારિત્ર | ૯ | અજ્ઞાનત્રિક, સમ્ય૦ વિના-૧૪ | અજ્ઞાનતા, મિથ્યાત્વ વિના ૧૯ | ૨ | ૪૫ |
| મિશ્ર | ૩ | - | - | ૩અજ્ઞાન,મનઃ૦,વિરતિદ્વિક વિના-૧૨ | અજ્ઞાનતા, મિથ્યાત્વ વિના-૧૯ | ૨ | ૩૩ |
| સાસ્વાદન | ૩ | - | - | લબ્ધિ-૫+૩ અજ્ઞાન+૨ દર્શન=૧૦ | મિથ્યાત્વ વિના-૨૦ | ૨ | ૩૨ |
| મિથ્યાત્વ | ૩ | - | - | લબ્ધિ-૫+અજ્ઞાન-૩+૨ દર્શન=૧૦ | ૨૧ | ૩ | ૩૪ |
| સંજ્ઞી, આહારી | ૫ | ૨ | ૯ | ૧૮ | ૨૧ | ૩ | ૫૩ |
| અસંજ્ઞી | ૩ | - | - | લબ્ધિ-૫+અજ્ઞાન-૨ +દર્શન-૨=૯ | દેવગતિ-નરકગતિ, પદ્મ, શુક્લવિના-૧૭ | ૩ | ૨૯ |
| અણાહારી | ૫ | સમ્ય૦ | ૯ | મનઃપર્યવ,વિરતિ-૨,ચક્ષુદ૦ વિના૧૪ | ૨૧ | ૩ | ૪૮ |

# પરિશિષ્ટ-૩

## -: ૧૪ જીવસ્થાનકમાં બંધહેતુના ભાંગા :-

★ *અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનકમાં રહેલા મિથ્યાદૃષ્ટિજીવોને એક જ **"અનાભોગમિથ્યાત્વ"** હોય છે.*

★ અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયાદિ-૧૩ જીવસ્થાનકમાં મન ન હોવાથી તે જીવોને હું **"એક કાયની હિંસા કરૂ"** કે **"બે કાયની હિંસા કરૂ"** એવી બુદ્ધિપૂર્વક વિચારણા ન હોવાના કારણે છકાય પ્રત્યે એકસરખા અવિરતિના પરિણામ હોય છે. એટલે તે દરેકજીવોને દરેક સમયે **૬**કાયની હિંસાનો પરિણામ હોય છે. તેમજ એકેન્દ્રિયોને સ્પર્શેન્દ્રિયની જ અવિરતિ હોય છે. બેઇન્દ્રિયજીવોમાંથી એકજીવને એકસમયે પહેલી ૨ ઇન્દ્રિયમાંથી કોઇપણ ૧ ઇ૦ની અવિરતિ હોય છે. તેઇન્દ્રિયજીવોમાંથી એકજીવને એકસમયે પહેલી-૩ ઇંદ્રિયમાંથી કોઇપણ ૧ઇં૦ની અવિરતિ હોય છે. ચઉરિન્દ્રિયજીવોમાંથી એકજીવને એકસમયે પહેલી-૪ ઇન્દ્રિયમાંથી કોઇપણ ૧ ઇં૦ની અવિરતિ હોય છે. અને પંચેન્દ્રિયજીવોમાંથી કોઇપણ એકજીવને એકસમયે ૫ ઇન્દ્રિયમાંથી કોઇપણ ૧ઇં૦ની અવિરતિ હોય છે. એટલે તે દરેકજીવને દરેકસમયે **૬કાયની હિંસા+૧ ઇં૦ની અવિરતિ=૭ અવિરતિબંધહેતુ** હોય છે.

★ પહેલા-૧૩ જીવસ્થાનકમાંથી અપર્યાપ્તસમ્યગ્દૃષ્ટિ સંજ્ઞી સિવાયના કોઇપણ એકજીવને એકસમયે **ક્રોધાદિ-૪ કષાયમાંથી કોઇપણ ૧ કષાયનો ઉદય અનંતાનુબંધી વગેરે-૪ પ્રકારે હોય છે.** અને અપ૦ સમ્યગ્દૃષ્ટિસંજ્ઞીમાંથી કોઇપણ એકજીવને એકસમયે **ક્રોધાદિ-૪ કષાયમાંથી કોઇપણ ૧ કષાયનો ઉદય અપ્રત્યાખ્યાનીયાદિ-૩ પ્રકારે** હોય છે.

પહેલા-૧૩ જીવસ્થાનકમાંથી કોઇપણ એકજીવને એકસમયે **બે યુગલમાંથી કોઇપણ ૧ યુગલનો ઉદય** અવશ્ય હોય છે.

પહેલા-૧૦ જીવસ્થાનકમાં દરેકજીવોને **નપુંસકવેદ**નો જ ઉદય હોય છે. પછીના ત્રણજીવસ્થાનકમાં કોઇપણ એકજીવને **ત્રણવેદમાંથી કોઇપણ ૧ વેદનો** ઉદય હોય છે.

★ **અપર્યાપ્ત સંજ્ઞી જીવસ્થાનક**માંથી કોઈપણ એકજીવને એકસમયે (૧) **કા૦કા૦** (૨) **ઔ૦મિ૦** અને (૩) **વૈ૦મિશ્રમાંથી** કોઈપણ ૧ યોગ હોય છે. બાકીના **છ અપર્યાપ્તજીવસ્થાનકમાંથી** કોઈપણ એકજીવને એકસમયે (૧) **કા૦કા૦** અને (૨) **ઔ૦મિશ્રમાંથી** કોઈપણ ૧ યોગ હોય છે.

**પર્યાપ્ત સૂક્ષ્મએકે૦જીવસ્થાનકમાં** એક જ **ઔ૦કા૦** હોય છે. **પર્યાપ્ત બાદરએકે૦જીવસ્થાનક**માંથી કોઈપણ એકજીવને એકસમયે (૧) **ઔ૦કા૦** (૨) **વૈ૦મિશ્ર** અને (૩) **વૈ૦કા૦**માંથી કોઈપણ-**૧**યોગ હોય છે. **પર્યાપ્ત વિકલે૦** અને **પર્યાપ્તઅસંજ્ઞી જીવસ્થાનક**માંથી કોઈપણ એકજીવને એકસમયે (૧) **ઔ૦કા૦** અને (૨) **વ્યવહારિકવચનયોગ**માંથી કોઈપણ ૧ યોગ હોય છે.

**૧૩ જીવસ્થાનકમાં મિથ્યાત્વગુણઠાણે** કોઈપણ એકજીવને એકસમયે જઘન્યથી **૧ મિથ્યાત્વ+૭ અવિરતિ+૪ કષાય+૨ (૧યુ૦)+૧વેદ+૧યોગ=૧૬** બંધહેતુ હોય છે.

***(૧) અપ૦ સૂક્ષ્મએકે૦જીવસ્થાનક :-***

***મિથ્યાત્વગુણઠાણે*** *અપ૦સૂક્ષ્મ એકે૦ને એકસમયે જઘન્યથી **૧૬** મધ્યમથી **૧૭** અને ઉત્કૃષ્ટથી **૧૮** બંધહેતુ હોય છે.*

*અનાભોગમિથ્યાત્વ- **૧***
*સ્પર્શેન્દ્રિયની અવિરતિ- **૧***
*કાયની હિંસા- **૬***
*ક્રોધાદિ- **૪** કષાયમાંથી કોઈપણ **૧** કષાય અનંતાનુબંધી વગેરે- **૪** પ્રકારે.*
*૨ યુગલમાંથી કોઈપણ **૧** યુગલની **૨** પ્રકૃતિ*
*નપુંસકવેદ- **૧***
*કા૦કા૦ અને ઔ૦મિ૦માંથી કોઈપણ- **૧** યોગ*

*મિથ્યાત્વગુણઠાણે અ૦સૂક્ષ્મ એકે૦ને એકસમયે **૧૬** બંધહેતુ હોય.*

*(૧) અપ૦સૂક્ષ્મએકેન્દ્રિયને જઘન્યથી **૧૬** બંધહેતુ હોય છે.*
*(૨) ભયના ઉદયવાળા અપ૦સૂક્ષ્મ એકે૦ને **૧૬+ ભય=૧૭** બંધહેતુ હોય છે.*
*(૩) જુગુપ્સાના ઉદયવાળા અપ૦સૂ૦ એકે૦ને **૧૬+જુગુ૦=૧૭** બંધહેતુ હોય છે.*
*(૪) ભય-જુગુ૦ના ઉદયવાળા અપ૦સૂ૦ એકે૦ને **૧૬+ભય+જુગુ૦=૧૮** બંધહેતુ હોય છે.*

*એ રીતે, **૧૬** થી **૧૮** બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.*

### મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-

પહેલા-૧૩ જીવસ્થાનકમાં રહેલા દરેકજીવોને દરેક સમયે છકાયની હિંસાના પરિણામ હોવાથી ષટ્કાયસંયોગી હિંસાનો-૧ ભાંગો જ હોય છે.

| વિકલ્પ | મિ૦ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૨ | =૧૬ |
| (૨)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૨ | =૧૬ |
| (૩)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૨ | =૧૬ |
| (૪)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૨ | =૧૬ |

અપ૦સૂક્ષ્મ એકે૦ જીવસ્થાનકે બંધહેતુના કુલ ભાંગા - ૬૪ થાય છે.

### (૨) પર્યાપ્તસૂક્ષ્મએકેન્દ્રિય જીવસ્થાનક :-

મિથ્યાત્વગુણઠાણે પર્યાપ્ત સૂ૦એકે૦ને એકસમયે પૂર્વે કહ્યાં મુજબ ૧૬થી ૧૮ બંધહેતુ હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

| વિકલ્પ | મિ૦ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૧ | = ૮ |
| (૨)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૧ | = ૮ |
| (૩)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૧ | = ૮ |
| (૪)→ | ૧ × | ૧ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૧ | = ૮ |

પર્યાપ્તસૂક્ષ્મ એકે૦ જીવસ્થાનકે બંધહેતુના કુલ ભાંગા- ૩૨ થાય છે.

### (૩) અપ૦બાદરએકે૦જીવસ્થાનક :-

મિથ્યાત્વગુણઠાણે અપ૦બા૦એકે૦ને ૧૬ થી ૧૮ બંધહેતુના કુલ-૪ વિકલ્પના અપ૦સૂક્ષ્મએકે૦ની જેમ ૬૪ ભાંગા થાય છે.

સાસ્વાદનગુણઠાણે અપ૦બાદરએકેન્દ્રિયને એકસમયે જઘન્યથી **૧૫**, મધ્યમથી **૧૬** અને ઉત્કૃષ્ટ **૧૭** બંધહેતુ હોય છે.

સ્પર્શેન્દ્રિયની અવિરતિ- ૧
કાયની હિંસા- ૬
ક્રોધાદિ- ૪ કષાયમાંથી કોઈપણ ૧ કષાય અનંતાનુબંધી વગેરે-૪ પ્રકારે.
૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની ૨ પ્રકૃતિ
નપુંસકવેદ- ૧
કા૦કા૦ અને ઔ૦મિ૦માંથી કોઈપણ- ૧ યોગ

સાસ્વાદનગુણઠાણે અપ૦બાદરએકે૦ને એકસમયે **૧૫** બંધહેતુ હોય.

(૧) સાસ્વાદની અપ૦બાદરએકે૦ને જઘન્યથી **૧૫** બંધહેતુ હોય છે.
(૨) ભયના ઉદયવાળા સાસ્વાદની અ૦બા૦એકે૦ને **૧૫+ભય=૧૬** બંધહેતુ હોય છે.
(૩) જુગુ૦ના ઉદયવાળા સા૦ અપ૦બા૦ એકે૦ને **૧૫+જુગુ૦=૧૬** બંધહેતુ હોય છે.
(૪) ભય-જુગુ૦ના ઉદયવાળા સાસ્વાદની અ૦બા૦ એકે૦ને **૧૫+ભય+જુગુ૦=૧૭** બંધહેતુ હોય છે... એ રીતે, **૧૫** થી **૧૭** બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**સાસ્વાદનગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૧૬ |
| (૨)→ | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૧૬ |
| (૩)→ | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૧૬ |
| (૪)→ | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૧૬ |

**સાસ્વાદનગુણઠાણે** બંધહેતુના કુલ ભાંગા- **૬૪** થાય છે.

**અપ૦ બાદર એકે૦જીવસ્થાનકે** કુલ ભાંગા-૬૪+૬૪=૧૨૮ થાય છે.

## (૪) પર્યાપ્તબાદરએકેન્દ્રિય જીવસ્થાનક :-

**મિથ્યાત્વગુણઠાણે** પર્યાપ્ત બા૦ એકે૦ને એકસમયે જઘન્યથી **૧૬**, મધ્યમથી **૧૭** અને ઉત્કૃષ્ટથી **૧૮** બંધહેતુ હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | મિ૦ | | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૧ | × | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૩ | = | ૨૪ |
| (૨)→ | ૧ | × | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૩ | = | ૨૪ |
| (૩)→ | ૧ | × | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૩ | = | ૨૪ |
| (૪)→ | ૧ | × | ૧ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૩ | = | ૨૪ |

પર્યાપ્ત બા૦એકે૦ જીવસ્થાનકે બંધહેતુના કુલ ભાંગા ૯૬ થાય છે.

## (૫) અપર્યાપ્ત બેઇન્દ્રિય જીવસ્થાનક :-

મિથ્યાત્વગુણઠાણે ૧૬ થી ૧૮ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | મિ૦ | | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૧ | × | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |
| (૨)→ | ૧ | × | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |
| (૩)→ | ૧ | × | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |
| (૪)→ | ૧ | × | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |

મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા ૧૨૮ થાય છે.

સાસ્વાદનગુણઠાણે ૧૫ થી ૧૭ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

સાસ્વાદનગુણઠાણે બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |
| (૨)→ | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |
| (૩)→ | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |
| (૪)→ | ૨ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | = | ૩૨ |

સાસ્વાદનગુણઠાણે બંધહેતુના કુલ ભાંગા ૧૨૮ થાય છે.

અપ૦બેઇન્દ્રિયજીવસ્થાનકે કુલ ભાંગા-૧૨૮+૧૨૮=૨૫૬ થાય છે.

### (૬) પર્યાપ્તબેઈન્દ્રિયજીવસ્થાનક :-

મિથ્યાત્વગુણઠાણે પર્યાપ્ત બેઈન્દ્રિયને ૧૬થી૧૮ બંધહેતુના-૪ વિકલ્પના અપ૦બેઈન્દ્રિયની જેમ કુલ-૧૨૮ ભાંગા થાય છે.

(અહીં કા૦કા૦ અને ઔ૦મિશ્રને બદલે ઔ૦કા૦ અને વ્યવહારિક વચનયોગ લેવો.)

### (૭) અપર્યાપ્તતેઈન્દ્રિયજીવસ્થાનક :-

મિથ્યાત્વગુણઠાણે અપ૦તેઈન્દ્રિયને એકસમયે જઘન્યથી ૧૬, મધ્યમથી ૧૭ અને ઉત્કૃષ્ટથી ૧૮ બંધહેતુ હોય છે. તેના કુલ- ૪ વિકલ્પ થાય છે.

**મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | | ઈં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૧ | × | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |
| (૨)→ | ૧ | × | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |
| (૩)→ | ૧ | × | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |
| (૪)→ | ૧ | × | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |

મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના કુલ ભાંગા ૧૯૨ થાય છે.

સાસ્વાદનગુણઠાણે ૧૫ થી ૧૭ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.

**સાસ્વાદનગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઈં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |
| (૨)→ | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |
| (૩)→ | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |
| (૪)→ | ૩ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૪૮ |

સાસ્વાદનગુણઠાણે બંધહેતુના કુલ ભાંગા - ૧૯૨ થાય છે.

અપ૦તેઈ૦ જીવસ્થાનકે કુલ ભાંગા ૧૯૨+૧૯૨=૩૮૪ થાય છે.

### (૮) પર્યાપ્ત તેઈન્દ્રિયજીવસ્થાનક :-

**મિથ્યાત્વગુણઠાણે** પર્યાપ્તતેઈન્દ્રિયને **૧૬થી ૧૮** બંધહેતુના -૪ વિકલ્પના અપ૦તેઈન્દ્રિયની જેમ કુલ **"૧૯૨"** ભાંગા થાય છે.

(અહીં કા૦કા૦ અને ઔ૦મિ૦ને બદલે ઔ૦કા૦ અને વ્યવહારિકવચનયોગ લેવો)

### (૯) અપર્યાપ્ત ચઉરિન્દ્રિયજીવસ્થાનક :-

**મિથ્યાત્વગુણઠાણે** અપ૦ ચઉરિન્દ્રિયને એકસમયે જઘન્યથી-**૧૬**, મધ્યમથી **૧૭** અને ઉત્કૃષ્ટથી **૧૮** બંધહેતુ હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

**મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૧ | × | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |
| (૨)→ | ૧ | × | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |
| (૩)→ | ૧ | × | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |
| (૪)→ | ૧ | × | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |

**મિથ્યાત્વગુણઠાણે** બંધહેતુના ભાંગા-**૨૫૬** થાય છે.

**સાસ્વાદનગુણઠાણે બંધહેતુ :- ૧૫થી૧૭** હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

**સાસ્વાદનગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | ↓ |
| (૧)→ | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |
| (૨)→ | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |
| (૩)→ | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |
| (૪)→ | ૪ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૨ | =૬૪ |

**સાસ્વાદનગુણઠાણે** બંધહેતુના કુલ ભાંગા- **૨૫૬** થાય છે.

**અપ૦ચઉ૦જીવસ્થાનકે** કુલ ભાંગા-**૨૫૬+૨૫૬=૫૧૨** થાય.

## (૧૦) પર્યાપ્ત ચઉરિન્દ્રિયજીવસ્થાનક :-

મિથ્યાત્વગુણઠાણે પર્યાપ્ત ચઉરિન્દ્રિયને ૧૬થી૧૮ બંધહેતુના-૪ વિકલ્પના અપ૦ચઉરિન્દ્રિયની જેમ કુલ-૨૫૬ ભાંગા થાય છે.

(અહીં કા૦કા૦ અને ઔ૦મિ૦ને બદલે ઔ૦કા૦ અને વ્યવહારિક વચનયોગ લેવો.)

## (૧૧) અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયજીવસ્થાનક :-

મિથ્યાત્વગુણઠાણે અપ૦અસંજ્ઞીપંચે૦ને એકસમયે જઘન્યથી ૧૬ મધ્યમથી ૧૭ અને ઉત્કૃષ્ટથી ૧૮ બંધહેતુ હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

**મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | | ઈ૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |
| (૨)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |
| (૩)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |
| (૪)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |

મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા- ૯૬૦ થાય છે.

**સાસ્વાદનગુણઠાણે બંધહેતુ :-** ૧૫થી ૧૭ હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

| વિકલ્પ | ઈ૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |
| (૨)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |
| (૩)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |
| (૪)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૨ | | =૨૪૦ |

સાસ્વાદનગુણઠાણે બંધહેતુના કુલ ભાંગા- ૯૬૦ થાય છે.

અપ૦અસંજ્ઞી પંચે૦જીવસ્થાનકે કુલ ભાંગા ૯૬૦+૯૬૦=૧૯૨૦ થાય.

### (૧૨) પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિય જીવસ્થાનક :-

**મિથ્યાત્વગુણઠાણે** પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયને **૧૬થી ૧૮** બંધહેતુના-૪ વિકલ્પના અપ૦અસંજ્ઞીપંચેન્દ્રિયની જેમ કુલ ૯૬૦ ભાંગા થાય છે.

### (૧૩) અપર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનક :-

**મિથ્યાત્વગુણઠાણે** અપ૦સંજ્ઞીપંચે૦ને એકસમયે જઘન્યથી **૧૬** મધ્યમથી **૧૭** અને ઉત્કૃષ્ટથી **૧૮** બંધહેતુ હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

**મિથ્યાત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | મિ૦ | | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૩ | =૩૬૦ |
| (૨)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૩ | =૩૬૦ |
| (૩)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૩ | =૩૬૦ |
| (૪)→ | ૧ | × | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૩ | × | ૩ | =૩૬૦ |

**મિથ્યાત્વગુણઠાણે** બંધહેતુના ભાંગા- **૧૪૪૦** થાય છે.

**સાસ્વાદનગુણઠાણે બંધહેતુ :- ૧૫થી૧૭** હોય છે. તેના કુલ-૪ વિકલ્પ થાય છે.

**સાસ્વાદનગુણઠાણે બંધહેતુના ભાંગા :-**

અપ૦સંજ્ઞીને ૩વેદ× ૩યોગ= ૯ ભાંગા થાય છે.

| | | |
|---|---|---|
| (૧) સ્ત્રીવેદે કા૦કા૦ | (૪) પુ૦વેદે કા૦કા૦ | (૭) નપું૦વેદે કા૦કા૦ |
| (૨) સ્ત્રીવેદે ઔ૦મિશ્ર | (૫) પુ૦વેદે ઔ૦મિશ્ર | (૮) નપું૦વેદે ઔ૦મિશ્ર |
| (૩) સ્ત્રીવેદે વૈ૦મિશ્ર | (૬) પુ૦વેદે વૈ૦મિશ્ર | (૯) નપું૦વેદે વૈ૦મિશ્ર. |

આમાંથી ૯મો ભાંગો અપ૦સંજ્ઞીને સાસ્વાદનગુણઠાણે હોતો નથી. કારણ કે કોઇપણ જીવ સાસ્વાદનગુણઠાણુ લઇને નરકમાં ઉત્પન્ન થતો નથી. તેથી **"નપુંસકવેદે વૈ૦મિશ્રયોગ"** ન હોય. એટલે અપ૦સંજ્ઞીને સાસ્વાદનગુણઠાણે વેદ અને યોગના ભેગા મળીને કુલ-૮ ભાંગા જ હોય છે.

| વિકલ્પ | ઇ૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ+યોગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૮ | = | ૩૨૦ |
| (૨)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૮ | = | ૩૨૦ |
| (૩)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૮ | = | ૩૨૦ |
| (૪)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૮ | = | ૩૨૦ |

**સાસ્વાદનગુણઠાણે** બંધહેતુના કુલ ભાંગા- ૧૨૮૦ થાય છે.

***સમ્યક્ત્વગુણઠાણે* ૧૪ થી ૧૭ બંધહેતુના કુલ-૪ વિકલ્પ થાય છે.**

## સમ્યક્ત્વગુણઠાણે બંધહેતુના ભાંગા :-

કોઇપણ સમ્યગ્દૃષ્ટિજીવ સમ્યક્ત્વ લઇને તિર્યંચ-મનુષ્યમાં નપુંસકવેદે ઉત્પન્ન થતો નથી. તેથી નપુંસકવેદે ઔ૦મિશ્રયોગ ન હોય. એટલે પૂર્વે કહેલા ૯ ભાંગામાંથી ૮મો ભાંગો કાઢી નાંખતા અપ૦સંજ્ઞીને સમ્યક્ત્વગુણઠાણે વેદ અને યોગના ભેગા મળીને કુલ-૮ ભાંગા હોય છે. એટલે **અપ૦સંજ્ઞીને સમ્યક્ત્વગુણઠાણે** સાસ્વાદન-ગુણઠાણાની જેમ કુલ-૧૨૮૦ ભાંગા થાય છે.

**મતાંતરે :-** કેટલાક આચાર્યભગવંતનું એવું માનવું છે કે, સમ્યગ્દૃષ્ટિજીવ સમ્યક્ત્વ લઇને મનુષ્યાદિકમાં સ્ત્રીવેદે ઉત્પન્ન થતો નથી. તેથી અપ૦સંજ્ઞીને સમ્યક્ત્વગુણઠાણે પૂર્વે કહેલા ૯ભાંગામાંથી ૧લો, ૨જો, ૩જો ભાંગો ન હોય અને ઉપર કહ્યાં મુજબ ૮મો ભાંગો પણ હોતો નથી. એટલે ૯ ભાંગામાંથી કુલ-૪ ભાંગા કાઢી નાંખતા અપ૦સંજ્ઞીને સમ્યક્ત્વગુણઠાણે વેદ+યોગના કુલ-૫ ભાંગા જ હોય છે.

| વિકલ્પ | ઇ૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ+યોગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૫ | = | ૨૦૦ |
| (૨)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૫ | = | ૨૦૦ |
| (૩)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૫ | = | ૨૦૦ |
| (૪)→ | ૫ | × | ૧ | × | ૪ | × | ૨ | × | ૫ | = | ૨૦૦ |

**મતાંતરે સમ્યક્ત્વગુણઠાણે** બંધહેતુના કુલ ભાંગા- ૮૦૦ થાય છે.

**અપ૦સંજ્ઞી જીવસ્થાનકે** કુલ ભાંગા ૧૪૪૦+૧૨૮૦+૧૨૮૦=૪૦૦૦ થાય છે.

**મતાંતરે** કુલ ભાંગા ૧૪૪૦+૧૨૮૦+૮૦૦=૩૫૨૦ થાય છે.

**(૧૪) પર્યાપ્તસંજ્ઞી જીવસ્થાનકે** પાનાનં૦ ૨૧૯ થી પાનાનં૦ ૨૮૦ માં કહ્યાં મુજબ કુલ-૪૭,૧૩,૦૧૦ ભાંગા થાય છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# પ્રશ્નોત્તરી

**પ્રશ્નઃ- (૧) પ્રસ્તુત ગ્રન્થના નામની સાર્થકતા જણાવો.**

**જવાબઃ**-ગ્રન્થકાર ભગવંતે આ ગ્રન્થ ૮૬ [ષડશીતિ]ગાથાનો બનાવેલો હોવાથી આ ગ્રન્થનું નામ **"ષડશીતિ"** રાખેલું છે. તેમજ આ ગ્રન્થમાં સૂક્ષ્મદૃષ્ટિથી જીવસ્થાનકાદિ વિષયોની વિચારણા કરેલી હોવાથી આ ગ્રન્થનું નામ **"સૂક્ષ્માર્થ વિચાર"** પણ છે. અને આ ગ્રન્થમાં આગમમાં કરાયેલી પદાર્થની વિચારણાનો સાર હોવાથી આ ગ્રન્થનું નામ **"આગમિકવસ્તુવિચારસાર"** પણ છે.

**પ્રશ્નઃ- (૨) જીવસ્થાનકાદિ વિષયોને ક્રમશઃ કહેવાનું કારણ જણાવો.**

**જવાબઃ**- માર્ગણાદિ વિષયોની વિચારણા જીવ વિના થઈ શકતી નથી. તેથી તે બધા વિષયોમાં જીવસ્થાનક મુખ્ય છે. તેથી સૌ પ્રથમ **જીવસ્થાનક** કહ્યું છે.

- ★ એકેન્દ્રિયાદિ સર્વે જીવોનું વિસ્તારથી વર્ણન ગત્યાદિમાર્ગણા વિના થઈ શકતું નથી. તેથી જીવસ્થાનક પછી **માર્ગણાસ્થાન** કહ્યું છે.
- ★ નરકગત્યાદિ માર્ગણામાં રહેલા જીવો કોઈને કોઈ ગુણસ્થાનકમાં અવશ્ય હોય છે. તેથી માર્ગણાસ્થાન પછી **ગુણસ્થાનક** કહ્યાં છે.
- ★ ગુણઠાણા ઉપયોગવાળા જીવમાં જ હોય છે. ઉપયોગ વિનાના આકાશાદિ દ્રવ્યમાં ન હોય. તેથી ગુણઠાણા પછી **ઉપયોગ** કહ્યો છે.

★ ઉપયોગવાળો જીવ જો યોગ હોય તો જ કર્મબંધ કરી શકે છે. અયોગીકેવલી ભગવંતની જેમ ઉપયોગ હોય પણ યોગ ન હોય તો કર્મબંધ થઈ શકે નહીં. એટલે ઉપયોગ પછી **યોગ** કહ્યો છે.

★ યોગ દ્વારા ગ્રહણ કરાતા કર્મપુદ્ગલોમાં રસબંધનું કારણ કષાયોદયજન્ય લેશ્યા છે. એટલે યોગ પછી **લેશ્યા** કહી છે.

★ લેશ્યાવાળો જીવ જ કર્મબંધ કરી શકે છે. લેશ્યા વિનાના અયોગી કેવલી ભગવંતો કર્મબંધ કરી શકતા નથી. તેથી લેશ્યા પછી **બંધ** કહ્યો છે.

★ બંધાયેલા કર્મોનો અબાધાકાળ પૂર્ણ થયા પછી તે કર્મો અવશ્ય ઉદયમાં આવે છે. તેથી બંધ પછી **ઉદય** કહ્યો છે.

★ જે કર્મોનો ઉદય થાય તેની ઉદીરણા અવશ્ય થાય છે. તેથી ઉદય પછી **ઉદીરણા** કહી છે.

★ જે કર્મો ઉદય-ઉદીરણામાં હોય છે તે સત્તામાં અવશ્ય હોય છે. તેથી ઉદીરણા પછી **સત્તા** કહી છે.

★ કર્મબંધાદિનું કારણ મિથ્યાત્વાદિ છે. તેથી બંધાદિ પછી **મિથ્યાત્વાદિ બંધહેતુ** કહ્યાં છે.

★ કર્મબંધાદિને કરનારા જીવો પણ માર્ગણાસ્થાનાદિની અપેક્ષાએ પરસ્પર ઓછા-વધતા હોય છે. તે જણાવવા માટે બંધાદિ પછી **અલ્પબહુત્વ** કહ્યું છે.

★ જે જીવો અલ્પબહુત્વવાળા હોય છે તે સર્વે જીવોમાં ઔપશમિકાદિ-પાંચ ભાવમાંથી કોઈને કોઈ ભાવ અવશ્ય હોય છે. તેથી અલ્પબહુત્વ પછી **ભાવ** કહ્યાં છે.

★ ભાવવાળા જીવો કેટલા પ્રમાણમાં હોય છે તે જણાવવા માટે ભાવ પછી **સંખ્યાતાદિ** સંખ્યા કહી છે.

**પ્રશ્નઃ-(૩) લબ્ધિ-અપર્યાપ્તા એકેન્દ્રિયાદિને કેટલા પ્રાણ હોય ?**

**જવાબઃ-** લબ્ધિ-અપર્યાપ્ત એકેન્દ્રિયને આયુષ્ય, કાયબળ અને સ્પર્શેoપ્રાણ[1] (કુલ-૩)હોય છે. લબ્ધિ-અપર્યાપ્ત બેઈન્દ્રિયને ૩+રસનેન્દ્રિય=૪ પ્રાણ હોય છે. લબ્ધિ-અપર્યાપ્તા તેઈન્દ્રિયને **૪** + ઘ્રાણેન્દ્રિય=**૫** પ્રાણ હોય છે. લબ્ધિ-અપર્યાપ્તા ચઉરિન્દ્રિયને **૫**+ ચક્ષુરિન્દ્રિય=**૬** પ્રાણ હોય છે. લબ્ધિ-અપર્યાપ્તા અસંજ્ઞી-સંજ્ઞીને **૬**+શ્રોત્રેન્દ્રિય=૭ પ્રાણ હોય છે. તેથી અધિક પ્રાણ ન હોય. કારણ કે તે સર્વે જીવોને શ્વાસોચ્છ્વાદિ પ્રાણ હોતા નથી.

**પ્રશ્નઃ- (૪) એકેન્દ્રિય અને બેઈન્દ્રિય જીવોને નાક ન હોવાથી શ્વાસ લેવા મૂકવાની ક્રિયા કેવી રીતે કરી શકે ?**

**જવાબઃ-** એકેન્દ્રિય અને બેઈન્દ્રિય જીવો સર્વે જીવપ્રદેશોથી શ્વાસોચ્છ્વાસને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને શ્વાસોચ્છવાસ રૂપે પરિણમાવીને, તે જ પુદ્‌ગલોનું અવલંબન લઈને, સર્વે જીવપ્રદેશથી વિસર્જન કરે છે. એટલે તે જીવો શ્વાસ લેવા-મૂકવાની ક્રિયા સર્વે જીવપ્રદેશથી કરે છે.

**પ્રશ્નઃ-(૫) વચનબળ અને વચનયોગમાં શું તફાવત છે ?**

**જવાબઃ-**બળ=શક્તિ, યોગ=વ્યાપાર

ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જીવમાં બોલી શકે એવી જે શક્તિ પેદા થાય છે, તે વચનબળ કહેવાય છે. અને તે શક્તિથી જીવ જે બોલવાની

(૧) सर्वेषामपि लब्ध्यपर्याप्तानामेकेन्द्रियद्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियासंज्ञिसंज्ञितिर्यक्पञ्चेन्द्रिय संज्ञिमनुष्याणां यथासङ्ख्यं त्रयश्चत्वारः पञ्च षट् सप्त एव प्राणाः स्युर्नाधिकाः । सर्वेषा-मुच्छ्वासादिनिबन्धनोच्छ्वास पर्याप्त्यादेर्निष्पत्यभावात् ।

(ચોથા કર્મગ્રન્થની નંદનમુનિકૃત ટીકા ગાથા નં૦ ૧)

ક્રિયા (બોલવારૂપ વ્યાપાર) કરે છે તે વચનયોગ કહેવાય છે. એટલે વચનબળને સાધન કહી શકાય છે અને વચનયોગને સાધ્ય કહી શકાય છે.

**પ્રશ્નઃ- (૬) કેવલીભગવંતને મન ન હોવાથી સંજ્ઞી કહેવાતા નથી. તેથી સંજ્ઞીપંચેન્દ્રિયને ૧૩મું અને ૧૪મું ગુણઠાણુ કેવી રીતે હોય ?**

**જવાબ :-**મન ૨ પ્રકારે છે. (૧) દ્રવ્યમન અને (૨) ભાવમન.

કેવલીભગવંતને વિચારાત્મક ભાવમન હોતું નથી પણ મનઃપર્યવજ્ઞાની કે અનુત્તરવાસી દેવે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપવા માટે મનોદ્રવ્યને ગ્રહણ કરતા હોવાથી દ્રવ્યમન હોય છે. એટલે સયોગીકેવલી ભગવંતો દ્રવ્યમનવાળા હોવાથી સંજ્ઞી કહેવાય છે. અને અયોગીપણાની નજીકના સયોગીપણામાં મનોવર્ગણાનું ગ્રહણ-પરિણમન હોવાથી ભૂતપૂર્વ નયની અપેક્ષાએ અયોગીકેવલી ભગવંતને પણ સંજ્ઞી કહ્યાં છે. તેથી સંજ્ઞીપંચેન્દ્રિયને ૧૩મું અને ૧૪મું ગુણઠાણુ હોય છે.

**પ્રશ્નઃ- (૭) ઉડતી માખીને કેટલા ગુણઠાણા, યોગ, ઉપયોગ, લેશ્યા હોય?**

**જવાબઃ-** ઉડતી માખીને ૧લું ગુણઠાણુ હોય છે. ઔ૦કા૦ અને વ્યવહારિક વચનયોગ હોય છે. મતિ-અજ્ઞાનોપયોગ, શ્રુત-અજ્ઞાનોપયોગ અને અચક્ષુ-દર્શનોપયોગ, ચક્ષુદર્શનોપયોગ હોય છે અને કૃષ્ણાદિ-૩ લેશ્યા હોય છે.

**પ્રશ્નઃ- (૮) યુગલિક મનુષ્યને કેટલા યોગ-ઉપયોગ-ગુણઠાણા-લેશ્યા હોય છે?**

**જવાબઃ-** યુગલિક મનુષ્યને કા૦કા૦, ઔ૦મિશ્ર, ઔ૦કા૦, મનોયોગ-૪ અને વચનયોગ-૪ કુલ-૧૧ યોગ હોય છે. યુગલિકતિર્યંચ-મનુષ્યો ઉત્તરવૈક્રિયશરીર બનાવતા નથી તેથી વૈક્રિયમિશ્ર અને વૈક્રિયકાયયોગ

હોતો નથી અને સર્વવિરતિ ન હોવાથી આહરકદ્વિકયોગ ન હોય. મતિ-અજ્ઞાનોપયોગ, શ્રુત-અજ્ઞાનોપયોગ, મતિજ્ઞાનોપયોગ-શ્રુતજ્ઞાનોપયોગ અને ચક્ષુદર્શનોપયોગ અચક્ષુદર્શનોપયોગ......કુલ-૬ ઉપયોગ હોય છે. યુગલિકને અવધિજ્ઞાન ન હોવાથી અવધિજ્ઞાનોપયોગ, વિભંગજ્ઞાનોપયોગ અને અવધિદર્શનોપયોગ ન હોય. સર્વવિરતિ ન હોવાથી મનઃપર્યવ-જ્ઞાનોપયાદિ-૩ ન હોય. ૧ થી ૪ ગુણઠાણા હોય છે. અને કૃષ્ણાદિ-૪ લેશ્યા હોય છે. યુગલિક તિર્યંચ-મનુષ્યને પદ્મ-શુક્લ લેશ્યા હોતી નથી.

**પ્રશ્નઃ- (૯) વૈક્રિયમિશ્રયોગ વિનાના જીવભેદ કેટલા ?**

**જવાબઃ-** (૧) અપ૦સૂ૦એકેન્દ્રિય (૨) પર્યાપ્તસૂ૦એકેન્દ્રિય (૩) અપ૦બા૦ એકેન્દ્રિય (૪) અપ૦બેઈન્દ્રિય (૫) પર્યાપ્ત બેઈન્દ્રિય (૬) અપ૦તેઈન્દ્રિય (૭) પર્યાપ્તતેઈન્દ્રિય (૮) અપ૦ચઉરિન્દ્રિય (૯) પર્યાપ્ત ચઉન્દ્રિય (૧૦) અપ૦અસંજ્ઞી પંચેન્દ્રિય અને (૧૧) પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયને વૈ૦મિશ્રયોગ હોતો નથી...

**પ્રશ્નઃ- (૧૦) ૧૨ ઉપયોગમાંથી રૂપી કેટલા? અને અરૂપી કેટલા ?**

**જવાબઃ-** પહેલા **૧૦** ઉપયોગ જીવ અને પુદ્ગલાશ્રિત હોવાથી રૂપી છે અને છેલ્લા બે ઉપયોગ આત્માના ગુણો હોવાથી અરૂપી છે.

**પ્રશ્નઃ- (૧૧) એક પ્રકૃતિનો બંધ કરનારા જીવોને કેટલા યોગ-ઉપયોગ હોય?**

**જવાબઃ-** ૧ પ્રકૃતિના બંધકને કા૦કા૦+ઔ૦દ્વિક+મનયોગ-૪+વચનયોગ-૪=**૧૧** યોગ હોય છે અને મત્યાદિ-**૫** જ્ઞાનોપયોગ+ચક્ષુરાદિ-૪ દર્શનોપયોગ=૯ ઉપયોગ હોય છે.

**પ્રશ્નઃ- (૧૨) ચોથી લેશ્યામાં કયા જીવભેદ ન હોય ?**

**જવાબઃ-** (૧) અપ૦સૂ૦એકે૦ (૨) પર્યાપ્ત સૂ૦એકે૦ (૩) પર્યાપ્ત

બા૦એકે૦ (૪) અપ૦બેઈ૦ (૫) પર્યાપ્ત બેઈ૦ (૬) અપ૦તેઈ૦ (૭) પર્યાપ્તતેઈ૦ (૮) અપ૦ચઉ૦ (૯) પર્યા૦ચઉ૦ (૧૦) અપ૦અસંજ્ઞી પંચે૦ અને (૧૧) પર્યાપ્તઅસંજ્ઞીપંચેન્દ્રિયને તેજોલેશ્યા હોતી નથી.

**પ્રશ્નઃ- (૧૩) મતિજ્ઞાનોપયોગવાળા કાર્મણકાયયોગીને કયા બંધસ્થાનાદિ હોય?**

**જવાબઃ-** બંધસ્થાન-૭ કર્મનું હોય છે. ઉદયસ્થાન-૮ કર્મનું હોય છે. ઉદીરણાસ્થાન- ૮ કર્મનું હોય છે. અને સત્તાસ્થાન-૮ કર્મનું હોય છે.

**પ્રશ્નઃ- (૧૪) સૌધર્મેન્દ્રને કયા યોગ-ઉપયોગ-ગુણઠાણા-લેશ્યા ન હોય?**

**જવાબઃ-** (૧) કા૦કા૦ (૨) ઔ૦મિશ્ર૦ (૩) ઔ૦કા૦ (૪) વૈ૦મિશ્ર (૫) આહારકમિશ્ર અને (૬) આહા૦કાયયોગ ન હોય. ૩ અજ્ઞાનોપયોગ, મનઃપર્યવજ્ઞાનોપયોગ અને કેવલદ્વિકોપયોગ ન હોય. ૧થી ૩ અને ૫થી ૧૪ ગુણઠાણા ન હોય. કૃષ્ણાદિ-૩ અને પદ્મ-શુક્લલેશ્યા ન હોય.

**પ્રશ્નઃ- (૧૫) શ્રીસીમંધરસ્વામીને કેટલા યોગ-ઉપયોગ-લેશ્યા-બંધાદિ હોય?**

**જવાબઃ-** શ્રીસીમંધરસ્વામીને (૧) ઔ૦કા૦ (૨) સત્યમનોયોગ (૩) વ્યવહારિક મનોયોગ (૪) સત્યવચનયોગ અને (૫) વ્યવહારિકવચનયોગ હોય છે. (૧) કેવળજ્ઞાનોપયોગ અને (૨) કેવળદર્શનોપયોગ હોય છે. શુક્લલેશ્યા હોય છે. અને ૧ કર્મનો બંધ, ૪ કર્મનો ઉદય, ૨ કર્મની ઉદીરણા અને ૪ કર્મની સત્તા હોય છે.

**પ્રશ્નઃ- (૧૬) ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં દ્રવ્યેન્દ્રિય ન હોવાથી અચક્ષુદર્શન કેવી રીતે હોય ?**

**જવાબઃ-** ઇન્દ્રિય ૨ પ્રકારે છે. (૧) દ્રવ્યેન્દ્રિય (૨) ભાવેન્દ્રિય.

ભાવ = આત્મિક પરિણામ.

ભાવેન્દ્રિય = આત્મિકપરિણામરૂપ ઇન્દ્રિય

ભાવેન્દ્રિય -૨ પ્રકારે છે. (૧) **લબ્ધિ** અને (૨) **ઉપયોગ.**

જ્ઞાનાવરણીયકર્મ અને દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી આત્મામાં ઉત્પન્ન થયેલી સ્પર્શાદિ વિષયને જાણવાની શક્તિને લબ્ધિભાવેન્દ્રિય કહે છે અને તે શક્તિના વ્યાપારને ઉપયોગભાવેન્દ્રિય કહે છે. તેમાંથી લબ્ધિભાવેન્દ્રિય ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં પણ હોય છે. એટલે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં ચામડી, જીભ, નાક વગેરે દ્રવ્યેન્દ્રિય ન હોવા છતાં પણ અચક્ષુદર્શનાવરણીયકર્મના ક્ષયોપશમથી આત્મામાં ઉત્પન્ન થયેલી સ્પર્શાદિને જાણવાની શક્તિ રૂપ અચક્ષુદર્શન હોય છે. તેથી ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલા દ્રવ્યેન્દ્રિય ન હોવા છતાં પણ [૨]લબ્ધિભાવેન્દ્રિની અપેક્ષાએ અચક્ષુદર્શન માનેલું છે.

**પ્રશ્નઃ- (૧૭) ભસતા સંમૂર્ચ્છિમ કૂતરાને કેટલા ગુણઠાણા-યોગ-ઉપયોગ લેશ્યા હોય ?**

**જવાબઃ-** ભસતા સંમૂર્ચ્છિમ કૂતરાને ૧લું ગુણઠાણુ હોય છે. ઔદારિકકાયયોગ અને વ્યવહારિકવચનયોગ હોય છે. મતિઅજ્ઞાનોપયોગ-શ્રુતઅજ્ઞાનોપયોગ અને ચક્ષુદર્શનોપયોગ-અચક્ષુદર્શનોપયોગ હોય છે. કૃષ્ણાદિ-૩ લેશ્યા હોય છે.

**પ્રશ્નઃ-(૧૮) ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં કેટલા જીવભેદ હોય ?**

**જવાબઃ-** (૧) [૩]સપ્તતિકા નામના છટ્ઠા કર્મગ્રંથમાં કહ્યું છે કે, સમ્યગ્દૃષ્ટિ

---

(૨) त्रयाणामप्यचक्षुदर्शनं तस्यानाहारकावस्थायामपि लब्धिमाश्रित्याभ्युपगमात्..

(પ્રાચીન ચતુર્થકર્મગ્રંથની ગાથા નં૦ ૪૬ની ટીકા)

(૩) पणवीस सत्तावीसोदया देव नेरईए पडुच्च नरेइगो ।
खयगवेयग सम्मद्दिट्ठी देवो तिविह सम्मद्दिट्ठि वि ॥

નારકોને અપર્યાપ્તાવસ્થામાં ક્ષાયિક અને ક્ષયોપશમ એ બે સમ્યક્ત્વ હોય છે. પણ સમ્યગ્દૃષ્ટિ દેવોને અપર્યાપ્તાવસ્થામાં ત્રણે સમ્યક્ત્વ હોય છે. તેથી ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં કરણ-અપર્યાપ્ત સંજ્ઞી અને પર્યાપ્તસંજ્ઞી એ બે જીવભેદ હોય છે.

(૨) [૪]શતક (પાંચમા કર્મગ્રન્થ)ની બૃહદ્ચૂર્ણીમાં કહ્યું છે કે, જે ઉપશમસમ્યગ્દૃષ્ટિ ઉપશમશ્રેણીમાં મરણ પામે છે તે પરભવમાં પ્રથમ સમયે જ સમ્યક્ત્વમોહનીય પુંજને ઉદયાવલિકામાં લાવીને ભોગવે છે. એટલે શ્રેણીમાં મરણ પામનારા જીવને પરભવના પ્રથમ સમયથી ક્ષયોપશમ સમ્યક્ત્વ જ હોય છે. તેથી ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં એક જ સંજ્ઞીપર્યાપ્તો જીવભેદ હોય છે.

(૩) જીવવિજયજી મહારાજે સ્વકૃત ટબામાં કહ્યું છે કે, કેટલાક આચાર્ય ભગવંતનું એવું માનવું છે કે, "[૫]જે જીવ ઉપશમશ્રેણીને પ્રાપ્ત કરીને ઉપશાંતમોહગુણઠાણે મરે છે તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ક્ષાયિક સમ્યક્ત્વયુક્ત ઉત્પન્ન થાય છે. એટલે શ્રેણીમાં મરણ પામનારો ક્ષાયિકસમ્યક્ત્વી હોય છે. તેથી ઉપશમસમ્યક્ત્વમાર્ગણામાં એક જ સંજ્ઞીપર્યાપ્તો જીવભેદ હોય છે.

**પ્રશ્નઃ- (૧૯) અસંજ્ઞી જીવ વિનાની માર્ગણા કેટલી ?**

**જવાબઃ-** દેવગતિ, નરકગતિ, મનોયોગ, વિભંગજ્ઞાન, **૫** જ્ઞાન, સામાયિકાદિ-**૫** ચારિત્ર, દેશવિરતિ, અવધિદર્શન, કેવળદર્શન, પદ્મ-શુક્લલેશ્યા,

---

(૪) जो उवसमसम्मद्दिट्ठी उवसमसेढीए कालं करेइ सो पढमसमये चेव सम्मत्तपुंजं उदयावलियाए, छोढूण सम्मत्तपुग्गले वेएइ, तेण न उवसमसम्म दिट्ठी अपज्जत्तगो लब्भइ ।

(५) उवसमसेढिं पत्ता, मरंति उवसमगुणेसु जे सत्ता ।
ते लवसत्तमदेवा, सव्वट्ठे खयसमत्तजुआ ॥

ઉપશમસમ્યક્ત્વ, ક્ષયોપશમસમ્યક્ત્વ, ક્ષાયિકસમ્યક્ત્વ, મિશ્રસમ્યક્ત્વ અને સંજ્ઞી એ ૨૪ માર્ગણામાં અસંજ્ઞીજીવો ન હોય.

**પ્રશ્નઃ- (૨૦) મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં કેટલા બંધસ્થાનાદિ હોય ?**

**જવાબઃ-** બંધસ્થાન-૮, ૭, ૬, ૧ હોય છે. ઉદયસ્થાન ૮, ૭ હોય છે. ઉદીરણાસ્થાન-૮, ૭, ૬, ૫, ૨ હોય છે. સત્તાસ્થાન ૮, ૭, હોય છે. (ઋજુમતિને દેવાયુનો બંધ સંભવી શકે છે. માટે ૮ નું બંધસ્થાન કહ્યું છે.)

**પ્રશ્નઃ- (૨૧) કેટલી માર્ગણામાં ૩ જીવભેદ હોય ?**

**જવાબઃ-** (૧) મનુષ્યગતિ (૨) ચક્ષુદર્શન અને (૩) તેજોલેશ્યા માર્ગણામાં ૩ જીવભેદ હોય છે.

**પ્રશ્નઃ- (૨૨) કષાયોદયવાળા અવેદીજીવને કેટલા બંધસ્થાનાદિ હોય ?**

**જવાબઃ-** બંધસ્થાન ૭ કે ૬ કર્મનું હોય છે. ઉદયસ્થાન ૮ કર્મનું હોય છે. ઉદીરણાસ્થાન ૬ કે ૫ કર્મનું હોય છે. અને સત્તાસ્થાન ૮ કર્મનું હોય છે.

**પ્રશ્નઃ- (૨૩) સંખ્યાતવર્ષના આયુષ્યવાળી મતિજ્ઞાની ગાયને કેટલા યોગ-ઉપયોગ હોય ?**

**ઉત્તરઃ-** ઔ૦કા૦+મનોયોગ-૪+વચનયોગ-૪+વૈ૦મિશ્ર+ વૈ૦કા૦=**૧૧** યોગ હોય છે. અને મત્યાદિ-૩ જ્ઞાનોપયોગ+ચક્ષુરાદિ-૩ દર્શનો૦=**૬** ઉપયોગ હોય છે.

**પ્રશ્નઃ- (૨૪) પદ્મલેશ્યા કેટલી માર્ગણામાં ન હોય ?**

**જવાબઃ-** નરકગતિ, એકેન્દ્રિયાદિ-૪, પૃથ્વ્યાદિ-**૫** કાય, કેવલજ્ઞાન,

સૂક્ષ્મસંપરાયચારિત્ર, યથાખ્યાતચારિત્ર, કેવલદર્શન, કૃષ્ણાદિ-૪ લેશ્યા, શુક્લલેશ્યા અને અસંજ્ઞીમાર્ગણામાં પદ્મલેશ્યા ન હોય.

**પ્રશ્નઃ- (૨૫) ચક્ષુદર્શનવાળા ક્ષાયિકસમ્યક્ત્વીને કેટલા યોગ-ઉપયોગ હોય?**

**જવાબઃ- ગ્રન્થકાર ભગવંતના મતે :-** ઔ૦કા૦+વૈ૦મિશ્ર+વૈ૦કા૦+ મનોયોગ-૪+વચનયોગ-૪+આહા૦મિશ્ર + આહા૦કાયયોગ = ૧૩ યોગ હોય છે. **અન્ય કર્મગ્રન્થકાર ભગવંતના મતે :-** ઉપરોક્ત ૧૩ + ઔ૦મિશ્ર = ૧૪ યોગ હોય છે. અને મત્યાદિ-૪ જ્ઞાનોપયોગ + ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ = ૭ ઉપયોગ હોય છે.

**પ્રશ્નઃ- (૨૬) સિદ્ધાંતના મતે મતિજ્ઞાનમાર્ગણામાં કેટલા જીવભેદ હોય?**

**જવાબઃ-** (૧) કરણ-અપ૦ બેઈન્દ્રિય (૨) કરણ-અપ૦ તેઈન્દ્રિય (૩) કરણ-અપ૦ ચઉરિન્દ્રિય (૪) કરણ-અપ૦ અસંજ્ઞી પંચેન્દ્રિય (૫) કરણ-અપ૦ સંજ્ઞી અને (૬) પર્યાપ્તસંજ્ઞી જીવભેદ હોય છે.

**પ્રશ્નઃ- (૨૭) ઔદારિક મિશ્રયોગમાર્ગણામાં કેટલા જીવભેદ-ગુણઠાણા-યોગ-ઉપયોગ-લેશ્યા હોય ?**

**જવાબઃ-** ૭ અપર્યાપ્તા + પર્યાપ્ત સંજ્ઞી = ૮ જીવભેદ હોય છે. ૧લું, ૨જું, ૪થું અને ૧૩મું ગુણઠાણુ હોય છે. ચક્ષુદર્શનોપયોગ અને મનઃપર્યવજ્ઞાનોપયોગ વિના ૧૦ ઉપયોગ હોય છે. અને કૃષ્ણાદિ-૬ લેશ્યા હોય છે.

**પ્રશ્નઃ- (૨૮) સિદ્ધાંતના મતે સંજ્વલનકષાયોદયવાળા જીવને કેટલા યોગ હોય ?**

જવાબઃ- સિદ્ધાંતના મતે સં૦કષાયોદયવાળા જીવને કા૦કા૦ વિના કુલ-૧૪ યોગ હોય છે.

**પ્રશ્નઃ- (૨૯) સિદ્ધાંતના મતે અભવ્યમાર્ગણામાં કેટલા ઉપયોગ હોય?**

જવાબઃ-૩ અજ્ઞાનોપયોગ+ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ=૬ઉપયોગ હોય છે.

**પ્રશ્નઃ-(૩૦) સિદ્ધાંતના મતે અવધિદ્વિક માર્ગણામાં કેટલા ગુણઠાણા હોય ? અને કેટલા ઉપયોગ હોય ?**

જવાબઃ- અવધિજ્ઞાનમાર્ગણામાં ૨થી૧૨ અને અવધિદર્શનમાર્ગણામાં ૧થી૧૨ ગુણઠાણા હોય છે. તેમજ અવધિજ્ઞાનમાર્ગણામાં મત્યાદિ-૪ જ્ઞાનોપયોગ + ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ=૭ ઉપયોગ હોય છે. અને અવધિદર્શન માર્ગણામાં ૩ અજ્ઞાનોપયોગ+મત્યાદિ-૪ જ્ઞાનોપયોગ + ચક્ષુરાદિ-૩ દર્શનોપયોગ=૧૦ ઉપયોગ હોય છે.

**પ્રશ્નઃ- (૩૧) ક્ષાયિક સમ્યક્ત્વી સાધ્વીજી મહારાજને કેટલા યોગ-ઉપયોગ હોય?**

જવાબઃ- ઔ૦કા૦ + મનોયોગ-૪ + વચનયોગ-૪ + વૈ૦કા૦ + વૈ૦મિશ્રયોગ + ઔ૦મિ૦ (કેવલીસમુદ્ઘાતમાં ૨/૬/૭ સમયે) + કા૦કા૦ (કેવલીસમુદ્ઘાતમાં ૩/૪/૫ સમયે) = ૧૩ યોગ હોય છે અને મત્યાદિ-૫ જ્ઞાનોપયોગ + ચક્ષુરાદિ-૪ દર્શનોપયોગ=૯ ઉપયોગ હોય છે.

**પ્રશ્નઃ- (૩૨) ઉડતા પતંગીયાને કેટલા ઉત્તરબંધહેતુ હોય ?**

જવાબઃ- ૧ અનાભોગમિથ્યાત્વ+૪ ઈંદ્રિયની અવિરતિ+૬ કાયની હિંસા+ ૨૩ કષાય (સ્ત્રીવેદ-પુ૦વેદ વિના)+૨ યોગ (ઔ૦કા૦, વ્યવહારિક વચનયોગ) = ૩૬ ઉત્તરબંધહેતુ હોય છે.

**પ્રશ્નઃ- (૩૩) મતિજ્ઞાની કાચબાને કેટલા ઉત્તરબંધહેતુ હોય ?**

**જવાબઃ-** સમ્યક્ત્વગુણઠાણે મતિજ્ઞાની કાચબાને **૧૨** અવિરતિ + **૧૯** કષાય (અનં૦૪, સ્ત્રીવેદ, નપુંસકવેદ વિના) + **૧૧** યોગ (ઔ૦કા૦, મનોયોગ-૪, વચનયોગ-૪ + વૈક્રિયદ્વિક) = **૪૨** બંધહેતુ હોય છે. દેશવિરતિગુણઠાણે મતિજ્ઞાની કાચબાને **૧૧** અવિરતિ + **૧૫** કષાય + **૧૧** યોગ = **૩૭** બંધહેતુ હોય છે.

**પ્રશ્નઃ- (૩૪) તમસ્તમઃપ્રભાના નારકોને ઉત્પત્તિના પ્રથમ સમયે કેટલા ઉત્તરબંધહેતુ હોય ?**

**જવાબઃ-** **૧** અનાભોગ મિથ્યાત્વ + **૧૨** અવિરતિ + **૨૩** કષાય (સ્ત્રી-પુ૦વેદ વિના) + કાર્મણકાયયોગ = **૩૭** ઉત્તરબંધહેતુ હોય છે.

**પ્રશ્નઃ- (૩૫) ઔદારિકમિશ્રયોગમાર્ગણામાં કેટલા ઉત્તરબંધહેતુ હોય?**

**જવાબઃ-૧** અનાભોગમિથ્યાત્વ+**૧૨** અવિરતિ+**૨૫** કષાય+ઔ૦ મિશ્રયોગ= **૩૯** ઉત્તરબંધહેતુ હોય છે.

**પ્રશ્નઃ- (૩૬) સૌધર્મેન્દ્રને કેટલા વિશેષબંધહેતુ હોય ? તે બંધહેતુના કેટલા ભાંગા થાય ?**

**જવાબઃ-**જઘન્યથી ૯, મધ્યમથી **૧૦**થી**૧૫**, ઉત્કૃષ્ટથી **૧૬** બંધહેતુ હોય છે.

૫ ઈન્દ્રિયની અવિરતિમાંથી ૧ ઈં૦ની અવિરતિ.
૬ કાયની હિંસામાંથી ૧ કાયની હિંસા
ક્રોધાદિ-૪કષાયમાંથી કોઈપણ૧ કષાય અપ્ર૦વગેરે ૩ પ્રકારે
૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની ૨ પ્રકૃતિ
પુ૦વેદ- ૧
વૈ૦કા૦, મન૦૪, વચન૦૪ = ૯ યોગમાંથી ૧ યોગ.
સૌધર્મેન્દ્રને એકસમયે જઘન્યથી ૯ બંધહેતુ હોય છે.

**૯ બંધહેતુના ભાંગા :-**

**ઇં૦નીઅ૦ કા૦હિં૦ ક૦ યુ૦ વેદ. યોગ ભાંગા**

↓ ↓ ↓ ↓ ↓ ↓ ↓

**૫ × ૬ × ૪ × ૨ × ૧ × ૯ = ૨૧૬૦**

**૧૦ બંધહેતુ :-**

(૧) ભયના ઉદય વખતે સૌધર્મેન્દ્રને **૯+ભય=**૧૦બંધહેતુ હોય છે.

(૨) જુગુપ્સાના ઉદય વખતે સૌધર્મેન્દ્રને **૯+જુગુ૦=૧૦** બંધહેતુ હોય છે.

(૩) દ્વિકાયસંયોગી હિંસા કરતી વખતે **૮+૨ કા૦હિં૦=૧૦** બંધહેતુ હોય છે.

એ રીતે, ૧૦ બંધહેતુના કુલ-૩ વિકલ્પ થાય છે.

**૧૦ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦નીઅ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ. | યોગ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૨૧૬૦ |
| (૨)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૨૧૬૦ |
| (૩)→ | ૫ × | ૧૫× | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૫૪૦૦ |

**૧૦ બંધહેતુ**ના કુલ ભાંગા- **૯૭૨૦** થાય.

**૧૧ બંધહેતુ :-**

(૧) ૯ + ભય + જુગુ૦ = **૧૧** બંધહેતુ.

(૨) ૮ + ૨ કા૦હિં૦ + ભય = **૧૧** બંધહેતુ.

(૩) ૮ + ૨ કા૦હિં૦ + જુગુ૦ = **૧૧** બંધહેતુ.

(૪) ૮ + ૩ કા૦હિં૦ = **૧૧** બંધહેતુ....એ રીતે, કુલ-૪ વિકલ્પ થાય.

૧૧ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ | | યોગ | | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૬ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૨૧૬૦ |
| (૨)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૫૪૦૦ |
| (૩)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૫૪૦૦ |
| (૪)→ | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૭૨૦૦ |

૧૧ બંધહેતુના કુલ ભાંગા- ૨૦૧૬૦ થાય.

૧૨ બંધહેતુ :-

(૧) ૮ + ૨ કા૦હિં૦ + ભય + જુગુ = ૧૨ બંધહેતુ.

(૨) ૮ + ૩ કા૦હિં૦ + ભય = ૧૨ બંધહેતુ.

(૩) ૮ + ૩ કા૦હિં૦ + જુગુ૦ = ૧૨ બંધહેતુ.

(૪) ૮ + ૪ કા૦હિં૦=૧૨ બંધહેતુ......એ રીતે, કુલ ૪ વિકલ્પ થાય.

૧૨ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઇં૦અ૦ | | કા૦હિં૦ | | ક૦ | | યુ૦ | | વેદ. | | યોગ | | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ | | ↓ |
| (૧)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૫૪૦૦ |
| (૨)→ | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૭૨૦૦ |
| (૩)→ | ૫ | × | ૨૦ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૭૨૦૦ |
| (૪)→ | ૫ | × | ૧૫ | × | ૪ | × | ૨ | × | ૧ | × | ૯ | = | ૫૪૦૦ |

૧૨ બંધહેતુના કુલ ભાંગા-૨૫૨૦૦થાય.

૧૩ બંધહેતુ :-

(૧) ૮ + ૩ કા૦હિં૦ + ભય + જુગુ = ૧૩ બંધહેતુ.

(૨) ૮ + ૪ કા૦હિં૦ + ભય = ૧૩ બંધહેતુ.

(૩) ૮ + ૪ કા૦હિં૦ + જુગુ૦ = ૧૩ બંધહેતુ.

(૪) ૮ + ૫ કા૦હિં૦ = ૧૩ બંધહેતુ...એ રીતે, કુલ-૪ વિકલ્પ થાય.

| વિકલ્પ | ઈં૦અ૦ | | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ | × | ૨૦ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૭૨૦૦ |
| (૨)→ | ૫ | × | ૧૫ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૫૪૦૦ |
| (૩)→ | ૫ | × | ૧૫ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૫૪૦૦ |
| (૪)→ | ૫ | × | ૬ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૨૧૬૦ |

૧૩ બંધહેતુના કુલ ભાંગ-૨૦૧૬૦ થાય.

૧૪ બંધહેતુ :-

(૧) ૮ + ૪ કા૦હિં૦ + ભય + જુગુ = ૧૪ બંધહેતુ.

(૨) ૮ + ૫ કા૦હિં૦ + ભય = ૧૪ બંધહેતુ.

(૩) ૮ + ૫ કા૦હિં૦ + જુગુ૦ = ૧૪ બંધહેતુ.

(૪) ૮ + ૬ કા૦હિં૦ = ૧૪ બંધહેતુ...એ રીતે, કુલ-૪ વિકલ્પ થાય.

૧૪ બંધહેતુના ભાંગા :-

| વિકલ્પ | ઈં૦અ૦ | | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|
| | ↓ | | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ | × | ૧૫ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૫૪૦૦ |
| (૨)→ | ૫ | × | ૬ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૨૧૬૦ |
| (૩)→ | ૫ | × | ૬ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૨૧૬૦ |
| (૪)→ | ૫ | × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૯ | =૦૩૬૦ |

૧૪ બંધહેતુના કુલ ભાંગા- ૧૦૦૮૦ થાય.

**૧૫ બંધહેતુ :-**

(૧) ૮ + ૫ કા૦હિં૦ + ભય + જાુગુ = ૧૫ બંધહેતુ.

(૨) ૮ + ૬ કા૦હિં૦ + ભય = ૧૫ બંધહેતુ.

(૩) ૮+૬ કા૦હિં૦ + જાુગુ૦ = ૧૫ બંધહેતુ....એ રીતે, કુલ-૩ વિકલ્પ થાય.

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | ૫ × | ૬ × | ૪ × | ૨ × | ૧ × | ૯ = | ૨૧૬૦ |
| (૨)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૯ = | ૩૬૦ |
| (૩)→ | ૫ × | ૧ × | ૪ × | ૨ × | ૧ × | ૯ = | ૩૬૦ |

**૧૫ બંધહેતુના** કુલ ભાંગા **૨૮૮૦** થાય.

**૧૬ બંધહેતુ :-**

(૧) ૮ + ૬ કા૦હિં૦ + ભય + જાુગુ૦ = **૧૬** બંધહેતુ.

**૧૬ બંધહેતુના ભાંગા :-**

| વિકલ્પ | ઇં૦અ૦ | કા૦હિં૦ | ક૦ | યુ૦ | વેદ | યોગ | ભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| (૧)→ | **૫** × | **૧** × | **૪** × | ૨ × | **૧** × | ૯= | ૩૬૦ |

**૯** બંધહેતુના ભાંગા - ૨૧૬૦
**૧૦** બંધહેતુના ભાંગા - ૯૭૨૦
**૧૧** બંધહેતુના ભાંગા - ૨૦૧૬૦
**૧૨** બંધહેતુના ભાંગા - ૨૫૨૦૦
**૧૩** બંધહેતુના ભાંગા - ૨૦૧૬૦
**૧૪** બંધહેતુના ભાંગા - ૧૦૦૮૦
**૧૫** બંધહેતુના ભાંગા - ૨૮૮૦
**૧૬** બંધહેતુના ભાંગા - ૩૬૦

૯થી **૧૬** બંધહેતુના ભાંગા- **૯૦૭૨૦** થાય.

**સૌધર્મેન્દ્રને અનેકસમયની અપેક્ષાએ** કુલ ભાંગા-૯૦૭૨૦ થાય છે.

**પ્રશ્ન :- (૩૭) ૯૦૭૨૦ ભાંગામાંથી ક્રોધના ઉદયવાળા ભાંગા કેટલા છે?**

**જવાબ :-** ૯૦૭૨૦ ભાંગામાંથી ક્રોધના ઉદયવાળા ભાંગા **૨૨૬૮૦** છે.

**પ્રશ્ન :- (૩૮) ૯૦૭૨૦ ભાંગામાંથી પૃથ્વીકાયની હિંસા સહિત ક્રોધના ઉદયવાળા ભાંગા કેટલા છે ?**

**જવાબ :- ૧** કાયના **૬** ભાંગામાંથી **૧** ભાંગો, દ્વિકાયસંયોગી **૧૫** ભાંગામાંથી **૫** ભાંગા, ત્રિકાયસંયોગી **૨૦** ભાંગામાંથી **૧૦** ભાંગા, ચતુષ્કાયસંયોગી **૧૫** ભાંગામાંથી **૧૦** ભાંગા અને પંચકાયસંયોગી **૬** ભાંગામાંથી **૫** ભાંગા પૃથ્વીકાયની હિંસાવાળા હોય છે. એટલે **૯૦૭૨૦** ભાંગામાંથી **૪૬૦૮૦** ભાંગા પૃથ્વીકાયની હિંસાવાળા હોય છે અને **૪૬૦૮૦ ÷ ૪ = ૧૧૫૨૦** ભાંગા પૃથ્વીકાયની હિંસા સહિત ક્રોધના ઉદયવાળા હોય છે.

**પ્રશ્ન :- (૩૯) ક્ષયોપશમસમ્યક્ત્વી સાધ્વીજી ભગવંતને કેટલા વિશેષ બંધહેતુ હોય? તે બંધહેતુના કેટલા ભાંગા થાય?**

**જવાબ :-** જઘન્યથી **૫**, મધ્યમથી **૬** અને ઉત્કૃષ્ટથી **૭** બંધહેતુ હોય છે.

સં૦ ક્રોધાદિ-૪ માંથી કોઈપણ ૧ કષાય.
૨ યુગલમાંથી કોઈપણ ૧ યુગલની ૨ પ્રકૃતિ
સ્ત્રીવેદ- ૧
ઔ૦કા૦+મન૦૪+વચન૦૪+વૈક્રિયદ્વિકયોગ=૧૧માંથી ૧ યોગ
એક સાધ્વીજી મહારાજને એક સમયે જઘન્યથી **૫** બંધહેતુહોયછે.

**૫ બંધહેતુના ભાંગા :-**

૪ ક૦ × ૨ યુ૦ × ૧ વેદ × ૧૧ યોગ=૮૮ ભાંગા થાય છે.
એ જ રીતે, ૫ + ભય = ૬ **બંધહેતુના** કુલ૮૮ ભાંગા થાય છે.
૫+ જાુગુ૦ = ૬ **બંધહેતુના** કુલ ૮૮ ભાંગા થાય છે.
૫ + ભય + જાુગુ૦ = ૭ **બંધહેતુના** કુલ ૮૮ ભાંગા થાય છે.
૫ થી ૭ બંધહેતુના કુલ **૩૫૨** ભાંગા થાય છે.

**એક** ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ સાધ્વીજીમહારાજને **અનેક** સમયની અપેક્ષાએ અથવા અનેક ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ સાધ્વીજી મહારાજને **એક** સમયની અપેક્ષાએ બંધહેતુના કુલ **૩૫૨**[૬] ભાંગા થાય છે.

**પ્રશ્નઃ- (૪૦) સિદ્ધાંતકાર ભગવંતના મતે મતિજ્ઞાની ભ્રમરાને કેટલા ઉત્તરભાવ હોય ?**

**જવાબઃ**-મતિજ્ઞાની ભ્રમરાને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, ક્ષાયોપશમિક-લબ્ધિ-૫, તિર્યંચગતિ, અસિદ્ધત્વ, અસંયમ, કૃષ્ણાદિ-૩લેશ્યા, ૪ કષાય, નપુંસકવેદ, ભવ્યત્વ, જીવત્વ..... કુલ-૨૨ ઉત્તરભાવ હોય છે.

**પ્રશ્નઃ- (૪૧) સંમૂર્ચ્છિમ વાઘણને કેટલા ઉત્તરભાવ હોય ?**

**જવાબઃ**- સંમૂર્ચ્છિમ વાઘણને મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, ક્ષાયોપશમિક લબ્ધિ-૫, અજ્ઞાનતા, અસિદ્ધત્વ, અસંયમ, કૃષ્ણાદિ-૩ લેશ્યા, ૪ કષાય, તિર્યંચગતિ, સ્ત્રીવેદ, મિથ્યાત્વ, જીવત્વ, ભવ્યત્વ-અભવ્યત્વમાંથી ૧....કુલ- ૨૪ ઉત્તરભાવ હોય છે.

---

(૬) ક્ષયોપશમસમ્યક્ત્વી અપ્રમત્તસાધ્વીજી મહારાજને ૫થી ૭ બંધહેતુના કુલ-૩૨૦ ભાંગા થાય છે. પણ તે સર્વે ભાંગાનો સમાવેશ ૩૫૨ ભાંગામાં થઇ જાય છે. તેથી ૩૨૦ ભાંગા જુદા કહ્યાં નથી.

**પ્રશ્નઃ- (૪૨) અપ્રત્યાખ્યાનીયકષાયોદયવાળા ધૂમપ્રભાના નારકોને કેટલા ઉત્તરભાવ હોય ?**

**જવાબઃ-** ઔપશમિકસમ્યક્ત્વ, મત્યાદિ-૩ જ્ઞાન, ચક્ષુરાદિ-૩ દર્શન, દાનાદિ-૫ લબ્ધિ, ક્ષયોપશમસમ્યક્ત્વ, અસિદ્ધત્વ, અસંયમ, નીલલેશ્યા, કૃષ્ણલેશ્યા ૪ કષાય, નરકગતિ, નપુંસકવેદ, જીવત્વ અને ભવ્યત્વ....કુલ **૨૫** ઉત્તરભાવ હોય છે.

**પ્રશ્નઃ- (૪૩) લોકાંતિકદેવને કેટલા ઉત્તરભાવ હોય ?**

**જવાબઃ-** મત્યાદિ-૩ જ્ઞાન, ચક્ષુરાદિ-૩ દર્શન, **૫** લબ્ધિ, ક્ષયોપશમસમ્યક્ત્વ, ક્ષાયિકસમ્યક્ત્વ, અસિદ્ધત્વ, અસંયમ, પદ્મલેશ્યા, ૪ કષાય, દેવગતિ, પુ૦વેદ, જીવત્વ અને ભવ્યત્વ.....કુલ- **૨૪** ઉત્તરભાવ હોય છે.

**પ્રશ્નઃ- (૪૪) ચક્ષુદર્શનભાવ વિનાની માર્ગણા કેટલી ?**

**જવાબઃ-**(૧) એકેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઈન્દ્રિય (૪) પૃથ્વીકાય (૫) જલકાય (૬) તેઉકાય (૭) વાયુકાય (૮) વનસ્પતિકાય (૯) કેવલજ્ઞાન (૧૦) કેવળદર્શન અને (૧૧) અણાહારી માર્ગણામાં ચક્ષુદર્શનભાવ હોતો નથી.

**પ્રશ્ન :- (૪૫) ધનેડાને સાંનિપાતિકભાવનો કયો ભાંગો ઘટે ?**

**જવાબ :-**ધનેડાને **ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક** એક જ ભાંગો ઘટે છે.

**પ્રશ્ન :- (૪૬) શ્રેણિક મહારાજાને હાલમાં સાંનિપાતિકભાવનો કયો ભાંગો ઘટે?**

**જવાબ :-**શ્રેણિક મહારાજાને હાલમાં એક જ **ક્ષાયિક-ક્ષાયોપશિમક-ઔદયિક- પારિણામિક** ભાંગો ઘટે છે.

**પ્રશ્ન :- (૪૭) જેમ ઔદારિકાદિશરીરનામકર્મના ઉદયથી જન્ય ઔદારિકાદિ સ્કંધોમાં ઔદયિકભાવ માન્યો છે, તેમ કાર્મણશરીરનામકર્મના ઉદયથી જન્યકાર્મણસ્કંધોમાં ઔદયિકભાવ માનવાથી અજીવદ્રવ્યોમાં પણ ઉપશમાદિ પાંચો ભાવો ઘટી શકે છે તેથી અજીવ દ્રવ્યમાં પાંચે ભાવ ન કહેતાં બે જ ભાવ કેમ કહ્યાં છે?**

**જવાબ** :-જેમ ઔદારિકાદિશરીરનામકર્મના ઉદયથી જન્ય ઔદારિકાદિ સ્કંધોમાં ઔદયિકભાવ માન્યો છે તેમ કાર્મણશરીરનામકર્મના ઉદયથી જન્ય કાર્મણ સ્કંધોમાં પણ ઔદયિકભાવ માની લેવામાં આવે, તો અજીવદ્રવ્યમાં ઉપશમાદિ પાંચે ભાવો ઘટી શકે છે. પણ અહીં કાર્મણસ્કંધોમાં ઔદયિકભાવની વિવક્ષા કરેલી નથી. એટલે કાર્મણસ્કંધો સિવાયના ઔદારિકાદિ સ્કંધોમાં ઔદયિકભાવની વિવક્ષા કરેલી હોવાથી અજીવદ્રવ્યમાં ઉપશમાદિ પાંચે ભાવ ન કહેતાં બે જ ભાવ કહ્યાં છે.

**પ્રશ્નઃ- (૪૮) કેટલી માર્ગણામાં ક્ષાયોપશમિક-ઔદયિક-પારિણામિક ભાંગો ન ઘટે?**

**જવાબ** :-(૧) કેવળજ્ઞાન (૨) કેવળદર્શન (૩) સૂક્ષ્મસંપરાયચારિત્ર (૪) યથાખ્યાત ચારિત્ર (૫) ઉપશમસમ્યક્ત્વ અને (૬) ક્ષાયિકસમ્યક્ત્વ-માર્ગણામાં ક્ષાયોપશમિક - ઔદયિક - પારિણામિક ભાંગો ઘટતો નથી.

**પ્રશ્ન :-(૪૯) સિદ્ધાંતના મતે સાસ્વાદનસમ્યક્ત્વ માર્ગણામાં કેટલા ભાવ હોય?**

**જવાબ** :-મત્યાદિ-૩ જ્ઞાન, ચક્ષુરાદિ-૩ દર્શન, ક્ષાયોપશમિક-૫ લબ્ધિ, અસિદ્ધત્વ, અસંયમ, ૬ લેશ્યા, ૪ કષાય, ૪ ગતિ, ૩ વેદ, જીવત્વ અને ભવ્યત્વ......કુલ-૩૨ ઉત્તરભાવ હોય છે.

**પ્રશ્નઃ- (૫૦) અસંખ્યાતાદિમાં સિદ્ધાંતના મતે અને ગ્રન્થકારના મતે શું તફાવત છે.**

| જવાબ :- સિદ્ધાંતના મતે | ગ્રન્થકારના મતે |
|---|---|
| (૧) ચોથા અસંખ્યાતાનો રાશિ અભ્યાસ કરવાથી સાતમું અસંખ્યાતું આવે. | (૧) ચોથા અસંખ્યાતાનો વર્ગ કરવાથી સાતમું અસંખ્યાતું આવે. |
| (૨) સાતમા અસંખ્યાતનો રાશિ અભ્યાસ કરવાથી પહેલું અનંતુ આવે. | (૨) સાતમા અસંખ્યાતાનો ૩વાર વર્ગ કરી તેમાં ૧૦ અસંખ્યાતી વસ્તુ નાંખીને, ફરીથી ૩વાર વર્ગ કરવાથી પહેલું અનંતુ આવે. |
| (૩) પહેલા અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી ચોથુ અનંતુ આવે. | (૩) પહેલા અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી ચોથુ અનંતુ આવે. |
| (૪) ચોથા અનંતાનો રાશિ અભ્યાસ કરવાથી સાતમું અનતું આવે. | (૪) ચોથા અનંતાનો વર્ગ કરવાથી સાતમું અનંતું આવે. |
| (૫) નવમું અનંતુ ન હોય. | (૫) સાતમા અનંતાનો ત્રણવાર વર્ગ કરી. તેમાં છ અનંતા ઉમેરીને ફરીથી ત્રણવાર વર્ગ કરવો. પછી તેમાં કેવલદ્વિકના પર્યાયો ઉમેરવાથી નવમું અનંતુ આવે. |

# મૂળગાથા

नमिय जिणं जियमग्गण-गुणठाणुवओगजोगलेसाओ ॥
बंधप्पबहूभावे, संखिज्जाइ किमवि वुच्छं ॥१॥
इह सुहुमबायरेगिंदि-बितिचउअसन्निसन्नि पंचिंदी ।
अपजत्ता पज्जत्ता, कमेण चउदस जियठाणा ॥२॥
बायरअसन्निविगले, अपज्जि पढमबिअसन्निअपजत्ते ।
अजयजुअ सन्निपज्जे, सव्वगुणा मिच्छ सेसेसु ॥३॥
अपजत्तछक्कि कम्मुरल-मीसजोगा अपज्जसन्नीसु ।
ते सविउव्वमीस एसु, तणुपज्जेसु उरलमन्ने॥ ४ ॥
सव्वे सन्निपजत्ते, उरलं सुहुमे सभासु तं चउसु ।
बायरि सविउव्विदुगं, पजसन्निसु बार उवओगा ॥५॥
पज चउरिंदि असन्निसु, दुदंस दुअनाण दससु चक्खु विणा।
सन्नि अपज्जे मणनाण-चक्खु-केवलदुगविहुणा॥ ६ ॥
सन्नि दुगि छलेस, अपजबायरे पढम चउ ति सेसेसु।
सत्तट्ठ बंधुदीरण, संतुदया अट्ठ तेरससु ॥ ७॥
सत्तट्ठछेगबंधा, संतुदया सत्त अट्ठ चत्तारि।
सत्तट्ठछपंचदुगं, उदीरणा सन्निपज्जत्ते॥ ८॥
गइ इंदिए य काए, जोए वेए कसायनाणे य ।
संजम दंसण लेसा, भवसम्मे सन्निआहारे ॥ ९॥
सुरनरतिरिनिरयगई, इगबियतियचउपणिंदि छक्काया।
भूजलजलणानिलवणतसा य मणवयणतणुजोगा॥ १०॥
वेय नरित्थि नपुंसा, कसाय-कोह-मय-माय-लोभत्ति ।
मइसुयवहिमणकेवल-विभंगमइसुअनाणसागारा ॥११॥

सामाइय छेय परिहार, सुहूम अहखाय देस जय अजया ।
चक्खु अचक्खू ओही, केवल दंसण अणागारा ॥ १२ ॥
किण्हा नीला काउ, तेऊ पम्हा य सुक्क भव्वियरा ।
वेयग खइगुवसम मिच्छ, मीस सासाण सन्नियरे ॥१३॥
आहारेयर भेया, सुरनरयविभंगमइसुओहिदुगे ।
सम्मत्ततिगे पम्हा, सुक्कासन्नीसु सन्निदुगं ॥१४॥
तमसन्निअपज्जजुयं, नरे सबायर अपज्ज तेउए।
थावर इगिंदि पढमा, चउ बार असन्नि दु दु विगले॥ १५॥
दस चरम तसे अजयाहारगतिरितणुकसायदुअन्नाणे ।
पढमतिलेसाभवियर अचक्खुनपुमिच्छि सव्वे वि ॥१६॥
पजसन्नी केवलदुगे, संजममणनाण देसमणमीसे ।
पण चरिम पज्ज वयणे, तिय छ व पज्जियर चक्खुंमि ॥१७॥
थीनरपणिंदि चरमा चउ, अणहारे दु सन्नि छ अपज्जा ।
ते सुहुम अपज्ज विणा, सासणि इत्तो गुणे वुच्छं ॥१८॥
पण तिरि चउ सुरनिरए, नरसन्निपणिंदिभव्वतसि सव्वे ।
इगविगलभूदगवणे, दु दु एगं गइतसअभव्वे ॥१९॥
वेय तिकसाय नव दस, लोभे चउ अजय दु ति अनाणतिगे ।
बारस अचक्खुचक्खुसु, पढमा अहखाइ चरम चऊ ॥ २०॥
मणनाणि सग जयाई, समइयछेय चउ दुन्नि परिहारे ।
केवलदुगि दो चरमा-जयाइ नव मइ सुओहिदुगे ॥२१॥
अड उवसमि चउ वेअगि, खइए इक्कारमिच्छतिगि देसे।
सुहुमे य सट्ठाणं तेर, जोगे आहार सुक्काए॥ २२॥
असन्निसु पढमदुगं, पढमतिलेसासु छच्च दुसु सत्त ।
पढमंतिमदुगअजया, अणहारे मग्गणासु गुणा॥ २३॥

सच्चेअर मीस असच्चमोस मण वय विउव्विआहारा ॥
उरलं मीसा कम्मण, इय जोगा कम्मअणाहारे ॥ २४॥
नरगइ पणिंदि तस तणु, अचक्खु नर नपु कसाय सम्मदुगे।
सन्नि छलेसाहारग, भव मइसुओहिदुगि सव्वे ॥ २५॥
तिरि इत्थि अजय, सासण, अन्नाण उवसम अभव्व मिच्छेसु ।
तेराहारदुगूणा, ते उरलदुगूण सुरनिरए ॥ २६॥
कम्मुरलदुगं थावरि, ते सविउव्विदुग पंच इगि पवणे ।
छ असन्नि चरिमवइजुय, ते विउव्विदुगूण चउ विगले ॥ २७॥
कम्मुरलमीस विणु मण, वइ समइय छेय चक्खु मणनाणे।
उरलदुगकम्मपढमंतिममणवइ केवलदुगंमि ॥ २८॥
मणवइउरला परिहारि, सुहुमि नव ते उ मीसि सविउव्वा ।
देसे सविउव्विदुगा, सकम्मुरलमिस्स अहक्खाए ॥ २९॥
तिअनाण नाण पण चउ, दंसण बार जिअलक्खणुवओगा ।
विणु मणनाण दुकेवल, नव सुरतिरिनिरयअजएसु ॥ ३०॥
तस जोअ वेअ सुक्का-हार नर पणिंदि सन्नि भवि सव्वे ।
नयणेअर पणलेसा, कसाय दस केवलदुगूणा ॥ ३१॥
चउरिंदिअसन्निदुअन्नाण दुदंस इगबिति थावरि अचक्खु ।
तिअनाणदंसणदुगं अनाणतिगि अभव्वि मिच्छदुगे ॥ ३२॥
केवलदुगे नियदुगं, नव तिअनाण विणु खइयअहक्खाए ।
दंसणनाणतिगं देसि मीसि अन्नाण मीसं तं ॥ ३३ ॥
मणनाण चक्खुवज्जा, अणहारे तिन्नि दंसचउनाणा ।
चउनाणसंजमोवसम-वेयगे ओहिदंसे य ॥ ३४ ॥
दो तेर तेर बारस, मणे कमा अट्ठ दु चउ चउ वयणे ।
चउ दु पण तिन्नि काये, जिअगुणजोगुवओगन्ने ॥ ३५ ॥

छसु लेसासु सठाणं, एगिंदि असन्निभूदगवणेसु ।
पढमा चउरो तिन्नि उ, नारयविगलग्गिपवणेसु ॥ ३६ ॥
अहक्खायसुहुमकेवल-दुगि सुक्का छावि सेसठाणेसु ।
नरनिरयदेवतिरिया, थोवा दु असंखणंतगुणा ॥ ३७ ॥
पण चउ ति दु एगिंदी, थोवा तिन्नि अहिआ अणंतगुणा ।
तस थोव असंखग्गी, भूजलनिलअहियवणणंता ॥ ३८ ॥
मणवयणकायजोगी, थोवा असंखगुण अणंतगुणा ।
पुरिसा थोवा इत्थी, संखगुणाणंतगुण कीवा ॥ ३९ ॥
माणी कोही माई लोही अहिय मणनाणिणो थोवा ।
ओहि असंखा मइसुय, अहिअ सम असंख विब्भंगा ॥ ४० ॥
केवलिणो णंतगुणा,मइसुयअन्नाणि णंतगुण तुल्ला ।
सुहुमा थोवा परिहार, संख अहक्खाय संखगुणा ॥ ४१ ॥
छेय समइय संखा, देस असंखगुण णंतगुण अजया ।
थोव असंख दुणंता, ओहि नयण केवल अचक्खु ॥ ४२ ॥
पच्छाणुपुव्वि लेसा, थोवा दो संख णंत दो अहिया ।
अभवियर थोव णंता, सासण थोवोवसम संखा ॥ ४३ ॥
मीसा संखा वेयग, असंखगुण खइय मिच्छ दु अणंता ।
सन्नियर थोव णंता, णहार थोवेयर असंखा ॥ ४४ ॥
सव्वजिअट्ठाण मिच्छे, सग सासणि पण अपज्ज सन्निदुगं ।
सम्मे सन्नी दुविहो, सेसेसुं सन्निपज्जत्तो ॥ ४५ ॥
मिच्छदुगि अजइजोगाहारदुगूणा अपुव्वपणगे उ।
मणवइउरलं सविउव्व, मीसि सविउव्वदुग देसे ॥ ४६ ॥
साहारदुग पमत्ते, ते विउव्वाहार मीस विणु इयरे ।
कम्मुरलदुगंताइममणवयण सजोगि न अजोगी ॥ ४७ ॥

तिअनाण दुदंसाइमदुगे अजइ देसि नाणदंसतिगं ॥
ते मीसि मीसा समणा जयाइ केवलदुअंतदुगे ॥ ४८ ॥
सासणभावे नाणं विउव्वाहारगे उरलमिस्सं ।
नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयं पि ॥ ४९ ॥
छसु सव्वा तेउतिगं, इगि छसु सुक्का अजोगि अल्लेसा ।
बंधस्स मिच्छ अविरइ, कसाय जोग त्ति चउ हेऊ ॥ ५० ॥
अभिगहियमणभिगहिया-भिनिवेसियसंसइयमणाभोगं ।
पण मिच्छ बार अविरइ, मणकरणानियमु छजियवहो ॥ ५१ ॥
नव सोल कसाया पनर, जोग इय उत्तरा उ सगवन्ना ।
इग चउ पण तिगुणेसु, चउतिदुइगपच्चओ बंधो ॥ ५२ ॥
चउ मिच्छ मिच्छअविरइ-पच्चइया साय सोल पणतीसा ।
जोग विणु तिपच्चइया-हारगजिणवज्ज सेसाओ ॥ ५३ ॥
पणपन्न पन्ना तिअछहिअ - चत्तगुणचत्त छचउदुगवीसा ।
सोलस दस नव नव सत्त हेउणो न उ अजोगिंमि ॥ ५४ ॥
पणपन्न मिच्छिहारग दुगूण सासाणि पन्न मिच्छविणा ।
मीसदुगकम्मअण विणु तिचत्त मीसे अह छचत्ता ॥ ५५ ॥
सदुमिस्सकम्म अजए, अविरइकम्मुरलमीसबिकसाए ।
मुत्तु गुणचत्त देसे, छवीस साहारदु पमत्ते ॥ ५६ ॥
अविरइ इगार तिकसाय, वज्ज अपमत्ति मीसदुगरहिआ ।
चउवीस अपुव्वे पुण, दुवीस अविउव्वि आहारे ॥ ५७ ॥
अछहास सोल बायरि, सुहुमे दस वेअसंजलणति विणा ।
खीणुवसंति अलोभा, सजोगि पुव्वुत्त सग जोगा ॥ ५८ ॥
अपमत्तंता सत्तट्ठ, मीस अपुव्व बायरा सत्त ।
बंधइ छस्सुहुमो एगमुवरिमा बंधगाजोगी ॥ ५९ ॥
आसुहुमं संतुदए, अट्ठ वि मोह विणु सत्त खीणंमि ।
चउ चरिमदुगे अट्ठ उ, संते उवसंति सत्तुदए ॥ ६० ॥

उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा ।
छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो ॥ ६१॥
पण दो खीण दु जोगी, णुदीरगु अजोगी थोव उवसंता ।
संखगुण खीण सुहुमानियट्टिअपुव्व सम अहिया ॥ ६२॥
जोगि अपमत्त इयरे, संखगुणा देससासणा मीसा ।
अविरइ अजोगिमिच्छा, असंख चउरो दुवेणंता ॥ ६३॥
उवसमखयमीसोदय-परिणामा दु नव ट्ठार इगवीसा ।
तिअभेअ सन्निवाइय, सम्मं चरणं पढमभावे ॥ ६४॥
बीए केवलजुयलं, सम्मं दाणाइलद्धि पण चरणं ।
तइए सेसुवओगा, पण लद्धी सम्मविरइदुगं ॥ ६५ ॥
अन्नाणमसिद्धत्ता-संजमलेसाकसायगइवेया ।
मिच्छं तुरिए भव्वा-भव्वत्तजिअत्तपरिणामे ॥ ६६ ॥
चउ चउगइसु मीसग, परिणामुदएहिं चउ सखइएहिं ।
उवसमजुएहिं वा चउ, केवलिपरिणामुदयखइए ॥ ६७॥
खयपरिणामि सिद्धा, नराण पण जोगुवसमसेढीए ।
इय पनर सन्निवाइयभेया वीसं असम्भविणो ॥ ६८ ॥
मोहेव समो मीसो, चउ घाइसु अट्ठकम्मसु य सेसा ।
धम्माइ पारिणामियभावे खंधा उदइए वि ॥ ६९ ॥
सम्माइ चउसु तिग चउ भावा चउ पणुवसामगुवसंते ।
चउ खीणापुव्वे तिन्नि, सेसगुणठाणगेगजिए ॥ ७०॥
संखिज्जेगमसंखं, परित्तजुत्तनियपयजुयं तिविहं ।
एवमणंतं पि तिहा, जहन्नमज्झुक्कसा सव्वे ॥ ७१॥
लहु संखिज्जं दुच्चिअ, अओ परं मज्झिमं तु जा गुरुअं ।
जंबुद्दीवपमाणय, चउ पल्लपरूवणाइ इमं ॥ ७२॥
पल्लाणवट्ठियसलाग पडिसलागमहासलागक्खा ।
जोयणसहसोगाढा सवेईयंता ससिहभरिया ॥ ७३॥

तो दीवुदहिसु इक्किक्क सरिसवं खिवियनिट्ठिए पढमे ।
पढमं व तदंतं चिय, पुण भरिए तंमि तह खीणे ॥७४॥
खिप्पइ सलागपल्लेगु सरिसवो इय सलागखवणेणं ।
पुन्नो बीओ अ तओ, पुव्वंपि व तंमि उद्धरिए ॥ ७५॥
खीणे सलाग तइए एवं पढमेहि बीअयं भरसु ।
तेहिं तइअं तेहिय, तुरिअं जा किर फुडा चउरो ॥७६॥
पढमतिपल्लुद्धरिआ दीवुदही पल्ल चउ-सरिसवा य ।
सव्वो वि एगरासी रूवूणो परम संखिज्जं ॥७७॥
रूव जुअं तु परित्ता संखं लहु अस्स रासि अब्भासे ।
जुत्तासंखिज्जं लहु, आवलिआ समय परिमाणं ॥ ७८॥
बितिचउपंचमगुणणे कमा सगासंख पढमचउसत्ता ।
णंता ते रूवजुआ, मज्झा रूवूण गुरु पच्छा ॥ ७९॥
इय सुत्तुत्तं अन्ने वग्गियमिक्कसि चउत्थयमसंखं ।
होइ असंखासंखं लहु रूवजुयं तु तं मज्झं ॥ ८०॥
रूवूणमाइमं गुरु, तिवग्गिउं तत्थिमे दसक्खेवे ।
लोगागासपएसा, धम्माधम्मेगजिअदेसा ॥ ८१॥
ठिइबंधज्झवसाया, अणुभागा जोगच्छेअपलिभागा ।
दुण्ह य समाण समया, पत्तेअ निगोअए खिवसु ॥ ८२॥
पुण तंमि तिवग्गिअए, परित्तणंत लहु तस्स रासीणं ।
अब्भासे लहु जुत्ताणंतं अभव्वजिअमाणं ॥ ८३॥
तव्वग्गे पुण जायइ, णंताणंत लहु तं च तिक्खुत्तो ।
वग्गसु तहवि न तं होइ, णंत खेवे खिवसु छ इमे ॥ ८४॥
सिद्धा निगोअजीवा, वणस्सई काल पुग्गला चेव ।
सव्वमलोगनहं पुण, तिवग्गिउं केवलदुगंमि ॥ ८५॥
खित्ते णंताणंतं, हवेइ जिट्ठं तु ववहरइ मज्झं ।
इय सुहमत्थविआरो, लिहिओ देविंदसूरीहिं ॥ ८६॥

ચતુર્થકર્મગ્રંથ

# ષડશીતિ

રમ્યરેણુ





Serving JinShasan
182208
gyanmandir@kobatirth.org



Bharat Graphics, Ahmedabad-1.
Ph. 079-22134176, M. 9925020106